બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

-: ગ્રંથ પ્રેરક :-

પૂજ્ય મુનિરાજ
શ્રી સુધર્મસાગરજી
મહારાજ સાહેબ

# અભિનવ ઉપદેશ પ્રાસાદ

ભાગ-૩

શ્રાવક જીવન અંગે પરિશીલન

-: ગ્રંથ સર્જક :-

મુનિ દીપરત્ન સાગર
(M, Com, M. Ed.)
(અભિનવ હેમ લઘુપ્રક્રિયા
- સંસ્કૃત વ્યાકરણ - સર્જક)

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ-ક્ષમા-લલીત-સુશીલ-સુધર્મસાગર ગુરુભ્યો નમઃ

# અ~ભિ~ન~વ

# ઉપદેશ પ્રાસાદ

ભાગ-૩

શ્રાવક-જીવન અંગે પરિશીલન

-: ગ્રન્થ પ્રેરક :-

પૂજ્ય મુનિરાજ શ્રી

સુધર્મસાગરજી મહારાજ સાહેબ

* ગ્રન્થ સર્જક *


મુનિ શ્રી દીપરત્ન સાગર (M. Com. M. Ed.)

"અભિનવ હેમ લઘુ પ્રક્રિયા" સર્જક



સંવત ૨૦૪૬, જેઠ સુદ-૧૦, શનિ તા. ૨-૬-૯૦

# અનુક્રમણિકા



| ક્રમ | પરિશીલન | અધ્યયન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૭૫ | સ્વનું અધ્યયન | સ્વાધ્યાય | ૧ |
| ૭૬ | "નમો" પણ કોને ? | નમુક્કાર–નમો | ૧૧ |
| ૭૭ | તે જિન નમીયે ઉત્સાહે રે | નમુક્કાર–અરિહંત | ૨૧ |
| ૭૮ | તે સિદ્ધ પ્રણમો રંગ રે | નમુક્કાર–સિદ્ધ | ૩૧ |
| ૭૯ | તે આચારજ નમિયે નેહસું | નમુક્કાર–આચાર્ય | ૪૧ |
| ૮૦ | નમો ઉવજ્ઝાય ઉલ્લાસે | નમુક્કાર–ઉપાધ્યાય | ૫૧ |
| ૮૧ | સો સદ્‌ગુરુ શું મોરુ મન માને | નમુક્કાર–સાધુ | ૬૧ |
| ૮૨ | નમો તેહને પાપના નાશ માટે | પંચ નમસ્કાર | ૭૧ |
| ૮૩ | સર્વમંગલમાં પહેલું મંગલ | પઢમં મંગલં | ૮૧ |
| ૮૪ | બીજાનું ભલું કરો | પરોપકાર | ૯૧ |
| ૮૫ | જીવ રક્ષા માટે સાવધાન | જયણા | ૧૦૧ |
| ૮૬ | પ્રભુ પૂજા લગાવે પાર | જિનપૂજા–મહત્વ | ૧૧૧ |
| ૮૭ | પ્રભુ પૂજા કરવા કેમ જશો ? | જિનપૂજા–વિધિ | ૧૨૧ |
| ૮૮ | યાત્રા ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલનની | ત્રિકસ્વરૂપ | ૧૩૧ |
| ૮૯ | પ્રભુ પૂજો નવ અંગે | અંગપૂજા | ૧૪૧ |
| ૯૦ | પંચ પ્રકારે પ્રભુજી પૂજે | અગ્રપૂજા | ૧૫૧ |
| ૯૧ | ભાવે જિનવર પૂજીએ | ભાવપૂજા | ૧૬૧ |
| ૯૨ | તે જીભને પણ ધન્ય છે | જિન સ્તવ | ૧૭૧ |
| ૯૩ | ગુણ ગાઓ ગુરુજી તણા | ગુરુ સ્તુતિ | ૧૮૧ |
| ૯૪ | સ્વામી વત્સલ કીજીયે રે | સાધર્મિક વાત્સલ્ય | ૧૯૧ |
| ૯૫ | શુદ્ધ વ્યવહાર તે ધર્મનુમૂલ | વ્યવહારશુદ્ધિ | ૨૦૧ |
| ૯૬ | અંતરયાત્રા | રથયાત્રા | ૨૧૧ |
| ૯૭ | ભાવે તીરથ જુહારીએ | તીર્થયાત્રા | ૨૨૧ |
| ૯૮ | આરાધક બનવાની કળા | ઉપશમ | ૨૩૧ |
| ૯૯ | શું રાખો–શું છોડો | વિવેક | ૨૪૧ |
| ૧૦૦ | અંતર દષ્ટિ દેખ | સંવર | ૨૫૧ |

| ક્રમ | પરિશીલન | અધ્યયન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૦૧ | બોલતા શીખો | ભાષા સમિતિ | ૨૬૧ |
| ૧૦૨ | ભીનાશ કેળવો અંતરની | છ જીવ કરુણા | ૨૭૧ |
| ૧૦૩ | મિત્ર કોને બનાવશો | ધર્મીજન સંસર્ગ | ૨૮૧ |
| ૧૦૪ | રોકો ઇન્દ્રિયની દોડ | કરણ દમો | ૨૯૧ |
| ૧૦૫ | સંયમ રંગ લાગ્યો | ચરણ પરિણામો | ૩૦૧ |
| ૧૦૬ | કરો શ્રી સંઘબહુમાન | સંઘોવરિ બહુમાણો | ૩૧૧ |
| ૧૦૭ | લખે લખાવે સૂત્રને | પુસ્તક લેખન | ૩૨૧ |
| ૧૦૮ | શાસનને અજવાળો | તીર્થ પ્રભાવના | ૩૩૧ |


卐


મુદ્રક

દર્શના પ્રિન્ટર્સ
ઘી કાંટા રોડ
**અમદાવાદ–૩૮૦૦૦૧**

પ્રકાશક

卐 અભિનવ શ્રુત પ્રકાશન ॐ
C/o **પ્ર. જે. મહેતા**
જેસંગ નિવાસ
પ્રધાન ડાકઘર પાછળ
**જામનગર–૩૬૧૦૦૧**

**સંવત–૨૦૪૬, જેઠ** **જૂન–૧૯૯૦**

# પુસ્તક વિશે કંઈક

"કોઈપણ જાહેર વક્તા આ પુસ્તકનું એક પરિશીલન એક વખત વાંચશે એટલે આખું પુસ્તક પુરું કરશે."

વ્યાકરણ-સાહિત્ય તીર્થ-સફલ વક્તા પૂ. મુનિરાજશ્રી યતીન્દ્ર વિજયજીએ પ્રસ્તુત પુસ્તકનું એક પરિશીલન જોઈને ઉચ્ચારેલ અનુભવવાણીની યથાર્થતાનો ભવિષ્ય કહેશે પરંતુ શક્તિશાળી શ્રમણ ભગવંતો આવા પ્રકારની ચોક્કસ વિષયો લઈને સીરીઝો તૈયાર કરશે તો ચતુર્વિધ શ્રી સંઘને આત્મ કલ્યાણની ઉત્તમ સામગ્રી મળશે. શ્રી સંઘની જ્ઞાનમાર્ગે વપરાતી રકમ સારી રીતે સફળ બની રહેશે.

અભિનવ ઉપદેશ પ્રાસાદ તૈયાર કરતાં પહેલાં અમે કેટલીક વિચારણા કરેલ કે આમાં આટલું આવવું જોઈએ અને આટલું ન આવવું જોઈએ.

## 卐 અભિનવ ઉપદેશ પ્રાસાદમાં શું હોવું જોઈએ?

(૧) દરેક પરિશીલનની શરૂઆત શ્લોકથી કરવી.

(૨) દરેક પરિશીલનમાં એક શાસ્ત્રીય દૃષ્ટાંત હોવું જોઈએ.

(૩) દરેક પરિશીલનમાં એક જૈનેતર પ્રસંગ લેવો.

(૪) દરેક પરિશીલનનાં કેટલુંક ઉંડાણભર્યું અવગાહન મૂકવું.

## 卐 અભિનવ ઉપદેશ પ્રાસાદમાં શું ન હોવું જોઈએ.

(૧) કોઈપણ પૂ. સાધુ-સાધ્વીજીની સીધી કે આડકતરી નિંદા એક પણ પરિશીલનમાં ન આવવી જોઈએ.

(૨) પુસ્તક તૈયાર થયા પછી તેનું વેચાણ કરવું નહીં.

(૩) શાસ્ત્રીય કે જૈનેતર જે પણ પ્રસંગ લેવા તે બનેલા જ હોવા જોઈએ. કલ્પિત નહીં.

(૪) કેવળ શ્રાવકો ને જ લક્ષમાં રાખી ઉત્તમ શ્રાવક તૈયાર થાય તે હેતુથી પરિશીલન કરવું. જેથી શ્રાવક શાસનરાગી બને પરંતુ વ્યક્તિ રાગી કે વ્યક્તિ દ્વેષી, સમુદાય રાગી કે સમુદાય દ્વેષી, ગચ્છ રાગી કે ગચ્છ દ્વેષી ન બને.

શ્રાવક–શ્રાવિકા, શ્રાવક–શ્રાવિકા બને સાધુ માત્રના બહુમાનવાળા બને એ લક્ષથી તૈયાર થયેલ પરિશીલનમાં અમે કેટલા સફળ થયા છીએ તે નક્કી કરવાનું વાંચક વર્ગ ઉપર છોડવું સારૂં લાગે છે.

ખૂબ જ ટૂંકા ગાળામાં પુસ્તક છપાયેલ છે જેમાં એક અનામી શ્રાવકની હૃદયની ભાવનાનો ટેકો છે તેમજ તેણે જે રીતે આરાધક બળ સ્વયં પૂર્ણ પાડેલ છે તે અવિસ્મરણીય રહેશે.

પુસ્તકના વિવિધ વિષયોનો, વિષય મુજબ વાંચક ઉપયોગ કરે, લોકોત્તર શાસનની આરાધના કરી પૂર્ણ સુખનો સ્વામી બને એ જ અભ્યર્થના,

**સુધર્મસાગર**

## ગ્રન્થ સર્જનની પગદંડી

વર્તમાન યુગ એટલે જાણે છીછરા સાહિત્યનો યુગ બની રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાયેલી દૃષ્ટિ ગોચર થઈ રહી છે. ત્યારે મારા સર્જનોને ગુંગળામણ અનુભવવી પડે તે વાસ્તવિકતાનો ઈન્કાર થઈ શકે તેમ નથી. છતાં આવા કપરા વાતાવરણમાં હજીયે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સાહિત્યોના સર્જનો–પ્રકાશનો થતાં જ રહે છે. મરુભૂમિના મુસાફરોને વીરડાનું ઉલેચેલું પાણી પણ તૃષાતૃપ્તિ કરાવી જાય તેમ આવા લેખ–પુસ્તિકા–ગ્રન્થો કે સર્જનો શિષ્ટ શ્રોતાની વાંચન પ્યાસ શમાવે છે.

કેવળ લોકહેરીએ ન ચાલતા કંઈક આદર્શોને પણ મનોભૂમિમાં સંઘરીને બેઠેલા. પૂર્વ પુરુષોની વફાદારીપૂર્વક તેમણે કંડારેલી કેડીએ ચાલતા આત્માઓની પરોક્ષ પ્રેરણાથી તેમજ મારા પૂજ્ય ગુરુદેવ શ્રી સુધર્મસાગરજીના પ્રાચીન શ્રુત સાહિત્ય વાંચન પ્રેમની પ્રત્યક્ષ પ્રેરણાથી વિવિધ દિશામાં મેં પ્રયાસો કર્યા.

સર્વપ્રથમ સંસ્કૃત વ્યાકરણમાં પ્રવેશ કરી, ભણનારની વિવિધ મુશ્કેલી નિવારવા વિશાળ–દળદાર ગ્રન્થનું સંપૂર્ણ સ્વતંત્ર સર્જન કર્યું. પૂ. સાધુ સાધ્વીજી ભગવંતને વિના મૂલ્યે તથા સ્વ અધ્યયન થઈ શકે તે રીતે સંસ્કૃત વ્યાકરણના અભ્યાસની તકો સુલભ બનાવી તે

अभिनव हेम लघु प्रक्रिया

શત્રુંજય યાત્રાર્થે ગયેલા કે પુનમ આરાધના કરનારને માટે સર્વ પ્રથમ વખત જ છ સ્થાનને અનુરૂપ સ્તુતિ–ચૈત્યવંદન–સ્તવન–થોયની નાની પણ સુયોગ્ય પુસ્તિકા થકી તદ્દન જુદી જ દિશામાં કદમો મંડાયા ત્યારે વિશેષ દેવભક્તિરત અને પ્રાયઃપ્રત્યેક પાષાણ જિનબિંબના ચૈત્ય-વંદનો કરવા અભિમુખ રહેતા પૂજ્ય ગુરુદેવ શ્રી સુધર્મસાગરજીની વિશિષ્ટ પ્રેરણાથી અલભ્ય એવો વિશાળ સંગ્રહ સંપાદીત કર્યો તે

१ चैत्यवंदन पर्वमाला

२ चैत्यवंदन चोविसी

३ चैत्यवंदन संग्रह

વર્તમાનમાં ત્રણ ભાગોમાં વિભાજીત એવો આ ગ્રન્થ છે.

## અભિનવ ઉપદેશ પ્રાસાદ

જે શ્રાવકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા, શાસ્ત્રીય પદાર્થો–કથાનકો વગેરે સુગ્રથિત રીતે પૂરા પાડે છે અને પૂજ્ય શ્રમણ–શ્રમણી વર્ગને પણ વ્યાખ્યાન **અર્થે સુંદર માહિતી સ્રોત પૂરો પાડે છે.**

પૂજ્ય સાધુ–સાધ્વીજી ભગવંતોને માર્ગદર્શનરૂપ બનવાના એક માત્ર હેતુથી મારું દષ્ટિબિંદુ અત્રે રજૂ કરું છું.

| | |
|---|---|
| અભિનવ ઉપદેશ પ્રાસાદ ભા. ૧ | ૩૫ પરિશીલન |
| અભિનવ ઉપદેશ પ્રાસાદ ભા. ૨ | ૩૯ પરિશીલન |
| અભિનવ ઉપદેશ પ્રાસાદ ભા. ૩ | ૩૪ પરિશીલન |

કુલ ૧૦૮ પરિશીલન સળંગ એક જ વિષય – " મન્નહ જિણાણ માણં " પર ચાલે છે. તેમાં પ્રત્યેકમાં શ્લોક–શાસ્ત્રીય પદાર્થની છણાવટ–શાસ્ત્રીય કથાનક–બહારના સત્ય પ્રસંગ કથા–સ્તવન સજ્ઝા-યની પંક્તિની સુંદર ગોઠવણ સીધાં જ વ્યાખ્યાન સ્વરૂપે પણ ઉપ-યોગમાં લઈ શકાશે.

માળાના ૧૦૮ મણકાં જેવા આ પરિશીનલ વડે સળંગ ચાતુ-ર્માસ પૂર્ણ કરી શકાશે, કેમકે પર્યુષણ–શાશ્વતીઓળી–દીવાળી આદિ પર્વ દિનોના વ્યાખ્યાનો બાદ કરતા પુરા ૧૦૮ દિવસ પણ મૂળ ગ્રન્થનું વ્યાખ્યાન કરવાનું રહેતું નથી.

પ્રથમ ભાગના ૩૫ પરિશીલનોમાં પણ એ જ ગણતરી છે કે અષાઢ વદ ત્રીજે આરંભેલ ગ્રન્થ શ્રાવણ વદ આઠમ સુધી સળંગ ચાલુ રહે અને શ્રી પર્યુષણ મહાપર્વ સુધી જ વ્યાખ્યાનો ચાલુ રહેતા હોય ત્યાં આ એક જ પુસ્તકથી કામ ચાલી શકે.

પૂર્વાચાર્યો પરત્વેની શ્રદ્ધાપૂર્વક, શાસ્ત્રીય પદાર્થોની સુંદર છણા-વટોથી યુક્ત, પૂજ્ય ગુરુદેવ શ્રી સુધર્મ સાગરજીની અનન્ય પ્રેરણાથી તૈયાર થયેલ આ ગ્રન્થમાં એક સુંદર આદર્શ પૂરો પાડવાનો નમ્ર પ્રયાસ છે. ચીલાચાલુ બનેલા વકતવ્યો કે વાંચનમાંથી બહાર આણ-વાની હાર્દિક ભાવના છે, શ્રાવકોને તેમના કર્તવ્યો જ્ઞાત કરાવવા સાથે સાથે પૂજનીય શ્રમણવર્ગની નીંદાથી ગ્રન્થને પૂર્ણતઃ મુક્ત રાખવા માટે ગોઠવેલા શબ્દોનો સથવારો છે. ગુમરાહ બનેલા શ્રાવકો તથા વકતાઓ માટે મોક્ષપથ પ્રતિ કદમ મંડાવવા માટે કંડારેલી શબ્દ કેડીઓ છે.

જિનેશ્વર પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ સમગ્ર ગ્રન્થમાં અજાણપણે પણ કંઈક લખાયું હોય કે લખાણનો વિપરીત ભાવ પ્રગટ થતો અનુ-ભવાઈ જાય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ સહ એટલી જ કર-બદ્ધ વિનમ્ર પ્રાર્થના કે આ સર્જનની પગદંડીએ ચાલતા હું તમે સૌ મોક્ષ પથના પથિક બની રત્નત્રય આરાધનના સર્વોચ્ચ ધ્યેયને સિદ્ધ કરી શકીએ.

**—મુનિ દીપરત્ન સાગર**

□

अर्हत्सिद्ध गणीन्द्र वाचक मुनि, प्रष्ठा प्रतिष्ठास्पदं
पंच श्री परमेष्ठिनः पदद्तां प्रोचैर्गरिष्ठात्मताम्
द्वैधान्पञ्च सुपर्वणां शिखरिणः प्रोद्दाममाहात्म्यत
श्चेतश्चिन्तित दानतश्च कृतिनां ये स्मारयन्त्यन्वहम्

જેઓ અપૂર્વ મહાત્મ્યથી અને મનોવાંછીતના દાનથી એમ બે પ્રકારે, વિદ્વાનોને હંમેશા પાંચ જાતના કલ્પ-વૃક્ષોની યાદ અપાવે છે, તે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ રૂપ પંચ પરમેષ્ઠી—ગૌરવયુક્ત ઉચ્ચ પ્રતિષ્ઠાના સ્થાન (મોક્ષ) ને આપો.

वीरं नमिऊण तिलोयभाणं विसुद्ध नाणं सुमहा निहाणं
वुच्छामि सड्ढ निच्चकिच्चमेए जिणंद चंदाण य आगमाउ

ત્રણલોકના ભાણુ–સૂર્ય સમાન પ્રકાશક, વિશુદ્ધ જ્ઞાનના ધારક તેમજ શ્રેષ્ઠ એવા નિધાન તુલ્ય શ્રી વીર પરમાત્માના આગમોમાંથી ઉદ્ધરીને હું શ્રાવકના નિત્ય(એવા)આ કૃત્યોને કહીશ.

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

# (૭૫) સ્વાધ્યાય

—"સ્વ"નું અધ્યયન

मणवयण काय गुत्तो, नाणावरणं च खवई अणुसमयं
सज्झाए वट्टंतो खणे खणे जाइ वेरग्गं

સ્વાધ્યાયમાં વર્તતો માણસ મન વચન કાયાની ગુપ્તિએ કરીને પ્રતિ સમયે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે, તથા તેને ક્ષણે ક્ષણે વૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

મન્નહ જિણાણ માણંમાં શ્રાવકના કર્તવ્યોને વર્ણવતા એક કર્તવ્ય જણાવ્યું "સ્વાધ્યાય" —પરંતુ—

સ્વાધ્યાય એટલે શું ?

स्व+अध्याय. स्व એટલે પોતાનું અથવા તો આત્માનું અને अध्याय એટલે અધ્યયન, કે મનન – વિશિષ્ટ અર્થમાં વિચારીએ તો આત્માને હિતકર એવા શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન તે સ્વાધ્યાય.

આપણા પરિશીલન માટે તો ધ્રુવ પંક્તિ નક્કી કરી દીધી કે સ્વાધ્યાય એટલે.

## "સ્વ" નું અધ્યયન

જો કે આવશ્યક નિર્યુક્તિમાં તેના કરતા પણ આગળ વ્યાખ્યા કરતા લખ્યું કે—

बारसंगो जिणक्खाओ सज्झाओ कहिओ बुहेहिं

શ્રી જિનેશ્વર દેવોએ કહેલાં બાર અંગોને એટલે કે દ્વાદશાંગીને જ પંડિત પુરુષોએ સ્વાધ્યાય કહેલો છે.

ગંભીરતા અને વિશ્લેષણ સાથે સમ્યક્ રૂપે અધ્યયન કરવું તે સ્વાધ્યાય છે. તેમાં સ્પષ્ટ પણે ત્રણ ભાગ પાડી શકાય છે.

सु+अधि+आय— सु=सुष्ठु સારી રીતે અથવા સમ્યક્ પ્રકારે, अधि-આરે તરફથી, आय જે અભ્યાસ થાય તે, સ્વાધ્યાય.

સમ્યક્ પ્રકારે ચારે તરફથી આત્માને ઓળખો એટલે કે "સ્વ" નું **અધ્યયન** કરો.

મોટા મોટા શાસ્ત્રો વાંચી જાય કે લાંબા લાંબા વ્યાખ્યાનો ઝાડી દે અથવા જ્ઞાનસાગરમાં ડુબકી મારી દે તો પણ જ્યાં સુધી આત્મ પ્રદેશમાં રમણ ન કરે ત્યાં સુધી કશો લાભ થશે નહીં. જેમ તેલના હોજમાં ડુબકી મારવાથી કંઈ શરીરમાં પુષ્ટી મળતી નથી. તેમ જ્ઞાન સમુદ્રમાં પણ ડૂબકી મારવા માત્રથી કોઈ સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરતું નથી.

બૌદ્ધ સાહિત્યમાં એક પ્રેરણાદાયી દૃષ્ટાન્ત આવે છે.

કમ્બોજ સમ્રાટ તિકુ મિડની રાજ્યસભામાં એક વખત બૌદ્ધ ભિક્ષુ આવ્યો. એ કહે હું ત્રિપિટકાચાર્ય–છું. પંદર વર્ષ સુધી બૌદ્ધ જગતનું તીર્થાટન કરીને મેં સદ્ધર્મના ગૂઢ તત્વોનું રહસ્યોદ્ઘાટન કર્યું છે. હવે હું તમારા રાજ્યનો મુખ્ય ધર્માચાર્ય બનવા માંગુ છું. મારી ઇચ્છા છે કે કમ્બોજનું શાસન ભગવાન્ બુદ્ધના આદેશ મુજબ ચાલે.

સમ્રાટ તિડુ મિડુ બૌદ્ધ ભિક્ષુની ઇચ્છા સાંભળી કંઈક હસ્યા. આપની ઇચ્છા ખરેખર મંગલકારી છે. પણ આપને મારી એક પ્રાર્થના છે કે આપ ધર્મગ્રન્થોનો સ્વાધ્યાય કરી લો ફરીવાર.

ભિક્ષુક મનમાં થોડો રોષે ભરાયો. પણ સમ્રાટનો વિરોધ ન કરી શકયો. ભિક્ષુ ધર્મગ્રંથોની આવૃત્તિ કરવા લાગ્યા.

ફરી જ્યારે સમ્રાટ પાસે આવ્યા ત્યારે સમ્રાટે કહ્યું કે એકાન્ત સેવન કરી ફરી આપ સ્વાધ્યાય કરવા કૃપા કરો તો શ્રેયસ્કર થશે.

ભિક્ષુ ક્રોધથી ધમધમી ઉઠયો. સાંજ સુધી ભટકીને નક્કી કર્યું કે હવે તો પુરી તન્મયતા વડે સ્વાધ્યાય કરવો છે. સમ્રાટને પણ દેખાડી દઉં કે ધર્મગ્રંથ શું ચીજ છે!

બીજે જ દીવસે તે સ્વાધ્યાય માટે તૂટી પડયા. પણ આ વખતે તન્મયતાથી સ્વાધ્યાય આરંભેલો. તેને અપૂર્વ આનંદ આવ્યો.

એક વર્ષ પૂરૂ થયું ત્યારે સમ્રાટ તિડુ મિડુ પોતાની પ્રજા સાથે નદી કિનારે પહોંચ્યા ત્યારે ભિક્ષુ તનમનની બુદ્ધ શુદ્ધ ભૂલી જઈ

આનંદના અતિરેકમાં ડૂબેલા હતા. હવે તેની ધર્માચાર્ય બનવાની ઈચ્છા પણ ખાખ થઈ ગઈ હતી. પાણ્ડિત્યના અહંકારને બદલે આત્મ જ્ઞાનનો આનંદ છવાયો હતો.

સમ્રાટે વિનંતી કરી, ચાલો ધર્માચાર્ય પધારો. ભિક્ષુ કહે હવે મને તેની જરૂર નથી. જ્ઞાન આવરણની વસ્તુ છે, માત્ર ઉપદેશની નહીં. હવે મને अप्प दीपो भव–[તું તારા આત્માનો દીપક બન.] સૂત્ર સમજાઈ ગયું.

ભિક્ષુને **"સ્વ" નું અધ્યયન** શરૂ થઇ ગયું.

આધ્યાત્મિક જ્ઞાન સિવાય ભૌતિક જ્ઞાન વિજ્ઞાનની જેટલી પણ શાખા છે. તેમાં પણ ઉચ્ચજ્ઞાન પ્રાપ્તિ માટે ગંભીર **અધ્યયન** જરૂરી જ છે. તેને બદલે હવે પલ્લવ ગ્રાહી પાંણ્ડિત્ય થઈ ગયું છે.

સ્વાધ્યાય ના અર્થને વધુ સ્પષ્ટ કરવા માટે તેના વાચનાદિ પાંચ ભેદોને જણાવતા લખ્યું કે:–

वायणा पुच्छणा चेव तहेव परियट्टणा
अणुप्पेहा धम्मकहा सज्झाओ पंचहा भवे

**વાચના** :– ગુરુ ભગવંત પાસે વિનયપૂર્વક સૂત્ર લેવા કે ભણવું તે વાચના.

**પૃચ્છના** :– ભણેલા શાસ્ત્રમાં અધ્યયન સમયે ઉદ્‌ભવેલ સંશયોનું પૂછીને નિવારણ કરવું તે પૃચ્છના.

**પરાવર્તના** :– ભણેલા સૂત્ર અને અર્થ સંબંધિ વારંવાર ઉચ્ચારણપૂર્વક આવૃત્તિ કરવી તે પરાવર્તના.

**અનુપ્રેક્ષા** :– સૂત્ર અને અર્થની મનમાં ને મનમાં જ વિચારણા કરવી તે અનુપ્રેક્ષા.

**ધર્મકથા** :– વાચના, પૃચ્છના પરાવર્તના અને અનુપ્રેક્ષા દ્વારા અવધારેલ અને સ્થિર કરેલા જ્ઞાનને ધર્મકથન અને કહાની દ્વારા લોકો સુધી પહોંચાડવું તે ધર્મકથા.

આ પાંચ પ્રકારે સ્વાધ્યાયને જણાવેલો છે. છતાં બધાંના હાર્દમાં સ્વાધ્યાય દ્વારા **"સ્વ" નું અધ્યયન** તો અભિપ્રેત સમજવું.

સ્વાધ્યાયના મહત્ત્વને જણાવતાં સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે–

जया सुअहिज्झियं भवइ तया सुज्झाइयं भवइ, जया सुज्झाइयं भवइ तया सुतवस्सियं भवइ। से सुअहिज्झिए, सुज्झाइए, सुतवस्सिए सुयक्खाएणं भगवया धम्मे पण्णते

જ્યારે સમ્યક્ પ્રકારે અધ્યયન થાય છે ત્યારે તે અધીત (ભણેલાનું) સમ્યક્ પ્રકારે ધ્યાન [ચિંતન] થાય છે. જ્યારે સમ્યક્ ધ્યાન ચિંતન થાય છે, ત્યારે જ સમ્યક્ તપ થાય છે.

તે સમ્યક્ અધ્યયન, સમ્યક્ ધ્યાન, અને સમ્યક્ તપમાં પરિણત થયેલા પદાર્થને જ સમ્યક્ ધર્મ કહ્યો છે.

કેમકે સ્વાધ્યાયનું પણ અંતિમ ધ્યેય શું? મોક્ષ

સમ્યક્ સ્વાધ્યાય જ તપ રૂપ બની કર્મ નિર્જરા કરાવી મોક્ષ અપાવનાર થાય છે. જ્ઞાનવરણીયની નિર્જરા તો સ્વાધ્યાયથી સ્પષ્ટ રૂપે થાય જ છે પણ માષતુષ મુનિની માફક ઘાતી કર્મોની નિર્જરામાં પણ સ્વાધ્યાય એ નિમિત્ત રૂપ તપ છે.

સ્વાધ્યાય માત્ર જ્ઞાનમંદિરનું પ્રવેશ દ્વાર નથી, પણ જ્ઞાન પ્રાપ્તિ સાથે જ્ઞાનની સુરક્ષા અને વૃદ્ધિ પણ કરે છે. સ્વાધ્યાય સતત અને નિયમિત હોવો જોઈએ તે ખૂબ આવશ્યક છે.

સ્વાધ્યાયનો સમય નિર્દેશતા લખ્યું કે

पढम पोरिसीए सज्झायं, बीयं झाणं झियावइ,
तइयाए भिक्खायरियं, पुणो चउत्थी विसज्झाये

પહેલી અને ચોથી પોરિસિમાં સ્વાધ્યાય કરવાનું કહ્યું એટલે દિવસનો અડધો ભાગ તો સ્વાધ્યાયમાં જ પસાર કરવાનો છે.

માનો કે કાળના પ્રભાવે ભોજનાદિ ક્રિયામાં સમય વ્યતીત થતો હોય તો પણ બાકી સમય તો સ્વાધ્યાયમાં જ પસાર કરવાનો છે. કારણ કે બાર વર્ષ જે સળંગ દુષ્કાળ પડયો તેમાં સ્વાધ્યાયની નીરંતરતા ઘટવા લાગી અને સ્વાધ્યાયનો લોપ થતાં આગમોના વિચ્છેદ થવા લાગ્યા.

**સર્વ દેવ દેવમાં પ્રત્યક્ષ દેવ રોટી**
**તાન માન એહ વિના સર્વ વાત્ત ખોટી**

ભુખ્યા પેઠે સ્વાધ્યાય દુષ્કર બન્યો. તેથી સ્વાધ્યાય અભાવે આગમ જ્ઞાનનો મુખ પાઠ ઘટ્યો એટલે આગમ જ્ઞાન લુપ્ત થવા લાગ્યું. શાસ્ત્રોકે ધર્મગ્રન્થોમાં જ્ઞાન ગમે તેટલું વિશાળ હોય અપરિમેય હોય જ્યાં સુધી તેનો સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી તે જ્ઞાન શાસ્ત્રોમાં બંધ રહેશે પણ હૃદયંગમ નહીં થાય.

બૃહદ્ ભાષ્યમાં જણાવે છે કે

जह जह सुयमो गाहइ अइसयरसपसर संजुयम पुव्वं
तह तह पल्हायइ मुणी नव नव संवेग सद्धाओ

સ્વાધ્યાયી સાધક જેમ જેમ શાસ્ત્રનું અધ્યયન કરે, સ્વાધ્યાયમાં ઊંડો ઉતરતો જાય તેમ તેમ તેને અતિશય રસથી યુક્ત અપૂર્વ અર્થ જ્ઞાન મળતું જાય છે, તથા નવા નવા સંવેગથી તે શ્રદ્ધાશીલ મુનિનો આત્મા પ્રસન્ન થતો જાય છે.

પણ પૂર્વ શરત એ કે સ્વાધ્યાય એ **"સ્વ" નું અધ્યયન** બને તો–

કેટલાંક લોકો કર્મનો દોષ કાઢી અભ્યાસમાં પ્રમાદી થઈ જાય છે. તેઓએ વિચારવું કે यत्नानु सारिणी विद्या ઊક્તિ મુજબ વિદ્યા યત્ન સાધ્ય છે, આત્મામાં રહેલા મતિ શ્રુત જ્ઞાનનો રોધ કરનારા જ્ઞાનાવરણીય કર્મો આત્મ પ્રદેશથી દૂર કરવા સતત સ્વાધ્યાય કરવો. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થતા આપોઆપ જ્ઞાન પ્રગટ થવાનું જ છે.

સ્વાધ્યાયનો મહિમા કેટલો હશે કે કુમારપાળે ૫૧ વર્ષની પુખ્ત ઉંમરે શાસ્ત્રાભ્યાસ કરી વીતરાગ સ્તવ, યોગશાસ્ત્ર વગેરે કંઠસ્થ કર્યા હતા.

પૂ. હેમચંદ્રાચાર્યજી મહારાજાની કૃપાથી અને પ્રેરણાથી કુમારપાળ રાજા રોજ વીતરાગ સ્તોત્ર અને યોગશાસ્ત્રનો સ્વાધ્યાય કરીને જ અન્ન જલ ગ્રહણ કરતા. રોજ યોગશાસ્ત્રના સ્વાધ્યાયથી તે સાધુ–સાધ્વી–શ્રાવક શ્રાવિકાના ધર્મો અને આચારના સારા જાણકાર થયા અને વીતરાગ સ્તોત્રના નિત્ય સ્વાધ્યાયે કરી, કુમારપાળ રાજાને વીતરાગના સાચા સ્વરૂપનું જ્ઞાન થયું.

આ રીતે નિત્ય સ્વાધ્યાય થકી રાજા કુમારપાળની શ્રાવક ધર્મ પરની શ્રદ્ધા દૃઢ થઈ અને બાર વ્રત અંગીકાર કર્યા.

ચતુર્થવ્રતમાં તેણે વર્તમાન પત્ની સિવાય બધી સ્ત્રીઓનો ત્યાગ કર્યો હતો. અકસ્માતે કુમારપાળ રાજાની પત્ની મૃત્યુ પામી અને તેઓ નિઃસંતાન હોવા છતાં વ્રતમાં દૃઢ રહી નિયમનો ભંગ ન કર્યો.

બધાનું મૂળ શું? યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તોત્રનો સ્વાધ્યાય. સ્વાધ્યાયનો આટલો મહિમા જોયા પછી એક ખાસ વાત યાદ રાખવી કે સ્વાધ્યાય ગમે તે સમયે થઈ શકે નહીં. જેમ ખેતી વગેરે કામો જે જે ઋતુમાં કરવા યોગ્ય હોય તે તે ઋતુમાં કરવાથી જ સારા ફળો આપે છે, તેમ જ્ઞાન પણ જે કાળે જે ભણવાનું કહ્યું હોય તે કાળે તે ભણવાથી કર્મનાશક અને ગુણપ્રાપક બને છે.

લોક વ્યવહારમાં પણ સંધ્યાકાલે સ્વાધ્યાય વર્જેલો છે.

चत्वारि खलु कर्माणि सन्ध्याकाले विवर्जयेत्
आहारं मैथुनं निद्रा स्वाध्यायं च विशेषतः

સંધ્યાકાલે ચાર કર્મોનો ત્યાગ કરવો આહાર–નિદ્રા–મૈથુન–સ્વાધ્યાય પણ તેમાં સ્વાધ્યાય વિશેષે કરી વર્જવો. કેમકે યોગ્ય કાળે કરેલી ક્રિયાઓ જ ફળી ભૂત થાય છે.

અસ્વાધ્યાય કાળને જણાવતાં પ્રવચન સારોદ્ધારમાં લખ્યું કે—

○ જ્યારે આકાશમાંથી સુક્ષ્મ રજ પડે, તેમજ જેટલો સમય ઝાકળ પડે ત્યારે સ્વાધ્યાય ન થાય.

○ ઉલ્કાપાત – દિશાઓનો દાહ – વિજળી પડે ત્યારે તે સમય ઉપરાંત એક પ્રહર અસ્વાધ્યાય કાળ થાય.

○ વર્ષાઋતુ સિવાય વિજળીનો ચમકારો કે મેઘ ગર્જના થાય તો બે પ્રહર સુધી અસ્વાધ્યાય કાળ ગણવો.

○ અષાઢ ચોમાસા તથા કાર્તિક ચોમાસાનું પ્રતિક્રમણ કર્યા બાદ એકમ સુધી અસ્વાધ્યાય કાળ થાય.

○ આસો તથા ચૈત્રી સુદ સાતમથી વદ એકમ સુધી અસ્વાધ્યાય કાળ થાય.

○ હોળીના પર્વમાં રજ શાંત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય કાળ.

○ ગામના રાજાના મરણથી બીજા રાજાની સ્થાપના ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

૦ ઉપાશ્રયથી ૧૦૦ ડગલામાં શબ પડેલુ હોય તો તે દૂર ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

આ રીતે અસ્વાધ્યાય કાળ સંબંધે અનેક વાતો નોંધાયેલી છે. છતાં એટલું ખ્યાલમાં રાખવું કે અહીં અસ્વાધ્યાય કાળ શાસ્ત્રના સંદર્ભમાં નોંધાયેલ છે. ત્યાં સ્વાધ્યાય ન થઈ શકે તે વાતનો અર્થ એમ ન કરવો કે આ સમયગાળા દરમિયાન **"સ્વ"નું અધ્યયન** થઈ શકે નહીં. જાત વિશે ચિંતન કે મનન તો કોઈપણ કાળે થઈ શકે.

કોઈ એક સાધુ સંધ્યા વખત વીત્યા બાદ કાલિક શ્રુતનો સમય અતીત થયા છતાં પણ તેનો કાળ નહીં જાણવાથી પરાવર્તના સ્વાધ્યાય કરતાં હતાં. તે જોઈ કોઈ સમ્યગ્ દૃષ્ટિ દેવે વિચાર્યું કે હું આને સમજાવું નહીં તો કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ તેને છળશે.

આવું વિચારી તે દેવે એક મહિયારીનું રૂપ લઈ માથે છાશનો ઘડો મુકયો અને સાધુની પાસે થઈ આવ–જા શરૂ કરી. આ રીતે વારંવાર મોટેથી છાસ લ્યો છાસની બુમો પાડવાની શરૂ કરી. તેના અવાજથી ઉદ્વેગ પામેલા સાધુએ કહ્યું કે અરે આ તે કોઈ છાસ વેચવાનો સમય છે? ત્યારે મહિયારી સામે બોલી કે આ શું સ્વાધ્યાય કરવાનો સમય છે?

તે સાંભળી વિસ્મીત થયેલા સાધુએ ઉપયોગ મૂકચો ત્યારે જાણ થઈ કે અરે! આ તો અકાલ થઈ ગયો છે. એટલે પોતાનું મિથ્યા દુષ્કૃત દીધું. પેલા દેવતાએ પણ સાધુને શીખામણ આપી કે ફરી અકાળે આમ સ્વાધ્યાય કરશો નહીં. અન્યથા કોઈ મિથ્યાદૃષ્ટિ દેવતા છળ કરશે.

કાળે સ્વાધ્યાયને કરતા અને અકાળે વર્જતા એવા સ્વાધ્યાયી મુનિને આશ્રીને ઉપદેશ માળાની ૩૩૯મી ગાથામાં લખ્યું

उड्ढमह तिरिय लोए, जोइस वेमाणिया य सिद्धीय
सव्वो लोगालोगो सज्झाय विउस्स पच्चक्ख

સ્વાધ્યાયને જાણનાર એવા મુનિને ઉર્ધ્વલોક–અધોલોક–તિર્યક્‌લોક એ ત્રણે લોકનું સ્વરૂપ, ચંદ્ર–સૂર્યાદિ જ્યોતિષ્ક વૈમાનિકના નિવાસ અને સિદ્ધિ સ્થાન એ સર્વ લોકાલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ છે. ચૌદ રજ્જુ

પ્રમાણ લોક અને તેથી ભિન્ન અપરિમિત અલોકનું સ્વરૂપ સ્વાધ્યાયના બળે મુનિ જાણે છે.

વળી વાચનાદિક પાંચ પ્રકારના સ્વાધ્યાયે કરીને પ્રશસ્ત ધ્યાન જ થાય છે. તેથી સ્વાધ્યાયમાં વર્તતા મુનિને ક્ષણે ક્ષણે વૈરાગ્ય થાય છે.

હરિભદ્ર બ્રાહ્મણ ચુસ્ત વેદાંતિક અને જૈન દર્શનના કટ્ટર દુશ્મન હતા. પોતે સમર્થ પંડિત અને એક નંબરના વિદ્વાન. પોતાની વિદ્વતાથી જાણે પેટ ફાટી જતું ન હોય તેમ દર્શાવવા પેટે પાટા બાંધીને ફરતા હતા. પરંતુ જ્ઞાન પિપાસા એટલી જબરજસ્ત કે કોઈ શાસ્ત્રની એકાદ પંક્તિનો અર્થ ન સમજાય તો તે બોલનારનો શિષ્ય બની જાઉં તેવી પ્રતીજ્ઞા.

એક વખત સાધ્વીજીના ઉપાશ્રય પાસેથી નીકળ્યા. વૃદ્ધ શ્રમણીજી चक्कि दुगं हरिपणगं ગાથાનો પાઠ કરતા હતા. તે શ્લોક આ હરિભદ્ર બ્રાહ્મણને સમજાયો નહીં. તેથી સાધ્વીજી યાકીની મહત્તરાને પૂછયું કે આ શ્લોકનો અર્થ જણાવવા કૃપા કરો. સાધ્વીજીએ જૈન શાસનની મર્યાદા સાચવવા તે કામ ગુરુ મહારાજને ભળાવ્યું.

ગુરુ મહારાજે હરિભદ્ર બ્રાહ્મણની યોગ્યતા જાણી કહ્યું કે આ શ્લોકનો અર્થ જાણવા તો તમારે દીક્ષા લેવી પડે.

જૈન દર્શનના કટ્ટર દુશ્મન એવા હરિભદ્ર બ્રાહ્મણ માત્ર પૃચ્છના સ્વાધ્યાયના બળે સાધુ બની ગયા. તેનો સ્વાધ્યાય પ્રેમ-જ્ઞાન પ્રેમ ખરેખર "સ્વ"નું અધ્યયન કરાવનારો બન્યો.

પછી તો હરિભદ્ર મુનિ સર્વાંગીણ અભ્યાસ કરી ૧૪૪૪ ગ્રંથના રચયિતા બન્યા. તેનું રાગ-દ્વેષ રૂપ વિષ પણ દૂર થઈ ગયું. માધ્યસ્થ ગુણને ધારણ કરી હરિભદ્ર સૂરિ બન્યા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपीलादिषु
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः

મને શ્રી વીર પરમાત્મા પ્રત્યે કોઈ જ પક્ષપાત નથી અને કપિલ વગેરે પરત્વે કોઈ દ્વેષ પણ નથી. જેનું વચન યુક્તિયુક્ત લાગે તેનું કાર્ય [તેની વાત] સ્વીકારવી.

આમ એક પૃચ્છના પ્રકારનો સ્વાધ્યાય પણ ચુસ્ત બ્રાહ્મણને વીતરાગ પ્રત્યેના અનન્ય શ્રદ્ધાવાન્ એવા અને માધ્યસ્થતા—ગુણરાગી બનાવી શકવા માટે સમર્થ હોય તો પાંચે પ્રકારના સ્વાધ્યાયની અસર કેટલી ?

આ વાચનાથી ધર્મકથા સ્વાધ્યાયની યાત્રા—"**સ્વનું" અધ્યયન** કરાવનારી બને તેમાં કોઈ શંકા ખરી ?

તપની પૂર્તિ માટે પણ સ્વાધ્યાય-કાર્ય જણાવતા આલોચના ગ્રંથમાં લખ્યું કે જો એકાસણાનો ભંગ થાય તો ૫૦૦ ગાથાનો સ્વાધ્યાય કે ૫૦૦ નવકાર ગણવા. ઉપવાસનો ભંગ થાય તો ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવો. આયંબિલનો ભંગ થાય તો ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવો.

અરે તમે કંઈજ ન કરી શકોને હંમેશા ૧૦૦ નવકાર ગણો તો પણ એક વર્ષમાં સામાન્યથી ૩૬૦૦૦નો સ્વાધ્યાય થવાનો છે.

પક્ખિ પ્રતિક્રમણમાં પણ જિનેશ્વરની આજ્ઞા પ્રમાણેના તપને વર્ણવતા શું બોલો છો.

પક્ખિ લેખે એક ઉપવાસ—બે આયંબિલ ત્રણ નિવિ—ચાર એકાસણા—આઠ બિયાસણા ૨૦૦૦ સ્વાધ્યાય યથાશક્તિ તપ કરીને પહોંચાડવો.

એ રીતે ચોમાસી ચૌદશે ૪૦૦૦ નો સ્વાધ્યાય અને સંવત્સરી લેખે ૬૦૦૦નો સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો આ પ્રમાણેનું વિધાન કર્યું.

એ ગણતરીએ વર્ષમાં કુલ કેટલા ઉપવાસ થશે ? – ત્રીશ –

જે વ્યક્તિ આયંબિલ—એકાસણાદિ કંઈજ તપ ન કરી શકતો હોય તેણે ૬૦૦૦૦નો સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો જોઈએ. મતલબ કે વાર્ષિક ૬૦૦૦૦ નો નો સ્વાધ્યાય તો ફરજિયાત બની જશે.

પરંતુ આ સ્વાધ્યાયનું રટણ હૃદયંગમ ક્યારે બન્યું ગણાય ? જો સ્વાધ્યાય **"સ્વ" નું અધ્યયન** બની જાય તો—

ત્યાં સ્વનું ચિંતન હોય, મહાપુરુષોના ગુણોનું ચિંતન હોય, આત્મા સ્વરૂપની રમણતા આવી હોય. ત્યાં સ્વાધ્યાયની સાર્થકતા થશે.

તમે રોજ ભરહેસર–બાહુબલીની સજ્ઝાય, પ્રતિક્રમણમાં બોલો પણ પ્રભાત પ્રતિક્રમણ કર્યા પછી અરીસા સામે ઉભા રહો ત્યારે ભરત મહારાજાની અનુપ્રેક્ષા ભાવનાને બદલે મોઢું અને વાળની સજાવટ જ ધ્યાનમાં રહેતી હોય તો તે સ્વાધ્યાયનું મહત્વ કેટલું ?

અઈમુત્તા મુનિનું કથાનક વાંચો અને જ્યારે મોર્નીંગ કે ઈવનીંગ વોક લેવા નીકળો ત્યારે ઘાસ અથવા માટી પર ચાલતા હો કે ચાલવું પડે ત્યારે દુઃખની કંપારી પણ ન છુટે તો તે "સજ્ઝાય" ની તમારી અનુભૂતિ કેટલી?

સ્વાધ્યાય આત્મસાત્ બને તો જ सु+अधि+आय નો અર્થ સાર્થકતાને પામે કે **"સ્વ"નું અધ્યયન** એ જ સ્વાધ્યાયનો અર્થસીમા અને ફલ-શ્રુતિ છે.

વાંચના–પૃચ્છના–પરાવર્તના–અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય જીવનમાં ઉતારો અને માષતુષમુનિને આદર્શ રૂપે સ્થાપી યાદ રહે કે ન રહે તો પણ કંઈકને કંઈક ગોખવું–ભણવું તેવો નિયમ કરો. છેવટે ગોખેલું પરાવર્તન કરવું એમ નક્કી કરીને પણ શ્રાવકના કર્તવ્યનું પાલન કરો.

□

## (૭૬) નમુક્કાર—નમો

—નમો પણ કોને ?

जिणसासगस्स सारो
चउदस पुव्वाण जो समुद्धारो
जस्स मणे नवकारो
संसारो तस्स किं कुणइ ?

જે શ્રી જિનશાસનનો સાર છે, ચૌદપૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે તે નવકાર જેના મનને વિશે સ્થિર છે તેને સંસાર શું કરે ? અર્થાત્ કંઈ કરી શકે નહીં.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના કર્તવ્યને વર્ણવતા સોળમું કર્તવ્ય મુકયું નમુક્કારો તે નમસ્કાર મહામંત્રના રહસ્યને પ્રગટ કરતા પ્રસિદ્ધ ઉક્તિ બોલાય છે ને ?

**સમરો મંત્ર ભલો નવકાર**
**એ છે ચૌદ પુરવનો સાર**

સારી કરણીમાં તત્પર થયેલા નિપુણ માણસોએ પંચ પરમેષ્ઠિ નમસ્કાર અત્યંત સ્મરણ કરવા લાયક છે. નવકાર એ સર્વવાંછીતને દેનાર હોવાથી કલ્પવૃક્ષ સમાન કહ્યો છે.

नमुक्कार એ પ્રાકૃત શબ્દ છે. તેનો સંસ્કૃત પર્યાય नमस्कार થાય છે. સજ્ઝાયમાં વપરાયેલ नमुक्कारो શબ્દ પ્રથમ એક વચનનું રૂપ છે. પણ પ્રચલીત શબ્દ તો નવકાર તરીકે સુવિહિત છે.

મૂળ શબ્દ नमो [नमः] નો અર્થ છે નમસ્કાર હો—વંદન હો એવો અર્થ થાય છે. સમગ્ર નવકાર મંત્રમાં સૌથી મહત્વનું પદ જો હોય તો તે છે नमो – આ પદ હૃદયમાં અવધારાય નહીં—ત્યાં સુધી બધું નિરર્થક.

नमो એ નૈપાતિક પદ છે.—તે અવ્યય છે. દ્રવ્ય તથા ભાવ નમસ્કાર ના અર્થમાં વપરાયેલ છે.

દ્રવ્ય નમસ્કાર એટલે બે હાથ જોડવા–મસ્તક નમાવવું પગે લાગવું વગેરે.

ભાવ નમસ્કાર તે મનની વિશુદ્ધિ. જેમને નમસ્કાર કરતા હોઈએ તેમના પ્રત્યે સન્માન ભાવના રાખવી. શ્રદ્ધા રાખવી–ભક્તિ રાખવી કારણ કે નમો જ કલ્યાણકારી છે.

પણ મુખ્ય પ્રશ્ન એ છે કે નમવું કોને ?

## "નમો" પણ કોને ?

## — અરિહંતાદિ પંચ પરમેષ્ઠીઓને —

ચારસો વર્ષ પૂર્વે સોરઠમાં આંબરડી ગામને ટીંબે બાર એક લોહીયા દોસ્તો પાકયા. જાણે બાર ખોળીયામાં એક જ આત્મા વસતો હોય તેવી લોઢાની સાંકળે બારે જણા સંકડાયેલા હતા. બારેનો સરદાર વીસળ રાબો પરજિયો ચારણ અને સાત ગામડાનો ધણી. હળવદના રાજા સાહેબનો જમણો હાથ. આ વીસળ રાબાએ શક્તિ સિવાય કોઈને નમવું નહીં તેવા સોગંદ લીધા હતા.

ભાઈ ધાનરવ – સાજણ – નાગાજણ – રવિયા–લખમણ–તેજરવ–ખીમરવ–આલગા–પાલા–વેરસળ અને કેશવગર સાંભળો.

બોલો વીસળભા ! કહી અગીયારે ભેરુ બંધુએ કાન માંડયા. જુઓ ! આપણે શાસ્તર તો જાણ્યા નથી, પણ વ્રતમાં તો માતાજીએ વશેકાઈ મેલી છે. માટે જીવવું યે સંગાથે અને મરવું યે સંગાથે.

ડાલા ડાલા જેવડા બાર માથા ઉપર બાર અંગારા મારતા ખડ્ગ મંડાણા. બારેયે લોહી ભેગું કરીને લખત લખ્યા કે હવે તો જીવવું ને મરવું બેય સંગાથે, બારમાં અગીયાર પરજીયા ચારણ અને બારમો કેશવગર બાવો.

અમદાવાદની કચેરીએ કાન ફુંકાણા, અદાવતીયા ચારણે સુલતાનને કહ્યું પાદશાહ સલામત ! તેં સોરઠ કડે કર્યો પણ તારી પાદશાહીને અવગણનારો એક પુરુષ હજી જીવે છે.

પાદશાહના ખુની ડોળા ફર્યા તરત જ કોણ છે એ બે માથાળો ?

આંબરડી ગામના સાત સાંજણ ગામનો ધણી વીસળ રાબો. જાતનો ચારણ છે.

સાત ગામડીનો ધણી? તે એની પાસે ફોજ કેટલી?

ફોજ બોજ કંઈ નથી. એક પોતે અને અગીયાર ભાઈબંધો.

પાદશાહે ફોજ હંકારી ગામની સીમમાં તંબુ તણાયો. બોલાવો વીસળ રાળાને.

હાથમાં ત્રિશુળ, બીજા હાથમાં બળદની રાશ, ખંભે ભવાની, ભેટમાં દોધારી કટારી, ગળામાં માથે ઝુલતો કાળો ચોટલો એવા દેવતાઈ રૂપ વાળો વીસળ રાળો આવ્યો. અણુ થડકી છાતીએ, ધીરે ડગલે પાદશાહના તખ્તા સામે આવીને એક હાથે આડી તલવાર ઝાલી બીજે હાથે સલામ કરી.

નસકોરા ફૂલાવી સુલતાન બોલ્યા. આ સલામ કોની કરી? – આ શક્તિની!

સોરઠના હાકેમને નથી નમતા? ના મોળા બાપ, જોગમાયા વન્યા અવરાહીં કમણેહીં આ હાથની સલામું નોય, કે આ માથાની નમણ્યું નોય. માડી માતાજી તારી આવદા ક્રોડ વર્ષની કરે.

કેમ નથી નમતા?

કાણુ સારું નમાં, માણહ માણહ હીં કેવા નમે? હાથ જોડવા લાયક તો એક અલ્લા અને બીજી આદ્યશક્તિ. આપણુ તો બથું ભરી ભેટીયે પણ નમીયેં કો નોય.

ચારણને વેણે વેણે સુલતાનને લોઢાના ઘા પડ્યા. સુલતાન કહે કા સલામ દે અને કા લડાઈ લે. મોરલા જેવા બાર ભાઈ બંધોના મોતના પરિયાણની તૈયારી થઈ. સુલતાનને પસ્તાવો થયો. ભૂલ થઈ ગઈ. કાલ્ય બાર નિરપરાધી માર્યા જશે.

વજીરે ઈલાજ દેખાડ્યો પડાવ ઝાંપા પાસેથી ઉપાડી ગામની પછીતે લઈ ગયા. બસ વીસળરાળાની પીઠ દેખાય એટલે કહી દેવું કે પીઠ દેખાઈ માટે લડાઈ બંધ. પણ અગીયાર ભેરુબંધો દીવાલની પછીત તોડીને નીકળ્યા. અગીયારે ખપી ગયા. જે ચંડી–જે જોગણીની હાકલો દેવાણી. બારમો બાકી રહ્યો તો તે હર હર ના જાપ કરતો જીવતો ચીતાએ ચડી ગયો. પણ કોઈ નમ્યો નહીં.

બારેબાર અણનમ માથા કહેવાણા.

આપણે પણ નમસ્કાર પદથી અતિ પરિચિત છીએ. રોજ नमो अरिहंताणं બોલીએ છીએ. પણ અતિ પરિચયથી અવજ્ઞા ન થવી જોઈએ. નમો અરિહંતાણં બોલીએ પણ તેનો મહિમા ન સમજીએ તો તુંબડીમાં કાંકરા જેવું થાય.

આ નવકારનો એક અક્ષર સાત સાગરોપમની સ્થિતિના અશુભ કર્મોનો નાશ કરે છે. એક પદ ૫૦ સાગરોપમનાં અશુભ કર્મોનો નાશ કરે છે. આખો મંત્ર ૫૦૦ સાગરોપમના અશુભ કર્મોનો નાશ કરે છે.

**સમર રે જીવ નવકાર નીત નેહશું**
**અવર કા આળ પંપાળ ઝંખે**

તમે પણ યાદ રાખો.

**"નમો" પણ કોને ? અરિહંતાદિ** પંચ પરમેષ્ઠીને.

ભગવતી સૂત્રમાં લખ્યું છે કે नमः इति नैपातिकं पदं द्रव्य भाव संकोचार्थम्–નમસ્કાર દ્રવ્ય અને ભાવની અપૂર્ણતા–સંકોચ દર્શાવે છે.

नमो अरिहंताणं મુકયું. પણ नमामि अरिहंताणं કેમ ન મુકયું ? હે આત્મા અરિહંતને નમ તેમ પણ ન કહ્યું અને नमो જ કેમ કહ્યું ?

नमः એ નૈપાતિક પદ છે. પણ નિપાત એટલે શું ? निपतंति अनेकेषु अर्थेषु જેમાં એકજ અર્થનો નિયમ નહીં તેવા.–તેથી નમસ્કાર ઉપરાંત नमस् અવ્યય અર્ચા–પૂજા–સેવા વગેરે અર્થમાં પણ આવી શકે.

પ્રણામ પણ ઘણાં પ્રકારના છે તેમાં અહીં કયો પ્રણામ સમજવો ?

હાસ્યથી–વિનયથી–પ્રેમથી–પ્રભુતાથી–ભાવપૂર્વક એમ પાંચ પ્રકારે પ્રણામ થાય છે. મશ્કરીમાં થાય તે હાસ્ય પ્રણામ, વડીલોને થાય તે વિનય પ્રણામ–મિત્રાદિકને થાય તે પ્રેમ પ્રણામ–રાજા વગેરેને થાય તે પ્રભુતા પ્રણામ–દેવગુરુને થાય તે ભાવ–પ્રણામ.

वन्दना [नमस्कार] થી અહીં શ્રી અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુને સંપૂર્ણ આદર ભાવથી કરેલો નમસ્કાર સમજવાનો છે. કારણ તે જ ભાવ વંદનાને પાત્ર છે. સમગ્ર વિશ્વમાં જે કોઈ ઉત્તમ થઈ ગયા–થાય છે અને થશે તે સર્વે અરિહંત વગેરે પાંચ પરમેષ્ઠિ જ છે.

એટલે 'નમો' પણ કોને ?

- નમસ્કાર હો અરિહંત ભગવંતોને
- નમસ્કાર હો સિદ્ધ ભગવંતોને
- નમસ્કાર હો આચાર્ય ભગવંતોને
- નમસ્કાર હો ઉપાધ્યાય ભગવંતોને
- નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને

આ પાંચેને કરેલો નમસ્કાર સર્વ અશુભ કર્મોનો વિનાશ કરનારો તથા બધાં મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે.

**○ પ્રશ્ન :–** અરિહંતને નમવાનું કારણ શું ?

અરિહંતને નમવાનું મુખ્ય કારણ છે. તેના ગુણ–અરિહંતપણું.

(૧) अरिहंत એ વ્યક્તિવાચી પદ નથી. જો વ્યક્તિવાચી હોત તો नमो उसमस्स કે नमो महावीरस्स કહ્યું હોત. પણ ગુણીના સન્માન માટે યોજેલ ગુણવાચી પદ अरिहंताणं –સર્વકાળના, સર્વક્ષેત્રના, સર્વદશાના કે અતીત–વર્તમાન–અનાગતના તમામ અરિહંતોને નમસ્કાર કરવાનું સૂચવે છે. માટે અરિહંતને નમવું.

(૨) નમસ્કાર એટલે લઘુતા. નમસ્કાર કરતો મનુષ્ય એવી જ ભાવના ભાવે કે તમે ગુણની કક્ષામાં ઉંચામાં ઉંચા છો અને હું તે કક્ષામાં નીચામાં નીચો છું. તેથી તે ઉંચી પાયરી મને મળે તે માટે હું નમસ્કાર કરું છું. એટલે આપણે અરિહંતપણું મેળવવા નમવાનું છે.

**○ પુનઃપ્રશ્ન :–**

ભવ્ય જીવે આવી દીનતા કરવાની જરૂર શી ? આત્મા તો જેવો અરિહંતનો છે તેવો આપણો છે પછી નમસ્કાર શા માટે ?

જેમ સામાન્ય રોગ થાય તો પણ ઉપચાર કરીએ છીએ. આગળ વધી ડોકટરને બતાવી નીદાન કરાવી દવા લઈએ છીએ. તેમ જન્મ–જરા–મરણ–શોક–આધિ–વ્યાધિ–ઉપાધિ રૂપ ભવભ્રમણનો જીવલેણ રોગ આપણને લાગુ પડયો છે તે મટાડવા શું કરવું ?

તે કર્મ રોગનો ઈલાજ દર્શાવનાર ડોકટર, અરિહંત સિવાય બીજા કોઈ નથી. માટે અરિહંતને નમસ્કાર રૂપી ફી આપવી જરૂરી છે, તે માટે નમવું જોઈએ અરિહંતને.

મેઘકુમાર રાત્રિના સંથારામાં સુતા છે સાધુઓ માત્રુ વગેરે જાય ત્યારે તેની રજ સંથારામાં પડે છે. મેઘકુમાર વિચારે છે કે ક્યાં મારું રાજ સુખ અને ક્યાં આ સ્થિતિ. હું સવારે પ્રભુ પાસે જઈ ઘેર જવા માટે રજા માંગીશ.

પરંતુ ધર્મ સારથી એવા પ્રભુ મહાવીરે કહ્યું त्वया दुर्ध्यानम् कृतम् મેઘકુમાર તમે ખોટું વિચાર્યું. હાથીના ભવે અઢી દિવસ પગ ઊંચો રાખી સસલાને બચાવવા દુઃખ વેઠયું, તો આ તો સાધુ મહાત્મા છે.

આ રીતે ભવરોગના નિવારણ માટે તેને પરિષહરૂપી ઔષધ આપ્યું. માટે યાદ રાખો. **'નમો' પણ કોને ? –અરિહંતોને–**

સિદ્ધ ભગવંતોના નમસ્કારનો હેતુ પણ આવો જ છે. સિદ્ધ ભગવંતો અવિનાશી એવા જ્ઞાન–દર્શન–સુખ–વીર્ય વગેરે ગુણોથી યુક્ત છે. વળી એક જીવ સિદ્ધ થાય ત્યારે નીગોદમાંથી એક જીવનો છુટકારો થાય છે. આ રીતે સિદ્ધ ભગવંતો નીગોદના દારુણ દુઃખમાંથી છુટકારો અપાવનારા છે. માટે આપણે સિદ્ધ ભગવંતોને પણ નમસ્કાર કરીએ છીએ.

૦ આચાર્યને નમસ્કાર શા માટે ? અરિહંત પરમાત્મા માર્ગ–દર્શક છે માટે તેને નમસ્કાર કર્યા, સિદ્ધ ભગવંતો જન્મ–મરણના ચક્કરમાંથી છુટવાનું સ્થાન છે માટે નમસ્કાર કર્યા, પણ આચાર્યાદિ તો ગુરુના સ્થાને છે તેને નમસ્કાર કરવાનું કારણ શું ?

— સમાધાન —

અરિહંતો ભવભ્રમણ રોગમાંથી છોડાવનારા મોટા ડોકટર છે તે વાત કબુલ. તમે પણ મોક્ષે જવા તૈયાર થઈ ગયા, પણ આત્મા તો હજી નિર્મલ બન્યો નથી. તો જ્યાં સુધી આ આત્મા સર્વથા મલ રહિત ન બને ત્યાં સુધી તેની દેખભાળ કરશે કોણ ? – તો કે આચાર્ય-દેવે રસ્તો દેખાડ્યો પણ ચાલવાનું કોણ શીખવે ? આચાર્ય. માટે તેને પણ નમસ્કાર કર્યો.

ઉપાધ્યાય ભગવંતો સુસંપ્રદાયથી આવેલા જિનવચનોનું અધ્ય-યન કરાવી ભવ્ય જીવોને વિનયમાં પ્રવર્તાવે છે. એ ઉપકારીપણાને લીધે નમસ્કાર કરવા યોગ્ય છે. વળી જેઓને ગણધરો પણ નમસ્કાર કરે છે તો તેઓને આપણે નમસ્કાર કરીએ તેમાં શી નવાઈ ?

અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય ચારેનો નમસ્કાર કબુલ પણ સાધુને નમસ્કાર શા માટે?

શાસ્ત્રકાર મહારાજા અભયદેવ સૂરિજી તેનો ખુલાસો આપતા જણાવે કે સાધુ ભગવંતો એ સાધના માર્ગના મુખ્ય સહાયકો છે. ભગવંતે દર્શાવેલ માર્ગે સાથે ચાલવામાં તમને સહાય કરશે કોણ?

— સાધુ —

મારે સાધુ ભગવંતોને પણ નમસ્કાર કરવો.

અરે અભવ્યના ઉપદેશથી પણ કંઈક આત્મા સમકિત પામ્યા અને અનંતા જીવો તરી ગયા. તો તેમને પણ દીપક સમ્યકત્વ ગણ્યું. એટલે અભવ્યો પણ શાસનમાં જીવોને બુઝવનારા થયા છે. માટે સ્પષ્ટ કુગુરુ પણું ન જણાય ત્યાં સુધી સુગુરુ માનીને સાધુને નમસ્કાર કરવો જ લાભદાયી છે.

અરે "પરીક્ષા કર્યા વગર નમે તો નરકે જાય" તેવું કહેનાર કે શીખવનાર એ ઉત્થાપકોના વાક્યો છે. મિથ્યાત્વી નરકે જ જાય તેવો કોઈ નિયમ શાસ્ત્રમાં લખ્યો છે ખરો? અભવ્યના પ્રતિબોધેલા અનંતા મોક્ષે જાય તેથી તો તેમને દીપક સમકીતી ગણ્યા. શાસ્ત્રકાર પણ જણાવે છે કે વ્યવહારથી સાધુ હોય તો પણ સાધુ જ માનવામાં કોઈ હરકત નથી.

અગર જો આ વાત ન સ્વીકારો તો જ્યાં સુધી ભવ્યપણાનો નિર્ણય ન થાય ત્યાં સુધી કોઈને સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા મનાય જ નહીં. પણ આ વાત અવ્યકત નિહનવની જ વાત છે.

જોગ કરાવતા એક આચાર્ય કાલ ધર્મ પામ્યા. તેમણે દેવલોકમાંથી આવી શરીરમાં ફરી પ્રવેશ કરી જોગ પુરા કરાવ્યા. પછી સર્વને મિચ્છામિ દુક્કડમ્ આપી પાછા ગયા–પણ સાધુઓ વિચારમાં પડયા કે અરે! આ તો અસંયમીને વંદન કર્યું. વંદન વ્યવહાર બંધ થઈ ગયા ત્યારે શાસ્ત્રકારે તેને નિહ્નવ ગણ્યા.

કોઈ કોઈને વંદન ન કરે

**માટે સાધુને પણ નમો–**

આ રીતે સિદ્ધ ભગવંતે નીગોદમાંથી છોડાવ્યા. અરિહંત પરમાત્માએ ભવાટવીમાં માર્ગ પ્રકાશ્યો, આચાર્યોએ રસ્તો દેખાડી દોરવણી

આપી– ઉપાધ્યાયે શીખામણ આપી સ્થીર કર્યા–સાધુએ મોક્ષ માર્ગ માટે મદદ કરી તો ગણધર મહારાજાએ પણ પાંચે ગુણવાન્ ને ગુણને કારણે વંદન કર્યા.

**"નમો" પણ કોને ?**

**–અરહિંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુને**

આ રીતે નમસ્કાર કરવાથી–મંત્ર જાપથી તો લાભ જ છે પણ તેનું શ્રવણ પણ કેટલું લાભદાયી છે અંગે એક ઐતિહાસિક પ્રસંગ છે.

ભરૂચ પાસે વનના ઝાડ ઉપર એક સમળીને કોઈ પારધીએ બાણથી વીંધી નાખી. પણ જેવી નીચે પડી તરફડતી હતી કે તે સમયે કોઈ મુનીરાજે તેને નવકાર સંભળાવ્યો. નવકાર મંત્રના પ્રભાવે તે સમળી મરીને સિંહલ દેશના રાજાની માનવંતી રાજકુમારી બની.

તરુણાવસ્થાને પામેલી કુંવરી રાજસભામાં બેઠી હતી ત્યારે તેને છીંક આવતા પાસે રહેલા કોઈ વેપારીએ કહ્યું નમો–અરિહંતાણં. આટલું ઉચ્ચારણ સાંભળતાં ઉહાપોહ કરતા રાજકુમારીને જાતિ સ્મરણ જ્ઞાન થયું.

રાજકુમારીએ પિતાજી પાસે ૫૦૦ વહાણ તૈયાર કરાવ્યા. જે સ્થળે તેને મુનિરાજે નવકાર મંત્ર સંભળાવેલો તે ભરૂચ નગરીએ આવી ત્યાં અશ્વાવબોધ તીર્થનો ઉદ્ધાર કરાવીને ત્યાં સમળી વિહાર (शकुनिका विहार) નામે તીર્થ સ્થાપના કરી જે આજે પણ અસ્તિત્વમાં છે

भोयण समए सयणे, विबोहणे पवेसणे भए वसणे
पंच नमुक्कारं खलु, समरिज्जा सव्व कालंपि

ઉપદેશ તરંગીણી ગ્રન્થમાં જણાવે કે ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય કે કષ્ટ સમયે અને વળી સર્વ કાલે (ખરેખર) પાંચ નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઈએ.

ઉપદેશ તરંગીણીમાં આગળ વધીને કહ્યું કે મરણના ક્ષણે પાંચ પરમેષ્ઠી રૂપ પાંચ રત્નોને જે મુખને વિશે ધારણ કરે છે તેથી ભવાન્તરને વિશે સદ્ગતિ થાય છે જુઓને સમળીનો જીવ કેટલો હિંસક ગણાય. કદી અહિંસાની વિચારણા પણ કરતી નથી, છતાં તેવા તિર્યંચના જીવને પણ અંત સમયે સાંભળેલ નવકાર ભાવિમાં ધર્મ અને સુખ દેનારો બન્યો.

**પ્રશ્ન :– "નમો" પણ કોને?** પ્રશ્નના ઉત્તરમાં પંચ પરમેષ્ઠીને નમવાની વાત કબુલ. ત્યાં નમસ્કાર કર્યો પણ ખરો, છતાં નમસ્કાર થાઓ એવું નમો પદ કેમ મુક્યું? છોકરો જન્મે પછી "છોકરો જન્મો" એવું પદ બોલાય ખરું?

**સમાધાન :–** મહાનુભવ છોકરો ભણવા બેસે. દશમી પાસ થઈ જાય અને પગે લાગવા આવે ત્યારે પણ આશીર્વાદ શું આપો છો. ભણો–ભણો.

અરે ભાઈ ભણ્યો ત્યારે તો મેટ્રીક પાસ થયો,, નહીં તો ક્યારનો ઉઠી ગયો હોત ને? છતાં ભણો ભણો કેમ કહો છો કે એસ.એસ.સી. તો પાસેરામાં પેલી પુણી છે. [કિલ્લો ને બદલે ગ્રામ માત્ર છે] હજી તો તારે ઘણું આગળ વધવું છે.

બરાબર એ જ રીતે નમસ્કાર તમે કર્યો ખરો. દ્રવ્ય અને ભાવથી કર્યો, તે પણ કબુલ છતાં ભાગ્યશાળી, આ તો પાસેરામાં પેલી પુણી થઈ. આત્મા વીતરાગ ન થાય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન ધરવાનું જ છે.

અરિહંતને આરાધો તેની આજ્ઞાનું પાલન કરો. તેણે પ્રરૂપેલા માર્ગે ચાલો તો કલ્યાણ થાય. દેવ શકિતશાળી ખરા, પણ તારનારતો ભકિત જ છે. માટે [नमो] નમસ્કાર થાઓ કહ્યું.

नमामि એવું ક્રિયાપદ ન વાપરતા नमो એવું નૈપાતિક પદ વાપર્યું. તે અંગે તમારો ખુલાસો તો તર્ક પ્રધાન છે એમ કેમ ન કહેવાય?

–તેમ નથી–નિપાત એવું આ नमो પદ બોલનાર કે લખનારની અશકિત દર્શાવે છે. હું આવા પૂજ્ય પુરુષોનો યોગ્ય સત્કાર કરી શકતો નથી તે ભાવ છે. દ્રવ્ય અને ભાવ વંદના દ્વારા હું અરિહંતની સ્થિતિને લાયક વંદન કરી શકતો નથી તે ભાવ છે.

આ રીતે વિનમ્રતા સૂચવે છે. દ્રવ્યથી અને ભાવથી સંકોચ એટલે કે આ છે તે પણ પુરતું નથી તેમ દર્શાવે છે.

દશાર્ણ ભદ્ર ઠાઠમાઠથી વંદન કરવા ગયા. કર્યું ખરું. છતાં માર ખાધોને?

મહાવીર પ્રભુ સમોસર્યા ખબર પડી. રાજા રાજકુળ અને રીયાસતને સમાચાર આપ્યા કે પ્રભુજીના વંદનને માટે જવું છે, તૈયારી

કરો એવી જબરજસ્ત તૈયારી કે આવું વંદન આજ સુધી કોઈએ ન કર્યું હોય.

રાજાના હૃદયમાં ઠાઠમાઠનો ગર્વ ભર્યો છે પણ ઈન્દ્રે કેવી ઋદ્ધિ વીકુર્વી ? દશાર્ણભદ્રના ગર્વના ચુરેચુરા થઈ ગયા.

દશાર્ણભદ્રે વિચાર્યું કે ઈન્દ્રનો ગર્વ હું ખંડન કરું તો જ સાચો. દશાર્ણભદ્રે દીક્ષા લીધી. સર્વ સાવદ્યનો ત્યાગ કરી દીધો. ઈન્દ્રે પણ કબુલ કર્યું કે તમે ચડયા.

કારણ ઈન્દ્રની ઋદ્ધિ પાસે દશાર્ણભદ્રની ઋદ્ધિ કોઈ હીસાબમાં ન હતી. પણ સાવદ્ય ત્યાગ દ્વારા દીક્ષા લઈ જે ઋદ્ધિ દશાર્ણભદ્રે પ્રાપ્ત કરી તેની પાસે ઈન્દ્રની ઋદ્ધિની શી વિશાત ?

તેથી દ્રવ્ય અને ભાવ ગમે તેટલા કરીએ તો પણ સંકોચ રૂપમાં જ રહેવાના. તે તો વીતરાગતા પ્રાપ્ત થાય ત્યારે જ યથાયોગ્ય રૂપમાં આવવાના. માટે [નમઃ] નમસ્કાર થાઓ કહ્યું.

દશાર્ણભદ્રે પણ માનનું ખંડન કર્યું અને ભાવથી પ્રણિધાન કર્યું તો વીતરાગત્વ પામ્યા પણ ત્યાં સુધી તો તેનો નમસ્કાર પણ નમો (નમસ્કાર થાઓ) અર્થમાં જ રહ્યો ને ?

આ રીતે નવકારમંત્ર–સર્વમંત્રોમાં પ્રધાન છે, કેમકે તે દ્રવ્ય–ભાવ ઝેરને હણે છે. વળી પરમ ધ્યેયરૂપ છે–સર્વાર્થ સાધક છે. પરમ પવિત્ર તત્વ રૂપ છે. જીવોને સંસારચક્રમાં શરણભૂત છે. દ્વાદશાંગના રહસ્યભૂત છે. માટે દ્રવ્ય અને ભાવથી સર્વ વિશુદ્ધિ ન પ્રગટે ત્યાં સુધી નમસ્કાર થાઓ.

**"નમો" [નમસ્કાર થાઓ] પણ કોને ?**

**અરહિંત સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુને**

□

# (૭૭) નમુક્કાર–અરિહંત

–તે જિન નમીયે ઉત્સાહ રે

अरिहंति वंदण नमंसणाइ
अरिहंति पूय सक्कारं
सिद्धि गमणं च अरिहा
अरहंता तेण वुच्चंति

જેઓ વંદન નમસ્કારને યોગ્ય છે, જેઓ પૂજા–સત્કારને યોગ્ય છે તથા જેઓ સિદ્ધિ–ગમનને યોગ્ય છે તેઓ અરહંત અર્હન કહેવાય છે.

નમસ્કાર મંત્રની ઓળખ માટે સર્વ પ્રથમ અરિહંત વગેરે પદની ઓળખ જરૂરી છે. અત્રે અરિહંતની ઓળખ આપતા આવશ્યક નિર્યુક્તિના આ શ્લોકમાં ત્રણ બાબતો જણાવી.

૦ વંદન–નમસ્કારની યોગ્યતા, પૂજા સત્કારની યોગ્યતા અને સિદ્ધિગમનની યોગ્યતા.

આમાં યોગ્યતા શબ્દ કેમ મુકચો હશે? તેના મૂળમાં अर्ह શબ્દ છે. अर्ह એટલે યોગ્ય કે લાયક હોવું. જેઓ બીજાના સન્માનને, સત્કારને કે પૂજાદિ ક્રિયાને યોગ્ય છે તે अर्हत् अरहत् અથવા अरहंत કહેવાય.

अरुहंताणं એવો પાઠ પણ જોવા મળે છે. આ પાઠાન્તરની નોંધ શ્રી ભદ્ર બાહુ સ્વામીએ आवश्यक निर्युक्तिમાં અને અભયદેવસૂરિજીએ ભગવતીની ટીકામાં કરી છે.

रुह એટલે ઉગવું અને रुहंत એટલે ઉગનાર.– अरुहंतનો અર્થ છે ન ઉગનાર तत्र अरोहद्भ्यः अनुपजायमानेभ्यः क्षीण कर्म बीजत्वात् અર્થાત્ કર્મરૂપી બીજ ક્ષીણ થવાથી જેને ફરી જન્મવાનું નથી તેવો અર્થ લીધો.

સિદ્ધ હેમ અધ્યાયઃ ૮ના બીજા પાદનું સૂત્ર ૧૧૧ उच्चार्हति મુજબ अर्हन् શબ્દમાં સંયુક્ત વ્યંજનના અંત્ય વ્યંજન પૂર્વે અર્થાત્ र्માં उ–अ–इ ઉમેરાતા अरुहन्त, अरहन्त अरिहन्त ત્રણ રૂપ બને છે.

આપણો મુળ મુદ્દો છે. "નમો અરિહંતાણં." ગમે તે અર્થ સ્વીકારો પણ નમસ્કાર ભાવપૂર્વકનો હોવો જોઇએ.

## તે જિન નમીયે ઉત્સાહ રે–ભવિકા

નાના એવા ગામમાં ભટ્ટજીએ કૃષ્ણકથા આરંભેલી. ભટ્ટજીની વાણીમાં ગજબનો જાદુ–હેયું ભક્તિભીનું થઈ જાય. કથા સાંભળવા આખું ગામ ઉમટે. ગામને છેવાડે રહેતી રંતીબાઈ પણ કથા સાંભળવા જાય. ઘણો રસ પડચો, ઘેર આવી દીકરાને કહ્યું કે બેટા કથામાં એટલો ભાવ આવે છે, જાણે ગોકુળમાં બેઠી હોઉં તેમ લાગે છે.

દીકરો કહે ત્યારે મા હું પણ ભટ્ટજીની કથા સાંભળવા જઈશ. મા કહે બેટા આપણું ઘર રહ્યું છેવાડે, રેઢું ન મેલાય. પણ એમ કરીએ એક દીવસ હું કથામાં જઈશ–એક દીવસ તું જજે. એમ બંને એક બીજાને કથા કહી દેશું.

રંતીબાઈ પોતાના વારામાં ગાંડી ઘેલી થઈ જાય પણ દીકરાના વારામાં તેને ખાવાનું ન ભાવે. ભટ્ટજી કથામાં કનૈયાની કઈ કઇ બાળ લીલા કહેતા હશે તે વિચારતી દીકરાની વાટ જોતી બેસી રહે. દીકરાને જુએ એટલે દોડતી સામે જાય.

એક વખત છોકરો પ્રસંગ વર્ણવે છે. મા! "ગોપીઓએ ફરિયાદ કરી કે કાનુડો અમારા ઘરમાંથી માખણ ચોરીને ખાઈ જાય છે. બોલાવ્યો કનૈયાને, એલા કાનુડા! આ બધી શી ફરીયાદ છે?"

મા! ગોપી બધી જ ખોટા બોલી છે. હું કોઈના ઘેર માખણ ચોરવા જતો નથી.–જશોદા કહે જાઓ. હવે મુદ્દામાલ સાથે પકડી લાવો.

રંતીબાઈ તો ભાવ વિભોર બનીને તણાયે જ જાય છે વાતમાં. ત્યાં કથા આગળ ચાલી કે જશોદા પાસે કાનુડાની ફરિયાદો વધતી જ જાય છે. માને ખૂબ દુઃખ થાય છે. છોકરો નાની વયમાં ચોરી કરે તે ઠીક નહીં. તેમાં એક વખત કનૈયો જશોદાના હાથે પકડાઇ ગયો.

જશોદા તો ગુસ્સે થઇ ગયા.–મા–ઘરમાં ગાયોને બાંધવાનું રાંઢવું હતું. તે લઈને માંડયો કનૈયાને બાંધવા.

"હે જશોદા આવી નીર્દય"–રંતીબાઈથી ચીસ પડી ગઈ. આવા કોમળ કનૈયાને રાંઢવે બાંધ્યો. ભાવાવેશમાં આવેલી રંતીબાઈને થયું મારા કાનુડાને આવું દુઃખ!

ત્યાંજ તેના પ્રાણ તરફડી ગયા અને ભક્ત શંતીબાઈનું બ્રહ્મરંધ્ર ફાટયું, ત્યાં જ મૃત્યું થયું.

આપણે ભગવાનના ઉપસર્ગો કેટલા સાંભળ્યા? કદી આંખો ભીંજાણી. તેના પર પડેલા દુઃખો સાંભળી હૈયું હચમચ્યું કદી? અમારા એક મલય સાગરજી થઈ ગયા. ખાસ કલ્પસૂત્રનું ઉપસર્ગોનું વ્યાખ્યાન સામેથી વાંચવા માંગે. પણ કદી પુરુ ન કરી શકે. અડધા ઉપસર્ગ વાંચતા જ તેની આંખો ભીંજાવા લાગે ને ગળું રૂંધાવા લાગે. આપણે કંઈ થાય છે કદી?

—ના— તો પછી ભાવ નમસ્કાર કહેવાય ખરો? નમો અરિહંતાણું બોલતા એ પંક્તિ યાદ રાખો. **તે જિન નમીયે ઉત્સાહ રે—ભવિકા**

—કારણ કે—

અરિહંત પરમાત્મા તો જૈન શાસનના રાજા છે. ધન—વૈભવ—કુટુમ્બ કબીલા છોડી હસતા મુખે નીકળેલ ત્યાગી. તેમને ન હોય રાજલીલા કે ન હોય રાસ લીલા. છતાં રાજા કહેવાયા. કેમકે તેને મોક્ષ-માર્ગનું રાજ મળ્યુ છે. તીર્થને સ્થાપન કરે છે. શાસનની સ્થાપના કરે છે.

તેમનું રાજાપણું ઈન્દ્ર મહારાજાએ કરેલ અશોકાદિ આઠ પ્રાતિ-હાર્ય રૂપ પૂજાની યોગ્યતાને લીધે છે. તીર્થંકરો હંમેશાં ચોત્રીશે અતિશયે કરી યુક્ત હોય છે, તે પણ તેનું રાજાપણું છે.

**ચાર અતિશય મૂલથી, ઓગણીસ દેવના કીધ**
**કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતીશયા**
**સમવાયાંગે પ્રસિદ્ધ**

આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય હોવાથી અર્હન્ છે. વિહાર વખતે પણ પ્રાતિહાર્ય સાથે ચાલે.

કર્મરૂપી શત્રુને હણે છે માટે પણ તે અરિહંત કહેવાય.

છતાં અરિહંત અર્થ નિરુક્તિનો છે, વ્યુત્પત્તિમાં તો આઠ પ્રાતિ-હાર્યરૂપ પૂજા અર્થ જ લીધો છે. કારણ કર્મ શત્રુને તો બધાં કેવળી હણે, તો—તો અરિહંત અને સિદ્ધમાં કોઈ જ ફરક ન રહે. તેથી જ પૂજાને અંગે અરિહંતનું જિનેશ્વરપણું કહ્યું.

વળી અરિહંતના ચ્યવન–જન્મ–દીક્ષા–કેવળ અને નીર્વાણ એ બધાં પણ કલ્યાણકારી હોવાથી કલ્યાણક કહેવાયા. તીર્થંકર નામકર્મ પણ પૂર્વભવોમાં સત્તારૂપે અને અનિકાચીત રૂપે છે. મોક્ષગમનના ભવે ઉદયરૂપે અને નિકાચીત રૂપે હોવાથી તેનું સાક્ષાત ફળ એ ભવમાં જ મળવાનું છે–તે ફળ છે કલ્યાણકો.

અરિહંત નામનું ફળ માતાને ચૌદ સ્વપ્ન થકી ગર્ભથી જ જણાય છે. વળી સિદ્ધપણું કે આચાર્યપણું કુદરતી નથી અરિહંતપણું તો કુદરતી છે. તીર્થંકર નામકર્મ એ કર્મની ૧૫૮ પ્રકૃતિમાં સમાવિષ્ટ છે તે જ અરિહંતપણાનું કુદરતી પણું સુચવે છે: માટે જ

**તે જિન નમીયે ઉત્સાહ રે–ભવિકા–**

જો કે માત્ર પૂજાને લાયક છે તેથી જ અરિહંતપણું નથી મલ્યું, ખીજડો પણ પૂજાય છે. તો શું ખીજડાની કિંમત વધી ગઈ? અહીં તો પૂજાની યોગ્યતા તેના ગુણને કારણે છે–તે છે તેનું સર્વજ્ઞપણું,

अरिहंत નું માત્ર એક વિશેષણ વિચારો जग सार्थवाह કયાં આવે છે? जग चिंतामणी સૂત્રમાં जग सत्थवाह–તે મોક્ષ માર્ગે લઈ જનાર ઉત્તમ સાર્થવાહ છે.

ધન્ના સાર્થવાહનો ભવ–ઋષભદેવનો પ્રથમ ભવ છે. સાથે સાધુ મહાત્મા પણ સાર્થમાં વિચરી રહ્યા છે. ધન્ના સાર્થવાહને તો વિસ્મરણ થઈ ગયેલું. અચાનક એક વખત યાદ આવ્યું કે અહીં મારા સાર્થમાં તો મુનિ ભગવંતો છે. તેમની મેં ખબર પણ ન રાખી, અતિ દુઃખ થયું તેને તુરંત ભાળ મેળવી, પહોંચ્યો મુનિ પાસે, સાધુના પગે પડી જઈ માફી માંગી. વહોરવા લઈ ગયો–મારે આંગણે સાધુ કયાંથી? સાર્થમાં મને આવો લાભ કયાંથી? આ રીતે ભાવપૂર્વક વહોરાવતા સમ્યક્ત્વને પામ્યા શ્રી ઋષભદેવનો જીવ —

જો સાર્થમાં રહેલાને તારવાની બુદ્ધિ પ્રગટી તો જગતના સાર્થવાહ બન્યા અને પ્રભુ जग सत्थवाह નું બિરૂદ પામ્યા.

વળી પ્રભુ કેવા? તે અર્થ જણાવવા ઉત્તમોત્તમ વિશેષણોથી તેની ઓળખ આપતા જણાવે કે जगचिंतामणि–સઘળા વાંછીતને પુરનારા, जगनाह–જગતના નાથ–જેને નાથ કે ધણી બનાવ્યા પછી કદી વૈધવ્ય ન આવે. जग रक्खग જગતનું [અભયદાનાદિ વડે] રક્ષણ કરનારા.

વળી પ્રભુ કેવા? अभय दयाणं चक्खुदयाणं, मग्गदयाणं, शरण दयाणं, बोहिदयाणं धम्म दयाणं કેટલું બધું આપે છે આપણને અરિહંત,
અભય–ચક્ષુ [શ્રદ્ધારૂપી નેત્રો]–માર્ગ–શરણ–બોધિ અને ધર્મ.

**મહા ગોપ મહા માહણ કહીયે, નિર્યામક સથ્થવાહ**
**ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીયે ઉત્સાહ રેભવિકા**

અરિહંત પદની ટીકામાં ટીકાકાર મહારાજા ફરમાવે કે પરિગ્રહરૂપી રથ જેને વિદ્યમાન નથી, છતાં બધી શક્તિ અને સામગ્રી છે, રાજા છે. છતાં રાજ ચિહ્ન રૂપી રથથી મુક્ત છે.

પરિગ્રહનું મૂળ આસક્તિ છે પણ અભયદેવ સૂરિજી જણાવે છે કે अरहंताणं इति क्वचिद् अपि आसक्तिम् अगच्छद्भ्यः क्षीण रागत्वान्– તેઓનો રાગ સર્વથા નાશ પામ્યો હોય તેઓમાં લેશ માત્ર આસક્તિ નથી હોતી.

[માટે સમવસરણ–અષ્ટ મહા પ્રાતિહાર્ય વગેરે તેને માટે પરિગ્રહ રૂપ ન બનતા ત્રણ જગતના નાથ પણાને સૂચવનારા બને છે.]

તેઓના ગુણોની પરાકાષ્ઠા દર્શાવવા કેવા સુંદર શબ્દો મુકયા છે— तिन्नाणं–तारयाणं, बुद्धाणं–बोहयाणं, मुत्ताणं मोअगाणं

પોતે તો તર્યા પણ બીજાને તારવાનો જેનો સ્વભાવ છે. પોતે તો બુદ્ધ છે પણ બીજાને બોધ પમાડવાનો જેનો સ્વભાવ છે, પોતે તો મુક્ત છે અને બીજાને મુક્તિ અપાવનારા છે.

આવા અરિહંતને નમસ્કાર કરવાની વાત કરી માટે

**નમો અરિહંતાણં**

સમગ્ર નવકાર મંત્રના ફળને દર્શાવતા શ્રાદ્ધ વિધિમાં કહ્યું કે– પુત્ર જન્મ વખતે નવકાર સંભળાવો તો ઋદ્ધિવંત થાય અને મરણ વખતે નવકાર સંભળાવો તો મરનારની સદ્‌ગતિ થાય.

આઠ ક્રોડ–આઠલાખ–આઠ હજાર આઠસો આઠ નવકાર ગણનાર ત્રીજે ભવે મોક્ષ પામે.

પૌદ્‌ગલિક ઈચ્છાથી પણ નમો અરિહંતાણં પદનો ન કાર બોલનાર આત્મા ૬૯ કોડા કોડી સાગરોપમથી કંઈક વધારે સ્થિતિ તોડેલ હોય તો કે તોડવા તૈયાર થયો હોય તો જ ન કાર બોલી શકે.

શિવકુમાર જુગાર આદિ વ્યસનમાં આસક્ત છે. તેના પિતાએ મૃત્યુ સમયે શિખામણ આપી કે બેટા કષ્ટ પડે ત્યાર નવકાર ગણજે પિતાના મરણબાદ નિર્ધન બનેલો શિવકુમાર કોઈ દુષ્ટ યોગીનો ઉત્તર સાધક બન્યો.

હાથમાં ખડ્ગ લઈ રાત્રે શ્મશાનમાં ઉભો છે. યોગીએ તૈયાર કરેલા મડદાના પગ મસળી રહ્યો છે. પણ મનમાં ભય હોવાથી નવકાર ગણે છે. બે–ત્રણ વખત પેલું શબ ઉભું થયું મારવા માટે, પણ નવકાર મંત્રના પ્રભાવે શીવકુમારને કંઈ કરી શકતું નથી. છેવટે તે મડદાએ યોગીને જ મારી નાખ્યો અને યોગી સુવર્ણ પુરુષ બની ગયો.

**યોગી સોવન પુરીષો કીધો શીવકુંવર જીણે ધ્યાને–(૨)**
**શ્રી નવકાર જપો મન રંગે**

दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः
कर्म बीजे तथा दग्धे नारोहति भवाङ्कुरः

કર્મરૂપી બીજ ત્યારે જ સાચી રીતે અને સંપૂર્ણ બળી ગયું સમજવું, જ્યારે તેમાંથી ભવરૂપી અંકુર જન્મે નહીં. તેનું નામ જ મોક્ષ, પણ મોક્ષ કંઈ ગાજરની પીપુડી નથી કે વાગી તો ઠીક નહીં તો ખાઈ જવાની – કેમકે કર્મ બીજ સર્વથા બળી ગયા પછી જેને નમસ્કાર થાય છે તે અરિહંતનું अरुहन्त પદ–જન્મ મરણનું ચક્કર બંધ થઈ જવાથી જ સાર્થક બને છે.

મરીચી એ શ્રી વીર પ્રભુનો જીવ ખરો કે નહીં ? તેમનાથી નથી ગૃહસ્થ થવાતું કે નથી સાધુ પણું પડાતું. છેવટે શું કરવું પડ્યું તેણે ? પરિવ્રાજક પણું – નવું પાખંડ જમાવ્યું.

મરિચિના ભવે તેણે બે મોટા દોષ કર્યા એક કુળ મદનો અને બીજો ખોટી પ્રરૂપણાનો. પછી આગળ જતાં ગાયને આકાશમાં ઉછાળી નીયાણું પણ કર્યું, વાસુદેવના ભવે તેણે ગવૈયાના ગાનમાં ગુલતાન બનેલા પહેરેગીરના કાનમાં ધગધગતું શીશું રેડ્યું. માટે સમજો કે તીર્થંકરના જીવો પણ મિથ્યાત્વ–અવિરતિ–અજ્ઞાન અને જન્માદિની જંજાળમાં ગૂંથાયેલા હતાં. પણ તેઓએ મોહનીયને ચકચુર કરી નાખ્યા.

તે કર્મોનો જેટલો અંશ જ્યારે ઉદયમાં આવ્યો ત્યારે ઉપસર્ગો કે પરિષહો તો ભોગવ્યા જ ને ?

આ વસ્તુ સમજાવવા अरहन्ताणं પદ મુકી કર્મ બીજ સમૂળગું બળી ગયું છે જેનું. તેવા ગુણવાન્ પરમાત્માની વ્યાખ્યા પ્રગટ કરી. તેવા પરમાત્મા માટે બોલો – **તે જિન નમીયે ઉત્સાહ રે–ભવિકા.**

નમો અરિહંતાણું થકી જેને નમસ્કાર કરવાનો છે તે પરમાત્માના અતિશયો વર્ણવતા કેવા સુંદર શબ્દો મુકયા –

**તિરિનર સુર સમુદાય કે અચિરાના નંદ રે**
**એક યોજન માંહે સમાય કે અચિરાના નંદ રે**
**તેહને પ્રભુજીની વાણી કે અચિરાના નંદ રે**
**પરિણમે સમજે ભવિ પ્રાણી કે અચિરાના નંદ રે**

આ રીતે શાંતિનાથ પ્રભુના સ્તવનમાં વર્ણવ્યું કે,

(૧) પ્રભુના સમવસરણની ભૂમિ માત્ર એક યોજન વિસ્તારવાળી હોવા છતાં તેમાં કરોડો મનુષ્યો અને તિર્યંચોનો સમાવેશ થઈ જાય અને તે પણ સુખપૂર્વક.

(૨) વળી ભગવંતની વાણી તિર્યંચ મનુષ્ય સર્વે પોતપોતાની ભાષામાં સમજી શકે.

(૩) ભગવંતના તેજસ્વી રૂપને જોવું ઘણું જ મુશ્કેલ હોય છે. તેથી ભગવંતની પાછળ રહેલા ભામંડલમાં સર્વ તેજનો એકત્ર પીંડ સંગૃહિત થઈ જતાં ભગવંતનું મુખ સુખેથી જોઈ શકાય છે.

(૪) પ્રભુ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં સર્વ દિશામાં ૨૫–૨૫ યોજન અને ઉંચે નીચે ૧૨ા યોજન–એ રીતે કુલ ૧૨૫ યોજન એટલે કે ૫૦૦ ગાઉ સુધી પ્રથમ થયેલા જ્વરાદિકના રોગો નાશ પામે અને નવા રોગો થાય નહીં.

(૫) ૫૦૦ ગાઉમાં સાત પ્રકારના ઉપદ્રવ કે ધાન્યાદિક વિનાશ કર્તા તીડ–સુંડ કે ઉંદર ઉત્પન્ન ન થાય.

(૬) ૫૦૦ ગાઉમાં મરકી કે દુષ્ટ દેવતાદિકે કરેલા ઉપદ્રવ કે અકાળ મૃત્યુ ન થાય.

(૭) ૫૦૦ ગાઉમાં પ્રાણીઓના પૂર્વે બાંધેલા કે જાતિ વૈર શાંત રહે.

(૮) ૫૦૦ ગાઉમાં અતિ વૃષ્ટિ ન થાય.

(૯) ૫૦૦ ગાઉમાં અનાવૃષ્ટિ ન થાય.

(૧૦) તે સ્થળે [વિચરે ત્યાં] દુકાળ ન પડે.

(૧૧) રાજ્ય–લશ્કર કે સંગ્રામાદિક ભય ટળે

કર્મ ખપવાથી આવા અગીયાર અતિશય પ્રગટે માટે તે અરિહંતને નમસ્કાર કરતાં જણાવે કે –

**તે જિન નમીયે ઉત્સાહ રે – ભવિકા –**

પ્રભુની વાણીના અતિશયને વર્ણવતા શાસ્ત્રકારો એક શ્લોક લખે

देवा दैवीं नरा नारी शबराश्चापि शाबरीम्
तिर्यञ्चोपि हि तैरश्ची मेनिरे भगवद्गिरम्

ભગવાનની વાણીને દેવતાઓ દૈવી ભાષા માને – મનુષ્યો માનુષી ભાષા માને તિર્યંચો પોતાની ભાષા માને અને ભીલો પોતાની ભાષા માને,

કઈ રીતે?

જેમ सरो नत्थि એક વાક્યમાં ભીલે ત્રણ સ્રીને ઉત્તર આપી દીધો તો અનંતજ્ઞાની પરમાત્માની વાણીમાં બધાંને સમજણ પડે તેમ માનવામાં નવાઈ શી?

એક વખત એક ભીલ જેઠ માસમાં પોતાની ત્રણ સ્રીને લઈને કોઈ ગામ તરફ જવા રવાના થયો. માર્ગમાં એક સ્ત્રી બોલી સ્વામી સુંદર કંઠ વડે ગાયન કરો જેથી મને માર્ગમાં શ્રમ અને સૂર્યતાપ દુઃસહ ન લાગે.

બીજી બોલી સ્વામી, જળાશયમાંથી શીતલ જળ લાવી આપો અને મારી તૃષા છીપાવો.

ત્રીજી સ્રી બોલી. મને મૃગનું માંસ લાવી આપોને મારી ક્ષુધાનું નિવારણ કરો.

ભીલે ત્રણે સ્ત્રીઓને એક જ જવાબ આપ્યો सरो नत्थि ત્રણે સ્ત્રી સમજી ગઈ. પેલી સમજી કે સ્વામી કહે છે કંઠ બરાબર નથી. માટે ગાયન ન ગવાય.

બીજી સમજી કે સરો એટલે સરોવર નથી માટે પાણી કયાંથી લાવું.

ત્રીજી સમજી કે સરો–બાણ નથી તો મૃગને મારું કઇ રીતે?

જો સામાન્ય ભીલની વાત ત્રણે સ્ત્રી સમજી શકી તો ત્રિલોકના નાથની વાણી બધાં કેમ ન સમજી શકે?

અતિશયોનો અર્થ જ પ્રભાવ સૂચક લક્ષણો થાય. અન્ય દેવો કરતાં તીર્થંકર પરમાત્માની વિશેષતા દર્શાવતા આવા ચોત્રીશ અતિશયો છે. જેમાં ચાર જન્મથી–૧૯ દેવકૃત–૧૧ ઉપર વર્ણાવ્યા મુજબ કર્મક્ષયથી પ્રાપ્ત થાય છે.

તમે કહેશો અતિશયની વાત ખરી પણ તેમાં આપણે શા માટે નમીએ?

તેનો છેલ્લો જવાબ આપી દીધો કે ભવ્ય જીવો મોક્ષે જવા લાયક હતા તે ખરું, પણ જીવોને મોક્ષ માર્ગ બતાવ્યો કોણે? અરિહંત પરમાત્માએ–માટે નમો અરિહંતાણં

**પ્રશ્ન :–** અરિહંતને નમવાનું કબુલ પણ સર્વ પ્રથમ અરિહંત કેમ?

ગુફામાં હજાર મનુષ્યો છે. ઘોર અંધકાર છવાયો છે. તેમાં એકજ વ્યક્તિ પાસે દીવાસળી છે તે મીણબતી સળગાવે પછી તેની મીણબતી વડે બીજી પાંચ–પચીસ મીણબતી સળગાવી, ત્યારે મીણબતી તો બધી સરખી. કોઈનાયે પ્રકાશમાં ફરક નથી છતાં બધાંનો તારણહાર કોણ?

જેણે પ્રથમ મીણબતી સળગાવી તે.

અહીં સિદ્ધ ભગવંતાદિ મીણબતીની જેમ પ્રકાશ આપનારા ખરા–તે કબુલ પરંતુ સર્વ પ્રથમ પથ પ્રદર્શક કોણ?

તો કે–અરિહંત, તેઓ સ્વતંત્ર પણે બોધ પામ્યા–કલ્યાણ કર્યું, ત્યાગ કરીને કેવળજ્ઞાન રૂપી ફળ મેળવ્યું. પછી ઉપદેશ આપ્યો તો તેના પ્રભાવે બીજા બધાં સ્વપરના ઉપદેશને સમજ્યા.

**પુનર્પ્રશ્ન :–** તો શું નમો અરિહંતાણં–નમો અરિહંતાણં કરવાથી પામી જવાના?

–ના– અરિહંતના સ્મરણ સાથે તેના ગુણોનું–ઉપકારોનું સ્મરણ થવું જોઈએ.

ગજ સુકુમાલ નેમિનાથ ભગવંતની દેશના સાંભળી રહ્યા છે–

**ચાર મુખે દિયે દેશના અરિહંતાજી**
**ત્રણ ગઢ ઝાક ઝમાળ ભગવંતાજી**

દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા–દીક્ષા લીધી ત્યારે માતા પણ કેવી આશીષ આપે?

**મુજને તજીને અવર માત મત કીજે રે**

ખરેખર ગજસુકુમાલ દીક્ષાને દિવસે જ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા પણ બીજી માતા કરી નહીં.

પરંતુ માતાની આશીષ ફળી તેમાં ઉપકારી કે મોક્ષની ઝડપી ગતિ દેખાડનારા કોણ?

પરમ કૃપાળુ પરમાત્મા જ ને? માટે બોલો

**તે જીન નમીયે ઉત્સાહરે–ભવિકા**

ગુણીની પૂજા ગુણને કારણે છે. અરિહંતની પૂજા–ભક્તિની માન્યતા અરિહંત પણાના ગુણની દૃષ્ટિએ છે. વ્યક્તિગત નથી.

ગોશાળો ત્રેવીશ તીર્થંકરોનો ભક્ત છતાં મહાવીર મહારાજાનો પ્રત્યનિક હોવાથી તમામ તીર્થંકરોનો પ્રત્યનિક ગણાયો.

વિચારો કે તીર્થંકરના સ્વરૂપનો–ગુણનો રાગી ગોશાળો તીર્થંકરમાં સર્વજ્ઞપણું વીતરાગપણું, ઉત્તમતા માનવ છતાં માત્ર મહાવીરને ન માનનારો થયો તો તમામ તીર્થંકરોનો પ્રત્યનિક ગણાયો.

ગુણવાચી એક વ્યક્તિની વિરાધના તે તમામ ગુણવાચીની વિરાધના થઈ. માટે માત્ર પાર્શ્વનાથ કે મહાવીર કે ઋષભદેવને ન ભજતા સર્વે તીર્થંકરોની આરાધના કરવી.

ગુણીની પૂજા ગુણને કારણે છે તે ઉક્તિ મુજબ બોલો "નમો અરિહંતાણં"

–અરિહંતને નમસ્કાર હો–

નોંધ : "અરિહંત" પરિશીલનની સવિશેષ અને સુંદર સમજ માટે ભાગ–૧ નું પરિશીલન–૨ "પરમાત્માને ઓળખો" ખાસ જોઈ જવું.

# (૭૮) નમુક્કાર–સિદ્ધ

–તે સિદ્ધ પ્રણમો રંગરે

निच्छिन्न सव्व दुक्खा
जाइ जरा मरण बंध विमुक्का
अव्वाबाहं सुक्खं
अणुहवंति सासयं सिद्धा

સર્વ દુઃખોને સર્વથા તરી ગયેલા, જન્મ જરા મરણ અને કર્મના બંધનથી છૂટા થયેલા તથા કોઈપણ પ્રકારની આડખીલીથી રહિત એવા શાશ્વત સુખનો અનુભવ કરનારા સિદ્ધો કહેવાય છે.

નમસ્કાર મંત્રના મહત્ત્વને સમજવા તેના પ્રત્યેક પદોની સમજ નીતાન્ત આવશ્યક છે. સિદ્ધોની ઓળખ આપતા आवश्यक निर्युक्तिમાં જણાવે કે– "સર્વ દુઃખોના સમુદ્રને તરી ગયેલા. એવા કે જેને જન્મ–મરણ–વૃદ્ધાવસ્થા અને કર્મના બંધનો સર્વથા નથી એટલે કે જેનો આત્મા કર્માણુથી મુક્ત થઈ ગયો છે, તથા કદી નાશ ન પામનારા શાશ્વત સુખનો જે અનુભવ કરી રહ્યા છે તે સિદ્ધો કહેવાય.

**તે સિદ્ધ પ્રણમો રંગ રે–ભવિકા–**

સિદ્ધોને નમસ્કાર કરવાનું કારણ શું ?

નિગોદમાંથી છુટકારો અપાવે છે માટે.

નિગોદના જીવોને અસંખ્યાતા અને અનંતા પુદ્ગલ પરાવર્તન કરવા પડે છે. અનંતાકાળ સુધી જીવને માત્ર જન્મ–મરણનો ધંધો ચાલે. આવા જન્મ મરણ કેટલાં ? અને તેનું દુઃખ કેટલું ?

એક માનવ શરીરમાં કોઈ દેવ પ્રયોગથી સાડાત્રણ કરોડ સોય ઉની કરી એક એક સાથે ઘોંચી દે ત્યારે જે વેદના થાય તેના કરતા આઠગણી વેદના એક જન્મમાં થાય. અને તેના કરતા અનેક ગણી વેદના મૃત્યુમાં થાય. તો હવે વિચારો કે નિગોદના જીવને તો આખો દિવસ જન્મ મરણનો જ ધંધો છે તો કેટલું દુઃખ થતું હશે ?

અસંખ્યાત સમયની એક આવલી, ૨૫૬ આવલીનો એક ક્ષુલ્લક ભવ, એ નિગોદનો જીવ જીવે, નિગોદના જીવનું આયુ કેટલું અલ્પ?

એક માનવ શ્વાસોશ્વાસમાં ૪૪૪૬ાા થી વધુ આવલી થાય. તેમાં નિગોદનો જીવ વધુમાં વધુ ૧૭ાા અને ઓછામાં ઓછા ૧૭ ભવ કરે. અંતર્મુહુર્ત–૪૮ મિનિટમાં ૬૫૫૩૬ ભવ નિગોદના થાય. તો તેને જન્મમરણની કેવી દારુણ વેદના ભોગવવી પડતી હશે?

તેમાંથી છુટકારો અપાવનારા સિદ્ધ ભગવંતો છે માટે "નમો સિદ્ધાણં" કહ્યું આપણે પણ તેના આ ઉપકારને સ્વીકારીને બોલવું–

## તે સિદ્ધ પ્રણમો રંગ રે–ભવિકા–

હરણના ટોળે ટોળા ચાલ્યા જતા હોય પણ સોરઠનો વાળો કાઠી કે વાળો રજપુત એના પર ઘા કરતો નથી. વાળાની સીમોમાં એ સુવાળા પશુ નિર્ભયપણે ચારો ચરે. હરણીયાના શિકારીને સાચો વાળો રાજપુત પ્રાણ સાટે પણ આપે નહીં. વાળો હરણાને પૂજે છે. કેમકે જુના કાળમાં હરણાએ વાળાના વંશ સાટું જીવ દીધેલા.

વાત એમ બની કે પાદશાહની કચેરીમાં કોઈ ચાડીલા ચારણે હોડ કરી નાખી. પાદશાહ કહે હસીને માથા ઉતારી દેનારા રજપુત હવે મરી ખુટચા.

ચારણ કહે, "પાદશાહ! તમને ખબર નથી એક સામટા સાત દીકરાના શીર વધેરી લ્યો તો પણ હસતાં હસતાં સાતેના મોત ઓળઘોળ કરી દે–સાતેની આંખો પગ તળે ચાંપે. પણ આંખમાંથી આંસુયે ન દડવા દે તેવા રજપુત હજી પળ્યા છે." પાદશાહ!

દાંત કાઢીને રજપુતોને બદનામી ન દ્યો બાપ! વખના પારખા ન હોય પાદશાહ. જો તેવો રજપુત ન હોય તો હું પંડયના દિકરા હારી જાઉં.

ચારણના દિકરાઓની અટકાયત થઈ. છ મહિનાની અવધ પડી. સાત પુત્રો બંદીખાને મુકાયા. શરત આકરી હતી. જો સાત છોકરાનો બાપ ઢીલો થઈ જાય તો ચારણના દીકરા પણ હલાલ થઈ જાય.

ગઢવીએ કાઠીયાવાડમાં આવીને વાત કરી. વાળા રાજાએ સાતે દીકરા બોલાવ્યા. સાતેયે બાપુના બોલ માથે ચડાવ્યો.

ચારણ પહોંચ્યો દીલ્હી. પાદશાહે વાળા રાજાને કહ્યું, જો દરબાર! કચવાતે દિલે કરેલું દાન મને મંજુર નહીં થાય. કાલે સવારે તમારા એક પછી એક દીકરાના ડોકા ઉડશે તે સમયે મારી સાથે ચોપાટ રમવાની, તમારા બેટાની બે બે આંખો હાજર થશે તે હસતે ચહેરે પગ નીચે ચગદવાની [કચળવાની] અને આંખમાં જો જરા પાણી દેખાયા કે નિઃસાસો નીકળ્યો તો ચારણના છોકરાના પણ જાન જશે.

બીજે દિવસે સવાર પડયું. કચેરી અકડે ઠઠ છે. ચોપાટ મંડાણી, ખડખડાટ હસી વાળારાજાએ પાસાં રોડવ્યા. પાદશાહે રાડ નાખી ચલાવો કતલ. મોટેરા ક્ષત્રીપુત્રને લઈ ગયા મેળે. "ધડાક" અવાજ થયો જાણે એક માથું પડયું. બે મોટી મોટી આંખો આવી. સાથે ચારણનો દીકરો હાજર થયો.

લ્યો દરબાર તમારા મોટા દીકરાની બે આંખો. દરબારે આંખો પગ નીચે ચગદી નાંખી, છુટેલા ચારણ પુત્રને માથે દરબારે હાથ મેલ્યો અને હસતાં હસતાં ચોપાટ મંડાણી.

બીજો ધડાકો થયો. લોહીની નીક વહી. બેટાની આંખો ફરી ચગદાઈ. છુટેલા ચારણપુત્રને આશીર્વાદ દઈ દરબાર રમતા જાય છે. એમ છ દીકરાની જીવનલીલા પુરી થઈ ગઈ. પાદશાહના ચહેરા પરથી નૂર ઉડી ગયું.

ત્યાં તો સાતમો ધડાકો થયો. આંખો આવી, દરબારે કચડી નાંખી. પણ તેની આંખમાંથી બે આંસુ રડી પડયા. પાદશાહ ઉછળીને તાળી પાડતો પોકારી ઉઠયો. તમારી સખાવત ફોક ગઈ. ઉડાવી દો આ સાતે ચારણ છોકરાના ડોકા.

રજપુત ગરીબડો બની ગયો. પાદશાહ પહેલા સાંભળો. હું રોયો તે મારા દીકરા માટે નહીં. — ત્યારે? —

આ નાનેરો બાળ મારો નથી, પરાયો છે. મને થયું કે અરેરે એક ચારણનો જીવ ઉગારવા પારકાને મરવું પડયું. પેટના હોત તો વાંધો નહીં. એટલે મારાથી રોવાઈ ગ્યું. સૂરજની સાખે કહું છું.

શાબાશ દરબાર શાબાશ! તમારે એકે છોકરો મર્યો નથી, તમે મોજ કરો – હેં! – હવે મશ્કરી શા માટે પાદશાહ?

મર્યા તે તો સાત હરણાં–દરબાર.

બસ તે દિ'થી આજ લગી એ પરગજુ હરણાંની અમે પૂજા કરીએ છીએ.

જુઓ! એક જન્મ માટે બલીદાન દેનારા હરણા પણ પૂજવા યોગ્ય ગણાતા હોય તો સિદ્ધ ભગવંતો તો અનંતા જન્મ મરણના નિગોદના દુઃખમાંથી બચાવે છે તો પછી શા માટે તે સિદ્ધ ભગવંતોની પૂજા નહીં? નમસ્કાર કેમ નહીં તે **સિદ્ધ પ્રણમો રંગ રે–ભવિકા**

બોલો "નમો સિદ્ધાણં"

જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મોથી સર્વથા મુક્ત થયેલો વિશુદ્ધ આત્મા તે સિદ્ધ.

(૧) અનંત જ્ઞાન (૨) અનંત દર્શન (૩) અનંત ચારિત્ર (૪) અવ્યાબાધ સુખ (૫) અક્ષય સ્થિતિ (૬) અરૂપી પણું (૭) અગુરુ લઘુત્વ (૮) અનંત વીર્ય.

**અજ અવિનાશી અકળ અજરામર કેવલ દંશણ નાણીજી**
**અવ્યાબાધ અનંતુ વીરજ સિદ્ધ પ્રણમો ભવિ પ્રાણી**
**ભવિયણ ભજીયેજી**

આ આઠ લક્ષણો માનવાથી કર્મક્ષય સિદ્ધનો જ સિદ્ધ તરીકે સ્વીકાર થયો. તેમાં મંત્ર સિદ્ધ–વિદ્યા સિદ્ધ કે યોગ સિદ્ધ વગેરેનો સમાવેશ થતો નથી.

પંચ પરમેષ્ઠિમાં પ્રથમ નમસ્કાર અરિહંતોને પછી સિદ્ધોને. પણ કેવા સિદ્ધોને?

અરિહંતના શાસનવાળા સિદ્ધોને. કર્મક્ષય કર્યા છે તેવા સિદ્ધોને, ઉપર જણાવેલા આઠ લક્ષણવાળા સિદ્ધોને.

તીર્થંકર નામ કર્મ માત્ર જૈન દર્શનનું પ્રદાન છે પણ સિદ્ધની માન્યતા–મોક્ષને માનનાર આસ્તિક માત્ર છે માટે–નમો–સિદ્ધાણં–

કર્મના બંધનો છોડે ત્યારે સિદ્ધ થાય, પણ કર્મના બંધનો કેવા છે? તેમાંથી સામાન્ય પ્રાણી તો શું ચક્રવર્તી કે વાસુદેવ પણ છટકી શકે નહીં અને ખુદ તીર્થંકરો પણ છટકી શક્યા નથી. ક્ષપક શ્રેણી

માંડી દીધી, ચાર ઘાતી કર્મ ગયા, કેવળજ્ઞાન થઈ ગયું છતાં વેદનીય કર્મોની સજામાંથી ખુદ મહાવીર મહારાજા છટકી શકયા નહીં. છ મહિના લોહી ખંડવાની વેદના ભોગવવી પડેલી. આ બધો કર્મનો ઉદય જ સમજવોને.

પણ એક વખત કર્મો બાળી નાખ્યા, તેનું બીજ બળી ગયું પછી કદી ઉગે નહીં. હા ! માત્ર ઉપશમ થયો હોય–કર્મો દબાયા હોય તો ચૌદ પુર્વીને પણ ૧૧મે ગુણઠાણેથી નીચે પછાડી દે. પણ કર્મ બળી જ જાય તો પછી ફરી ન ચોંટે.

**પ્રશ્ન :–** સિદ્ધોને કર્મ કેમ ન લાગે ? સિદ્ધો જ્યાં રહેલા છે ત્યાં પણ કર્મ વર્ગણાનો દરિયો ભર્યો છે.

સમાધાન–જેમ લખોટી કે કાચનો ગોળો બાજરીમાં બાર વર્ષ આળોટે અને રગદોળાય તો પણ બાજરીનો એકે દાણો ચોંટે ખરો ?

સિદ્ધ મહારાજા લોકાંતે રહેલા છે. ત્યાં કર્મના ઢગલા પણ છે. છતાં કાચની લખોટીને જેમ બાજરો ન ચોંટે તેમ સિદ્ધના આત્માને કર્મો ચોંટતા નથી. કારણ કે તેઓ એ કર્મ બીજને સર્વથા બાળીને ખાખ કરી દીધું છે.

सितं ध्मातं :– બાંધેલા આઠે કર્મો જેમણે બાળી નાખ્યા–ધમી નાખ્યા છે, તેવા સિદ્ધને આપણે નમસ્કાર કરતા બોલવાનું

## તે સિદ્ધ પ્રણમો રંગ રે – ભવિકા–

અરિહંત પણ સિદ્ધને નમે–અરિહંતનું ધ્યેય પણ સર્વ કર્મ રહિતતા એટલે કે સિદ્ધપણું, છતાં પ્રથમ નમસ્કાર તો અરિહંતને જ કર્યો તેનું કારણ એ છે કે અરિહંતો સિદ્ધ થાય છે. પણ સિદ્ધ કદી અરિહંત ન થાય. તે જ દેહધારી પરમાત્મા જગતનું કલ્યાણ કરનારા, મોક્ષ માર્ગ દેખાડનારા–સિદ્ધોને ઓળખાવનારા છે,

सितं बद्धम् अष्ट प्रकार कर्मेन्धनं, ध्मातं दग्धं जाज्वल्यमान शुक्ल ध्यान अनलेन यैः ते निरुक्ता विधिना सिद्धाः

આત્મામાં જાગેલા શુકલ ધ્યાન રૂપી અગ્ની વડે જે કર્મો બળી જાય છે.

સિ –એટલે બંધાવું, દ્ધ એટલે ધમી નાખવું એવો અર્થ નિરુક્ત અર્થ છે. તેમ અભય દેવસૂરિજી જણાવે છે.

જો કે કેટલાંક એવો બાલીશ પ્રશ્ન કરે છે. બધાં આ રીતે કર્મો બાળી સિદ્ધ થશે તો સંસારમાં રહેશે કોણ ?

**સમાધાન :–** દરિયા કિનારે બેઠેલો માણસ એક ટાંકણી દરિયામાં બોળે, ટોપકાં પરનું પાણી ખંખેરે એને જોઈને કોઈ એમ કહે કે અલ્યા આ શું કરશ ? આમ તો દરિયો ખાલી થઈ જશે તો તે વાત કેવી લાગે ?

તેમ અનંતા કાળથી જીવો મોક્ષે જાય છે, ગયા છે. જશે તે બધાંને એકઠા કરીએ. અને પાણીમાં લીલ ફૂગ થાય છે તેને એક સોંયની અણી પર લઈએ. પછી જ્ઞાનીને ખુલાસો પૂછીએ કે સિદ્ધના જીવો વધુ કે સોયની અણી પર રહેલાં સંસારી જીવો વધું ?

ત્યારે જ્ઞાની ખુલાસો આપે કે સોંયની અણી પર રહેલા જીવોના અનંતમાં ભાગ જેટલા જીવો જ મોક્ષે ગયા છે. અસંખ્યાતમાં ભાગ જેટલા પણ નથી ગયા. એટલે સંસારમાં રહેશે કોણ તે પ્રશ્ન જ ખોટો છે.

સિદ્ધની વ્યાખ્યા આપતા ટીકાકાર જણાવે षिघु गतौ–सेधन्तिस्म अपुनरावृत्या निर्वृत्ति पुरिम् अगच्छन्–એવી રીતે મોક્ષે ગયા કે પાછું ન આવવું પડે તેનું નામ સિદ્ધ.

સિદ્ધ શિલાની ટોચે તો જીવ અનંતી વખત ગયા પણ તે ચક્કર ભમવા. ફરી જન્મ લેવા ન જાય તેનું નામ સિદ્ધ.

**સિદ્ધ શિલા કેવી ?** જ્યાં સર્વ કર્મોથી રહિત શુદ્ધ આત્માને લોકના અગ્ર ભાગે રહેવાનું સ્થાન છે–જન્મ કે મરણ જ્યાં નથી. તે સિદ્ધ શિલા ચંદ્ર કરતાં પણ વધુ નિર્મલ, સૂર્ય કરતાં પણ વધુ તેજસ્વી, સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વિશેષ ગંભીર અને અગાધ–જ્યાંથી લોકનો છેડો એક યોજન ઊંચો છે તેવી.

વળી નીર્મળ જળના કણીયા રૂપુ હીમ ગાયનું દુધ અને મોતીના હાર જેવી ઉજ્જવળ છે. ચત્તા કરેલા છત્રના સંસ્થાન વાળી છે–૪૫ લાખ યોજન લાંબી–પહોળી અર્ધ વર્તુળાકારે–વચ્ચે આઠ યોજન જાડી ત્યાંથી પાતળી થતાં છેક છેડાને વિશે અંગુલના અસંખ્ય ભાગ જેટલી પાતળી છે.

સિદ્ધોના જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ હોય છે–મધ્યમ અવગાહના ૪૩ હાથની કહેલી છે અને જઘન્ય અવગાહના ૧ હાથ આઠ અંગુલથી કંઈક વિશેષ છે. આવા સિદ્ધો તે સિદ્ધ શિલા ઉપર રહે છે.

**નિર્મળ સિદ્ધ શિલાની ઉપરે, જોયણ એક લોગંત**
**સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની**
**તે સિદ્ધ પ્રણમો સંતરે—ભવિકા—**

સિદ્ધો દુનિયાને શીખવે છે કે જન્મ–જરા–મરણ રહિત થવું હોય તો આ દશાએ આવો–તોજ સંપૂર્ણ સુખના ભાગી થશો.

વળી આ સ્થાન નિત્ય છે. સંસારનું સુખ આવે અને જાય પણ સિદ્ધોનું સુખ તો નિત્ય. ત્યાં ગયા પછી સુખમાં ઘટાડો નહીં. આનંદમાં ઘટાડો નહીં. આવા સિદ્ધોને નમસ્કાર કરવાનો છે.

આજે ખુરશી સલામના યુગમાં જ્યાં ખુરશી સલામતીની ખાત્રી નથી ત્યાં પણ ગાદીએ બેઠો રાજા માનો છો ને? તો આ તો નિત્ય સ્થાન છે–કદાપી ત્યાંથી ચ્યુત થવાનું નથી, પાછાં જેટલાં સુખમાં તેઓ છે તેટલું જ સુખ આપણને આપે છે તો તેને નમવામાં વાંધો શો? માટે કહ્યું

**તે સિદ્ધ પ્રણમો રંગ રે – ભવિકા –**

જો એક નમસ્કારમાં આટલું માહાત્મ્ય ભર્યું તો સમગ્ર નમસ્કાર મંત્રનું મહત્વ કેટલું?

ચંપાપુરીમાં ઋષભદાસ નામે શ્રેષ્ઠી તેને અર્હદાસી નામે શીલવતી સ્ત્રી હતી. સુભગ નામે ભેંસો ચારનારો નોકર, શેઠના ઢોર ચારે અને સાંજે ઘર તરફ લાવે.

એવામાં એક વખત માર્ગમાં ટાઢને સહન કરતાં કોઈ મુનિને કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલાં જોયા, તેમને જોઈ તેમની પ્રશંસા કરતો ઘેર આવ્યો. બીજે દિવસે પણ તેને જોઈ સુભગ પગે લાગીને ત્યાં બેઠો. ચારણ મુનિ તો સૂર્યોદય થતાં નમો અરિહંતાણં બોલી આકાશમાં ઉડી ગયા.

સુભગે માન્યુ કે નમો અરિહંતાણં એ આકાશગામીની વિદ્યાનો મંત્ર છે.

એક દિવસ શ્રેષ્ઠીને ખબર પડી કે સુભગ નમો અરિહંતાણં બોલે છે. એટલે તેણે તેને આખો મંત્ર શીખવ્યો.

સુભગ ઢોર ચારવા ગયો છે. અતિવૃષ્ટિ થવાથી પૃથ્વી સમુદ્રની માફક જલમય થઈ ગઈ. ભેંસો લઈ પાછા વળતા વચ્ચે મોટી નદી આવી. પુર ઘણું વધી ગયેલું. તેણે તો આકાશમાં ઉડવાની બુદ્ધિએ નવકારમંત્રનું સ્મરણ કરી નદીમાં પડતું મુક્યું ત્યાં ખીલો લાગી મૃત્યુ થતા તેના માલિક શ્રેષ્ઠીને ઘેર જ પુત્ર તરીકે જન્મ્યો. તેનું નામ સુદર્શન.

સુદર્શન યુવાન થતાં મનોરમા સાથે લગ્ન થયા. સુદર્શન એક પત્નીવ્રત પાળતો મહા શીલવંત શ્રાવક બન્યો. એક વખત રાણીએ આકર્ષાઈને છળ-કપટ કરી મહેલમાં બોલાવ્યો. સુદર્શન તો કાયો-ત્સર્ગમાં સ્થિર રહ્યો. રાણીએ ગાઢ આલીંગનોથી ભીંજવી દીધો તો પણ ક્ષોભ ન પામ્યો ત્યારે આળ ચડાવી પકડાવી દીધો.

સુદર્શનને શૂળીની સજા થઈ. પણ શીલના પ્રભાવે શૂળીનું સિંહાસન થઈ ગયું. પછી વૈરાગ્યથી દીક્ષા લીધી - કાળક્રમે કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા.

સામાન્ય ગમાર જેવા નોકરને પણ નમસ્કાર મંત્ર મોક્ષ અપાવ-નારો બન્યો. માટે તમે પણ નવકાર મંત્રનું સ્મરણ કરો.

સિદ્ધોને નમસ્કાર પણ આ હેતુથી જ કહ્યો છે. સિદ્ધોનો નમસ્કાર આપણને સ્વરૂપ દર્શન કરાવે છે. આપણું સ્વરૂપ અને સિદ્ધોનું સ્વરૂપ એક જ છે. માત્ર કર્મના વાદળોએ આપણા અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતશક્તિ, અનંતચારિત્રને ઢાંકી દીધા છે.

સિદ્ધ પરમાત્માને દ્રવ્ય અને ભાવપૂર્વકનો નમસ્કાર જ આપ-ણને સિદ્ધ શિલા રૂપી ઘરમાં મમત્વ પ્રગટાવશે.

**નમો સિદ્ધાણં હવે પદ બીજે**
**જે નિજ સંપદ વરીયા રે**

પદ્મ વિજયજી આ પંક્તિમાં જણાવે છે કે સિદ્ધ પરમાત્માએ પોતીકું સામ્રાજ્ય હાથવગું કર્યું છે આપણે પણ હવે એ પથ ઉપર ચાલવાનું છે. તેને માટે જ સુતા ઉઠતા આપણે નવકાર મંત્રનું સ્મરણ કરવાનું કહ્યું છે.

परमेट्ठि चिंतणं माणसंमि सिज्जा गएण कायव्वं
सुत्ताऽविणय पवित्ते निवारिआ होइ एवंनु

પંચાશક–૧ની ગાથા ૪૨ની વૃત્તિમાં જણાવે કે શય્યામાં રહ્યા રહ્યા શ્રી પંચ પરમેષ્ઠિ [નવકાર મંત્ર]નું ચિંતન મનમાં કરવું. કારણ કે એમ કરવાથી સૂત્રનો અવિનય ન થાય.

શ્રીમદ્ દેવેન્દ્ર સૂરિજી શ્રાદ્ધ દિન કૃત્યમાં ત્યાં સુધી જણાવે કે–

શ્રી નવકાર મંત્ર આ લોક તથા પરલોકમાં સર્વત્ર સહાય કરનાર હોવાથી–સાચા બંધુ સમાન–પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરનાર તથા અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ કરાવનાર હોવાથી જગતના નાથ રૂપ છે. માટે તેને શય્યા – પલંગ વગેરેથી નીચે ઉતરી ભૂમિ ઉપર ઉભા ઉભા કે બેસીને ગણે – ભણે–પરાવર્તના કરે.

દેવસૂરિજી કૃત યતિદિન ચર્યામાં લખ્યું છે

जामिगि पच्छिमजामे सव्वे जग्गंति बाल वुड्ढाई
परमिट्ठि परममंतं भणंति सत्तट्ठ वाराओ

રાત્રિના છેલ્લે પ્રહરે બાલ–વૃદ્ધ સર્વે જાગે છે અને શ્રી પંચ-પરમેષ્ઠિ [નવકાર] સાત–આઠવાર ભણે છે.

આટલી નવકારની મહત્તા અને વિધિ દર્શાવી. તેમાં પ્રત્યેક પદની વિચારણા કરતા જણાવે કે પ્રથમ નમસ્કાર અરિહંતોને કરો પણ અરિહંતાદિ સર્વેનું સાધ્ય શું? સિદ્ધિ–મોક્ષ માટે બીજો નમસ્કાર સિદ્ધોને કરવા.

**પૂર્વ પ્રયોગ ને ગતિ પરિણામે**
**બંધન છેદ અસંગ**
**સમય એક ઉર્ધ્વગતિ જેહની**
**તે સિદ્ધ પ્રણમો રંગરે–ભવિકા**

બોલો "નમો સિદ્ધાણં"

છેલ્લે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવા વડે કરીને પ્રાર્થના કરે કે–

ध्यातं सितं येन पुराण कर्म<br>
यो वा गतो निर्वृति सौधमूर्ध्नि<br>
ख्यातोऽनु शास्ता परिनिष्ठितार्थो<br>
यः सोऽस्तु सिद्धः कृत मङ्गलो मे

જેમના વડે પ્રાચીન સમયથી બંધાયેલા કર્મને બાળી નખાયુ છે, જે મોક્ષના મહેલની ટોચે પહોંચેલા છે, તેનું શાસન પ્રવર્તન રૂપ છે, જે સંપૂર્ણ પણે કૃત કૃત્ય છે. તે સિદ્ધ ભગવંત મને મંગલને કરનારા થાઓ.

આવી જ પ્રાર્થના આપણે લોગસ્સ સૂત્ર અને "સિદ્ધાણં બુદ્ધાણં" સૂત્રને અંતે પણ કરીએ જ છીએ ને?

सिद्धा सिद्धिं मम दिसंतु

હે સિદ્ધો [સિદ્ધ–ભગવંતો] મને સિદ્ધિ [મોક્ષ] આપો.

अतस्तेभ्यो नमः આમ હોવાથી જ આપણે સિદ્ધ ભગવંતોનેનમસ્કાર કરીએ છીએ–બોલો નમો સિદ્ધાણં–

તે સિદ્ધો કેવા? ફરી–યાદ કરી લો જેથી નમસ્કાર કરતાં ગુણ સ્મરણ થાય.

सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं<br>
लोअग्गमुअगयाणं नमोसयासव्वसिद्धाणं

સિદ્ધો કેવા? કર્મક્ષય સિદ્ધ, (બુદ્ધ) સર્વજ્ઞ–જ્ઞાનના અભાવવાળા નહીં, [પારગત] આ સ્થિતિ પ્રાપ્તિ પછી પાછા આવવાના નથી, [પરંપરગત] આવી સ્થિતિ ગુણસ્થાનોની પરંપરા વડે જેણે પ્રાપ્ત કરી છે તેવા, લોકના અગ્રભાગે રહેલા એવા સર્વ સિદ્ધોને (સદા) નિરંતર મારા નમસ્કાર હો–

**તે સિદ્ધ પ્રણમો રંગરે–ભવિકા–**

**–નમો સિદ્ધાણં–**

□

# (૭૯) નમુક્કાર–આચાર્ય

–તે આચારજ નમીયે નેહસું

पंचविहं आयारं आयरमाणा तहा पभासंता
आयारं दंसंता आयरीया तेण वुच्चन्ति

આવશ્યક નિર્યુક્તિમાં આચાર્યની વ્યાખ્યા કરતાં જણાવે છે કે પાંચ પ્રકારના આચારને સ્વયં આચરનારા, પ્રયત્નપૂર્વક બીજાની આગળ તે આચારને પ્રકાશનારા [ઉપદેશનારા] તથા સાધુ પ્રમુખને તે પાંચ પ્રકારના આચારને દેખાડનારા હોવાથી આચાર્ય કહેવાય છે.

નમસ્કાર મંત્રમાં અરિહંત અને સિદ્ધ પછી તૃતીય પદે આચાર્ય ભગવંતો છે. તેને નમસ્કાર શા માટે તે જણાવવા આચાર્ય પદની ઓળખ આપે–

**પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો**
**તે આચાર જ નમિયે નેહસું પ્રેમ કરીને જાચોરે**

પાંચ પ્રકારના આચારને પાળતા તથા તેને યથાર્થ સ્વરૂપે પ્રકાશતા હોવાથી તે આચાર્ય કહેવાયા.

એક વખત એક વૃદ્ધ–અંધ ભિખારી રાજમાર્ગ વચ્ચોવચ્ચ ઉભો રહી ગયો. રાજાની સવારી આવી રહી હોવા છતાં ખસ્યો નહીં. સૈનિકો આવી પહોંચ્યાં, રસ્તો ચોખ્ખો કરવા માંડયો. એક સૈનિકે અપશબ્દ કહી ભિખારી ને ધકકો માર્યો. "બેવકુફ! બાજુએ ખસ." એટલી ગમ નથી પડતી કે રાજાની સવારી આવે છે.

વૃદ્ધ–અંધ ભિખારી ધક્કો ખાઈને ગબડયો. ઉઠતાં ઉઠતાં એટલું જ બોલ્યો.

–"બસ આજ કારણ!"

ફરી રસ્તા વચ્ચે ઉભો રહી ગયો. સવારી આગળ ચાલી. રાજાના

મંત્રી આવ્યા, વચ્ચે ઉભેલા ભિખારીને કહ્યું અરે! રસ્તામાંથી ખસી જાવ ખસી જાવ! રાજાની સવારી આવી રહી છે.

પેલો અંધ–વૃદ્ધ ભિખારી ત્યાં જ ઉભો રહ્યો અને બોલ્યો

"બસ આજ કારણ"

પછી રાજાની સવારી ખરેખર આવી પહોંચી. રાજાએ રસ્તામાં અંધ–વૃદ્ધ ભિખારીને ઉભેલો જોયો. સવારીમાંથી નીચે ઉતર્યો. વિનય-બહુમાન પૂર્વક હાથ ઝાલી, શાંતિથી રસ્તાની એક બાજુએ ઉભા રાખ્યા, ખબર અંતર પૂછયા.

ભિખારી ફરી હસીને એક જ વાકય બોલ્યો હં...રાજા લાગે છે.

"બસ આજ કારણ"

આસપાસ ઉભેલાને આશ્ચર્ય થયું ભિખારી હસતો કેમ હતો! લોકોએ તેને રહસ્ય જાણવા કારણ પૂછ્યું.

અંધ–વૃદ્ધ ભિખારીએ ટુંકો પણ સચોટ ઉત્તર આપ્યો. "તેઓ જે છે તે પોતાના આચરણને લીધે જ એવા છે"

– આચરણ એ જ ઓળખ –

આચાર્યની ઓળખ આપતાં પણ આ રીતે આચરણને જ પ્રાધાન્ય આપ્યું.

શ્રી હરિભદ્ર સૂરિજી મહારાજાએ સંબોધ પ્રકરણમાં આચાર્યની ઓળખ આપતા તેના છત્રીશ ગુણોનું જુદી જુદી ૪૭ રીતે વર્ણન કર્યું છે. જેમાંના પ્રચલીત ૩૬ ગુણોનો પરિચય પંચિદિય સૂત્રમાં કરાવ્યો છે.

પણ આપણો મૂળ પ્રશ્ન છે નમસ્કારનો.

૦ આચાર્યને નમસ્કાર શા માટે ?

आ–मर्यादया तद्विषय विनयरूपया चर्यन्ते–सेव्यन्ते जिनशासनार्थोपदेश–कतया तदाकांक्षिमिरित्याचार्याः

વિનયરૂપ મર્યાદાપૂર્વક જિનશાસનમાં પ્રરૂપેલા તત્ત્વોને જાણવાની બુદ્ધિવાળાઓ વડે જેઓ સેવાય છે તે આચાર્ય.

મતલબકે તે આચાર્યની સેવા દ્વારા મોક્ષ માર્ગમાં આગળ વધવાનું બને છે માટે તેને નમસ્કાર કરવા પંક્તિ મુકી.

## – તે આચારજ નમીયે નેહશું –

અરિહંત ભગવાન પછી જિન શાસન ચલાવનારા અને તેમાં કહેલા પદાર્થોને સમજાવનારા તથા હૃદયમાં ઉતારનારા એવા કોઈ પણ હોય તો તે આચાર્ય છે. તેઓ વક્તવ્ય પદાર્થને શ્રદ્ધામાં દાખલ કરે અને ઉપદેશમાં વહેવડાવે.

**અત્થમિયે જિન સૂરજ કેવળ,ચંદે જે જગદીવો**
**ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચીરંજીવો રે**

આચાર્ય ભગવંતો સૂત્ર અર્થના જાણકાર હોય, જિનેશ્વર મહારાજાના માર્ગના ખપી, લક્ષણયુક્ત અને ગણનાયક છે.

તમને થાય કે તેઓ સૂત્ર–અર્થને જાણે તેમાં આપણે નમસ્કાર કરવાની શી જરૂર ?

પણ સૂત્ર અને અર્થનું ખૂબજ મહત્ત્વ છે. જે દહાડે સૂત્ર અને અર્થનો વિચ્છેદ થશે તે દહાડે શાસનનો પણ વિચ્છેદ થવાનો.

એક વાત ખરી કે સૂત્રાર્થને જાણનાર તો ઘણાં હોય તે બધાં કંઈ આચાર્ય ન કહેવાય. મહાવીર મહારાજાની પર્ષદામાં સેંકડો ચૌદપૂર્વી હતા. તેઓ સૂત્રાર્થને જાણે કે ન જાણે ? —જાણે—

તે બધાં આચાર્ય કહેવાય ખરા ?

નહીં–કારણ કે–મહાવીર પ્રભુને ગણધર માત્ર–અગીયાર હતા. ચોવીશે તીર્થંકર પરમાત્માના કુલ ગણધરો ૧૪૫૨ અરે ચોથા અભિનંદન સ્વામીજીને સૌથી વધુ ૧૧૬ ગણધરો [આચાર્યો] થયા પણ બધાં ચૌદપૂર્વી કંઈ આચાર્ય ન ગણાય.

આચાર્ય ગીતાર્થ હોય જ. પણ બધાં ગીતાર્થ આચાર્ય ન પણ થાય, તો જેને નમસ્કાર કરવાનો છે તે આચાર્યની ઓળખશી ?

અભયદેવસૂરિજી જણાવે કે પાંચ પ્રકારનો આચાર અથવા મર્યાદા પૂર્વકનો વિહાર–સંયમ જેને આચરવાથી–કહેવાથી અને દર્શાવવાથી કરીને જે શ્રેષ્ઠ હોય તેને આચાર્ય કહેવાય, માત્ર ગીતાર્થતાના બળે આચાર્ય ન કહેવાય.

**પ્રશ્ન :**– દીવો કાગળ વાંચે કે ન વાંચે પણ દીવો આપણને કાગળ વંચાવવામાં મદદરૂપ છે કે નહીં ? તે રીતે આચાર્ય આપણને આચાર શીખવે–પ્રરૂપે તે બરાબર પણ તેણે પાલન કરવું જોઈએ તેવો આગ્રહ શા માટે ?

आचारः शिक्षयति એ વ્યાખ્યા અપર્યાપ્ત છે આપણે તો **"પાળે–પળાવે પંચાચાર"** વ્યાખ્યા લેવાની છે. કેમકે આચારહીન પાસે આચાર વધારવાનું કે રક્ષણ કરવાનું પાલવે નહીં.

નંદીષેણ મહાત્મા રોજે રોજ દશ–દશને પ્રતિબોધ કરે છે ને ? છતાં તેમની પાસે કોણ રહ્યું ? સેકંડોને પ્રતિબોધ્યા પણ પોતે ક્યારે માન્ય થયા ? જ્યારે દશમા પોતે બનીને દીક્ષા લીધી ત્યારે.

વેશ્યાને ઘેર આવેલાને બાર–બાર વર્ષ સુધી લાગલગાટ રોજ દશને ચારિત્રનો બોધ આપી માર્ગે ચડાવનારા કંઈ જેવા તેવા ગણાય. છતાં તે વંદનીય ન બન્યા. વંદનીય તો પોતે દીક્ષા લીધી ત્યારે જ બન્યા એટલે આચાર વગરના આચાર્ય ન હોય.

અરે મરિચી માંદા પડયા ત્યારે કોણે સામું જોયું ? કોઈએ નહીં કારણ કે માર્ગમાંથી ખસેલા હતા, નહીં તો તેના પ્રતિબોધેલા પણ ક્યાં ઓછા હતાં ?

**પ્રશ્ન :**– પંચાચાર તો સાધુ પણ પાળે પછી સાધુ અને આચાર્યમાં ફેર શો ?

गीयत्थो य विहारो અહીં વિહાર શબ્દ સંયમ અર્થમાં લીધો છે. સંયમ બે પ્રકારનો. એક ગીતાર્થનો સંયમ, બીજો ગીતાર્થની નિશ્રાનો સંયમ. એ સિવાય ત્રીજો કોઈ સંયમ કહ્યો નથી. તેમાં પળાવેલો આચાર પાળે તે સાધુ અને સ્વયં આચારો પાળે તે આચાર્ય.

**તે આચારજ નમિયે નેહસું**

पंचविहं आयारं आयरमाणा तहा पभासंता
आयारं दंसणंता आयरिया तेण वुच्चंति

આવશ્યક નિર્યુક્તિના આ શ્લોકમાં ત્રણ બાબતો સાથે મુકી — (૧) પાંચ પ્રકારના આચારનું પોતે આચરણ કરતા હોય (૨) તેની

પ્રરૂપણા કરતાં હોય (૩) આચાર પાલનની વિધિ બતાવતા હોય–તે આચાર્ય કહેવાય.

માત્ર આચારની પ્રરૂપણાથી આચાર્ય બનાતું હોય તો નંદીષેણને આચાર્ય માનવા પડે.

નંદીષેણ મુનિ થયા. "ભોગાવલી કર્મ હજુ બાકી છે." તેવી આકાશવાણી સાંભળેલી, તેથી બચવા માટે કઠોર તપશ્ચર્યા કરે. તપના પ્રભાવે અનેક લબ્ધિ ઉત્પન્ન થયેલી.

તેઓ એક વખત ભૂલથી કોઈ વેશ્યાને ઘેર જઈ ચડયા.–ધર્મ લાભ આપ્યો. વેશ્યા બોલી મુનિરાજ અહીં તો અર્થલાભ છે ધર્મલાભ નથી.

વેશ્યાને મુનિ તરફ જોઇને ચિત્ત ચગડોળે ચડેલું. મુનિએ પણ મદમાં ને મદમાં એક તરણું ખેંચ્યુ તો લબ્ધિના પ્રભાવે સોનૈયાની વૃષ્ટિ થઇ. વેશ્યા તો ધન સંપત્તિ જોઇને ગાંડી બની. મુનિને પણ ભોગાવલી કર્મ યાદ આવ્યું. તેથી વેશ્યાને ત્યાં જ રહી ગયા પણ શરત કરી કે તારામાં આસક્ત થઇને તારે ત્યાં ઘણાં પુરુષો આવે છે. તેમાંના રોજે રોજ દશ ને હું પ્રતિબોધ કરીશ. દશને ચારિત્ર માર્ગે વાળ્યા પછી તારી સાથેનો સંબંધ કરવાનો.

વેશ્યાને ત્યાં આવનાર પુરુષો કોણ અને કેવા હોય? આવા રાગી અને વ્યભિચારીને પ્રતિબોધ કરવાની શક્તિ કેટલી હોવી જોઇએ? વળી તે મુનિનો વેશ્યાસકત થવા છતાં ચારિત્ર રાગ કેવો જબરજસ્ત હશે. વીતરાગના માર્ગ પરત્વે તેની શ્રદ્ધા કેટલી દૃઢ હશે?

અરે વેશ છોડયા પછી નંદીષેણ મહાત્માની જેટલી દૃઢ શ્રદ્ધા અને પ્રતિબોધક શક્તિ હતી તેટલી આજના યુગમાં વેશ ખેંચી લેવાની વાત કરનારા કોઈમાં પણ નથી. જ્યારે નંદીષેણ તો રોજ દશને પ્રતિબોધ કરતા અને તે બધાં સીધા દીક્ષામાં. તે પણ એક–બે પ્રસંગે નહીં. લાગલગાટ બાર વર્ષ સુધી.

કેટલું સુંદર આચારનું શિક્ષણ આપતાં હશે તેઓ? ચારિત્રનો ભાવ જગાડવામાં કેટલી તીવ્રતમ શક્તિ હશે તેનામાં? કે ખુદ શાસ્ત્રકારે તેને પ્રવચન પ્રભાવક કહ્યા.

છતાં નંદીષેણને આચાર્ય ન કહ્યા–કેમ? શું તેણે સચોટ રીતે પંચવિધ આચાર નહીં સમજાવ્યો હોય? જે વેશ્યાની આસક્તિને લીધે ત્યાં પુરુષો આવતા તે સાવ અમથા વેશ્યાને ભોગવવાને બદલે દીક્ષા લેવાને ચાલ્યા હશે?

છતાં નંદીષેણ આચાર્ય નહીં કે કોઈ તેના ભક્ત નહીં તેનું કારણ–"આચારમાં મીંડુ". એટલે આપણે ત્યાં આચાર્યની એક સુંદર વ્યાખ્યા ગોઠવી દીધી પંચિંદિય સૂત્ર આધારે–

**વર છત્રીશ ગુણે કરી સોહે યુગપ્રધાન જન મોહે**
**જગ બોહે ન રહે ખીણુ કોહે સૂરિ નમું તે જોહે રે**

पंचिंदिय संवरणो तह नवविह बंभचेर गुत्तिधरो
चउविह कसाय मुक्को इअ अट्ठारस गुणेहिं संजुत्तो
पंच महव्वय जुत्तो पंच विहायार पालण समत्थो
पंच समिओ तिगुत्तो छत्तीस गुणो गुरु मज्झ

પાંચ ઇન્દ્રિયો સ્પર્શ–રસ–ઘ્રાણ–ચક્ષુ–શ્રોત્ર ને સંવરનાર એટલે કે કાબુમાં રાખનાર, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા, ચાર પ્રકારના કષાયો ક્રોધ–માન–માયા–લોભ કે જે સંસારને વધારનારા છે તેનાથી મુક્ત એવા અઢાર ગુણોથી સંયુક્ત.

વળી પાંચ મહાવ્રતોથી યુક્ત—

सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ मुसावायाओ वेरमणं, सव्वाओ अदीन्नादाणाओ वेरमणं–सव्वाओ मेहुणाओ वेरमणं–सव्वाओ परिगहाओ वेरमणं—

એવા પંચ મહાવ્રત ધારી, જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર પાંચ પ્રકારના આચારને પાળવામાં સમર્થ એટલે કે રૂડી પેરે પાળનાર, પાંચ સમિતિ–ઈર્યા, ભાષા, એષણા, આદાન–ભંડ, મત નિક્ષેપ પારિષ્ઠાપનિકા સમિતિનું પાલન કરતા, મનવચન–કાય એ ત્રણ ગુપ્તિએ ગુપ્ત એવા છત્રીશ ગુણધારી.

[૫–ઈન્દ્રિય સંવર,+ ૯ બ્રહ્મચર્ય વાડ, + ૪ કષાય મુકત, +૫ મહાવ્રત + ૫ આચાર પાલન, + ૫ સમિતિ, + ૩ ગુપ્તિ]

મારા ગુરુ [ આચાર્ય ] હોય. તેને નમસ્કાર કરતાં બોલો

**તે આચારજ નમીયે નેહસું —**

આચાર્યને નમસ્કાર તેના આ ૩૬ ગુણોને કારણે કરવામાં આવે છે. સમગ્ર નવકાર મંત્રમાં પાંચે પરમેષ્ઠિના પ્રણામ પણ ગુણને આશ્રીને જ છે. કારણ કે ગુણની પૂજાને જ અહીં પ્રાધાન્ય છે—વ્યકિત પૂજાને નહીં જે કોઇ ગુણી પૂજાય છે. તે પણ તેના ગુણને આધારે. જૈન દર્શન વ્યકિત પૂજાને માનતું નથી, તેથી કરીને નવકાર મંત્ર પણ સર્વ વ્યાપી—સર્વ સ્વીકૃત એવો ઉત્તમોત્તમ મંત્ર છે.

તે દિવસે જિનદાસને જીવતો પાછો આવેલો જોઈ રાજા વગેરે વિસ્મયમાં ગરકાવ થઈ ગયા ત્યારે જિનદાસે શું કહ્યું ?

આ બધો પ્રભાવ નવકાર મંત્રનો છે.

ક્ષિત પ્રતિષ્ઠિત નગરમાં એક વખત વર્ષાના પુરમાં એક મોટું બીજોરું તરતું આવ્યું. કોઈ તરવૈયા પુરુષે પાણીમાં પડી લઇ લીધું અને તે રાજાને આપ્યું. રાજા હર્ષિત થયો તેણે બીજું ફળ લાવવા કહ્યું, તે પુરુષ કિનારે કિનારે તપાસ કરે છે. નજીકના લોકોએ કહ્યું હે ભદ્ર પુરુષ ! અહીં ફળ માટે પ્રવેશ કરીશ નહીં જે કોઈ પુરુષ ફળ—ફૂલ માટે અહીં જાય છે, તે ત્યાં જ મૃત્યુ પામે છે.

લોકોના વચનથી તેણે રાજાને નિવેદન કર્યું. રાજાએ કોટવાલને બોલાવી નગરના સર્વ મનુષ્યના નામની ચિઠ્ઠી કઢાવી, ઘડામાં નાખી તે ચિઠ્ઠિ કુમારિકા પાસે ઉપડાવે, અને જેના નામની ચિઠ્ઠિ નીકળે તેમને ફળ લેવા મોકલે,

રાજાની આજ્ઞા વડે રોજ તેમ થવા લાગ્યું જે નગરજન જાય તે બીજોરું છેદી પાણીમાં તરતું મુકેને ત્યાંને ત્યાં તે મરણ પામે.

એક વખત જિનદાસ શ્રાવકના નામની ચિઠ્ઠિ નીકળી તેણે સ્નાન કર્યું, જિનાલયે પૂજા કરી, સ્વજનોને ખમાવ્યા, સાગારી અનશન લીધું, અરિહંતાદિનું શરણું સ્વીકાર્યું અને વનમાં ગયો. ત્યાં ઊંચે સ્વરે નવકાર મંત્રનું ઉચ્ચારણ કરવા લાગ્યો.

તે અવસરે વનના અધિષ્ઠાયકને થયું કે આવા શબ્દો પૂર્વે મેં સાંભળ્યા છે. જ્ઞાનના ઉપયોગે ખબર પડી કે મેં તો પૂર્વભવે દીક્ષા લીધેલી.

તે જિનદાસ સમક્ષ આવી તેના ચરણે નમી પડયો, સત્પુરુષ! તમે મને ધર્મ માર્ગમાં સ્થાપન કર્યો તેથી તમે મારા ગુરુ. માટે કંઈક વરદાન માગો.

શ્રેષ્ઠી કહે સર્વ જીવોની હિંસા બંધ કરો. કારણ કે આ તો જિનદાસ હતો. જિનનો દાસ, તે જિનેશ્વરે પ્રરૂપેલા અહિંસા માર્ગની જ વાત કરે ને? વ્યંતરે પણ હિંસા કરવી નહીં–કરાવવી નહીં તેમ નિર્ણય કર્યો.

વ્યંતરે કહ્યું હે શ્રેષ્ઠી! દેવતાઓ શ્રાવક ધર્મ તો અંગીકાર કરી શકતા નથી પણ તમારા મુખે ઉચ્ચારાયેલા નવકાર મંત્રના પ્રભાવે મને સમકિત ગુણ ઉદયમાં આવ્યો છે. માટે દરરોજ પ્રભાતે તમારા દર્શને આવી એક પાકું–તાજું ફળ આપી જઈશ.

શ્રેષ્ઠીએ રાજાને ફળ આપ્યું, રાજા કહે ભદ્ર! આ અક્ષત શરીરે ક્યાંથી પાછો આવ્યો જિનદાસ કહે નવકાર મંત્રના પ્રભાવે,

એક વખત તે જિનદાસ શ્રાવક, રાજાને જ્ઞાની આચાર્યના વંદનાર્થે લઈ ગયો. ત્યારે આચાર્ય મહારાજશ્રી એ નવકાર મંત્રનું માહાત્મ્ય વર્ણવતા કહ્યું કે—

નવકારનો માત્ર એક અક્ષર પણ મન–વચકાયાની શુદ્ધિપૂર્વક ગણો તો સાત સાગરોપમના પાપને હરે છે–નવકારનું એક પદ ૫૦ સાગરોપમના પાપને હરે છે, સમગ્ર નવકાર ૫૦૦ સાગરોપમના પાપને હરે છે.

એક લાખ નવકાર ગણી વિધિપૂર્વક પૂજા કરનારો તીર્થંકર નામ ગોત્રને બાંધે છે.

૮ ક્રોડ–૮ લાખ–૮ હજાર ૮૮૮ નવકાર મંત્ર ગણનારો ત્રીજે ભવે સિદ્ધિ પદને પામે છે.

એક લાખ નવકાર ગણવાથી સાંસારિક ક્લેશનો નાશ થાય છે.

આ પ્રમાણે નવકાર મંત્રનું ફળ આચાર્ય મહારાજના મુખેથી સાંભળી રાજા શ્રાવક થયો અને નવકારમંત્રના પ્રભાવે સ્વર્ગે સંચર્યો.

જે પ્રાણી નવકાર મંત્ર પદનો જાપ કરે છે તે ગુણવંત પ્રાણી વિશ્વને વંદન કરવા યોગ્ય બને છે.

સમગ્ર નવકાર મંત્રમાં તૃતીય પદની વિચારણા કરતાં, આચાર્યને નમસ્કાર શા માટે? તેની વિચારણા ચાલે છે. નમસ્કાર મંત્રનું મહત્ત્વ

હૃદયમાં અવધારી તેના એક પદનું મહત્વ વિચારતા અભયદેવ સૂરિજી જણાવે.

आ–ईषद् अपरिपूर्णा इत्यर्थः चारा हेरिका ये ते आचाराऽऽचार चरपा इत्यर्थ–युक्तायुक्त विभाग निरूपण निपुणा विनेयाः अतस्तेषु साधवो यथा-वच्छास्त्रार्थोपदेशक तयेत्याचार्याः

આ એટલે કંઈક કે અપરિપૂર્ણ, ચાર એટલે દૂત તે આચાર એટલે જાસુસ જેવા. યોગ્ય અયોગ્ય વિભાગનું નિરૂપણ કરવામાં ચતુર જે શિષ્યો, તે શિષ્યોમાં યથાર્થ શાસ્ત્રાર્થનો ઉપદેશ કરવામાં નિપુણ તેનું નામ આચાર્ય.

આવા સમર્થ આચાર્ય નમસ્કાર કરવા યોગ્ય ગણાય તેમાં નવાઈ શી?

## –તે આચારજ નમિયે નેહશું

આ આચાર્યો આચારનો ઉપદેશ આપતા હોવાથી તેઓના ઉપ-કારીપણાને લઈને પણ નમસ્કાર કરવા યોગ્ય છે. માટે તેને નમસ્કાર કરતાં કહ્યું **નમો આયરિયાણં**.

વળી આ આચાર્યો કદી ઘરનું કંઈ ન કહે સુધર્મા સ્વામી કે શય્યંભવસૂરિ સરીખાઓ પણ હવાલો તો ભગવાનનો જ આપે.

"चतारि परमंगाणि दुल्लहाणि य जंतुणो
माणुस्सतं सुइ सद्धा संजमंमिय विरयम्"

આવી આવ સાદી વાત પણ ભગવાનના નામે કહે–सूयं मे आउसं तेण भगवया एवमक्खायं એમ દરેક સૂત્રના આરંભે અને અંતે त्तिबेमि એમ બોલે.

તેનો અર્થ શું? આ મારી કલ્પના કે માન્યતા રજૂ કરતો નથી પણ ભગવાને આ પ્રમાણે કહ્યું છે માટે હું કહું છું.

બોલો! આવા શાસનના વફાદારને નમસ્કાર થાય કે નહીં?

જિનેશ્વર ભગવંતો એ તો सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः એમ કહી મોક્ષમાર્ગની સડક બતાવી દીધી. પણ હવે પ્રયાણ કેમ કરશું? સાથે વળાવીયો તો જોઈશેને?

સાધન મેળવી આપનાર જોઈશે–વાહન જોઈશે. આ બધું હોય તો જ માર્ગનો ઉપયોગ થઈ શકે. તે બધું કરે કોણ? આચાર્ય ભગવંતો —

અને આ શાસન પાંચમાં આરાના અંત સુધી લઇ જશે કોણ? તે પણ આચાર્યો. માટે તેના વિશિષ્ટ ગુણની અપેક્ષાએ તેને તૃતીય પદે નમસ્કાર કર્યા :

**આચારજ ત્રીજે પદ પ્રણમું ગુણ છત્રીશ નીધાન**

પદ્મ રાજ ગણી મહારાજા શ્રી નવકાર મહામંત્રની સજ્ઝાયમાં આચાર્યને નમન કરતાં આ પંક્તિ રચી. પદ્મ વિજયજીએ તેના બીજા ગુણને આશ્રીને ગુણ કીર્તન કર્યું.

**શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે**

તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં તીર્થંકરની વાણીની શુદ્ધ પ્રરૂપણા કરે, જાણે ખુદ જિનેશ્વરની જ વાણી હોય તે રીતે રજૂ કરે પણ પોતાના નામે કોઈ ભેળસેળ ન કરે.

તેથી જ યશોવિજયજી મહારાજાએ તેને ઉપમા આપી કે જિનેશ્વર રૂપી સૂર્ય અને કેવલી ભગવંત રૂપ ચંદ્ર અસ્ત થયે છતે ફેલાતા ગાઢ અંધકારમાં આચાર્ય ભગવંતો દીવા સ્વરૂપ છે–જે આપણને મૂળ પદાર્થોનું દર્શન કરાવે છે.

તેવા આચાર્ય માટે યશોવિજયજી આપણને પૂજાની ઢાળમાં જણાવે છે કે —

**તે આચારજ નમિયે નેહશું**

સૌથી છેલ્લે નવકાર મંત્રના આ તૃતીય પદની વિશેષતા તો नमो आयरियाणं પદમાં જ ઘુંટાયેલી છે.

જુઓ ક્યાંય સુધર્મા સ્વામીને નમઃ લખ્યું, પુંડરિક સ્વામિને નમઃ લખ્યું–ના–કેમ ન લખ્યું? કારણ કે અહીં મારા–તમારા કે આપણા આચાર્યની વાત નથી લેવાની?

અહીં તો વંદના કરવાની છે. ભૂત–વર્તમાન–ભાવિ ત્રણે કાળના આચાર્યોની.

અહીં વંદના છે આચાર્યના ગુણ ધરાવતા તમામ આચાર્યોની. વ્યક્તિને નહીં પદને–ગુણને આશ્રીને બોલો नमो आयरियाणं.

□

# (૮૦) નમુક્કાર ઉપાધ્યાય

—નમો ઉવજ્ઝાય ઉલ્લાસે

बारसंगो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहेहिं
तं उवइसन्ति जम्हा, उवज्झाया तेण वुच्चन्ति

આવશ્યક નિર્યુક્તિમાં ઉપાધ્યાય પદની વ્યાખ્યા કરતા જણાવે કે શ્રી જિનેશ્વર દેવોએ કહેલા બાર અંગોને—દ્વાદશાંગીને પંડિત પુરુષો સ્વાધ્યાય કહે છે—તેનો ઉપદેશ કરનારા ઉપાધ્યાય કહેવાય છે. નમસ્કાર મંત્રના માહાત્મ્યને સમજવા માટે તેના પ્રત્યેક પદોની વિચારણા કરવી જરૂરી છે.—તે સંદર્ભમાં **ઉપાધ્યાય પદની વિચારણા કરતાં અહીં ઉપાધ્યાયનો અર્થ** સ્પષ્ટ કરવા શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે उपेत्य अधीयतेऽस्मात्—જેની પાસે જઈને અધ્યયન કરી શકાય—ભણી શકાય તે ઉપાધ્યાય કહેવાય અથવા તો—उप समीपे अधिवसनात् श्रुतस्यायो लाभो भवति येभ्यस्ते उपाध्यायाः જેમની સમીપે નિવાસ કરવાથી શ્રુતનો આય અર્થાત્ લાભ થાય તે ઉપાધ્યાય કહેવાય.

જિનેશ્વર દેવે કહેલી વાણી ગણધરોએ બાર અંગોમાં ગુંથી તેનો સ્વાધ્યાય કરવાથી કે ભણવા ભણાવવાથી પણ ઉપાધ્યાય કહેવાય છે. તે ઉપાધ્યાયને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે. અને તે સર્વ મંગલમાં ચોથું મંગલ છે.

**મુરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લવ આણે**
**તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે**

આમ તો જુઓ આયર! કાં? આ જોડી તો જુઓ. આપણો વીકમશીને વહુ સોનબાઈ. અરે એકબીજાની માયા તો નીરખો. મુવું મને તો આંસુડા આવી જાય છે.

આયરાણી અત્યારથી હરખઘેલી થા માં, બુઢ્ઢા ધણી ધણીયાણી બાળકોને જોઈને હરખથી ગળગળાં થાય છે. ડોસાનું નામ વજસી અને ડોસીનું રાજીબાઈ. ભાદર કાંઠે ખેત કરે પૈસે—ટકે સુખીયા છે. આધેડ અવસ્થાએ દીકરો દીકરી અવતરેલા.

આજે વીકમશીની નાનકડી વહુ સોનબાઈ માવતરેથી વાઢની શેરડી ખાવા આવેલી. દશ વર્ષનો વીકમશી અને આઠ ષર્ષની સોનબાઈ, ભોળાં વર-વહુ એકબીજાને આઘેથી જોઈ લેતા સામસામા મીટ માંડતા, નીરખતાં ધરવ નો થાય. ચાર જમણ પછી સોનબાઈ માવતરે જાય ત્યારે વીકમશી ભાદર કાંઠે છાનોમાનો રોયા કરતો.

મોટા થયા ત્યારે વીકમશી એક દી' બેનને કહે છે. રૂપી તને બહુ હેત છે ને મારા પર – હા! – તો માને ને બાપુને કહેજે કે મારે પરણવું નથી. રૂપી કહે જા જા! ઢોંગીલા, એવું તે કહેવાતું હશે! અમથો સોનબાઈ જાય ત્યારે આંસુડા પાડે છે.

રૂપી, હસમાં! મારું એટલું વેણ બાપુને કહી દે. મારે નથી પરણવું. આટલું બોલતા તો વીકમશીને ઝળઝળીયા આવી ગયા.

રોઈ શીદ પડ્યો મારા વીરા. એટલું કહી રૂપીએ પોતાના પાલવે ભાઈના આંસુડા લુંછ્યા. વીકમશીની આંખોના આંસુ વહ્યા, બેન પણ કંઈ સમજ્યા વિના રોવા લાગી. અઢાર વર્ષની ભર જોબન અવસ્થાએ પહોંચેલા દીકરાના વિવાહ માટે બાપ હરખઘેલો થયો તો ત્યાં રૂપીએ આ વાત કરી.

વીકા! તુંને ઠેકાણું ન ગમતું હોય તો બીજે વેસવાળ કરીએ. ના બાપુ ઇ કારણ નથી. ઝાઝુ ન બોલી શક્યો. લગન લેવાણા, સોનબાઈ આવી.

અંતર ફાટફાટ થાય છે. મેળાપની મીઠી રાત હતી. મીઠામાં મીઠી પ્રીત હતી,મીઠી ટાઢ પણ હતી. વીકમશી ઓરડે આવ્યો છાનોમાનો, સોનબાઈએ ધણીના મોં પર પહેલી રાતના તેજ ન દીઠા. બોલાઈ ગયું, "આયર શું થઈ ગ્યું"? નાનપણના ઉમળકા ક્યાં ઉડી ગયા?

વીકમશી ગળગળો થઈ ગ્યો. આયરાણી નજીક આવી–કાંડુ ઝાલ્યું. આયરાણી તું મને અડીશ નહીં. હું નકામો છું. પુરૂષમાં નથી. માબાપને ઘણું કહ્યું, પણ ન માન્યા. હવે તું માવતરે જઇ બીજો વિવાહ કરી લે. મેં તને બહુ દુઃખી કરી. અરે! આયર શું બોલો છો તમે? હવે કંઈ નહીં, હરી ભજન કરશું સાથે. "ના ના તારું જીવતર નહીં બગાડું." વીકમશીએ કહ્યું પણ આયરાણીએ પુરૂષનું માથું ખોળામાં લઈ સુવાડી દીધો, પોતે પણ વિકાર સંકેલી સુઇ ગઇ.

દશમા દિવસે માવતર આવ્યા. આયર કહે, જા તને રાજી ખુશીથી રજા દઉ છું, સોનબાઈ ચોધાર આંસુએ રડી પડી. મને ધક્કો ન મારો આયર.

વીકમશી સાંતી હાંકતા હાંકતા ઉભો રહી જાય. વિચાર્યા કરે. આ અસ્રીના રૂપને મેં રોળી નાખ્યું. ખરેખર મારે તો પાવૈયા ના મઠે બેસી જવું જોઈએ. નહીં તો સાત જન્મે પણ નહીં છુટું. એવામાં ડોસો–ડોસી ઉકલી ગયા. સાસરે ગયો ત્યાં પનીહારીઓ આ જોડીના વખાણ કરતાં થાકતા નથી. પણ વીકમશી તો સાસરાને ફાળ પાડી સવારે નીકળી ગયો.

સોનબાઈનું હૈયુ ફાટી ગયું. વીકમશી ઘોડે ચડી પાવૈયાના મઠમાં ગયો પછી તેની રહી સહી આશા કરમાઈ ગઈ. માબાપે તેને ઘરાર લખમશી આયર સાથે પરણાવી દીધી, નવે ઘરે મોકલી.

લખમશીને સાંતી છોડવાનો સમય હતો, સોનબાઈ ભાત લઈ આવતી હતી. પાવૈયાનું ટોળું જોયું. વીકમશીને હજી સ્ત્રીના લુગડાં મળ્યા ન હતા. બેયની નજર મળતા વીકમશીએ ઘોડી રોકી. સોનબાઈની આંખો નીતરવા લાગી. માંડ માંડ બોલી કે મને કેમ રઝળાવી?

તો શું તારો ભવ બગાડું?

હવે બાકી શું રાખ્યું બગાડવામાં તમે?

વીકમશી કહે તારો ધણી જુએ છે, જા હવે

હા, જઉ છું પણ તમે મારો માળો વીંખી નાખ્યો. ચોધાર આંસુએ રડી પડી સોનબાઈ. લખમશી આવ્યો "કોણ હતું એ? છ મહિનાથી રુંધી રાખેલું અંતર ઉઘડી ગયું. લખમશી સમજી ગયો કે શા માટે સોનબાઈ છ મહિનાથી શરીર સંબંધ ન બાંધવા વ્રત લઈ બેઠી છે.

બોલાવ્યો વીકમશીને, તાણ કરીને જમાડયો. ભુવાને બોલાવ્યો. સોનબાઈ તેની પરણેતર છે તે ભુલી લખમશીએ માતાજીની સ્તુતિ ઉપાડી. તેને થયું આવો પ્રેમ, આવી વેદના તે પણ પુરુષાતન હિન ધણી માટે.

માતાજી સરમાં આવ્યા. સોનબાઈએ વીકમશીને ઈશારો કર્યો.

વીકમશી તેના પગે પડી ગયો. હાથ અડતા તો જાણે શરીરમાં શક્તિનો ધોધ છુટયો. બુમ પાડી ઉઠયો વીકમશી "સોનબાઈ બહાર આવ!"

લખમશીએ માફી માંગી, સોનબાઈ વીકમશીને સુપરત કરી. વીકમશીએ બેન રૂપીને લખમશી સાથે પરણાવી દીધી.

આ રીતે પુરુષાતન હિનને પુરુષત્વ પ્રગટયું તે રીતે ઉપાધ્યાયને પણ ઉપમા આપી કે તેમને કરેલ **નમસ્કાર**–"પાહાણને પલ્લવ આણે" પત્થર જેવા શિષ્યને ફૂલ જેવો બનાવી દે અને મુરખ શિષ્યને પણ બુદ્ધિમાન બનાવે માટે લખ્યું **નમો ઉવજ્ઝાય ઉલ્લાસે રે–ભવિકા–**

ઉપાધ્યાય પચીસ ગુણવાળા કહ્યા. ગુણને લીધે જ **નમસ્કાર** કરવાની વાત છે. તેથી नमो उवज्झायाणं પદ રાખ્યું. તે પચીસ ગુણો કયા?

૧૧–અંગ + ૧૨ ઉપાંગ એમ ૨૩ આગમોનું જાણપણું, ૨૪મું ચરણ સિત્તરી [ઉત્તમ ચારિત્ર] અને ૨૫મું કરણ સિત્તરી [ઉત્તમ ક્રિયા] એ પચીસ ગુણો છે.

[જો કે સંબોધ પ્રકરણમાં આ પચીસ ગુણો જુદી જુદી રીતે છે.]

જૈન શાસનમાં ઉપાધ્યાયનું સ્થાન શિક્ષક જેવું છે. તેની વ્યુત્પત્તિ જ એ કરી કે उप–समीपम् आगत्य अधीयते જેમની સમીપે જઈને ભણાય તે ઉપાધ્યાય.

સમીપ એટલે વંદનાદિક વિધિ વડે નજીક જઈ શિક્ષણ લેવું તે–વિનય મર્યાદા પૂર્વક જેમની પાસે જઈ ભણાય તે

इंक स्मरणे–इति वचनाद् वा स्मर्यते सूत्रतो जिन प्रवचन येभ्यस्ते उपाध्याय:

જેમની પાસે આવી જિનવચન સંભારાય, યાદ કરાય તે ઉપાધ્યાય. જેમ નાનું બાળક આ શું? આ શું? કરતા સો વખત ભૂલે, વળી યાદ કરાવો. તેમ કરતાં શીખે તેમ જીવો જિન પ્રવચન સાંભળે પાછા ભૂલે. તેની યાદ માટે ઉપાધ્યાય છે.

સૂત્ર ભણાવતાં આઠ વર્ષના બાળકને કેવી સમજણ આપી કે धम्मो मंगल मुक्किट्ठं લાંબી વાત નહીં. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. ટુંકું કહી દીધું. મંગલની ઈચ્છા કોને ન હોય?

બીજો પાઠ શીખવ્યો અહિંસા સંજમો તવો ધર્મ મંગલ ભૂત છે, તે શીખ્યા પણ ધર્મ કયો? (૧) અહિંસા–હિંસા નિવૃત્તિ (૨) સંયમ–કષાય, ઈન્દ્રિય, મન–વચ–કાયાનો કાબુ (૩) તપ–તપસ્યા

બાળક બીજો પાઠ શીખી ગયો. પણ આ ધર્મ કરવાનું ફળ શું? ત્રીજો પાઠ કહી દીધો દેવાવિ तं नमंसंति जस्सं धम्मे सया मणो. જેમનું મન સદા ધર્મમાં હોય તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.

બસ બાળક ધર્મમય બની ગયો કારણકે દેવતા નમસ્કાર કરવાના છે. લાંબી વાત નહીં. મોક્ષની વાત નહીં. ટુંકમાં ધર્મ ગળે ઉતારી દીધો. છોકરો નાચી ઉઠયો કે વાહ–દેવતાઓ નમસ્કાર કરે" બસ થઈ ગયું.

ઉપાધ્યાયની વિધિવત્ વ્યાખ્યામાં શું કહ્યું? ૧૨ અંગોને વાચના–પૃચ્છનાદિ દ્વારા ભણાવે તે ઉપાધ્યાય. તેને નમસ્કાર કર્યો તે સમજીને કે પછી ઠીંગેડીંગ.

ભાઈ! આત્મસિદ્ધિની ઇચ્છા કરનારને શિક્ષણ જેમની પાસેથી મળે તે જ ઉપાધ્યાય. આત્માનું ખરું શિક્ષણ તો તે જ આપવાના.

કોઈ કહેશે ઉપાધ્યાય પણ આપવાના તો ચોપડીમાંથી જ ને? તો પછી ઘેર જ પુસ્તકો ન વંચાય? તેમને એટલું જ કહેવાનું કે ઘેર બેઠા બેઠા B.A. ભણેલા અને કોલેજ જઈને B.A. ભણેલા. બંને વચ્ચેનો તફાવત જોશો તો વ્યવહારથી પણ ભેદ સમજાઈ જશે. ચોપડામાં ચોપડો જ આવે પણ વ્યવહાર અને વિધિ ન આવે.

आय શબ્દમાં ત્રણ વિભક્તિ ઘટાવવાની છે. ઉપાધ્યાયનો લાભ, ઉપાધ્યાયથી લાભ, ઉપાધ્યાય વડે લાભ. ષષ્ઠી–પંચમી–તૃતીયા તે ત્રણે ચોપડીમાં ન આવે, તે તો ઉપાધ્યાય પાસે જ મળે માટે—

**નમો ઉવજ્ઝાય ઉલ્લાસે રે—**

માસતુષ મુનિની વાત તો જાણીતી જ છે. જ્ઞાનાવરણીયનો ઉદય થયો. સૂત્ર ચડે નહીં. ઉપાધ્યાયજી કહે તું "मा रुष मा तुष" એ વાક્ય યાદ કર અને આત્માને સમજાવ.

આ મુનિ ઉપાધ્યાયને બદલે ચોપડા ભેગા કરીને બેઠા હોત તો?

સમતા ભાવે ભણે છે. "मा रुष मा तुष"ને બદલે "मासतुष"

કરે છે. શબ્દજ્ઞાનમાં ભલે મુર્ખ હોય પણ પરિણીતમાં સાવચેત હોઈ પોતાના કર્મની જ નીંદા કરે છે. જ્ઞાનીના અને ગુણના બહુમાનથી તેમને કેવળજ્ઞાન થઈ ગયું. કારણ ઉપાધ્યાયની સમીપે રહેતા પણ શ્રુત જ્ઞાન પામી કલ્યાણ થાય. તેથી उपाधि એટલે "પડખું સેવવું" અને "आय' એટલે લાભદાયક.

उपाधौ आय સતિ સપ્તમી કે આધાર સપ્તમી અર્થમાં હશે। તો જેની સમીપે રહેતા પણ શ્રુત જ્ઞાનનો લાભ થાય માટે नमो उवज्झायाणं.

ઉપાધ્યાયજી સર્વ પ્રકારે ઈષ્ટ ફળોનો સમુદાય કહેવાય છે. તેની નીકટતાની પ્રાપ્તિ એ જ **ભાગ્યનો ભંડાર ને.** કારણ કે તમે ભણ્યા ગણ્યા બધું આવડયું, પણ ચિત્ત જ ચગડોળે ચડી જાય તો? ચગ-ડોળે ચડેલા ચિત્તને ઠેકાણે લાવવાનું કામ ઉપાધ્યાય ભગવંતોનું. માટે જ કહ્યું કે आधि (રોગ)ને દૂર કરે તે ઉપાધ્યાય. તેથી જ તેની નીકટતાને ભાગ્યનો ભંડાર ગણાવ્યો છે.

आधीनां मनः पीडानामायो लाभ आध्याय
उपहत आध्यायो यैस्ते उपाध्यायाः

જેનાથી આધિઓ–મનની પીડાઓ નાશ પામી છે તે ઉપાધ્યાય કહેવાય માટે તેને નમસ્કાર કરતાં કહ્યું **નમો ઉવજ્ઝાયાણં કહ્યું.**

**દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ,**
**સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે નમો ઉવજ્ઝાય ઉલ્લાસ**

ઉપાધ્યાય સજ્ઝાયમાં લીન રહે તેમ લખ્યું પણ સજ્ઝાય [સ્વાધ્યાય] એટલે શું?

**વાચના** :– સૂત્ર અને અર્થનો અભ્યાસ નિરંતર કરે અને કરાવે. ભદ્રબાહુસ્વામીની વાચના માફક.

**પૃચ્છના** – સૂત્ર અર્થ સંબંધિ સંશયો દૂર કરવા બીજા વિશેષ જ્ઞાતાને પૂછે. જેમ ચિલાતી પુત્રે ધર્મ શું છે? તે પૂછયું. ઉપશમ–વિવેક–સંવરના જવાબથી કલ્યાણ સાધી ગયા.

**પરાવર્તના** – ભણેલા સૂત્રોની ઉચ્ચારણપૂર્વક આવૃત્તિ.

માત્ર નમસ્કાર મંત્રની આવૃત્તિ કરતાં પણ વણકરને સ્વર્ગની પ્રાપ્તિ થઈ.

કોઈ એક વણકરને બે સ્ત્રી હતી. કપડું વણતાં વણતાં વારંવાર તે સ્ત્રી સાથે અનંગ ક્રીડા રૂપ કામ ચેષ્ટા કરે. તેની આ ચેષ્ટા જોઈ કોઈ મુનિ ત્યાં ઉભા રહ્યા. એટલે તે વણકરે પૂછ્યું હે સાધુ! આ શું જુઓ છો? સ્વપ્નમાં પણ તમને આવા ભોગ ન મળે.

આ સાંભળી મુનિએ અવધિજ્ઞાનના ઉપયોગ વડે જોયું કે વણકરનું હવે માત્ર એક ક્ષણનું આયુષ્ય બાકી રહ્યું છે. પોતાની પાસે બોલાવીને કહ્યું કે હે ભદ્ર! કેટલું જીવવા માટે તું આ કામચેષ્ટામાં ડૂબેલો છે? તારું આયુષ્ય તો હમણાં પુરૂ થવાનું છે.

ભયભીત વણકરે કરગરીને કહ્યું તો મને જીવવાનો કોઈ ઉપાય બતાવો. મુનિ મહારાજે તેને નવકાર મંત્ર આપ્યો. મંત્રની પરાવર્તના કરતો તે મૃત્યુ પામ્યો, સ્વર્ગે ગયો.

તેની સ્ત્રીએ મુનિને કલંક આપ્યું. પણ મુનિરાજ દેવના આવ-વાની રાહ જોતા ઉભા છે. થોડી જ ક્ષણોમાં દેવે આવીને કહ્યું કે આ મુનિના પ્રભાવે હું અત્યારે દુર્ગતિમાં જવાને બદલે સ્વર્ગને પામ્યો છું.

આ છે શ્રી નવકાર મહામંત્રની પરાવર્તના (સ્વાધ્યાય)નું ફળ. તેને સ્વાધ્યાયનો ત્રીજો ભેદ કહ્યો.

**(૪) અનુપ્રેક્ષા :**– સૂત્રાર્થનો ઉચ્ચાર કર્યા વિના મનથી સૂત્રાર્થનું ધ્યાન કરવું તે.

**(૫) ધર્મકથા :**– નંદિષેણ મુનિની માફક ધર્મ કથન થકી ઉપદેશ આપીને લોકોને સંયમ માર્ગે ચડાવવા.

પરાવર્તના સ્વાધ્યાયના વણકરના દાખલાને આશ્રીને જ વિચારીએ તો ઉપાધ્યાય પદની એક અન્ય વ્યાખ્યા પણ ખૂબ જ સુંદર છે.

अधियां वा नञः कुत्सार्थत्वात् कुबुद्धि नामायो अध्यायः અર્થાત્ अ કારનો અર્થ કુત્સિત એવો અને ધી નો અર્થ બુદ્ધિ થતો હોવાથી– જેમના વડે કુબુદ્ધિનો નાશ કરાયો છે તેને ઉપાધ્યાય સમજવા.

દુર્ધ્યાનનો નાશ કરે તે ઉપાધ્યાય–મનમાં ઉત્પન્ન થતી પીડાઓ, ખરાબ વિચારો અને મનને ખરાબ ધ્યાનમાંથી મુકત કરાવનાર ઉપાધ્યાય છે. કેમકે ध्यै–चिन्तायाम् अ કારનો અર્થ કુત્સિત થતો હોવાથી अध्यै–એટલે ખરાબ ચિંતન. [દુર્ધ્યાન] તેનો નાશ કરે તે ઉપાધ્યાય.

આવા આવા વિશિષ્ટ ગુણોને લીધે ઉપાધ્યાયને નમસ્કાર કરતાં કહ્યું–**નમો ઉવજ્ઝાય ઉલ્લાસે રે–ભવિકા**

ઉપાધ્યાય પદનો પૂજક જ્ઞાનનો આરાધક હોવો જોઈએ. કેમકે સિદ્ધ ચક્રમાં પણ જ્ઞાનપદને ઉપાધ્યાય પૂર્વે મુક્યું. જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છા–હાર્દિક ઝંખના પૂર્વકનો નમસ્કાર હોય તો ઉપાધ્યાય ફળે.

**અંગ ઉપાંગ નંદી–અનુયોગ, છ છેદને મૂલ ચારજી**
**દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર**
**ભવિયણ ભજીયે જી—**

કોને ભજવાનું કહ્યું ?–ઉપાધ્યાયને. શા માટે ભજવાનું કહ્યું ?–જ્ઞાનને આશ્રીને–

કેવી સરસ વ્યાખ્યા કરી– "૧૧ અંગ, ૧૨ ઉપાંગ, નંદી–અનુયોગ–૨, ૬ છેદ, ૪ મૂલ" એ રીતે ૪૫ આગમના ધારણ કરનારા તે ઉપાધ્યાયને ભજો.

આચાર્ય સાથે દર્શનને સાંકળ્યું, શ્રદ્ધા મજબુત થઈ ગઇ. પછી શું ? બીજો નંબર છે સમ્યક્ જ્ઞાનનો. જ્ઞાનના ધારક કોણ ? ઉપાધ્યાય. માટે તેને નમસ્કાર કર્યા. કેમકે દર્શન પછી જ્ઞાનની જરૂર છે.

શબ્દ પણ કેવા સચોટ મુકયા **"પાઠક તેહના ધાર"** જીભને ટેરવે જ્ઞાન હોય તે ઉપાધ્યાય. વર્તમાન શિક્ષણ જેવું નહીં કે ચિટ્ઠિ–ચપાટી લઈને આવ્યા અને ગોખેલું બોલી ગયા.

ગમે ત્યારે પૂછો, સરસ્વતી જાણે જીભમાંથી વહેતી હોય તેમ જ્ઞાન ગંગોત્રી વહ્યા જ કરે.

જ્ઞાનની આટલી ઉચ્ચતમ સ્થિતિ અને તેને ધારવાની વાત કરી. જે તેને ધારણ કરે તે ધારક એવા ઉપાધ્યાયની ભજના–નમસ્કાર કરવાનું કહ્યું.

આમ દર્શન સાથે આચાર્ય, જ્ઞાન સાથે ઉપાધ્યાય, ચારિત્ર સાથે સાધુનો સંબંધ જોડયો. એ રીતે ત્રણે ગુણને સાંકળી ગુરુપદને નમસ્કાર કર્યો.

જો એકૈક પદના નમસ્કારનું આટલું મહત્ત્વ હોય તો પંચ પરમેષ્ઠિના નમસ્કારનું મહત્ત્વ કેટલું ?

हियय गुहाए नवकार केसरी जाण संठिओ निच्चं
कम्मट्ठ गंठि दो घट्ट घट्टयं ताण परिनट्टं

લઘુ નમસ્કાર ફળમાં કહ્યું છે કે જેઓની હૃદયરૂપી ગુફામાં નવકાર રૂપી કેસરીસિંહ નિરંતર રહેલો છે. તેઓને આઠે કર્મોની ગાંઠ રૂપી હાથીઓનો સમૂહ સમસ્ત પ્રકારે નાશ થયો છે.

નવકાર મંત્ર દ્વારા આથી વિશેષ શું ફળ હોઈ શકે? અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ રૂપી પંચ પરમેષ્ઠિનો નમસ્કાર કેટલો ફળદાયી કહ્યો કે આઠે કર્મોની ગ્રન્થિ તોડી નાખે.

આત્મા કર્મના ભારથી પીડાય છે. જે દિવસે આ ભાર નીકળી જશે ત્યારે હળવો ફૂલ જેવો આત્મા એક સમયમાં સિદ્ધ શિલા પર બિરાજમાન થવાનો છે. પણ ક્યારે?

દ્રવ્ય અને ભાવ રૂપ નમસ્કાર હોય તો–

એક ચોર મોટી ચોરીઓ કરતાં પકડાયો. રાજાએ તુરંત ફાંસીનો હુકમ આપી દીધો. રસ્તામાં સખત ગરમી છે. ચોરનું ગળું સુકાયા કરે પાણી પાણીની બુમો પાડે છે. પણ રાજાના ભયે તેને કોઈ પાણી ન આપે. ચોરને પાણી વિના ભયંકર વેદના થાય છે, ત્યારે રસ્તામાં નામ તેવા ગુણવાળા જિનદાસ શ્રાવકના હૃદયમાં દયા ભાવનાના ઝરણા ફુટી નીકળ્યા. અહો આ ચોરને પાણી માટે આટલું કષ્ટ.

ચોરને કહ્યું હું પાણી લાવું છું ભાઈ! તું ત્યાં સુધી નમો અરિહંતાણં–નમો અરિહંતાણં કરજે. તને તેનાથી ખૂબ લાભ થશે.

ચોરને થયું આખા ગામમાં આ એક માણસે તો મારી સંભાળ લીધી. માટે તે જે કહેતો હશે તે મારા ભલા માટે જ હશે ને? તેથી તેણે "નમો અરિહંતાણં" જાપ શરૂ કર્યો. તેમ કરતાં ફાંસીએ ચડાવ્યો.

ઘડીક પાણીના વિચાર આવે–ઘડીક શેઠનું વચન યાદ આવે તેમ કરતાં નવકાર મંત્રનું પદ ભૂલી ગયો. પરંતુ મનમાં તેનો ભાવ નાશ નથી પામ્યો, તેથી પાણીના આર્ત્ત ધ્યાન વચ્ચે વચ્ચે બોલ્યા કરે છે आणं ताणं कांइ न जाणं शेठ वचन परमाणं હું આણું તાણું શું હતું તે તો ભૂલી ગયો છું પણ મને શેઠે જે કરવાનું કીધું હતું તે

મારે માટે પ્રમાણ છે. આ પ્રમાણે શબ્દોને ભૂલીને પણ મનમાં નમસ્કાર નો ભાવ ધારણ કરી ફાંસીએ મૃત્યુ પામ્યો અને નરક ગતિને બદલે સ્વર્ગે ગયો.

આ તરફ શેઠે ચોર સાથે વાત કર્યાના સમાચાર ગુપ્તચરો સાથે રાજાને પહોંચી ગયા. શેઠને પણ પકડી લીધા. ફાંસીનો હુકમ થયો. સ્વર્ગમાં ગયેલા ચોરના જીવે ઉપયોગ મુકયો. શેઠ પર આવી પડેલા કષ્ટ ને જોયું.

મારા ધર્મ માર્ગદર્શકની આ સ્થિતિ. તુરંત નીચે આવ્યો. શીલા વીકુર્વી, રાજાએ સિંહાસનેથી પાડી દીધો, જો આ શેઠને કંઈ થયું તો હું બધાંને લોહી વમતાં કરી દઈશ.

રાજાએ માફી માંગી. દેવે કહ્યું હું જ એ ચોર છું પણ શેઠે છેલ્લે મને નમો અરિહંતાણં શીખવ્યું, તેના પ્રભાવે દેવ થયો છું. આ છે ભાવ નમસ્કારનું ફળ.

હવે જો માત્ર એક પદ શીખવનારને પણ આવા ઉપકારી માનીએ તો દ્વાદશાંગીના પાઠક કેટલા ઉપકારી ગણાય? માટે તેને નમસ્કાર કરતાં કહ્યું **નમો ઉવજ્ઝાય ઉલ્લાસે રે–ભવિકા–**

**બોલો–નમો ઉવજ્ઝાયાણં–**

□

# (૮૧) નમુક્કાર–સાધુ

—સો સદ્‌ગુરુ સું મોરુ મનમાને

सव्वासु कम्मभूमिसु विहरंते गुणगणेहिं संजुत्ते
गुत्ते मुत्ते झायह मुणिराए निट्टिय कसाए

સર્વ કર્મ ભૂમિમાં વિહરતા, ગુણોના સમૂહથી યુક્ત, કષાયોનો અંત આણનારા, [ત્રિગુપ્તિએ] ગુપ્ત,[વિષયાદિથી] મુક્ત તેવા મુનિરાજજીનું ધ્યાન ધરવું જોઈએ.

નવકારમંત્રનું મહત્ત્વ હૃદયમાં અવધારાઈ જાય તે માટે પ્રત્યેક પદની વિચારણા ઉપયોગી છે. તે સંદર્ભમાં સાધુને નમસ્કાર શા માટે? તે જણાવવા પ્રથમ સાધુની ઓળખ આપતો આ શ્લોક લખ્યો.

સામાન્ય અર્થમાં स्व पर हितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः જે આત્મહિત અને પરહિતને સાધે અથવા તો મોક્ષના અનુષ્ઠાનને સાધે તે સાધુ કહેવાય.

તેઓ નિર્વાણને સાધનારા છે, મન–વચન–કાયાના યોગને સાધે છે, સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ કેળવે છે. માટે નમસ્કાર કરતાં કહ્યું **સો સદ્‌ગુરુ સું મોરું મન માને.**

સાધુ કેવા? समा य सव्व भूएसु.

બાબરિયા વાડમાં હેમાળ નામનું નાનું ગામડું. ત્યાં માત્રો વરુ નામે ગરાસિયો રહે. તેના આંગણે એકસો ભેંસુ દુઝે. એક બાજુ દરિયો, બીજી બાજુ ગીરના ડુંગરા વચ્ચે મીઠા પાણી વાળું હેમાળ ગામડું. ભાઈબંધીનો ભુખ્યો માત્રો વરુ રોજ મહેમાન ભાળી પોરસાય.

પ્રભાતે ડેલીમાં બેસી દાતણ કરે. ઘોડીના અંગેઅંગ હાથ ફેરવી તપાસે. તે ટાણે એક પરદેશી પરોણો આવ્યો. માત્રાએ રામ રામ કર્યા.

મે'માન ચીંથરે હાલ છે ને હાડકે હાડકા દેખાય. હજામત વધેલી છે. છતાં આંખમાં અમીરાત ડોકાય છે. કસુંબા ટાણે માત્રાએ જોયું કે મે'માનને તોલો એક અફીણ જોઈએ છીએ.

માત્રો સમજી ગયો. આવો જબ્બર બંધાણી બેહાલ ગરાસીયો જ હોય, વાતે સાચી હતી. પરોણો કચ્છથી આવતો હતો. જ્યાં રૂડા ઘોડાને જોરાવર કાઠી પાકે, તે ડોલરીયાનો વતની. બાર ગામના ભાયાતી નળીયા કોઠારનો તાલુકાદાર. કચ્છ ભૂપાલે જાલમસંગનું પરગણું આંચકી લીધેલું. રજપુત પણ લાચારી કરવાને બદલે ગામ છોડી હાલી નીકળ્યો. અબોલ બની માત્રા વરુને ડેલે બેઠો હતો.

માત્રાએ પણ તિરસ્કાર ન કર્યો. હજામત કરાવી. નવડાવ્યા નવા લુગડાં કરાવી દીધા. સાથે બેસાડી જમાડે. જાલમસંગ કાંઈ બોલતો નથી. આમને આમ પંદર દિ' વીત્યા. જામલસંગને શરમ આવતા રજા માંગી માત્રો વરુ કહે ભા' તમે રોટલે ભારે નહીં પડો હો! જામલસંગને ઝળઝળીયા આવી ગયા. માત્રાએ પા'શેર અફીણ, દશ રૂપિયા તથા બે જોડ લુગડાં બંધાવ્યા.

બહાર નીકળી વિચાર આવ્યો. ટાંટીયા ઘસી મરવા કરતા બહારવટે ચડવું શું ખોટું ? તલવાર તો છે પાસે. ઘોડો હોય તો કામ થાય.

માત્રાએ આપેલી દશ રૂપિયાની ખરચીમાંથી કોદાળી–પાવડો લીધાં. મધરાત થઈ. મન માનતું ન હતું છતાં જામલસંગે વરુ માત્રાના દરબારગઢની ભીંતે બે માણકી બંધાતી'તી ત્યાં ખાતર પાડ્યું, ઘોડું નીકળી શકે તેવડું બાકોરું પાડ્યું. રાતને ત્રીજે પહોરે માત્રો જાગ્યો. માણસોને ઉઠાડયા, ચાલો સીમમાં ઢોર હાંકવા.

જાલમસંગને ઠીક લાગ આવ્યો પણ શ્રાવણ માસની મેઘલી રાત, ખૂબ વરસાદ પડેલો, પવનના સુસવાટાથી ઠંડી ટાઢ, ચડી. આખો દેહ થરથર કાંપે. થોડું અફીણ લીધું પણ ઠંડી ન ઉતરી દરબારગઢમાં ગયો. માત્રાનો હોકો પીધો પણ ઠંડી ન જ ઉતરી. ઓરડામાં નજર ફેરવી, ઢોલીયો દેખાણો. સુંવાળી રેશમી તળાઈ, હુંફાળા ઓઢણા, ધ્રુજતો ધ્રુજતો બેહોશ દેહ ત્યાં ડોકાણો. નજીક આવી જુએ તો કોઈ સુતું છે.

જબ્બર કાયા, ઘઉંવર્ણો દેહ, અનોખા તેજ, બાબરીયાણી પોઢેલી. પણ જાલમસંગને આંખે અંધારા છે. રજપુતની નજર પારકા રૂપ નીરખવાનું શીખી નહોતી. તેનું ધ્યાન પોઢનારી કરતાં ખાલી પડેલા પડખાં ઉપર જ હતું. આહીં કાં તો ધણીને કાં તો છોકરું હોય, પણ મારે જીવતી ગરમી વગર હવે ટાઢ નહીં ઉડે, માટે હે વિશ્વંભર તમે સાક્ષી રે'જો બોલી વચ્ચે તલવાર મુકી જાલમસંગે શરીર ઢાળ્યું.

શરીરમાંથી હુફ આવવા માંડી ત્યાં આંખ ઢળી ગઈ. નારીના અંગની મીઠી હુંફે નિર્દોષ માણસ સુઇ ગયો.

પ્રભાતે માત્રો જુએ. હાથ તલવારે મુઝાઈ ગયો. સ્ત્રી–પુરૂષને વચ્ચે તલવાર–કંઈક ભેદ લાગે છે, સૂતેલો આદમી તો મુઆ પડેલાના ભુત જેવો હતો. બાબરીયાણી આના પર મોહે કદી? બાબરીયા–ણીને જગાડી બાજુમાં નજર જતાં ઠેકડો માર્યો. મે'માનને જગાડચો. પાંચ તોલા અફીણનો કસુંબો પાયો. પણ જ્યાં માત્રા વરુને જોયો ત્યાં થીજી ગયો.

જીવવાની આશા ન રહી. માત્રા વરુએ તો તાણ કરી શીરામણ પણ કરાવ્યું. હોકો પીવરાવ્યો. મે'માને હાથ જોડયા. બસ બસ હવે મે'માન ગતિ પુરી કરી દ્યો. વરુ કહે સાચું બોલો છે શું?

જાલમસંગે પૂછ્યું? વસવાસ પડશે?–તો તલવાર ક્યાં આઘી છે? વરુ બોલ્યો. જાલમસંગે માંડીને વાત કરી. માત્રા વરુએ સો રૂપીઆ રોકડા, એક ઘોડી અને શેર અફીણ આપ્યું. મીઠી જીભના રામરામ કર્યા. કચ્છમાં જાલમસંગ ઘુમે છે. જેટલા ચારણ કાઠીયાવાડ જાય તેની સાથે માત્રા વરુને સંદેશા મોકલે–પરગણું પણ પાછું હાથ આવી ગયું.

૧૮૮૫માં દુકાળ પડચો. કારમી ભૂખ કાઠીયાવાડમાં ફેલાઈ. માથે કોઠી જડેલો સુંડલો અને થોડાક ગાભા લઈ માત્રો વરુ તેની સ્રી સાથે જોડીયા બંદરે ઉતર્યો. નળીયા–કોઠારા પહોંચી ધણીયાણીને તળાવળી પાસે બેસાડી માત્રો જાલમસંગને દરબાર ગઢે પહોંચ્યો. તેને જોતાં જ જાલમસંગે દોટ મુકી પૂછ્યું મારા બોન ક્યાં છે?

પાદરે બેસાડી આવ્યો છું. હરખમાંને હરખમાં ચાર વર્ષના કુંવરને કીધું, જા ફોઈને તેડવા, ગગુભાએ દોટ મુકી. તળાવળીએ. બાબરીયાણીના ખોળે જઈ બેઠો. હેમના દાગીના જોઈ સ્રી લલચાણી બાળકને ગળે ટુંપ દઈ દીધી.

થોડીવારે રાણીવાસમાંથી રથ આવ્યો. ઠકરાણી ઉતર્યા. અલાયદા ઓરડે ઉતારા દીધા બાબરીયાણીને. પણ ગગુભા ન દેખાય. ગગુની તપાસ ચાલી. માત્રા વરુને સ્રીએ દાગીના દેખાડી વાત કરી.

માત્રો વરુ પત્થર થઈ ગયો. કાળા ધબ મોઢે મિત્ર પાસે ગયો. વાત કરી. જાલમના મોઢાની એકે રેખા ન બદલાણી.

મુડદું લઈ આવ્યો. છુપાવીને અગાશીમાં લઈ ગયો. બધાં દાગીના પેરાવ્યા. ભર બજારે મડદું પડતું મુકયું. હાકલમારી ગજબ થઈ ગયો. ગગુ પડી ગયો.

માત્રો તો ગળગળો થઈ ગયો. જાલમ કહે તમે નિરાંતે રહો ભા' વર્ષમાં બીજો ગગુભા તમને રમતો દેખાડીશ.

પાંચ વર્ષ મે'માન સાચવ્યા જાતાં જાતાં ગાયો-ભેંસો-ઉંટ-કળશી કળશી દાણા બે ઘોડી-રોકડા રૂપિયા દીધા.

સમતાની કેવી ચરમ સિમા બંને મિત્રોએ દાખવી? માટે જ કહ્યું કે —

समाय सव्व भूएसु — સર્વ પ્રાણી પર સમભાવ - સમવૃત્તિ રાખનારા તે સાધુ. તેને માટે **નમો લોએ સવ્વ સાહૂણં** કહ્યું.

સંબોધ પ્રકરણમાં ૨૭ રીતે સાધુના ૨૭ ગુણો બતાવેલા છે. તેમાંના પ્રચલિત ૨૭ ગુણોનું વર્ણન કરતાં જણાવે કે પાંચ મહાવ્રત - છઠ્ઠું રાત્રિ ભોજન ત્યાગ - છકાય જીવોના રક્ષણહાર, પાંચ ઇન્દ્રિયો પર સંયમ, ત્રણ ગુપ્તિએ ગુપ્ત. નિર્લોભી, ક્ષમાના ધારક ચિત્તની નિર્મલતાવાળા, વસ્ત્રાદિકના શુદ્ધ પડિલેહક, પરિષહ અને ઉપસર્ગના સહેનારા, વિવેકી એવા સતાવીસ ગુણો સાધુના કહ્યા.

## સો સદગુરુ સું મોરુ મન માને

સ્તવનની એક નાનકડી પંક્તિમાં પણ સાધુ મહાત્માની ઓળખ કેવી સુંદર આપી -

**વેદ ત્રણને હાસ્યાદિક ષટ્ મિથ્યાત્વ ચાર કષાયજી**
**ચૌદ અભ્યંતર નવનિધિ બાહ્ય ગ્રંથિ તજે મુનિરાય**
**ભવિયણ ભજીએજી**

કોની ભજના કરવાની છે? - સાધુની પણ શા માટે ભજના કે નમસ્કાર કરવાના?

સાધુ મહાત્મા, સ્ત્રી-પુરુષ નપુંસક ત્રણ વેદ, હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સાએ હાસ્ય ષટ્ક, મિથ્યાત્વ અને ક્રોધ-માન-માયા-

લોભ રૂપી ચાર કષાય એમ કુલ ચૌદ પ્રકારે અભ્યંતર અને ધન–ધાન્ય–ક્ષેત્ર–વાસ્તુ–રુપ્ય–સુવર્ણ–કુપ્ય–દ્વિપદ–ચતુષ્પદ એ નવ બાહ્ય પરિગ્રહને તજનારા છે માટે જ તેઓ નિષ્પરિગ્રહી કહેવાયા. આવા મુનિની ભજના કરવાનું કહ્યું છે.

તમે કહેશો કે પરિગ્રહ છોડયો તો તેના લાભ માટે, અમારે શું ?

તમારે મોક્ષમાર્ગમાં સહાયક છે માટે,

જૈન શાસનમાં મોક્ષમાર્ગ બતાવે અરિહંત – આદર્શ સિદ્ધો રજૂ કરે. શાસનમાં રાજા સમાન આચાર્ય સાર સંભાળ લે, વિનય તથા વિદ્યા શીખવનારા ભલે ઉપાધ્યાય હોય પણ મોક્ષ માર્ગમાં સહાયક ન હોય તો ?

તેથી પંચમ પદે મોક્ષ માર્ગના સહાયક વર્ગ તરીકે સાધુ મહારાજને નમસ્કાર કરો.

જગતમાં નામો ત્રણ પ્રકારના. સાર્થક–નિરર્થક – અર્થ શુન્ય, સાધુ એટલે "મોક્ષને સાધે તે" નામ સાર્થક થયું. મોક્ષને માટે જ પ્રવૃત્તિ. એકજ માગણી કરે સાધુ–

होउ ममं तुह पभावओ भयवं—(શું ?) भव निव्वेओ ભવ નિર્વેદ, मग्गाणुसारिआ મોક્ષ માર્ગનું અનુસરણ, (પછી ?) इट्ठ–फलसिद्धि–ઇષ્ટ ફળ તે મોક્ષ જ બીજું કંઈ નહીં,

અથવા–आरुग्ग बोहिलाभं समाहि वर मुत्तमं दिंतु–છેલ્લે सिद्धा सिद्धि मम दिसंतु–એટલે જ ટીકાકારે વ્યાખ્યા કરી—

साधयन्ति ज्ञानादि शक्तिभिर्मोक्षम् इति साधवः જેઓ પોતાની જ્ઞાન વગેરે શક્તિ વડે મોક્ષને સાધે તે સાધુ.

**પ્રશ્ન :–** શ્રાવકો પણ દેશ વિરતિ ધર્મ વડે મોક્ષની સાધના કરે છે. તો તે પણ સાધુ ?

–ના–તેઓ દુધ–દહીંમાં પગ રાખવાવાળા છે. તેમને મોક્ષ સાધવો છે, પણ વિષય–કષાયનું મમત્વ છોડવું નથી, પૂજા કરવી છે પણ જિનાજ્ઞા પાળવી નથી. પ્રતિક્રમણ કરવું છે પણ છકાય વિરાધના ટાળવી નથી. તેથી શ્રાવકને સાધુ ન કહેવાય પણ શ્રમણોપાસક કહેવાય.

વળી શ્રાવક નિરતિચાર વ્રત પાળે, કદાચ ૧૧–પડિમા વહન કરે

તો પણ ઊંચામાં ઊંચે બારમે દેવલોકે જાય. જીરણ શેઠમાં શું બોલો છો? "શ્રાવકની સીમે ઠરંતા" ગમે તે સ્થિતિમાં પણ બારમા દેવલોકની ઉપર ન જઈ શકો તમે.

કદાચ જિનેશ્વરનું કથન ન માનતો કે અભવ્ય કે ઉલટું માનતો મિથ્યાદૃષ્ટિ પણ પાંચ મહાવ્રત ધારણ કરે તો નવ ગ્રૈવેયક સુધી જાય. પણ નિરતિચારી સમ્યક્દૃષ્ટિ કે સમકિતી–કે વ્રતધારી શ્રાવક બારમાં દેવલોકથી આગળ વધે નહીં. માટે તમને કહ્યું કે

નમો લોए सव्व साहूणं પદ ભજો.

વિચારો બાહુબલીજી એ દીક્ષા લીધી, કાયોત્સર્ગે લીન છે. પણ અભિમાને ચડયા કે નાના ભાઈને વંદન ન કરવું. શલ્ય સહિત તપ કેમ ફળે? તમે કહેશો મોટાભાઈ છે–માટે તે તો આચાર ગણાય. પછી અભિમાનમાં કેમ ઘટાવો છો?

આચાર કહેવાય તે સાચું, પણ અહીં મોટાભાઈ–નાનાભાઈનો વ્યવહાર બાહુબલીજી વિચારતા નથી. બાહુબલીજી વિચારે છે કે જો મને જ્ઞાન થઈ જાય તો મારે કેમે કરી નાના ભાઈને નમવું ન પડે.
વળી આ તો કેવલી છે. માટે શાસ્ત્રકારે તેને અભિમાન ગણ્યું. જેવો અહંકાર ગયો કે કેવળજ્ઞાન થયું કે નહીં?

માટે કહ્યું કે મનમાંથી મોહ મમતાને ખંખેરી નાખે તેનું નામ મોક્ષ–સાધના, જે શ્રાવકને માટે નહીં સાધુને માટે શકચ છે. સાધુ તો મોક્ષ સાધે તથા સાધક ને મદદ કરે.

બીજું સમતાને ધારણ કરે તે સાધુ. જેમ ક્ષત્રિય કે બ્રાહ્મણ કુળમાં જન્મેલો તેના સંસ્કાર સાચવે તેમ આચાર્યની પરંપરામાં જન્મેલો તેની રીતિ નીતિ સાચવે તો જે સાધુ.

નિરુક્તિથી સા એટલે સમપણું અને ધુ એટલે વિચારવું. જે સમપણાનો વિચાર કરે તે સાધુ. "સર્વ જીવો પ્રત્યે મૈત્રી" એ માર્ગ સાધુનો છે, શ્રાવકો પણ રોજ પ્રતિક્રમણમાં मित्ति मे सव्व भूएसु બોલે પણ તે હાથીના સ્નાન જેવું, નાહી ધોઈને ધુળમાં આળોટે.

નિરુક્તિથી લખ્યું समतां वा सर्वभूतेषु ध्यायन्तीति निरुक्ति न्यायात साधवः બધાં જીવો પ્રત્યે સમતાને વિચારે તે સાધુ.

**સો સદ્‌ગુરુ સું મોરુ મન માને** એમ વિચારી જાપ કરો
નમો લોએ સવ્વ સાહૂણં,

સાધુ મોક્ષના સાધક તથા સમતા વાળા ખરાં પણ શાસનમાં તેને થાંભલા સમાન ગણ્યા. કેમકે થાંભલો મજબુત હોય તો મકાન ટકે. અરિહંતાદિની વૈયાવચ્ચ પણ સાધુ જ કરે છે ને? એટલા માટે તો શાસ્ત્રકારે લખવું પડ્યુ ને धन्नो सो लोहज्जो– તે લોહાર્યને ધન્ય છે, જેના લાવેલા આહર પાણી ભગવાન્ મહાવીર મહારાજા વાપરે છે. ગૌતમ સ્વામી કે સુધર્મા સ્વામીને નહીં અને તે લોહાર્ય ધન્ય કહ્યું,

ટીકાકાર બોલ્યા કે साहायकं वा संयम कारिणां धारयन्तीति साधवः

સાધુ જીવનની પ્રતિજ્ઞા શું? करेमि भंते...जावज्जिवाए આખી જિંદગી માટે આ પ્રતિજ્ઞા પાળીશ તેમ સૂચવ્યું, માટે આપણે ઉમળકાથી બોલીએ છીએ **સો સદ્‌ગુરુ શું મોરુ મન માને**

કારણ કે આ પ્રતિજ્ઞાનો અર્થ જ એ થાય કે देहं पातयामि वा कार्यं साधयामि. સાધુ સ્વાર્થ સાથે પરાર્થને પણ સાધે.

ગોચરી ગયા, હેતુ શો? સુપાત્રદાનથી ગૃહસ્થોના આત્માનો ઉદ્ધાર થશે અને મોક્ષના સાધનભૂત આ શરીરનું પોષણ થશે.

**પ્રશ્ન :**– નમસ્કાર કબુલ પણ सव्व શબ્દ શા માટે?

ચારિત્ર પાંચ પ્રકારે. સામયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત–ભરત બાહુબલી ૧૨ વર્ષ લડયા. લોહીની નદી વહી છતાં ભરતનું માથું બાહુબલીને કેમ નમ્યું?
સામાયિક ચારિત્રને લીધે.

મેતારજ મુનિને કેટલું કષ્ટ સોનીએ આપ્યું કે ત્યાં જ કાળધર્મ પામ્યા. એક તો સાધુ પાછા રાજાના જમાઈ. સોનીનું ઘાણીએ ઘાલી તેલ જ કાઢે ને? શું રસ્તો કર્યો સોનીએ. મેતારજ મુનિનો ઓઘો–મુહપત્તિ લઈ सव्वं सावज्जं जोगं पच्चक्खामि સિપાહી આવ્યા તો "ધર્મલાભ" રાજા તો સમજી ગયા કે માણસ નક્કી ભયંકર ગુનામાં છે. પણ ત્યાગનો માર્ગ લીધો છે. સાધુવેશે છટકવા માંગે છે. તો પણ છોડી દીધા. કારણ શું? સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો છે. માટે નમસ્કાર કરવા યોગ્ય છે.

સામાયિક ચારિત્ર પછી વડી દીક્ષા થઈ હોય કે પરિહાર વિશુદ્ધિથી યથાખ્યાત સુધી હોય ગમે તે સ્થિતિમાં સર્વે નમસ્કારને લાયક છે માટે સવ્વ શબ્દ મુકયો.

છઠ્ઠાથી તેરમા ગમે તે ગુણઠાણા સુધી હોય, ગમે તે અવસ્થામાં હોય, પ્રમત દશાવાળો હોય તો પણ નમસ્કાર માટે સવ્વ શબ્દ મુકયો.

અરે પુલાક લબ્ધિધારી હોય તો ૮૪ લાખ ઘોડા–૯૬ ક્રોડ પાયદળવાળા ચક્રવર્તીના સૈન્યનો ચૂરો કરી નાખે તેટલી તાકાત હોય. છતાં લબ્ધિ ફોરવે ક્યારે–શાસન માટે જ ને ? તેથી તેવા પણ વંદનીય, સ્થવીર કે જિનકલ્પી ને પણ નમસ્કાર, પ્રત્યેક બુદ્ધ કે સ્વયં બુદ્ધને પણ નમસ્કાર, દરેક ક્ષેત્ર અને દરેક કાળના સાધુને પણ નમસ્કાર. આ બધા પ્રકારના સાધુ ને નમસ્કાર કરવા સવ્વ સાહૂણં મુકયું.

શ્રેણિક રાજાની ચિત્ર શાળાનો દરવાજો કડડભૂસ કરતો પડી જાય. બત્રીશ લક્ષણા બાળકનો ભોગ આપવા કહ્યું. વિવેકહિન રાજાએ ભારોભાર સોનૈયું આપીને બાળક ખરીદ્યો.

રાજગૃહીના નીર્ધન બ્રાહ્મણ ઋષભદત્તની ભદ્રા નામે ભાર્યાનો પુત્ર અમરકુમાર. ઘણું રડયો નાનો બાળક પણ માને દયા ન આવી.

પિતાજી પાસે કરગર્યો. મામા–કાકા બધાં સગાંને વિનવ્યા. પણ સગી મા દુશ્મન બની પછી બીજા કોને કહેવું. બચાવો–બચાવોની બુમો પાડે છે અમરકુમાર–પણ કોઈ સાંભળતું નથી.

ખુદ રાજાને ફરિયાદ કરી. તે પણ બહેરો બની ગયો. દીનતાથી કરગરીને–રડી રડીને આંખો મીંચાઈ ગઈ. બધાં સ્વાર્થી દેખાયા ત્યારે યાદ આવ્યા સાધુના વાત્સલ્ય ભર્યા શબ્દો અમર ! "બધાં દુઃખનો નાશ કરનારો એક નવકાર જ છે" નવકારમાં ચિત્ત પરોવ્યું. સ્થિર કર્યું ધ્યાન. લીન થઈ ગયો તેમાં, બસ થોડી જ વાર.

બળબળતી જવાળા શીતલ બનવા લાગી. પોતે જાણે સિંહાસન પર બેઠો છે તેમ લાગ્યું. રાજા લોહી વમવા લાગ્યો. સેવકો ઉંધા માથે પડયા છે નવકારના પ્રભાવે દેવી સહાય મળી.

અમરકુમારે બધાંને બચાવ્યા. રાજા કહે છે તમે રાજઋદ્ધિ ભોગવો.

અમરકુમારે સમતાપૂર્વક ઉત્તર વાળ્યો રાજન્‌ ! રાજ્યનો સ્વાર્થ મેં નજરે જોઇ લીધો. હવે તો નવકારમંત્ર જ મારું કલ્યાણ કરશે. તેણે પૂર્વભવ જોયો, ત્યાં જ લોચ કરી અમર મુનિ ચાલ્યા નગર બહાર. કાયોત્સર્ગે લીન બન્યા. માને થયું અરે! આ તો જીવતો છે હવે મારા સોનૈયાનું શું ? અમર મુનિને મારી નાખ્યા. મુનિ બારમા દેવલોકે ગયા.

માટે જ પંચ પરમેષ્ઠિનું સ્મરણ કલ્યાણ કારી કહ્યું જેમાં પંચમ પદે બીરાજીત સાધુ ભગવંતને નમસ્કાર કરતાં सव्व શબ્દ કેમ મુકયો તે વિચારણા ચાલે છે.

જો કે અભયદેવ સૂરિજી જણાવે છે કે सव्व શબ્દ બધાં પદ સાથે જોડવો. सव्व सिद्धाणं सव्वआयरियाणं એ રીતે. છતાં અહીં सव्व साहूणं અલગ પાડયું તે સર્વ કાળ, ક્ષેત્ર–પ્રકાર–ભેદ–ગુણ સ્થાનક આદિ સર્વને આશ્રીને કહ્યું.

**પ્રશ્ન :–** सव्वથી બધાં સાધુ આવી ગયા પછી लोए પદની શી જરૂર ?

लोके–मनुष्यलोके न तु गच्छादौ सर्वसाधवस्तेभ्यो नमः

सव्व શબ્દથી બધાં લીધા છતાં लोए દ્વારા મનુષ્ય લોકમાં રહેલા સર્વ સાધુ તેમ ગ્રહણ કરવું. ચૌદ રાજલોક કે લોકાલોક નહીં પણ અઢી દ્વિપ જ લેવાનો તેથી લખ્યું –

जावंत के वी साहू भरहेरवय महाविदेहे य
सव्वेसिं तेसिं पणमो तिविहेण तिदंड विरियाणं

પાંચે ભરત–ઐરાવત–મહાવિદેહ એ પંદર કર્મભૂમિ લેવાની. આ રીતે આ લોકમાં રહેલાં સર્વ સાધુઓને નમસ્કાર કરતાં કહ્યું.

नमो लोए सव्व साहूणं

**અઢાર સહસ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર**
**મુનિ મહંત જયણાયુત વંદી કીજે જન્મ પવિત્ર રે**

નમસ્કાર મહામંત્રના માહાત્મ્ય અંતર્ગત સાધુ પદની કેટલી સુંદર ઓળખ આપી. અઢાર સહસ શીલાંગના ધોરી –

☐ ઇચ્છાકાર–મિચ્છાકાર–તહત્તિકાર ૧૦ વિધ ચક્રવાલ સમાચારી
☐ × [પૃથ્વીકાયાદિ ૫ + બે ઇન્દ્રિયાદિ ૪ + અજીવ=૧૦] ૧૦=૧૦૦
☐ × પાંચ સમિતિ ... ... ... ૫=૫૦૦
☐ × ચાર કષાય ... ... ... ૪=૨૦૦૦
☐ × જ્ઞાનાદિ ત્રિક ... ... ... ૩=૬૦૦૦
☐ × ત્રણ ગુપ્તિ ... ... ... ૩=૧૮૦૦૦

જેમકે વચન ગુપ્તિ સહ સમ્યક્ જ્ઞાની એવો પ્રશાંત કષાયી–માયાના અભાવવાળો (સરળ) અને ભાષા સમિતિ પાળતો મિચ્છાકાર સમિતિ પૂર્વક પંચેન્દ્રિય જીવનું રક્ષણ કરે.

આવા ગુણવાન્ સાધુને નમસ્કાર કરતાં કહ્યું **સો સદગુરુ શું મોરુ મન માને.**

૦ સાધુ બન્યા માત્રથી જ કેમ નમસ્કાર કર્યો? मुनीनाम् दर्शन दुर्लभम् – ઈલાચીકુમાર નટડીના મોહમાં છે. ત્રીજી વખત દોરડા પર ચડી જીવ સટોસટનો ખેલ ખેલી રહ્યો છે. ક્યારે રાજા દાન આપે ને ક્યારે નટડી મારી થાય.

રાજા માને કે નટ ક્યારે પડે ને તેની નટડી મને જડે. ત્યાં દૂર ઉભેલા મુનિનું દર્શન થયું ઇલાચીને.

जे अ कंते पीए भोए लद्धेवि पिट्ठि कुव्वई
साहीणे चयई भोए सेहु चाइत्ति वुच्चई

જેને સુંદર અને પ્રિય એવા શબ્દ–રૂપ વગેરે ભોગો મળ્યા છતાં (તે પણ) સ્વાધીન હોવા છતાં તે તરફ પીઠ ફેરવી [અનાસક્ત] રહે છે તેને ત્યાગી કહ્યા છે. તેવા અણગાર જોયા. મન પલટાણું. મુનિના દર્શને ધારા બદલાણી. ઈલાચીકુમાર કેવળી બની ગયા.

કારણ વેશનું પ્રામાણ્ય ભરત ચક્રવર્તી કેવળી છતાં ઇન્દ્રવેશ આપી વાંદે – કુર્માપુત્ર કેવળી છતાં સીમંધર સ્વામી કહે ગૃહસ્થપણે રહે છે કેમ તો કે વેશ નહોતો. ખુદ ભગવાને પણ ઘેર બે વર્ષ પાળ્યું બધું, છતાં વેશ નહીં તો ચોથું જ્ઞાન નહીં. માટે વેશને પણ પ્રમાણ્ય ગણી. **નમો લોએ સવ્વ સાહૂણં કરે.**

☐

## (૮૨) નમુક્કાર–પંચ નમસ્કાર

### –નમો તેહને પાપના નાશ માટે

जेणेस नमुक्कारो सरणं संसार समर पडियाणं
कारणमसंख दुक्खक्खयस्स हेऊ सिवपहस्स

(જેથી) આ નમસ્કાર સંસાર સમરાંગણમાં પડેલા આત્માને શરણ રૂપ છે. અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે તથા શિવ [મોક્ષ] પંથનો પરમ હેતુ છે.

વૃદ્ધ નમસ્કાર ફલ સ્તોત્રમાં આ શ્લોક દર્શાવ્યો પણ જેથી [जेणेस] લખ્યું તેનું અનુસંધાન શું ? – "શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠીઓને કરવામાં આવતા" નમસ્કારથી–અસંખ્ય દુઃખોના ક્ષય થાય છે. આ વાતનું પ્રમાણપત્ર શું ?

एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो

આ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે.

પરમેષ્ઠીના નમસ્કારની અદ્ભુત તાકાત છે પાપને ઓગાળી નાખવાની. પછી સંસારનો મહેલ શી રીતે ઉભો રહેવાનો ? માટે દરેકે ૧૦૮ નવકાર મંત્રનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ. માત્ર દશ મિનિટ રોજ નમસ્કાર માટે ગાળો. સમગ્ર જીવનને પલટી દેવાની તાકાત છે જેમાં, તેવા ઉત્તમોત્તમ ગુણવાન્ અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુને અહીં નમસ્કાર કરવામાં આવ્યો છે. બસ તમે તો આજે એક ધ્રુવ પંક્તિ યાદ કરી લો.

**નમો તેહને પાપના નાશ માટે**

નવકાર મંત્રમાં પણ આ વાત લખી દીધી.

**एषः पञ्च नमस्कारः सर्व पाप प्रणाशनः**

અહીં एषः पञ्च કરીને એક વચન વાપર્યું તે પણ હેતુપૂર્વકનું

છે. તેનું રહસ્ય એ છે કે પાંચેને સામુદાયિક નમસ્કાર જેમાં કરવામાં આવ્યો છે એવો "નમસ્કારરૂપી શ્રુત સ્કન્ધ" સર્વ પાપનો નાશ કરનારો છે.

તે દી'કુંડલાના લુહારો હિંસક હથિયારો બનાવતા. તલવાર, કટારી, છરી, જમૈયા, કુહાડી વગેરે. કુંડલાના કુવાનું કડક અને ઝેરી પાણી આ હથિયારો પીતાં અને એકજ ઘાએ શ્મશાનો સળગતાં થઈ જતાં.

દેવજી લુહાર ત્યાં પ્રખ્યાત કારીગર અને બાપથી ચાર ચાસણી ચડે તેવો કારીગર પાકયો નારણ લુહાર. નારણ લુહારની ત્રિશુળ છાપ તલવારે તો રાજ રજવાડામાં સોંપો પાડી દીધેલા. કચ્છ–કાઠીયાવાડ અને રાજસ્થાનના ધીંગાણામાં એ વખત કુંડલાની તલવારો કોપ ઉતારી નાખતી અને નારણ લુહારને રોજ રજવાડાની વરદીના ઢગ ખડકાતા.

ભાવનગરની આરબ બેરખનો જમાદાર આલમબેગ ખુદ એકવાર વરદી દેવા આવ્યો. નારણ લુહારે પોતાની ઘડેલી ત્રિશુલ છાપ તલવાર નમુના લેખે આપી. આલમબેગ ઉતારે આવ્યો. અલમસ્ત પાડો ખરીદ્યો. ચારે પગ બાંધી આંબલીની ડાળીએ ઉંધો લટકાવ્યો. આલમબેગે ઠેકીને તલવારનો ઘા કર્યો. એકજ ઘા એ પાડાનું માથું પાંચ હાથ છેટે પડ્યું.

કમાલ નારણ! તેરી બી કમાલ. આલમબેગ નાચી ઉઠયો. વેપારીની દુકાનેથી પાઘડી ખરીદી અને પોતાના હાથનો સોનાનો વેઢ કાઢી નારણ લુહારને ત્યાં પહોંચ્યો. નારણને કહ્યું લે નારણ યે મેરી ઓર સે તોહફા—

નારણ તો જોઈ જ રહ્યો. લે લે નારણ તેરી સમશેર બડી કાતીલ હૈ. નારણ કહે હશે પણ હું ભેટ નથી લેતો. કિંમત આપી દેજો.

અરે કિંમત કયા નારણ મૈંને એસી સમશેર નહીં દેખી, જીસકે એક ઘાવસે ભેંસ [પાડા] કા માથા ધડસે અલગ હોકર ધરતી પે ગિર પડે.

નારણ બુમ પાડી ઉઠયો શું? માથું કપાયું? પાડાનું? નારણના રોમેરોમ ઉભા થઈ ગયા. ચહેરો એનો ઠરેલ કોલસા જેવો થઈ ગયો. જમાદાર લ્યો આ તમારી ભેટ કોઇ ગરીબ ગુરબાને આપી દેજો.

નારણ દેવજીના મનમાં લોહી બંબોળ એવું પાડાનું માથું તરફડવા લાગ્યું, માથામાં ઘુંબા માર્યા. નારણ જુલમ કર્યો નારણ! પેટને માટે આ ગોઝારો ધંધો–પાપી પેટ માટે–અરેરે આજ સુધીમાં કેટલા જીવના માથા ઉતરી ગયા હશે નારણ! મનોમન વલોપાત વધી ગયો. કેટલી પેઢી ડુબશે તારી નારણ? આમ વલખાં મારતો પાપના ભારથી બેભાન થઈ ઢળી પડયો જમીન ઉપર.

ભાનમાં આવ્યો ત્યારે પત્ની કહે ભગત શું થયું? લુહારે ઘડી પહેલાંની પાડાની કરપીણ હત્યાની વાત સંભળાવી. નારણની આંખમાં આંસુની ધાર આવી ગઈ. હાથમાં પાણી લીધું. લુહારની કોઢયમાં જઈ ભગવાનને નમસ્કાર કરી અંજલી મુકી કે હવે કોઈ દી હું તલવાર જમૈયો છરી, કટારી, કુહાડી જેવા લડાઇના હિંસક હથીયાર બનાવીશ નહીં. હે ભગવાન! ખેતીના ઉપયોગના અને જેનાથી જીવાત મરે તેવા પાવડા, કોશ, રાંપ કે ગાડાના પૈડા પણ નહીં બનાવું.

ઘરવાળી પણ હાથ મુકીને સંમતિ દે છે. ભગવાનને માથું નમાવ્યું તો જરૂર આપણી ભેટ કરશે. પણ આ પાપની પ્રતીજ્ઞા તોડશો નહીં નારણને લુગડે થીગડાં મારવાના વખત આવ્યા. પૈસા ખુટી ગયા. લોકો નીંદા કરે છે– જેમ તેમ બોલે છે. એક વખત મન ડગી ગયું પણ પત્નીએ શાંત કર્યો.

શેરીમાં ઝાંઝ પખાજના અવાજો સંભળાયા, કીર્તન ગવાય છે. નારણ ભગત હળવે રહીને જુએ તો સંત આપા દાના. નારણે નિઃશ્વાસ મૂકયો. પોતે સંત આપાદાનાનો સેવક. આપાદાનાને પણ ભગતના ભજન કીર્તન ખૂબ ગમે.

દાના મહારાજે ભગતને યાદ કર્યા. ઓલો તલવાર વાળો ભગત કયાં? મા'રાજ ભગત તો બહુ દુઃખી છે. તેણે પ્રતીજ્ઞા લીધી છે, નાનું જીવ–જંતુ મરે તેવા પણ હિંસક હથીયાર ન ઘડવા. એટલે છોકરા ભુખે મરે છે,

દાના મા'રાજ ખુશ થઇ ગયા. વા' ભગત તેં તો સતનો મારગ લીધો. સામે પગલે દાના મા'રાજ ચાલ્યા નારણને શાબાશી દેવા. નારણ દોડીને સંતના ચરણે પડી ગયો.

નારણ તે તો પાપનો મારગ છોડીને તારી એકોતેર પેઢી તારી. તું હવે વજન તોળવાના કાંટા બનાવ. દેશ પરદેશમાં વખણાશે. જીવ-હિંસા થશે નહીં. તારો કાંટો ન્યાયનું પ્રતિક બનશે. તારા કુળમાં ભક્તિ રહેશે.

નારણ ભગતે ત્રાજવા-કાંટા બનાવ્યા, પ્રસિદ્ધ થયા. રાજના ઈનામો મળ્યા.

ભગવાન અને સંતને કરેલો નમસ્કાર તેના પાપનો નાશ કરી પ્રતિષ્ઠા અપાવનાર થયો. "ઠાકર એટલે દેવ, સંત એટલે ગુરુ"નો નમસ્કાર.

પંચપરમેષ્ઠીમાં પણ અરિહંત અને સિદ્ધ તે દેવ અને આચાર્ય-ઉપાધ્યાય સાધુ તે ગુરુ તેના નમસ્કાર માટે કહ્યું एसो पंच नमुक्कारो

**-નમો તેહને પાપના નાશ માટે-**

૦ પ્રથમ નમસ્કાર શ્રી અરિહંત પરમાત્માને-

આ વિશ્વ ઉપર તેમનો ઉપકાર સહુથી મોટો છે અને નજીકનો છે. તેમના ધર્મ પ્રવર્તન દ્વારા જ ધર્મમાર્ગની અને ધર્મમાર્ગમાં લઈ જનારી નમસ્કાર પ્રવૃત્તિ સંભવે છે.

૦ બીજો નમસ્કાર શ્રી સિદ્ધ ભગવંતોને

આત્મ વિશુદ્ધિનો અંતીમ આદર્શ તેઓ છે. શ્રી અરિહંત ભગવંતો પણ નિર્વાણ પછી તે અવસ્થાને જ પ્રાપ્ત કરે છે.

૦ ત્રીજો નમસ્કાર આચાર્ય ભગવંતોને—

શ્રી અરિહંત દેવોએ મોક્ષની પ્રાપ્તિ માટે જે આચારની પ્રરૂપણા કરી છે. તેનું તેઓ યથાર્થપણે પાલન કરે છે. બીજા પાસે પણ તેનું પાલન કરાવે છે.

૦ ચોથો નમસ્કાર ઉપાધ્યાય ભગવંતોને

કારણ કે તેઓ અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા શ્રુતજ્ઞાનનું યથાર્થ અધ્યયન કરી સાધુઓને, મુમુક્ષુઓને તેનું શિક્ષણ આપે છે.

૦ પાંચમો નમસ્કાર શ્રી સાધુ ભગવંતોને

કેમ કે તેઓ શ્રી અરિહંત દેવોએ પ્રરૂપેલા ચારિત્ર ધર્મને અંગીકાર કરી નિર્વાણને માટે સદા પ્રયત્ન શીલ રહે છે.

આ પંચ પરમેષ્ઠીના નમસ્કારથી વીતરાગતા અને તેને પ્રાપ્ત કરાવનારા સાધનો પ્રત્યે સદ્ભાવ પ્રગટે છે. એ સદ્ભાવથી નિર્મલ બનેલ બુદ્ધિ સત્ અસત્ ના જ્ઞાનરૂપે વિવેકને ધારણ કરે છે. પરિણામે સંવર અને નિર્જરારૂપ ચારિત્ર ધર્મમાં સ્થિર થવાય છે. આવું ઉત્તમ ચારિત્ર સર્વ પાપોનો સમૂળગો નાશ કરે છે. માટે एसो पंच नमुक्कारो પછી મુક્યું सव्वपावप्पणासणो.

નમસ્કાર મંત્રનું મહત્વ દર્શાવતા વૃદ્ધ નમસ્કાર ફળ સ્તોત્રમાં લખ્યું કે.

कल्लाण कप्प तरुणो अवंझ बीयं पयंड मायंडो
भव हिमगिरि सिहराणं पक्खिपहू पाव भूयंगाणं

[વળી તે] કલ્યાણ કલ્પતરુનું અવન્ધ્ય બીજ છે. સંસારરૂપી હિમગિરિના શિખરોને ઓગાળવા માટે પ્રચંડ સૂર્ય તુલ્ય છે. પાપ ભૂજંગોને દૂર કરવા માટે ગરૂડ પક્ષી સમાન છે.

અભયદેવ સૂરિજી પણ નવકાર મંત્રના સર્વ વિઘ્ન વિનાશી પણાને જણાવતા લખે છે કે तन्नमस्कारस्य च सर्वपाप प्रणाशकत्वं—सर्व विघ्नोपशम हेतुत्वात्- એટલે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે તે સર્વ પાપનો નાશ કરનાર, સર્વ વિઘ્નનો નાશ કરનાર છે.

પંચ પરમેષ્ઠી નમસ્કાર કરવાની ક્રિયા કેટલી? બે સેકન્ડની. એ બે સેકન્ડની ક્રિયામાંપણ ધ્યેય એકજ. સર્વ પાપનો નાશ. એટલે કે અનિષ્ટ નિવારણ અને ઈષ્ટની પ્રાપ્તિ.

આમ બે સેકન્ડ જેટલી ક્રિયામાં પણ મૂળ લક્ષ કયું? કર્મક્ષય કર્મના નાશનું જ છે. મતલબ કે આપણે કલાકની દિવસની—મહિનાની કે આખી જીંદગીની ગમે તેવડી ધર્મ ક્રિયા કરતા હોઈએ. પણ સાધ્ય શું? કર્મક્ષય. માટે ધ્રુવ પંક્તિ બનાવી કે—

## નમો તેહને પાપના નાશ માટે

જો કર્મક્ષયનો મુળ મુદ્દો જ ન રહેતો? અરિહંતને—સિદ્ધને કે આચાર્યાદિ ગુરુવર્યોને નમસ્કાર કરવાનું કશું ફળ રહે ખરું?

જેમ કલમથી કોઈ રાજા લખી દે કે હવે પાંચ ગામ તને ત્રાંબાનાં પતરે લખી દઉં છું. પણ એમ લખવા માત્રથી ગામ બીજાને મળી

જાય ખરા ?– ન મળે–કેમકે ભાઈ હવે તારું રાજાપણું જ ક્યાં છે ? તે રીતે કર્મક્ષયપણાનું મૂળ ધ્યેય જ ન રહ્યું હોય તો પછી ગમે તેટલી વાતો કરો પણ સિદ્ધિની પ્રાપ્તિ થાય નહીં.

कृत्वा पाप सहस्राणि हत्वा जंतु शतानि च
अमुं मंत्रं जपित्वा च तिर्यंचो पि दिवंगता

હજારો પાપ કરી અને સેંકડો જીવોની હત્યા કરી આ [નવકાર] મંત્રને જપીને તિર્યંચો પણ સ્વર્ગે ગયા છે.

તો પછી મનુષ્ય માટે सव्व पावप्पणासणो વિધાન કેમ સાર્થક ન બને ?

શ્રેણિક રાજાના પિતા પ્રસેનજિત રાજાના રાજ્યમાં રાજગૃહિ નગરીને વિશે લોહખુર નામે ચોર રહેતો હતો.

એક વખત જીતેલું ઘુતદ્રવ્ય બાળકોને આપી દીધું. પછી માર્ગે જતા ક્ષુધાતુર થયો, એટલે ઘેર જમવા જતો હતો. ત્યાં માર્ગમાં રાજાના મહેલમાંથી રસવંતીની સુગંધ આવી. તેથી અંજન વિદ્યા વડે અદૃશ્ય બની, રાજમહેલમાં રાજાની સાથે એક થાળમાં બેસી ભોજન કર્યું.

પછી તો રસની લાલસા થવાથી રોજેરોજ તેના ઘેર જઈ જમવા લાગ્યો. ઘણાં દિવસ આમ ચાલ્યું. ખોરાક ઓછો થવાથી રાજાનું શરીર કૃશ થવા લાગ્યું. મંત્રીએ રાજાને પુછયું સ્વામી ! તમારું શરીર ગ્લાન કેમ થઈ ગયું ? અન્ન પર અરુચિ થઈ છે કે કોઈ ચિંતા છે ?

રાજા કહે મંત્રી, આશ્ચર્ય એ છે કે હું હમેશાં બમણું – ત્રણ ગણું ખાઉં છું. પણ કોઈ અંજન સિદ્ધ પુરુષ મારી સાથે જમી જાય છે અને નારકીના જીવોની જેમ મારો ઉદરાગ્નિ શાંત થતો નથી.

મંત્રીએ ભોજનગૃહની ચારે તરફ સુકા પુષ્પો વેર્યા. ભોજનાવસરે ચોરના પગ પ્રહારથી ખડખડાટ થતો સાંભળ્યો. બીજે દિવસે તે રીતે ચોરને મહેલમાં આવેલો જાણી તત્કાળ તે સ્થાનના દ્વારને દૃઢ રીતે બંધ કર્યા. અંદર તીવ્ર ધુમાડો કર્યો. ધુમાડાથી વ્યાકુળ ચોરની આંખમાં અશ્રુધારા આવી અંજન લોપાઈ ગયું.

ચોર દેખાયો, બાંધીને રાજા પાસે લાવ્યા. અહો મારે તો ભોજન

અને ઘર બંને ગયા. રાજાજ્ઞાથી સુભટોએ ચોરને નગરમાં ફેરવી શૂળીએ ચડાવ્યો.

જિનદત્ત શ્રેષ્ઠીએ સુડીએ લટકેલા આક્રંદ કરતા ચોરને કહ્યુ, હે ચોર! પાપ રૂપી વૃક્ષનુ આ ભવમાં ફળતો તને વધ–બંધન રૂપ મળી ગયું, પણ પરલોકમાં નરક ગતિની વેદના રૂપ ફળો પણ તને મળશે. તેથી અંતકાળે પણ તું ચોરી ન કરવાના વ્રતને ગ્રહણ કર.

ચોર કહે શેઠ, શીયાળ મારા પગ ખાઈ ગયા છે. કાગડાઓએ મારું મસ્તક ઠોલી નાખ્યું છે. કૃપા કરી પહેલાં મને પાણી આપો.

શેઠે રાજ્ય વિરુદ્ધની વાત જાણી પેલા મૌન ધારણ કર્યું. પછી ચોરને સલાહ આપી, હે ભદ્ર! હું જળ લાવું છું પણ તું પહેલાં તારા આ ભવના પાપની આલોચના કર. કેમકે હવે તું જીવવાનો નથી. ચોરે પણ પોતાના પાપો પ્રગટ કર્યા. શેઠે તેને ચોરી ન કરવા સહિત બધાં પચ્ચક્ખાણ કરાવ્યા. પછી કહ્યું કે તું સર્વ પાપોમાંથી મુક્ત કરાવનાર નવકાર મંત્રનું સ્મરણ કર, ત્યાં હું જલ લાવું છું

ચોરે પૂછ્યું. અરે કૃપાનિધિ શું નવકાર ગણવાથી મારા પાપ ચાલ્યા જશે? શ્રેષ્ઠી કહે જરૂર નાશ પામશે. શ્રેષ્ઠી જલ લેવા ગયા. ચોર સમાધિપૂર્વક મૃત્યુ પામ્યો. સૌધર્મ દેવલોકે દેવતા થયો.

જિનદત્ત શ્રેષ્ઠી જલ લાવ્યા. ત્યાં તો ચોરને મૃત્યુ પ્રાપ્ત થઈ ગયેલું. તે જાણી શેઠે વિચાર્યું કે મારુ કૃત્યરાજ્ય વિરુદ્ધનું છે. એટલે શેઠ શક્રાવતાર ચૈત્યમાં જઈને કાયોત્સર્ગે ઉભા રહ્યા.

રાજાના ગુપ્તચર સુભટો એ રાજાને ખબર આપ્યા. રાજાની આજ્ઞા થતાં તેઓ શેઠને વીડંબના કરવા લાગ્યા. લોહખુરને અવધિજ્ઞાન વડે આ વાત ખબર પડી.

મારા ધર્મગુરુની આ દશા! જેમણે શીખવેલ નવકારમંત્રના પ્રભાવે નરકગામી એવો હું સ્વર્ગે આવ્યો. તેમની આ દશા?

દેવ બનેલો ચોર એક પ્રાતિહારનો વેશ લઈને આવ્યો. દંડાઘાત વડે સર્વ સુભટોને મૂર્છિત કર્યા. આ હકીકત સાંભળી રાજા ત્યાં ચતુરંગી સેના લઈને આવ્યો. નગરના રાજા સિવાય સર્વેને પાડી દીધા. રાજા અને મંત્રીએ હાથ જોડીને ક્ષમા માંગી. ત્યારે દેવે તેને સર્વ વૃત્તાંત કહ્યો.

લોહખુર ચોરને નવકાર મંત્રના પ્રભાવે શૂળીથી સીધો સ્વર્ગનો માર્ગ ખુલો થયો માટે જ કહ્યું છે કે—

एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो

શ્રી પદ્મરાજ ગણીજીમહારાજ જણાવે છે કે

**સંપૂર્ણ પણસય સાગરના પાતક જાયે દૂર**
**ઇહિ ભવ સર્વ કુશલ મન વંછિત પરભવ સુખ ભરપુર**
**શ્રી નવકાર જપો મન રંગે...**

પંચ પરમેષ્ઠીની આવી ઉત્તમતા જાણી જૈન શાસનના સર્વ ક્ષેત્ર-સર્વ કાળના છત્ર સમ જાણી ગણધર ભગવંતોએ શ્રી ભગવતીજી સૂત્રના આરંભે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા માટે તમે પણ—

**નમો તેહને પાપના નાશ માટે**

**પ્રશ્ન** :- ननु यद्ययं संक्षेपेण नमस्कार......

જો સંક્ષેપમાં નમસ્કાર કરવો હોય તો સિદ્ધ અને સાધુને નમસ્કાર કરતાં દેવ ગુરુનું ગ્રહણ થઈ જ જાય છે... અને જો [अथ विस्तरेण तह्वा] વિસ્તારથી નમસ્કાર કરવો હોય તો ઋષભદેવ વગેરે બધાંના નામો લેવા જોઈએ.

**સમાધાન** – ટીકાકાર સમાધાન આપતાં લખે કે नैवम् – તમારી વાત બરાબર નથી. જેમ માણસ માત્રને નમસ્કાર કરવાથી રાજા વગેરેના નમસ્કારનું ફળ મળતું નથી. તેમ સાધુ માત્રને નમસ્કાર કરવાથી **અરિહંતાદિ** ના નમસ્કારનું ફળ મળતું નથી.

તેથી આ નમસ્કાર વિશેષ પ્રકારે એટલે કે ભિન્ન ભિન્ન પદને ધારણ કરનાર પદનું નામ લઈને કરવો જોઈએ. પરંતુ જુદા જુદા ભગવંતોનું નામ લઈને કરવાની જરૂર નથી. એમ કરવું શક્ય પણ નથી. આ રીતે પાંચે પદો ચરિતાર્થ છે.

બીજું પંચ પરમેષ્ઠીના નમસ્કારમાં એક વધારાની વાત જણાવી કે સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય કે સાધુ ચારે પદોને નમસ્કાર કર્યો પણ આ ચારે પદો તો દરેક –મત–માં લાગુ પડે છે. તો પછી પંચ પરમેષ્ઠી તરીકે જૈન મતના જ સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય સાધુ લેવા તે કેમ નક્કી થાય ?

જે પદે કરીને ચારે ચાર પદની વ્યવસ્થા નિયત થાય તે પદ કયું ? તો કહે છે કે આ ચારે અરિહંતના શાસનના સમજવા. મતલબ કે આ ચારેય [સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય સાધુ] અરિહંતના શાસનને સ્વીકારનાર હોવા જોઈએ. માટે अरिहंतના નમસ્કારપૂર્વક તેને અનુસરતા આ ચારે પદોનો નમસ્કાર કરવો જોઈએ नमो अरिहंताणं પછી બધાં પદો અરિહંત સાથે સમજવા–

- नमो अरिहंताणं सिद्धाणं
- नमो अरिहंताणं आयरियाणं
- नमो अरिहंताणं उवज्झायाणं
- नमो अरिहंताणं सव्वसाहूणं

આ રીતે અરિહંતના શાસનના આ ચારેને નમસ્કાર થાય તેમ નિયત થયું. કર્મક્ષયના મુખ્ય ધ્યેયને આશ્રીને તેને જ સિદ્ધ કરનાર તે अरिहंत.

તેમના શાસનનો જે આચાર તે આચારનું [આચરણ કરનારા] સંચાલન કરનારા आचार्य, તે આચારનું શિક્ષણ આપનારા તે उपाध्याय તે આચારની સાધના કરનારા તે साधु અને अरिहंत પદ પછી એ જ સિદ્ધિને વરનાર તે सिद्ध આ રીતે ચારેને નમસ્કાર કર્યો. એટલે નિયત વ્યવસ્થા માટે अरिहंत પદ બધે જ જોડયું.

જૈન શાસનમાં કોઈ છત્રછાયા હોય તો તે પંચ પરમેષ્ઠીની જ છે. તેનો નમસ્કાર જ सव्व पावप्पणासणो રૂપ છે.

અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ "असिआउसा" એ દરેકને પરમેષ્ઠી કહ્યા. તેના સમૂહ તે પંચપરમેષ્ઠી કહેવાયા. સાધુ જીવનથી તેની શરૂઆત થાય અને સિદ્ધ અવસ્થાને પામવાથી પૂર્ણાહુતિ થાય છે.

પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ કહ્યા છે. આ ૧૦૮ ગુણની સંખ્યા પ્રાચીન કાળથી પવિત્ર મનાય છે.

बारस गुण अरिहंता सिद्धा अट्ठेव सूरि छत्तसं,<br>
उवज्झाया पणवीस, साहू सगवीस अट्ठसयं

અરિહંતના બાર ગુણ, સિદ્ધના આઠ ગુણ, આચાર્યના છત્રીશ ગુણ, ઉપાધ્યાયના પચીસ ગુણ, સાધુઓના સત્તાવીસ ગુણ એ રીતે બધાં મળીને ૧૨+૮+૩૬+૨૫+૨૭=કુલ એકસો આઠ ગુણો કહ્યા.

તમારે તો માત્ર દશ મિનિટ ફાળવવાની છે. આ એકસો આઠ ગુણો થકી પાંચ ગુણવાનના સ્મરણ માટે. ૧૦૮ નવકાર મંત્રનો જાપ કરો. પંચ પરમેષ્ઠીના નમસ્કાર પૂર્વક ૧૦૮ ગુણોનું સ્મરણ કરો અને ભવોભવના સંચિત પાપોનું નીકંદન કાઢો.

**નમો તેહને પાપના નાશ માટે**

એક ધ્રુવ પંક્તિ પકડીને આજથી ઝુકાવી દો. રોજ એક માળા આખી ગણી લેવી.

આ પંચ પરમેષ્ઠીનો નમસ્કાર સર્વ કાર્યની સિદ્ધિ કરવામાં અદ્વિતીય સાધન રૂપ છે. કેમકે પૂર્વે પણ કહ્યું છે કે–

"નમસ્કાર મંત્રનો એક અક્ષર પણ મન–વચ–કાયાથી ગણતાં સાત સાગરોપમની સ્થિતિના અશુભ કર્મોનો નાશ કરે છે. એક પદ ગણવાથી પચાસ સાગરોપમના અશુભ કર્મોનો નાશ થાય છે અને સમગ્ર નવકાર મહામંત્ર શુભ ભાવથી ગણવામાં આવે તો ૫૦૦ સાગરોપમની સ્થિતિના અશુભ કર્મોનો નાશ થાય છે.

તેથી કોઈ વ્યક્તિને નહીં પણ વ્યક્તિના સમુહ રૂપ એવા ગુણવાચી આત્માઓને નમસ્કાર કરવાનું જણાવીને છેલ્લે ચુલિકા રૂપે ચાર પદ ગોઠવ્યા.

આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર તો કર્યા પણ ફાયદો શો? તે નવકાર મંત્રમાં સાથે જ દર્શાવીને નમસ્કારના માહાત્મ્યને સ્પષ્ટ કર્યું કે

एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो

શાસ્ત્રકાર મહર્ષિએ ગણો–ગણધર મહારાજ એ ગણો કે આર્ષ-વચન ગણો પણ તમને લેખીત બાંયધારી આપી દીધી કે આ પંચ પરમેષ્ઠીનો નમસ્કાર સઘળાં પાપનો નાશ કરનાર છે.

અમે પણ તમને ધ્રુવ પંક્તિ બતાવી દીધી.

**નમો તેહને પાપના નાશ માટે**

□

## (૮૩) નમુક્કાર-પઢમં મંગલં

–સર્વ મંગલમાં પહેલું મંગલ

मंगिज्जए ऽ धिगम्मइ जेण हिअंतेण मंगलं होई
अहवा मंगो धम्मो, तं लाइ तयं समादत्तं

જે વડે હિત સધાય અથવા તો જે मंग એટલે કે ધર્મને લાવે તે મંગળ કહેવાય.

શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં મંગળનો અર્થ કરતાં આ પ્રમાણે જણાવ્યું કે મંગલ એટલે (मंगं लाति) ધર્મને લાવે તે અથવા (मंग–आय) પ્રાપ્ત કરાય હિત જેનાથી તે.

મંगति हितार्थं सर्पति इति મંગલમ્ જે સર્વ પ્રાણીઓને હિતને માટે પ્રવર્તે તે મંગલ અથવા मंगति दुरदृष्टमनेन अस्मात् वा इति मंगलम्–જેના દ્વારા દુર્ભાવ દૂર ચાલ્યો જાય છે તે મંગલ.

આ રીતે મંગલનો અર્થ કે મહત્વ દર્શાવ્યું. પણ નવકાર મંત્ર માટે તો ત્યાં સુધી લખી નાખ્યું.

### સર્વ મંગલમાં પહેલું મંગલ

તેનો અર્થ શું કરવો ?

મંગલ દ્રવ્યથી અને ભાવથી અથવા લૌકિક અને લોકોત્તર બે પ્રકારે છે.

દ્રવ્ય મંગલ એટલે બાહ્ય દૃષ્ટિએ મંગલરૂપ ગણાતા પદાર્થો જેમકે દહીં–દુવા–અક્ષત વગેરે.

જ્યારે ભાવ મંગલ એટલે અંતર દૃષ્ટિ એ મંગલરૂપ ગણાતી વસ્તુઓ જેમકે સમ્યગ્ દર્શન–સમ્યગ્ જ્ઞાન–સમ્યગ્ ચારિત્ર.

અને આજ વાત લૌકિક–લોકોત્તર દૃષ્ટિએ વિચારો તો–

લૌકિક મંગલમાં અષ્ટ મંગલ ગણાવ્યા. (૧) સ્વસ્તિક (૨) શ્રી વત્સ

–(આકૃતિ વિશેષ) (૩) નંદાવર્ત–સાથીયો (૪) વર્ધમાનક–શરાવસંપુટ (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્યયુગલ (૮) દર્પણ.

લોકોત્તર મંગલ શું ?

અરિહંત–સિદ્ધ–સાધુ–કેવલી પ્રરૂપતિ ધર્મ

चत्तारि मंगलं अरिहंता मंगलं–सिद्धा मंगलं
साहू मंगलं–केवलि पन्नत्तो धम्मो मंगलं

આ ચારે વસ્તુનો સંક્ષેપ કરતાં ધર્મને જ ઉત્કૃષ્ટ મંગલ જણાવી કહી દીધું કે

धम्मो मंगल मुक्किकट्ठं

આમ મંગલ તો દ્રવ્યથી પણ છે અને ભાવથી પણ છે અથવા તો લૌકિક પણ છે અને લોકોત્તર પણ છે. તેથી શ્રેષ્ઠ મંગલ રૂપ પદાર્થ બતાવવા માટે લખ્યું.

मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं

પ્રથમ અથવા સર્વોત્તમ અથવા શ્રેષ્ઠ મંગલ રૂપ શું ? – તો કે

**નવકાર મંત્ર.**

નવકાર મંત્રનો પ્રભાવ તો વિચારો. શ્રીમતીનું ઉદાહરણ તરત આંખ સામે આવી જશે. મંગલની તો ક્ષણે ક્ષણે જરૂર પડવાની. કેમકે શ્રીમતીના જેવી સ્થિતિ ક્યારે સામે આવી જશે તે કોણ કહી શકે ? તેમાંથી બચવાનો અમોઘ ઉપાય શું ? મંગલનું સ્મરણ–મંગલ શું ?

**સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જયજયકાર**
**શ્રી નવકાર જપો મન રંગે......**

નવકાર મંત્રનું પળે પળે સ્મરણ થવું જોઈએ. શ્રીમતીને નાગ મળ્યો. તે નવકાર મંત્રના પ્રભાવે ફૂલની માળા થઈ ગઈને ?

**સર્પ મીટી તીહાં ફૂલમાળા શ્રીમતીને પરધાને**

આ ઘટનાને થોડી ઉંડાણથી વિચારો. શ્રીમતીએ નવકાર ગણ્યો ક્યારે ?

કેટલીવાર કથા સાંભળી, પણ રહસ્ય કદી વિચાર્યું છે તમે ? ઘર પોતાનું છે, ઠામ વાસણ પોતાના છે, ગોઠવેલું પણ પોતાનું છે. અરે જે ધણીના હુકમથી ઓરડામાં જવાનું છે તે ઓરડો પણ પોતાનો છે.

હવે માત્ર એક ફૂલની માળા ઓરડા જઈને બહાર લાવવી તેમાં નવકારને સંબંધ શું ?

કથાનું તાત્પર્ય એ જ છે કે ઘરના કે દુકાનના ગમે તે કાર્યમાં ગુંથાયેલા હો પણ ચિત્ત તો નવકારમાં જ રહેવું જોઈએ.

શ્રીમતીએ વિચાર્યું કેટલું ? ઓરડામાં અંધારું છે, વખત છે ને આયુષ્ય પૂર્ણ થઈ જાય અને મન ક્યાંક બીજે લાગેલું હોય તો જીવન બગડેને ? આવું ન થાય માટે નવકારનું સ્મરણ કર્યું. ઘડામાં રાખેલો સર્પ જેને માટે ફૂલની માળા બની ગયો તેને માટે નવકાર પઢમં હવઇ મગલં બને કે ન બને ?

બાકી તરસ લાગે ત્યારે કુવો ખોદવા જવું અને પઢમં મંગલંની વાત કરવી તેનો અર્થ શો ?

ચંપાનગરીમાં ભાનુ શ્રેષ્ઠીને ચારુદત્ત નામે પુત્ર હતો. યૌવન વયે તેને યોગ્ય કન્યા સાથે પરણાવ્યો. પણ વૈરાગ્યથી, વિષય વિરક્ત હોવાથી તેને ચાતુર્ય શીખવવા ગણિકા પાસે મોકલ્યો.

વેશ્યા પર ધીમેધીમે આસક્ત બનેલો ચારુદત્ત બાર વર્ષ વેશ્યાને ત્યાં જ રહ્યો. ભાનુશ્રેષ્ઠી ને અંત સમય આવ્યો. ત્યારે પિતાએ કહ્યું સંકટ સમયે નવકાર મંત્રને જરૂર સંભારજે–રોજ પણ સ્મરણ કરજે.

પિતાના મૃત્યુ બાદ સર્વ લક્ષ્મી ચાલી ગઈ, સ્ત્રી પીયર ગઈ, વેશ્યાએ ઘરમાંથી કાઢી મુકયો, અને કોઈ યોગીએ પોતાના સ્વાર્થ માટે તેને કુવામાં નાખી દીધો.

ત્રીજે દિવસે ચંદન ઘો ત્યાં રસ પીવા આવી. તેનું પૂછડું પકડી ક્ષુધાતુર ચારુદત્ત બહાર નીકળ્યો. ત્યાં બીજો યુવાન મળતાં બે ઘેટા લીધાં, સુવર્ણ દ્વિપ જવા નીકળ્યા. પેલા યુવાને ઘેટા મારી નાખ્યા. પણ બીજો ઘેટો મારતાં જોઈ ચારુદત્તને અત્યંત અનુકંપા ઉપજી. તેણે મરતાં ઘેટાને નવકાર સંભળાવ્યો,

બન્ને જણાએ ઘેટાની ચામડાની ધમણ પહેરી. ભારંડ પક્ષી માંસના લોભે આવ્યું. બન્ને સાથે ઉડયા. પણ રસ્તામાં ચારુદત્ત વાળી ધમણ પડી ગઈ. ત્યાં ભટકતા તેને ચારણ મુનિ મળ્યા. ચારુદત્તે તેની વીતક વર્ણવી, ત્યાં કોઈ દેવે આવી તેને વંદન કર્યા, પછી મુનિને વંદન કર્યું.

દેવ કહે પૂર્વે હું બ્રહ્મર્ષિ હતો ઘણાં પાપમય શાસ્ત્રોપ્રરૂપી નરકે ગયો. ત્યાંથી પાંચ ભવ બકરા–ઘેટાના થયા. હું યજ્ઞમાં હોમાયો. છેલ્લે આ ચારુદત્તે મને નવકાર સંભળાવ્યો અને હું દેવ થયો છું.

આ હકીકત સાંભળી વૈરાગ્યવંત બનેલા ચારુદત્તે દીક્ષા ગ્રહણ કરી. તે પણ નવકાર મંત્રનું નિત્ય સ્મરણ કરતો સ્વર્ગે સંચર્યો.

સર્વ મંત્ર શીરોમણી નવકાર મંત્ર માટે પદ્મરાજ ગણીજી મહારાજા તો લખે જ છે કે

**સર્વ મંગલમાં પહેલું મંગલ જપતાં જય જયકાર**

પણ આ બાંયધારી શ્રી નવકાર મંત્રમાં પણ આપી દીધી.

मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं

સર્વ મંગલમાં પ્રકૃષ્ટ એવા મંગલની તમે પણ નિત્ય આરાધના કરો. ભવ પાર કરાવી શકે તેવા આ મંત્ર માટે કશું દુષ્કર નથી. માત્ર જરૂર છે ભાવ અને શ્રદ્ધાપૂર્વકના નમસ્કારની.

**પ્રશ્ન :**– અનંતી વખત ઓઘા મુહપત્તિ લીધાં ત્યારે ભાવ મંગલ નહીં કર્યું હોય? છતાં અસંખ્યાતી વખત જીવ પડી જાય, અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી રખડે. ચૌદ પૂર્વી જેવા જ્ઞાતા પણ નિગોદમાં ચાલ્યા જાય તો પછી આ નવકારરૂપ ભાવ મંગલનો અર્થ શો?

**સમાધાન :**– સનેપાતમાં પડેલો મુર્ખ અને વિદ્વાન્ સનેપાત [એક પ્રકારનું ગાંડપણ] ઉપડે ત્યારે બે ય સરખા જ લાગે. પણ સનેપાત ખસી જાય [ગાંડપણ મટી જાય] ત્યારે મુર્ખ હશે તે મુર્ખ જ રહેવાનો અને વિદ્વાન હશે તે ફરી વિદ્વાન તરીકે વર્તવાનો.

એ જ રીતે ઉંઘતા તો બધાં જ સરખાં લાગે, પણ ઉંઘ ઉડે યાને જાગી જાય પછી ગાંડા અને ડાહ્યામાં કંઈ ફેર ખરો કે નહીં?

તે રીતે એક જીવ ધર્મ પામીને નિગોદમાં ગયો અને બીજો જીવ ધર્મ પામ્યા વિનાનો નિગોદમાં ભટકતો હોય તે બંને જીવ નિગોદ અવસ્થામાં તો સરખાં જ લાગવાના. પણ ધર્મ પામીને રહેલો હશે તે નિગોદમાંથી નીકળવાનો અને જરૂર નીકળવાનો.

ભાવ મંગલ આ જીવે અનંતી વેળા ન કર્યું એમ નહીં પણ તેમાં

શ્રદ્ધા કે સમ્યક્ પ્રણિધાન અપૂરતાં રહ્યા. નહીં તો તો ભગવદ્ વાણીનું એક જ વાર શ્રવણ, અર્જુન માલીને કેવું મંગલ રૂપ બન્યું કે તે ભવે જ મોક્ષ પામી ગયા, નટડીના મોહમાં પડેલા ઇલાચીકુમારને એક જ વખત સાધુનું દર્શન કેવું મંગલરૂપ બન્યું કે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરાવી ગયું.

જો કે મંગલ પણ ચાર પ્રકારે ગણાવે છે. નામ મંગલ–સ્થાપના મંગલ–દ્રવ્ય મંગલ–ભાવ મંગલ. આ ચારેમાં આદરવા લાયક તો ભાવ મંગલ જ છે. નામ સ્થાપના અને દ્રવ્યની કિંમત પણ ભાવ મંગલની અપેક્ષાએ જ છે—

વ્યાખ્યાન પ્રારંભે, અરે કોઈપણ શુભકાર્યના આરંભે નવકાર મંત્ર ગણીએ છીએ તે શા માટે ? કારણ કે પંચ પરમેષ્ઠીએ ભાવ મંગલ છે.

જગત ભરમાં કોઈપણ ઉત્કૃષ્ટ સ્થાન હોય તો તે આ પાંચ પરમેષ્ઠી. ઉંચામાં ઉંચા તે અને જઘન્યમાં જઘન્ય હું તેવા ભાવપૂર્વક જે નમસ્કાર થાય તે જ સાચો નમસ્કાર. ગણધર કે આચાર્ય પણ ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરે તે પંચ પરમેષ્ઠી પદની ઉચ્ચતા માનીને.

શાસ્ત્રકારે શું કહ્યું ? परमेष्ठिनां मङ्गलत्वं लोकोत्तमत्व शरण्यत्वाभिधानात् મંગલત્વ–લોકોત્તમત્વ–શરણ્યત્વ એ બધું જ પંચ પરમેષ્ઠીમાં હોવાથી જગતમાં શ્રેષ્ઠ છે–મંગલ રૂપ છે. માટે જ તેને मङ्गलानां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् એમ કહ્યું. આપણે પણ પરિશીલન રાખ્યું.

## સર્વ મંગલમાં પહેલું મંગલ.

નવકારની માંગલિકતા સ્વીકારી કોઈપણ શાસ્ત્ર ભણાવવા પહેલાં નવકાર ગણાવવા જ પડે. વંદિતુ સૂત્ર પૂર્વે પણ નવકાર. અરે સર્વ શ્રુત સ્કન્ધના જૈન શાસનના ગ્રન્થો તેમાં પણ પ્રારંભે પંચ પરમેષ્ઠીને નમસ્કાર.

अपवित्रो वा पवित्रो वा जपेष्ट नमस्कारं ચાહે શરીર પવિત્ર હોય કે અપવિત્ર પણ નમસ્કાર મંત્રનો જાપ કદી ચુકવો નહીં.

**પ્રશ્ન :–** આ રીતે સર્વ સમયે અને સર્વ સ્થળે પંચ પરમેષ્ઠીને નમસ્કારમાં આશાતના ન થાય ?

૦ ઉઠતાં જે નવકાર સ્મરણનું વિધાન છે તેમાં તે જાપ મંગલ તરીકે કરવાનો છે. તેથી પવિત્ર–અપવિત્રતાનો વિચાર ત્યાં ન હોય, પણ જો સ્વાધ્યાય તરીકે જાપ હોય કે જપમાલિકા ગણતા હો તો પવિત્રતાનો વિચાર જરૂરી છે.

મંગલ રૂપે તો સદા નવકાર જ ગણવો. જે કોઈપણ અવસ્થામાં વર્જવા યોગ્ય નથી. આ એક જ સૂત્ર, એક જ સ્મરણ, પરમ મંગલ રૂપ છે. તેથી ઉપધાનની અવગણના કરનારને પણ અનંત સંસારી બને છે તેમ કહ્યું. નવકાર ઉપધાન વગર ગણે તે વાત જુદી પણ નવકારની આરાધના માટે ઉપધાનની ભાવના હોવી જ જોઈએ.

શાસ્ત્રકારો શાસ્ત્રની શરૂઆતમાં મધ્યે અને અંતે પણ મંગલ કરે છે તેનું કારણ શું ? કાર્ય સારી રીતે પાર પડે માટે, વિઘ્નના નાશ માટે મંગલ, અનિષ્ટ નિવારણ અને ઇષ્ટની પ્રાપ્તિ થઈ શકતી હોવાથી પણ મંગલ ભૂત કહ્યું.

माम् गालयति भवात् इति मंगलं મંગલનો અર્થ કહ્યો મને જન્મ–જરા–મરણમય સંસારમાંથી પાર ઉતારે તે મંગલ. અરિહંતના મંગલ પણાને સ્વીકાર્યું. તે માટે " સિદ્ધાણં બુદ્ધાણં "માં કહ્યું.

इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स
संसार सागराओ तारेइ नरंव नारिं वा

જિનેશ્વરોમાં શ્રેષ્ઠ એવા શ્રી મહાવીર પ્રભુને એકજ વખત કરેલો નમસ્કાર નર કે નારીને સંસાર સમુદ્રથી તારે છે, ભવપાર ઉતારે છે. તેથી તે [પરમાત્માઓ] મંગલભૂત કહેવાયા.

**શ્રી નવકાર જપો મન રંગે શ્રી જિનશાસન સાર**
**સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જયકાર**

શ્રાવકને નવકારને જ મંગલ ભૂત માનતો, તેને હૃદયમાં અવધારી રાખે, હૃદયમાં આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરી તેની વચલી કર્ણિકામાં नमो अरिहंताणं પૂર્વ પાંખડી પર नमो सिद्धाणं દક્ષિણ પાંખડી પર नमो आयरियाणं, પશ્ચિમ પાંખડી પર नमो उवज्झायाणं ઉત્તર પાંખડી પર नमो लोए सव्व साहुणं પદો સ્થાપવા.

તથા અગ્નિ–નૈઋત્ય–વાયવ્ય–ઈશાન એ ચારે વિદિશામાં एसो

पंच नमुक्कारो–सव्व पावप्पणासणो–मंगलाणं च सव्वेसिं–पढमं हवइ मंगलम् એ ચારે ચૂલિકા પદો સ્થાપવા. તેને કમળ બંધ સ્મરણ કહેવાય છે.

નમસ્કારના જાપ માટે આગળ સૂચન કરે કે–

संकुलाद् विजने भव्यः सशब्दात् मौनवान् शुभः
मौनजान्मानसः श्रेष्ठो जापः श्लाघ्यः परः परः

જાપ ઘણાં માણસ વચ્ચે બેસીને કરવા કરતાં એકાંતે કરવો સારો, બોલવા કરતા મોન જાપ શુભ છે, મૌન જાપ કરતાં પણ માનસ જાપ શ્રેષ્ઠ છે. એમ એક પછી એક અધિક ફળદાયી છે.

છેવટે તો આ બધી વાત કરતાં પણ શ્રી નવકાર જપો **મનરંગે** તે યાદ રાખવા લાયક કે આદરવા લાયક છે.

નમસ્કારના મંત્રના પ્રભાવે શ્રી દેવ નામક રાજા જગતને આશ્ચર્ય કરનારી સામ્રાજ્ય લક્ષ્મીને પામ્યો.

ભરત ક્ષેત્રમાં કાંપિલ્યપુર નગરમાં શ્રી હર્ષ નામે રાજા રાજ્ય કરતો. તેને શ્રી દેવ નામે કુંવર. એક વખત રાત્રે ચંદ્રને અસ્ત પામતો જોઈને વૈરાગ્યથી રંજિત થયેલા શ્રી હર્ષ રાજાએ શ્રી દેવ પુત્રને રાજ્ય સિંહાસને સ્થાપી કહ્યું, "તારે હંમેશાં પંચ નમસ્કારનું ધ્યાન ધરવું – ધર્મને વિશે જ બુદ્ધિ રાખવી."

શ્રી દેવ રાજા મોટી ઋદ્ધિએ કરીને શોભતો પૃથ્વીનું પાલન કરી રહ્યો છે. પણ એક વખત કામરૂપ નગરમાં યુદ્ધ માટે ગયેલો રાજા પરાજિત થઈ જીવ લઈ નાસતો ફરતાં અરણ્યમાં આવી પડયો. ત્યાં કોઈ ભિલ્લે તેને જળપાન કરાવ્યું. આગળ ફરતાં વનમાં મુનિને જોઈને હર્ષપૂર્વક નમસ્કાર કર્યો. ત્યાં મુનિએ તેને શ્રાવક ધર્મ બતાવ્યો.

સુખમાં ઉછરેલ રાજાએ વિનંતી કરી કે આપ મને સુખેથી થઈ શકે તેવો શ્રાવક ધર્મ બતાવો. મુનિરાજે તેને નમસ્કાર મંત્રની મહત્તા દર્શાવતા કહ્યું કે હે ભદ્ર પંચ-પરમેષ્ઠી નમસ્કાર સર્વકાર્યની સિદ્ધિ કરવામાં અદ્વિતીય સાધન છે.

० જિનેશ્વર નમસ્કારને લાયક છે. તેમને થયેલ નમસ્કાર હજાર ભવથી મુક્તિ કરાવે છે અને ભાવથી થયેલો નમસ્કાર બોધિને પ્રાપ્ત કરાવનાર છે. **સર્વ મંગલમાં પ્રથમ મંગલ છે.**

૦ સિદ્ધના જીવો લોકના અગ્ર ભાગે રહે છે તેઓને અનંત દર્શન–અનંત જ્ઞાન–અનંત ચારિત્ર–અનંત સુખ વગેરે હોવાથી તેમને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

૦ આચાર્યો પાંચ પ્રકારના આચારને પાળે પળાવે છે. છત્રીશ ગુણના ધારક છે માટે તેમને કરેલો નમસ્કાર સર્વપાપનો નાશ કરાવનાર છે.

૦ ઉપાધ્યાયો દ્વાદશાંગીના ધારક છે. તેનો નિત્ય સ્વાધ્યાય કરે છે. ભણાવે છે માટે તેને કરેલો નમસ્કાર પણ સર્વ પાપનો નાશ કરાવનાર થાય છે.

૦ સાધુઓ નિર્વાણને સાધનારા છે. મન–વચન–કાયાનાં યોગને તે સાધી રહ્યા છે. સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ રાખે છે માટે તેને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

આ રીતે પાંચે પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને **સર્વ મંગલમાં પ્રથમ મંગલ** રૂપ છે.

આ મંત્રનો એકાગ્ર ચિત્તથી જાપ કરી એક લાખ નવકાર ગણનાર સર્વ પ્રકારની સંપત્તિ પામે છે.

આ રીતે ગુરુ મુખે નમસ્કાર માહાત્મ્ય સાંભળી શ્રી દેવરાજાએ શઠતા રહિત–સરળ ચિત્તે દુઃખનાશક એવા તે મંત્રને વિધિપૂર્વક ભણ્યો–શીખ્યો.

પછી મુનિરાજે કહ્યું હે રાજન્ ! તું જે આ જિન ચૈત્યને જુએ છે, તેની વાત સાંભળીને નવકારને વિશે તારી શ્રદ્ધાને દૃઢ કર.

સૌધર્મ નામે દેવલોકમાં હેમપ્રભ નામે દેવ હતો. તેણે એકદા કોઈ કેવલીને નમસ્કાર કરીને પૂછયું કે મને બોધિલાભ થશે કે નહીં ?

કેવળી ભગવંતે જણાવ્યું તું અહીંથી ચ્યવીને વાનર થઈશ. તે ભવમાં તને કષ્ટે કરીને બોધિ લાભ થશે. આ પ્રમાણે સાંભળી તે દેવે પોતાને પ્રતિબોધ થવા માટે અરણ્યની દરેકે દરેક શિલા પર સ્વર્ગ અને મોક્ષના સુખના સાક્ષી ભૂત એવા અડસઠ (૬૮) અક્ષરવાળા નવકાર મંત્રના પદોને કોતર્યા.

દેવ આયુ પૂર્ણ થતાં તે વાનર થયો. વાનરને નવકારના પદો જોઈ-જોઈને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી અનુક્રમે વૈરાગ્ય પૂર્વક સમક્તિ પામી તેણે તત્કાળ અનશન કર્યું. ત્યાંથી મરીને ફરી સૌધર્મ દેવલોકે દેવતા થયો. અને તેણે શાંતિનાથ જિનેશ્વરનું આ ચૈત્ય કરાવ્યું.

માટે હે રાજન્ ! તું પણ ત્યાં જઈને મહામંત્રનો જાપ કર.

ગુરુ મુખે આ પ્રમાણે સાંભળી શ્રી દેવ રાજાએ તે ચૈત્યમાં જઈ વિધિપૂર્વક એક લાખ નવકાર મંત્રના જાપનો આરંભ કર્યો. ત્યારે આસપાસના વ્યંતરાદિકે અનેક ઉપસર્ગો કર્યા, છતાં જાપ પૂર્ણ થતાં સુધી તેણે આ બધું સમભાવે સહન કર્યું. ત્યારે હેમપ્રભ દેવે આવીને કહ્યું કે હે રાજા તેં એકાગ્ર ચિત્તે જાપ કર્યો છે તો તું આ પૃથ્વી ઉપર મહારાજા થઇશ. આમ કહી તે દેવે, શ્રી દેવરાજાને કાંપિલ્યપુર નગરે લઇ જઇ તેને રાજ્ય પર સ્થાપન કર્યો.

દેવરાજા ત્યાંથી મહેન્દ્ર દેવલોકમાં ગયો ત્રીજે ભવે મોક્ષ પામશે.

**ઇહ ભવ સર્વ કુશલ મન વાંછિત પરભવ સુખ ભરપુર**
**– શ્રીનવકાર જપો મન રંગે –**

શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ પંચ પરમેષ્ઠી ગીતામાં નમસ્કારનો મહિમા અનેક પ્રકારે વર્ણવ્યો. પણ ઉપસંહાર કરતાં જણાવ્યું કે—

**રતનતણી જિમ પેટી, ભાર અલ્પ બહુમૂલ્ય**
**ચૌદ પુરવનો સાર છે મંત્ર એ તેહને તુલ્ય**
**સકલ સમય અભ્યંતર એ પદ પંચ પ્રમાણ**
**મહસુઅ ખંધ તે જાણો ચૂલા સહિત સુજાણ**

રત્નની પેટીનું પોતાનું વજન થોડું અને મુલ્ય ઘણું હોય છે. તે રીતે પંચ પરમેષ્ઠીને નમવારૂપ નમસ્કાર મંત્ર વજનમાં—અક્ષરોમાં પ્રમાણથી બહુ નાનો, માત્ર ૬૮ અક્ષર પ્રમાણ જ છે. પણ તેનું મૂલ્ય—ફળ ઘણું જ છે. તે ચૌદ પુરવના સારરૂપ છે.

નમસ્કારના પાંચે પદો જેમ તલમાં તેલ રહે કે કમલમાં મકરંદ રહે તેમ બધાં આગમમાં વ્યાપીને રહેલા છે.

ત્રિશુદ્ધિ વડે શ્રી નમસ્કાર મહામંત્રનું એકસો આઠ વખત ધ્યાન કરનાર મુનિ, ખાવા છતાં ઉપવાસના ફળને પામે છે. યોગી પુરુષો આ જ મંત્રનું સમ્યગ્ રીતીએ આરાધન કરીને પરમ લક્ષ્મીને પામી

ત્રણ લોક વડે પૂજાય છે. હજારો પાપોને કરનારા તથા સેંકડો જન્તુઓને હણનારા તિર્યંચો પણ આ મંત્રની સારી રીતે આરાધના કરીને દિવ્ય ગતિને પામ્યા છે.

તેથી જ શ્રાદ્ધ દિન કૃત્યમાં કહ્યું છે કે

नवकारओ अन्नो सारो मंतो न अत्थि तियलोए
तम्हा हु अणुदियं चिय पढियव्वो परम भत्तीए

ત્રણ લોકમાં નવકારથી સારભૂત અન્ય કોઈ મંત્ર નથી. તેથી પ્રતિદિન પરમ ભક્તિ એ કરીને [આ નવકાર મંત્ર] ભણવો જોઈએ.

**નવલાખ જપંતા નરક નિવારે પામે ભવનો પાર**
**સો ભવિયણ ભવિયા ચોખે ચિત્તે નિત જપીયે નવકાર**

આવી બાંયધારી વાંચી, સાંભળી, સમજી સ્વીકારીને તમે પણ આજથી નક્કી કરો કે **સર્વ મંગલમાં પહેલું મંગલ** એવા આ ઉત્તમોત્તમ ભાવ મંગલને પરમ શ્રેયસ્કર એવા આ લોકોત્તર મંગલને આજથીજ આરંભી દઈ, જીવનમાં વણાઈ જાય તે રીતે નવકાર મંત્રનો જાપ શરૂ કરી દઈશું.

ઉપસંહાર કરતાં શ્રી મહા નિશિથ સૂત્રમાં લખે

ताव न जायइ चितेण, चिन्तियं पत्थियं च वायाए
काएण समाढत्तं जाव न सरिओ नमुक्कारो

ચિત્તથી ચિંતવેલું–વચનથી પ્રાર્થેલું–કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી. જ્યાં સુધી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રને સંભારવામાં આવ્યો નથી.

માટે નક્કી કરો આજથી કે સુતાં–ઉઠતાં નિત્ય સાત નવકાર ગણવા. ભોજન સમયે પ્રયાણ કે પ્રવેશના સમયે પણ નવકાર મંત્રનું સ્મરણ કરવું.

આ રીતે નવકાર મંત્રને હૃદયમાં અવધારી નવલાખ જાપ થકી નરક તિર્યંચ ગતિ નીવારી, એક એવો જબરજસ્ત ભાવ નમસ્કાર થઈ જાય કે ભવ સમુદ્ર પાર પમાડી દે તેવી ભાવના ભાવતા **શ્રી નવકાર જપો મન રંગે–**

□

# (૮૪) પરોપકાર

—બીજાનું ભલું કરો

ज्येष्ठः पुमर्थेषु सदैव धर्मो, धर्मे प्रकृष्टश्च परोपकारः
करोति यश्चैनमनन्य चेताः, सद्धर्म कर्मण्यऽ स्विलेऽधिकारी

ધર્મ–અર્થ–કામ અને મોક્ષ રૂપ પુરુષાર્થ માં ધર્મરૂપ પુરુષાર્થ જ હંમેશાં મોટો ગણાય છે તેમાં પણ પરોપકાર શ્રેષ્ઠ ગણાયછે. તેવો પરોપકાર એક ચિત્તવાળો થઈ જેપુરુષ કરે છે તે પુરુષ સંપૂર્ણ ધર્મકાર્યમાં અધિકારી થાય છે.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના કર્તવ્યો જણાવતાં સત્તરમું કર્તવ્ય પરોપકાર કહ્યું. શ્રાવકે પરોપકાર પરાયણ થવું જોઈએ.

પણ પરોપકાર એટલે શું?

પર પ્રત્યે ઉપકાર તે પરોપકાર બીજાનું ભલું કરવું તેને પરોપકાર કહેવાય છે. જગતમાં રહેલા પ્રાણીઓને વસ્ત્ર–ધન–વગેરે આવશ્યક વસ્તુ આપવા પૂર્વક ઉત્તમ શ્રાવકે હંમેશાં પરોપકાર કરવો જોઈએ.

પુણ્યના ફળને ભોગવનાર કેટલાંક મનુષ્યો ઘણું ધન ઉપાર્જન કરી તેનો સંગ્રહ કરે છે અને બીજા કેટલાંક મનુષ્યો તે ધન વડે પરોપકાર કરીને પુણ્યનો સંગ્રહ કરે છે. માટે જો તમારે પુણ્યનો સંગ્રહ કરવો હોય તો **બીજાનું ભલું કરો.**

क्षेत्रं रक्षति चंचा सौधं लोलत्पटी कणान् रक्षा
दन्तात्त तृणं प्रागान् नरेण किं निरुपकारेण

ચાડીયા પુરુષો ખેતરનું, ચપળ ધ્વજા પ્રાસાદનું, રાખ [ભસ્મ] અનાજનું અને દાંતમાં ગ્રહણ કરેલ તૃણ પ્રાણોનું રક્ષણ કરે છે. અર્થાત્ આવા અચેતન પદાર્થો પણ પ્રાણીઓને ઉપકાર કરનાર હોય છે. ત્યારે બીજાને ઉપકાર નહીં કરતા [ નિરૂપકારી ] સચેતન પુરુષો તૃણ વગેરેથી પણ નકામા છે.

ખરેખર જે પુરુષ પરોપકાર પરાયણ હોય છે તે સમસ્ત લોકોમાં નેત્રોને અમૃતના અંજન રૂપ ગણાય છે. અર્થાત્ સમગ્ર પ્રાણીઓને આનંદ આપનાર હોય છે.

લે આયરાણી! એ તો દુધ પી રીયા છે. આ ત્રીજાનો મારગ કર, બોલતો આલિદર ગામનો દેવાયત બોદડ પોતાને ઓરડે દાખલ થયો. બે બાળકને દુધ પાતી આયરાણી કપડું આડું કરી, ધણીના હાથમાં પાંભરીએ વીંટેલ બાળકને જોઈ રહી.

આ કોણ? આયર ઢુંકડો આવ્યો. નાક ઉપર આંગળી મુકીને કાનમાં કહ્યું. મોદળા નો રા' જૂનાણાનો ધણી.

આહીં ક્યાંથી? જૂનાગઢનો રાજપલટો થયો. ગુજરાતમાંથી સોલંકીના કટક ઉતર્યા તે દી રા'ડિયાએ દામેકુંડે દાણ લીધા વિના રાણીયુંને નાવા નો'તી દીધી. તેનું વેર વાળ્યું

દીકરા દીકરીને ઘુંટડે ઘુંટડા દુધના ભરાવતી આયરાણીએ રાજ બાળ સામે મીટ માંડી.

આયર કહે બાકીની રાણીયું તો બળી મુઇ. સોનલ દે ને ખોળે રાજ બાળ હતો. તેને જીવતી સેરવી દીધી. મા તો રખડીને મરી ગઈ. પણ વડારણે આ બેટડાને આંહી પહોંચતો કર્યો છે. આપણી આશાએ ફગાવ્યો છે.

ઓહોહો મા વન્યાનો ભુખ્યો બાળ છે. ઝટ લાવો એને આયર! એમ કહી ડાબી છાતીએથી દીકરીને વછોડી લીધી.

બાપ જાહલ! મારગ કર આપણા આશરા લેનાર સારું. તું એ તો ઘણું દુધ પીધું મારા પેટ. દીકરીની જાત તો પાણા ખાઇને ય મોટી થાઈશે. પણ આ નમાયો ક્યાં જાશે?

परार्थकरणं **બીજાનું ભલું થાય તેવી પ્રવૃત્તિ** તે परार्थकरण પરોપકાર કહેવાય.

પંચાશક ટીકામાં લખ્યું છે કે परार्थकरणं च परप्रयोजनकारिता च

દેવાયતની ઘરવાળીએ જૂનાગઢના રાજકૂલના મોંમાથી અંગુઠો મુકાવી પોતાની છાતીએ લીધો. ભુખ્યો રાજબાળ ઘટક ઘટક ઘુંટડો ઉતારે છે.

અનાથને ઉછેરવાનો પોરસ એના દિલમાં જાગ્યો. દુધ પીતા પીતા બાળક અકળાઈ ઉઠે એટલા અમીના કુંભ ઉભરાવા લાગ્યા. દેવાયત તો જોઈ રહ્યો.

બાઈ કહે તમ તમારે નચિંત રે'જો. મારે તો એક છાતીએ વાહણને બીજી છાતીએ આ આશ્રિત. બેયને સગા દીકરાની જેમ ઉછેરીશ. જાહલ દીકરી તો વાટમાં પડી પડી વધશે.

પણ તું સમજતી નથી. વાંહે દા' બળે છે, થાણેદાર બાતમી મેળવી રહ્યો છે. ડિયાશનું વંશબીજ આપણા ઘરમાં છે તે જાણશે તો આપણું જડાપીટ કાઢશે.

ફકર નહીં. મોરલીવાળાના રખવાળા આપણા ઘરમાં છે. તમ તમારે કામે લાગી જાવ.

દેવાયત તો ડેલીએ ચાલ્યો ગયો. આયરાણી નવા બાળના શરીરે હાથ ફેરવતી મેલના ગોળા ઉતારતી–પંપાળતી વહાલ કરવા લાગી. બાળકને પણ પેટમાં ઠારક વળતા હાથ પગ ઉછાળવા લાગ્યો. સામે ધીંગા આહીર પુત્રને દુધ પીતો નાનો બાળ જોઈ રહ્યો છે. સામે દુધ પીવા વલખા મારતી આહીર દીરીને દીઠી. ત્રણે બાળ એક બીજાં સામે ટીકી રહ્યા. ધુઘવાટા નાખે છે.

પાંચેક વર્ષ વીતી ગયા. વાહણ, નવઘણ, જાહલ માનો ખોળો મુકી ફળીમાં રમતા થયાં. ત્રણે છોકરા શેરીમાં ધમાચકડી મચાવે છે. એમાં એક દિવસ આલિદરને સીમાડે ખેપટની ડમરી ચડી. જુનાગઢથી સોલંકીનું દળ કટક ઉતર્યું, થાણદારે ગામ ફરતી ચોકી બેસાડી દીધી. બોલાવ્યા આયરોને.

બોલો દેવાયતના ઘરમાં રા' ડિયાસનું રાજબીજ છે એ વાત સાચી ? તમામ આયરનો એક જ જવાબ, "અમને ખબર નથી" કેટલી દમદાટી દીધી પણ પરોપકારી જીવડાં એકે આયર હલ્યા નહીં.

દેવાયતને ખબર પડી કે સોલંકી થાણેદારના કાને ઝેર કુંકાઈ ગયું છે. દેવાયતને બોલાવી પૂછ્યું તારા ઘરે ડિયાસનો દિકરો ઉઝરે છે ?

દેવાયત બોલ્યો. સાવ સાચું બાપા–મારા ઘરે જ ઉઝરે છે. બધાં આયરના મોઢે મેસ ઢળી ગઈ, દેવાયત કે મારે તો રાજ ભકિત જ દેખાડવી છે. હું સોલંકીનો લુણ હરામી નથી.

ડાયરાને ઉલ્કાપાત થઈ ગ્યો પણ શું કરે? બોલાવો અબધડી...

દેવાયતે આયરાણીને કાગળ લખ્યો. નવઘણને બનાવી ઠનાવી રાજની રીતે આહીં આવેલ આદમી હારે મોકલજે વધુમાં લખ્યું કે રા' રખાતી વાત કરજે.

સોરઠી ભાષાને ગુજરાતનો સોલંકી સમજ્યો નહીં. આયરાણીને સંદેશો મલ્યો. વાહણ નીમા બધું સમજી ગઈ. બોલી હાં બાપુ અમે તો વાટયું જોતા'તા. લ્યો હમણાં આવું.

અંદર ઓરડે રમતા ત્રણે બાળને દીઠા. વાહણને પેટના દીકરાને બોલાવી. નવા લુગડાં ઘરેણાં પે'રાવ્યા. પોતાની આંખો લુંછી. રાજ બાળ જેવો તૈયાર કર્યો. બીચારા બેય છોકરા ઓશીયાળા થઈ જુએ... કે કોઈ દી' નહીં ને મા આજે જુદા કાં તારવે. નવઘણના હૈયાને ભારી દુઃખ થયું.

માએ તો બેટા વાહણ, વે'લો આવજે કહી પેટના દીકરા સાટે રાજબાળ બચાવ્યો અને દીકરાને જીવતો જાગતો હત્યારાના હાથમાં દઈ દીધો. **"બીજાનું ભલું કરો"** આદર્શ પેટના દીકરાને ભોગે સાચવ્યો.

ડાયરો તો છોકરાને જોઈને થીજી જ ગયો. રંગ છે આયરાણી, પરના ઉપકાર માટે પેટનો દીકરો દઈ દીધો. પણ દેવાયતના મોઢાની રેખા ન બદલાણી. સોલંકીના થાણાદારોએ ત્યાંને ત્યાં જ છોકરાને વધેરી નાખ્યો.

આનું નામ परत्थकरणं – પરોપકાર પર એટલે બીજાનાં અર્થ એટલે પ્રયોજન करण એટલે પ્રવૃત્તિ. બીજાના ભલા માટેની પ્રવૃત્તિ તે પરાર્થંકરણ કે પરોપકાર કહેવાય.

બે પ્રકારે પરોપકાર થાય. લૌકિક લોકોત્તર અથવા વ્યવહારિક – પારમાર્થિક.

લૌકિક ઉપકાર એટલે અન્ન, વસ્ત્ર, ધન, વસતિ, ઔષધ તથા અન્ય જરૂરિયાતની વસ્તુ આપવી.

લોકોત્તર એટલે આત્મ ભાન અને તે પ્રાપ્ત કરવાના સાધનો બતાવવા કે અનુકૂળ સંયોગો ઉભા કરી દેવા. આ ઉપકાર તીર્થંકર દેવો અથવા ધર્માચાર્યો શુદ્ધ દેશના વડે કરે છે.

જેમ ખંધક ઋષિ ૫૦૦ શિષ્યો સાથે શ્રી મુનિ સુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી છે. અનુક્રમે તે ગીતાર્થ થયા છે. તેઓ પૂછે છે કે પ્રભુ, આપની જો આજ્ઞા હોય તો મારી બેનના દેશ જાઉં. પ્રભુ કહે, સર્વને મરણાન્ત ઉપસર્ગ થશે. ખંધક ઋષિ ફરી પૂછે છે, સ્વામી ઉપસર્ગમાં અમે આરાધક થઈશું કે વિરાધક? પ્રભુ કહે તમારા વિના સર્વે આરાધક. ફરી પૂછયું કોના નિમિત્તે પ્રભુ? – આપના –

ખંધક ઋષિ વિચારે કે મારા નિમિત્તે જો ૫૦૦ સાધુ આરાધક થતાં હોય તો વિશેષ રૂડું શું? **બીજાનું ભલું કરો.** એ પરોપ-કારના આદર્શ સાથે તે પહોંચ્યાં કુંભકાર નગર ઉપવનમાં.

પાલકને ખંધક ઋષિ પર પૂર્વે બોલચાલ થયેલી તેથી મનમાં વેરની ગાંઠ પડેલી છે. તેથી વેર લેવાનો ઉત્તમ સમય માની કપટ કરે છે. રાજાને ભોળવી ખંધક મુનિ પર ખોટું આળ ચડાવ્યું. રાજાએ પણ ક્રોધથી કહી દીધું કે તમને ઠીક લાગે તે કરો.

પાલકે ઘાણીમાં નાખી બધાંને પીલવાનું નક્કી કર્યું. એકેક સાધુને પીલવા માંડયા. ખંધક ઋષિ બધાંને બરાબર નિર્યામણા કરાવે છે. બોધ આપે છે. સમભાવમાં સ્થિર થયેલા સાધુ કેવળજ્ઞાન પામી મોક્ષે જતા જાય છે.

**પાપી પાલક પીલીયા રે ખંધક ઋષિના શીશ**
**કેવળ લઈ મુગતે ગયા રે નમો નમો તે નિશદિશ**

છેવટે માત્ર એક બાળ મુનિ રહ્યા ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે પાલક દયા કરીને આ બાળકને પછી પીલજે. પહેલાં મને પીલ. તેને પીલાતો હું જોઈ નહીં શકું.

પાલકે ધરાર બાળકને પીલવા માંડયો. બાળ સાધુ તો ધૈર્યને ધારણ કરીને મોક્ષે ગયા પણ ખંધક ઋષિને ક્રોધ ચડયો. તેણે નિયાણું કર્યું. આખા રાજ્યનો બાળનાર થાઉં. તે મરીને અગ્નિકુમાર દેવ થયા આખા રાજ્યને બાળી દીધું.

આમ બાકીનાને મોક્ષ મળતો હોય તો સ્વની વિરાધકતા સ્વી-કારીને પણ પરોપકાર કરવા તૈયાર થયા તે લોકોત્તર ઉપકાર જાણવો.

પરોપકાર કરવો તે સજ્જન પુરુષોનો સ્વભાવ છે. કેમકે ચંદ્રને

કોઈએ શીતળ કર્યો છે ખરો? ના, તેનો સ્વભાવ જ છે. સૂર્ય જગતના અંધકારને શું કોઈના હુકમથી દૂર કરે છે? વૃક્ષોને માર્ગમાં છાયા કરવા માટે શું કોઈએ અંજલિબદ્ધ કર્યા છે? નવીન મેઘોને વૃષ્ટિ માટે શું કોઈએ અભ્યર્થના કરી છે?

કોઈએ નહીં – કિન્તુ પોતાના જ સ્વભાવે કરીને તે શ્રેષ્ઠ તત્ત્વો પરનું હિત કરવા તત્પર બન્યા છે. તેમ હે શ્રાવકો તમે પણ

## – બીજાનું ભલું કરો –

અહીં દેવાયતે પણ દીકરાને વધેરાવી નાખ્યો. તે કેટલો મોટો ઉપકાર. ત્યાં ખુટલ આયરે સોલંકી થાણાદારના કાન ફુંક્યા. હજુ દેવાયતને નથી ઓળખ્યો. પેટના દીકરા સાટે તેણે નવઘણને સંતાડ્યો છે ખાતરી કરો.

આયરાણીને બોલાવ્યા. છોકરાની આંખો કાઢીને આપી પગ નીચે ચાંપવા માટે. દેવાયતને થયું હમણાં સાતે આકાશ તુટી પડશે. ત્યાં તો હસતે મોઢે આયરાણીએ આંખો કચડી નાંખી.

अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयम्
परोपकार पुण्याय पापाय परपीडनम्

અઢાર પુરાણોમાં વ્યાસના બે જ વચન છે પરોપકાર પુણ્યને માટે છે. પરપીડન પાપને માટે છે.

પાંચ વર્ષનો નવઘણ જોત જોતામાં પંદર વર્ષનો થયો. નવઘણ ખેતરે સાંતી હાકવા લાગ્યો. પણ સાંતીનું દંતાળ જમીનમાં ખુંચી ગયું. બળદ કેમે કરી હાલે નહીં. જમીનમાં ઉંડે ઉંડે સોનાના સાત ચરુ નીકળ્યાં. "બસ બાળકનો સમો પાકયો."

દેવાયતે દીકરી જાહલના વીવાહ આદર્યા. તે બહાને ગામે ગામના આયર આવ્યા. હથિયાર બંધા જુવાન સાથે નવઘણનો ઘોડો પડયો આવે છે. રાજનગારું વગડ્યું. યુદ્ધ ખેલાણું. સોલંકીની લોહીની નદીમાં પાશેર પાશેર પાણો તણાયો પછી દેવાયતે જાહલના વીવા કર્યા.

કથા તો બહુ લાંબી છે......પણ એકદી' જાહલને સીંધમાં મુસલમાન હમીર સુમરાએ રોકી, દાનત બગડી છે. ત્યારે મહામુશ્કેલીએ નવઘણ ત્યાં પહોંચે છે. છ મહિના બહેને વ્રતને બહાને શીયળ ટકાવ્યું.

નવ લાખ ઘોડે નવઘણે જઇ સીંધને રોળી–સુમરાની લાશ ઢાળી ને જાહલને સગા ભાઈ વાહણને ભૂલાવી દે તેમ સાચવી લીધી.

ખરેખર પરોપકારને માટે જ વૃક્ષો ફળે છે, પરોપકારને માટે જ ગાય દુધ આપે છે. પરોપકારને માટે જ નદીઓ વહે છે. પરોપકાર માટે જ સત્ પુરુષોની સંગતિ છે. પરોપકારથી પુણ્ય થાય છે એમ વિચારી સજ્જનો **બીજાનું ભલું કરવા** તત્પર રહો.

कए वि अन्नस्सुवयार जाए
कुणंति जे पच्चुवयार जुग्गं
न तेग तुल्लो विमलो वि चंदो
न चेव भाणु न च देवराया

શ્રાદ્ધ ગુણ વિવરણના ૩૩માં ગુણમાં જણાવે કે જેઓએ બીજાને અનેક ઉપકાર કર્યા છે તો પણ જે પુરુષો ઉપકાર કરનારને યોગ્ય પ્રત્યુપકાર કરે છે. અર્થાત્ બદલો આપે છે તેની બરોબરી નિર્મળ ચંદ્ર સૂર્ય અને ઇન્દ્ર પણ કરી શકતા નથી.

અર્થાત્ ઉપકાર કરનારા (પ્રતિ) પ્રત્યુપકાર કરનારા પુરુષો આ દુનિયામાં ઉત્તમોત્તમ ગણાય છે.

અન્ન–પાણી વગેરેનું દાન, અનિશ્ચિત તેમજ અસ્થિર હોવાથી તેને દ્રવ્ય ઉપકાર ગણ્યો અને વિના કારણ પોતાના આત્માને તથા પરને સમ્યક્જ્ઞાન તથા ચારિત્રમાં સ્થાપન કરવો તેને તીર્થંકરો ભાવ ઉપકાર કહે છે.

येषां न विद्या न तपो न दानं
न चापि शीलं न परोपकारः
ते मर्त्यलोके भुवि भार भूता
मनुष्य रुपेण मृगाश्चरन्ति

જે પુરુષોમાં વિદ્યા–તપ–દાન–શીલ અને પરોપકાર [ નો ગુણ ] નથી તે પુરુષો આ મનુષ્ય લોકમાં પૃથ્વી પર ભારરૂપ થઈ મનુષ્ય હોવા છતાં મૃગપણે પરિભ્રમણ કરી રહ્યા છે.

આ સાંભળી હરણ બોલી ઉઠયું.

स्वरे शीर्षं जने मांसं त्वचं च ब्रह्मचारिषु
शृङ्गे योगीश्वरे दद्यान् मृगः स्त्रीषु स्वलोचने

હરણ સ્વરને માટે મસ્તક, માણસોને માટે માંસ, બ્રહ્મચારી માટે ચર્મ, યોગીશ્વરને શીંગ અને સ્રીઓને લોચન આપે છે. અર્થાત્ હરણનું આખું શરીર પરોપકારને માટે છે. તેથી હરણ કહે મારી તુલના મનુષ્ય સાથે કરો તે યોગ્ય નથી.

જો એક પશુ પણ આવું ઉપકારી હોય તો તમે પણ વિચારો કે માનવે **બીજાનું ભલું કરવું** જોઈએ.

વિક્રમ રાજા પરોપકાર ગુણથી પર દુ:ખ ભંજન કહેવાયો. એક વખત નદીના પુરમાં તણાતા બ્રાહ્મણને જોઈને પરોપકારના રસવાળા વિક્રમ રાજાએ તેને પાણીમાંથી બહાર ખેંચી કાઢયો. બ્રાહ્મણે તેને દેવતાના આરાધનથી મેળવેલી ચિત્રાવેલ રાજાને ભેટ ધરી.

વિક્રમ રાજા તે લઈ ઉજ્જયની તરફ પાછો ફરતો હતો. માર્ગમાં દરિદ્રીને જોઈ પરોપકાર પરાયણ રાજાએ તેને તે ચિત્રાવેલી આપી દીધી. તે જોઇ બ્રાહ્મણ પણ બોલ્યો, હે રાજન્ ! ખરેખર પરોપકારમાં તારી કોઇ બરાબરી કરી શકે તેમ નથી. કેમકે તેં આવી મહામૂલી કાળી ચિત્રાવેલી એક દરીદ્રીને આપી દીધી.

પશુ અને માનવીનું દષ્ટાન્ત જોયું. પણ અચેતન માટીનો દાખલો જ જુઓને. તેને એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જવી. ખર ઉપર ચઢાવવી, કાદવ નાંખવો, સુકી ધુળનું સ્થાપન કરવું, પગથી તાડન કરવું, કલેશ આપવો, ચાક ઉપર ચઢાવવી. બધો ત્રાસ સહન કરીને પણ પરોપકારી માટી વાસણો આપનારી છે,

આ રીતે કુલીન પુરુષે પોતાના અપકારી પર પણ ઉપકાર કરવો. જોઈએ.

આ લોકમાં દ્રવ્ય ઉપકાર કરનારાઓ, ભરત રાજાની જેમ આલોક–પરલોક સંબંધિ અતુલ ફળને પ્રાપ્ત કરે છે.

ભોગવતી નગરીમાં ભરત રાજા રાજ્ય કરે. પરોપકાર કરતો તે સુખ પૂર્વક વિચરે છે. તે પૈસા કે પ્રાણોથી પણ હંમેશાં ઉપકાર કરતો. “પરોપકાર વડે ઉપાર્જન કરેલ પુણ્ય સેંકડો યજ્ઞોથી પણ પ્રાપ્ત ન થાય.” એમ વિચારી કૃપાળું રાજા ગર્વરહિત પણે દુ:ખીના દુ:ખે દુ:ખી થતો.

એક વખત રાત્રે સુવા જતાં પોતાની શય્યામાં દિવ્ય આકૃતિવાળા પુરુષને નિદ્રા વશ દીઠો. બાજુમાં રહેલ સુવર્ણ ગુટિકા લેવા જેવા રાજા

પ્રયત્ન કરે કે તુરંત પેલો પુરુષ જાગી ગયો. પણ ઉઠવા જતાં જ પાછો પડયો.

તેને નચિંત મનવાળો કરી રાજા બોલ્યો કે તું ખુશીથી સુઈ જા, હું તને પવન નાંખુ. તેના આવા ઉપકારના ગુણને જોઈને જીવિત દાન પામેલા સિદ્ધ પુરુષે અસાધારણ આશ્ચર્ય આપનારી ગુટિકા આપવા આગ્રહ કર્યો. ત્યારે રાજા કહે કે ભદ્ર! હું કોઈનું કાંઈ ગ્રહણ કરતો નથી.

સિદ્ધ પુરુષે કહ્યું, દક્ષિણ દિશામાં મલયાચલ પર્વત છે. તેના અતિ ઉંચા શીખર ઉપર રામશેખર દેવનું મંદિર છે. ત્યાં ખાડામાં પડતું બળતા અગ્નિ જેવું દેવી સ્નાત્ર જળ છે. તે જે સાહસિક પુરુષ પોતાના હાથમાં છ મહિના સુધી ધારણ કરે તેને પ્રસન્ન દેવ આ ગુટિકા આપે છે.

રાજા તો પહોંચ્યો રામ શેખર દેવ મંદિરે પૂજા કરી જેવું જળ હાથમાં ગ્રહણ કરે ત્યાં આજુ બાજુમાં ૧૦૮ મનુષ્યોનો કોલાહલ સાંભળ્યો.

અગ્નિ જેવું ઉષ્ણ જલ રાજાએ કરકમળમાં ધારણ કર્યું કે તરત જ દેવે પ્રસન્ન થઈને ઉત્તમ ગુટિકા રત્ન આપ્યું.

પરોપકાર પરાયણ રાજાએ તે ગુટિકા રત્ન ૧૦૮માંના કોઈ એક પુરુષને આપી દીધું. ફરી પૂર્વવત્ વિધિ કરી, આંતરારહિત પડતી ઉષ્ણ જળની ધારા ગ્રહણ કરી, બીજી ગુટિકા મેળવી તે બીજાને આપી દીધી, ત્રીજી વખત ઉષ્ણ જળ ગ્રહણ કર્યું ત્યારે તેની સઘળી આંગળીઓ બળી ગઈ. તો પણ સ્થિર ચિત્તે જલને ધારણ કરતાં રામશેખર દેવે પ્રગટ થઈને કહ્યું કે છ માસે પણ એક ગુટિકા માંડ આપનાર મેં તને એક દિવસમાં બે ગુટિકા આપી અને પરોપકાર પરાયણ એવા તેં બીજાને આપી દીધી. હવે તારે શું જોઈએ છે?

રાજા કહે આ બધાંની મનોકામના પૂર્ણ કરો. રામશેખર દેવે બધાંને ગુટિકા આપી વિસર્જિત કર્યા.

ખરેખર મણિઓમાં જેમ ચિંતામણી રત્ન, હાથીઓમાં ઐરાવણ હાથી, ગ્રહોમાં ચંદ્રમા, નદીઓમાં ગંગા, પર્વતોમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, દેવતાઓમાં ઈન્દ્ર અને મનુષ્યોમાં ચક્રવર્તી શોભે છે. તેમ સમગ્ર ધર્મમાં પરોપકાર ધર્મ ઉત્તમોત્તમ પણે શોભે છે.

તે રાજા પણ પરોપકારના ગુણથી ઈન્દ્ર સમાન ઋદ્ધિ વાળો થઈ, દેવતા સંબંધિ સુખ પ્રાપ્ત કરી ત્યાંથી ચવીને મનુષ્યત્વ પામી અનુક્રમે ચારિત્ર લઈ મોક્ષરૂપ લક્ષ્મીનો સ્વામી બન્યો.

धुलि क्षेप नखक्षता तुल तुला रोहावरोह स्फुट–
ल्लो होद् घट्टन पिञ्जनादि विविध क्लेशान् सहितान्वहम्
जज्ञेयः परगुह्य गुप्ति कृदिह श्रित्वा गुणोल्लासितां
कर्पासः स परोपकार रसिके–ष्वाद्यः कथं नो भवेत्

ધુળમાં પડવું, નખોથી છેદાવું, મોટા ત્રાજવા ઉપર ચડવું, પાછું ઉતરવું, તીક્ષ્ણ લોઢાના ચરખામાં પીલાવું, પિંજાવું વગેરે વિવિધ ક્લેશોને નિરંતર સહન કરી સુતર રૂપે જે કપાસ આ લોકમાં બીજાનાં ગુહ્ય સ્થાનોને ગોપવનારો થયો છે. તે કપાસ, પરોપકાર પ્રત્યે પ્રેમ રાખનારાઓમાં અગ્રગામી કેમ ન થઈ શકે ?

જિનેશ્વર પરમાત્માએ પણ પરોપકારને સમસ્ત ધર્મોમાં ઉત્કૃષ્ટ ધર્મ કહ્યો છે. તો તમે પણ **બીજાનું ભલું કરવા** પ્રવૃત્ત થાઓ.

જુઓ "જયવીયરાય" સૂત્રમાં પ્રાર્થના કરતાં परत्थकरणं માટે પ્રાર્થના કરી છે. તેથી દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના પરોપકારને જાણી ધીર પુરુષોએ સઘળા પ્રાણી ઉપર યથાયોગ્ય પરોપકાર કરવા પ્રયત્ન શીલ બનવું.

દીનદુઃખી અને અનાથ પર અનુકંપા ભાવ લાવીને તથા મોક્ષના ફળને આપનાર એવા સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રમાં સ્થાપન કરવા રૂપ ભાવ ઉપકાર લાવીને પરોપકાર પારાયણ થવું જોઈએ.

શ્રાવકોનું આ સત્તરમું કર્તવ્ય જાણી સમજી તમે પરોપકાર પરાયણતાનો ગુણ કેળવો. રાજા ભરત કે વિક્રમની માફક પરોપકાર પરાયણ બની દ્રવ્ય અને ભાવથી આવા ઉત્તમ ધર્મનું પાલન કરતાં જયવીયરાય સૂત્રમાં કરેલી પ્રાર્થનાને સાર્થક કરનારા બનો.

[जयवीयराय जगगुरु] होउ ममं तुह पभावओ भयवं... પછી બીજી ગાથાના આરંભે લખ્યું परत्थकरणं च હે ભગવાન મને તમારા પ્રભાવથી [આટલું મળો] તેમાં માંગણી કરી परत्थकरणं च **પરોપકાર પ્રવૃત્તિ.**

તમે પણ આવી પ્રાર્થના કરી **બીજાનું ભલું કરો** અને પરોપકાર ગુણને વિકસાવો.

□

# (૮૫) જયણા

-જીવ રક્ષા માટે સાવધાન

जयं चरे जयं चिट्ठे जयं आसे जयं शये
जयं भूज्जंतो भासंतो पावं कम्मं न बंधई

શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનની આઠમી ગાથામાં શાસ્ત્રકાર મહર્ષિ શય્યંભવ સૂરિજી પાપ કર્મ કેમ ન બંધાય તે-સ્પષ્ટતા કરતા જણાવે કે જયણાપૂર્વક ચાલે, જયણાપૂર્વક ઉભે, જયણા-પૂર્વક બેસે, જયણાપૂર્વક સુએ, જયણાપૂર્વક ખાતો અને જયણાપૂર્વક બોલતો [તે જીવ] પાપ કર્મને બાંધતો નથી.

કદાચ તમને થશે કે આ જયણા-જયણા-જયણા શું કર્યા કરે છે પણ શ્રાવકનું અઢારમું કર્તવ્ય છે **"જયણા પાળવી"** જો જીવ જયણાપૂર્વક ઉભે-બેસે-સુવે-ફરે-ખાય-કે બોલે તો પાપ કર્મ ન બાંધે. પણ જયણા એટલે શું ?

જયણા એટલે કાળજી-સાવધાની રાખવી. यतना यत् "યત્ન કરવો કે પ્રયાસ કરવો" તે પરથી યતના શબ્દ બન્યો છે. વિશિષ્ટ અર્થમાં યતના એટલે જીવરક્ષા કે અહિંસા પાલન માટે સતત કાળજી કે સાવ-ધાની. હાલ પુરતું તો એક ટુંકુ સૂત્ર યાદ રાખો જયણા એટલે **"જીવરક્ષા માટે સાવધાન"**

જેમ મુનિરાજો ગમનાગમન આદિ ક્રિયામાં પ્રમાર્જના અને માર્ગ અવલોકનથી જીવોની જયણા રાખે છે, તેમ સામાયિક-પૌષધવાળા શ્રાવકોએ ધર્મરૂપી રાજાની સેવા સમાન જયણા અંગીકાર કરવી.

ચાલવામાં-બોલવામાં-ખાવામાં વસ્તુ કે ઉપકરણ લેવા મુકવામાં -પારિષ્ઠાપનામાં કાળજી પૂર્વક જીવોની રક્ષા માટે કે તેને દુઃખ ન થાય તેવી પ્રવૃત્તિ માટે પ્રયત્નશીલ રહેવું. કેમકે જયણા પાપકર્મ રોકવાનું શ્રેષ્ઠ સાધન છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં શિષ્ય પૂછે -

कहं चरे कहं चिट्ठे कहे आसे कहं सए
कहं भुज्जंतो भासंतो पावं कम्मं न बंधई

હે ભગવાન કેવી રીતે ચાલું-કેવી રીતે ઉભું-કેવી રીતે બેસું-કેવી રીતે સુવું-કેમ ખાવું-કેમ બોલું જેથી પાપ કર્મ ન બંધાય? આમ પૂછવાનું કારણએ છે કે પૂર્વે છ ગાથામાં પાપકર્મ બાંધી કડવા ફળ થાય તે બાબત સમજાવતાં લખ્યું बंधइ पावयं कम्मं तं से होइ कडुअं फलं

ભગવાને પણ ઉત્તર આપ્યો કે —

जयं चरे जयं चिट्ठे जयं आसे जयं सए
जयं भुज्जंतो भासंतो पावं कम्मं न बंधई

જયણાનો મૂળભૂત હેતુજ પાપ કર્મ ન બાંધવા તે છે.

લખનૌ પાસેના એક શહેરના પાદરે આઠ દિવસથી અકબરનો શાહી પડાવ હતો, તે સમેટાઈ રહ્યો હતો. અકબર શાહ તંબુ બહાર ઉભા હતા ત્યાં તેની નજર શાહી ધ્વજ પર પડી, તરત પોતાના અનુચરને બોલાવ્યો. આ ધ્વજ કેમ ફરકતો નથી? અનુચરે તપાસ કરી જણાવ્યું કે જે કાઠી ઉપર ધ્વજ છે ત્યાં ચકલીએ માળો બાંધ્યો છે. માળાની અડચણને લીધે ધ્વજ બરાબર ફરકતો નથી.

બાદશાહે થોડીવારે, સંકલ્પ કરી તંબુ બાંધનારને બોલાવી, સૂચના આપી, હમણાં તંબુ સમેટતો નહીં તંબુ બાંધનારને ગતાગમ ન પડી.

બાદશાહ! એકાએક આવું ફરમાન કેમ? અકબર શાહ કહે આપણે તો તંબુ સમેટી દિલ્હી રવાના થઈ જઈશું. પણ ચકલી એ માળામાં ઇંડા મુકયા હશે તે ઉડતાં ન શીખે ત્યાં સુધી કયાં જશે? માટે તંબુ ન સંકેલાય.

આને કહેવાય જયણા—**જીવ રક્ષા માટે સાવધાની**

જયણાને સ્પષ્ટ કરવા સમિતિનું સ્વરૂપ વર્ણવતા ઉપદેશ કલ્પવલ્લીમાં જણાવે—

**(૧) ઇર્યાસમિતિ :**— જે માર્ગે ઘણાં માણસો ચાલેલા હોય-ચાલતા હોય તથા જે માર્ગ સૂર્યના કિરણો વડે પ્રકાશિત ન હોય તેવા માર્ગે જીવરક્ષા માટે જયણાપૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ કહેવાય.

પણ આ અર્થ અપર્યાપ્ત છે, कहं चरे ના ઉત્તર સુંદર રીતે ઉપદેશ માળામાં આપતા લખ્યું.

जुगमित्तंतर दिट्ठी पयं पयं चक्खुणा विसोहिंतो
अव्वक्खित्ता उत्तो इरिया समिओ मुणि होई

યુગમાત્ર [ચાર હાથ પ્રમાણ] ક્ષેત્રની અંદર દૃષ્ટિ રાખી ચાલનાર, પગે પગે ચક્ષુ વડે પૃથ્વીનું વિશોધન એટલે કે સમ્યક્ રીતે અવલોકન કરતો તથા શબ્દાદિ વિષયમાં વ્યાક્ષેપ રહિત [સ્થિર મનવાળો] હોવાથી ધર્મધ્યાનમાં જ રહેલો મુનિ ઈર્યા [ગમન–ચાલવું] ને વિશે સમિતિ–એટલે સારા ઉપયોગ વાળો કહેવાય તેને जयं चरे કહ્યું.

**(૨) ભાષા સમિતિ :–** कहं भाषे–કેમ બોલવું–जयं भाषे–જયણા પૂર્વક બોલવું.

कज्जे भारइ भासं अणवज्जमकारणे न भासइय
विग्गह विसुत्तिय परिवज्जिओ अ जइ भासणासमिओ

જ્ઞાનાદિક કાર્ય હોય ત્યારે अनवद्य [નિર્દોષ] ભાષા [વચન] બોલે અને કારણ વિના બોલે જ નહીં તથા ચાર વિકથા અને વિરુદ્ધ વચન બોલવાએ કરીને રહિત એવો યતિ ભાષા સમિતિવાળો એટલે કે જયણાપૂર્વક બોલનારો કહેવાય.

**(૩) એષણા સમિતિ :–** શાસ્ત્રીય રીતે દર્શાવેલા ૪૭ દોષ રહિત તેમજ અગ્ર દોષાદિ અન્ય દોષ રહિત ગોચરી, વસ્ત્ર, પાત્ર વગેરે મેળવવા. તે રીતે **જીવરક્ષા માટે સાવધાની** રાખવી તે એષણા.

**(૪) આદાન ભંડ મત નિક્ષેપ :–** ચક્ષુ વડે જોઈ પ્રમાર્જના કરી વસ્ત્ર, પાત્ર તથા ઉપકરણ વગેરે સાવધાની પૂર્વક લેવા–મુકવા.

**(૫) પારિષ્ઠાપનિકા સમિતિ :–** મળ–મૂત્ર–શ્લેષ્મ વગેરે નિર્જીવ સ્થાનમાં સાવધાની પૂર્વક પરઠવવાની પ્રવૃત્તિ.

જયણાને લક્ષમાં લઈ અષ્ટ પ્રવચન માતાની જે વાત છે તે મુજબ સમિતિ સાથે મન–વચન–કાયાની ત્રણે ગુપ્તિ પણ સાચવવાની છે.

વચન ગુપ્તિના માહાત્મયને જણાવતો હકીમ લુકમાનજીનો એક પ્રસંગ છે.

હકીમ લુકમાનજીની વિદ્વતા ઘણી છતાં તેને ઘમંડ જરાપણ નહીં. લોકો માને કે આવો જ્ઞાની અમે કોઈ દી' જોયો નથી. જ્ઞાનના બીજ તો તેને બચપણથી રોપાયેલા. તે સમયે ગુલામી પ્રથા ચાલતી હતી. હકીમ લુકમાન પણ એક કાળે કોઈના ગુલામ હતા.

ધનાઢય માનવ–પારખું હતો. લુકમાનનું જ્ઞાન જોઇ નક્કી કર્યું કે આની પાસે ઘરકામ ન લેતા કોઇ સમસ્યા પ્રત્યે તેની સલાહ લેવી. લુકમાનજીને બોલાવી તેણે પૂછયું, માનવ શરીરમાં સૌથી ઉત્તમ ચીજ કઈ ?

લુકમાનજીએ તુરંત કહ્યું– "જીભ"

માલિકે બીજો પ્રશ્ન કર્યો. માનવ શરીરમાં અધમમાં અધમ ચીજ કઈ? લુકમાન કહે "જીભ"

માલિક કહે એમ કમ ? એક જ વસ્તુ ઉત્તમ અને અધમ કેમ ? લુકમાનજી એ જવાબ દીધો જીભમાં મીઠાશ એટલી છે કે તેના વડે બીજાના હૃદય જીતી શકાય. કડવાશ પણ એટલી છે કે વાતે વાતે વૈર બાંધી શકાય.

માટે ડાહ્યા માણસોએ વિવેક બુદ્ધિથી બે કહેવત રાખી–ન બોલવામાં નવ ગુણ અને બોલે તેના બોલ વેચાય પણ કયારે ? વચન ગુપ્તિ હોય તો

સમિતિ કે ગુપ્તિની વાત નો મૂળ હેતુ કહ્યો ? જયણા [यतना] અન્યને દુઃખ ન થાય તેવી પ્રવૃત્તિમાં કે **જીવરક્ષામાં સાવધાની** અથવા સતત કાળજી રાખવી તે.

શ્રાદ્ધ દિન કૃત્યની ૨૬૯મી ગાથામાં જયણાનું સ્વરૂપ નિર્દેશતા લખ્યું કે–

શુદ્ધ અને સારી રીતે ગળેલું જળ ગ્રહણ કરવું, કાષ્ઠ અને ધાન્યાદિ પણ શુદ્ધ–નિર્જીવ ગ્રહણ કરવા. ગ્રહણ કર્યા પછી ત્રસ જીવોની રક્ષા માટે વિધિપૂર્વક ઉપભોગ કરવો. એ રીતે ગૃહવાસમાં સર્વ પ્રવૃત્તિમાં જ્યાં જ્યાં આરંભનું કારણ હોય ત્યાં ત્યાં જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવી.

કારણકે અવિરાધિત શ્રમણપણા વાળા સાધુ અને સતત જયણા પૂર્વક જીવતો શ્રાવક (બંને) જઘન્યથી સૌધર્મ દેવલોકને પામે તેમ ત્રિલોકદર્શી પરમાત્માએ કહ્યું છે. જ્યારે સુષ્ઠુ પ્રકારે તપ વગેરે કરતો પણ જો જયણા રહિત હોય તો સિદ્ધિને પામતો નથી.

૦ "જયણા–પાલન"માં શ્રાવક માટે આટલું બધું મહત્ત્વ કેમ આપ્યું ?

શ્રાવકને પ્રાયઃ પહેલુ વ્રત સવા વસા દયા પ્રમાણ છે. તેથી વિશેષ પાળી શકે નહીં માટે જયણાને મહત્ત્વ વિશેષ આપ્યું.

जीवा थुला सुहुमा संकप्पारंभो भवे दुविहा
सावराह निरवराहा साविक्खा चेव निरविक्खा

સંબોધ પ્રકરણમાં સવાવસા દયાનું સ્વરૂપ લખે.

**(૧) ત્રસ :–** સાધુ ધર્મમાં સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારે જીવ હિંસા ત્યાગ છે. જીવદયા વીસ વસા કહી છે પણ ગૃહસ્થને માત્ર સ્થૂળ [ત્રસ] જીવોની હિંસાના જ પચ્ચક્ખાણ છે. સ્થાવર હિંસાનો ત્યાગ કરે તો ગૃહસ્થાવાસ ચાલે નહીં. માટે તે વીશમાંથી દશ વસા દયા જ પાળી શકે.

**પ્રશ્ન :–** ત્રસ જીવની હિંસાના પચ્ચક્ખાણ કરે તો સ્થાવરની હિંસા સંબંધિ અનુમતિનો દોષ લાગે જ છે. કેમકે સ્થાવર ત્રસ પણે ઉત્પન્ન થાય છે અને ત્રસ સ્થાવર પણે ઉત્પન્ન થાય છે.

**સમાધાન :–** ત્રસપણાની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૦૦૦ સાગરોપમની છે. જ્યારે સ્થાવરપણાની કાય સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત પણ ઉત્કૃષ્ટથી અનંતકાળની છે. તેમાં અસંખ્ય પુદ્ગલ પરાવર્તન થઈ જાય.

વળી ત્રસપણાની ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી ૩૦ સાગરોપમની છે. આ રીતે બંનેનું સ્પષ્ટ જુદાપણું સિદ્ધ જ છે માટે ત્રસ હિંસાની નિવૃત્તિથી સ્થાવરની હિંસાની નિવૃત્તિ થતી નથી. પરિણામે પ્રતિજ્ઞા ભંગ પણ થતો નથી.

**(૨) સંકલ્પ પૂર્વક :–** ત્રસની હિંસા પણ બે પ્રકારે છે. એક સંકલ્પપૂર્વક, બીજી રસોઈ, ખેતી આદિ આરંભથી થતી. તેમાં ગૃહસ્થ "હું આને હણું" એવા સંકલ્પપૂર્વક હિંસા નહીં કરવાનું જ પચ્ચક્ખાણ કરી શકે. આજીવિકા, કુટુમ્બાદિ કારણે આરંભજન્ય હિંસામાં વિકલેન્દ્રિયની રક્ષા કરવી મુશ્કેલ છે. તેથી દશવસાની અડધી એટલે કે પાંચ વસા દયા જ પાળી શકે.

**(૩) નિરપરાધી :–** સંકલ્પ હિંસા બે પ્રકારની છે નિરપરાધી અને અપરાધી. તેમાં અપરાધીને અપરાધની અપેક્ષાએ સંકલ્પપૂર્વક મારવા સુધીનો પ્રસંગ પણ આવે. તેથી તે માત્ર નિરપરાધીની હિંસાનો જ ત્યાગ કરી શકે. માટે પાંચ વસામાંથી અઢી વસા દયા જ પાળી શકે.

(૪) **નિષ્કારણ** :- નિરપરાધી જીવોમાં પણ સકારણ હિંસા થવાની. ગાડે જોડેલા બળદ, ઘોડા કે ભણવા વગેરેમાં પ્રમાદી પુત્રને ખીજાવું તાડન કરવું, મારવું વગેરે ક્રિયાથી હિંસા દોષનો સંભવ છે જ. તેમ કરે તો જ શાંત પાળવા.-પળોટવા-કામ લેવું આદિ થઈ શકે. એટલે અઢી વસામાંથી સવા વસા દયા જ ગૃહસ્થ પાળી શકે છે.

તો પ્રશ્ન એ થાય કે માત્ર સવા વસા દયા એટલે કે એક આની જ પળાય અને ૧૫ આની દયામાં નિધ્વંસ પણું દાખવવાનું ?

– તો કે ના-પંદર આની માટે જ જયણા પાલન રાખ્યું. આપણે પણ **જીવરક્ષા માટે સાવધાન** એવું સાવધાન કરતું પરિશીલન શીર્ષક મુકયું.

વિરાધના તો છે જ પણ તે ઓછામાં ઓછી કેમ થાય તેવા પરિણામપૂર્વક જીવવું તે જયણાવૃત્તિ. જેમકે સ્થાવરની હિંસાના પચ્ચક્ખાણ નથી તો પણ ઘાસ પર ન ચાલવું, પાણી શકય તેટલું ઓછું ઢોળવું બિન જરૂરી લાઈટો ન બાળવી વગેરે થઈ શકે કે નહીં.

ત્રસ જીવોની જયણા માટે પણ ગાળેલું પાણી પીવું, બળતણ અનાજ આદિ શુદ્ધ રાખવા વગેરે વિવેકજ્ઞાન તો રાખી શકાય ને ?

આ રીતે જયણાં પાલન માટે કેટલાંક સુચનો

(૧) પાણી ગળેલું વાપરવું.

(૨) રહેવા તથા વાપરવાની જગ્યા મુલાયમ પુંજણીથી સાફ કરવી.

(૩) છાણાં-લાકડાં-હાલમાં ગેસના ચુલા બરાબર તપાસવા, પ્રમાર્જવા.

(૪) અનાજ બરાબર સાફ કરવું-ચાળવું-ઓછામાં ઓછી જીવોત્પતિ થાય તેમ સાચવવું.

(૫) સડેલા શાકભાજી ન વાપરવા. સમારતા પણ કાળજી રાખવી.

(૬) ઘંટી-ખાંડણીયા [ગ્રાઈન્ડર] પૂંજીને વાપરવા.

(૭) વધેલી રસોઈ કે એંઠવાડ જેમ તેમ ન ફેંકવા.

(૮) બનતા સુધી એઠું છાંડવું નહીં.

(૯) ઘી-તેલ-દૂધ વગેરે વાસણ ઉઘાડા ન મુકવા.

(૧૦) કાળ મર્યાદાથી અધિક લોટ વગેરે ન વાપરવા.

જયણા પાલન માટે ચંદરવો બાંધવાની વાત પણ આવે છે. આજ તો ચંદરવો શું એ જ ખબર નથી. પણ શયન, ભોજન, રસોઈ, પાણી, દેવ, ગુરુ, ધર્મ સ્થાનકોમાં અવશ્ય ચંદરવો બાંધવો જોઈએ.

મૃગસુંદરીની સાથે કપટી શ્રાવક બની ધનેશ્વર શ્રેષ્ઠીએ લગ્ન કર્યા હતા. મૃગસુંદરીને જિનપૂજા કર્યા સિવાય ભોજન ન કરવાનો નિયમ છે. એક એક કરતાં ત્રણ ઉપવાસ થયા. કોઈ મુનિ મહારાજને પૂછ્યું કે સાસરે મારી આ સ્થિતિ છે તો શું કરવું ?

લાભાલાભનું કારણ જાણી ગુરુ મહારાજ કહ્યું કે તું ચુલે ચંદરવો બાંધ અને ભાવથી પંચ તીર્થની સ્તુતિ કર. પાંચ સાધુને નિત્ય દાન દે. સજ્ઝાયમાં પણ બોલો છો ને –

**છાણા ઇંધણ નિત્ય શોધીએ ચુલે ચંદરવો બાંધીએ**
**પોંચે હાથે વાસીદુ વાળીએ દીવે ઢાંકણ ઢાંકીએ**
**જીવની જયણા નિત્ય જ કરીએ સેવીએ શ્રી જિનધર્મ રે**
**જીવ અજીવને ઓળખીએ તો પામીએ સમકિત મર્મ રે**

તેણીએ ચંદરવો બાંધતાં, સસરાને થયું આ કંઈ કામણ કરે છે તે સાંભળી ધનેશ્વરે ચંદરવો બાળી નાખ્યો. એમ કરતાં મૃગસુંદરીએ સાત ચંદરવા બાંધ્યા. તે સાતે બાળી નાખ્યા.

સસરાએ પૂછ્યું તું આ શા માટે બાંધે છે મૃગસુંદરી કહે જીવદયા પાળવા માટે. સસરા કહે તારા બાપને ઘેર જઈ જીવદયા પાળ. મૃગસુંદરી કહે આખું કુટુમ્બ મુકવા આવે તો જાઉં.

માર્ગમાં કોઈ ગામમાં રાત્રે જમવાની વાત થઈ. મૃગસુંદરીને રાત્રિ ભોજન નિષેધ હતો. તે જમી નહીં. જેઓ ત્યાં જમ્યા તે બધાં મૃત્યુ પામ્યા. તપાસ કરતાં ખબર પડી કે રાત્રે રાંધવામાં ધુમાડાથી આકુળ થયેલો સર્પ પડયો હતો. બધાંને મૃગસુંદરીના ચંદરવાની વાત સમજાતા ઘેર પાછાં વળી ગયા.

મૃગસુંદરી અને ધનેશ્વર ધર્મારાધન કરી સ્વર્ગે ગયા તમે પણ આ રીતે જયણા પાળી **જીવરક્ષા માટે સાવધાન**–બની જાઓ.

જૈનેતર ગ્રન્થ સાંખ્ય મતવાળા પણ કહે છે, છત્રીશ આંગળ લાંબુ અને વીસ આંગળ પહોળું એવું ગરણું રાખવું. તે વડે વારંવાર જીવોને શોધવા અર્થાત્ પાણી ગાળવું.

ઉત્તર મીમાંસા નામે જૈનેતર ગ્રન્થમાં લખે છે કે કરોળીયાના મુખમાંથી નીકળેલા તંતુઓથી ગળેલા જળના બિંદુઓમાં જે જંતુઓ છે તે એટલા સૂક્ષ્મ છે કે જો તે બધાં ભમરા જેવડી કાયા કરીને રહે તો ત્રણ જગતમાં પણ સમાય નહીં. માટે જયણા પાલનના હેતુથી જલને ગાળવાનું જરૂરી ગણ્યું.

પ્રમાર્જના અને પ્રતિલેખનાની જયણાના સંસ્કાર જીવને કેટલા ઉત્તમ માર્ગે લઈ જાય છે તે જણાવતો વલ્કલચિરિનો પ્રસંગ છે.

વલ્કલચિરિ શહેરની રીત રસમથી અજાણ બાળક છે. ઋષિ મુનિના આશ્રમમાં જ ઉછરેલો. પ્રસન્નચંદ્ર રાજાના કહેવાથી વેશ્યાઓ શહેરમાં લાવી છે. નગરમાં ફરતા ફરતા સર્વેને હે તાત વંદન કરું છું. તેમ કહે છે. બધાં લોકો હસ્યા કરે છે.

કોઈ વેશ્યા આ બાલઋષિને ઘરમાં લાવી, પોતાની પુત્રી સાથે તેના વિવાહ કર્યા. ત્યારે નૃત્યાદિક જોઈ વલ્કલચિરિ ચિંતવે છે કે આ બધાં આમ વાંકાચુંકા કેમ થાય છે. મને કોઈ ફળ કેમ નથી આપતાં? આવા અજ્ઞાન અને સરળ બાળક છે.

રાજાને જાણ થઈ કે આ તો મારો નાનો ભાઈ છે. રાજ્યમાં રહેતા વિષય સુખો ભોગવતાં બાર વર્ષ વીતી ગયાં. ત્યારે વલ્કલચિરિને થયું કે ધિક્કાર છે મારા અકૃતજ્ઞપણાંને. પિતાને ભૂલીને હું અહીં પડયો છું.

વડીલ ભાઈની રજા લઈ નીકળે છે. પિતા એવા સોમચંદ્ર ઋષિને મળવા વડીલભાઈ પણ સાથે આવ્યા. વલ્કલચીરી પોતાના પૂર્વે ગોઠવી રાખેલા તાપસપણાના ઉપકરણો કાઢે છે. જુએ છે તો બાર વર્ષમાં ધુળના થર ચડી ગયા છે.

ઉત્તરીય વસ્ત્રના છેડાથી પ્રમાર્જન કરતાં ઉપકરણોને સાફ કરી રહ્યા છે. પ્રમાર્જના કરતી વેળા મનમાં ઉહાપોહ કરતાં જાતિ સ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ દીઠો. ગતભવમાં મુકેલું સાધુપણું જાણવામાં આવ્યું. મનમાં ને મનમાં ધિક્કાર છૂટયો. અહો આવું સાધુ પણ છોડીને હું વિષય લંપટ બન્યો.

હાથ વડે તો પ્રમાર્જના ચાલુ હતી, પણ મનમાં પડિલેહણા–પ્રમાર્જનાના વિચારોએ તેને શુક્લધ્યાનની ધારાએ ચડાવી દીધા. ત્યાંને ત્યાં વલ્કલચીરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

હવે કથાનું રહસ્ય તત્વ વિચારો કે આદાન-ભંડ-મત્ત નિક્ષેપ સમિતિનું મહત્વ કેટલું ?

જયણાપૂર્વક વસ્ત્ર-પાત્ર-ઉપકરણાદિને લેવા મુકવા અને પ્રમાર્જવા કે પડિલેહવાની ટેવ, સંસ્કાર અને ભાવ-ઉપકરણોની રજના પ્રમાર્જન કરતાં આત્મરજ પ્રમાર્જન કરાવનારા બન્યા અને કેવલજ્ઞાન પામી મોક્ષ સુખ ને વરાવનાર બન્યા.

જયણાપૂર્વકનું જીવન હોય તો તેના દૃઢ સંસ્કારો. સ્વર્ગ તો ઠીક પણ મોક્ષ સુખ પણ અપાવનાર બને. તેથી જયણા પાલન માટે જાગૃત બની **જીવરક્ષાની સાવધાની** કેળવો.

તેથીજ પ્રારંભમાં જયણા-જયણા-જયણા શબ્દના વારંવાર ઉપયોગવાળો શ્લોક મુકયો.

जयं चरे जयं चिट्ठे जयं आसे जयं सये
जयं भूजंतो भासंतो पावं कम्मं न बंधइ

જયણાપૂર્વક ચાલે, જયણાપૂર્વક ઉભો રહે, જયણાપૂર્વક બેસે, જયણાપૂર્વક સુએ, જયણાપૂર્વક ખાય અને જયણાપૂર્વક બોલે તે પાપકર્મને બાંધતો નથી.

આ રીતે જયણા એ સંવરની પ્રવૃત્તિ છે. નવા કર્મોને આવતા રોકીને જૂના કર્મોની નીર્જરા કરવાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

- જયણાપૂર્વક ચાલવું-બેસવું વગેરે ઈર્યાસમિતિ.
- જયણાપૂર્વક બોલવું તે ભાષાસમિતિ.
- નિર્દોષ આહારાદિક લેવા તે એષણાસમિતિ.
- વલ્કલચીરીને કેવળજ્ઞાનમાં નિમિત્ત શું બન્યું ? જયણાપૂર્વકની પ્રમાર્જના-પડિલેહણા એટલે આદાન ભંડમત નિક્ષેપ સમિતિ
- એવી જ પાંચમી સમિતિ તે પારિષ્ઠાપનિકા

ધર્મ રુચિ અણગાર ગોચરી માટે નીકળેલા છે. નાગશ્રી નામક બ્રાહ્મણીએ કડવી તુંબડીનું શાક વહોરાવ્યું. ગુરુ મહારાજે જોયું કે આ શાક અયોગ્ય અને પ્રાણનાશક છે. એટલે શિષ્યને સલાહ આપી કે આને તમે શુદ્ધ સ્થંડિલ ભૂમિમાં પરઠવી આવો.

શિષ્યએ શુદ્ધ સ્થંડિલ ભૂમિએ જઈ વિચાર્યું કે આ શાકમાં એવો શો દોષ હશે કે ગુરુ મહારાજે પરઠવવાની આજ્ઞા કરી ?

મનમાં જયણાનો ભાવ છે. પારિષ્ઠાપન માટે જયણા બરાબર પળાવી જોઈએ તો જ સમિતિનું પાલન થાય.

શાકમાંથી એક બિંદુ લઈ પૃથ્વી ઉપર મુક્યું તેની ગંધથી લોભાઈને અનેક કીડી ત્યાં આવી. તેનો રસ લેતાં જ મૃત્યુ પામી. ધર્મરુચિ અણગારને અંતઃસ્ફૂરણા થઈ—

## [જીવ રક્ષા માટે સાવધાન]

અરે ! નિર્દોષ ભૂમિમાં પણ કીડી વગેરે તો દૂરથી આવે જ હવે શું કરવું ?

**મુનિ મહંત જયણા યુત વંદી, કીજે જન્મ પવિત્ર રે — ભવિકા —**

યશોવિજયજી મહારાજની પંક્તિ જાણે સાકાર રૂપ ધારણ કરી બેઠી–જયણા વંત મુનિરાજે નક્કી કરી લીધું, શુદ્ધ સ્થંડીલ ભૂમિ તો મારા શરીર જેવી બીજી કઇ હશે ?

માટે આ શાક ત્યાં પરઠવવું તો જ હું જયણાનું પાલન કરી શકીશ. બસ બધું જ શાક વાપરી ગયા. ત્યાં ને ત્યાં અનશન કરી દીધું. સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવતા થયા.

આ થયું પારિષ્ઠાપનિકા સમિતિમાં જયણાનું ઉત્તમોત્તમ ઉદાહરણ. રખેને નિર્દોષ જીવો મરી ન જાય. ધર્મરુચિ અણગારે માત્ર **જીવ રક્ષા માટે સાવધાની** દાખવી એટલું જ નહીં પોતાના ભોગે પણ બીજા જીવોનું રક્ષણ કરવા જેટલી જયણા પાળી.

શ્રાવકોએ આ રીતે સવા વસા દયા પાળતા પણ વિશેષે વિશેષે કરીને પ્રત્યેક કાર્યમાં, જયણાપૂર્વક વર્તવું. અને એ રીતે પૂર્વધર આચાર્ય શય્યંભવ સૂરિજી રચિત શ્રી દશવૈકાલિક ના પાઠને ચરિતાર્થ કરવા એક જ વાત ધ્યાનમાં રાખો.

## જયણા–પાલન

જયણાને યોગ્ય રીતે પાળતો શ્રાવક જ્યારે કાયાથી–વચનથી જયણા પાળવા સમર્થ બને ત્યારે તેની જયણા મનમાં પરાવર્તીત થઇ આંખ વાટે અશ્રુધારા રૂપે બહાર નીકળે તે જ જયણાની ચરમ સિમા—

□

# (૮૬) જિનપૂજા મહત્વ

—પ્રભુ પૂજા લગાવે પાર

पूआए मणसंति मणसंतिए उत्तमं झाण
सुह झाणेण य मुक्खो मुक्खे सुक्खं निराबाह

સંબોધ પ્રકરણમાં દેવાધિદેવ વિભાગ ગાથા ૧૯૯માં જિનપૂજાના મહત્ત્વને જણાવતાં લખ્યું કે શ્રી જિનેશ્વર દેવની પૂજાથી જીવોને મનની શાંતિ થાય છે. મનની શાંતિ વડે ઉત્તમ ધ્યાન થાય છે. ઉત્તમ ધ્યાનથી મોક્ષ થાય છે. મોક્ષથી અક્ષય સુખ પ્રાપ્ત થાય છે.

એટલે કે જિનપૂજાથી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના કર્તવ્યોને વર્ણવતા ૧૯ મું કર્તવ્ય જણાવ્યું **જિનપૂજા**

ઉપદેશ કલ્પવલ્લીમાં કહ્યું છે કે ચોત્રીશ અતિશયો વડે શોભતા અને આઠ મહા પ્રાતિહાર્યોથી યુક્ત શ્રી જિનેશ્વરની [પંડિત જનો] શ્રાવકોએ નિત્ય પૂજા કરવી જોઈએ.

અહીં "જિન" શબ્દથી પોત–પોતાના તીર્થને સ્થાપન કરનારા સર્વે અરિહંત પરમાત્માઓને જાણવા. આ લોકના સર્વોત્તમ એવા આ ભગવંતની વિધિપૂર્વક દ્રવ્યથી અને ભાવથી પૂજા કરનાર મનુષ્ય અનેક પ્રકારે સંપદા પામે છે. માટે આજનું પરિશીલન રાખ્યું.

## પ્રભુ પૂજા લગાવે પાર

જિનેશ્વરોની પૂજા ત્રણ પ્રકારે કહેલી છે. (૧) અંગપૂજા (૨) અગ્ર-પૂજા (૩) ભાવપૂજા.

બરાબર મધ્ય પાંચાલને વીંધીને ઘેલો વાઘેશ્વરી અને ત્રિવેણી નામની ત્રણ નદી એક બીજીને મળીને કિલ્લોલ કરે છે. એવા સ્થળે ઘેલા સોમનાથનું મંદિર આવેલું છે.

સંવત ૧૪૫૭ની આસપાસની વાત છે. તે દી' સોરઠને માથે રા' મહિપાલના બેસણા. તેની રખેવાળી નીચે પ્રભાસ પાટણનું સોમનાથનું મંદિર અણનમ હતું.

મીરા જેમ કૃષ્ણને મનોમન વર્યા હતા. તેમ રા' મહિપાલના કુંવરી મીનળદેવી સોમનાથને મન–વચન–કર્મથી વર્યા હતા. તે નિયમિત રીતે રોજેરોજ સોમનાથની પૂજા કરે. જ્યારે ગીજનીએ સોમનાથ પર ચડાઈ કરી ત્યારે જ્યોતિર્લિંગને ભુગર્ભમાં લઈ જવું પડયું. મીનળદેવી ભૂગર્ભમાં પણ તેની પૂજા કરતા.

સુલતાન જાફરને આ બાતમી મળતાં તેણે તેણે કેટલાંક ગુપ્તચરને સોમનાથ રવાના કર્યા. તેની સાથે સુલતાનની પુત્રી હુરલ અને તેનો પતિ પણ સામેલ હતાં.

મીનળની સોમનાથ મહાદેવ પરની શ્રદ્ધા ભક્તિ જોઈને, તેની નિત્ય પૂજા જોઈને હુરલ એટલી બધી પ્રભાવિત થઈ કે તેણે મીનળને પોતાના પિતાની મકસદ જણાવી દીધી. તુરંત તે વાત રા'મહિપાલને જણાવાઈ.

સોમનાથના અસલ જ્યોતિર્લિંગને મીનળદેવીએ પાલખીમાં પધરાવ્યું અને તાત્કાલિક પ્રભાસ પાટણ છોડયું. લાવ લશ્કર સાથે સોમનાથના મૂળ જ્યોતિર્લિંગને લઈને ચાલી સાથે હુરલ પણ છે.

છતાં આવી કારમી સ્થિતિમાં પણ મીનળ મહાદેવ પૂજાને છોડતી નથી.

પાલખી પાછળ સુલતાનની વાર છૂટી. આઠ દી' ઘોર ધીંગાણું ચાલ્યું. ચાલુ ધીંગાણે પણ મીનળદેવીની મહાદેવની પૂજા–ભક્તિ અવિરત ચાલુ છે કેમકે **પ્રભુ પૂજા લગાવે પાર** તે સમજે છે.

પણ માલગઢ અને ભંડળ ગામથી બે ગાઉ છેટે પોઠીયો બેસી ગયો. એટલે વેજલભટ્ટે સોમનાથ મહાદેવનું અસલ લિંગ ત્યાં સ્થાપ્યું. છેવટે વેજલ ભટ્ટ મરતા પણ એ રીતે પડયા કે આખું જ્યોતિર્લિંગ ઢંકાઇ ગયું અને મીનળ તથા હુરલે નાછુટકે ત્યાં જ ભૂમિમાં સમાધિ લીધી.

આવી લગન જિનપૂજા માટે હોવી જોઈએ. શ્રાવકે નિત્ય કર્તવ્ય રૂપે જિનપૂજા ખરેખર તો અંગ–અગ્ર–ભાવ ત્રણ પ્રકારે કરવી જોઈએ. છતાં કદાપી ન કરી શકે તો તેને માટે–

સંબોધ પ્રકરણ દેવાધિદેવ કાણ્ડની ૧૯૬મી ગાથામાં જણાવે છે–

णिच्चं चिअ संपुण्णा, जइ वि हु एसा न तिरए काउं
तहवि अनुचिट्ठि आव्वा, अक्खय दीवाइ दाणेणं

જો પૂજા સંપૂર્ણ વિધિથી ન જ થઈ શકે તો પણ પ્રભુને અક્ષત-દીપ વગેરે ભેટણું કરવા રૂપ સામાન્ય પૂજા તો દરરોજ કરવી જોઈએ.

કેમકે જેમ પાણીનું એક બિંદુ પણ સમુદ્રમાં નાખ્યુ હોય તો તે અક્ષયપણે રહે છે એટલે કે સુકાતું નથી. તેમ શ્રી વીતરાગની પૂજા થોડી પણ હોય તો અક્ષય થાય એટલે કે નિષ્ફળ જતી નથી. એ પૂજારૂપી બીજથી આ ગહન સંસાર રૂપ જંગલમાં પણ દુઃખોને પામ્યા વિના [દેવ–માનવ સંબંધિ] અત્યંત ઉદાર ભોગોને ભોગવીને સર્વ [ભવ્ય] જીવો ફળરૂપે સિદ્ધિને પામે છે.

તેથી જ પ્રારંભમાં કહ્યું કે જિનપૂજાથી જીવોને મનની શાંતિ થાય છે. મનની શાંતિથી ઉત્તમ ધ્યાન થાય છે. ઉત્તમ ધ્યાનથી મોક્ષ થાય. માટે દરેક શ્રાવકે જિનેશ્વરની પૂજા નિત્ય કરવી.

ત્રિકાળ પૂજા કરે. તે ન થાય તો એક વખત અષ્ટ પ્રકારી પૂજા કરે. તે પણ ન થાય તો ચંદન પુષ્પ–ધુપ–દીપ વગેરે કરી ચૈત્યવંદન કરે. તે પણ ન થાય તો છેવટે અક્ષત તથા દીપપૂજા કરે તેમ કહ્યું. આ હેતુથી જ જિનાલયમાં ખાલી હાથે ન જતાં થોડાં પણ ચોખા લઈ જવા અને એ રીતે અક્ષત પૂજા થકી જિનપૂજા કરવી જોઈએ.

જિનપૂજા ત્રણ પ્રકારે કહી છે.

**(૧) અંગ પૂજા**–જે દેહ વડે પ્રભુએ મુક્તિ પ્રાપ્ત કરી, જે કાયા થકી ધર્મ પ્રચાર કર્યો અને જે કાયાને આધારે જગત તેમને જાણી શક્યું, તે કાયા પૂજાને પાત્ર છે. તેથી જલ–ચંદન–પુષ્પો વડે પ્રભુની પૂજા કરવાનું વિહિત છે તે અંગપૂજા.

આ પૂજાને વિઘ્નોપશામની [વિઘ્ન હરનારી] કહી છે.

**(૨) અગ્રપૂજા**–સમર્પણ એ ભક્તિનો પ્રાણ છે. સમર્પણ વિનાની ભક્તિ આત્મા વિનાના દેહ સમાન છે. અથવા જ્યોત્સના વિનાની રાત્રિ જેવી છે. તેથી પ્રભુ સન્મુખ [અગ્ર] પૂજા આવશ્યક છે. શ્રી પરમાત્મા સમક્ષ અક્ષત, ફળ, નૈવેદ્ય, ધૂપ, દીપ ધરતાં એ ભાવો વ્યક્ત કરવામાં આવે છે કે આ તો સામાન્ય ત્યાગ છે ખરેખર તો બધું જ છોડવા લાયક છે.

હે નાથ! આપના કરતા બીજી કોઈ વસ્તુ મને વહાલી નથી. જોકે પૂર્વ કર્મના યોગે સંસારની જાળમાં બંધાઈ સારા નરસા પદાર્થો

પરત્વે મમત્વ વાળો છું. છતાં પ્રશમરસ નિમગ્ન એવા આપને ચરણે મારું સર્વસ્વ ધરવાની આકાંક્ષા રાખુ છું.

આ પ્રકારની અગ્ર પૂજા અભ્યુદય પ્રસાધની [મોટો લાભ આપનારી] કહી છે.

**(૩) ભાવપૂજા**–અંગ અને અગ્રપૂજા કર્યા બાદ પ્રભુના ગુણોનું સ્તવન કે કીર્તન તે ભાવપૂજા. તેવી ભાવપૂજા સ્તુતિ–સ્તોત્ર વડે કે હૃદયમાં પ્રભુનું ધ્યાન ધરીને થાય છે. ગીત–ગાયન નાટકાદિ પણ એક પ્રકારે ભાવપૂજા જ છે. પણ તેમાં વિભાવ દશા છૂટી સ્વભાવ દશા આવવી જોઈએ.

આ પ્રકારની ભાવપૂજાને નિર્વૃત્તિ કારિણી–મોક્ષ પદને આપનારી જાણવી.

આ અંગ–અગ્ર–ભાવ ત્રણે પૂજા કરવી જોઈએ. છતાં પણ ન થઈ શકે તો છેવટે અક્ષત કે દીપ પૂજા પણ કરવી. પણ પૂજાનું આચરણ તો ચાલુ જ રાખવું કારણ? **પ્રભૂ પૂજા લગાવે પાર**

બાવાવાળો આશરે ૧૮૨૦ની આસપાસ થઈ ગયો. પોતાના ગામ ગરાસ માટે બહારવટે ચડેલો. જન્મ પહેલાં જેને જોગી ધમસાણ-નાથની દુઆ મળેલી છે. સાથે જોગીએ આયુ પણ માત્ર ૨૮ વર્ષનું ભાખેલું હતું.

માંડ પંદર સોળ વર્ષની ઉંમરે બાવાવાળો હરસૂરકાનાં લીલા માથા વાઢવા લાગ્યો હતો. બાવાવળાના નામથી સોંપો પડી જતો.

પણ આ બાવાવાળાને એક પાકો નિયમ કે સવારના પહોરે સૂરજ મા'રાજ કાડું કાઢે અને સાંજે મા'રાજ મેર બેસે. બેય ટાણે ઘોડેથી ઉતરી ઘીના દીવાની જ્યોત પ્રગટાવી સૂરજ સન્મુખ માળા ગણે. તેની આ પ્રકારની પૂજા વિધિમાં કોઈ દી' ફેર પડે નહીં. એક દીપ પૂજા અને બીજી નામ સ્મરણ રૂપ ભાવપૂજા.

એક વખત ખુમાણ પંથકમાંથી લુંટ કરી ચાલ્યો આવ તો' તો વાંસે વાર વહી આવે. બંદુકોના ચંભા વાંસેથી છુટતા આવતા'તા માર્ગમાં શેલ નામની વખંભર નદી આવી. નદીની ભેખડ ઉતરતા જ સૂરજ મા'રાજ ઉગીને સમા થયા. તરત બાવાવાળો ઘોડેથી ઉતરી ગ્યો. જ્યોતની તૈયારી કરી, માળા હાથમાં લીધી. સાથીઓ કહે અરે. આપા બાવા! અટાણે ભગવાનની પૂજા ન હોય. આ સમંદરના મોંજા જેવી વાર વહી આવે છે.

બાવાવાળો કે ના ભાઈ ના પૂજા કંઈ છંડાય. તમારી મરજી હોય તો તમે હાલી નીકળો. હું હમણાં વાંસાવાસ આવીશ. બાકી કંઈ પૂજા કે માળા છંડાય?

પૂજાના સતના પ્રતાપે વાર આડે માર્ગે વળી ગઈ. નદીને બીજે કાંઠે વાર ઉતરી ગઈ પણ બાવાવાળાએ તો તેની પૂજા વિધિ પતાવીને ડગલું દીધું.

તે વખતે ચલાળા ગામમાં દાના ભગતની વેળા ચાલે છે. આપો દાનો કાઠીઓનો પીર કહેવાતો. ઠેકઠેકાણે તેના પરચાની વાતો થાય. એવા અવતરી પુરુષના ખોળે જઈને બાવાવાળાએ માથું નાખ્યું. ભગત જો જગામાં દિવેલની ખોટ પડતી હોય તો પીપડા ભરી મોકલું.

કાં બાપ આવા અવળા વેણ વદશ? બાવાવાળો કે ત્યારે શું કરું ભગત. આ દી' આખાની ઘોડા ઘોડ. સાથે દિવેલ રાખી દિવા કરવાની કડાકુટ થતી નથી. વાંસે રાજની ગિસ્તું [ફોજ] ફરે છે. મારો દીવો આંહી જ કરતા જાઓ.

બાવાવાળા! જા કાલથી કોડિયામાં વાટ મુકી સૂરજ સામે ધરજે તારા દિવાના દિવેલ સૂરજ દેવ પુરાશે- અને જ્યોતું પ્રગટશે. પણ આ પૂજા છોડતો નહીં. આખી વાર તને વીંટીને હાલશે તો પણ જ્યાં લગણ તું પૂજા કરીશ ત્યાં લગણ તને કોઈ ભાળશે નહીં. જે દી જ્યોત ન પ્રગટે તે દી' તારું મોત ભાળજે.

બાવાવાળો રોજ આ રીતે પૂજા કરે છે. કોડીયે વાટ મુકે ને જ્યોતું પ્રગટી જાય.

એક વખતે તો ગાયકવાડ સરકારનો ગ્રાંટ સાહેબ પોતે દારુ ગોળો પાથરીને બેઠો છે. ઉડાડી મુકવાની જ વાર છે. એક ઘડીમાં તો બહારવટીયા ખતમ થઈ જવાના હતા, પણ જ્યાં દીવો મુકી પૂજા શરૂ કરી અને જાપ આદર્યો કે ગાયકવાડી બંદુકબાજની જામગરી દારૂને અડી ગઈને ત્યાંને ત્યાંને ત્યાં મોટદરમાં બધાં ભડથું થઈ ગયા. પણ બાવાવાળો અને તેના સાથી સુધી ભડાકો પહોંચ્યો જ નહીં કારણ **પ્રભુ પૂજા લગાવે પાર** છેલ્લે ૨૬ વર્ષે તે મોતને ભેટયો ત્યાં સુધી પૂજા અને જાપ સાચવી રાખેલા.

सो पुण इह विन्नेओ संज्ञाओ तिन्न ताप ओहेणं
विन्ति किरिआऽ विरुद्धो अहवा जो जस्स जावइओ

પૂજા પંચાશકની ગાથા–૫માં જણાવે કે તે પૂજા [જિન પૂજા] નો કાળ ઉત્સર્ગથી ત્રણ સંધ્યા રૂપ જાણવો અથવા અપવાદથી આજીવિકાના સાધન ભુત રાજાની નોકરી, સેવા, વેપાર વગેરે કાર્યોને વાંધો ન આવે તેમ જેને જેટલો અનુકૂળ હોય તેટલો જાણવો.

ઉત્સર્ગ માર્ગે તો પ્રાતઃ, મધ્યાહ્ન અને સંધ્યાકાળ એ ત્રણ સંધ્યાએ પૂજા કરવાનું વિધાન છે. પ્રાતઃકાલે સુગંધી વાસ ક્ષેપ વડે, મધ્યાહ્ને ચંદન–પુષ્પાદિક અષ્ટપ્રકારી પૂજા અને સાયંકાલે ધૂપ–દીપ વડે એમ ત્રિકાળ જિનેશ્વર પૂજા કરવી.

શ્રાદ્ધ વિધિમાં લખ્યું છે કે પ્રાતઃકાલિન પૂજા રાત્રિએ કરેલા પાપને હણે છે. મધ્યાહ્ને કરેલી પૂજા આ જન્મથી કરેલા પાપને હણે છે. અને સાયંકાલે કરેલી પૂજા સાત જન્મના પાપને હરે છે.

જેમ આહાર–જળપાન–શયન–વિદ્યા–મળ મૂત્ર ત્યાગ–ખેતીવાડી વગેરે સર્વે, કાળ પ્રમાણે સેવન કરેલા હોય તો જ સત્ફળના આપનાર હોય છે. તેમજ શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા પણ કાળ અનુસાર કરી હોય તો વિશેષે ફળ આપનારી થાય છે.

પ્રાતઃ મધ્યાહ્ન અને સંધ્યા એમ ત્રિકાળ જિનપૂજા કરનાર પ્રાણી સમ્યક્ત્વને શોભાવે છે

जिण पूअणं तिसंजं कुणमाणो सोह ए अ संमंतं
तिथ्यर नामगुत्तं पावइ सेणिअ नरिंदुव्व

જિનેશ્વર પરમાત્માની સદા ત્રિકાળ પૂજા કરનાર જીવ ત્રીજે સાતમે અથવા આઠમે ભવે સિદ્ધિ પદને પામે છે.

સર્વ આદરથી પૂજા કરવા તો દેવેન્દ્ર પણ સમર્થ નથી. કેમકે તીર્થંકરના અનંતા ગુણ છે, અને એકેક ગુણને અલગ અલગ ગણીને પૂજા કરે તો આયુ પૂર્ણ થાય તો પણ પૂજાનો અંત નહીં આવે. તે માટે પ્રભુની આજ્ઞાના પાલનરૂપ ભાવપૂજા જ શ્રેષ્ઠ છે.

જિનપૂજા ફળને જણાવતા ચૈત્યવંદનમાં લખે

**દહેરે જાવા મન કરે ચોથ તણું ફલ પાવે**
**જિનવર જુહારવા ઉઠતા છઠ્ઠ પોતે આવે**
**જાવા માંડયુ જેટલે અઠ્ઠમ તણું ફલ હોય**
**ડગલું દેતા જિનભણી દશમ તણું ફલ હોય**

(૧) જિનમંદિરે જવા ઇચ્છા કરે એટલે એક ઉપવાસ પ્રમાણ પુણ્ય મળે.

(૨) જિનાલયે જવા ઉભો થાય એટલે બે ઉપવાસ.

(૩) જિનાલયે જવા પગ ઉપાડે એટલે ત્રણ ઉપવાસ.

(૪) ચાલવા માંડે એટલે ચાર ઉપવાસ પુણ્ય મળે.

(૫) માર્ગે ચાલતા પાંચ ઉપવાસ પુણ્ય થાય.

(૬) માર્ગમાં અડધે પહોંચે તો પંદર ઉપવાસ પુણ્ય.

(૭) જિનાલય નજરે જોતાં એક માસ ઉપવાસ ફળ.

(૮) જિનમંદિરમાં પહોંચતા છ માસી ફળ.

(૯) જિનમંદિરના દ્વારે પ્રવેશતા એક વર્ષ ઉપવાસ.

(૧૦) પ્રદક્ષિણા દેતાં ૧૦૦ વર્ષ ઉપવાસ ફળ મળે.

(૧૧) પૂજા કરતાં ૧૦૦૦ વર્ષ ઉપવાસ પુણ્ય.

(૧૨) ભાવપૂજા કરતાં અનંતુ ફળ પ્રાપ્ત થાય છે.

આગમમાં પણ પૂજાનાં મહત્ત્વને જણાવતાં.

जीवाग बोहिलाभो सम्मदिट्ठीण होइ पियकरणं
आणा जिणिंदभत्ती तित्थस्स पभावणा चेव

શ્રી જિનેશ્વરદેવની પૂજાથી સામાન્ય જીવોને બોધિલાભ [સમ્યકત્વ] ની પ્રાપ્તિ અને સમકિત દૃષ્ટિ જીવોને સવિશેષ પ્રીતિ થાય છે [સમકિત નિર્મલ–દૃઢ થાય છે] તેમજ પૂજાથી જિનાજ્ઞાનું પાલન ભક્તિ અને શાસન પ્રભાવના થાય છે.

**પ્રશ્ન :–** હાલ જિન જ નથી તો પૂજા ભક્તિ શેની?

**સમાધાન :–** જિન ચાર પ્રકારે, દ્રવ્ય–ભાવ–નામ–સ્થાપના. કેવલજ્ઞાન પૂર્વે વિચરતા તે દ્રવ્ય જિન, કેવલ પામીને ભાવ જિન. મહાવીર ઋષભ વગેરે નામ જિન, મૂર્તિ તે સ્થાપના જિન.

અહીં સ્થાપના જિનની વાત છે. વળી કદાચ કોઈ એમ પણ પૂછે કે મૂર્તિ શું ફળદાયી?

એકલવ્યને ગુરુદ્રોણ ભણાવવા ના કહેલી. પણ પ્રબળ ભક્તિ વડે એકલવ્યે ગુરુદ્રોણની માટીની મૂર્તિ બનાવી. તેની પૂજા કરે, ભક્તિ પૂર્વક ચરણે નમી એકલવ્ય કહેતો ગુરુજી પ્રસન્ન થઈ મને વિદ્યા આપો. પછી તે અર્જુન કરતા પણ શ્રેષ્ઠ બાણાવળી થયો.

આ રીતે સ્થાપના જિન સિદ્ધ જ છે.

દેવદત્ત સાતે વ્યસને પુરો. સુધારવા માટે પિતાએ દ્વારમાં મૂર્તિ કોતરાવી. દેવદત્ત મૂર્તિ જુએ છે છતાં દ્રવ્ય કે ભાવ વંદના તો કરતો જ નથી. બીજે ભવે માછલું થયો ત્યાં સામે આવેલ મૂર્તિના આકારનું માછલું જોઈ જાતિ સ્મરણ જ્ઞાન થતાં પૂર્વ ભવે પિતાએ આપેલ શીખામણો યાદ આવી. માછલું હોવા છતાં સચિત જળનો ત્યાગ કરી અનશન કરી દેવ થયો. તીર્થંકર પરમાત્માની પર્ષદામાં આવી બોલ્યો કે હે ભગવન્ ! આપની પ્રતિમા પણ સાક્ષાત્ આપના જેવી જ ઉપકારી છે. × × × ×

અચલપુરમાં દેવપાલ નામે નોકર હતો. વનમાં ગાયો ચારવા જાય. પુણ્ય યોગે આદિનાથની પ્રતિમા મળી. નાનકડી ઘાસની ઝુંપડી બનાવી. પરમાત્માને પધરાવ્યા. રોજ પુષ્પ પૂજાનો નિયમ કર્યો. પ્રભુ પૂજા વિના ભોજન ન કરે.

પ્રભુને કલાકો સુધી નીરખ્યા કરે અને મનમાં આનંદની છોળો ઉડે. એક વખત ઘણા વરસાદથી નદીમાં પુર આવ્યું. દેવપાળ ગામમાં અને પ્રભુ જંગલમાં. વચ્ચે પુરપાટ વહેતી નદી. પ્રભુની પૂજા કેમ કરવી ? શુન્યમનસ્ક થઈ બેઠો છે.

શ્રેષ્ઠીએ જમવા બોલાવ્યો. કહે મારે પ્રભુ પૂજા વગર ન જમવાનો નિયમ છે. હર્ષિત થયેલા શ્રેષ્ઠીએ કહ્યું તું ગૃહ ચૈત્યની પૂજા કર.

દેવપાળની આંખમાં અશ્રુધારા વહે છે, ભોજન કરતો નથી.

**હે ત્રણ ભુવનના નાથ મારી કથની જઈ કોને કહું**
**કાગળ લખ્યો પહોંચે નહીં ફરિયાદ જઈ કોને કરું**

અઠવાડીયું થયું, દેવપાલ ભુખ્યો તરસ્યો છે. આઠમે દિવસે પુર ઓસરતા દોડયો પૂજા કરવા. ત્યાં ભયંકર સિંહ જોયો. ડર્યા વિના પ્રભુ-પૂજા કરી.

त्वद्दर्शनं विना स्वामिन् ममाभूत्सप्त वासरि
अकृतार्था यथारण्य भूमिरुह फलावलिः

હે સ્વામી આપના દર્શન વિના અરણ્યમાં રહેલા વૃક્ષોના ફળ સમુદાયની જેમ મારા સાત દિવસો નિષ્ફળ ગયા.

ત્યારે તેના સત્વ અને ભક્તિથી પ્રસન્ન થયેલો દેવ બોલ્યો તું વરદાન માંગ. દેવપાલે તે ગામનું રાજ માંગ્યું. દેવે તથાસ્તુ કહ્યું.

સાતમે દિવસે તે ગામનો અપુત્રીયો રાજા મરણ પામ્યો. દેવપાલ દેવતાના વરદાનથી રાજા થયો. પણ પહેલાનો નોકર છે, કોઈ માનતું નથી. દુઃખી થઈને તેણે દેવને સંભાર્યા. આ રાજ તું પાછું લઈ મને ચાકરપણું આપી દે. મારી આજ્ઞા કોઈ ન માને તો આ રાજ શા કામનું ?

દેવતા કહે તું કુંભાર પાસે માટીના હાથી જેવો હાથી બનાવ, તેના પર બેસીને ફરવું, તેથી સૌ કોઇ તારી આજ્ઞાનું પાલન કરશે. દેવપાળે તેમ કર્યુ. તે દિવ્ય પ્રભાવ જોઈ આશ્ચર્ય પામી લોકો તેની આજ્ઞા પાળવા લાગ્યા.

નદી કાંઠેથી બિંબ લાવી મોટો જિનપ્રસાદ બનાવ્યો. જિન બિંબ સ્થાપી ત્યાં ત્રિકાળ પૂજા કરે છે

આ રીતે દેવપાળ રાજાએ ત્રિકાળ પૂજા પ્રભાવનાના બળે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. પ્રાંતે પ્રવજ્યા ગ્રહણ કરી સ્વર્ગે ગયો.

આમ જે રીતે દેવપાળ જેવો રાંક માણસ જિનેશ્વરની પૂજાના બળે તે જ ભવે અશ્વહસ્તી વગેરેથી વ્યાપ્ત સૈન્ય યુક્ત રાજ્ય પામ્યો, તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું તેમ શ્રાવકોએ જિનપૂજા કરવી જોઈએ. કારણ કે—

## — પ્રભુ પૂજા લગાવે પાર —

सयं पमज्जणे पुण्णं सहस्सं च विलेवणे
सयसाहस्सिआ माला अणंत गीअवाइए

શ્રી જિન પ્રતિમાની પ્રમાર્જના કરતા એક સો વર્ષના, વિલેપન કરતાં એક હજાર વર્ષના, માળા ચઢાવવાથી એક લાખ વર્ષના તપ ફળને પામે છે. તથા ગીત વાજિંત્રથી અનંત ફળને પામે છે,

નિરંતર ધર્મના સમગ્ર કાર્યમાં નહીં પ્રવર્તેલા શ્રાવકોને [દ્રવ્ય સ્તવ] જિનપૂજા સંસારને અલ્પ કરનારી હોવાથી કરવા યોગ્ય છે. નિરંતર આરંભમાં આસક્ત થયેલા છ કાય જીવ વધથી નિવૃત્તિ નહીં પામેલા અને સંસાર રૂપી અરણ્યમાં પડેલા ગૃહસ્થીઓએ આ જિન-પૂજા આલંબન રૂપ છે. કેમ કે શ્રી જિનપૂજા કરવાથી દેવપાલની કથામાં જોયા મુજબ આ ભવે રાજ્યનું રાજા પણું અને ભાવિમાં જિનશાસનનું રાજાપણું [તીર્થંકરત્વ] પ્રાપ્ત થાય છે.

પૂજાની વાતનો ઉપસંહાર કરતાં જણાવે કે હે પ્રભુ તારી પૂજા બે પ્રકારે છે. એક તો દ્રવ્ય પૂજા બીજી ભાવપૂજા. દ્રવ્ય પૂજામાં અંગપૂજા અને અગ્રપૂજા ગણાવી. ભાવપૂજામાં સ્તવન સ્તોત્રાદિક ગણાવ્યા.

છતાં ખરેખર તારી ભાવપૂજા તો તારી આજ્ઞાનું પાલન જ છે, હેમચંદ્રાચાર્યજી મહારાજ જેવા પણ જણાવે છે કે "હે વીતરાગ તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન મહાલાભ કારક છે. કારણ કે તારી આજ્ઞાનું પાલન [ભાવપૂજા] મોક્ષને માટે છે અને તારી આજ્ઞાની વિરાધના ભવભ્રમણને માટે છે.

વીતરાગની પૂજા કરતી વેળા દ્રવ્ય પૂજાને જેટલું મહત્ત્વ આપ્યું તેટલું જ મહત્ત્વ ભાવ પૂજાને પણ આપી શુભકરણીના આરાધન એટલે કે સ્વીકાર રૂપ અને અશુભકરણીના પરિહાર રૂપ જિનાજ્ઞાનું પાલન કરવું.

દ્રવ્ય પૂજા કરતી વેળા પણ લક્ષ શું રાખવાનું ?"સર્વ વિરતિનું" ગૃહસ્થને કેવળજ્ઞાન થાય, પણ તીર્થંકરને સર્વ વિરતિનું હથીયાર હાથમાં લીધા વિના કદી કેવળજ્ઞાન થાય જ નહીં. તીર્થંકર ત્યાગી થાય થાય ને થાય. તેથી સર્વ વિરતિના સર્વોચ્ચ નેતાની પૂજા કરતા મને પણ સર્વવિરતિ મળો તે ધ્યેય જ હોવું જોઈએ.

દ્રવ્ય પૂજાનો અર્થ જ એ કે તે ભાવિમાં ભાવને લાવે. સર્વ-વિરતિ મેળવી આપનાર જે પૂજન તે દ્રવ્ય પૂજન. બાકીની પૂજા તો કહેણા મામા જેવી ગણાય. વાસ્તવિક ન ગણાય

## પ્રભુ પૂજા લગાવે પાર

ઉક્તિ સાર્થક કરવા નક્કી કરો કે થઈ શકે તો ત્રિકાળ પૂજા જ કરવી. અન્યથા રોજ પ્રભૂપૂજા તો કરવી જ.

## (૮૭) જિનપૂજા વિધિ

–પ્રભુ પૂજા કરવા કેમ જશો ?

स्नानादि सर्व कार्याणि विधि पूर्वं विधापयन्
हिंसाभ्यो मनसा भीरुः सर्वज्ञ सेवना परः

સર્વજ્ઞની સેવામાં તત્પર એવા પુરુષે મનમાં હિંસાનો ભય રાખી સ્નાનાદિ સર્વ કાર્યો વિધિપૂર્વક કરવા જોઈએ.

જિનપૂજાના સંદર્ભમાં આ શ્લોક દ્વારા સ્નાન કઈ રીતે કરવું તેનો અંગુલી નિર્દેશ કરે છે. [કેમકે જિનપૂજાના હેતુ સિવાય સ્નાન કરવાનું નથી.]

કવિ ધનપાલ હંમેશાં પ્રાતઃકાલે જિનેશ્વરની પૂજા કરી, સ્તુતિ કરી વિશેષ પ્રકારે વિધિ સહિત પૂજા કરતાં. તેમાં તેને ઘણો સમય લાગતો. ત્યાર પછી તે રાજ્યસભામાં જાય.

એક વખત રાજાએ પૂછયું "પંડિત ! હંમેશાં તમે સભામાં મોડા કેમ આવો છો ?" પંડિત કહે હાલમાં મેં નવો રાજા પ્રાપ્ત કર્યો છે. તેની વિધિપૂર્વક પૂજા કરી આવતા મોડું થાય છે.

રાજા કહે, "પંડિત મારા કરતાં બીજો કયો રાજા વિશેષ સેવવા લાયક છે ?" રાજન્ ! ઈન્દ્રો પણ જેના ગુણ વર્ણવવા અસમર્થ છે. એવા મહાન્ નાથને મેં પ્રાપ્ત કર્યા છે. આજ સુધી સેવેલા રાજાને દેહ અર્પણ કરો તો પણ પ્રસન્ન થયા નથી તો આવો રાજા સેવવો શું ખોટો ? રાજાએ તેની શ્રદ્ધાથી ખુશ થઈ કહ્યું કે હે પંડિત તમારે રાજ્યનું ગમે તે કાર્ય હોય તો પણ પૂજા પૂર્ણ કર્યા સિવાય રાજ્યસભામાં ન આવવું.

પણ આ જિનપૂજાની વિધિનો આરંભ કયાંથી થાય ? **"સ્નાનથી"**–

सम्यग् स्नात्वोचिते काले,
संस्नाप्य च जिनान् क्रमात्

સ્નાન વિધિથી **'પ્રભુ પૂજા કરવા કેમ જશો ?"** એ પરિશીલનનો આરંભ થાય છે.

सम्यग् स्नात्वा—પૂજાના ઉચિત કાલે વિધિપૂર્વક સ્નાન કરીને... એમ લખ્યું.

सम्यक् એટલે શું?

જળ ઝીલવાનું પાત્ર જેની નીચે મુકેલું હોય તેવા પરનાળિયા બાજોઠ પર પૂર્વ કે ઉત્તરાભિમુખ બેસવું.

જે જગ્યાએ સ્નાન કરો તે ભૂમિ કીડીના દર, લીલ ફૂગ, કુંથુઆ, વગેરે જીવોથી રહિત હોય, જ્યાં ખાડાં ટેકરાને લીધે પાણી ભરાઈ રહે તેમ ન હોય, જે ભૂમિ નીચે પોલાણવાળી કે પોચી ન હોય, જે જમીનમાં છિદ્ર વગેરે ન હોય, જ્યાં તડકો આવેલો હોય તેવા ઉત્તમ ભૂ-ભાગ પર સ્નાન કરવા માટે બાજોઠ ગોઠવવો.

સ્નાન અચિત્ત પાણીથી કે સારી રીતે ગાળેલા સચિત્ત પાણી વડે કરવું. પાણી પણ પ્રમાણોપેત [થોડું] લેવું અને તેમાં ઉડતા જીવો પડીને મરે નહીં વગેરે જયણા રાખી ભાવ વિશુદ્ધિપૂર્વક કરવું. મતલબ કે ભૂમિ શુદ્ધિ અને જળ શુદ્ધિ આદિ જયણા રાખવી.

સ્નાન બે પ્રકારે છે. એક દ્રવ્ય સ્નાન અને બીજું ભાવ સ્નાન. દ્રવ્ય સ્નાન એટલે બાહ્ય મળનો નાશ કરવા રૂપ સ્નાન, જેથી જિનેશ્વરના પરમ પવિત્ર દેહનો સ્પર્શ કરી શકાય અને ભાવ સ્નાન તે ક્રોધાદિ કષાય નિવારી શુભ ધ્યાન રૂપી પાણીથી કર્મરૂપી મેલને દૂર કરીને જીવની હંમેશ માટે શુદ્ધિ કરવી.

શ્રાવકને દેવપૂજા માટે જ દ્રવ્ય સ્નાન કહ્યું છે તે દ્રવ્ય સ્નાન ભાવ શુદ્ધિના હેતુરૂપ હોવાથી જ નિર્દેશેલું છે.

સ્નાનાષ્ટક—શ્લોક (૩) અને (૪) માં લખ્યું કે—

जलेन देहदेशस्य क्षणं यच्छुद्धि कारणं
प्रायोऽन्यानुपरोधेन द्रव्य स्नानं तदुच्यते
भावशुद्धि निमित्तत्वा त्तथानु भव सिद्धितः
कथञ्चि दोष भावेऽपि तदन्यगुण भावतः

દ્રવ્ય સ્નાન એ ભાવ શુદ્ધિનું નિમિત્ત છે. તે માત્ર કલ્પના નહીં પણ અનુભવ સિદ્ધ છે. તેથી જ હિંસાદિક દોષો કરતા સમકિત શુદ્ધિ જેવા મોટા ગુણ પ્રગટ થતા હોઈ દ્રવ્ય સ્નાન ગૃહસ્થ ને માટે શોભાસ્પદ છે.

વિધિપૂર્વક સ્નાન કર્યા બાદ પવિત્ર અને કોમળ ગંધ કાષાયાદિક [ઉત્તમ સુગંધીવાળા વસ્ત્ર] વગેરેથી શરીરને બરાબર લુંછવું.

સ્નાનનું જે મલીન જળ કુંડીમાં એકઠું થયું હોય તેને તડકા વાળી જગ્યા પૂંજણી વડે પૂંજી કોઈ દક્ષ માણસ પાસે જયણાપૂર્વક પરઠવાવવું.

પૂજાના કપડાં સિવાયના સૂકા વસ્ત્ર વડે સ્નાન કરવાથી ભિંજાયેલું વસ્ત્ર બદલવું. ભીંજાએલા પગ બરાબર કોરા કરવા.

શુદ્ધ ભૂમિમાં આવી, ઉત્તર દિશામાં મુખ રાખીને પૂજા માટે સાંધ્યા વગરના અખંડ અને ઉત્તમ જાતિનાં તથા નવા અધરીય [ધોતી] તથા ઉત્તરા સંગ [ખેસ] એમ બે વસ્ત્રો પહેરવા.

જો સ્નાન કર્યા બાદ પણ ગુમડું–ચાંદુ કે ઘાવમાંથી પરૂ–રસી વગેરે ઝરતા બંધ ન થવાને લીધે દ્રવ્ય શુદ્ધિ ન થઈ હોય તો અંગપૂજા ન કરવી. પણ અગ્રપૂજા કે ભાવપૂજા કરવી. ઋતુવંતી સ્ત્રીઓએ પણ પૂર્ણ શુદ્ધિ પહેલાં પૂજા કરવી નહીં.

**પ્રશ્ન :–** દ્રવ્ય સ્નાન અપકાયની વિરાધનાનું કારણ છે તો ગૃહસ્થે પૂજા વખતે શા માટે સ્નાન કરવું જોઈએ. ?

**–સમાધાન :–** જેમ સમવસરણમાં રહેલા પ્રભુના દેહને, જે માણસના શરીરને મળમૂત્રના બિંદુ લાગ્યા હોયે કે તે રીતે કંઈ અપવિત્ર શરીર હોય તો તે મનુષ્ય આશાતનાના હેતુને કારણે સ્પર્શ કરતો નથી. તેમ અહીં પણ લઘુનીતિ, વડી નીતિ,સ્ત્રી શય્યા તેમજ દુર્ગંધી વાતનો સ્પર્શ થવાથી મલિન થયેલું શરીર જિનપૂજામાં ભાવ શુદ્ધિનું કારણ બનતું નથી.

વળી દેવતાઓ સ્વચ્છ દેહવાળા હોવા છતાં સ્વર્ગની વાપિકામાં સ્નાન કરી પવિત્ર થઈને જ શાશ્વતી પ્રતિમા પૂજે છે.

**વસ્ત્ર વિધિ :– "પ્રભુ પૂજા કરવા કેમ જશો!"** આ પરિશીલનના સંદર્ભમાં સ્નાન કર્યા બાદ ધારણ કરવાના વસ્ત્રની વિધિ દર્શાવે–

સારી રીતે ધોએલા અને ધૂપથી ધૂપેલા બે શુદ્ધ વસ્ત્રો પૂજા માટે પહેરવા. આ વસ્ત્રો સાંધ્યા વગરના, ઉત્તમ જાતિના, નવા, શ્વેત હોવા જોઈએ. મતલબ કે સાંધેલ–બળેલ કે ફાટેલ ન હોવું જોઈએ.

પુરુષોએ બે વસ્ત્રો અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્રો પહેરવા જોઇએ.

પૂજા માટે મુખ્યતાએ ક્ષીરોદક જેવું ઉજવલ વસ્ત્ર રાખવું. તેટલી શક્તિ ન હોય તો કોમળ શણ વગેરેનું વસ્ત્ર રાખવું. જો કે પૂજા ષોડશકમાં શ્રી હરિભદ્રસૂરિજી જણાવે છે सित शुभ वस्त्राणि इति તેથી ઉજવલ અને શુભ વસ્ત્ર જોઈએ. વળી તે વસ્ત્ર પહેરી ભોજનાદિક કર્યા ન હોવા જોઇએ.

પ્રાયઃ કરીને પારકા વસ્ત્રો વાપરવા નહીં

એક વખત કુમારપાળ રાજાના વસ્ત્રો બાહડ મંત્રીએ વાપર્યા. તેથી રાજાએ પોતા માટે નવા વસ્ત્રો મંગાવ્યા. મંત્રી કહે સ્વામી આવા નવા વસ્ત્રોનું સવા લાખ દ્રવ્ય મૂલ્ય છે અને તે બંબેરા નગરીમાં જ બને છે. તે પણ ત્યાંના રાજાનું વાપરેલું અને ઉચ્છિષ્ટ કરેલું જ અહીં આવે છે.

આ સાંભળી કુમારપાળ રાજાએ બંબેરાના રાજા પાસે એક નહીં વપરાયેલ વસ્ત્ર માંગ્યું, પણ બંબેરાના રાજાએ ન આપ્યું તેથી કોપાયમાન થયા. તેણે સૈન્ય સહિત બાહડ મંત્રીને તેની સાથે યુદ્ધ કરવા મોકલ્યો.

ચૌદસો સાંઢણી પર સુભટોએ ત્યાં પહોંચી બંબેરા પુરીને ઘેરો ઘાલ્યો. કિલ્લો સર કરી, ૭ કોટી સુવર્ણ અને ૧૧૦૦ અશ્વ દંડમાં લીધા. કિલ્લાને ચૂર્ણ કરી નાખ્યો, ૭૦૦ સાળવીને ઉત્સવ સહિત પાટણમાં લાવી તેની પાસે વસ્ત્રો કરાવી કુમારપાળ દરરોજ પૂજા વખતે નવું વસ્ત્ર ધારણ કરવા લાગ્યા... આ પ્રમાણે વાપર્યા સિવાયના વસ્ત્રો પૂજામાં વાપરવા. તેનો સંબંધ જણાવ્યો.

આ રીતે બીજા તબક્કે શુદ્ધ વસ્ત્રો ધારણ કરી જયણાપૂર્વક પૂજાની સર્વ સામગ્રી મેળવવી.

**૦ પૂજાની સામગ્રી એકઠી કરવી–** સ્નાન અને વસ્ત્ર વિધિ પૂર્ણ થયા બાદ **પ્રભુ પૂજા કરવા કેમ જશો?** ત્રીજો તબકકો શરૂ થશે, પૂજાની સામગ્રી એકઠી કરવાનો. તે માટે ધર્મસંગ્રહમાં જણાવે કે પુષ્પો લાવવા માટે બગીચાદિ ઉત્તમ સ્થાનોથી માળી કે બગીચાના રક્ષકને સંતોષ થાય તે રીતે સંપૂર્ણ મૂલ્ય આપીને પોતાની જાતે અથવા વિશ્વાસુ પુરુષ દ્વારા મંગાવવા. તે પણ પવિત્ર કરંડીયા

છાબડી કે ધાતુના ઉત્તમ પાત્રમાં લાવવા કે મંગાવવા ઉપર સ્વચ્છ–નિર્મલ વસ્ત્ર ઢાંકવું.

છાતી જેટલે ઊંચે બે હાથમાં ધારણ કરીને લાવવા મંગાવવા. આ રીતે પાણી પણ ઉત્તમ સ્થાનેથી, ઉત્તમ પવિત્ર પાત્રમાં બે હાથે ઉપાડી બહુમાનપૂર્વક લાવવું કે મંગાવવું.

એ રીતે સર્વ વસ્તુઓ જેવી કે કેશર બરાસ–સુખડ–ધુપ–દીપની બાબતમાં ઉત્તમતા વિધિ અને બહુમાનની જાળવણી કરવી.

વીણેલા અને ઉંચા અખંડ ચોખા, સરસ નૈવેદ્ય, ઉત્તમોત્તમ ફળ ઈત્યાદિ સામગ્રી એકઠી કરવી.

**૦ મુખકોશ વિધિ** ઉત્તરા સંગ [ખેસ]ના છેડાનાં આઠ પડ કરીને મુખ તથા નાક બંધાય તે રીતે મુખકોશ બાંધવો. શ્રાદ્ધ દિન કૃત્યમાં જણાવે–

काऊण त्रिहिणा ण्हाणं सयवत्थ निअंसिणो
मुहकोसं तु काउणं गिहबिंबाणि पमज्जए

વિધિપૂર્વક સ્નાન કરીને પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે એવા શ્રાવક મુખકોશ બાંધીને ઘર દહેરાસરજીના બિંબોનું પ્રમાર્જન કરે.

મુખકોશની વિધિ જણાવતા શાસ્ત્રકારો કહે છે કે જેમ સમાધિ રહે તે રીતે બાંધવો. જો શ્વાસોશ્વાસ રોકવાથી નાકને દર્દ કે બાધા થાય તો નાસિકા ન પણ બાંધે. **પૂજા પંચાશક–૨૦**માં પણ લખ્યું કે વસ્ત્ર વડે નાક બાંધીને અથવા નાક બાંધવાથી અસમાધિ થતી હોય તો નાક બાંધ્યા વિના સમાધિ રહે તે રીતે મુખકોશ બાંધવો.

**દ્રવ્ય શુદ્ધિ** – પ્રમાર્જેલા પવિત્ર ઓરસીયા પર જેમાં ત્રસ–જીવો ન હોય તેવું શુદ્ધ કરેલું અને ઉત્તમ પવિત્ર કેસર–કર્પુર વગેરે ચંદન સાથે ઘસીને બે પાત્રમાં જુદું જુદું ઉતારવું.

ત્રસાદિ જીવો ન હોય તેવું શુદ્ધ કરેલું ધુપ, ઉત્તમ ઘીનો પૂર્ણ દીપક, અખંડ અને નિર્મલ અક્ષત [ચોખા] સોપારી, ઉત્તમ જાતિના તાજા નૈવેદ્ય, સુંદર અને ઉત્તમ જાતિના તાજા ફળો, નિર્મળ શુદ્ધ પવિત્ર જળથી ભરેલા કળશો, વાટકી સર્વ સામગ્રી તૈયાર કરવી–મેળવવી, તે દ્રવ્ય શુદ્ધિ કહેવાય છે.

**૦ ભાવ શુદ્ધિ :–** રાગ, દ્વેષ, કષાય, ઈર્ષ્યા, આલોક–પરલોકના સુખોની ઇચ્છા, કુતુહલ, વ્યાક્ષેપ વગેરેનો ત્યાગ કરી ચિત્તની એકાગ્રતા રાખવી તેને ભાવશુદ્ધિ કહે છે.

मनोवाक्काय वस्त्रोर्वी पूजोपकरण स्थितेः
शुद्धि सप्तविधा कार्या श्री अर्हत्पूजन क्षणे

શ્રી અરિહંત પરમાત્માની પૂજા વખતે સાત પ્રકારની શુદ્ધિ કરવાનું જણાવે છે – મન–વચન–કાયા–વસ્ત્ર ભૂમિ–પૂજા સામગ્રી–ચિત્ત સ્થૈર્ય

**અંગ વસન મન ભૂમિકા પૂજોપ્રકરણ સાર**
**ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા શુદ્ધિ સાત પ્રકાર**

**૦ પ્રભુ પૂજા કરવા કેમ જશો?** આ રીતે સાત પ્રકારે દ્રવ્ય–ભાવ વિધિની શુદ્ધતાપૂર્વક જશો.

ગીરમાં દુકાળ પડયો. એક ચારણને માત્ર બે નાના ખડાયાં રહ્યાં. ચારણીયાણી પિયરથી બે પાડીઓ લાવી. ચારણને આ ચાર પર નિભાવ રહ્યો. આગળ જતાં સારી ભેંસો થશે એ આશાએ બહુ ચાકરી કરે છે. ચારે ખડાયા મોટા થતાં અસલ ગિરની વખણાય છે તેવી ભેંસો થઈ.

કોળીયામાં દીવા કરી મુકી શકાય તેવા વળેલા બબ્બે ત્રણ ત્રણ આંટા લઈ ગયેલા શીંગ, દેવળના થાંભલા જેવા પગ, ફાંટમાં આવે તેવા આંચળ; પથારી કરી સુઈ શકાય તેવા વાંસાના પાટિયા, બધી રીતે વખણાય તેવી ભેંસો.

સાંજે ચરીને આવે ત્યારે ચારણય પોતાના પછેડાથી અંગ લુંછે, પછી ખાણ ખવરાવે. બસ ત્રણ માસમાં તો ચારે ભેંસુ વિયાંશે, અધમણ દુધ અને સાત–આઠ શેર ઘી થશે એવું વિચારે છે.

ભાદરવે ભરપુર વર્ષા થઈ, એક બરાબર મેઘલી રાતે અનરાધાર વરસાદમાં બે આહીર જુવાનો મોં માગ્યા પૈસા મળવાની આશાએ ચારણની ચારે ભેંસુ હાંકીને સવાર પડતાં તો ગીરની બહાર નીકળી ગયા.

સાંજ સુધી ધણી–ધણીયાણી રાહ જુએ. હવે ભેંસો ચરીને આવે. ચરીને આવે પણ ભેસું ન આવી. ચોરાઈ ગયાનો વહેમ પડતાં ચારણ અને ચારણીએ સગાંને જઈને વાત કરી હા–હા કરતા પંદર દિવસે ભેંસુની શોધ કરવા નીકળ્યા.

જેતપુર દરબારે તો તે દી' જ ઝરુખામાંથી આ ભેંસુ જોઈ લીધેલી. ગમે તેમ આહીર પણ બીને ભાગી ગયા. ભેંસોને ચોરાઉ માની દરબાર ભેંસોને ગઢની ખડકીમાં લઈ લીધી. દરબારનું મન પલટાણું ભેંસોને સંતાડી દીધી. ગોતતા ગોતતા ચારણો પણ જેતપુર પુગ્યા.

ગામને ટીંબે વાવડ થયા કે ભેંસુ જેતપુરના દરબારમાં છે. તોં ફકર નહીં કરી. ચારણો દરબારની રાહ જુએ છે. પણ ત્રણ ત્રણ પહોર સુધી દરબાર ન ડોકાણા, તેના પેટમાં પાપ છે.

દરબારે કહેવડાવી દીધું કે આંહી તારી ભેંસો નથી. ચારણો શ્વાસ લઈ ગયા. ભુખ્યાને તરસ્યા બેઠા છે, છેવટે ધા નાખી. ત્રાગા કરવાની તૈયારી કરી. દરબારથી હવે તાપ જિરવાયો નહીં અને જો તબેલામાંથી હવે ભેંસો બહાર નીકળે તો દરબારની આબરૂના કાંકરા થઈ જાય.

ભેંસુને મારીને દાટી દીધી અને ચારણુંને ધક્કા મારી કઢાવી મુકયા.

ખલાસ ચારણોની પણ અવધિ આવી ગઈ, કોઈએ હાથ કાપ્યો, કોઈએ પગ કાપ્યો, એ રીતે શરીરના અંગ કાપી ડેલે લોહી છાંટી ત્રાગું કરીને ચાલતા થયા.

જતા જતા દરબારને કેતા ગયા, બાપ! તું ને ભીહું [ભેંસુ] ગળે વળગતી સૈ. પણ બાપ ભિહું [ભેસું]ના દુધ તોહે ગળે કેવા ઉતરહે? [તને ભેંસુના દુધ ગળે કેમ ઉતરશે?]

દરબારને પસ્તાવો ઘણો થયો. વાત વહેતી થઈ. દરબાર ત્રાંસળીમાં દુધ લઈને જમવા બેઠા કે ત્રાંસક આખી જીવડાંથી ભરેલી દેખાણી. દુધ નાખી દીધું, બીજી ત્રાંસક ભરી. તેમાં પણ જીવડાં દેખાણા. ચોખામાં પણ જીવડાં,

બસ તે દી'થી દરબારના દુધ–ચોખા અને ઘી ત્રણે બંધ થઈ ગયા. પછી આંખે પાટા બાંધીને દુધ પીવાનું વિચાર્યું! તો નાકે અસહ્ય દુર્ગન્ધ આવવા લાગી. એક સાથે આઠ દિવસ કંઈ ખવાણુ–પીવાણું નહીં.

દરબારે માંડ માંડ દીવસો કાઢયા. છોકરા મરી ગયા અને સીતેર વર્ષે દરબાર નિર્વંશ થઈને મર્યા.

હાલના જમાનાનો માણસ કદાચ દુધમાં જીવડાં દેખાવાની વાત ન માને પણ આપણે અત્યારે પૂજામાં સાત પ્રકારની શુદ્ધિની વાત

કરી રહ્યા છીએ. દેવપૂજામાં આવી રીતની અશુદ્ધ કે અન્યાયોપાર્જિત વસ્તુ હોય તો પૂજા દ્રવ્ય શુદ્ધિ યુક્ત ન ગણાય.

કદાચ જીવડાં નજરે ન ચડે તો પણ તે દ્રવ્યઅશુદ્ધિ ભાવશુદ્ધિનું કારણ બની શકે નહીં.

કારણકે શાસ્ત્રમાં એક પ્રસંગ નોંધાયો છે કે પુષ્પ જમીન ઉપર પડી ગયું. તે પ્રભુને ન ચડાવાય, તેવું જાણવા છતાં પુષ્પ ચઢાવ્યું. તે વ્યાપારી બીજે ભવે ચાંડાલ થયો.

તેથી દ્રવ્ય અને ભાવશુદ્ધિ કરવાપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કરવો જોઈએ.

**૦ પ્રભુ પૂજા કરવા કેમ જશો?** તે પ્રશ્ન નો એક ઉત્તર ખાસ નોંધી રાખો કે સંપૂર્ણ પણે દ્રવ્ય–ભાવશુદ્ધિ કરવાપૂર્વક પ્રભુ પૂજા કરવા જાવું.

તેથી જ સાત પ્રકારની શુદ્ધિનું સ્વરૂપ જણાવતાં કહ્યું કે જિનેશ્વર ની પૂજા વખતે મન વચન–કાયા–વસ્ત્ર–ભૂમિ પૂજાના ઉપકરણ અને સ્થિતિ એટલે કે ન્યાયો પાર્જિત દ્રવ્ય એ સાત પ્રકારે શુદ્ધિ રાખવી.

જિનપૂજાની વિધિને જણાવતાં આપણે સૌ પ્રથમ સ્નાન વિધિ જોઈ. ત્યાર બાદ વસ્ત્ર વિધિ, મુખકોશ, સામગ્રી પ્રાપ્તિ અને દ્રવ્ય ભાવ શુદ્ધિનું સ્વરૂપ જોયું.

શ્રાવક આટલી વિધિ અને શુદ્ધિ કર્યા બાદ જિનમંદિરમાં પ્રવેશ કરે.

ફરી વખત યાદ કરી લેજો. જિનમંદિરે પૂજા માટે પ્રવેશ કરતા પહેલાં કઈ વિધિ અને કઈ શુદ્ધિ રાખવી? આપણું પોણું પરિશીલન થઈ ગયું પણ હજી આપણો શ્રાવક જિનમંદિરે પહોંચ્યો જ નથી. પૂજાની શરૂઆત થઈ જ નથી.

જિનાલયે પહોંચેલો શ્રાવક [પુરૂષ] જિન મંદિરની જમણી બાજુથી અને શ્રાવિકા [સ્ત્રી] ડાબી બાજુથી જયણાપૂર્વક જમણો પગ મુકીને જિનાલયમાં પ્રવેશ કરે.

પરંતુ પ્રવેશ પૂર્વે પાંચ અભિગમો સાચવવા જોઈએ. તે અંગે ચૈત્યવંદન ભાષ્યમાં ૨૦ મી ગાથામાં જણાવે કે—

सच्चित्त दव्व मुज्झणम–च्चित्तमणुज्झणं मणेगत्तं
इग साडि उत्तरासंग, अंजलि सिरसि जिण दिट्ठे

સામાન્ય શબ્દાર્થ કરતાં કહી શકાય કે સચિત વસ્તુ છોડી દેવી, અચિત્ત વસ્તુ રાખવી, મનની એકાગ્રતા, એક શાટક ઉત્તરાસંગ, જિનેશ્વર પરમાત્માને નજરે જોતાં મસ્તક અંજલિ કરવી. આ પાંચ અભિગમ કહ્યા.

આ પાંચ અભિગમોની પાલના કરીને જિનમંદિરમાં પ્રવેશ કરે.

**(૧) સચિત્ત ત્યાગ :–** સચિત એટલે જીવવાળો ચેતનાવંત પદાર્થ, પોતાના અંગની શોભા માટે ઉપયોગમાં લીધેલ ફૂલો કે સર્વ સચિત્ત વસ્તુ પહેરેલી માળા, વ્યક્તિગત ઉપયોગ માટેના ખાદ્ય પદાર્થો વગેરે સર્વ દ્રવ્ય છોડીને ચૈત્યમાં પ્રવેશ કરવો.

જો તે ચીજ પ્રભુની દૃષ્ટિમાં પડી જાય તો તેનો ઉપયોગ કરી શકાય નહીં. એ પણ એક પ્રકારનો વિનય–બહુમાન છે.

સચિત્ત ત્યાગમાં પ્રભુને ચડાવવાના પુષ્પ કે ફળનો સમાવેશ થતો નથી.

**(૨) અચિત્તનો અ–ત્યાગ :–** પહેરેલા આભરણોમાં મુગટ સિવાયના આભરણ, અલંકારાદિનો અ–ત્યાગ એટલે કે અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવા રૂપ બીજો અભિગમ સાચવવો.

અચિત્ત એટલે નિર્જીવ વસ્તુ પણ તેનો અર્થ જોડાં પહેરીને જવું તેમ ન કરતા. આ અભિગમ ઋદ્ધિમંતતાને આશ્રીને છે.

**(૩) મનની એકાગ્રતા :–** શ્રી જિનેશ્વરના દર્શન–વંદન–પૂજાદિકમાં મનને એકાગ્ર રાખી સ્થિરતાપૂર્વક વિધિ–બહુમાન સાચવવા તે ત્રીજો અભિગમ.

**(૪) ઉત્તરાસંગ–ખેસ :–** બન્ને બાજુ દશીઓ વાળું [રૂછડાં વાળું] ઉત્તરાસંગ રાખવું. તે અખંડ હોવું જોઈએ. ઉત્તમ વસ્ત્રોનું બનેલું હોવું જોઈએ. અલબત સ્ત્રીઓને વિશેષ પણે વસ્ત્રોથી પોતાનું શરીર ઢાંકવાનું છે.

ખેસનો ઉલ્લેખ માત્ર પૂજા કરનાર માટે નથી સર્વ શ્રાવકો માટે છે. ચૈત્યવંદનાદિ પૂર્વ તેના વડે પ્રમાર્જના કરવાની છે.

**(૫) અંજલિકરણ** – જિન પ્રતિમાનું દર્શન થતાં જ બે હાથ જોડી મસ્તકે અંજલી કરી "નમો જિણાણં" એ પ્રમાણે બોલે તે પાંચમો અભિગમ.

પ્રભુની પાસે જતાં પૂર્વે માત્ર પૂજા કરનારે નહીં પણ દરેક શ્રાવક શ્રાવિકાએ આ પાંચે અભિગમો સાચવવાના છે. વર્તમાનકાલે આ પાંચે અભિગમોની ઉપેક્ષા થઈ રહી છે તે જિનાજ્ઞા ભંગ કે અવિનય અબહુમાન રૂપ છે માટે અભિગમોની પરિપાલનામાં જાગૃત રહેવું.

**ફરી પ્રભુ પૂજા કરવા કેમ જશો?** પરિશીલનની વિચારણા કરીએ. દ્રવ્ય–ભાવની શુદ્ધિપૂર્વક શ્રાવક પૂજા કરવા માટે જિનમંદિરે પ્રવેશ કરે. પ્રભુપૂજાની સામગ્રી સિવાયની વસ્તુઓ જિનાલયની બહાર કે અલગ રૂમ હોય તો ત્યાં મુકી દે. જેથી પ્રભુની દૃષ્ટિ સન્મુખ ન રહે પછી અભિગમોનું પાલન કરતો જિનાલયની પૂજા વિધિ માટે પદાર્પણ કરે.

અલબત શ્રાવિકાઓને પૂર્વે બતાવ્યા મુજબ વિશેષ વસ્ત્રાવૃત્ત રહેવાનું હોવાથી ઉત્તરાસંગ અભિગમ સાચવવાનો નથી છતાં વસ્ત્રનું શ્વેત પણું–ઉત્તમતા વગેરે તો તેણે પણ સાચવવાના રહે છે.

બીજું મસ્તકે અંજલિકરણમાં પણ સ્ત્રીઓને મર્યાદાભંગ થતો હોવાથી તે અભિગમનો નિષેધ છે. માટે શ્રાવિકાએ માત્ર બે હાથ જોડી મસ્તક નમાવી "નમો જિણાણં" કહેવું.

આ રીતે જિનપૂજાની વિધિનું યથાયોગ્ય પરિપાલન કરતો શ્રાવક પૂજા કરવા જતાં પહેલો કઈ કઈ તૈયારી કરે તેની શાસ્ત્રોક્ત વિધિનું દર્શન કરાવ્યું.

આ પ્રમાણેની વિધિ જિનેશ્વર પરત્વેના સંપુર્ણ બહુમાન જાળ–વીને તેની આજ્ઞાની પરિપાલના થાય તે રીતે અને જયણાપૂર્વક કરવા માટે યથાશક્તિ પ્રયત્નશીલ રહેવું.

શ્રાવકના કર્તવ્ય મુજબ જિન પૂજા નિત્ય કરવી જોઈએ તેવું સર્વ પ્રથમ નક્કી કરો. આજથી જ નિયમ ગ્રહણ કરો કે જિનપૂજા કરવી. તો જ **પ્રભુ પૂજા કરવા કેમ જશો?** પરિશીલન ક્યારેક પણ સાર્થક કરવાના મનોરથો જાગશે —

□

# (૮૮) જિનપૂજા–ત્રિકસ્વરૂપ

## —યાત્રા ચૈત્યપ્રવેશથી પ્રક્ષાલનની

विहिणा उ कीरमाणा सव्वावि अ फलवई भवे चिट्ठा
इह लोइआ वि किं पुण ? जिणपुआ उभय लोगहिआ

જો કે આ લોકની સર્વ પ્રવૃત્તિ પણ વિધિપૂર્વક કરવાથી સફળ થાય છે, તો આ લોક અને પરલોકમાં હિત કરનારી જિનપૂજા માટે તો પૂછવું જ શું ?

જિન પૂજાની વિધિ દર્શાવતા જણાવે કે શ્રાવક ઘેરથી પરિમિત જળ વડે સ્નાન કરી અખંડ નવા ઉત્તમ બે વસ્ત્રો પહેરી પૂજાની સામગ્રી એકઠી કરી દ્રવ્ય અને ભાવ શુદ્ધિ જાળવી પાંચ અભિગમ સાચવીને જિનમંદિરે આવે.

પછી પ્રારંભ થાય એક યાત્રા

**ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલનની**

૦ ધર્મ સંગ્રહમાં જિન ચૈત્ય પ્રવેશની વિધિને દર્શાવતા જણાવે કે પુરુષ જિનાલયના દ્વારની જમણી બાજુથી અને સ્ત્રી ડાબી તરફથી જયણા પૂર્વક પહેલાં જમણો પગ અંદર મુકીને પ્રવેશ કરે ત્યાં નિસીહિ બોલે.

સૌ પ્રથમ જિનમંદિરની પ્રમાર્જના કરે. પવિત્ર પાટલા વગેરે પર પદ્માસને બેસીને પહેલા ઉતારેલા ચંદનને અલગ વાટકીમાં કે હાથમાં લઈને કપાળે, ગળે, હૃદયે અને પેટે તિલક કરે તથા કર્ણિકા, બાજુબંધ. હસ્ત–કંકણ વગેરે ભૂષણો ચિતરે પછી પ્રારંભ થાય વિધિ પૂર્વકની અંગપૂજાનો.

પણ વિધિપૂર્વકની આ જિનપૂજા ફળદાયી ક્યારે બને ? જિનેશ્વર પરત્વેના પૂર્ણ બહુમાન અને શ્રદ્ધાપૂર્વક જો જિનપૂજા કરવામાં આવે તો

તે દી' ઉનાળાનો તાપ, ધોમ તડકો તપે છે. આભમાંથી જાણે અગ્નિ વરસી રહ્યો છે ઉની ઉની લૂ વાય છે પારેવડા ફફડે છે. જેઠ આવ્યો, નદી સુકી છે.

રાજા દેપાળદે ભગવાનનો ભક્ત છે, રાતે ઉજાગરા કરે છે. પ્રભુને અરજ ગુજારે છે હે પ્રભુ! મે વરસાવ. મારા પશુ—પંખી—માનવી ભુખ્યા, તરસ્યા મરે છે. પ્રભુએ પણ જાણે રાજાની અરજ સાંભળી. અષાઢ મહિને મેહુલો વરસવા લાગ્યો. ધરતી તરબોળ થઈ ડુંગરે ઘાસ દેખાયા.

દેપાળદે ઘોડે ચડી રાજમાં ફરવા નીકળ્યા. રાજા ખેતરે ખેતરે જોતો જાય છે. દાણા વવાય છે સહુને સાંતીડે સાંતીડે ધીંગા બળદો જોડેલા છે. પણ એક સ્થળે રાજાનો ઘોડો રોકાયો. દિલ દુભાયું રાજાનું જીવ કપાઈ ગયો.

એક માણસ હળ હાંકે છે પણ એક તરફ બળદ—બીજી તરફ સ્ત્રી જોડી છે. હળ હાંકતો જાય છે અને બળદ તથા બાયડીને લાકડી મારતો જાય છે. સ્ત્રીના વાસામાં સોળ ઉઠી ગઈ છે. બાઈ બીચારી રોતી રોતી હળ હાંકે છે.

રાજા ત્યાં જઈ કહ્યું અરે ભાઈ! હળ ઉભું રાખ. હળ ઉભું ન રહે, મારે વાવણીનું મોડું થાય છે. “વાવણીને ઘી તાવણી.” ઠાકોર મડું ઢાંકીને પણ વાવણી કરવી પડે, નહીં તો ઉગે શું?

રાજા ફરી બોલ્યો, એલા નિર્દય થા માં, બાયડીને હળમાં કાં જોડી? તારે શી પંચાત બાયડી મારી છે તે જોડી. એક ઢાંઢો મરી ગયો છે. હું રહ્યો ગરીબ ચારણ. ઢાંઢો લેવા પૈસા નથી, વાવું નહીં તો આખું વરસ ખાવું શું ને છોકરાને ખવરાવુશું.

રાજા કહે તારી વાત ખરી પણ મારાથી આ જોવાતું નથી. તને હું બળદ લાવી આપું પણ તું આ જુલમ રેવા દે.

પેલા બળદ લાવ પછી છોડું. ખબર છે આ વાવણીની વેળા છે.— વાવણીની.

રાજાએ નોકર દોડાવીને કહ્યું જા સામા ખેતરમાંથી મોં માગ્યા મૂલે બળદ લઈ આવ. તોયે ચારણ તો હળ હાંકયે જાય છે, બાયડી હવે ખેંચી શકતી નથી એટલે રોયા કરે છે.

રાજાએ ફરી હાથ જોડયા. લે થોડીવાર તો ખમ. પણ ચારણ એકજ વાત લઈને બેઠો છે. વાવણી છે. વાવણી એમાં નો થોભાય. બહું દયા આવે તો તું જોતરાઈ જા.

રાજા દેપાળ દે કહે બરોબર. ઉતર્યો ઘોડેથી, ચારણ અણસમજુ હતો. રાજાને બળદ બનાવી માંડયો હાંકવા. ખેતરના એક ચાસમાં એક છેડેથી બીજે છેડે હળ ખેંચ્યું. એક ઉથલો પુરો થતાં બળદ આવી પહોંચ્યો. રાજા છુટો થયો. ચારણીની આંખમાંથી દળ દળ આંસુડા જાય છે.

ચોમાસુ પુરું થયું દિવાળી આવી. ઉંટ ચોરાઈ જાય તેટલા ઉંચા ઉંચા છોડવા થયા.દરેક છોડે વેંતવેંતના ડુંડા. ડુંડે ડુંડે ભરચક દાણા. ચારણ આનંદમાં આવી ગયો.–પણ–

એક જગ્યાએ આખી હારમાં એકે છોડને ડુંડા ન મળે. ચારણને સાંભર્યું. હા...હા...તેદી' વાવણી કરતો તો ત્યારે ઓલ્યો દોઢ ડાહ્યો રાજા આવ્યો તોને ! ઈ પાપીયા ના પરતાપે વાવેલા દાણા ફોગટ ગ્યા.

ખિજાઈને ચારણ ઘેર આવ્યો. ઘેર ચારણી ને વાત કરી. ચારણી કહે હોય નહીં ઈ તો રામ રાજા હતો. તું જોતા ભુલ્યો.

ચારણ બુમો પાડવા લાગ્યો. મળે તો મારી નાખું ઈ' પાપીયાને. મારા દાણા ખોયા ઈણે.

ચારણી ગઈ. સૂરજને સ્તુતિ કરી. મા'રાજ મારા સતની રક્ષા કરજો. જ્યાં ડુંડામાં નજર કરી ત્યાં એક ઉથલામાં કયાંય દાણા ન મળે પણ ડુંડા પરથી પીળું પળ ખસેડયું. ત્યાં ડુંડે ડુંડે મોતી પાકયા છે ચમકતા રાતા–પીળાં મોતીડાં.

ચારણીએ દોટ મુકી ઘર તરફ. એલા મુરખા ચાલ મારી સાથે. જો રાજા પાપી હતો કે ધર્મી. ડુંડે ડુંડે મોતી પાકયા છે મોતી. ચારણ દોડયો બધાં મોતીની ફાટ ભરી દરબાર પાસે.

અરે બાપ ! મને ગમ પડયો નહીં, કે આ રાજા પરભૂનો ભગત છે. નહીં તો આખા ખેતરમાં બાંધીને તારી પાસે હળ હંકાવત.

રાજા હસી પડયો. શું થયું ?

ચારણ કહે જો તારા પુને મોતી પાકયા.

અરે મોતી તો તારી સ્રીના પુણ્યે પાકયા છે. એક મોતી રાજાએ લઈ માથે ચડાવી ડોકમાં પહેર્યું. બાકી બધાં મોતી પાછા આપી ચારણને ઘેર મોકલ્યો.

જો આ કાળનો રાજા દેપાળદે પરસેવો પાડે ને તેની કરુણામાંથી

ટપકતા નીરે મોતી પાકે તો રાજાધિરાજ એવા. જિનેશ્વર પરમાત્મા માટે આપણે કહીએ કે—

**પ્રભુજી વિચરે તિહાં ન દુકાળ કે અચિરાના નંદ રે**
**જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે અચિરાના નંદ રે**
**અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધકે અચિરાના નંદ રે**
**જિહાં જિનજી વિચરે રંગ કે અચિરાના નંદ રે**

આ વાકયોમાં કયાંય શંકા રાખવા જેવું ખરૂં ?

આવા પ્રકૃષ્ટ પુન્યના માલિક અને પરમકૃપાળુ એવા પરમાત્માની પૂજા માટે શુભ ધ્યાનપૂર્વક શ્રદ્ધા–બહુમાન સાથે જિનાલય પહોંચેલા શ્રાવક નિસીહિ–નમોજિણાણં કહી જિનાલયમાં પ્રવેશ કરે તે વાત્ત પૂર્વે જણાવી.

પણ "નિસીહિ" એટલે શું ?

**ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલન સુધીનીયાત્રા** નો અહીંથી પ્રારંભ થાય છે. શાસ્ત્રીય રીતે વર્ણવાતી દશત્રિકમાં સર્વ પ્રથમ નિસીહિ મુકયું

**નિસીહિ ત્રણ પ્રદક્ષિણા ત્રણ પ્રણામ ત્રણ કરીજેજી.**
**ત્રણ દિશિ વરજી જિન જુઓ ભૂમિ ત્રણ પૂજીજેજી**
**ત્રણ પ્રકારની પૂજા કરીને અવસ્થા ત્રણ ભાવિજેજી.**
**આલંબન ત્રણ મુદ્રા પરિધાન ચૈત્ય વંદન ત્રણ કિજેજી.**

(૧) નિસીહિ (૨) પ્રદક્ષિણા (૩) પ્રણામ (૪) દિશિ (૫) ભૂમિ-પ્રમાર્જન (૬) પૂજા (૭) અવસ્થા (૮) આલંબન (૯) મુદ્રા (૧૦) પ્રણિધાન

**(૧) નિસીહિ :–** કહી શ્રાવક જિનાલયમાં પ્રવેશ કરે તે પહેલી નિસીહિ—નિસીહિનો અર્થ છે નિષેધ. શ્રી જિનેશ્વર પ્રભુની પૂજાના મહાન્ કાર્યમાં પરોવાતા પહેલાં બીજી બધી પ્રવૃત્તિઓમાંથી મન–વચન–કાયાને ખેંચી લેવા જોઈએ અને ભકિતમાં પરોવવા જોઈએ.

ત્રણે નિસીહિ ઉત્તરોત્તર વધતી જિનભક્તિની અવસ્થા સૂચવે છે. તેમાં પ્રથમ નિસીહિ જિનાલયના મુખ્ય બારણે કહી પ્રભુ ભક્તિ સિવાય ના પોતાના ઘર–દુકાન–ધંધા સામાજિક–દેશ–પરોપકાર વગેરે સર્વ-કાર્યોમાં ન પડવાની પ્રતિજ્ઞા છે.

ટુંકમાં સંસાર સંબંધિ બધી જ સાવદ્ય પ્રવૃત્તિ યાને પાપકાર્યોનો

ત્યાગ કરાય છે. પછી સંસાર સંબંધિ–ધંધા કે વ્યાપાર અંગેની કોઈ પણ વાત–ચર્ચા કરાય નહીં, અન્યથા નિસીહિનો પ્રતિજ્ઞા ભંગ થાય છે.

માત્ર જિનાલય સંબંધિ કામની છુટી રહે છે. ત્યાં જે કામ હોય, કારીગરો હોય, નોકર વ્યવસ્થા હોય. તે અંગે સૂચનાઓ આપવી, નામું ઠામું કરવું. વગેરે

નિસીહિ કહી પ્રવેશતા જિન મુખ દેખાતાં જ અર્ધાનવત્ કે પંચાંગી પ્રણામ કરી શ્રી જિનેશ્વરને નમો જિણાણં કહે.

ભક્તિના સમુદાયથી ઉલ્લસિત મન વાળો થઈ શ્રી જિનેશ્વર દેવોના ગુણોનું વર્ણન આવતું હોય તેવી માંગલિક સ્તુતિ વડે પ્રભુની સ્તવના કરે. ગંભીર અને મધુર સ્વરે બોલતો, બે હાથની દશે આંગળીઓ એક બીજાની વચ્ચે ભેગી કરી બે હાથ જોડવા રૂપ યોગ મુદ્રા કરીને સ્તુતિ કરે.

પગલે પગલે જીવરક્ષાના ઉપયોગપૂર્વક ચાલતો શ્રી જિનેશ્વર દેવોના ગુણોમાં એકાગ્ર બની પ્રભુની પ્રદક્ષિણા આપે. જો પ્રદક્ષિણા દેવાનું શકય ન હોય તો પ્રદક્ષિણાના પરિણામપૂર્વક ભાવના ભાવતો રહે.

**(૨) પ્રદક્ષિણા ત્રિક :–** પ્રદક્ષિણા દે તો શ્રાવક " શ્રી જિનેશ્વર દેવ ચાર રૂપે સમવસરણમાં ચારે દિશાએ બિરાજમાન છે." એમ ધ્યાન કરતો ગભારાની બહારની ભીંતોમાં કે ભમતીમાં મૂળ જિનબિંબથી જમણી બાજુમાં. પાછળ અને ડાબી બાજુમાં સ્થાપિત કરેલા ત્રણે બિંબોને વંદન કરે.

આ હેતુથી જ જિનમંદિરમાં ગભારાને સમવસરણ રૂપ માની ગભારાની ભીંતની બહારના ભાગમાં ત્રણેય દિશામાં [ગોખમાં] મૂળ-નાયકજીના નામના ત્રણ પ્રતિમાજી કરાવાય છે. આ રીતે ચારે દિશામાં જિનબિંબો આવવાથી वर्जयेदर्हतः पृष्टम् એટલે કે અરિહંતની પૂંઠ તજવી એ નિયમ મુજબનો દોષ ટળી જાય છે.

આ ત્રણ પ્રદક્ષિણા ભગવંતની જમણી બાજુથી ડાબી બાજુ તરફ દેવાય છે. તે દર્શન જ્ઞાન ચારિત્રની પ્રપ્તિ તથા ભક્તિ બહુ-માનની સૂચક છે. તેથી દર્શન–જ્ઞાન–ચારિત્રના દુહા બોલવા પૂર્વક આ પ્રદક્ષિણા આપવી જેમકે સર્વ પ્રથમ :–

**કાલ અનાદિ અનંતથી ભવ ભ્રમણાનો નહીં પાર**
**તે ભ્રમણા નિવારવા પ્રદક્ષિણા દઉં ત્રણ સાર**
**ભમતીમાં ભમતા થકા ભવ ભાવઠ દૂર પળાય**
**સમ્યગ્ દર્શન પામવા પ્રથમ પ્રદક્ષિણા દેવાય.**

પ્રદક્ષિણા દેવાયા બાદ દહેરાસરજીનું પ્રમાર્જન, નામું–ઠામું તપાસવું પુરાંત ગણવી. તે પ્રમાણે યથાયોગ્ય ચિંતાપૂર્વક પૂજા વગેરે સામગ્રી તૈયાર કરી જિનાલય સંબંધિ કામકાજ ત્યજવારૂપ બીજી **નિસીહિ** કહેવી.

હવે માત્ર દેવાધિદેવની પૂજા જ કરવાની. દ્રવ્ય પૂજા કરતાં કરતાં પૂજારીને સૂચના દેવી કે બીજા માણસો સાથે કોઇ વાતચિત કરવી સર્વથા અનુચિત્ત છે.

બીજી નિસીહિ બોલી મૂળ મંડપમાં પ્રવેશ કરે. પ્રભુ આગળ પંચાંગ નમાવી વિધિપૂર્વક ત્રણ વખત પ્રણામ કરે. તે સંબંધમાં ચૈત્યવંદન બૃહદ્ ભાષ્યમાં જણાવે છે કે—

तत्तो निसीहिआए पविसित्ता मंडवंमि जिणपुरओ
खिइ निहिअ जाणुपाणी करेइ विहिणा पणामतिगं

પછી નિસીહિ કહી મુખ્ય મંડપમાં પ્રવેશ કરીને શ્રી જિનેશ્વરદેવની સામે બે હાથ–બે ઢીંચણ જમીનને અડકે તથા માથુ અડકે એ રીતે પંચાંગી પ્રણામ વિધિપૂર્વક ત્રણ વખત કરે. ચૈત્ય **પ્રવેશથી પ્રક્ષાલનની યાત્રા** ચાલી રહી છે. તેમાં નિસીહિ અંતર્ગત પ્રણામની વાત આવી તે પ્રણામત્રિક શું છે?

(૩) **પ્રણામત્રિક** :– અંજલીબદ્ધ અર્ધાવનત પંચાંગ પ્રણિપાત્ અંજલિ કરવા પૂર્વક–બે હાથ મસ્તકે જોડી મસ્તક નમાવવું તે એક પ્રણામ.

કમર સુધીનું અડધું શરીર ઝુકાવીને મસ્તક નમાવવું તેને અર્ધાવનત પ્રણામ કહેવામાં આવે છે. તેમાં કેટલાંક મસ્તક અને હાથ વડે ભૂમિ સ્પર્શ કરવાનું પણ કહે છે. પણ તે પ્રચલિત વિધિ નથી.

આ પ્રણામ મૂળ ગભારે કે સ્તુતિ બોલતી વેળા કરાય છે.

બે ઢીંચણ–બે હાથ–મસ્તક પાંચે સાથે જમીનને અડકે તે રીતે પ્રણામ કરવા તેને પંચાંગ પ્રણિપાત કહ્યો.

પ્રણામત્રિક બીજી રીતે પણ ઓળખાવાય છે. ભૂમિ વગેરે સર્વ સ્થાનોમાં ત્રણ વખત મસ્તક નમાવવું. મસ્તક સન્મુખ રહેલી અંજલીને દક્ષિણાવર્ત મંડલાકારે ભમાવી ત્રણ વખત મસ્તક નમાવવું તે પ્રણામત્રિક.

આ રીતે પ્રણામત્રિક સાચવવાપૂર્વક બીજી નિસીહિ કહી ગભારામાં પ્રવેશેલો શ્રાવક હર્ષોલ્લસિત થઈ આઠપડવાળો મુખકોશ બાંધે.

જિન પ્રતિમા પરના આગળના દિવસના ચડેલા નિર્માલ્યને ઉતારે. ત્યાર પછી મોરપીંછી વડે પ્રમાર્જના કરે. પછી જિનગૃહનું સ્વયં પ્રમાર્જન કરે–બીજા પાસે કરાવે.

ઉતારેલ નિર્માલ્ય પવિત્ર નિર્જીવ સ્થાનકે નખાવવા. વર્ષાઋતુમાં કુંથુઆ વગેરેની ઉત્પત્તિનો સંભવ હોઈ નિર્માલ્ય તથા સ્નાત્ર જળ અલગ અલગ સ્થાને એકાન્ત અને પવિત્ર જગ્યાએ નખાવે. જેથી આશાતનાનો સંભવ ન રહે.

**ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલન યાત્રાનો** મહત્ત્વનો તબક્કો શરૂ થાય છે જિનપૂજા.

જિનપૂજાના મહત્ત્વને જણાવતા લખ્યું

> निश्चयाद् भव्य जीवेन पूजा कार्या जिनेशीतुः
> दमयन्त्येव कल्याग सुख संपत्ति दायिनी

ભવ્ય પ્રાણીઓએ દમયંતીની જેમ કલ્યાણ અને સુખ સંપત્તિ આપનારી શ્રી જિનેશ્વરની પૂજા કરવી જોઈએ.

કોસલા નગરીના નિષધ રાજાને નલ અને કુબેર નામે બે પુત્ર હતા. નળ સાથે વિદર્ભના ભીમરાજાની સર્વાંગ સુંદર દમયંતી નામની પુત્રી પરણાવી માર્ગમાં ચાલતા સૂર્ય અસ્ત થયો. ગાઢ અંધકારમાં માર્ગ દેખાતો બંધ થયો.

દમયંતીએ પોતાનું કપાળ લુંછી કપાળમાં રહેલાં સ્વાભાવિક તિલકને તેજસ્વી કર્યું. તે તેજમાં પ્રતિમા વહન કરી રહેલા મુનિ-રાજને જોયાં. તેમને વંદન કરી પૂછયું. હે સ્વામી! દમયંતીના કપાળ-માંથી ઉદ્યોત શી રીતે થયો?

મુનિરાજ કહે પૂર્વભવે તેણે ૫૦૦ આયંબિલ કર્યા હતા. ભાવિ તીર્થંકર શ્રી શાંતિનાથની પૂજા કરેલી. તપની સમાપ્તિમાં ચોવીશ તીર્થંકરોની પૂજા કરી. તેમના ભાલે સુવર્ણ રત્ન જડીત તિલક ચડાવ્યા

હતા. તે પુણ્યના પ્રભાવે આ ભવે તેને ભાલસ્થાને તિલકાકારે સૂર્યના ખંડ જેવો સ્વાભાવિક ઉદ્યોત થયો છે.

તે સાંભળી વૈરાગ્ય ભાવથી નિષધ રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

દમયંતીના ભવે પણ નળથી ત્યજાયેલી એવી તેણે કોઈ પર્વતની ગુફામાં શાંતિનાથની માટીની પ્રતિમા બનાવી પૂજા કરવા લાગી. આ રીતે જિનપૂજામાં દૃઢ એવી દમયંતિ સતિ તરીકે પ્રસિદ્ધિ પામી, રાજ્ય અને દેવતાઈ સુખને પામી.

એમ વિધિ–ભાવપૂર્વક જિનપૂજા કરતા દમયંતિની જેમ સુખ–સંપત્તિના ભાગી બનો.

જિનપૂજાનો પ્રારંભ અંગપૂજાથી થાય છે. અંગ પૂજામાં સર્વ પ્રથમ જલપૂજા કરવી.

ગૃહ ચૈત્ય હોય તો પ્રતિમાજીને પવિત્ર એવા ઉચ્ચ સ્થાનકે પવિત્ર વાસણમાં સ્થાપી, પ્રભુ સન્મુખ ઉભી હાથમાં કળશ ધારણ કરી, શુભ પરિણામથી ચિંતવના કરતો અભિષેક કરે.

જિનાલયમાં હોય તો ઉત્તમ કેસર, બરાસ ઔષધિ તથા ચંદન મિશ્રિત એવા સુગંધી જળ વડે ત્રિભુવનનાથને સ્નાન કરાવે.

बालत्तणंमि सामिअ सुमेरु, सिहरंमि कणय कलसेहिं
तिअसासुरेहिं न्हवीओ ते धन्ना जे हिं दिट्ठोसि

હે સ્વામિન્ બાલ્યાવસ્થામાં મેરુ શિખર પર સોનાના કળશોથી સુર–અસુરોએ તમારો અભિષેક કર્યો તે વખતે જેણે તમારા દર્શન કર્યા છે તે ધન્ય છે. એ પ્રમાણે ગાથા બોલી મનમાં ચિંતવના કરી, હૃદયમાં તે ભાવો અવધારી મૌનપણે અભિષેક કરે.

તે સમયે ભગવંતના જન્માભિષેક સંબંધિ હકીકતોનું ચિંતન કરે. જયણાપૂર્વક વાળાકુચી કરી આગલા દિવસના ચંદન–કેસર વગેરે સાફ કરે. ફરી નિર્મલ જલ વડે પ્રક્ષાલન કરે.

આ પ્રમાણે પ્રભુને સ્નાત્ર કર્યા બાદ અંગલુંછણા વડે સઘળું જલ સાફ કરે. ફરી પાછા ધૂપ વડે ધુપેલા કોમળ બીજાં અંગ લુંછણા વડે વારંવાર મૂર્તિના સઘળા અંગોનો સ્પર્શ કરીને પ્રતિમાને સર્વથા કોરી કરવી. એ મુજબ બે [જરૂર પડે તો ત્રણ] અંગ લુંછણા વડે બધી પ્રતિમાજી કોરા કરવા. જ્યાં જ્યાં થોડી પણ ભીનાશ રહે ત્યાં ત્યાં પ્રતીમામાં શ્યામતા કે ડાઘ આવે છે, માટે પ્રતિમાજી જરાપણ ભીના

રાખવા નહીં. તેમજ નમણ જલ જીવહિંસા તથા આશાતના ન થાય તેવા સ્થળે પરઠવવું.

અંગ લુંછણા–હાથ વગેરે પ્રક્ષાલ માટેના પાણીના પાત્રમાંથી પાણી લઈને ધોવા નહીં પણ અલગ રાખેલા પાત્રના શુદ્ધ જળે ધોવા.

જિનેશ્વરના અંગને નિર્જલ કર્યા બાદ પ્રભુની સન્મુખ તેના દાઢી-મૂછ રહિત એવા પ્રભુના અંગને જોઈને વિચારે, "અહો જિનેશ્વર પરમાત્માએ આટલા સાધુ સાથે સંસાર છોડી કેશોનું લુંચન કરી દીક્ષા લીધી." ઈત્યાદિ દીક્ષા કલ્યાણક સંબંધિ ભાવના ભાવવી.

આવા પ્રકારે ભાવના ભાવવાની વાત અવસ્થા ત્રિકમાં આવે છે.

भाविज्ज अवत्थतियं पिंडत्थ पयत्थ रुप रहिअत्तं
छउमत्थ केवलित्तं सिद्धत्तं चेव तस्सत्थो

ચૈત્યવંદન ભાષ્યની ગાથા – ૧૧માં **અવસ્થાત્રિકનું** સ્વરૂપ જણાવે છે.

પિંડસ્થ–પદસ્થ અને રૂપ રહિતત્વ [પ્રભુની] એ ત્રણ અવસ્થા ભાવવી તેનો અર્થ છે. છદ્મસ્થત્વ, કેવલિત્વ, સિદ્ધત્વ.

**(૧) પિંડસ્થ–છદ્મસ્થ અવસ્થા** :– તે ત્રણ પ્રકારની જન્મ અવસ્થા–રાજ્યઅવસ્થા–શ્રમણાવસ્થા

તીર્થંકર પદવી પૂર્વે જન્મથી માંડીને સમવસરણ સ્થપાય ત્યાર પહેલા સુધીનું દ્રવ્ય તીર્થંકર પણું તે પીંડ અને તેમાં રહેલી અવસ્થા તે પિંડસ્થ અવસ્થા.

પ્રભુની મૂર્તિની આસપાસ કોતરેલા પરિકરમાં ઉપર જે હાથમાં કળશ લઈને હાથી પર બેઠેલા દેવો દેખાશે. તે જોઈને ભગવંતનો મેરુ પર્વત પર દેવો વડે થતો અભિષેક ચિંતવવો. તે **જન્માવસ્થા ભાવના.**

હાથમાં પુષ્પોની માળાવાળા જે માલાધારી દેવો પરિકરમાં કોતરેલા હોય છે; તે જોઈને ભગવંતની **રાજ્યાવસ્થાનું** ધ્યાન કરવું કેમકે પુષ્પાહાર રાજ્યાભુષણ છે.

પરિકરમાં જિનેશ્વરનું દાઢી મુછ વગરનું મુખ જોઈને **શ્રમણાવસ્થાનું** ધ્યાન ધરવું. એમ ત્રણ પ્રકારે છદ્મસ્થાવસ્થા ભાવવી.

* **ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલન સુધીની** યાત્રા આ રીતે પૂર્ણ થાય છે.

ગાંધીજી ઐતિહાસિક દાંડીકુચમાં ૭૦ સત્યાગ્રહીઓ હતા. જેમાં ગાંધીજીના અંતેવાસી "નારાયણ મોરેશ્વર ખરે" પણ હતા. આશ્રમવાસી તરીકે સાબરમતી આશ્રમમાં જ પોતાના કુટુંબ સાથે રહે. એક વખત તેનો પુત્ર બિમાર પડયો. દિવસે દિવસે માંદગી વધતી ચાલી. છેવટે વસંત બેઠો થાય તેમ ન રહ્યો.

એક દિવસ "ખરે" પોતાના પુત્ર વસંત પાસે બેઠા હતા. તે થોડાં કલાકનો મેમાન છે તેમ લાગ્યું. તેવામાં પ્રાર્થનાનો ઘંટ વાગ્યાં બધાંને ત્યાં રહેવા દઈ "ખરે" ઉભા થયા. આવ્યા પ્રભુ પ્રાર્થના કરવા–કેમકે રોજ ભજન તેઓ જ ગાતા–

એક કુટુમ્બીજન કહે વસંતના આખરી શ્વાસ છે. તમે તેને મુકીને જશો? "ખરે" કહે અરે તેનું આયુ પુરુ થયું હશે તો જીવાડવાનો મારી પાસે કોઈ ઈલમ નથી. પ્રાર્થનામાં ગયા. ચાલુ પ્રાર્થનામાં સમાચાર મલ્યા વસંત મૃત્યુ પામ્યો છે. છતાં "ખરે" એ શાંતિથી ભજનો ગાયા. કયાંય કચાશ નહીં.

છેલ્લે ગાંધીજીને કહ્યું, બાપુ! વસંતને જેણે મોકલ્યો હતો તેણે પાછો બોલાવી લીધો.

આવી સ્વસ્થતાથી પૂજા કરો તો નિસીહિ સાર્થક **ચૈત્ય પ્રવેશથી પ્રક્ષાલનની** યાત્રા સાર્થક. અનંતા સુખને આપનારી પૂજા માટે નિસીહિ પ્રતિજ્ઞા પાળી મન–વચ–કાય એકાગ્રતા કેળવી નિત્ય જિનપૂજા કરો—

---

* તદંતરગત નિસિહી–પ્રદક્ષિણા–પ્રણામ–અવસ્થા ત્રિકનો પરિચય કર્યો. એ રીતે બાકીની ત્રિક તથા ચંદનાદિ પૂજાધિકાર અગ્રે વર્તમાન.

□

# (૮૯) જિનપૂજા–અંગપૂજા

–પ્રભુ પૂજો નવ અંગે

विहिणा उ कीरयाणा सव्वावि अ फलवई भवे चिट्ठा
इहलोइआवि किं पुण ? जिणपुआ उभय लोगहिआ

જો આ લોકની સર્વ પ્રવૃત્તિ પણ વિધિપૂર્વક કરવાથી સફળ થાય છે, તો આલોક પરલોકમાં હિત કરનારી શ્રી જિનપુજા માટે તો પૂછવું જ શું ?

પૂજા "વિધિપૂર્વક કરવી" તે વાતના મહત્ત્વને સ્પષ્ટ કરતાં લખ્યું કે :– ખેતી, ભોજન, લગ્ન વગેરે આ લોક સંબંધિ કાર્યો પણ વિધિ-પૂર્વક કરવાથી સફળ થતાં હોય તો ઉભય લોકમાં ફળ આપનારી શ્રી જિનપૂજાની વિધિનું તો યથાયોગ્ય પાલન થવું જ જોઈએ ને ?

પરિમિત જળ વડે સ્નાન કરી, નિસીહિપૂર્વક જિનાલયમાં પ્રવેશ કરી જલપૂજા કર્યા બાદ અંગપૂજાનો બીજો મહત્વનો તબક્કો શરૂ થાય–ચંદન પૂજા. જેની વિધિ જાણવી અત્યંત જરૂરી છે.

**પ્રભુ પૂજો નવ અંગે –**

ચંદન પૂજા નવ અંગે કરવી જેઈએ –

(૧) પ્રભુના બંને ચરણના અંગુઠા. પ્રથમ જમણો અંગુઠો પછી ડાબો અંગુઠો–**બે**

(૨) પ્રભુના બન્ને ઢીંચણ–જમણો–ડાબો–**બે**

(૩) પ્રભુના બન્ને કાંડા–જમણું–ડાબું–**બે**

(૪) પ્રભુના બન્ને ખભા–જમણો–ડાબો–**બે**

(૫) પ્રભુના મસ્તકે–એક. **કુલ નવ**

તમને થશે કે આ તો પંચાંગ પૂજા થઈ નવાંગ પૂજા કયાં થઈ? પણ પહેલા તમે બરાબર ગણતરી કરો. નવસ્થાન થયાં કે નહીં ?

આ અંગે અન્ય મત મતાંતર પણ, ધર્મસંગ્રહ તથા શ્રાદ્ધ વિધિમાં આપેલા છે.

**(શંકા) પ્રભુ પૂજો નવ અંગે** પરિશીલન વર્તમાન પદ્ધતિ સાથે તો બંધ બેસતું નથી.... તેનું શું ?

વર્તમાનમાં પ્રચલિત વિધિ મુજબ નવ અંગોની ગણતરી તથા તેના દુહાની પરંપરા આ પ્રમાણે છે. તેમાં અંગની ગણતરી છે સ્થાનની નહીં. સ્થાન તો તેર થશે, પણ અંગ નવ થશે

**ચરણ જાનુ કર અંશ શિર ભાલ ગલે**
**ઉર ઉદર પ્રભુ નવ તિલક કીજે**

(૧) ચરણ પૂજા–જમણો–ડાબો અંગુઠો (૨) ઢીંચણ–જમણો–ડાબો (૩) કાંડા–જમણો ડાબો (૪) ખભા–જમણો ડાબો (૫) મસ્તકની શીખા આ પાંચ અંગ ઉપરાંત (૬) ભાલ–લલાટ (૭) કંઠ (૮) હૃદય (૯) નાભી. સ્થાન તેર થયા પણ નવ અંગ થયા કે નહીં ?

માટે **પ્રભુ પૂજો નવ અંગે** લખ્યું તે ધર્મસંગ્રહ કે શ્રાદ્ધ વિધિના મત મુજબ નહીં પણ પરંપરા અનુસાર સમજવું. ફેરફાર ક્યારે થયો તે તો બહુશ્રુત જાણે.

એક એક અંગની પૂજા કરતા કરતા કઈ ભાવના ભાવવી. તે જણાવવા સુંદર દુહાઓ બનાવાયા છે. આ દુહા બોલી તે ભાવના હૃદયમાં અવધારવી. જેમકે :–

**જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા વિચર્યા દેશવિદેશ**
**ખડા ખડા કેવલ લહ્યું પૂજો જાનુ નરેશ**

જાનું એટલે ઢીંચણ. હે પ્રભુજી આપે આ જાનુના બળથી કાયોત્સર્ગ ધ્યાનમાં લીન બનીને ઘાતીકર્મો ચકચૂર કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. વળી આ જ જાનુના બળે આપે દેશવિદેશ પરિભ્રમણ કરીને ભૂમિ તલને પાવન કર્યું તથા લોકોને અણગારત્વનો પ્રત્યક્ષ આદર્શ પુરો પાડયો.

જિનેશ્વર પરમાત્મા કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી જમીન પર આરામથી કે પલાંઠીવાળીને બેસતા નથી. ઉભા રહે અથવા ગોદોહિક કે ઉત્કટિક આસને રહે. તેથી લખ્યું કે ખડા ખડા કેવળ લહ્યું – તે જ કારણથી–પૂજો જાનુ નરેશ. મતલબકે નર [માનવ]ના ઈશ [સ્વામી] એવા પ્રભુના જાનુ [ઢીંચણ] પૂજાવા જોઈએ.

આવી રીતે નવે અંગ માટે ભાવના ભાવતા ભાવતા પૂજા કરવી.

○ યુગલિકોએ સર્વ પ્રથમ પૂજેલા આદિનાથ પ્રભુના ચરણ [અંગુઠો]ની પૂજા કરતાં અમે પણ તેમના પગનો સ્પર્શ કરી પૂર્ણ બહુમાન ભાવ પ્રગટ કરી પ્રભુનું શરણ ગ્રહણ કરીએ છીએ.

○ લોકાન્તિક દાન ને દેનારા એવા પ્રભુના બંને હાથની હું પૂજા કરું છું.

○ જે ભૂજાના બળથી ભવ જલ તર્યા તે ખભા પણ કેવા શક્તિવાળા છે માટે તેની પૂજા કરું છું.

○ સિદ્ધ શિલાની યાદ અપાવતી એવી શિખાની પૂજા કરતાં મને પણ ત્યાં સ્થાન મળે.

○ તિલક એ ત્રિભુવનમાં તિલક સમાન હોવાથી એવા ઉન્નત મસ્તકની અમે પૂજા કરીએ છીએ.

○ જે કંઠ વડે મધુર ગિરાએ પ્રભુએ દેશના આપી, જગતના લોકોને કલ્યાણ માર્ગ દેખાડયો, તે કંઠની હું પૂજા કરું છું.

○ હૃદયમાંથી રાગદ્વેષને બાળીને વીતરાગ બન્યા એવા પ્રભુના નિર્મલ હૃદયની હું પૂજા કરું છું.

○ દર્શન જ્ઞાન ચારિત્ર રૂપી રત્નત્રયીથી ઉજળી અને સકલ સુગુણના વિસામા સમી નાભીની પૂજા કરવી જોઈએ. આ રીતે **પ્રભુ પૂજો નવ અંગે.**

આવી સુંદર ભાવના આવે ક્યારે ? જો પ્રભુ ભક્તિમાં લીન બનીએ તો. પ્રભુમાં અંતરંગ પ્રીતિ કેળવીએ તો—બાકી તો— **સગુણ સનેહા રે કદીયે ન વિસરું**—એવું પદ્મપ્રભુજીના સ્તવનમાં બોલીએ પણ જિનાલયમાંથી બહાર નીકળતા તો અરેરે મોડું થઈગયું. ત્યાં તો મારી વાટ જોતા હશે, કહો તો પછી પ્રભુમાં સગુણ સનેહા પણ શું લાગ્યું ?

આહીર યુગલ વાત કરે છે. આટલી બધી પ્રીતિ કેમ સહેવાશે ? વિધાતા આપણી જોડલી વીંધી તો નહીં નાખેને ?... એવું અમંગળ શું બોલો છો ? નાના પણ ધાર્ય કે મારું મોત અચાનક થઈ ગયું તો ? ...તો પછી તમારા વન્યા જીવીને મારે શું કરવું છે ?... તે મરવું શું રેઢું પડયું છે ?

આ ભરપુર યૌવન—આ છલકાતો રૂપ આ સંસારની મીઠાશ તજવાં દોહ્યલા છે હો. એ તો મોંએ વાતો થાય...હશે આયર હશે. પુરુષને મન પ્રાણ કાઢવા વસમા હશે પણ નારી તો અનાદિથી ચિતાએ ચડતી આવી છે.

કાઠિયાવાડના દેવગામ નામે નાના ગામમાં ધમળો આયરનો દીકરો નાગ અને હજુ ચાર-પાંચ મહિના થયા જ પરણીને આવેલી રંભા જેવી નાર અધરાતે સુવાના ઢોલીએ આવી વાતું કરે છે.

નાગને થતું ઓ હો શું આ નારીનું મારા પર હેત કે મારી પાછળ ઝુરી ઝુરીને મરે છે. કદીક સ્ત્રી પૂછતી કે આયર હું મરું તો તમે શું કરો? આયર બોલતો, "અરે મ બોલ." સ્ત્રી કહેતી કે નારી મરી તો ખાસડું ફાટયું. શું હું મરું તો તમે બીજી ન પરણો? આયરે નિસાસો નાખ્યો. પ્રભુને ખબર ત્યારે શું થાય. ધણીથી ન સહેવાતા બોલ્યો એકવાર મરી તો જો મને નખરા નથી આવડતા.

ધણીની મમતા જોઈ સ્ત્રી ગળે બાઝી પડી.

નાગનો બાપ ધમળો આ વાતું સાંભળે. તેને થયું જુવાનીયા તાજી પ્રીતમાં ગાંડાતુર થઈ પ્રાણ કાઢવાની વાતું કરે છે. એક દિવસ પરીક્ષા લઈ જોઉં.

રોજ નાગ વેલો જઈ ખેતરે કામે લાગે. બપોરે ભાત લઈ આયરાણી ખેતરે જાય. સાંજ પડે વાછડું ગાયની રાહ જુએ તેમ આયરાણી રાહ જુએ.

એક દી નાગ વાડીએ ગયેલો. હમણાં ભાત આવે, હમણાં ભાત આવે પણ કયાંય ભાતવાળી ન દેખાય. પવનમાં ફરકતી કામળી કળાતી નથી. ત્યાં નાગનો બાપ આવ્યો. બાપનું મોઢું કાળું પડી ગ્યું છે. ભાઈ ગજબ થઈ ગ્યો. વહુને એરુ આભડી ગ્યો. તું ને બોલાવવાનો સમય ન રીયો.

ઓ હો આટલુ છેટું પડી ગ્યું. ત્યાં તો નાગે દાતરડું ઉપાડી પેટમાં ઉતારી દીધું હા-હા-હા કરતો બાપ હાથ ઝાલવા જાય ત્યાં તો દીકરાનો લોહી લોહાણ દેહ ઢળી પડયો.

બાપ ચોધાર આંસુએ રડ્યો. આયરાણીએ રોયું-કુટયું ભરથારની ચિતાના ભડકા જોઈ ઝુરવા લાગી. ચૌદમે દી પીયરથી ગાડું આવ્યું. ભરથારની ચિતાના આંસુ સુકાઈ ગયા, નાગના સંભારણા નીકળી ગયા.

બીજા આચર હારે વીવા થયા. વેલડામાંથી ડોકું કાઢી તાજો પાળીયો, તાજું સીંધુર બસ બધું સાંભળ્યું, પહેલી રાત, પાનેતરમાંથી નીરખેલી યુવાન કાયા, એક બીજાની ચીતાએ ચડવાના કોલ.

આયરાણીથી ઉંડો નીસાસો નીકળી ગયો. ચારણના છોકરાને ખબર પડી. આ તો નાગની ઘરવાળી. તેણે દુહો ફટકાર્યો, "નાગ જરા ઊંચુ નીહાળીને તો જો, ગમે ત્યાં પ્રેમ ન પાથરીયે. તેં તો પ્રેમ પાથર્યો પણ તે તારી ચીતા પર ચડવાને બદલે પોતાના ધંધે વળગી ગઇ."

**પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે પ્રીત સગાઈ ન કોઈ...**

આયરાણી વેલડામાંથી ઉતરી ત્યાંજ ચીતા ખડકી સળગી મરી.

આપણે તો પ્રભુ સાથે કેવી પ્રીત માંડવી છે.

**સગુણ સનેહા રે ઘડીયે ન વિસરું.**

પ્રભુ સાથે પ્રીત માંડી તેના એક એક અંગને વહાલ ભરી નજરે નીરખતો, ઉભરાતી ભક્તિએ કરીને જિનપૂજા કરતો જીવ પ્રભુમાં એકાકાર બની જાય. કેવો એકાકાર બને કે નાગકેતુને સર્પ ડસ્યો તો પણ પૂજામાં ખ્યાલ ન રહ્યો, તે તેની ભાવધારાએ ચડતો કેવળ પામ્યો.

એકેક પૂજાની સાથે સદ્‌ગતિ સાધી હોય તેવી કથા મોજુદ છે. કેવળ પામનાર નાગકેતુની પ્રભુ પ્રત્યે કેવી તાદાત્મ્યતા હશે ? કેવી પ્રીતિ હશે સુનક્ષત્ર મુનિની કે ભગવંત સામે બોલનાર ગોશાળાની તેજોલેશ્યાથી ખાખ થઈ ગયા.

આવી અંતરંગ પ્રીતિપૂર્વક જિનપૂજામાં એકાકાર થઈ, પ્રભુની પીંડસ્થ–પદસ્થ અવસ્થાની ભાવના ભાવે.

અંગપૂજા કર્યા બાદ છત્ર ચામર ભામંડલ વગેરે આઠ પ્રાતિહાર્યો જોઇને પ્રભુની પદસ્થ અવસ્થા એટલે કે કેવલજ્ઞાન કલ્યાણકની હૃદયમાં ભાવના ભાવે. તે આ રીતે—

પ્રભુની આસપાસ પરિકર ઉપર દેખાતા પાંદડા તે અશોક વૃક્ષ, માળા ધારણ કરતા દેવથી સૂચવાતી પુષ્પવૃષ્ટિ, બાજુમાં વીણાવાંસડી વગાડનારા દેવો જોઈ દિવ્ય ધ્વની, ચામરધારીને જોઈને ચામર, પ્રભુજીનું પદ્માસન તે સિંહાસન, પાછળ રહેલું ચક્ર તે ભામંડલ, માથે રહેલા છત્ર તે છત્રત્રય આવા આઠ પ્રતિહાર્યો જોઈ પ્રભુની કેવળજ્ઞાન અવસ્થાને ચિંતવવી.

અહો પ્રભુ હું આપની પૂજા કરી રહ્યો છું, પણ એવો દિવસ કયારે આવશે જ્યારે આપ સમાન તીર્થંકર પરમાત્મા વિચરતા હશે તેની રિદ્ધિ સિદ્ધિ યુક્ત કૈવલ્ય અવસ્થા હું નજરે નીહાળી ધન્ય બનીશ. કયારે પ્રભુની વાણી શ્રવણ કરીશ? કયારે પ્રભુની આજ્ઞાપાલન રૂપ ભાવ પૂજા કરવાવાળો થઇશ.

પ્રભુજીની અંગપૂજામાં જલપૂજા અને ચંદનપૂજા પછી ત્રીજો ભેદ તે પુષ્પ પૂજા.

સુંદર વર્ણવાળા, સુગંધવાળા, તાજાં જમીન ઉપર ન પડયા હોય તેવા પુર્ણ ખીલેલા અને જેની પાંદડીઓ વગેરે ખરી ગઈ ન હોય તેવા, અનેક જાતિનાં, છુટા પુષ્પો વડે અથવા જુદી જુદી રીતે ગુંથેલા પુષ્પો વડે પ્રભુજીની પૂજા કરવી.

બાહડ મંત્રીએ ચૈત્યોદ્ધાર કરાવ્યો ત્યારે ઘણાં શ્રાવક ગૃહસ્થો ત્યાં આવેલા એ સમયે ચટીમાણક ગામનો રહીશ ભીમ નામનો વણિક માત્ર બે રૂપીયાનું ઘી લઈને ત્યાં આવેલ. તે ઘી બાહડ મંત્રીના સૈન્યમાં વેચી શુદ્ધ વ્યાપાર પૂર્વક એક રૂપીયો નફો કમાયો. આ રૂપીયાના પુષ્પો લઈ પ્રભુની પૂજા કરી સૈન્યમાં આવ્યો અને બાહડ મંત્રીને જોઇને અંદર પેસી ગયો. ત્યારે દ્વારપાળ આ ભીમ વણિકને ધક્કા મારી કાઢવા લાગ્યો. પણ તે પોતાની ખુશી મંત્રી પાસે વ્યક્ત કરવા અતિ ઉત્સુક બનેલો—

મંત્રીએ તે જોઈ તેને બોલાવ્યો. ત્યારે ભીમે પ્રભુ પૂજાનો વૃતાંત કહ્યો. આ સાંભળી અતિ પ્રસન્ન થયેલા મંત્રીએ તેને પોતાની પાસે બેસાડયો. ભીમ વણિકને પણ થયું કે ધન્ય છે જિનેશ્વરની પૂજાની લીલા કે દરિદ્ર શિરોમણી એવા મને આવું સન્માન મળ્યું.

ઘેર જઈ ગાયને બાંધવાનો ખીલો નાખતાં ચાર હજાર સુવર્ણનો કળશ નીકળ્યો. ત્યારે કપર્દીયક્ષે પ્રગટ થઈ કહ્યું કે આ ચરૂ તો તે એક રૂપીયાના પુષ્પથી પૂજા કરી તે બદલ મેં તને આપ્યો છે. ત્યારે હર્ષિત થયેલા ભીમે સુવર્ણ–રત્નના પુષ્પોથી પૂજા કરી.

પુષ્પ પૂજા સંબંધિ વિશેષ વિધિ જણાવતા લખે કે સુકા–તુટેલ પાંખડીવાળા, અશુભ ચીજો સાથે સ્પર્શિત થયેલાં પુષ્પો તેમજ જે ષ્પુપોની કળી ખવાઈ ગઈ હોય, ફૂલો ચીમળાયેલા હોય, જે ફૂલો પર

કરોળીયાએ જાળ ગુંથી હોય, દેખાવમાં સુશોભિત ન હોય, દુર્ગન્ધી કે ગંધ રહિત હોય તેવા પુષ્પો વડે પ્રભુજીની પૂજા ન કરવી.

આ પુષ્પો શરીર પરના વસ્ત્રને છેડે, કાખમાં, પૃષ્ઠ ભાગે કે પેટ ઉપર બાંધી લાવેલા ન હોય તેમજ રજસ્વલા સ્ત્રીથી સ્પર્શીત ન હોવા જોઇએ.

આ પુષ્પોને કાચા સુતરના તંતુ વડે ગુંથવા, પંચ પરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કરતાં ૧૦૮ પુષ્પોનો હાર કરવો કે કરાવવો. અથવા પરમાત્માના ૧૦૦૮ લક્ષણ સંભારતાં ૧૦૦૮ પુષ્પોનો હાર કરવો.

છુટા પુષ્પો હોય તો આઠ અંગે આઠ કર્મોના અભાવની યાચના કરતા અને નવમે અંગે નવમા તત્વ [ મોક્ષ ]ની માંગણી કરવા પૂર્વક પુષ્પો ચડાવવા.

શુદ્ધ પુષ્પોની છાબી ભરી, પ્રભુ પાસે લાવી, શ્રાવક આ રીતે કહે કે હે સ્વામી તમે ત્રણ જગતના હિતકારી છો. આ પુષ્પોના જીવોને હું હિંસકોની પાસેથી છોડાવી લાવ્યો છું, તેમને અને મને અભય આપો. આ પ્રમાણે શુભ ભાવપૂર્વક પુષ્પપૂજા કરવાથી કંઈ દોષ લાગતો નથી.

અવધિજ્ઞાન અને સમ્યકત્વથી યુક્ત તેમજ અરિહંતે પણ પ્રશંસા કરી છે તેવા દેવો જલ અને સ્થલમાં નીપજેલા પુષ્પોથી જિનબિંબને પૂજે છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે પ્રભુ કેવળજ્ઞાન પામે ત્યારે જાનુ પ્રમાણ પંચવર્ણી પુષ્પોથી આ ધરતીને શોભાવે છે.

## જિનજી જાનુ પ્રમાણ ગીર્વાણ કુસુમ વૃષ્ટિ કરેરે લો

કુમારપાળ રાજા પણ પૂર્વે નરવીર નામક સામાન્ય સેવક હતો. ઉઢેર શ્રેષ્ઠીને ત્યાં રહેલો. પર્યુષણમાં શ્રેષ્ઠી, કુટુમ્બ સહિત પૂજા કરવા ગયો. સાથે આવેલા નરવીરને કહ્યું તું પણ આ પુષ્પ લે અને પ્રભુજીની પૂજા કર. ત્યારે નરવીરને થયું અહો આવા પરમેશ્વર તો મેં કદી જોયા નથી. આ પ્રભુ સંપૂર્ણ જણાય છે. વળી રાગાદિ ચિહ્ન રહિત સાચા ભગવાન જણાય છે. આમ વિચારી પોતાની પાસે માત્ર પાંચ કોડી હતી તેના પુષ્પો લીધાં. નેત્રમાં આનંદના અશ્રુ સાથે પ્રસન્ન થઈ ત્રિકરણ શુદ્ધિ વડે તેણે પ્રભુજીની પૂજા કરી. વારંવાર અનુમોદના કરતા બોલ્યો, "હે સ્વામી ! આપ કેવા દયાળુ છો કે મને ઈન્દ્રને પણ દુર્લભ તેવી ભક્તિ કરવાનો મોકો આપ્યો."—

માત્ર પાંચ કોડીના ફૂલથી પૂજાના પ્રભાવે તે કુમારપાળ રાજા થયો માટે ભાવપૂર્વક પુષ્પ પૂજા કરવી.

સામર્થ્ય હોય તો રત્ન–સોના–મોતીના આભરણોથી, રૂપા સોનાના પુષ્પોથી સુંદર–વિવિધ જાતના ચંદરવાદિ રેશમી વસ્ત્રોથી શ્રી જિન પ્રતીમાને અલંકૃત કરવી. તે પણ અગ્રપૂજા છે.

શ્રાદ્ધ વિધિમાં તો પુષ્પ પૂજા સંબંધે ત્યાં સુધી કહ્યું કે વિધિપૂર્વક લાવેલા શતપત્ર, સહસ્રપત્ર, જાઈ, કેતકી, ચમ્પક વગેરે પવિત્ર પુષ્પોને ગુંથીને, વીંટીને, ભરીને કે જથ્થા રૂપે શ્રી જિન પ્રતીમા માટે માળા, મુગટ કે પુષ્પગુચ્છ બનાવે.

તે ઉપરાંત શ્રી જિન પ્રતીમાની હથેળીમાં સોનાનું બીજોરું કે શ્રીફળ, સોપારી, નાગરવેલનું પાન, સોનારૂપા નાણું કે સીક્કો વગેરે મુકવું, સુગંધીદાર વાસક્ષેપ કરવો વગેરે સઘળું અંગપૂજામાં જ સમાવીષ્ટ છે.

જેમ વસ્તુપાળ મંત્રીએ સવાલાખ જિનબિંબ તથા શ્રી શત્રુંજય તીર્થ પર રહેલા સર્વ બિંબોને રત્ન તથા સોનાના આભુષણો કરાવ્યા હતા તેમજ દમયંતીએ પૂર્વ ભવમાં અષ્ટાપદ ઉપર રહેલા ચોવીશે તીર્થંકરો માટે રત્નના તિલક કરાવ્યાં હતાં. તે રીતે ભાવવૃદ્ધિના કારણરૂપ વિશેષે વિશેષે પ્રભુ ભકિત કરવી અને અંગપૂજાનો લાભ લેવો.

ण्हवण विलेवण आहरण वत्थ फल गंध धुप पुप्फेहिं
कीरइ जिणंग पूआ तत्थ विहि एस णायव्वो

ચૈત્યવંદન મહાભાષ્યમાં જણાવે કે સ્નાત્ર, વિલેપન, આભરણ, વસ્ત્ર, ફળ [હાથમાં મુકાતું બીજોરું] વાસચૂર્ણ. પુષ્પોથી શ્રી જિનેશ્વર દેવની અંગપૂજા કરી શકાય છે.

તમે તો ભાવપુર્વક પુજા કરવા આટલું યાદ રાખો.

## પ્રભુજી પૂજો નવ અંગે

પણ અંગ પુજા એટલે માત્ર જલ–ચંદન–પુષ્પ જ નહીં, સારામાં સારી–નયન રમ્ય–અતિ કિંમતિ જેવી બનાવી શકો તેવી આંગી રચનાદિ વડે અંગપુજા કરીને ઉલ્લસીત હૃદયથી પ્રભુ ભકિત કરો એ જ કર્તવ્ય છે.

માત્ર અંગરચનાદિ કરતી વેળા એ ખ્યાલ રાખવો કે પ્રતિમાનાં નેત્રો–મુખ વગેરે ઢંકાઈ ન જાય. સુંદરતા વધે અને દર્શન કરવા

આવનાર ભાવિકોનો હર્ષોલ્લાસ વધે. અરે! જગદ્‌ગુરુની પૂજા કે સ્તુતિ કરતાં શરીરે રોમાંચ ખડા થઈ જાય કે ત્રિલોકનાથ કેવા શોભી રહ્યા છે. તે જ આંગીની પરાકાષ્ઠા.

તમે ભાવપૂર્વક અંગ પૂજા કરી રહ્યા છો તે ભાવ સાથે અવિધિ ન થઈ જાય તે માટે મુખ્ય વૃત્તિએ મૌન જ ધારણ કરવું. તેમ ન બની શકે તો પાપ હેતુક વચન તો સર્વથા ત્યજવું કેમકે નિસીહિ રૂપ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે પણ જિનપૂજામાં જોવાનું જ છે.

માત્ર આંખના કે હાથના ઈશારા વડે પણ સાવદ્ય વ્યાપારને વર્જવાની વાત જણાવતો એક જૈન પ્રસંગ ઈતિહાસમાં નોંધ્યો છે.

ધોળકામાં જીણહાક નામે શ્રાવક થઈ ગયો. તે ઘીના કુંડલા અને કપાસાદિક ભાર વહીને ગુજરાન ચલાવતો. રોજ ભક્તામર સ્તોત્રનો પાઠ પણ કરે. તેની સ્તોત્ર પાઠની લયલીનતા જાણી ચક્રેશ્વરી દેવીએ વશીકરણ કરનારું રત્ન ભેટ કર્યું, તેના પ્રભાવે તે સુખી થયો.

એક વખત રત્નના પ્રભાવે ત્રણ પ્રસિદ્ધ ચોરને હણીને આવ્યો. પાટણના રાજા ભીમદેવે પ્રસન્ન થઈ તેને દેહરક્ષા નિમિત્તે ખડ્ગ આપ્યું તેનાથી પ્રસન્ન થઈ ધોળકાના રાજાએ કોટવાળની પદવી આપી. તેણે આખા ગુજરાતમાં ચોરનું નામ નિશાન ન રહેવા દીધું.

સોરઠી ચારણને એક વખત પરીક્ષા કરવા ઈચ્છા થઈ. તેણે તે જ ગામમાંથી ઉંટ ચોરી પોતાના ઘાસના ઝુંપડા આગળ બાંધ્યું. કોટ–વાલ જીણહાકનો સુભટ તેને પકડી લાવ્યો. તે સમયે જીણહાક જિન પૂજા કરી રહ્યો હતો એટલે મુખેથી કોઈ વચન તો ન ઉચ્ચાર્યું કેમકે જિનેશ્વરની પૂજા વખતે મૌન ધારણ કરવું રહ્યું. પણ તેણે પોતાના હાથમાં પુષ્પ લઈ મસળી નાખ્યું.

સુભટો ઈશારો સમજી ગયા. ચોરને મારી નાખવા માટે લઈ જતા હતા. ત્યાં પેલો પરીક્ષા કરવા આવેલો ચારણ બોલ્યો –

**જીણહા નઈ જીણ વરહ, ન મિલઈ તારો તાર**
**જિણી કરી જિનવર પૂજીઈ તે કિમ મારણ હાર.**

ચારણનો આવો દુહો સાંભળી જીણહાક લજવાઈ ગયો અને તેનો ગુન્હો માફ કરી છોડી દઈને તેને કહ્યું કે હવે પાછી ચોરી કરતો નહીં.

તે સાંભળી ચારણ ફરી બોલ્યો કે

**એક્કા ચોરી સા કીયા જા ખોલડઈ ન માઈ**
**બીજી ચોરી કિમ કરેઈ ચારણ ચોર ન થાઈ**

આવા દુહાથી આ તો ચારણ છે એમ ધારી તત્કાલ તેને બહુમાન આપીને પૂછ્યું કે તું આ શું પદ બોલે છે?

ત્યારે ચારણે જણાવ્યું કે ચારણ હોય તે ઊંટની ચોરી ન કરે. કદાપિ ચોરી કરે તો ખોરડે એટલે કે ઝુંપડે ન બાંધે. આ તો મેં તારી પાસે દાન લેવા યુક્તિ કરેલી. ત્યારે તેને ખુશીથી દાન આપી વિદાય કર્યો.

મનમાં ધર્મનું માહાત્મ્ય સમજી તીર્થયાત્રા, ચૈત્ય, પૃસ્તક ભંડાર પ્રમુખ ઘણાં શુભ કાર્યો કર્યા. ચારણને પોતાનો ગુરુ માની દ્રવ્ય-પૂજામાંથી ભાવપૂજા કરતો થયો. અવિધિએ કરેલ પૂજાનું પ્રાયશ્ચિત પણ સાધુ પાસે લઈને નિર્મળ થયો.

આ રીતે શ્રાવકોએ બીજી નિસીહિ કહી જિનપૂજા આરંભ્યા બાદ મુખ્યવૃત્તિએ મૌન જ ધારણ કરવું જોઈએ. કદાપી બોલવું પડે તો પાપ હેતુક વચનો કદી ન બોલવા અને સંજ્ઞાથી પણ આ રીતે સાવદ્ય વ્યાપાર ન કરવો.

ભાવપૂજાના રાગી શ્રાવક **પ્રભુ પૂજો નવ અંગે** એ જ વાતનું લક્ષ રાખે. નિસીહિ રૂપ પ્રતીજ્ઞાનો ભંગ કર્યા વિના અંગ પૂજા કરે. નહીં તો તે પૂજા માત્ર દ્રવ્યપૂજા રૂપ જ બની રહેશે તે.

□

# (૯૦) જિનપૂજા–અગ્રપૂજા

– પંચ પ્રકારે પ્રભુજી પૂજે

जिनेन्द्रस्य पुरो दीप पुंजां कुर्वन् जनो मुदा
लभते पृथु राज्यादि संपदं धनदुःस्थवत्

જિનેશ્વરની પાસે હર્ષપૂર્વક દીપપૂજા કરનાર મનુષ્ય નિર્ધન–ધનદની જેમ મોટી રાજ્ય સમૃદ્ધિને પામે છે.

પૂજા ત્રણ પ્રકારે કહી છે. અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા તેમાં અષ્ટ પ્રકારી પૂજામાં અંગપૂજા અને અગ્રપૂજાનો સમાવેશ થાય છે. અગ્રપૂજા પાંચ પ્રકારે જણાવી. ધૂપ–દીપ–અક્ષત–ફળઅને નૈવેદ્ય

**– પંચ પ્રકારે પ્રભુજી પૂજે.**

અંગપૂજા પૂર્ણ કર્યા બાદ બીજો તબક્કો શરૂ થાય અગ્રપૂજાનો. અગ્રપૂજામાં પાંચે પૂજાનું મહત્વ અને વિધિ વર્ણવતા સૌ પ્રથમ **ધૂપ** પૂજા વિધિ દર્શાવતા લખે **ધ્યાન ઘટા પ્રગટાવીએ વામ નયન જિનધૂપ** ધૂપ–જિનેશ્વર પરમાત્માની ડાબી બાજુએ મુકવો. વળી ધૂપપૂજા મૂળ ગભારાની બહાર નીકળીને તેના દ્વાર પાસે રહીને કરવી.

ધૂપ ઉત્તમ પ્રકારનો, સુગંધમય અને ત્રસ જીવાદિકથી રહિત હોવો જોઈએ.

ધૂપ પૂજા પાપને પ્રજવાળનારી ગણાવી છે.

ધૂપપૂજા પછી **બીજી** અગ્ર પૂજા જણાવી **દીપ પૂજા** –

**દ્રવ્ય દીપ સુવિવેકથી કરતાં દુ:ખ હોય ફોક**
**ભાવ દીપ પ્રગટ હુયે ભાષિત લોકાલોક**

જિનેશ્વર પરમાત્માની જમણી બાજુએ દીપ મૂકવો જોઈએ. આ દીપ તાજાં–સુગંધી ઘી થી ભરેલો પૂર્ણ હોવો જોઈએ.

આરતી મંગળદીવો કે અખંડ દીપક એ સર્વે દીપપૂજાના વિશેષ-રૂપો છે.

જેઓ ત્રિકાળ પૂજા કરે છે તેમણે તો સાયંકાલે પણ ધૂપદીપથી પ્રભુ પૂજા કરવાની છે.

દીપપૂજાના માહાત્મ્યને પ્રગટ કરતાં જણાવે કે શ્રી જિનેશ્વરની હર્ષોલ્લાસથી કરેલી દીપપૂજા નિર્ધન ધનાને રાજ સમૃદ્ધિ અપાવનારી બની માટે શ્રાવકોએ નિત્ય દીપપૂજા કરવી.

પદ્મપુર નગરમાં કલાકેલી નામે રાજા રાજ્ય કરે. તેને પાંચ લાખ અશ્વો, ૧૦૦ મદોન્મત હાથી, કેટલાંયે રથ હતાં. તેવો તે રાજા સુખેથી રાજ્ય ભોગવતો દિવસો નિર્ગમન કરતો હતો.

એક વખત પાર્શ્વનાથ પ્રભુની અમૃત સમ દેશના સાંભળી પર્ષદા સ્વસ્થાને ગયા બાદ કલાકેલિ રાજાએ અંજલી કરી પુછ્યું, હે પ્રભો! કયા કર્મે કરીને મને આ રાજ્યસંપદા પ્રાપ્ત થઈ?

પાર્શ્વનાથ પ્રભુ કહે હે રાજન્! પૂર્વે અંગદેશમાં ધના નામે નિર્ધન વણિક હતો. તે માંડમાંડ આજીવિકા ચલાવતો હતો. એક વખત શ્રી નેમિનાથ પરમાત્મા સમવસર્યા. સમવસરણમાં દેશના આપી. તેમાં ફરમાવેલું કે જે ભવ્ય જીવો જીનેન્દ્ર પરમાત્મા પાસે દીપપૂજા કરે છે. તે દીપની ઝળહળતી જ્યોત સમાન રાજ્ય લક્ષ્મીને પામે છે યાવત્ મોક્ષ લક્ષ્મીને પણ પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ધર્મદેશના સાંભળી હર્ષાયમાન થઈ ધનાએ વિચાર્યું કે મારે રોજ શ્રી જિનેશ્વરની દીપ વડે પૂજા કરવી. આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરી શ્રી નેમિનાથ ભગવંતને વંદન કરી ઘેર ગયો.

તે રોજ જ્ઞાનાદિ ત્રણ રત્નોનો ઉદ્યોત પ્રગટાવવામાં નિમિત્ત રૂપ એવી દીપ પૂજા, જીવહિંસા ન થાય તે રીતે વિધિપૂર્વક કરવા લાગ્યો. એ નિત્ય અને વિધિ બહુમાન સહિતની દેવપૂજાથી હે રાજન્! તું કલાકેલિ રાજા થયો છે.

આ રીતે પાર્શ્વનાથ સ્વામી પાસે પૂર્વભવ સાંભળી તે કલાકેલી રાજા રોજ દ્રવ્ય અને ભાવપૂજા કરવા લાગ્યો. રાજ્યના સુખ સમૃદ્ધિ ભોગવી તે કાળક્રમે સિદ્ધિપદ પામશે.

માટે હે ભવ્યજનો! **"પંચ પ્રકારે પ્રભુજી પૂજો"** ઉક્તિ મુજબ બીજી દીપપૂજા આદરપૂર્વક કરવાવાળા થાઓ.

દીપપૂજાના વિશિષ્ટ સ્વરૂપ એવા આરતી મંગળ દીવો સંબંધે શ્રાદ્ધ વિધિમાં લખ્યું કે શ્રેષ્ઠ પાત્રમાં રાખેલી આરતી ઉતારતા વિચારે કે "મરકત રત્નના ઘડેલાં વિશાળ થાળમાં માણેકનાં મંગળ દીવાને સ્નાત્ર કરનારના હાથથી જેમ ભમાડાય છે. [પ્રદક્ષિણા કરાવાય છે.] તેમ ભવ્ય પાણીના ભવની આરતિ [ચિંતા] ભમો [દુર થાઓ]

ત્રિષષ્ઠીમાં ઋષભદેવ ચરિત્રમાં પણ કહ્યું છે.

कृत कृत्य इवाथाप–सृत्यः किञ्चित पुरंदरः
पुरो भूय जगद्‌भर्तु–रारात्रिकनु पाद दे,

પછી કૃતકૃત્ય થયેલા ઈન્દ્રે ત્યાંથી સહેજ ખસીને જગદ્ભર્તાની સન્મુખ આવીને આરાત્રિક ઉપાડી, ત્યારે જ્યોતિવંત ઔષધિઓના સમુદાયવાળા શિખરથી જેમ મેરૂપર્વત શોભે તેમ તે આરતીના દીપકની કાંતિથી ઇન્દ્ર પોતે પણ દીપવા લાગ્યો. શ્રદ્ધાળું એવા બીજા દેવોએ ઘણાં પુષ્પોને ઉછાળવા માંડ્યા, ત્યારે ઈન્દ્રે પ્રભુની ત્રણ વખત આરતી ઉતારી.

મંગળ દીવો પણ આરતીની જેમ નીચેના કાવ્યો બોલી ઉતારવો.

कोसंबि संठिअस्स व पयाहिणं कुणइ मउलि अपईवो
जिण तुह दंसणे सोम दिणयरुव्व मंगल पइवो

હે જિન કોશામ્બી નગરીમાં આપના દર્શન કરવા જેમ સૂર્ય ચંદ્ર આવ્યા હતા. તેમ દર્શનને માટે આવેલો આ પ્રકાશમાન દીપ્તિ વાળો મંગલ દીપક આપની પ્રદક્ષિણા કરે છે.

એ રીતે બોલી ત્રણ વખત મંગલ દીવો ઉતારી પ્રભુના ચરણ કમળ આગળ દીપાયમાન લાગે તેમ સન્મુખ મુકવો.

વર્તમાનમાં તમારે ત્યાં પણ "જયજય આરતી" અને "દીવો રે દીવો પ્રભુ" એ ગીતો સુપ્રસિદ્ધ જ છે ને?

ત્રીજી અગ્રપૂજા [છઠ્ઠી અષ્ટ પ્રકારી પૂજા] તે **અક્ષત પૂજા.**

૦ પ્રશ્ન:– અક્ષત જ પૂજા માટે કેમ?

ઘઉંના કે મગ વગેરે કઠોળના ફાડા થઈ શકે છે, પણ ચોખા અક્ષત છે. તેથી અક્ષત સુખ પામવા માટે અક્ષત [ચોખા] મુકવાનું કહ્યું.

**અક્ષય પદ સાધન ભણી અક્ષત પૂજા સાર**
**જિન પ્રતિમા આગળ મુદા ધરિયે ભવિ નરનાર**

સોનારૂપાના અક્ષત, ઉજવળ શાળીના અખંડ ચોખા અથવા સફેદ સરસવ પ્રભુ આગળ મુકવા રૂપ અક્ષત પૂજા કરવી. વર્તમાન પ્રચલિત વિધિ મુજબ નીચે સ્વસ્તિક, વચ્ચે ત્રણ ઢગલી ઉપર સિદ્ધશિલા [ચંદ્રાકાર] કરાય છે.

ત્યારે ભાવના ભાવવી કે સ્વસ્તિકના ચાર પાંખીયા ચતુર્ગતિ રૂપ સંસાર છે. ત્રણ ઢગલી દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ છે. ચંદ્રાકાર સિદ્ધશિલા છે.

હે પ્રભુ આપની પૂજા માટે મુકેલા ચોખા તો માત્ર પ્રતિક છે. ખરેખર તો આ રીતે સર્વસ્વ મુકીને આપને પામવાના છે. પણ હું બધું છોડી શકતો નથી. તેથી ચોખા મુકીને પ્રતિજ્ઞા કરું છું. ભાવના ભાવુ છું કે ચારગતિરૂપ સંસારે ભટકતો હું રત્નત્રયી આરાધન કરતાં ક્યારે સિદ્ધિને વરું.

શ્રેણિક મહારાજા રોજ સોનાના જવલા વડે વીરપ્રભુની પૂજા કરતાં [વધાવતાં] તેમ તમારે પણ સ્વસ્તિકાદિ આલેખી પ્રભુને ચોખા વડે વધાવવા.

**નૈવેદ્ય પૂજા :-** ચોથી અગ્રપૂજા રૂપ [સાતમી અષ્ટ પ્રકારી પૂજા] નૈવેદ્ય પૂજા કહી છે.

**"પંચ પ્રકારે પ્રભુજી પૂજે"** ઉક્તિએ આ પૂજા પણ નિત્ય કરવી. તે સુખેથી થઈ શકે તેવી અને મહાફળદાયી પૂજા છે.

ચારગતિમાં ભ્રમણ કરતાં જીવને અનાદિથી આહાર સંજ્ઞા વળગી છે. તે નિવારવા-ક્ષુધા વેદનીય કર્મની નિર્જરા કરી ક્યારે અણાહારી પદ મળે તે ભાવના સાથે નૈવેદ્ય પૂજા કરો.

રાંધેલું અન્ન જગતનું જીવન હોવાથી સર્વોત્કૃષ્ટ રત્ન ગણાય છે. રામચંદ્રજીએ વનવાસથી આવી પોતાના મહાજનને પ્રથમ અન્નનું કુશળ પૂછ્યું. વળી કલહ નિવૃત્તિ અને પરસ્પર પ્રીતિની વૃદ્ધિ પણ અન્ન વડે જ થાય છે. વૈતાલ દેવતા પણ સો-મુડા નૈવેદ્ય વડે વિક્રમાદિત્યથી વશ થયેલો.

તીર્થંકર પરમાત્માની દેશના પછી પણ જે બલી દેવાય છે તે અન્નથી જ દેવાય છે. માટે શ્રી જિનેશ્વરની અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ચારે પ્રકારના અન્નથી નૈવેદ્ય પૂજા કરવી. છેવટે મિષ્ટાન્ન મુકીને પણ પ્રભુ પૂજા સાચવવી.

એક સાધુ મહારાજના ઉપદેશથી એક નિર્ધન ખેડુતે એવો નિયમ કર્યો કે મારે ખેતર નજીક આવેલા જિનાલયમાં દરરોજ નૈવેદ્ય ધર્યા પછી જ ભોજન કરવું.

એક વખત નિયમ પાલનમાં મોડું થઈ ગયું, ભોજનનો સમય થવાથી થોડો ઉતાવળો ચાલ્યો. ત્યારે માર્ગમાં અધિષ્ઠાયક દેવે ત્રણ સિંહ વીકુર્વ્યાં ખેડુત સિંહથી ડર્યા વિના પોતાના નિયમ પાલન માટે દૃઢતાથી આગળ વધ્યો. તે જાણી તુષ્ટમાન દેવે કહ્યું કે તને આજથી સાતમે દિન રાજ્ય પ્રાપ્તિ થશે.

ખરેખર સાતમે દિવસે ત્યાંની રાજકુમારી એ દેવકૃપાથી ખેડુતને વરમાળા આરોપી અને તે ગામના અપુત્રીયા રાજાનું રાજ મળ્યું. કાળક્રમે તે ખેડુત મોક્ષે જશે. તેથી લખ્યું છે કે

उपसर्गाः क्षयं यान्ति छिद्यन्ते विघ्न वल्लयः
मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे

જૈનેત્તર દૃષ્ટાન્ત પણ આવે છે કે શબરીના એઠા બોર રામે ખાધા અને અલૈયા ભગતને એકાદશી જેવા દિવસે પણ રામે દર્શન આપી સીતા સાથે તેના રોટલા ખાધા. આ રીતે નૈવેદ્ય પૂજા તો જૈન જૈનેત્તર બધાંમાં સુપ્રસિદ્ધ છે. માટે **પંચ પ્રકારે પ્રભુજી પૂજે** વિષયને યાદ રાખી ચોથી નૈવેદ્ય પૂજા કરવાનું શ્રાવકે લક્ષ રાખવું જોઇએ.

**ફળ પૂજા :–** [ જો કે ધર્મસંગ્રહમાં ફળ પૂજાનું વિધાન પહેલાં છે પછી નૈવેદ્ય પૂજાનો અધિકાર છે પણ ચોસઠ પ્રકારી પૂજામાં સર્વત્ર સાતમી નૈવેદ્ય પૂજા અને આઠમી ફળ પૂજા આપેલ છે. ]

**અષ્ટમ ગતિ વરવા ભણી આઠમી પૂજા સાર**
**તરૂ સંચિત ફળ પામીએ ફળથી ફળ નિરધાર**

ઉત્તમ જાતિના ફળો, તાજા, સુગંધી, ડાઘ વગરના, સહેજ પણ ભાંગેલ કે પક્ષી આદિથી ટોચેલ ન હોય તેવા મુકવા કેમકે ફળપૂજા શા માટે કરવાની છે?

ફળપૂજા કરતાં થકા શિવફળ માગુ પ્રભુ પાસ

આપણે ફળ પૂજા દ્વારા ભગવાન પાસે મોક્ષ ફળ માંગીએ છીએ. જો જમીન ફળદ્રુપ હોય અને બીજ ઉત્તમ હોય તો પાક ઉત્તમ આવે

પણ સળેલું કે હલકું બીજ વાવેલ હોય તો તેના ફળ કેવા આવશે? –તેથી જિનપૂજામાં મોક્ષફળની અપેક્ષા રાખતા શ્રાવકોએ ફળ પણ ઉત્તમ જાતિના ધરાવવા જોઈએ.

એક જગ્યાએ ચૈત્રી પૂનમના દેવવંદન કરાવેલા. તેમાં સાત પ્રકારના અલગ અલગ એવા ૧૫૦–૧૫૦ ફળો મુકવાની વાત કરી. ત્યારે શ્રાવકો એ પણ આ ઉપદેશ ઉલ્લાસભેર ઝીલી લીધો. સુંદર તમ ફળો લાવ્યા.

પણ એક વયોવૃદ્ધ શ્રાવક બુમો પાડવા માંડયા. મહારાજ સાહેબ! ૧૫૦ શ્રીફળ કંઈ મુકાય? આટલા બધાં નાળીયેર કરતાં સોપારી મુકી દેવી, તો ગાડું ચાલે. આ બધાં તો પુજારી જ લઈ જવાના. ભગવાન તો ભાવના ભુખ્યા છે.

હવે એ ભાઈને કોણ સમજાવે કે આ ફળ આપણે પુજારી માટે નથી મુકતા પણ મોક્ષ ફળની પ્રાપ્તિ માટે ફળ પૂજા કરીએ છીએ.

જગતના શ્રેષ્ઠતમ ફળને પામવું હોય તો ઉત્તમોત્તમ જાતિના સુંદર ફળ વડે પૂજા પણ કરવી જોઇએને?

પછી તો ૧૦૫૦ ફળ મુકાયા. ત્રીસ બહેનો પુનમ કરનાર હતા તેમણે પણ જુદા જુદા ફળ મુકયા અને ૧૫૦ નાળીયેર પણ મુકાયા કુલ ૧૫૦૦ જેટલા ફળ [અને ૧૫૦૦ નૈવેદ્ય] વડે પુંડરિક સ્વામીજી પાસે ફળ પૂજા કરાઈ.

વિચારો કેવું દૃશ્ય હશે એ? જ્યાં ૧૦–૨૦–૩૦–૪૦–૫૦ની સંખ્યાની ગોઠવણી યુક્ત ૧૫૦૦–૧૫૦૦ ફળ નૈવેદ્ય મુકાયા હોય કેટલો ભાવ આવ્યો હશે દેવવંદન કરવામાં. એ દૃશ્ય જોઈ અનુમોદના કરનાર દર્શનાર્થીઓને કેટલો લાભ મળ્યો હશે અનુમોદના થકી?

દિવાળીના દિવસો હતા. વડોદ ગામની ખળા વાડમાં મસણી– ઉધણીને દાણા તૈયાર થતાં હતા. જગાપટેલની વહુ દીકરીઓ દાણા વાવલતી નવાં લુગડાં અને ઘરેણાનાં મનોરથમાં મહાલતી હતી. ભોં માથે મોતી જેવા દાણા સરકતા હતા. શિયાળાના તડકે ચમકતો મુઠી ફાંટે તેવો બાજરો ખળામાં પડયો હતો. જગો પટેલ બાજરાના ગંજ સામે મીટ માંડીને બેઠો છે. પ્રભાતને પહોરે પાપ મનસુબો ઉપડયો. મનમાં થયું કે તુટી મર્યા, આ બાજરો પાકયો ત્યાં. પસેવો અમારો અને ઠાલા દરબાર રાજભાગ લઈ જશે.

થોડીક વાર થંભી બાજરા સામે ટાંપી રીયા. મન થયું એકાદ ગાડું બાજરો ઘરભેગો કરી દઉં. તો તે મારો સુવાંગ રહેશે. રાજ ભાગ જશે નહીં. અડધી રાત થઈ પોતાના ભાઈ અને સાથીને લઈ ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. પણ લોભમાં ને લોભમાં હદ ઉપરાંત બાજરો ભર્યો. પાછલી રાતનું ગાડું ભરી ઘર ભણી ચાલ્યા.

ગામના પાદર ઢુકતાં હદ ઉપરાંત ભારને લીધે ગાડાંના ગુડીયામાંથી ધરી નીકળી ગઈ. પૈડું ચાલતું અટકી ગયું. જગાપટેલ મુંઝાણા. મહેનત કરી પણ ગાડું ઉંચુ ન થાય. ધણીની ચોરી એટલે કોઈને મદદે પણ બોલાવી ન શકે. પાછળ ખળું છેટું થઈ ગયું એટલે ગાડું પાછું પણ ન વળે. બીકમાંને બીકમાં હાંફળા ફાંફળા થઈ વટેમાર્ગુની રાહ જુએ છે.

કાળને કરવું કે જેની ચોરી હતી તે દરબાર ગજાભાઈ ગોહીલ જ પરોઢીયે જંગલ જવા નીકળેલાં. પણ મોઢે બુકાની બાંધેલી તેથી ખબર ન પડી. માત્ર દરબારની આંખો તગતગતી દેખાય. જેવા દરબાર જગાપટેલના ગાડાં પાસે નીકળ્યા કે ગરજવાનને અક્કલ ન હોય તેમ વટેમાર્ગુ ધારી બોલાવ્યા "જુવાન જરા ગાડું સમું કરાવતો જા ને."

દરબારે જગાપટેલને ઓળખી લીધા. સમજી ગયા કે મારા રાજ ભાગનો બાજરો ન આપવો પડે માટે છાનું માનું ગાડું ભરી જાય છે. પણ દરબાર કંઈ ન બોલ્યા. નીચું મોઢું કરી ગાડાંને કેડનો ટેકો દઈ ગાડું ઉંચુ કરાવ્યું. પટેલે ધરી નાખી ગાડું વહેતું કર્યું.

દરબાર તો એવું વિચારી ચાલ્યા ગયા કે હશે," રાતદિ' મહેનત કરે છે તો દાણો ભાળી એનું ય મન બગડે ને? છે તો આપણી જ વસ્તી.

આ વાતને છ માસ થઈ ગયા દરબારના દરિયાવ દિલમાં આ વાતુંનું ઓસાણ પણ નથી.

હવાલદાર મે'માનું સારું ખાટલા—ગોદડાં લેવા જગાપટેલને ત્યાં ગયેલા. પટેલે હા—ના કરતાં હવાલદારે કડવા વેણ કહી દીધા. જગા પટેલને રીસ ચડી. બોલી ગયા કે મારે આવા દરબારના ગામમાં નથી રે'વુ! હવાલદાર ખીજાઈ ગયો કે' માંડ હાલવા.

પટેલને માથા સુધી ઝાળ લાગી ગઈ. દુભાઈને રાતે ગાડામાં ઉંચાળા ભર્યા. દરબારને કશી ખબર નથી. વળતે દિવસે સવારે ડેલીએ ડાયરો ભરી દરબાર બેઠા છે. પટેલ બાળ–બચ્ચા સહિત રાવરસિયું ઢોરઢાંકર લઈને નીકળ્યા. ગામના માણસો મનાવવા ગયા તો ઉલટું જોર વધવા લાગ્યું. દરબારે ચોપટમાંથી ઉતરી પટેલને ખૂબ સમજાવ્યા કારણ પુછયું જવાનું ?

પટેલ કહે વહુ આણે બે સારા ગોદડાં લાવી તે અમે કાઢી દઈએ અને અમે ગાભા ઓઢીને સુઈ રહીએ તો યે આ ત્રણ દોકડાનો હવાલદાર અમને દબડાવે.

દરબાર સમજી ગયા. હવાલદારને સજા કરી પછી પટેલને હાથ જોડી કહ્યું બાપ! તમે તો મારા સોનાના ઝાડવા, છો. માફ કરો અને હવે પાછા વાળો. પણ જગો પટેલ માન્યો નહીં એટલે દરબારે પટેલના કાનમાં કહી દીધું કે પટેલ જાવ તો ભલે જાવ પણ જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતીયું વળાવે તે ધણી ગોતજો.

પટેલ હાડોહાડ ધ્રુજી ગયો. આ એજ ધણી જેણે મને ચોરીમાં મદદ કરેલી. મારી આબરૂ ખાતર માફ કર્યો. આવો ધણી બીજો કયાં મળે, વિચારી ગાડાં પાછા ફેરવ્યા.

બસ! આ એક વાકય આખી કથામાં મને સ્પર્શી ગયું. "જે ધણી કડનો ટેકો દઈ ભરતીયું વળાવે ઈ ગામમાં રે'જો."

જે પરમાત્માએ રાજ–પાટ વૈભવ છોડયા. કોમળ કાયાથી કઠોરમાં કઠોર ઉપસર્ગો સહન કર્યા. કેવળજ્ઞાન પામતા પૂર્વે કેટલાં પરિષહો સહન કર્યા. કૈવલ્ય ઋદ્ધિ પ્રાપ્ત થતાં આપણને મોક્ષ પથ, દુઃખમુક્તિનો માર્ગ કે અનંતા સુખની દિશા બતાવી.

પોતે કેટલું વેઠીને પણ આપણી સમક્ષ જન્મ–મરણના ફેરા ટાળવાનો સચોટ રસ્તો બતાવ્યો.

તેમજ જેને નમસ્કાર કરવા પૂર્વક એક લાખ પુષ્પની પૂજા કરતા તેમના જેવી જ એટલે કે તીર્થંકર પદવી આપવાની બાંયધારી આપી. તે ધણીની પૂજામાં કંઈ હલકા ફળ નૈવેદ્ય વપરાય કોઈ દી' !

તેની પાસે તો ઉત્તમોત્તમ ફળ ધરીને મોક્ષ ફળ માગવાનું હોય. કારણ કે તમને પણ વીતરાગ પરમાત્માથી સારો ધણી કોણ મળવાનો હતો ?

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે ઓર ન ચાહું કંત**
**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે ભાંગે સાદિ અનંત...**

જે ધણી કેવળજ્ઞાન વડે આપણું બધું જ જાણવા છતાં કાંઇ ન બોલે, અને જેનાં સંગે સાદિ અનંત ભાગે [જન્મ—મરણ ફેરા ટળી જાય] તેવા ધણીની પૂજામાં કઈ કચાશ રખાય ખરી ?

અગ્રપૂજાનો અધિકાર **પંચ પ્રકારે પ્રભુજી પૂજે** સાથે અષ્ટ-પ્રકારી યાને દ્રવ્ય પૂજાધિકાર પૂરો થાય છે. છતાં વિશેષે જણાવતાં લખ્યું કે—

गंधव्व नट्ट वाइअ लवणाजलारत्तिआइ दीवाई
जं किं च्चं तं सव्वंपि ओअरई अग्गपूआए

ચૈત્યવંદન બૃહદ્‌ભાષ્યમાં જણાવે છે કે ગાન કરવું—નાચ કરવો—વાજીંત્ર વગાડવા—લુણ ઉતારવું—આરતી દીપક ઉતારવા વગેરે જે જે કાર્યો છે તે તે સર્વે અગ્રપૂજામાં ગણાય છે.

અગ્રપૂજાના અધિકારમાં ઉત્તમ ડાંગરના અખંડ ચોખા વડે અષ્ટ મંગલનું આલેખન કરવું તે પણ વિધિમાં ગણાવેલ છે.

(૧) દર્પણ (૨) ભદ્રાસન (૩) વર્દ્ધમાન [શરાવ—સંપુટ] (૪) શ્રી વત્સ (૫) મત્સ્ય યુગલ (૬) સ્વસ્તિક (૭) કુંભ (૮) નંદાવર્ત

[જો કે આ રીતે અષ્ટ મંગલ ન આલેખાતા હોવાથી તૈયાર પાટલી પ્રભુજી સન્મુખ રાખીને પૂજા કરાય છે.]

આ રીતે અંગપૂજા પછી અગ્રપૂજા પછી **પૂજાત્રિકની** ત્રીજી ભાવપૂજાનો અધિકાર ચાલે. બીજા શબ્દોમાં કહીએ તો તમામ પ્રકારે દ્રવ્ય પૂજા કર્યા બાદ ચૈત્યવંદન રૂપ ભાવપૂજા શરૂ કરવાની હોય.

તે ભાવ પૂજા પૂર્વે ત્રીજી નિસીહિ બોલવાની. ફરી **નિસીહિ ત્રિક** સંભારો.

૦ જિનાલયે પ્રવેશતા પ્રથમ નિસીહિ કહો એટલે સંસારના કાર્યોનો ત્યાગ થશે.

૦ અંગપૂજાના આરંભે બીજી નિસીહિ બોલો ત્યાં જિનાલય સંબંધિ બીજી વાતચિત કે કાર્યોનો ત્યાગ થશે.

૦ ભાવપૂજા પૂર્વે ત્રીજી નિસીહિ કહો એટલે દ્રવ્ય પૂજાનો પણ નિષેધ થઈ જશે.

જો કે ક્યાંક મન–વચન–કાયાની અન્ય પ્રવૃત્તિઓનો નિષેધ સૂચવવા માટે ત્રણ વખત નિસીહિ–નિસીહિ–નિસીહિ કહેવાનું પણ વિધાન આવે છે.

આ નિસીહિ દ્વારા સમજવાનું શું ? કેટલાંક સુશ્રાવકો ભગવંતની પ્રક્ષાલ પૂજા પછી ચૈત્યવંદન કરી લે છે. પુછીએ કેમ ? તો કહેશે અંગ લૂછણાં થાય ત્યાં સુધી શું કરવું ? એટલે ચૈત્યવંદન પતાવી દઈએ.

ભાઈ ! ચૈત્યવંદન એ પતાવી દેવાની વસ્તુ નથી–ભાવ પૂજા છે. સાધુ મહાત્માને પણ ભાવપૂજાના અધિકારી તો કહ્યા જ છે.

માટે અંગપૂજા–અગ્રપૂજા–ભાવપૂજા એ જ ક્રમ સાચવવો જોઈએ. નહીં તો અવિધિ થાય અને નિસીહિ પ્રતિજ્ઞાનો પણ ભંગ થાય.

**પ્રશ્ન :–** આ પરિશીલન છે **પંચ પ્રકારે પ્રભુજી પૂજે** ત્યાં અગ્ર પૂજામાં ભાવ પૂજાની વાત કેમ લીધી ?

૦ સુશ્રાવકો માટે ! જેઓ અંગપૂજાની વચ્ચે ભાવપૂજા ઘુસાડી અવિધિ કરે છે. તેઓ એ ખાસ ખ્યાલ રાખવો કે અંગ–અગ્ર–ભાવ ક્રમમાં જ પૂજા કરવી.

અંગપૂજા ન થઇ શકે તેમ હોય ત્યારે પણ અગ્રપૂજા થકી જિનપૂજા કૃત્ય સાચવી નિત્ય પૂજા કરો–એજ અભ્યર્થના–

□

# (૯૧) જિનપૂજા–ભાવપૂજા

–ભાવે જિનવર પૂજીએ

तइआ उ भावपूआ ठाउं चिइवंदणो चिए देसे
जहसत्ति चित्त थुइथुत्त माइणा देव वंदणयं

ત્રીજી [પૂજા તે] ભાવપૂજા [કહી છે ભાવ પૂજા એટલે] ચૈત્ય વંદનને યોગ્ય ઉચિત પ્રદેશમાં બેસીને યથાશક્તિ જુદાં જુદાં સ્તોત્રો સ્તુતિ વગેરેથી દેવવંદન કરવું [તે]

શ્રી જિનેશ્વર દેવની અંગપૂજા અગ્રપૂજા અંગેની પ્રવૃત્તિના ત્યાગ કરવા રૂપ ત્રીજી વખત નિસીહિ કહેવા પૂર્વક ભાવપૂજા કરવી. સ્થળ સંકોચ ન હોય તો આશાતના ટાળવાના ઉદ્દેશથી જઘન્યથી શ્રી જિન પ્રતિમાથી નવ હાથ દૂર અને તેટલી જગ્યા ન હોય તો ઓછામાં ઓછું અડધો હાથ દૂર બેસવું. ઉત્કૃષ્ટથી ૬૦ હાથ દૂર બેસવું. તેમાં પણ પુરુષોએ શ્રી જિનેશ્વર દેવની જમણી [પોતાની ડાબી] બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ બેસી વિશિષ્ટ સ્તુતિ–સ્તવના પૂર્વક ચૈત્યવંદન રૂપ ભાવપૂજા કરવી.

શ્રી નિશિથ સૂત્ર પણ જણાવે કે सो उ गंधार सावओ थय थुईहिं थुणंतो तत्थ गिरि गुहा अहोरत्तनिवसिओ. તે ગંધાર શ્રાવક સ્તુતિ સ્તવન વડે સ્તવના કરતા સંપૂર્ણ અહોરાત્રિ સુધી પર્વતની ગુફામાં નિવાસ કર્યો. વસુદેવ હિંડીમાં પણ તેણે કાઉસ્સગ્ગ સહિત સ્તુતિ વંદન [દેવવંદન] કર્યાની વાત આવે છે. આ રીતે અનેક સ્થાને શ્રાવક શ્રાવિકાએ કાઉસ્સગ્ગ–સ્તુતિ–સ્તવનાપૂર્વક ચૈત્યવંદન કર્યાનું વિધાન છે.

આ દેવવંદન કે ચૈત્ય વંદન એટલે શું ? એક પ્રકારની ભાવ–પૂજા. દ્રવ્યપૂજા તો કરી પણ ત્રીજી ભાવપૂજા કરવાની કહી છે. **ભાવે જિનવર પૂજીએ**

ભાવપૂજા રૂપે આ ચૈત્યવંદનના ત્રણ ભેદ ચૈત્યવંદન ભાષ્ય ગાથા ૨૩માં કહ્યા છે.

नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झ दंड थुइ जुअला
पण दंड थुइ चउक्कग, थय पणिहाणेहिं उक्कोसा

નમસ્કાર વડે જઘન્ય, દંડક અને સ્તુતિ યુગલ વડે મધ્યમ તથા પાંચ દંડક ચાર સ્તુતિ સ્તવન અને પ્રણિધાન વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય.

વર્તમાન પ્રણાલિકા મુજબ આ ત્રણ ચૈત્યવંદન આપણે આ રીતે ઓળખીએ છીએ.

○ સ્તુતિ બોલી ત્રણ ખમાસમણ દેવા પૂર્વક અરિહંત ચેઇઆણં બોલી એક નવકારના કાઉસ્સગ્ગ પૂર્વક પ્રગટ થોય બોલે તે લઘુ ચૈત્ય-વંદન.

○ [ઇરિયાવહી પૂર્વક] ત્રણ ખમાસણ દઈ ચૈત્યવંદન બોલી નમુ-ત્થુણં–જાવંતિ–જાવંત કહી સ્તવના કરી, જય વીયરાય બોલી, અરિહંત ચેઈઆણં કરી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ થોય બોલવા રૂપ મધ્યમ ચૈત્યવંદન ગણાય છે

○ વર્તમાન કાલે થતી દેવવંદન વિધિ તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનારૂપ ગણાય છે.

પણ ત્રણે પ્રકારની ચૈત્ય વંદનાનો મુખ્ય હેતુ શો છે? **ભાવપૂજા**

**દેવે પાંખ દીધી હોત જો પીહે, ઉડી આવું દેશાવર દૂર**
**તો પહોંચુ હજૂર કાગળ લખું કોડથી —**

આવા સુંદર શબ્દોમાં સ્તવના કરતા હો ત્યારે કેવો ભાવ હોય સીમંધર સ્વામીને મળવાનો. તેમાં મહત્ત્વ શેનું? તો કે અરિહંત પ્રાપ્તિના ભાવનું, અરિહંત પ્રાપ્તિ માટે હૃદયમાં ઉછળતા તરંગોનું. એવો દિવસ ક્યારે આવે કે પ્રભુની વાણી શ્રવણનો દર્શનનો વંદનનો મને મોકો મળે. સાક્ષાત્ તીર્થંકર પરમાત્માના મીલનની ઝંખના રજૂ કરી ત્યારે કવિએ કેવા ભાવો પૂર્યા હશે. **કારણ** કે અમારે ભાવપૂજા જ કરવાની છે.

પરણીને આવી તે ઘડીથી રૂપીને જંપ નથી. તેને એક જ રટ છે. ઘર–ઓરડાં આભલા જેવા કરવાની. જ્યારે રૂપી ધોળી માટીના થર ખોદતી ખોદતી ઉંડે ઉતરી જતી તો લોકો કે'તા રૂપી! ભેખડ ધસી પડશે તો તું ને દાટી દેશે. પણ આ તો મેરની દીકરી એને ઘરઓરડાં આભલા જેવા ઉજળા કરવા છે. ઓરડામાં કમાનો વાળવી છે. ગોખલા કંડારવ છે. ચિતરામણ આલેખવા છે.

નિસરણી ચડીને રૂપી ઘરની પછીતે ઓળીપા કરે છે. ભુખી તરસી વહુને આખો દી' ઓળીપો કરતો જોઈને સાસુ સસરો મીઠો ઠપકો આપે છે.

નથુ રોટલો ખાવા આવે ત્યારે કે'તો રૂપી આવી શી અધીરાઈ છે ઘર શણગારવાની. ભગવાન કરે ને નીસરણી લસરે એટલું બોલી નથું હસ્યો. રૂપી કહે તો તો તારા ખોળામાંથી ઉઠું જ નહીં. ખોટી માંદી પડી સુતી જ રાં. આવી મીઠી મીઠી વાતો કરી અંતર ભરી લેતાં.

પીયરથી સાતમ કરવાનો સંદેશો આવ્યો, લાડકી વહુને નવી જોડ લુગડા, ઘરેણા–ગાંઠા દીધા. ચોટલો ગુંથી, સેંથો પુરી રૂપી પિયર જવા નીકળી. નથુએ પરણ્યા પછી આજે રૂપીનું રૂપ નીરખ્યું. નથુથી ન રે'વાતા બોલ્યો કે આ રૂપ પિયરમાં માલવા જ રાખ્યું તું.

રૂપી કહે આડું કાં બોલશ? કામની આડે મને વેશ કરવાની વેળા જ કયાં હતી? લે હાલ્ય ભેગો. તારા વિના થોડું ગમશે? એટલું બોલતા ઝળઝળીયા આવી ગયા તેને. જો નથુડા જરૂર આવજે તારા વિના સાતમ નહીં સુધરે.

આંસુડા ભરી આંખે ખોરડું ટાંપીને જોઈ લીધું. નથુ છાનો માનો પાદરે વળાવી આવ્યો. નથુના ગરીબડા મોં સામે તાકીને છેલ્લું વાકય બોલી આવજે હો નહીં તો મારી સાતમ નૈ સુધરે.

પીયરમાં ગઈ. પાડોશીએ કાન ફૂંકી રાખેલા. સાંજ લગી દીકરી ઓળીપા કરે છે. મા ખીજાણી, મારી દીકરીને દુબળી કરી દીધી. રૂપીનો બાપ બાપોદર જઈ નથુના ગુંજે રૂપીયા ઘાલી છુટાછેડાનું લખાણ કરી આવ્યો.

રૂપી રાડો પાડે છે મને નથુ પાસે જવાદો. તેને રુંવે રુંવે આગ ઉપડી. પણ એનું કલ્પાંત કોઈએ ન સાંભળ્યું. રૂપી પાણી ભરવા જાય પાદરે વટેમાર્ગુને એક જ વાત કરે. બાપોદરમાં નથુ મેરને સંદેશો દેજો કે મને આવીને લઈ જાય.

વટેમાર્ગુ માને કે આનું ફટકયું લાગે છે. પણ રૂપી એક જ વાત કરે છે. મારા નથુડાને કેજો રૂપી તારી વાટ જોતી ઉભી છે.

પ્રભુની પ્રીતમાં ડૂબેલા આ જ વાત કેવી સરસ રીતે કરે.

**શશધર જઈને દેજો સંદેશ રે મારા વાલાજી રે**
**મનડું તો મારું મોકલે મારા વાલાજી રે.**

સૂરજ નમવા માંડયો. નથુડો ન આવ્યો. એલા નથુ તે તો મારી સાતમ બગાડી ભુંડા, સંદેશા ન ગણકાર્યા. જો હજી આવ તો ગુનો ડખોરજે- જીવતી હોઈશ તો ભાગી નીકળીશ. બસ ધુબાંગ દેતા નદીમાં કુદી પડી.

જો એક ભવના પરણ્યાની પ્રીતમાં બધું ભૂલી જાય તો આપણે તો જેની ભાવપૂજા કરવાની છે તે ભવોભવના સ્વામી એવા વીતરાગ પરમાત્મા છે.-

-તેના મિલનની વેદના ને ઝંખના જોવી હોય તો સીમંધર સ્વામીના સ્તવનો વિચારજો.

**સાહેબ હું વસ્યો ભરતને છેડલે**
**સાહેબ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર**
**સાહેબ મુખનો સંદેશો જો મિલે**
**સાહેબ સહેજે સરે મુજ કામ**
**એકવાર મલોને મોરા સાહિબા**
**તુમે પ્રભુ દેવાધિદેવ-સન્મુખ જુઓને મોરા સાહિબા**

કેવી મીઠી વેદના મિલન માટે જ્ઞાન વિમલ સૂરિજીએ રજૂ કરી છે. કારણ ? ભાવપૂજા-

**(૧) ભાવપૂજા- લઘુ ચૈત્યવંદના :-**

નમસ્કાર વડે એટલે કે માત્ર બે હાથ જોડી મસ્તક નમાવવા રૂપ પ્રણામ માત્રથી "નમો જિણાણં" એક પદ રૂપ નમસ્કાર વડે અથવા જેમને નમસ્કાર કરેલો હોય તેમને એક કે એકથી વધુ એકસો આઠ [૧૦૮] શ્લોકો-કાવ્યો વગેરે બોલવાપૂર્વક નમસ્કાર વડે જે વંદના થાય તે જઘન્ય ચૈત્યવંદન [ભાવપૂજા] કહી છે.

આવાં પ્રણામ પાંચ પ્રકારે જણાવ્યા છે.

एकाङ्ग : शिरसो नामे स्याद्द्वयङ्गः करयोर्द्वयोः
त्रयाणां नामने त्र्यङ्गः करयोः शिरसस्तथा
चतुर्णां करयोर्जान्वो र्नमने चतुरङ्गकः
शिरसः करयोर्जान्वो पञ्चाङ्गः पञ्चनामने

(૧) માત્ર એક મસ્તક નમાવવા રૂપ એક અંગી
(૨) બે હાથ જોડવા રૂપ બે અંગી
(૩) બે હાથ જોડી માથું નમાવવા રૂપ ત્રણ અંગી
(૪) બે હાથ તથા બે ઢીંચણ નમાવવાથી ચાર અંગી
(૫) બે હાથ–બે પગ–મસ્તક નમાવવા તે પંચાંગી

આ પાંચમાંના કોઈપણ પ્રણામ પૂર્વક જઘન્ય ચૈત્યવંદન થાય છે. બીજા મત પ્રમાણે

इगेणं सक्कत्थेणं जहन्न वंदणाया

એક શક્રસ્તવ [નમુત્થુણં] પૂર્વક જઘન્ય ચૈત્યવંદન થાય–

ચૈત્યવંદન [ભાવપૂજા] કરતી વેળાએ પ્રથમ પ્રભુની પર્યંકાસન વાળી કે કાયોત્સર્ગ અવસ્થાવાળી પ્રતિમા જોઈને અહો આ પ્રભુ પર્યંકાસન કે કાયોત્સર્ગ અવસ્થાએ રહી સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું એ રીતે મોક્ષ કલ્યાકની ભાવના ભાવવી.

**અવસ્થાત્રિક**માં પ્રથમ પિંડસ્થ યાને છદ્મસ્થાવસ્થામાં પ્રભુના જન્મ રાજ્ય શ્રમણાવસ્થાની ભાવના ભાવવી. ખરેખર અચિન્ત્ય મહિમાવાળા આવા પ્રભુનું દર્શન મહાપુણ્યશાળીને જ પ્રાપ્ત થઈ શકે.

બીજી પદસ્થ અવસ્થા ભાવતા પ્રભુના કેવલિપણાના ગુણોને ચિતવે
ત્રીજી રૂપસ્થ અવસ્થામાં સિદ્ધાવસ્થાની ભાવના ભાવે

**(૨) ભાવપૂજા–મધ્યમ ચૈત્યવંદન :–**

૦ દંડક એટલે કે અરિહંત ચેઈયાણં વગેરે ચૈત્ય સ્તવ સૂત્ર અને સ્તુતિ –કે સ્તુતિ યુગલ– [અરિહંત ચેઈયાણં–અન્નત્ય–કાઉસ્સગ્ગ–સ્તુતિ] તે મધ્યમ ચૈત્યવંદન.

૦ બીજા મત મુજબ **નમુત્થુણં** દંડક તે કહેવા સાથે મુખ્ય પણે અરિહંત ચેઈયાણં રૂપ બીજો દંડક તે સાથે અન્નત્થ કહી એક નવકાર કાઉસ્સગ્ગ અને સ્તુતિ તે મધ્યમ ચૈત્યવંદન [જો કે આ બાબત વિભિન્ન મતો છે.] પ્રચલિત મધ્યમ ચૈત્યવંદન મુજબ તો ઇરિયાવહી કરી ત્રણ ખમાસણ દઈ ચૈત્યવંદન બોલી નમુત્થુણં–જાવંતિ–જાવંત–સ્તવન–જયવીયરાય બોલી અરિહંત ચેઈયાણં પૂર્વક ૧–નવકારનો કાઉસ્સગ્ગ કરી સ્તુતિ બોલવી.

આ પ્રમાણે ભાવપૂજા(ચૈત્યવંદન–સ્તુતિ)કરતા **દિશિ વર્જનત્રિક** જાળવવી.

उड्ढाहि तिरिआणंति दिसाण निरिक्खं चइज्जहवा
पच्छिम दाहिण वामाण जिण मुहन्नत्थ दिट्ठि जुओ

ઉર્ધ્વ અધો અને આસપાસની એ ત્રણે દિશામાં અથવા–જમણું ડાબું કે પાછળ–જોવું નહી. પણ ભાવપૂજા કરતી વેળા જિનબિંબનુ મુખ નિહાળવું–સન્મૂખ દૃષ્ટિ સ્થિર રાખવી. કેમકે ચક્ષુપણ મનની પેઠેજ ચપળ હોવાથી સ્થિર રહી શકશે નહીં. માટે એકાગ્રતા ટકાવવા દિશિ વર્જનત્રિકનું પાલન કરી ભાવપૂજામાં સ્થિરતા કેળવીને **ભાવે જિનવર પૂજીએ** ઉક્તિ સાર્થક કરવી.

ભાવપૂજા કરતી વખતે જિનેશ્વર પરમાત્માને પંચાંગી પ્રણામ કરો ત્યારે બીજી મહત્ત્વની વિધિ છે ભૂમિ પ્રમાર્જન.

જે સ્થાને ચૈત્યવંદન કરો તે સ્થાને કોઈ ત્રસાદિ જંતુ ન હણાય તે માટે પ્રથમ તે ભૂમિને વસ્ત્ર વડે પ્રમાર્જીને સ્વચ્છ તથા જંતુ રહિત કરવી. ઉત્તરાસંગ [ખેસ] ના છેડા વડે ત્રણ વખત ભૂમિ પ્રમાર્જવી તે **પ્રમાર્જન ત્રિક.** જો પૌષધ હોય તો ચરવળા વડે ભૂમિની પ્રમાર્જના કરે કેમકે જયણાએ ધર્મની માતા છે.

ભાવપૂજા-ચૈત્યવંદન માટે રાવણનો ઉત્તમ પ્રસંગ રામાયણમાં વર્ણવ્યો છે.

રાવણ હંમેશા શાંતિનાથ પ્રભુની ભક્તિ કરે. એક વખત તે પુષ્પક વિમાનમાં બેસી પોતાની પટ્ટરાણી મંદોદરી સહિત અષ્ટાપદ તીર્થ ગયેલો હતો. ત્યાં ભરત ચક્રીએ કરાવેલા ચૌમુખ જિનાલયમાં ભાવ-પૂજા કરી રહ્યો હતો, ત્યારે નાગપતિ ધરણેન્દ્ર ત્યાં આવીને ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી બેઠા. રાવણે તેની પાસે અષ્ટાપદ તીર્થનું માહાત્મ્ય સાંભળી ઘણાં જ હર્ષ પૂર્વક ભક્તિ ગાન શરૂ કર્યું. તે વખતે તેની પ્રાણપ્રિયા મંદોદરી નૃત્ય કરી રહી હતી. પોતે વીણા વાદનમાં મશગુલ હતો ત્યાં અચાનક વીણાની એક તંત્રી તુટી ગઈ. તે સમયે નૃત્યમાં મશગુલ પ્રિયાના ભાવનો ભંગ ન થાઓ તેમ વિચારી તત્કાલ પોતાના હાથમાંથી એક નસ ખેંચી કાઢી વીણામાં જોડી દીધી. ત્યારે વીણાનો અવાજ પ્રથમ કરતા પણ સુંદર આવવા લાગ્યો. નૃત્યની

શોભાની અભિવૃદ્ધિ થતી જોઈ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી તે વખતે **ભાવે જિનવર પૂજીએ.** ઉક્તિ સાર્થક કરતાં ભાવ નિમગ્ન એવા રાવણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

**(૩) ભાવપૂજા–ઉત્કૃષ્ટ ચૈત્યવંદન**

વર્તમાન કાલે થતું દેવવંદન ઉત્કૃષ્ટ ચૈત્યવંદન રૂપ ગણાય છે. તે મુજબ પ્રથમ ઈરિયાવહી કરી, ચૈત્યવંદન–નમુત્થુણં અને જયવીયરાય [આભવમખંડા સુધી] કહેવા.

ફરી ચૈત્યવંદન–નમુત્થુણં–ચાર સ્તુતિ સમુહ રૂપ એક થોય જોડો —ફરી.

નમુત્થુણં–ચાર સ્તુતિ સમુહ રૂપ એક થોય જોડો.

નમુત્થુણં–જાવંતિ–જાવંત–સ્તવન અને [આભવ મખંડા સુધી] જયવીયરાય.

પછી ચૈત્યવંદન–નમુત્થુણં–જયવીયરાય પુરા. આ પ્રકારે ભાવપૂજા રૂપ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું.

અલબત ધર્મસંગ્રહ તથા ચૈત્યવંદન ભાષ્યમાં ભાવપૂજા રૂપ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનને જણાવતાં એમ લખ્યું કે શક્રસ્તવ–ચૈત્યસ્તવ–નામસ્તવ–શ્રુતસ્તવ–સિદ્ધસ્તવ એ પાંચ દંડક સૂત્રો, (ચાર થોયનો જોડો) સ્તુતિ યુગલ અને પ્રણિધાન સૂત્ર બોલીને કરાતું ચૈત્યવંદન તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું.

બીજા એક મત મુજબ उक्कोसा चउहिं पंचहि वा ચાર કે પાંચ નમુત્થુણં વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું.

જઘન્ય–મધ્યમ કે ઉત્કૃષ્ટ કોઈપણ ચૈત્યવંદન લો અને કોઈપણ મતે લો પરંતુ તેનો હેતુ શો એટલું જ વિચારો તો માત્ર એક જવાબ ભાવપૂજા–**ભાવે જિનવર પૂજીએ.**–મળશે.

પછી તે પૂજા સ્તુતિ દ્વારા કરો કે સ્તવના દ્વારા, સૂત્ર દ્વારા કરો કે પ્રણિધાન દ્વારા પણ ભાવપૂજાનું લક્ષ્ય હોવું તે મુખ્ય વાત છે.

ભાવપૂજાના લક્ષ્યને આશ્રીને શ્રાવક માટે નિત્ય સાત ચૈત્યવંદનો જણાવ્યા.

पडिक्कमओ गिहिणो विहु सगवेला पंच वेल इयरस्स
पूआसु ति संझासु अ होइ ति वेला जहन्नेणं

પ્રતિક્રમણ કરનાર ગૃહસ્થે પણ સાત કે પાંચવાર અને પ્રતિક્રમણ

નહીં કરનાર ગૃહસ્થે પ્રતિદિન ત્રણ સંધ્યાકાળની પૂજાઓમાં જઘન્યથી ત્રણ ચૈત્યવંદન કરવા.

પ્રભાતના પ્રતિક્રમણમાં જગ ચિંતામણી રૂપ જાગવાનું–(1), વિશાલ લોચન દલ રૂપ–(2)

- ૦ ત્રિકાળ દેવવંદન રૂપ ત્રણ (3–4–5),
- ૦ સાંજે પ્રતિક્રમણમાં નમોસ્તુ વર્ધમાનાય–(6)
- ૦ સુતા પૂર્વે–સંથારા પોરિસિમાં–ચઉક્કસાય (7)

આ સાતમાંથી સવારનું પ્રતિક્રમણ ન કરે પણ જાગવાનું ચૈત્ય-વંદન કરે તો–છ, બંને ન કરે તો પાંચ ચૈત્યવંદન થાય, જો સવાર–સાંજ બંને પ્રતિક્રમણો ન કરે તો ચાર ચૈત્યવંદન થાય.

પૌષધમાં ન રહેલ શ્રાવકે સંથારા પોરિસિ જાતે ન ભણાવતા ગુરુ મહારાજ કે પોષાતી ભણાવે તે સાંભળવી એ વિધિ છે. છતાં તે વિધિ ન આદરે તો ત્રણ ચૈત્યવંદન થાય.

આ ચૈત્યવંદન રૂપ ભાવ પૂજા માટે ધર્મસંગ્રહમાં કહ્યું કે શ્રાવક કારણે પૂજા ન કરી શકે તેમ હોય તેવા દિવસોમાં પણ ત્રણ વખત દેવવંદન અવશ્ય કરવું જોઈએ.

**કારણ—ભાવે જિનવર પૂજીએ**

આગમ પણ જણાવે કે હે દેવાનુપ્રિયો આજથી માંડીને જાવજ્જીવ ત્રણે કાળ સ્થિર, શાંત અને એકાગ્ર ચિત્તાથી દેવવંદન કરવું, હે ભાગ્ય-વાન્ ! અશુચિથી ભરેલા અનિત્ય અને ક્ષણભંગુર એવા માનવ દેહનો એ જ સાર છે.

તેમાં સવારમાં ચૈત્યવંદન–ગુરુવંદન ન થાય ત્યાં સુધી મુખમાં પાણી ન નાંખવુ, મધ્યાહ્ને દેવવંદન વિના આહાર ન કરવો, રાત્રે દેવવંદન કર્યા વિના સુવું નહીં.

તેથી દ્રવ્ય પૂજા ન થાય તો પણ ભાવપૂજા અવશ્ય કરવી. ભાવ-પૂજામાં પ્રણિધાન રહેલું છે. प्र + निधान એટલે પ્રકૃષ્ટ નિધાન જગતમાં શ્રેષ્ઠ નિધાન તુલ્ય કોઈ હોય તો તે પરમાત્મા છે—વીતરાગ છે

સામાન્ય તથા સ્વભાવથી પણ તમે નિધાન પાછળ દોડો છો ને ? આ તો પ્રકૃષ્ટ નિધાન રૂપ છે. તમારો ખજાનો ચોરાવાનો–લુંટાવાનો કે ખુંટવાનો ભય પણ છે. જ્યારે આ ખજાનો કેવો છે ?

न चोरहार्यं न च राजहार्यं
न भ्रातृ भाज्यं न च भारकारी

આવા શાશ્વત નિધાન તુલ્ય વીતરાગ પરમાત્માની પૂજા કરવાની છે.

ધનપાળ પંડિત પ્રાતઃ કાલે ભગવંતની પૂજા–સ્તુતિ કરી આવતા એક વખત તેને પુષ્પો આપી કહ્યું કે તમારે દેવોની પૂજા કરીને આવવું. ધનપાલ કવિ સર્વ દેવાલયોમાં ગયા પછી જિનાલયે જઈ શ્રી અરિહંતની પૂજા કરી પાછા આવ્યા.

રાજાના ચર પુરુષોએ રાજાને વાત જણાવી. રાજાએ કવિને પુછ્યું, "તમે કેટલાંક દેવ પૂજ્યા અને મોટા ભાગના ન પૂજ્યા તેનું કારણ શું?

કવિ ધનપાલ કહે જેને ચરણ નથી તેને પ્રણામ શી રીતે કરવા– ભાલ નથી તેને તિલક કેમ કરવું? કંઠ નથી તેને પુષ્પ માળા ક્યાં આરોપવી? રાગાદિ ચિહ્નોથી કલંકિતનું દર્શન જ કેમ થાય?

માટે અઢાર દુષણ રહિત–વીતરાગ સમાન કોઈ દેવ નથી તેમ જાણી વીતરાગની પૂજા કરી પાછો આવ્યો.

આપણે પણ આવા જ વીતરાગને પ્રણિધાન કરવાપૂર્વક ભાવ-પૂજા કરવાની છે.

**૦ પ્રણિધાન એટલે શું?**

पणिहाण तियं चेइअ मुणि वंदण पत्थणा सरूवंवा
मण वय काए गत्तं सेस तियत्थो य पयडुत्ति

ચૈત્યવંદન–મુનિવંદન અને પ્રાર્થના સ્વરૂપ અથવા મન–વચ–કાયાનું એકાગ્રપણું એ ત્રણનો સમુહ તે પ્રણિધાનત્રિક કહેવાય છે.

આપણે ભાવપૂજાના સંદર્ભમાં બંને અર્થો સ્વીકારવાના છે. પ્રગટ રૂપે ચૈત્યવંદન તો છે જ– "જાવંત કે વિ સાહુ" સૂત્ર વડે મુનિવંદના પણ થઈ અને સ્તવન તથા જયવીયરાયથી પ્રાર્થના પણ થવાની એટલે તે અર્થ તો સ્પષ્ટરૂપે છે જ.

પણ આ બધું કઈ રીતે કરવાનું? મન–વચન–કાયાની એકાગ્રતા પૂર્વક.

મન વચન કાયાની એકાગ્રતા કેળવાય અને ભાવપૂજાના ભાવો ટકી રહે તે માટે સુંદર વ્યવસ્થા **આલંબનત્રિક** દ્વારા કરાઈ છે.

वन्न तियं वन्नऽत्था–लंबण मालंबणं तु पडिमाइ

વર્ણાલંબન–અર્થાલંબન–પ્રતિમાદિનું અવલંબન તે ત્રણ આલંબન પૂર્વક (ભાવપૂજા) ચૈત્યવંદન કરવું.

૦ સૂત્રોના અક્ષરો અતિ સ્પષ્ટ, શુદ્ધ, તથા સ્વર–વ્યંજનના ભેદ પૂર્વક અને પદચ્છેદ, શબ્દ, સંપદાઓ સ્પષ્ટ સમજાય તેવી રીતે–બહુ મોટા સ્વરે નહીં અને મંદ સ્વરે નહીં તેમ બોલવા તે વર્ણ અથવા સૂત્ર–આલંબન.

૦ સૂત્રોના અર્થો પણ સૂત્ર બોલતી વેળાએ વિચારવા તે અર્થાલંબન. જેમકે જંકીંચિ સૂત્ર બોલતા ત્રણ લોકના નામ તિર્થના જિનબિંબોને વંદનાનો ભાવ આવે તે રીતે ચિંતવના કરવી.

૦ દંડક સૂત્રોના અર્થમાં સંકડાયેલા સાક્ષાત્ ભાવપૂર્વક અરિહંત પ્રભુનું સ્મરણ કરવું. તેમજ જેમની સામે વંદના કરવાની છે તે પ્રતિમાદિક સ્મૃતિમાંથી બહાર ન જાય તે રીતે ચૈત્યવંદન કરવું તે પ્રતિમાલંબન.

આ રીતે આલંબનત્રિક જાળવી ચૈત્યવંદન કરતાં મન–વચ–કાયાનું પ્રણિધાન આપોઆપ જળવાશે.

**પ્રશ્ન :**– મન–વચનની એકાગ્રતા તો આલંબન વડે આવે, પણ કાયાની એકાગ્રતા ક્યાંથી આવે ?

–સમાધાન–મન–વચન રોકાતા કાયાની પ્રવૃત્તિ નિયંત્રિત થવાની જ. વળી પ્રતિમાલંબનમાં ચક્ષુની સ્થિરતા પણ આવશે જ.

છતાં કાયાની વિશેષ એકાગ્રતા માટે **મુદ્રાત્રિક** જણાવી છે. –યોગ મુદ્રા–જિનમુદ્રા–મુક્તાશુક્તિ. મુદ્રા.

૦ **યોગમુદ્રા:**–પરસ્પર આંતરામાં આંગળી ગોઠવી ડોડાકારે પેટ પર કોણી રાખી બે હાથ વડે થયેલી મુદ્રા.

**જિનમુદ્રા** :–પગનું આગળનું અંતર ચાર આંગળ, પાછળ કંઈક ન્યુન હોય તે રીતે ઉભા રહેવું તે જિનમુદ્રા.

૦ **મુક્તાશુક્તિ મુદ્રા :**– બંને હાથ સરખા રાખી લલાટ પ્રદેશને અડાડેલા હોય ત્યારે છીપ જેવા આકાર બને તે.

આ રીતે મન–વચન–કાયાની એકાગ્રતા કેળવી ભાવપૂજા કરવી તો **ભાવે જિનવર પૂજીએ**નો આદર્શ સફળ બને.

અંગ–અગ્ર અને ભાવપૂજા રૂપ ત્રણે પ્રકારે જિનપૂજા કરવાનો નિયમ ગ્રહણ કરી તમે પણ જગત્ પૂજ્ય બનો તેજ અભ્યર્થના.

□

# (૯૨) જિનસ્તવ

–તે જીભને પણ ધન્ય છે

एग दुग ति सिलोया, थुतिमो अन्नेसिं होइ जासन्न
देविंदत्थयमादि, तेणंतु परं थया होइ

એક–બે–ત્રણ શ્લોક સુધી સ્તુતિ કહેવાય, બીજા મતે સાત શ્લોક સુધી સ્તુતિ કહેવાય છે. જેમકે દેવેન્દ્ર સ્તવ વગેરે. ત્યાર પછી [વધુ શ્લોક હોય તો તે] સ્તવ કહેવાય છે.

જિનેશ્વર પરમાત્માનું સ્તવન કે સ્તુતિ એટલે તેમના ગુણોનું કીર્તન. મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના છત્રીશ કર્તવ્યો કહ્યા તેમાં વીસમું કર્તવ્ય જણાવ્યું जिण थुणणं.

અહીં જિન સ્તવ કે સ્તવના એવો શબ્દશઃ અર્થ નીકળે છે છતાં ભાવથી સ્તુતિ કે સ્તવના બંને દ્વારા જિન ભક્તિ જ મુખ્ય કર્તવ્ય છે.

શ્રાવકોએ નિરંતર જિનેશ્વર પરમાત્મા ના ગુણોનું કિર્તન કરવું જોઈએ.

**જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે.**

જિન–સ્તવમાં બે શબ્દો મુકયા. જિન અને સ્તવ. તે બંનેનો અર્થ સમજીને પછી जिण थुणणं કર્તવ્યની પરિપાલના કરો તો **"તે જીભને પણ ધન્ય છે"** ઉક્તિ સાર્થક બને.

ચોત્રીશ અતિશયે કરીને યુક્ત અને જેમની વાણી પાત્રીશ ગુણો વડે સભર છે, જેઓ સંસાર સમુદ્રનો પાર પામી ગયા છે, જેમની ભક્તિ થકી આપણો આ વિષમ કાળમાં પણ આમોક્ષ થવાનો અને ભવ–અટવીમાંથી મોક્ષપથની દિશા ખુલી જવાની છે, જેઓએ કર્મક્ષય થકી ત્રિલોકનું નાથ પણું મેળવ્યું છે, કેવળજ્ઞાન–કેવળ દર્શનના બળે આ જગતના તમામ પદાર્થોને જાણે છે જુએ છે. જે શાશ્વત ધામમાં બિરાજમાન થયા છે ત્યાંથી કદી પાછા આવવાના નથી, તેમજ જેમની ભક્તિ વડે તેઓ પોતાની સમાન પદવી આપણને આપે છે.

તેવા શ્રી જિનેશ્વર દેવની વિવેકીજનોએ ભક્તિપૂર્ણ સ્તુતિ કરવી જોઈએ. જોકે શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે વીતરાગ પરમાત્માના એક–એક ગુણની અલગ અલગ સ્તવના કરવામાં આવે તો આઉખું ખુટી જાય ત્યાં સુધી સ્તવના થઇ શકે નહીં. છતાં "શ્રી જિનેશ્વરોના સદ્‌ગુણોનું કીર્તન–ભજન કરવાથી પાપના સમુહનો નાશ થાય છે. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે." તે વાત સ્વીકારી અવશ્ય કર્તવ્ય કરો.

જિણ થુણણં–જિન સ્તવના

**કારણ–જે જીવ જિનવરને સ્તવે તે જીવ પણ ધન્ય છે**

૦ સ્તવ એટલે શું ? સામાન્યથી થુણણં શબ્દનો અર્થ સ્તવના થાય છે. છતાં સ્તવ શબ્દના અર્થની વિચારણા થકી ભાવપૂજામાં રહેલ સ્તુતિ–સ્તવના અધિકારો સ્પષ્ટ થાય છે, માટે પ્રથમ "સ્તવ" નો અર્થ જાણવો–

ચૈત્યવંદન ભાષ્યમાં પાંચ પ્રકારે સ્તવનું વર્ણન આવે છે–

शक्रस्तव :– નમુત્થુણં સૂત્ર વડે ઇન્દ્રએ પ્રભુના ચ્યવન કલ્યાણક સમયે સ્તવના કરેલી તે શક્રસ્તવ. તેમાં પ્રભુના ગુણોને આશ્રીને અદ્‌ભુત વિશેષણોથી પ્રભુને સ્તવ્યા છે.

चैत्यस्तव :– ચૈત્ય સંબંધિ સ્તુતિ અને કાયોત્સર્ગ દર્શાવનાર હોવાથી અરિહંત ચેઇયાણં સૂત્રને ચૈત્યસ્તવ કહ્યું છે તેમાં वंदण वत्तियाए वगेरे પદોથી વંદનાદિ ભાવોને પ્રગટ કરાય છે.

नामस्तव :– આ લોગસ્સ સૂત્રનું અપરનામ છે. તેમાં વર્તમાન ચોવીશીના તીર્થંકર પરમાત્માની નામોચ્ચારણ પૂર્વક સ્તવના કરવામાં આવી છે.

श्रुतस्तव :– પુક્ખરવરદી સૂત્ર શ્રુત એટલે કે સિદ્ધાન્તની સ્તુતિ–રૂપ હોવાથી તેને શ્રુતસ્તવ કહેવાય છે. જો કે તેમાં પણ धम्माइगरे नमंसामि પદ થકી તીર્થંકરને નમસ્કાર કર્યો છે.

सिद्धस्तव : સિદ્ધ ભગવંતોની સ્તુતિની મુખ્યતા હોવાથી સિદ્ધ સ્તવ કહ્યું. જો કે તેમાં પણ વર્ધમાન સ્વામી તથા ચોવીશે પ્રભુની સ્તવનાનો અધિકાર વર્ણાયેલો છે.

ચૈત્ય વંદન ભાષ્ય અને પ્રવચન સારોદ્ધારમાં જણાવે કે પાંચ સ્તવમાં કુલ બાર અધિકાર આવે છે.

પ્રથમ અધિકાર નમુત્થુણં થી જિઅભયાણંમાં **ભાવ જિનને** સ્તવના કરી છે. ભાવ જિન એટલે તીર્થંકર નામ કર્મના ઉદયવાળા કેવળી તીર્થંકરો કે જે દેશનાદિક વડે ભવિ જનોના ઉદ્ધાર કરતાં પૃથ્વી તલ પર વિચરી રહ્યા છે.

**દ્રવ્યજિનઃ**— ની સ્તવના તે બીજો અધિકાર છે તેમાં જે अ अइआ सिद्धा થી तिविहेण वंदामि આવે છે. દ્રવ્યજિન એટલે પુર્વે ત્રીજા ભવે નિકાચીત તીર્થંકર નામ કર્મ બાંધી પ્રદેશોદયમાં વર્તતા એવા જે તીર્થંકર, પણ હજી કેવળજ્ઞાન ન પામ્યા હોય. એટલે કે ભાવ તીર્થંકર પણું ન હોય અથવા જેઓ સિદ્ધિપદને પામ્યા છે તે સિદ્ધાવસ્થામાં રહેલા હોય તે બંને દ્રવ્ય જિન ગણ્યા.

> નોંધ :— પ્રવચન સારોદ્ધાર ગાથા – ૪૫૩ દ્વાર ૪૨માં લખ્યું કે—
>
> जिणनामा नामजिणा केवलिणो सिवगयाय भाव जिणा
>
> ठवण जिणा पडिमाउ दव्व जिणा भावि जिण जीवा
>
> તેમાં કેવલી અને મોક્ષે ગયેલાને ભાવ જિન કહ્યા અને દ્રવ્ય જિન તે ભાવિમાં થનારા જીન–જીવો તેમ કહ્યું.
>
> ચૈત્યવંદન ભાષ્ય भावजिणा समवसरणत्था કહે છે. મતલબ સમવસરણમાં રહેલા એટલે કે વિચરતા કેવલી તીર્થંકર તે ભાવ જિન ગણ્યા જેથી अइआथी દ્રવ્ય જિન અધિકાર કહ્યો. તફાવતનો નિર્ણય બહુશ્રુત પાસે કરવો.

ત્રીજો અધિકાર **સ્થાપના જિનની** સ્તવના વંદના છે. તેમાં अरिहंत चेइयाणं થકી જે જે ચૈત્યમાં વંદના કરવાની છે. તે ચૈત્યમાં રહેલા સર્વ સ્થાપના જિનને એટલે કે સર્વ પ્રતિમાજીની વંદના છે.

ચોથા અધિકારમાં લોગસ્સ સૂત્ર દ્વારા વર્તમાન ચોવીશીના સર્વ **નામ જિનોને** વંદના સ્તવના પ્રાર્થના કરી છે.

આ રીતે ચાર અધિકાર થકી નામ સ્થાપના દ્રવ્ય ભાવ જિનની સ્તવના વંદના કરી તે जिण सुअणं બાકીના આઠ અધિકારને આશ્રીને એક સુંદર થોય બનાવી સ્તવનાના ભેદ સમજાવ્યા છે.

**પહેલો ભાવ જિન દ્રવ્ય જિન બીજે ત્રીજે એક ચૈત્ય ધારોજી**
**ચોથે નામ જિન પાંચમે સર્વે લોક ચૈત્ય જુહારોજી**
**વિહરમાન જિન છઠ્ઠે વંદો સાતમે નાણ નિહાળોજી**
**સિદ્ધ વીર ઉજ્જંત અષ્ટાપદ શાસનસુર સંભાળોજી**

આ રીતે બાર અધિકાર દ્વારા સાતમો નાણ અને બારમો શાસન સુર સિવાયના દશે અધિકારોમાં જુદી જુદી રીતે તીર્થંકર પરમાત્માની સ્તવના કરાઈ તે जिण थुणणं

## જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે.

चत्तारि अट्ठ दश दोय ગાથા દ્વારા કરાયેલ વંદના અને સ્તુતિ પુર્વક સિદ્ધિ પદ માટેની પ્રાર્થનામાં તો કેટલો સુંદર અર્થ ભરી દીધો છે.

○ जिण थुणणं શા માટે?
○ પરમાત્માના ગુણોની સ્તવના કરવા.
○ સ્તવના શા માટે કરવી?
○ આપણો આત્મા પણ તેવા ગુણો વડે પ્રકાશીત થાય તે માટે
○ એ પ્રમાણે બને કયારે?
○ જો સિદ્ધિ પદ પ્રાપ્ત કરે તો

તેટલા માટે જ લખ્યું सिद्धा सिद्धंमम दिसंतु
चत्तारी એટલે ૪, अट्ठ એટલે ૮, दश એટલે ૧૦, दोय એટલે ૨
૪+૮+૧૦+૨=૨૪ અહીં ચોવીશ તીર્થંકર થકી અષ્ટાપદની સ્તુતિ કરવામાં આવી છે. તે માન્ય અર્થ થયો.
"તાર્કિક રીતે" બીજા અર્થો સ્ફૂટ કરતાં જણાવે
○ ૪×૮+૧૦×૨=૩૨+૨૦=૫૨ નંદીશ્વર તીર્થસ્તવ
○ चत=त्याग, अरि– અંત રંગ શત્રુ કષાય
કષાય ત્યાગી એવા ૮+૧૦+૨=૨૦ સમ્મેતશીખર તિર્થસ્તવ
○ ૪×૮+૧૦ दोय = ૪×૧૮ = ૭૨ दोय ભરત–ઐરાવત બંનેની અતિત–અનાગત વર્તમાન ચોવિશીની સ્તવના

જો કે આ બધાં તાર્કિક અર્થો છે. મૂળરૂપે અષ્ટાપદ તીર્થ સ્તવના ગણાવી છતાં હેતુ શો? जिण थुणणं

આ જિન સ્તવનાનું મહત્ત્વ ક્યારે? જો તે ગંભીર આશયવાળું– મધુર શબ્દોવાળું અને વિશાળ ભાવાર્થ યુક્ત હોય તો–

મોગલ સમ્રાટ અકબર શાહે એક દિવસ મહાન ગાયક તાનસેનને પોતાના મહેલે બોલાવી કહ્યું, એક સુંદર ભજન સાંભળવું છે.

તાનસેને ભજન ગાયું. બાદશાહથી વાહ વાહ થઈ ગઈ. અકબર કહે આવું ભજન કોણે શીખવ્યું?

સ્વામી હરિદાસે. તેના જેવી ભાવવાહિતા અને અર્થ સભરતા મેં કોઈમાં ન જોઈ ત્યારે તેના ચરણ પકડયા.

પ્રશંસા સાંભળી બાદશાહ કહે મારે પણ તેમને સાંભળવા છે. અકબર અને તાનસેન હરિદાસ સ્વામીની કુટિરે પહોંચ્યા. હરિદાસજી ખુણે બેસી મીઠી હલકથી ગાઈ રહ્યા હતા. ભજન પુરું થતા તો અકબર તે મીઠાશમાં ખોવાઈ ગયો. તે કહે હવે સ્વામીજી ને મળવાની જરૂર નથી ચાલો.

તાનસેનને કહે સ્વામીજી ગાતા હતા તે ભજન સંભળાવ. તાનસેને ગાયું, અકબરને કંઈ રસ ન પડયો. અકબર કહે સ્વામીજીના મોઢામાં જે મીઠાશ હતી તે તારા મોઢામાં કેમ નથી? તાનસેન કહે હજુર તે જગતના બાદશાહ માટે ભજન ગાઈ રહ્યા હતા અને હું દિલ્હીના બાદશાહના કહેવાથી ગાઉં છું.

ઈશ્વર માટે ગવાતા ભજનની મીઠાશ આ કંઠમાં ક્યાંથી આવે?

તેમ અહીં जिणगुणणंમાં પણ "જિન"ની જ સ્તવનાની મુખ્યતા છે. અન્ય કોઈની નહીં.

સુર–અસુર અને મનુષ્યોએ જેના ચરણ કમલમાં પ્રણામ કર્યા છે. એવા હે પ્રભુ તમારી ત્રણ લોકની પ્રભુતા ને કોણ ન ગાય? હે નાથ! તમે નિર્મલ એવા હૃદયમાં ક્ષમા રૂપી અલંકારે ભુષિત છો. શત્રુ તમારી પાસે આવી શકતા નથી. જ્ઞાનરૂપી દર્પણમાં તમારે ત્રણ જગત પ્રતિબિંબીત થયું છે. પાંચ અશ્વરૂપી ઇન્દ્રિયને તમે સારથીરૂપે સન્માર્ગમાં પ્રવર્તાવી છે. માટે આ જીભ તારી જ સ્તવના કરે તેમ પ્રાર્થું છું.

શક્રસ્તવમાં જિન ગુણ સ્તવના કરતાં લખ્યું કે, तीत्थयराणं– તીર્થને કરનારા, સ્વયં બોધ પામેલા, પુરુષોમાં ઉત્તમ–[પરાર્થ વ્યસની

એટલે પરોપકારના વ્યસનવાળા. દિનતા રહિત, ગંભીર આશયવાળા, કૃતજ્ઞ], પુરુષમાં સિંહ સમા, શ્રેષ્ઠ કમળ સમા, ગંધ હસ્તી સમાન એવા—

જેઓ લોકમાં ઉત્તમ છે, લોકના નાથ છે, લોકનું કલ્યાણ કરનારા છે. લોકમાં પ્રકાશ કરનારા છે તથા અભયને—માર્ગને—શરણને—બોધિને અને ધર્મને દેનારા છે.

આવા અનંતાનંત ગુણોથી યુક્ત એવા જિનેશ્વરની ભાવપૂર્વક સ્તવના કરવા લખ્યું.

**જે જીભ જિનવરને સ્તવે તે જીભ ને પણ ધન્ય છે**

લોગસ્સ સૂત્રમાં પણ કબુલાત કરતાં લખ્યું કે एवं मए अभिथुआ એ રીતે મારા વડે સ્તવાયેલા એ જિન કેવા છે? विहुयरयमला કર્મરજથી મુક્ત, पहिण जरमरणा જન્મ જરા મૃત્યુ જેના નાશ પામ્યા છે. चंदेसु निम्मलयरा—ચંદ્રથી નિર્મળ. સૂર્યથી તેજસ્વી સમુદ્ર કરતાં પણ ગંભીર એવા જિનને મેં સ્તવ્યા છે.

કવિ ધનપાલ જેમણે તિલકમંજરી ગ્રન્થ રચ્યો તેમણે ઋષભ પંચાશિકા" નામે અદ્દભુત સ્તુતિ બનાવેલી. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના ઉપદેશથી એક વખત કુમારપાળ રાજાએ સંઘ કઢાવેલો. એ સંઘ લઈ પરમ પાવન તીર્થ સિદ્ધગિરિ પહોંચ્યા ત્યારે આચાર્ય ભગવંતે ઋષભ પંચાશિકા સ્તુતિ વડે આદીશ્વર પ્રભુની સ્તવના કરી કુમારપાળ રાજાને સાંભળતા ખૂબ જ ભાવો ઉત્પન્ન થયા, છતાં પૂછ્યું કે આપ તો વિદ્વાન છો આપની રચનાને બદલે કવિ ધનપાલની રચનાથી કેમ સ્તવના કરી?

સુરિદેવ કહે રાજન્ ધનપાલની સ્તુતિમાં જે ભાવવાહિતા છે તે મારી સ્તુતિમાં નથી વિચારો કે

वीरः सर्व सुरासुरेन्द्र महितो वीरं बुधा संश्रीता
वीरेणाभिहत स्वकर्म निचयो वीराय नीत्यं नमः
वीरात्तीर्थमिदं प्रवृत्त मतुलं वीरस्यघोरं तपो
वीरे श्री धृति किर्तिकातिनीचय श्री वीरभद्रं दीश

જેવી સ્તુતિ રચી શકતો. કલિકાલ સર્વજ્ઞ સૂરિ—देवोनेक भवार्जितोर्जितमहा—જેવી સ્તુતિના રચયિતા આચાર્ય મહારાજ પણ એમ કહે કે ઋષભ પંચાશિકામાં કવિ ધનપાલના ભાવ જેવી ભાવ વાહિતા મારી

સ્તુતિમાં નથી. એ સ્તવનામાં ભાવ કેટલો હશે ? કેવું અંતર મંથન થયું હશે ? કેવું તાદાત્મ્ય સાધ્યુ હશે ધનપાલે ?

આજ આપણે પ્રાચીનને બદલે નૂતન સ્તવનોના મોહમાં છીએ.

ધનપાલે એક શ્લોકમાં લખ્યું.

"હું અનંતા કાળથી સંસારે રખડી રહ્યો છું તો પણ મને દુઃખ નથી પણ આજે આપના દર્શન થતાં બે વસ્તુ સાથે થઈ. ભવ-ભ્રમણનો ખેદ ઉપન્યો અને ખેદ [ભય] અદૃશ્ય પણ થયો.

જિનસ્તવના દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે.

૦ દ્રવ્ય સ્તવ વીતરાગ પરમાત્માના ગુણોને જાણીને તે ગુણને યોગ્ય ઉત્તમ વિધિએ કરીને વીતરાગની પુજા કરવામાં આવે તે आभोग द्रव्य स्तव તેનાથી ચારિત્રનો લાભ થાય અને સકલ કર્મનું નિર્દલન થાય છે.

જેઓ વિધિ કે પરમાત્માના ગુણને જાણ્યા વિના માત્ર શુભ પરિણામથી જિનનીપૂજા કરે છે તો अनाभोग द्रव्य स्तव કહેવાય છે. આવા શુભ પરિણામથી સમ્યક્ત્વનો લાભ થાય છે.

જ્યારે ભાવ સ્તવમાં તો સ્પષ્ટરૂપે જિનઆજ્ઞાનું પાલન કરવાનું જ છે. તમે રોજ પ્રભુની સ્તવના કરો. જિનાલયમાં જઈને ભક્તિ કરો પણ કદી પાપનો ડંખ રહે છે ? પાપનો પરિહાર ન કરી શકો તો પણ પાપનાં પરિહારના ભાવોથી યુક્ત રડતું હૃદય છે તમારે ?

જો આમાંનું કશું ન હોય તો આ સ્તવનામાં ભાવ સ્તવ કઈ રીતે ગણાશે ? કેમકે જ્યાં ભોજકની જેમ બુલંદ કંઠે ગાવાનું ખરું પણ હૃદયનો ભાવ ક્યાંય સ્પર્શતો ન હોય, માત્ર પગારની જ ગણતરી હોય તેને ભાવ સ્તવ કહેવાય ખરો ? આપણો તો **તે જીભને પણ ધન્ય છે** નો આદર્શ બતાવ્યો. તો સમગ્ર ચેતના કેટલી ધન્ય બની જશે. जिण थुणणं થી.

જિન સ્તવના કરતા ચરમ સિમાએ પહોંચેલા નંદિષેણ મુનિ વિચારે કે હે પ્રભુ હું અજિતનાથજીની સ્તુતિ કરું તો શાંતિનાથ પ્રભુની થઈ શકે નહીં, શાંતિનાથ પ્રભુની કરું તો અજીતનાથની થઈ શકતી નથી. તેથી બંનેની સ્તુતિ કરતાં તેણે અજીત-શાંતિની રચના કરી અને સિદ્ધગિરિ પર સામસામે રહેલી બંને દેરી સ્તુતિ પ્રભાવે પાસે પાસે આવીને ઉભી રહી. એવો પણ વૃદ્ધવાદ છે.

આ જિન સ્તવનાના મુખ્ય બે હેતુ હૃદયમાં રમતા હોવા જોઈએ. પ્રભુ ગુણ કિર્તન–સ્વ પાપ નિકંદન. તેને વિરતિમાં મીઠાશ આવે, અને અવિરતિમાં બળાપો થાય. નંદિષેણ મુનિએ અજિતશાન્તિ સ્તવમાં "નંદિ" શબ્દનો સુંદર ઉપયોગ કરી આ વાત જણાવી કે મને સંયમમાં જ આત્મરતિ થાઓ.

तं मोएउ नंदिं पावे उ अ नंदिषेण मभिनंदिं
परिसावि अ सुह नंदिं मम य दिस उ संजमे नंदिं

એક વખત नंदिं–વાદન નૃત્ય કળા વિશારદ માટે મુકયો, બીજી વખત नंदिं આનંદ માટે મુકયો. ત્રીજી વખત नंदिं સમૃદ્ધિ માટે મુકયો. ચોથી વખત नंदिं શબ્દ વૃદ્ધિ માટે મુકયો. કેવો સુંદર ભાવ સ્તવનમાં લાવ્યા?

तं–તે [અજિતનાથ–શાંતિનાથ યુગલ] [જેની મેં સ્તવના કરી છે] સંગીતથી સ્તવ ભણનાર [વિશારદ પુરુષ]ને હર્ષ પમાડો. તેના કર્તા નંદિષેણને અતિ આનંદ આપો, परिषद् સ્તવન સાંભળનાર શ્રોતા વર્ગને સુખ અને સમૃદ્ધિ આપો અને છેલ્લે શું પ્રાર્થના કરી? मम य दिसउ संजमे नंदिं મને સંયમમાં વૃદ્ધિ આપો – "સંયમ માર્ગમાં જ કલ્યાણ થાઓ" આ છે. જિનાજ્ઞા પાલનનો ભાવ ભાવ સ્તવમાં પરાકાષ્ઠા સિમા.

અને કવિએ અહીં જ સ્તવના સમાપ્ત કરી. સ્તવન કે ગુણાનુવાદ ભક્તિનું પરમ અંગ છે. તેના આશ્રય થકી ઈષ્ટ દેવના ગુણો આપણામાં આવે છે અને એક કાળે વીતરાગ સમાન થઈ શકીએ, માટે સ્તવના કરવી.

તીર્થંકર પરમાત્મા અર્હન્ છે – ધર્મના અધિકારી છે, ધર્મ દેશક છે, ધર્મને દેનારા છે, ધર્મ સારથી છે તે જ આપણને તારનારા છે, બોધ પમાડનારા છે, મુક્તિ અપાવનાર છે, વળી સ્તવના થકી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે જે આત્મવિકાસનું પ્રથમ પગથિયું છે તેના વડે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર પ્રગટે છે.

ઉત્તરાધ્યયનના ૨૯માં અધ્યયનમાં જણાવે કે સ્તવ અથવા સ્તુતિ રૂપ ભાવ મંગળથી नाण–दंसण चारित्त बोहिलाभ संजणइ, नाण दंसण चारित्त बोहिलाभ संपन्नेणं जीवे अंत किरियं कप्प विमाणोववत्तियं आराहणं आराहेइ.

એ રીતે જ્ઞાનબોધિ દર્શન બોધિ ચારિત્ર બોધિનો લાભ થાય છે. તે લાભ વડે જીવ કલ્પ વિમાનમાં ઉત્પન્ન થવા પુર્વક મોક્ષ પામે છે.

સિદ્ધ સેન દિવાકર સૂરિજી મહારાજાને બધાં સિદ્ધાન્તો પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં રચવાનો વિચાર આવ્યો. તેના પ્રાયશ્ચિત રૂપે સાધુ વેષ ગોપવી અવધૂત વેશે રહ્યા. સંયમપૂર્વક મૌન ધારણ કર્યું. સાત વર્ષ ગયા બાદ એક વખત ઉજ્જૈનીમાં મહાદેવના મંદિરમાં ગયા. ત્યાં દેવને પ્રણામ કે વંદના ન કરતા તેના પર પગ રાખી સુતા.

પુજારીએ રાજાને ફરિયાદ કરી, રાજાએ કોરડા મરાવ્યા, તો રાણીવાસમાં ચીસો ઉઠી. આ ચમત્કાર જાણીને રાજાએ પુછ્યું તમે મહાદેવને વંદના કેમ નથી કરતા. આચાર્ય મહારાજ કહે તે મારી સ્તવના સહન કરી શકે તેમ નથી.

સિદ્ધસેન દિવાકરજીએ બત્રીશી વડે વીર પ્રભુની સ્તુતિ કરી, પછી પાર્શ્વનાથ સ્વામીની સ્તવના કરતાં કલ્યાણ મંદિર સ્તોત્રની રચના કરી. તેમાં અગીયારમાં શ્લોકે મહાદેવનું લિંગ ફાટ્યું અને અંદરથી વિજળીની કાંતિ જેવું શ્રી પાર્શ્વનાથ પ્રભુનું બિંબ પ્રગટ થયું.

રાજા આશ્ચર્ય ચકિત થઈ બોલ્યો સ્વામીજી આમ કેમ થયું ? આચાર્ય મહારાજ કહે અવંતિ સુકુમાલ ના પુત્રે પિતાના સ્વર્ગ ગમન સ્થળે આ બિંબ ભરાવેલું. પણ બ્રાહ્મણો એ તેના પર લિંગ સ્થાપી દીધું તેથી હે રાજા તે અમારી સ્તુતિ કઈ રીતે સહન કરે ?

સ્તવનાની પરાકાષ્ઠા દર્શાવતો આવો જ સુંદર એક ઐતિહાસિક પ્રસંગ વાંચેલો—

મસ્જિદમાં અલ્લા હુ અકબર કરતી બાંગ સંભળાય ત્યારે અલ્લાના બંદા કાબાના મહેરાબ સામે ગોઠણભેર ઝુકે. બાદશાહની કચેરીમાં બાંગ સંભળાય અને એક માણસનું મોં મલકાયા કરે. તેનું નામ નાગાજણ ગઢવી.

બાદશાહે પુછ્યું બંદગી વખતે દાંત કાઢી કોની મશ્કરી કરી. નાગાજણ કહે બાંગ દેનારા મુલ્લાની.—શા માટે ? આનું નામ સાચી બાંગ ન કહેવાય—ત્યારે સાચી બાંગ કોને કહેવાય ?—ખરાખરીની બાંગ વખતે ઘોડો મોંમાંથી ઘાસ મેલી દે, ગાવડીયું પોતાના વાછરુંને આઘા ધકેલી દે, દુધ પીતા છોકરા મા નો ખોળો છોડી દ્યે, અરે ખાવંદ, વહેતા પાણી થંભી જાય, ઇ બાંગ કહેવાય.

પાદશાહે દાઢી પંપાળી, કોણ છે. એવો ? નામવર ! આ અમારો રાજદે ભાઈ.

રાજદે કહે હું ? નાગજણ કહે હા. અન્નદાતાથી થોડું છુપાવાય. અન્નદાતા હું દેવીપુત્તર, મે કોઈ દી' બાંગ બોલાવી નથી મારે ખભે જનોઈ છે.

નાગાજણે અદાવતના પાંસા ફેંક્યા. માનશો મા પાદશાહ, રાજદેની બાંગ તો ખલકમાં મશહુર છે. બસ બાદશાહની જીદ વધી.

રાજદે મસ્જીદનો મિનારો ચડે છે. મુસ્લિમોની ઠઠ જામી. રાજદે એ બાંગ દીધી. ત્યાં તો ધોરિયાના પાણી થંભ્યા, ઘોડે તરણા મુક્યા, છોકરે માના ખોળા મુક્યા, મુસ્લિમોમાંથી અવાજ ઉઠયો, "રાજદે પીર ! આજથી તમે રાજદે પીર."

હજી પગથીયાં ઉતરે ત્યાં નાગાજણે છેલ્લો દાવ ફેંક્યો. રાજદે ભાઈ તમને દફન કરવા કે દેન દેવું ?

રાજદે પાછો ચડી ગયો ઉપર. હજીરા ઉપરથી જ ગળતા સુરે દુહા માંડ્યા, એક–બે–ત્રીજે દુહે તો પાતાળમાંથી પાણી આવે છે. ઉંચે ઉંચે ચડતું. રાજદે ગંગામાને વિનંતી કરે છે. ભગીરથીએ તને નીચે ઉતારી હતી મા ! હું તને ઉપર ચડવા બોલાવુ છું. મા મને પાવન કર, મા.

દુહા બોલતા બોલતા જ કમરેથી ભેટ છોડી ત્યાં સૌ તાજુબ થઇ ગયા ચારણ પેટમાં કટારી ખોસીને બાંગ દેવા આવેલો.

એ જ ટાણે ધરતીમાંથી મારગ કરતાં ગંગાના નિર્મળ નીરો હજીરાના પગથીયા ચડી, ચારણને માથા બોળ નવડાવી ધરતીમાં સમાઈ ગયા. ચારણનો દેહ પડયો. કહેવાય છે આજે ત્યાં રાજદે પીરની કબર અને મહાદેવ મંદિર છે.

જો ચારણના મુખે સ્તવાતી ગંગાના–નીર ઉપર ચડે તો માન તુંગ સૂરિએ રચેલા ભક્તામરમાં ૪૪ બેડીઓ તુટી જાય અને તાળા ખુલી જાય તે વાતમાં અતિશયોક્તિ લાગે ખરી ?

આ છે. जिण थुणणं ની પરાકાષ્ઠા. માટે અમે **જે જીભ જિનવરને સ્તવે તે જીભ ને પણ ધન્ય છે.** કહી સ્તવનાના પ્રથમથી અંતીમ પગથીયા સુધીની યાત્રાનું દર્શન કરાવ્યું તમે પણ જિન સ્તવના–પાપ નીકંદના રૂપ બને તેવા ભાવે કરો.

जिण थुणणं

□

# (૯૩) ગુરુ સ્તુતિ

—ગુણ ગાઓ ગુરુજી તણાં

जेविय निग्गंथाणं थुई पउजंति सव्वभावेणं
ते तस्स फल गुणेणं नय कुगइ परं पवज्जंति

જે કોઈ નિર્ગ્રન્થ મુનિની સ્તુતિ સર્વભાવથી કરે છે. તે જીવો સ્તુતિના ફળથી કુગતિમાં ગમન કરતાં નથી.

મન્નહ જિણાણંમાં શ્રાવકનું એકવીસમું કર્તવ્ય गुरु थुइ કહ્યું. શ્રાવકોએ ગુરુ સ્તુતિ કરવી જોઇએ. કેમ ? કુગતિના નિરોધ માટે તથા બોધિલાભ માટે.

ગુરુ મહારાજ પાંચ આચાર રૂપી કલ્પવૃક્ષને ઉત્પન્ન કરવામાં મેરુ સમાન છે. આગમ જ્ઞાન રૂપી દીપ વડે હૃદયમાં ઉદ્યોત કરનારા છે. શીલરૂપી અલંકાર વડે ભૂષીત, તપ વડે શરીરનું શોષણકર્તા, ધર્મના ઉપદેશક હોવાથી શ્રાવકોએ સેવવા લાયક છે.

શ્રાવકને ધર્મ પમાડનારા ગુરુની આટલા માટે જ સ્તુતિ કરવી જોઈ એ. વળી ગુરુ ધર્મને જાણે છે—આચરે છે—નિરંતર ધર્મ પ્રવર્તાવે છે. તથા લોકોને ધર્મશાસ્ત્રના અર્થનું જ્ઞાન કરાવે છે. તેઓ નિરવદ્ય-માર્ગમાં પ્રવર્તેલા અને નિસ્પૃહ છે. તેથી આત્મહિતને ઈચ્છતા શ્રાવકોએ ગુરુની સ્તુતિ કરવી જોઇએ. તેમની સ્તુતિ વડે તેમનામાં રહેલા ગુણો તમારામાં આવિષ્કૃત થાય છે માટે **ગુણ ગાઓ ગુરુજી તણાં.**

વિશ્વ વિજેતા સીકંદર, એરિસ્ટોટલને પોતાના ગુરુ માને. કોઈપણ બાબતે તે ગુરુ પાસે જઈ માર્ગદર્શન મેળવે તે એટલે સુધી કે કદી એરિસ્ટોલની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે.

એક વખત ગુરુ—શિષ્ય જઈ રહ્યા હતાં. માર્ગમાં નદી આવી. નદીની ઉંડાઇનો ખ્યાલ આવી શકે તેમ ન હતો. આ જોઈ સીકંદર કહે પહેલાં હું નદી પાર કરીશ. જો કશું જોખમ ન હોય તો આપને નદી પાર કરાવીશ. એરિસ્ટોટલ કહે ના પહેલાં હું પાર પહોંચીશ પછી તમે આવજો. જાણે કે સ્પષ્ટ આજ્ઞા જ કરી દીધી.

પણ આજ સીકંદરે પોતાના ગુરુની આજ્ઞા ન માની. નદી પાર કરી સામે કિનારે જઈ ઉભો. પછી કહ્યું, "ગુરુજી આપ પધારો". એરીસ્ટોટલે ત્યાં જઈ સીકંદરને કહ્યું કે આજ કેમ મારી આજ્ઞા ઉલ્લંઘી. સીકંદરે ઉત્તર આપ્યો. નદી પાર કરવામાં જોખમ હોય અને કશુંક થાય તો જગતને મોટી ખોટ પડે. સિકંદર તો સેંકડો મળે પણ આપના જેવા તત્ત્વ ચિંતક ગુરુ ન મળે.

ગુરુ પ્રત્યે આવો વિનય બહુમાન હોય ત્યારે ગુરુ કૃપા પ્રાપ્ત થાય અને સંસાર સમુદ્ર પાર કરી શકાય. તે માટે ગુરુનો ઉચિત સત્કાર પણ કરવો જોઈએ. અન્ન–પાન–વસ્ત્ર–પાત્ર આપવા સાથે સાથે સદ્ગુણ કિર્તન રૂપ સ્તુતિ કરવી જોઈએ.

ગુરુ પરંપરાના આપણે ખૂબ ઋણી છીએ "જે પરમાત્માના શાસનને આપણા સુધી લઈ આવી તે પરંપરા જ ગુરુની" માટે સ્તુતિ કરવી જોઈએ. શ્રી યશોવિજયજી મહારાજા જણાવે છે કે–

**સમકિત દાતા ગુરુ તણો પચ્ચુવયાર ન થાય**
**ભવ કોડા કોડિ થકી કરતાં કોટિ ઉપાય**

કરોડો જન્મ સુધી કરોડો ઉપાય કરતાં પણ સમકિતનું દાન કરનાર ગુરુદેવના ઉપકારોનું ઋણ ચૂકવી શકાતું નથી. તેથી ગુરુ સ્તુતિ કરવી. આ સ્તુતિ જ આપણને એવું બળ આપશે કે આપણાં ગુરુ મહારાજના ગુણો પ્રતિબિંબિત થશે.

## તેથી ગુણ ગાઓ ગુરુજી તણાં

ઈલાચીકુમારનો જીવ મૂળ પૂર્વ ભવે વસંતપુરનો અગ્નિશર્મા બ્રાહ્મણ–તેને પ્રીતિમતી નામે સ્ત્રી હતી. ધર્મશ્રવણ થકી ચારિત્ર અંગીકાર કરેલું. પણ શૌચાચારે તત્પર એવા તેણે જાતિમદ કર્યો. દીક્ષામાં રહેલ સ્વસ્ત્રી પ્રત્યે સરાગ દૃષ્ટિએ જોયેલું. આ દુષ્કર્મોની આલોચના કર્યા વિના અનશન વડે મૃત્યુ પામી, વૈમાનિક દેવતા થયા. ત્યાંથી એલાવર્ધન નગરે ઈભ્યશ્રેષ્ઠીની ધારણી નામક સ્ત્રીના પુત્રપણે જન્મ્યા.

માતાપિતાએ ભણાવ્યો, યુવાન થયો. પુર્વભવની પ્રીતિમતિ સ્ત્રી કે જે જાતિમદથી નટડી પણે ઉત્પન્ન થયેલી તેના વિલાસયુક્ત હાવ ભાવ–મુખ–નેત્ર વગેરે જોઈ પૂર્વની સરાગદૃષ્ટિએ ફરી મોહ ઉત્પન્ન

કર્યો. લગ્નની ઇચ્છા જાગી. નટ લોકો પાસે જઈ ઘણું દ્રવ્ય આપી નટડીની માંગણી કરી.

નટ કહે આ કન્યા તો અમારો અક્ષય ભંડાર છે તે કેમ અપાય? જો તમે તેને જ ઇચ્છતા હો તો નટ થઈ અમારી સાથે ચાલો. ઈલાપુત્ર લજ્જા છોડી નટ સાથે ફરે છે. થોડા દિવસમાં કુશળ નટ થઈ ગયો. ત્યારે કન્યાના પિતા કહે છે હવે તમે નટકળાથી ધન મેળવો એટલે તમારી સાથે કન્યાનો વિવાહ કરીએ.

નટ ફરતા ફરતા બેનાતટ પહોંચ્યો. નગરના રાજા પાસે નાચ કરે છે. ખૂબ જ ઉંચા વાંસ પર કાષ્ઠ મુકયું. તેમાં ખીલા રોપ્યા પછી ઈલાચીકુમાર પગમાં પાદુકા પહેરી ઉપર ચડયો. એક હાથમાં તીક્ષ્ણ ખડ્ગ, બીજા હાથમાં ત્રિશુળ લઈ વાંસ પર ખેલ કરે છે. તેના અદ્ભુત નાચથી સર્વ લોકો ખુશ થયા. ઈલા પુત્રને ધન લોભ છે. રાજાને નટડીનો મોહ થયો છે. ચોથી વખતે ખેલ કરતાં ઈલાપુત્રને થયું કે આ રાજા નટડી પ્રત્યે કામાર્ત્ત થયો લાગે છે. ત્યાં તેની નજર કોઈ અતિ ધનાઢયને ત્યાં ગોચરી વહોરવા પધારેલા મુનિ પર પડી.

વિચારધારાએ પલટો માર્યો **મુનિ દર્શનથી**

અહો આ મુનિ કેવા જિતેન્દ્રિય છે. જેની સામે આ નટડી સાવ ભંગાર સમી લાગે તેવી અતિ સ્વરૂપવાન શ્રીમંત સ્ત્રી સામે ઉભી છે છતાં આ ગુરુદેવ ઉંચી નજર પણ કરતાં નથી. સામે મોદકના થાળ છે છતાં મોદકની આશા રાખતા નથી. ખરેખર ધન્ય છે મોક્ષાભિલાષી ગુરુ મહારાજને.

હું કેવો રાગાંધ છું કે નીચ કન્યાના મોહમાં પડેલો છું. આ રીતે વારંવાર ગુરુ સ્તુતિ અને આત્મ નિંદા કરતા સામાયિક ચારિત્રના સર્વ ભાવો સ્પર્શી ગયા અને ગુરુથુઈ ઈલાપુત્રને કેવળ જ્ઞાન અપાવનાર બની ગઈ. માટે જ કહ્યું કે

## ગુણ ગાઓ ગુરુજી તણાં

દેવતાદત્ત સાધુવેશ ધારણ કરી ઈલાપુત્રે ધર્મદેશના આપી. નટીને પોતાના રૂપ પર ધિક્કાર થયો વિષય વિમુખ થતાં તેને પણ શુભ ધ્યાનના યોગે કેવલજ્ઞાન થયું.

રાણીને થયું આવા અધમ કુળમાં જન્મેલી નટડી પર રાજાને મોહ થયો. તેને પણ વિષય પર ધિક્કાર છુટતાં કેવળજ્ઞાન થયું.

રાજાને પણ કેવળજ્ઞાન થયું.

પણ આ બધાનાં મૂળમાં શું ? ગુરુસ્તુતિ. માટે શ્રાવકોએ પણ ગુરુસ્તુતિ કરવી જોઈએ.

જે ગુરુની સ્તુતિ કરવાની છે તે ગુરુ કેવા છે ?

पञ्चेन्द्रिय संवरणः तथा नवविध ब्रह्मचर्य गुप्तिधरः
चतुर्विध कषायमुक्तः इति अष्टादश गुणैः संयुक्तः
पञ्च महाव्रत युक्तः पञ्च विधाचार पालन समर्थः
पञ्च समितः त्रिगुप्तिः षट्त्रिंशद् गुणः गुरु मम

સંબોધ પ્રકરણ જે હરિભદ્રસૂરિજી કૃત ગ્રન્થ છે તેમાં ગુરુ સ્વરૂપાધિકારથી ૯૧–૯૨મી ગાથામાં ગુરુના ૩૬ ગુણોની ગણના કરાવતાં આજ વાત પ્રાકૃત ભાષામાં જણાવેલી છે.

પાંચ ઈન્દ્રિયોના ૨૩–૨૩ વિષયોમાં રાગ દ્વેષ ન થાય કે સુખદુઃખની કલ્પના પેદા ન થાય જેને, એવા ગુરુની સ્તુતિ કરીએ છીએ.

ઈન્દ્રિયોની આસક્તિ પર કાબુ કેટલો ? તમે કહેશો સાહેબ હવે એવું કયાં રહ્યું છે ? તો હું પુછું તમે સંથારે સુવો છો ? બોલો કાલથી નક્કી કરો સંથારે સુવું. થઇ શકશે ને ?

ગોચરીમાં માનો કે ભાવતી વસ્તુ જ લીધી પણ અંદર મીઠું–મરચું છે કે નહીં તે અમે જોયું છે ખરું ? ફરસાણ સારું હોય પણ અંદર મીઠું જ ન હોય તો ? વાપરી જવાનું ને અમારે ? અને તમે શું કરશો ? માટે ઈન્દ્રિય સંવરનાર કહ્યાં.

બ્રહ્મચર્ય ધારણ કરનાર છે, ક્રોધ–માન–માયા–લોભ રૂપી કષાયને ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ થકી દુર કરવા પ્રયત્નશીલ છે. હિંસા અસત્ય–ચોરી– મૈથુન–પરિગ્રહના સર્વથા ત્યાગ પૂર્વક જીવન જીવે છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્યને લગતા સુવિહિત આચરણોથી યુક્ત છે જેમકે—દરેક સાધુ–સાધ્વી કંઈક તો ભણે જ છે તે જ્ઞાનાચાર, પ્રભુ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ પૂર્વક જયાં જાય ત્યાં સર્વે ચૈત્યો જુહારવાની વૃત્તિ વગેરે રૂપ દર્શનાચાર, ક્રિયા અને નિયમોના અનુસરણ રૂપ ચારિત્રાચાર, કંઈક ને કંઈક તપ કરવા રૂપ તપાચાર વગેરે થકી પંચાચારના પાલન કર્તા છે.

સમ્યક્ પ્રવૃત્તિ પૂર્વક ઈર્યા વગેરે પાંચ સમિતિને પાલન કર્તા અને મન–વચ–કાયા–ગોપવીને જીવતાં એવા છે મારા ગુરુ મહારાજ. જગતમાં અનન્ય છે. આચારને સ્વયં પાળીને પળાવે છે માટે જ તે સ્તુતિને લાયક છે.

**"ગુણ ગાઓ ગુરુજી તણાં"** કહ્યું તેનું સચોટ રહસ્ય તો શ્રી દશવૈકાલિકમાં એક ગાથામાં ગુંથાયું છે. ગુરુને ત્યાગી કહ્યાં. મુનિનું ત્યાગી પણું ઈલાચીને સ્પર્શી ગયું પણ ત્યાગી એટલે શું?

जे अ कंते पीए भोए लद्धेवी पिट्ठि कुव्वइ
साहीणे चयइ भोए से हु चाइत्ति वृच्चइ

ગુરુની વ્યાખ્યામાં ત્યાગીપણાના તત્વને જણાવતાં લખ્યું કે–મનોહર અને કાંત એવા મળેલા પદાર્થો તરફ પીઠ ફેરવી છે જેણે–એટલે કે પોતાને આધીન એવા ભોગને છાંડે તેને ત્યાગી કહેવાય.

મનોહર એટલે શું? પદાર્થની મનોહારિતા કરતાં પોતાને મનોહર લાગે તે મહત્વનું છે. કેમકે કેટલાંકને ગળપણ ગમે અને કેટલાંકને તીખાં મસાલા–ખટાશ ગમે, એટલે પોતાને મનોહર લાગતા પદાર્થો–ભોગો પ્રાપ્ત થયા હોય—

બીજું મનોહર તથા પ્રીતિકર હોય–પણ સુપ્રાપ્ય ન હોય તો શીયાળની જેમ કુદકા મારીને ન મળે ત્યારે દ્રાક્ષ ખાટી છે તેમ કહેવું–એ વાત અહીં નથી કરી.

પ્રાપ્ત પદાર્થો કે ભોગો મનોહર જ હોય. પ્રીતિકારી પણ હોય અને તે સહેલાઈથી અને સામેથી મળી જાય છતાં તેને છોડી દે.

त्यजनं त्यागः स अस्यास्तीति त्यागी

છોડવું એટલે ત્યાગ. તે જેને વર્તતું હોય તેને ત્યાગી કહેવાય. જ્યારે અહીં તો આગળ કહી દીધું કે સ્વાધીન એવા ભોગોને છોડી દે તે પુર્વેની ગાથા વિચારો તો વધુ સ્પષ્ટ થશે.

वत्थगंधमलंकारं इत्थिओ सयणाणि य
अच्छंदा जेन भुजंति न से चाइति वुच्चइ

ચાહે અનેક જાતના વસ્ત્ર–ગંધ–ઘરેણા–સ્ત્રી–શય્યા હોય પણ મનમાં એક રૂવાડું પણ ખડું ન કરે–મતલબ ત્યાગી થવાની ઈચ્છા નથી પણ ભોગની ઈચ્છા જ છે. છતાં ખાઈ શકતો નથી–અથવા તો

મળતું નથી માટે ત્યાગ છે તેને ત્યાગી ન ગણાય. સ્વાધીન–મનોહર–કાંત ભોગ છોડે તે ત્યાગી.

અમારા ગુરુ મહારાજ ત્યાગી છે માટે તેની સ્તુતિ કરીએ છીએ.

निवर्तयत्यन्यजनं प्रमादतः स्वयं च निष्पाप पथे प्रवर्तते
गृणाति तत्वं हितमिच्छुरङ्गिनां शिवार्थिनां यःस गुरुर्निगद्यते.

જે ગુરુ અન્ય જનોને પ્રમાદથી નિવૃત્તિ પમાડે છે. પોતે નિષ્પાપ માર્ગમાં પ્રવર્તે છે. તથા હિતની ઈચ્છાવાળા જે મોક્ષના અભિલાષી પ્રાણીઓ તેને હિતકારી તત્ત્વનો ઉપદેશ કરે છે. તે ગુરુ કહેવાય છે.

वंदिज्जमाणा न समुक्कसंति, हिलिज्जमाणा न समुज्जलंति
दमंति चित्तेण चरंति धीरा, मुणी समुग्घाइय राग दोसा

જેઓ વંદન કરાયા છતાં ઉત્સુક થતાં નથી અને હીલના કરાયા છતાં ખેદ પામતા નથી. તથા જેઓ ચિત્ત વડે ઈન્દ્રિયોનું દમન કરે છે. ધીરતા ગુણને ધારણ કરે છે. અને રાગ દ્વેષને નાશ માટે પ્રવૃત્ત છે તેઓ મુનિ [ગુરુ] કહેવાય છે. માટે કહ્યું કે—

## ગુણ ગાઓ ગુરુજી તણાં

પદ્મ શેખર રાજાએ આ પ્રમાણે વારંવાર સ્તુતિ કરી અનેક લોકોને ધર્મ માર્ગે સ્થાપ્યા.

પ્રદેશી રાજા પણ ગુરુ સ્તુતિ પૂર્વક સમકિત પામ્યો. છેલ્લે સૂર્યાભ દેવ થયો. તેમજ ત્રીજે ભવે મહાવિદેહેથી મોક્ષ પામશે. માટે હે શ્રાવકો તમે પણ "ગુરુસ્તુતિ" કરો.

પૂર્વે તદ્દન નાસ્તિક એવો પ્રદેશી રાજા કેવળ ભોગ વિલાસમાં જ ડુબેલો રહેતો. જીવના અસ્તિત્વને જ માનતો ન હતો. પણ કેશી ગણધરે તેને તર્કબદ્ધ રીતે સમજાવી જીવના અસ્તિત્વની સાબીતી આપી. ધર્મમાર્ગે સ્થાપ્યો. ત્યારે પ્રદેશી રાજાને પણ થયું કે અહો આ ગુરુને પણ ધન્ય છે. જેણે મારા હૃદયમાં રહેલા મિથ્યાત્વ રૂપી પિશાચને મારી હઠાવેલ છે. તે ગુરુને લાખલાખ ધન્યવાદ.

તેણે કેશી ગણધર પાસે સમક્તિ મૂલ બારવ્રત ઉચ્ચર્યા, નિત્ય ધર્મકરણી કરે. પણ તેની પટરાણી સૂર્યકાન્તાને થયું અરેરે ! મારા ભોગ વિલાસ ચાલ્યા ગયા હવે આ રાજા શું કામનો ?

પરપુરુષમાં લુબ્ધ રાણીએ પ્રદેશી રાજાને ઝેર આપી દીધું. જાણવા છતાં રાજા કંઈ બોલતો નથી. પૌષધશાળે જઈ દર્ભનો સંથારો કરી ઈશાન ખૂણા સમક્ષ બેસી ધર્માચાર્ય કેશી ગણધરને પ્રણામ કરી વારંવાર ગુરુ ભગવંતની સ્તવના કરતો તેમના ઉપદેશથી લીધેલા વ્રતમાં લાગેલ અતિચારની સમ્યક્ આલોચના કરી. પ્રતિક્રમણ કરી સૂર્યાભ વિમાને દેવતા થયો.

અને તમને આટલું સમજાવ્યા પછી ગુરુસ્તુતિ કર્તવ્ય તો એક બાજુ રહ્યું પણ ધર્મ સ્વીકારવાની બુદ્ધિ પણ ન પ્રગટે તો વાંક કોનો?

**પ્રશ્ન :** ગુરુ મહારાજા વ્યાખ્યાનમાં કહે કે તમે બધાં અનાદિથી ભટકી રહ્યા છો, છકાયના કુટામાં પડેલા છો. અઢાર પાપસ્થાનક સેવતા પાપી છો આવી કેટલી ગાળો દે– ઉપર જતાં શ્રાપ આપે જો જો હજી નહીં સુધરો તો નરકમાં જશો–તિર્યંચ થશો. આમ એક તરફ ગાળો અને બીજી તરફ શ્રાપ આપે તેવા ગુરુની સ્તુતિ શા માટે કરવી?

**સમાધાન :** તમારા ફેમિલી ડોકટર હોય સારી ફી નિયમિત આપતા હો અને જઈને કહો. સાહેબ! પાંચ–સાત વાર જવું પડે છે. પેટમાં ગળબળ છે. તો ડોકટર શું કહે તમને?

કેમ શું ઝાપટયું હતું કાલે? અકરાતીયાની જેમ ન ખાતા હો તો! દીઠું નથી કોઈ દી! આવી કંઈક ચોપડાવે તોયે હસતે મોઢે સાંભળો કે ન સાંભળો? વળી શું કહે આટલી દવા–ગોળી લેવી, ખોરાક બંધ, નહીં તો ડાયેરીયા થઈ જશે. એવો શ્રાપ દે છતાં હાત્રકું મોં રાખી પૈસા દઈને આવો ને?—કારણ રોગ મટાડવો છે. અમે ભવ રોગ મટાડવા માટે કહીએ તો મોઢું કડવું થાય છે. ચાતુર્માસ કરાવવાનો હેતુ જ ભવરોગ મટાડવા માટે ભાવરૂપી ઔષધ લેવાનો છે. માટે ગુરુ મહારાજની સ્તુતિ કરો તો તેમના જેવા ગુણ તમારામાં પ્રગટશે. ઈલાચીકુમારને ગુરુ મુખ જોતાં કેવળજ્ઞાન થયું. પણ થયું ક્યારે? ગુણાનુરાગ પ્રગટયો તો માટે **ગુણ ગાઓ ગુરુજી તણાં**

ગુરુ મહારાજ પાળે તે પંચાચારને ઓળખશો તો પણ ગુરુ સ્તુતિ કરવાનું મન થઈ જશે.

(૧) જ્ઞાનાચાર :– જ્ઞાન વિનય બહુમાન પ્રગટ થાય તે રીતે અભ્યાસ કરો, વિદ્યાગુરુનો વિનયપુર્વક સત્કાર કરે. હાર્દિક પ્રેમ–બહુમાનપુર્વક ચોક્કસ તપ સાથે સૂત્ર અવધારે આદિ જ્ઞાનાચાર.

(૨) દર્શનાચાર :– સમ્યગ્ દર્શન પ્રાપ્તિ કે રક્ષા માટે જિન વચનને નિઃશંકપણે માને, બીજા દર્શનની અભિલાષા ન કરે. સંદેહ રહિત જૈનધર્મ સ્વીકારે, મૂઢતા પરિહરે, સાધર્મિકના ગુણોની પ્રશંસા કરે, બીજાને ધર્મમાં સ્થિર કરે. શાસન પ્રભાવન કરે વગેરે.

(૩) ચારિત્રાચાર :– સમિતિ–ગુપ્તિનું પાલન કરે, પ્રણિધાન અને યોગયુક્ત પણે ચારિત્રની મહત્તા જાળવે.

(૪) તપાચાર :– છ પ્રકારે બાહ્ય છ પ્રકારે અભ્યંતર તપ યથા–શક્તિ આચરે.

(૫) વીર્યાચાર :– ચારે આચારોને બાહ્ય અને અભ્યંતર શક્તિ પુર્વક પાળે, પોતાનું તમામ સામર્થ્ય ગોપવ્યા વિના, પ્રમાદ ટાળીને તે આચારોને યથાશક્તિ આદરે.

તમે ઝીણી વિચારી જો જો. તેને દિવસમાં થોડો પ્રમાદમાં સમય જાય તો પણ મોટા ભાગે અન્ય પ્રવૃત્તિ રહે ખરી ? શુદ્ધ શ્રદ્ધાળુ અને ચારિત્ર પાલન કરી જ્ઞાન માર્ગમાં રત બનેલા મુનિ તપ સંયમપૂર્વક જીવે તે આચરણનું દર્શન જ કેટલું કલ્યાણ કરાવનાર બને તે તો વિહારમાં તમે સાથે રહો તો જ સમજાય. માટે ગુરુ સ્તુતિ કરો

**પંચ મહાવ્રત શુદ્ધાં પાળે, અંતરંગ મલ ટાળે**
**વ્રત દુષણ ક્ષણ ક્ષણ સંભારે, જ્ઞાન ક્રિયા અજવાળે**

અષાઢી મેહ વરસવો ચાલુ થયો. દુકાળ પુરો થયો જાણી ચારણ–ચારણી ગુજરાતમાંથી નીકળ્યા. ભેસું માથે ઘંટીના પડ, સામાન, ગાભાં ગોદડાં બે ચાર કામળાંને હાલી નીકળ્યા છે દેશમાં.

ચારણ–ચારણી મીઠી મજાક કરતાં જતા'તા વાયરે ઉડીઉડીને લટો ચારણીના મોઢા પર આવતી જોઈ ચારણ અડધો થઈ જાય છે. ચારણ્ય ! આવાં રૂપને આવું હસવું ચારણ્યને ન અરઘે.

ચારણ મુને ખબર છે ત્યાં સોનાકુઈ મેણાં મારશે. આવડાં રૂપ ચારણ્યને હોય–વેશ્યાની દીકરીને હોય ને આવું હસવું. મારો તો જીવ કાઢી નાખશે.

શું થાય ચારણ્ય, કુટુંબમાં રિયા વિના ચાલે ? હું શું કરું, મહેનત કરી કરી મોઢું કરમાવે નાખીશ. હસવું રોકવા ગાલે ડામ દેશ.

અરરર ચારણ્ય આવું કિમ ભણુશ. જેમ તેની તમામ માયા મૂડી ભરખી જતું હોય તેમ ચારણ આંખો ફાડીને સ્ત્રીના મોં સામે જોઈ

રહ્યો. ના ચારણ્ય, આપણે નેસમાં નસે જાવું. આસે થડમાં કોક ગામે કુઓ કરી રે'શું કુટુંબમાં મેલ લીખારો.

સામસામા ચારણ–ચારણી દુહા ઉપાડે છે ચારણ્ય કેમ જાણે અષાઢી રાતે વિખુટાં પડયા હોય તેવો રંગ મચ્યો છે હો! અરે ચારણ આ તો પારકી વાણી એમાં સવાદ ન આવે. હું મરી ગઈ હોઉં ને તું મરશીયા ભણે ઈમાં સવાદ.

અરે ચારણ્ય તું મરે તો હું ઝાડવા રોવડાવું. એક વાર તું મરી તો જો.

ચારણ મર્યા પછી હું કયાં તારા ઝાડવાનાં રોણાં જોવા આવવાની. ત્યાં નદી આવી. ભેંસો પાણી પીએ છે. ચારણી પગના પોંચા પરથી કાદવ કાઢે છે, ચારણે પૂછયું ભાઈ ગામમાં દરબાર કોણ છે? – બાપુ પોરસાવાળો છે.

માણસ કેવો? ગુલાબી દીલનો. વેણ રાખશે? અરે માલધારીને કોણ ના પાડે.

ઠીક ચારણ્ય. તું આસે વેકરીમાં ઊભી રેજે ભીંસુને સાચવજે. હું અબઘડી હડી કાઢતો આવ્યો. ઠીક ચારણ ઉભીસું–જોજે હોં આંસે જ ઉભી રેજે. આઘી–પાછી ન થતી. નેંકર હું બોકાસાદિને કિસેથી બોલાવીશ. આ તો અજાણ્યું ગામ. – ભલે ચારણ નઈ ખસાં – ફરી ભેખડેથી ચારણે સાદ દીધો. ચારણ્ય ખસતી નૈં એ...હો...હાં કહી સોગંદ કબુલવા ગરદને હાથ મુકયો.

ચારણ પોંચ્યો પોરસાવાળાને ડેલે, બે પાંચ વીઘા જમીન માંગી દરબાર કહે ભલે. કસુંબા પાણી તો લેતા જાઓ. ચારણના પેટમાં બે પ્યાલી પડી, જાણે ઇંદ્રાંસન મલ્યું- મંડી કવિતા ઉડવા.

ચારણે ભાંગલી રાતે કોઈ વિજોગી માનવી મરેલા કંથને સંભારી વિલાપ કરે તેવા વિરહ ગીત ઉપાડયા, અષાઢી વેદના ઠાલવી. શ્રાવ–ણના રૂપ ખેંચાયાં – ભાદરવાના રંગ આલેખાણા દરબાર ડાયરો આખો ડોલી ઉઠયો, કોઈને બોલવાના સોં નથી રહ્યા, દરબાર કહે હવે આસો ગાઈને વિજોગીને ભેગા કરી દેજો બાપ!

આ તો મરસિયા, બાપુ! વિજોગી ભેળાનો થાય. આસોમાં તો દુઃખની અવધિ આવી ગઈ. આસોના પેલા ચરણે–પાણી આવ્યું પાણી આવ્યું ના પોકારો ઉઠયા. ચારણ જાણે ભર નિદ્રામાંથી જાગ્યો. ત્યાં રીડિયા સંભળાયા. ઓલી ચુંદડી વરતાય કોઈ બાઈ તણાતી જાય.

ચારણના મોં પરથી લોહી ઉડી ગયું. દોડયો પાદરે, બે કાંઠે લોઢ ઉછળે. ભેખડો ફસકે છે, ચારણે દોટ મુકી પુરમાં એલી એકલી કયાં જાય છે? લોકોએ બાવડાં ઝાલી રોકી રાખ્યો. ગઢવા એતો જીવતી ગઈ, તું કયાં આંબવા જઈશ ? અરે જાય નહીં બાપુ! સમ દઈ ગ્યો તો.

લોકો સમજ્યા ચારણનું ફટકયું. અરે ભાઇ! સમ દીધા તા તેં જ નદીમાંથી ખસી ને ને?–નો'તી ખસીને, સાચે સાચ નો'તી ખસી–

એકેય ડગલું નો'તી ખસી. બાઈ તો આરસની પુતળી જેવી કંડારેલી ઉભી રે. અમે કીધું હાલ્ય હાલ્ય એ જોગમાયા હસતી જ રહી સાંભળી સૌ શ્વાસ લઈ ગ્યા.

પોરસાવાળા તારું પાદર ગળી ગયું મારી ચારણ્યને. અતરીયાળ રઝળાવ્યો મને તે.

એકેક દુહે પોરસાવાળાને ઓલંભો દે છે. તેં મારો વિસામો ખોયો–ઉંટના વિલાપ જોયા છે તેં, તરસ્યાની તરસ જોઈ છે તે–નદીના વેણે વેણે ચારણીના પગલાં શોધતો રોજ છાતી ફાટ દુહા ગાય છે. આખો ડાયરો શોક મગ્ન રહે છે.

ફરી અષાઢી રાત આવી. પોરસાવાળાએ મરનારની બેનને ઈ જ લુગડાં પૈરાવી ભેંસ પાડી સાથે નદીમાં ઉભી રાખી.

ચારણ્યને લઈને ચારણ ચાલ્યો, બધી વાત થાળે પડી, ઘર વસાવી દીધું હજી ચારણ કયારેક રાત્રે મીટ માંડી પૂછે છે. હેં ચારણ્ય તું સાચે સાચ ત્યાં જ ઉભી તી?

આવો નાનકડો પ્રસંગ બન્યો. પૂજ્ય સાગરજી મહારાજના જીવનમાં વિહારમાં એક ભાઈ કહીને ગયા, મહારાજ સાહેબ અહીં ઉભા રહે જો હમણાં આવું પૂ. ગુરુ મહારાજ કહે ભલે, અહીં જ ઉભો છું. કયાંય નહીં જાઉ. પેલા ભાઈને બે કલાક ગયા, તડકો ચડી ગયો. લોકો કહે સ્વામીજી છાયામાં પધારો કાં ઉપાશ્રયે મુકી જઈએ. એ ભાઈ ભૂલી ગયા લાગે છે. ગુરુ મા'રાજ કહે હવે ન ખસાય અમે ખોટા પડીએ બીજી કલાક ગયે ભાઈ આવ્યા ત્યારે આચાર્ય મા'રાજ ચાલ્યા, માટે કહીએ છીએ.

ગુણ ગાઓ ગુરુજી તણાં–
નિત્ય ગુરુસ્તુતિ કર્તવ્યનું પાલન કરો.

□

# (૯૪) સાધર્મિક વાત્સલ્ય

—સ્વામી વત્સલ કીજીયે રે

साधर्मिक वत्सले पुण्यं, यद्भवेत्तद्वचोऽतिगम्
धन्यास्ते गृहिणो वश्यं, तत्कृत्वाश्नंति प्रत्यहं

સાધર્મિક વાત્સલ્ય કરવામાં જે પુણ્ય થાય છે. તે વચનથી કહી શકાય તેવું નથી. જે ગૃહસ્થો હંમેશાં સાધર્મિક વાત્સલ્ય કરીને ભોજન કરે છે, તેમને [ખરેખર] ધન્ય છે.

શ્રાવકના કર્તવ્યોને જણાવતી મન્નહ જિણાણં સજઝાયમાં બાવીસમું કર્તવ્ય જણાવ્યું "સાધર્મિક વાત્સલ્ય"

પણ **સાધર્મિક વાત્સલ્ય એટલે શું ?**

સાધર્મિકનું વાત્સલ્ય, તેમાં બે શબ્દો છે. સાધર્મિક અને વાત્સલ્ય. સાધર્મિક શબ્દ સધર્મ પરથી બન્યો છે. માટે પ્રથમ સધર્મનો અર્થ સમજો.

સધર્મ એટલે ? સમાન એવો ધર્મ તે સધર્મ.

સાધર્મિક એટલે—સમાન ધર્મને પાળનાર તે સાધર્મિક, અહીં પાયામાં શું મુક્યું ? "ધર્મ" જે આપણા જેવો જ ધર્મ પાળે, અરે માત્ર નવકારને હૃદયપૂર્વક સ્વીકારે અને બહુમાન ધરાવે, તો પણ દેવ—ગુરુની સ્વીકૃતિ રૂપી સમાન ધર્મવાળો સાધર્મિક ગણયો.

વાત્સલ્ય એટલે હાર્દિક પ્રેમ, ઉત્તમ પ્રકારનો સ્નેહ. સાધર્મિકને જોઈને તમારા હૃદયમાં અત્યંત પ્રેમ કે સ્નેહ ઉત્પન્ન થાય ત્યારે સાધર્મિક વાત્સલ્ય કહેવાય.—જેમ બાળક વિચિત્ર સ્વાભાવનું હોય, ખોડખાંપણવાળું હોય તો પણ માતાના વાત્સલ્યમાં ઓટ આવતી નથી. તેમ ગમે તેવી કપરી કે કઢંગી હાલતમાં પણ સાધર્મિક પ્રત્યે સ્નેહના ઝરણા ફૂટે તો તે સાચું સાધર્મિક વાત્સલ્ય ઉત્પન્ન થયું કહેવાય. શ્રાવકે આવું સાધર્મિક વાત્સલ્યનું કર્તવ્ય જાળવવું.

**સ્વામી વત્સલ કીજીયે રે લાલ**
**ભવજલ તરવા નાવ રે ભવિક જન—**

साहम्मि वच्छलं સમાન ધર્મવાળા પ્રત્યે પ્રેમ ભાવ રાખો. તે શ્રાવકનું કર્તવ્ય ગણ્યું, તેમાં साधर्मिक નો અર્થ પણ કેવો સુંદર કર્યો समानेन धर्मेण चरति સરખા ધર્મ વડે સાથે રહે તે.

મારો સ્વામી ભાઈ ક્યાંથી ? એવો ભાવ હૃદયમાં આવવો જોઈએ. તો સાધર્મિકને જોતાં જ મારા ભગવાનનો ભક્ત એમ બોલાઈ જશે. હૈયું હર્ષ વિભોર થઈ જશે.

એક મકાન માલિકે મકાન ભાડુત સામે કેસ માંડયો. અટક એવી કે ભાડુત જૈન હશે તેવો ખ્યાલ ન આવ્યો. પેલા મકાન માલિક અને ભાડુતને કોર્ટની તારીખ આવી. હજી કેસ ચાલવાની પ્રક્રિયા શરૂ થઈ ત્યાં તો મકાન માલિકની નજર ભાડુતના કપાળ પર પડી, ચાંદલો જોઈ નજર સ્થિર થઈ ગઈ. અરે ! આ તો કેસરનો ચાંદલો નક્કી મારો સાધર્મિક છે. બસ साहम्मि आण वच्छल કર્તવ્ય યાદ આવ્યું. કેસ ત્યાં જ પાછો ખેંચી લીધો પરિવર્તનનું કારણ ?

## સ્વામી વત્સલ કીજીયે રે લાલ

"સાધર્મિક વાત્સલ્યનો ભાવ"ને સમાધાન થઈ ગયું

जिनैः समान धर्माणः साधर्मिका उदाहृता
द्विधापि तेषां वात्सल्यं कार्यं तदिति सप्तमः
समान् धार्मिकान् वीक्ष्य वात्सल्यं स्नेह निर्भरम्
मात्रादि स्वजनादिभ्योऽप्याधिकं क्रियते मुदा

શ્રી જિનેશ્વર પરમાત્માએ સમાન ધર્મવાળાને સાધર્મિક કહ્યા છે. તે સાધર્મિકનું દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે વાત્સલ્ય કરવું તે વાત્સલ્ય નામનો સાતમો દર્શનાચાર કહ્યો છે. સમાન ધર્મવાળાને જોઈને માતાપિતા વગેરે સ્વજનો કરતાં પણ અધિક ગાઢ સ્નેહ પૂર્વક હર્ષથી વાત્સલ્ય કરવું.

પર્યુષણની થોયમાં પણ બોલો છો ને ?

**પારણાને દિન સાહમી વચ્છલ કીજે અધિક વડાઈજી**
**માન વિજય કહે સકલ મનોરથ પુરે દેવી સિદ્ધાઈજી**

શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે માતાપિતા વગેરે સંબંધો તો અનાદિકાળમાં અનંતા થયા અને ભુંસાયા. એક માત્ર સાધર્મિકનો સંબંધ એવો છે કે જે ભાગ્ય યોગે જ મળે છે. માટે શ્રાવકોએ

પ્રતિવર્ષ સમાન ધર્મીઓનું વાત્સલ્ય પોતાની શક્તિ મુજબ કરવું જોઈએ.

જેઓ બધાં સાધર્મિકનું વાત્સલ્ય કરી શકતા નથી તેઓએ ઓછામાં ઓછી એક બે શ્રાવક–શ્રાવિકાની પણ ભક્તિ અવશ્ય કરવી. કેમકે સમાન ધર્મીઓનો મેળાપ ઘણો દુર્લભ છે.

શ્રાદ્ધ વિધિમાં પણ કહ્યું કે–

सर्वैः सर्वे मिथः सर्व सम्बन्धा लब्ध पूर्विणः
साधर्मिकादि सम्बन्ध लब्धारस्तुमिताः क्वचित्

સંસારમાં જન્મ મરણ કરતાં સર્વ જીવોએ પરસ્પર સર્વ [બધાં] ની સાથે સર્વ [બધાં] સંબંધો ને પુર્વ કાળમાં કેટલીયે વખત બાંધ્યા છે પણ સાધર્મિકપણું વગેરે સંબંધ બાંધનાશ તો અલ્પજીવો જ હોય છે.

સાધર્મિક વાત્સલ્ય બે પ્રકાર કહ્યું છે.

○ **દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય :**– જો શક્તિ સંપન્ન હોય તો રોજ એક–બે સાધર્મિકોને જમાડે તેમ રહ્યું. અશક્ય હોય તો જન્મ–લગ્ન વગેરે મહોત્સવમાં કે તેવા અન્ય પ્રસંગોએ સાધર્મિકોને વિનય પૂર્વક આમંત્રણ કરી ભોજન સમયે સ્વયં તેના પગ ધોવા–ઉત્તમ આસન આપવું વગેરે વિનયપૂર્વક ઉત્તમ ભાજનોમાં સારામાં સારું ભોજન આપવું, પાન–વસ્ત્ર–આભરણથી સત્કારવા, આપત્તિમાં હોય તો પોતાનું ધન આપીને પણ ઉગારવા. એ રીતે સાધર્મિકોનું દ્રવ્ય વાત્સલ્ય કરવું.

અલબત પુનીયા શ્રાવકની જેમ એક દિવસ ઉપવાસ કરીને પણ સાધર્મિક જમાડવો તે તો અતિ ઉત્તમ ભાવના જાણવી.

○ **ભાવ સાધર્મિક વાત્સલ્ય :**–ધર્મકાર્યો નહીં કરી શકતા સાધર્મિકોને તેઓની અગવડો દૂર કરી જરૂરી સગવડો આપી. ધર્મમાં સ્થિર કરવા. ધર્મકાર્યમાં પ્રમાદ કરનારાને તે તે કર્તવ્યો યાદ અપાવવાં, વિવેક પૂર્વક ભૂલોથી બચાવવાં, વાત્સલ્યપૂર્વક સન્માર્ગની પ્રેરણા આપવી,

શ્રાદ્ધ દિન કૃત્ય ગાથા ૨૦૯માં લખ્યું છે–

सारणा वारणा चेव चोयणा पडिचोयणा
सावणणावि दायव्वा सावयस्स हिआवहा

૦ વિસરી ગયેલા કાર્યને યાદ કરાવવું તે સારણા

૦ કુસંગતિ વગેરે અકાર્યથી વારવા તે વારણા

૦ સારણા અને વારણા વારંવાર કરવા છતાં પણ

જો કોઈ અતિ પ્રમાદી જીવ પોતાનાં કર્તવ્યોમાં ભૂલ કરે તો તેને "શ્રાવક જેવા ઉત્તમ કુળમાં જન્મ લઈ આમ કરવું યોગ્ય છે ?" વગેરે વાક્યથી ઉપાલંભ આપીને પ્રેરણા કરવી તે ચોયણા.

૦ એક જ વિષયમાં વારંવાર ભૂલ કરે ત્યારે કઠોર શબ્દોથી ધિક્કારવા પૂર્વક અત્યંત પ્રેરણા આપી ધર્મમાં સ્થિર કરવો તે પડિચોયણાં. જો કે કઠોર શબ્દો બોલતાં અસદ્ભાવ ન થાય તે જોવું.

શ્રાદ્ધ વિધિની ગાથામાં પણ સારણાદિનું સ્વરૂપ સમજાવતાં લખે છે કે–

૦ વિસ્મૃત થયેલાનું યાદ કરાવવું તે સારણા

૦ ઉલટા આચરણથી વારવું તે વારણા

૦ છતાં ચૂકે તો સાવધ કરવા તે ચોયણા

૦ નિષ્ઠુર વચનથી ઓળંભો આપી ધર્મ માર્ગમાં સ્થિર કરવો તો પડિચોયણાં.

આ રીતે સાધર્મિકોનું દ્રવ્ય અને ભાવપૂર્વક વાત્સલ્ય કરવું.

સવચંદ શેઠ વણથલી ગામનું નાક ગણાય. આસપાસના પાંચ સાત ગામનું પૂછવા ઠેકાણું. ધીરધારનો ધીકતો ધંધો. કાળ દુકાળે સવચંદશેઠનો પટારો લોકોને જવાબ દે. પ્રતિષ્ઠા પણ સારી.

એક દિવસ કોઈ અદાવતીયાએ બાજુના ગામના ગરાસદારના કાન ભંભેર્યા. શેઠની પેઢી ખોટમાં છે સવચંદ શેઠ ડુબ્યા છે કોઈ થાપણ હોય તો ઉપાડી લેજો.

ઈર્ષ્યાળુ માણસની વાત સાંભળી કાચા કાનનો ગરાસીયો વહેમાયો. થાપણ ઉપાડી લેવામાં સલામતી માની, ઘોડે ચડી ઉપડયો. શેઠ, "કુંવર હારે વાંધો પડયો છે. અટાણે જ થાપણ કાઢી દ્યો."

શેઠ જરા મુંઝાણા. ગરાસિયાની એક લાખની થાપણ. તે વેપા– રમાં રોકાયેલી. એક જ દિવસમાં છુટી થાય નહીં. ગરાસિયો હઠે ચડયો. પળમાં પ્રતિષ્ઠા પીગળી જાય એવું વસમું. કરવું શું ? વાણિયે દાંત કલમ ઉપાડી. કાગળ કાઢી અમદાવાદની એ વખતની જાણીતી પેઢીના માલિક સોમચંદ શેઠ માથે લાખની હુંડી લખી. હુંડી

લખતાં લખતા બે આંસુના બિંદુ પડી ગયા. આંસુ ખેસને છેડે લુંછીને હુંડીવાળી ગરાસિયાને આપી, અમદાવાદ જઈ તમારી થાપણ ઉપાડીલ્યો.

ગરાસિયો પહોંચ્યો અમદાવાદ, સોમચંદશેઠની પેઢીએ. તે દી' સોમચંદશેઠની આબરૂ અણનમ. શેઠે હુંડી લઇને મુનિમને આપી ખાતું જોવા કહ્યું. મુનિમ જુએ પણ સવચંદ શેઠનું નામ ન મળે. શેઠે હુંડી હાથમાં લીધી. લખાણમાં પડેલા પાણીનાં ટીપાંથી અક્ષર રેળાયેલા જોયા. કંપતે હાથે થયેલ લખાણ વાંચ્યું.

ચતુર વાણીયો સમજી ગયો. મુનિમને કહે આપી દો એક લાખ રૂપિયા, મુનિમ મુંઝાણા. શેઠ કહે મારા ખાતે લખીને લાખ રૂપિયા ગણી દો. ગરાસિયો તો રૂપિયા લઈ ચાલતો થયો.

ઘણા વખતે...“સોમચંદશેઠની પેઢી આજ કે” એમ પૂછતાં એક વેપારીએ પગથિયે પગ દીધો. પધારો પધારો શેઠ, બોલતાં મેલા લુંગડાવાળા વેપારીને સોમચંદ શેઠે રૂડાં આવકાર દીધા. પાછા કામમાં પરોવાયા. બપોર થતાં મહેમાનને જમવા લઈ ગયા. જમ્યા પછી આડે પડખે થતાં સોમચંદ શેઠ બોલતાં. મારા જેવું કંઈ કામકાજ શેઠ?

સવચંદ શેઠ કહે કામકાજ તો તમે મારી આબરૂ રાખી કર્યું. લ્યો વ્યાજ સહિત આ રૂપિયા ગણી લ્યો.

સોમચંદ શેઠને નવાઈ લાગી. શેના રૂપિયા? વગર ઓળખાણે વણથલીથી હુંડી લખીતી અને તમે લાખ રૂપીયા ચુકવી દીધા તેના.

પળવાર તો સવચંદ શેઠની પ્રમાણિકતા સામે સોમચંદ શેઠ મુક-પણે જોઈ રહ્યા. પછી કહે એ રૂપિયા જમે ખર્ચે નખાઈ ગયા શેઠ!

સવચંદ શેઠ મુંઝાણા, સોમચંદ શેઠ કહે જુઓ શેઠ! તમે તો જાણો છો ને જમે થયેલી રકમ કદી બીજી વખત જમા થતી નથી.

સવચંદ શેઠને આ પારકા રૂપિયા ઘેર લઈજવાનું ઠીક ન લાગ્યું. ઉપડયા સીધાં પાલીતાણા નગરે—સિદ્ધગિરિ ઉપર. ત્યાં તેઓએ એક ટુંક બંધાવી. વધારાનો ખર્ચ થયો તે કર્યો અને પોતાનું તથા સોમચંદ શેઠનું બંનેનું નામ ઉજળું કરવા સવા—સોમની ટુંક એવું ટુંકનું નામ રાખ્યું.

આને કહેવાય **સ્વામી વત્સલ કીજીયે રે** પંક્તિની સાર્થકતા, આવું સાધર્મિક વાત્સલ્ય હૃદયમાં જોઈએ. આ કાળે પણ લાખ રૂપિયો

મોટો લાગે છે તો વર્ષો પહેલાં લાખ રૂપિયાનું મૂલ્ય કેટલું હશે? છતાં સાધર્મિકની સ્થિતિ જોઈ આપી દેવા અને વળી પાછા ન લેવા તે કેટલું મોટું સાધર્મિક વાત્સલ્ય ગણાય?

સાધર્મિક વાત્સલ્ય માટે સંબંધોની ભૂમિકા કરતાં કહ્યું કે જગતમાં ચાર પ્રકારના સંબંધો છે. (૧) અતિ નીકટનાં (૨) નીકટના (૩) સામાન્ય (૪) કહેવા માત્રનાં.

માતાપિતા વગેરે અતિનીકટના કહેવાય. કાકા-મામા વગેરે નિકટના કહેવાય, નાતીલા-જાતિલા સામાન્ય કહેવાય અને કામ પડે ત્યારે સલામ ભરનારા કહેવા માત્રના સંબંધિ. તો આ ચારેમાં સાધર્મિકનો સંબંધ ક્યાંનો?

શાસ્ત્રકાર જણાવે છે કે આ સંસારમાં જન્મ મરણ પામતા જીવોએ પરસ્પર સર્વે [બધાં]ની સાથે માતાપિતાદિ સંબંધો પૂર્વકાળમાં અનેક વખત પ્રાપ્ત કર્યા છે. પણ સાધર્મિકપણાનો સંબંધ પામનાર જીવો બહુ થોડાં છે. એ સંબંધ જ જીવને ધર્મમાં સ્થાપન કરવા કે સ્થિર કરવા ઉપયોગી અને કાયમનો છે.

તેથી જ મન્નહ જિણાણં સજઝાયમાં મુકેલ **સ્વામી વત્સલ કીજીયે રે** કર્તવ્ય દર્શનાચારના સાતમાં આચાર તરીકે પણ જણાવાયું છે અને શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યોમાં બીજું કતવ્ય પણ છે. તેથી સાધર્મિકનો સંબંધ સૌથી મહત્ત્વનો ગણ્યો. કેમકે બાકીના સંબંધો દેહ સાથે સંકડાયેલા છે. જ્યારે સાધર્મિકનો સંબંધએ આત્મીય સંબંધ છે.

જોગીદાસ ખુમાણનો એક પ્રસંગ આવે છે. તેના કાને શોક સમાચાર અપાયા કે મહારાજા વજેસંગના દાદભા ગુજરી ગયા-શું થયું?

ભાવનગરની શેરીએ ભમી ભમીને મેં કાનો કાન વાત લીધી કે શિહોરથી દશેરાને દી નાનલબા રાણીએ કુંવરને ભાવનગર દરિયો પુજવા બોલાવ્યા. કુંવર દરિયો પુજીને પાછા વળ્યા. ત્યારે નાનલબાએ મંત્રેલા અડદના દાણે વધાવ્યા. ને કામણ કર્યું, કુંવરનું માથું ફાટવા લાગ્યું. શિહોર ભેળા થયા ત્યારે જીભ ઝલાઇ ગઈને દમ નીકળી ગયો બાપ! શિહોરને ભાવનગરની શેરીએ શેરીએ છાતી ફાટ વિલાપ થાય છે. આવા! દાદભાની દેન પડે તેનું સનાન તો આપણને પણ આવેને?

સહુ બહારવટીયા ફાળીયાં પહેરી નદીમાં માથા બોળ નાહ્યા. પછી જોગીદાસ બોલ્યો, બાપુ ! આપણે મહારાજાના મોઢા સુધી ખરખરે જાવું જોઈએ ને ?

આ જોગીદાસ એજ વજેસંગ સામે બહારવટે નીકળેલો છે. રોજ ગામ ભાંગે છે. તેનું માથું વાઢવા રાજ તૈયાર થયેલ છે. હજારોની ફોજો તેની પાછળ ફરી રહી છે. છતાં જોગીદાસ ખુમાણને આ ખાનદાની મનસુબો આવ્યો.

આપા કહે જાઓ ભલે, પણ સીધાં દરબારગઢમાં મહારાજા ઓળખે તેવું કરજો, મહારાજા તો સમજી જશે કે આ લૌકિકે આવેલા છે. પણ પાસવાનો નહીં સમજે તો ઝાટકાનો જ વખત આવશે.

કુંડલાના કાઠી ડાયરા સાથે માથે ઓઢી છાનો મુનો બેઠો છે. પાચસોના સમુદાયમાં માથે ફાળીયું નાખી બેઠેલો જુવાન કોણ છે, તે ખબર ન પડી. ડેલીએ સૌ રુએ છે. મહારાજા માથે હાથ મુકી છાના રાખે છે.

મહારાજા સાદ વરતી ગયા. છાના રહો જોગીદાસ છાના રહો. નામ પડતાં તો બધાં હાંફળા ફાંફળા થવા લાગ્યા. પણ બહારવટીયો જોગી એટલું જ બોલ્યો. "ભલો વરત્યો રાજ" પારખું નહીં ? પાંચસો વચ્ચે તારો હાંકોટો થાય ને તે વિલાપ હું પારખું. નહીં ! સહું બહારવટીયો બહારવટીયો કર્યા કરે છે. તરત દરબારે રોકયા, આજે જોગીદાસ બાઝવા નથી આવ્યો. દીકરો ફાટી પડયો એના કારજે આવ્યો છે, મહારાજા અને જોગીદાસ બન્નેની આંખે ઝળઝળીયા આવી ગયા.

આનું નામ સામસામો રાખેલો સાધર્મિક સંબંધ

> एगत्थ सव्वधम्मा, साहम्मिवच्छल्लं तु एगत्थ
> बुद्धितुलाए तुलीआ, दो वि अ तुलाइं भणियाहिं

એક તરફ દાનાદિ સર્વ ધર્મો અને એક બાજુ માત્ર સાધર્મિક વાત્સલ્ય મુકીને બુદ્ધિ રૂપી તુલા વડે તોલવામાં આવે તો બન્ને સમાન થાય છે. એમ જ્ઞાનીઓએ કહેલું છે.

સાધર્મિક વાત્સલ્યનો કેટલો મહિમા જણાવ્યો કે સર્વ ધર્મો સાધર્મિકોમાં રહેલા છે. તેની સેવા કરવાથી સર્વધર્મોની સેવા થાય છે. વળી સાધર્મિકએ સર્વધર્મોના આધાર રૂપ છે, તેના અભાવે બીજા

ધર્મો ટકાવવા મુશ્કેલ બનશે. માટે તેનું મૂલ્ય સર્વ ધર્મોને ભેગા કરીએ એટલું છે. તેમ કહ્યું.

માનો કોઈ સ્થાને જૈન ધર્મ પાળનારા બિલકુલ ન હોય તો જૈન ધર્મ પ્રરૂપીત દાન શીલ–તપ–ભાવ રૂપ ધર્મ જોવા મળશે ખરો? જોવા મળશે તો ટકશે ખરો? કારણ કે ધર્મના ટકવાનો આધાર ધર્મના પાલન કરનારા પર છે.

સાધર્મિક વાત્સલ્ય થકી તીર્થંકર પદવી સુધીની પ્રાપ્તિ થઈ શકે છે. સંભવનાથ પરમાત્મા પુર્વે ત્રીજા ભવે વિમળ વાહન રાજા હતા. તેમણે દુકાળમાં મોટી સાધર્મિક ભક્તિ કરીને જ તીર્થંકર નામ કર્મ બાંધેલું હતું,

## પ્રશ્ન :– ૨૦ સ્થાનકમાં સાધર્મિક વાત્સલ્ય કોઈ સ્થાને નથી તો તમારી વાત કઈ રીતે સાચી ?

**—સમાધાન—** ત્રીજું સ્થાનક છે પ્રવચન ભક્તિ, પ્રવચનથી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું પાલન કરનારો સંઘ સમજવો. તેની ભક્તિ તે સાધર્મિક ભક્તિ – તે પદની આરાધના વડે સંભવનાથ પ્રભુના જીવે તીર્થંકર નામ કર્મ બાંધેલું.

રાજા દંડવીર્યને નિયમ કે આંગણે આવેલા સાધર્મિકને જમાડીને જમવું. રાજ તરફથી મોટું રસોડું ચાલે દેશ વિદેશના સર્વ સાધર્મિકોની ત્યાં ભક્તિ થાય છે. ભોજન સમયે દંડવીર્યરાજા તપાસ કરે કે બધાં સાધર્મિકો જમ્યા કે નહીં? ક્યારેક સાંજ પણ થઈ જાય. છતાં રાજા પોતાની જાતને ભાગ્યશાળી માને.

એક વખત ઈન્દ્ર તેની પરીક્ષા કરવા માટે આવ્યા. શ્રાવકનું રૂપ લીધું. રાજાએ સન્માનપૂર્વક ભોજન માટે વિનંતી કરી. વસ્તુઓ પીરસાણી. એક વખત ખલાસ. – બીજી વખત ખલાસ – ત્રીજી ચોથી વખત વાનગી પીરસાણી. બધી ખલાસ રસોઈયા જોઈ રહ્યા. આ કેવો જમવાવાળો છે. મંત્રીના ઈશારાથી પીરસવાનું ચાલું જ રહ્યું, નવા નવી રસોઈ બનવા લાગી. રાજા દંડવીર્યને, ખબર પડી, જાતે આવ્યા પેલો શ્રાવક બનેલો ઈન્દ્ર કહે તમે પણ ઠીક છો મને એક ને જમાડી નથી શકતા. તો આટલા બધાં શ્રાવકને કેમ જમાડતા હશો,

ઈન્દ્ર નવું નવું રંધાતુ ધાન્ય સાફ કરતાં જ જાય છે. રાજાને થયું નક્કી કોઈ દેવ જ મારી પરીક્ષા કરવા આવ્યા છે. છેલ્લે રાજા

ન થાકયો ત્યારે ઈન્દ્ર પ્રગટ થયાં અને રાજાને ઉત્કટ ભક્તિ માટે ધન્યવાદ આપ્યા. માટે કહ્યું છે કે –

## સ્વામી વત્સલ કીજીયે રે લાલ

સાધર્મિક વાત્સલ્યનું મહત્વ સમજ્યા પછી તેની વિધિ જણાવતા ઉપદેશ કલ્પવલ્લીમાં કહ્યું.

કેટલાંક શ્રાવકો બારવ્રત ધારી હોય, કોઈ પાંચ અણુવ્રત પાળતા હોય, કોઈ સામાયિક વ્રતવાળા હોય, કોઈ જિનપૂજા કરનારા હોય, કોઈ સમકિત ધારી હોય, કોઈ બ્રહ્મચર્ય પાળનારા હોય, કોઈ સચિત ત્યાગી હોય, કોઈ તીર્થયાત્રા કરનારા હોય, આવા અનેક પ્રકારે વ્રતોનું પાલન કરનારા હોય તેઓનું વાત્સલ્ય વિવેકી જનોએ કરવું જોઈએ. જેઓ માત્ર રોજ નવકાર ગણનાર છે તે પણ પુણ્ય કાર્ય કરનારા છે માટે તેમને સાધર્મિક ગણી તેમને સન્માનપૂર્વક સાકર–ખારેક–ટોપરાં, વિવિધ પ્રકારના પકવાનો, ઘીવાળાં અન્ન તાંબુલ, સુગંધી દુધ કે જલપાન કરાવીને તથા વસ્ત્ર કે તિલક દ્વારા સન્માનીને અલંકારાદિ પહેરામણી કરી સાધર્મિક વાત્સલ્ય કરવું.

શ્રી જિનશાસન કહે છે કે ઘેર આંગણે આવેલા સાધર્મિકને જોઈને જેના હૃદયમાં હર્ષ થતો નથી તે પુરુષ સમકિતવંત છે કે નહીં તેનો જ સંદેહ છે. મોક્ષ ફળ ઇચ્છનારાઓએ સાધર્મિક જનોનું વાત્સલ્ય કરવું તો જ તેની લક્ષ્મી સફળ છે માટે– **"સ્વામી વત્સલ કીજીયે રે"**

પંચાયણ શ્રેષ્ઠીએ આદરપૂર્વક શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કરેલાં. રોજ નવું સ્તોત્ર કે શ્લોક ભણે, પ્રતિક્રમણ કરે, પૂજા કરે અને એ રીતે દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરે. સાધર્મિક વાત્સલ્ય પણ કરે.

ભિન્ન ભિન્ન દેશોમાં ઉત્પન્ન થયેલાં પાકો, સિંહ કેસરીયા લાડુ, સુસંસ્કૃત પકવાન વિવિધ અન્ન, સુગંધી પાનબીડાંથી સાધર્મિકોને સત્કારે. ભોજન બાદ વિવિધ દેશમાં ઉત્પન્ન થયેલ ઉજ્જવલ વસ્ત્રો વડે પહેરામણી કરે.

આ રીતે પ્રત્યેક શ્રાવકોએ સાધર્મિક વાત્સલ્ય યથાશક્તિ કરવું જોઈએ.

विवायं कलहं चेव सव्वहा परिवज्जए
साहम्मिएहिं सद्धिंतु जओ एअं विआहियं
जो किर पहणइ साहम्मिअंमि कोवेण दंसणमयंमि
आसायणं तु सो कुणई–निविकवो लोगबंधूणं

શ્રાદ્ધદિન કૃત્ય ગાથા ૨૦૨–૨૦૩માં જણાવે કે સાધર્મિકોની સાથે વિવાદ–કલહ સર્વથા ન કરવો. કારણ કે દર્શનમય સાધર્મિકને ક્રોધથી જે મારે છે તે નિર્દય [આત્મા] ત્રિલોકબંધુ શ્રી તીર્થંકર દેવની આશાતના કરે છે.

એક વખત ડેલિયમના યુદ્ધમાં એથેન્સવાસીઓનો પરાજય થયો. તેઓએ યુદ્ધ મેદાનમાંથી નાસી છુટી જીવ બચાવવા સિવાય કોઈ વિકલ્પ ન રહ્યો. તે સમયે સોક્રેટીસ પણ લશ્કરમાં હતાં. માર્ગમાં ઝોનો ફ્રેન નામે સૈનિક ઘાયલ પડેલો–કણસતો હતો.

જીવ બચાવવા નાસતો કોઈ એથેન્સવાસી ત્યાં ઉભો ન રહ્યો. સોક્રેટીસે ઝોનોફ્રેનને પોતાની પીઠ પર ઉંચકી લીધો. માંડયા એથેન્સ તરફ ભાગવા. આ જોઈ સૈનિકે કહ્યું અરે સોક્રેટીસ તું શું કરી રહ્યો છે, પાછળ દુશ્મનનું ટોળું આવી રહ્યું છે, જો પકડાઈશ તો જીવતો નહીં રહે. ઝોનો ફ્રેનને મુકીને દોડવા માંડ. સોક્રેટીસ કહે એ ન બને. આપણે અહીં મરવા આવ્યા છીએ. મોતની બીક નથી જો આને છોડી દઉં તો મારું બંધુત્વ લાજે.

આવી ભાવના હોય સાધર્મિક વાત્સલ્યની

સંઘ પૂજનનો રૂપીયો આવે ત્યારે એક સુંદર ફ્રેમમાં મઢાવી રાખજો. કોઈ પૂછે તો કહેજો કે આના હું રોજ દર્શન કરું છું કેમકે મને સાધર્મિક તરીકે આ રૂપીયો મળ્યો છે. તેને પગે લાગવાથી મને રોજ યાદ આવે છે **સ્વામી વત્સલ કીજીયે રે–**

□

## (૯૫) વ્યવહાર શુદ્ધિ

–શુદ્ધ વ્યવહાર તે ધર્મનુમૂલ

ववहार सुद्धी धम्मस्स, मूलं सव्वनु भासए
ववहारेण तु सुद्धेणं अत्थसुद्धी जओ भवे

સર્વજ્ઞ ભગવંતે ધર્મનું મૂળ વ્યવહાર શુદ્ધિને કહ્યું છે. શુદ્ધ વ્યવહારે કરીને જ અર્થની શુદ્ધિ થાય છે.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકનું ત્રેવીશમું કર્તવ્ય જણાવ્યું **"વ્યવહાર શુદ્ધિ"** તેનું મહત્ત્વ જણાવતાં શ્રાદ્ધ ગુણ વિવરણમાં આ શ્લોકમાં કહ્યું કે વ્યવહાર શુદ્ધિ ધર્મનું મૂળ છે.

થોડાં વર્ષ પહેલાં લોકો પણ કહેતા ભાઈ, કપડાં મેલા હોઈ તેથી કાંઈ શરમાવા જેવું નથી વ્યવહાર ઉજળો હોવો જોઈએ. પૈસા તો આજ છે કાલ નથી આબરૂ જળવાઈ એટલે ભયો ભયો. આમ વ્યવહાર શુદ્ધિ એ પાયો છે. તે જેટલો ઉંડો જાય તેટલી ધર્મની ઈમારત ઊંચી આવે–કારણ

**શુદ્ધ વ્યવહાર તે ધર્મનું મૂલ**

એક વખત ધંધામાં ભયંકર ફટકો લાગ્યો. આબરુંનું વહાણ તળીયે બેસે તેમ હતું ત્યારે શ્રેષ્ઠીએ માત્ર તિજોરી જ નહીં શેઠાણીના અંગ પરના તમામ દાગીના આપી દીધાં ને દેવું ચુકવવા માંડયું. છતાં છેલ્લો લેણદાર આવ્યો ત્યારે કાન પર હાથ જતાં સોનાની વારી જોઈ. અરે વાહ! હજી આ બાકી છે. ખૂબ ખૂબ આનંદ થયો શેઠને. વારી પણ આપી દીધી. ધન ભલે ગયું પણ વ્યવહાર ચોખ્ખો થયો માટે જ શ્રાદ્ધ ગુણ વિવરણમાં લખ્યુ કે **શુદ્ધ વ્યવહાર એ ધર્મનું મૂળ** છે. શુદ્ધ વ્યવહારે કરી ને અર્થ શુદ્ધિ થાય છે.

सुद्धेण चेव अत्थेणं आहारो होइ सुद्धेण
आहारेण तु सुद्धेणं देह सुद्धी जओ भवे
सुध्धेणं चेव देहेण धम्म जुग्गो य जायई
जं जं कुणइ किच्चंनु तं तं ते सफलं भवे

શુદ્ધ અર્થે કરીને જ આહાર શુદ્ધ થાય છે. શુદ્ધ આહારથી દેહની શુદ્ધિ થાય છે શુદ્ધ દેહે કરીને જ ધર્મને યોગ્ય થવાય છે અને જે જે કાર્ય કરાય તે તે તેનું કાર્ય સફળ થાય છે.

આ રીતે જીનેશ્વર પરમાત્માએ જણાવ્યું છે કે ધર્મનું મૂળ **"વ્યવહાર શુદ્ધિ"** છે. તેથી વ્યાપાર કરતી વેળા ઓછું આપવું–વધારે લેવું માપવાના કાટલાં પ્રમાણ કરતાં વધુ–ઓછાં રાખવા સારો માલ દેખાડી ખરાબ માલ આપવો, નબળો માલ ભેળવી દેવો, લાંચ–રૂશ્વત લેવી, વિશ્વાસઘાત કરવો વગેરે અન્યાયો પૂર્વકનું દ્રવ્ય ઉપાર્જન કરવું ગૃહસ્થને યોગ્ય નથી.

કારણકે શુદ્ધ વ્યવહારથી ઉપાર્જિત દ્રવ્ય તે જ અર્થશુદ્ધિ છે. તે રીતે શુદ્ધ અર્થ હોય તો જ તેનાથી ખરીદેલો આહાર શુદ્ધ સાત્વિક હોઈ શકે. આહાર શુદ્ધિ થતાં શરીરના પરમાણુઓ નિર્મળ થાય છે. શરીર અને દ્રવ્ય મનનાં પરમાણુંઓ નિર્મળ થતાં ક્રમશઃ કર્મ મળ નાશ પામવા લાગે છે. કર્મમળના નાશ પામવા વડે કરીને આત્મા ઉત્તરોત્તર ઉચ્ચ દશાને પ્રાપ્ત કરે છે. દેશ વિરતિ અને સર્વ-વિરતિને પામવા વડે કરીને ઉત્તમોત્તમ આરાધના દ્વારા અષ્ટમાદિ ગુણસ્થાનો પ્રાપ્ત કરી ઘાતિ કર્મોનો ક્ષય કરી મોક્ષ પદને પામે છે.

अन्नहा अफलो होइ जं जं किञ्चंतु सो करे
व्यवहार शुद्धि रहिओय धम्मं खिंसावए जओ

અન્યથા [જો વ્યવહાર શુદ્ધિ રૂપ કર્તવ્ય ન જાળવે તો] વ્યવહાર શુદ્ધિ રહિત પુરુષ જે જે કાર્યો કરે છે. તે તે કાર્ય ફળ વગરનું થાય છે. અને ધર્મની લઘુતા કરાવે છે. એટલા માટે જ શ્રાદ્ધ ગુણ વિવરણમાં લખેલું છે કે અન્યાય વડે ઉપાર્જન કરેલ દ્રવ્ય દશ વર્ષ સુધી રહે છે અને અગીયારમું વર્ષ પ્રાપ્ત થયે છતે તે મૂળ સહિત યાને સર્વથા નાશ પામે છે.

શાદેસળના જીવને તે દિવસે કોઈ રીતે જંપ નથી. તેની નિંદર એક ચિંતાએ હરી લીધી છે. કોરી ખાય છે એ ચિંતા તેને, રાતમાં વારે વારે ઉઠીને એક કાગળીયો હાથમાં લે છે અને કાગળીયો જોઈ વિચારમાં ગરકાવ થઈ જાય છે.

કાગળમાં એક લખત હતું. લખી દેનારો હતો કણબી અને લખાવનાર શાહુકાર. શાહુકારને ખેડુએ લખી દીધેલ કે એક હજાર

કોરી મેં તમારી પાસેથી લીધી છે તે વ્યાજ સહિત ભરી જવી છે— સૂરજ ચંદ્રની શાખે—

આ દસ્તાવેજમાંથી નવોજ મામલો ઉભો થયો છે ખેડુ કહે છે મેં કોરી ભરી દીધી છે. વાણિયો કહે છે તદ્દન જૂઠી વાત છે. ખેડુએ કોરી ભરી નથી. ખેડુએ કોરી ચુકવ્યાનો કોઈ સાક્ષી નથી.

ન્યાય દેવડીએ ફેંસલો આપ્યો, કણબી કુડ કરે છે.

મધરાતે દરબાર ગઢની દેવડીએ કણબીની ચીસ પડી. જિયેરા જિયેરા મારી વારે ધાજો જિયેરા મારો ઈન્સાફ તોળો. હું એક હજાર કોરી ઉપર આસુંડા નથી પાળતો, પણ કણબીનો દીકરો થઈને ખોટો પડુ છું.

કાગળીયા તપાસી રા'એ નીસાસો મૂકયો. તારી કોરી ભર્યાની કોઈ નિશાની નથી મળતી. નિશાની કરી છે. અન્નદાતા મેં ચોક્કસ નિશાની કરી છે. શાહુકારના કહેવાથી લખત ઉપર મેં મારે સગે હાથે ચોકડી મારી છે. અન્નદાતા.

“ચોકડી”! ચમકીને રા' એ પુછયું. આ લખત ઉપર ચોકડી મારી છે ? રા'ના હાથમાં દસ્તાવેજ છે પણ તેના પર કયાંય ચોકડી નથી મારી.

બાપુ, ચોકડી છે કાળી રૂશનાઇથી મારી છે. એક મોટી ચોકડી. કાગળના એક ખૂણેથી બીજા ખૂણા સુધી લાંબી લાંબી ચોકડી છે.

તું ભુલ્યો લાગે છે. ભાઇ, આ લખતમાં કાળું ટપકું એ નથી બાપુ! ગમે તે થયું પણ હું ભૂલ્યો નથી. આજ લખત પર મેં ચોકડી મારી છે. સમસ્યા વસમી થઈ. રા' વિચારે ચડયો.

રા' એ શાહુકારને બોલાવ્યો. શેઠ કોઈ કુડ હોય તો કહી નાખજો હું આ વાતનો તાગ લઈશ.

હાથ જોડી ઠાવકે મોંએ વાણીયો બોલ્યો, બાપુ! મારે શું કહેવાનું હોય ? આ કાગળીયો જ જે કહેવું છે તે કહેશે.

રા' નો સુર અક્કડ થયો. શેઠ ગોટા વાળતા નહીં. પછી નાગ-ફણીયું જડાવીને મારી નાખીશ હોં ! પણ દરબાર મનથી મુંઝાય છે. હવે આનું કરવું શું ? કાગળીયો ફેરવી ફેરવીને જુએ છે. કાગળના કણેકણમાં નજર ફેરવી. એક શબ્દ પર તેની નજર ચોંટી ગઇ.—“સૂરજ ચંદ્રની શાખે.”

રા' વિચાર કરે, અરે ! આ કઈ જાતની શાખ. માણસની શાખ હોય તે તો બરાબર. પણ આ વળી સૂરજ—ચંદ્રની શાખ શું ? જરૂર

આમાં કંઈ ભેદ હોવો જોઈએ. એટલું વિચારી રાજાએ સૂરજ સામે કાગળીયો ઝાલી રાખ્યો.

પાછળની બાજુ નજર કરી ત્યાં સામસામા ચાર ખૂણા સુધીની ચોકડી દેખાઈ. બોલો શેઠ શું કુડ કર્યું છે?

રા' પોતાની અંતરની અગન જાળને દબાવી પુછે છે. કણબી કહે છે કે તેણે ચોકડી મારી છે. તમે કહો છો નથી મારી. બોલો શું કપટ છે?

જિયેરા તો તો કાગળીયો બોલશો ને?

પટેલ તમારો કોઈ સાક્ષી છે.–ના જિયેરા કાળો કાગડો ય નથી.

આમાં લખ્યુ છે. સૂરજ ચંદ્રની શાખે–

વાણીયો બોલ્યો. એ તો લખવાનો રિવાજ, બાકી સૂરજ ચંદ્રની શાખ વાળા કંઈક લખાણ ડૂબી ગયા.

પટેલ તમને આસ્થા ખરી, સૂરજ ચંદ્ર પર?

દાદા દેવતા તો શાખ દીધા વિના રહેતા જ નથી. પણ એ શાખ ઉકેલવાની આંખો વિનાના માનવી શું કરે?

ઓરા આવો શેઠ, બોલો શું કરામત કરી' તી. સાચું બોલશો તો છોડી દઈશ.

શરમિંદા વાણીયે પોતાની ચતુરાઈનું પાપ વર્ણવ્યું. બાપુ! ચોકડીની શાહી લીલી હતી ત્યાં જ ઝીણી ખાંડની ભુકી તેના પર ભભરાવીને કીડીના દર પાસે ચોપડો મુકી દીધો તો. ચોકડીની લીટીએ લીટી ચડીને ખાંડ સાથે એક રસ થયેલ શાહી કીડીઓ ચુસી ગઈ.

રા' એ સીધો તેને કેદમાં નાખી દીધો.

ત્યારે આપણને શાસ્ત્રકાર મહર્ષિનું વાક્ય યાદ આવે.समूलं च विनश्यति મૂળ સહિત સર્વથા નાશ પામે છે.

માટે શ્રાવકોએ વ્યવહાર શુદ્ધિ રાખવી જોઈએ.

**જી રે મારે લોભ તે દોષ અથોભ**
**પાપ સ્થાનક નવમું કહ્યું જી રે જી**
**જી રે મારે એ સર્વ વિનાશનું મૂળ**
**એહથી કિહુંણે ન સુખ લહ્યું જી રે જી**

ववहार सुद्धि देसाइ विरुद्धच्चाय उचिअ चरणेहिं
तो कुणइ अत्थचिंत निव्वाहिंतो निअंधम्मं

વ્યવહાર શુદ્ધિમાં ખરેખર મન વચન કાયાની નિર્મળતા છે. નિર્દોષ વ્યાપારમાં મન-વચન કર્મથી કપટ રાખવું નહીં. અસત્યતા કે અદેખાઈ પણ રાખવી નહીં તેથી વ્યવહાર શુદ્ધિ થાય છે. કારણ કે **–શુદ્ધ વ્યવહાર તે ધર્મનું મૂળ છે.**

ઉપરના શ્લોકમાં લખ્યું કે **व्यवहार शुद्धि देसाइ विरुद्धच्चाय** દેસાદિક વિરુદ્ધનો ત્યાગ કરીને વ્યાપાર કરતાં જે દ્રવ્ય ઉપાર્જન કરાય છે. તે ન્યાયોપાર્જિત વિત્ત ગણાય છે.

**૦ દેસાદિ વિરુદ્ધ એટલે શું ?**

વ્યાપારમાં વ્યવહાર શુદ્ધિ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એ ચાર ભેદે છે.

(૧) દ્રવ્યશુદ્ધિ :– પંદર કર્માદાન–ઈંગાલ કર્મ વગેરેનું કારણ એવું કરિયાણું સર્વથા વર્જવું. કેમકે ધર્મને પીડા કરનારું અને લોકમાં અપયશ કરનારું કરિયાણું ઘણો લાભ થતો હોય તો પણ પુણ્યાર્થી જીવોએ કદી લેવું કે રાખવું નહી. તૈયાર વસ્ત્ર–સુતર–નાણું–સોનું રૂપું વગેરે વ્યાપારની ચીજ પ્રાયે નિર્દોષ હોય છે. વળી વ્યાપારમાં જેમ આરંભ ઓછો હોય તેમ ચાલવું. આજીવિકા નિમિત્તે કરવું પડે તો પણ આત્મા તથા ગુરુ સાક્ષીએ નિંદા કરી વ્યાપાર કરવો.

(૨) ક્ષેત્રશુદ્ધિ :– ક્ષેત્રથી જ્યાં સ્વચક્ર–પરચક્ર માંદગી વ્યસન આદિનો ઉપદ્રવ ન હોય તથા ધર્મની સર્વ સામગ્રી હોય તે ક્ષેત્રમાં વ્યાપાર કરવો. બીજે સ્થાને ઘણો લાભ થતો હોય તો પણ વ્યાપાર ન કરવો.

(૩) કાળ શુદ્ધિ : કાળથી ત્રણ અઠ્ઠાઈ, પર્વતિથિ, [પર્યુષણ]માં વ્યાપાર વર્જવો. વર્ષાદિઋતુ આશ્રીને જે જે વ્યાપારનો સિદ્ધાંતમાં નિષેધ છે તે તે વ્યાપાર ન કરવો.

(૪) ભાવ શુદ્ધિ :– ભાવથી વ્યાપાર કાર્યના ઘણાં ભેદ છે. જેમ કે ક્ષત્રીય વ્યાપારી કે રાજા સાથે થોડો વ્યવહાર પણ કર્યો હોય તો પ્રાયે લાભ થતો નથી. પોતના હાથે આપેલું દ્રવ્ય પણ માગતાં જે લોકોથી ડર રાખવો પડે તેવા શસ્ત્રધારી લોકોની સાથે થોડો વ્યવહાર કરવાથી પણ કઈ રીતે લાભ થવાનો ?

તેથી ઉત્તમ વણિકે ક્ષત્રિય વ્યાપારી, બ્રાહ્મણ વ્યાપારી તથા શસ્ત્રધારી સાથે કોઈ કાળે વ્યવહાર કરવો નહીં. વિશેષે કરીને નટ–વિટ

વેશ્યા–જુગારી સાથે ઉધાર વ્યવહાર ન કરવો. કારણ કે તેથી મૂળ દ્રવ્યનો પણ નાશ થવાનો સંભવ છે.

વ્યાજ–વટાવ કરનાર વ્યાપારીએ દ્રવ્ય કરતાં અધિક મૂલ્યવાન વસ્તુ ગિરવી રાખીને જ વ્યવહાર કરવો. જેથી ઉઘરાણી વખતે કલેશ કે વિવાદ થાય નહીં અને ધર્મની પણ હાનિ ન થાય.

જિનદત્ત શ્રેષ્ઠીને મુગ્ધ નામે પુત્ર હતો. પોતાના નામ મુજબ ભોળો. બાપની મહેરબાનીથી સુખમાં લીલા લહેર કરે. અવસર આવતાં શ્રેષ્ઠીએ તેને પરણાવ્યો. અને તેને ગુઢ અર્થના વચનથી ઉપદેશ આપ્યો કે હે વત્સ–

(૧) સર્વ ઠેકાણે દાંતની વાડ રાખવી. (૨) વ્યાજે ધીર્યા પછી ઉઘરાણી ન કરવી. (૩) બંધનમાં પડેલી સ્ત્રીને મારવી (૪) મીઠું ભોજન જ કરવું (૫) સુખે નિદ્રા કરવી (૬) ગામે ગામ ઘર વસાવવું (૭) દરિદ્રાવસ્થામાં ગંગા તટ ખોદવો (૮) કંઈ શંકા પડે તો પાટલી પુત્ર નગરે જઈ સોમદત્ત શ્રેષ્ઠી નામે મારા સ્નેહીને પૂછવું.

મુગ્ધ શ્રેષ્ઠી તો કંઈ સમજ્યો નહીં. ભોળપણમાં બધું નાણું ખોયું. સ્ત્રી વગેરેને પણ અપ્રિય બની ગયો. એકે કામ તેના થતાં નહીં. વધારામાં લોકો મહામુર્ખ સમજવા લાગ્યા. એટલે તે છેલ્લે સોમદત્ત શ્રેષ્ઠીને મળવા પાટલીપુત્ર ગયો.

પિતાએ આપેલા ઉપદેશ મુજબની વાત કરી પૂછયું કે હું આમાંનું કંઈ સમજતો નથી તો આપ મને ભાવાર્થ સમજાવો.

સોમદત્ત શ્રેષ્ઠીએ કહ્યું સાંભળ –

(૧) સર્વ ઠેકાણે દાંતની વાડ કરવી મતલબ કોઈને કંઈ કડવું કહેવું નહીં, પ્રિય લાગે તેવા જ વચનો બોલવા.

(૨) કોઈને વ્યાજે ધીર્યા પછી ઉઘરાણી ન કરવી એટલે કે પ્રથમથી જ અધિકાંશ–મૂલ્યવાળી વસ્તુ ગિરવી રાખીને દ્રવ્ય ધીરવું, જેથી દેવાદાર જાતે જ પૈસા આપવા આવે.

(૩) બંધનમાં પડેલી સ્ત્રીને મારવી એટલે કે પુત્ર–પુત્રી હોય તો જ તાડના કરવી નહીં તો રોષે ભરાયેલી તે કયારેક કુવો પુરે કે પિયર ભાગી જાય.

(૪) મીઠું ભોજન કરવાનો અર્થ એ કે પ્રીતિ આદર દેખાય ત્યાં જ ભોજન કરવું અથવા તો ભુખ લાગે ત્યારે જ ખાવું જેથી સર્વ કંઈ મીઠું લાગે.

(૫) સુખે નિદ્રા લેવી મતલબ જ્યાં કોઈ જ શંકા ન હોય ત્યાં સુવું.

(૬) ગામે ગામ ઘર કરવા એટલે એવી મૈત્રી રાખવી કે જેથી ઘરની જેમ ભોજનાદિક સુખેથી મળે.

(૭) દરિદ્રાવસ્થામાં ગંગાતટ ખોદવો તે સલાહનો અર્થ એ છે કે જ્યાં ગંગા નામે ગાય બંધાય છે તે ભૂમિ ખોદવી, એટલે તારા પિતાએ દાટેલું ધન મળી જશે.

આ રીતે વર્તવાથી તે સુખી થયો. લોક માન્ય થયો. આ શુદ્ધિ તે દ્રવ્યાદિક શુદ્ધિ જાણવી. પૂર્વે કહ્યા મુજબ વ્યવહારિક શુદ્ધિ રહિત પુરુષ જે જે કાર્યો કરે છે તે તે કાર્ય ફળ વગરનું થાય છે અને ધર્મની લઘુતા કરાવે છે.

ધર્મની લઘુતા થવાથી —

धम्म खिंसं कुणताणं अप्पणो अपरस्सय
अबोही परमा होइ इ इ सुत्ते विभासियं

ધર્મની હેલના કરવાવાળો પોતાના આત્માનો અને બીજાના બોધિબીજ—સમ્યક્ત્વનો નાશ કરે છે એમ સૂત્રમાં પણ કહ્યું છે. તેથી તમે ટુંકું સૂત્ર ગોખી રાખો કે—

**"શુદ્ધ વ્યવહાર તે ધર્મનું મૂળ"**

એક નગરમાં હેલોક નામે શ્રેષ્ઠી રહેતો. તેને હલી નામે ભાર્યા અને હાલાક નામે પુત્ર હતો. તે હેલોક શ્રેષ્ઠી મીઠા આલાપો અને ખોટા ત્રાજવાથી—ખોટા માપથી, નવી—જૂની વસ્તુની ભેળસેળ કરી દઈ, રસની મિલાવટ કરીને, ચોરીના પદાર્થો ગ્રહણ કરીને પાપ વ્યાપારપૂર્વક ભોળા અને ગામડીયા લોકોને ઠગવાનો ધંધો કરી ધન ઉપાર્જન કરતો.

લોકો ધીમે ધીમે તેને હેલોકને બદલે વંચક શ્રેષ્ઠી કહેવા લાગ્યા. નાના પુત્રની પત્નીએ પુછ્યું કે પિતાજીને લોકો વંચક શ્રેષ્ઠી કેમ કહે છે? શેઠના પુત્રે પોતાની ભાર્યાને શેઠની વ્યાપાર નીતિની વાત કરી.

શેઠને ધર્મિષ્ઠ પુત્રવધુએ સમજાવ્યું, આ રીતે વ્યવહાર શુદ્ધિ ન ન રાખી વ્યાપાર કરવાથી ધર્મની હેલના થશે. ઘરમાં પણ આ ધન લાંબુ ટકશે નહીં. તો આપ ન્યાય વડે અર્થોપાર્જન કરો.

વ્યવહાર શુદ્ધિથી લાવેલું થોડું પણ ધન લાંબુ ટકી રહેશે અને નિઃશંક ભોગ વગેરેને પ્રાપ્ત કરાવશે. આપ મારી વાતનો સ્વીકાર કરી છ માસ વ્યાપાર કરી જુઓ. નહીં તો પછી તમને ઠીક લાગે તેમ કરજો.

શ્રેષ્ઠીએ પુત્રવધૂના વચનને સ્વીકારી નીતિપૂર્વક વ્યાપાર શરૂ કર્યો. છ માસમાં તેણે પાંચ શેર પ્રમાણ સુવર્ણ ઉપાર્જન કર્યું. લોકોમાં તેની છાપ સુધરવાથી સત્ય અને પ્રમાણિક વ્યાપારી ગણાયો. લોકોને પણ વિશ્વાસ બેસ્યો.

વહુ કહે હવે પાંચ શેર સોનાની પાંચશેરી બનાવો. તેને ચામડા વડે મઢી ઉપર તમારું નામ અંકિત કરાવી રાજમાર્ગમાં મુકો. શ્રેષ્ઠીએ એ પ્રમાણે કર્યું છતાં ત્રણ દિવસ સુધી કોઈ અડકયું પણ નહીં. પછી મોટા જળાશયમાં નાંખી ત્યાં કોઈ મચ્છ ગળી ગયો. મચ્છના પેટમાંથી તે પાંચ શેરી નીકળતાં માછીમારે શેઠનું નામ વાંચ્યુ એટલે શેઠને દુકાને આપી ગયો.

આ રીતે વહુના વચનમાં વિશ્વાસ દૃઢ થવાથી શુદ્ધ વ્યવહાર વડે શેઠે ઘણું દ્રવ્ય ઉપાર્જન કરી સાત ક્ષેત્રમાં વાપર્યું માટે હે શ્રાવકો તમે પણ "વ્યવહાર શુદ્ધિ" જાળવો.

सुधीरर्थाजने यत्नं कुर्यान्न्याय परायणः
न्याय एवानपायोऽयममुपायः संपदांपदम्

ન્યાયમાં તત્પર થઈ સારી બુદ્ધિવાળા પુરુષે અર્થ ઉપાર્જન કરવામાં પ્રયત્ન કરવો. (કારણ કે) ન્યાય જ સંપત્તિનો વિઘ્નરહિત ઉપાય અને સ્થાન છે માટે હે શ્રાવકો તમે વ્યવહાર શુદ્ધિ વડે ધન ઉપાર્જન કરો.

જેમ ઘી–ગોળ આદિ પદાર્થો શુદ્ધ હોય તો મોદક પણ શુદ્ધ થાય છે તે રીતે જ ધન શુદ્ધિ વ્યવહાર શુદ્ધિ વડે થાય છે ધનશુદ્ધિ થતાં ધર્મ શુદ્ધિ થાય છે. માટે યાદ રાખો.

## શુદ્ધ વ્યવહાર તે ધર્મનું મૂળ

અલબત્ત આજના યુગમાં અનીતિના વધતાં પ્રમાણને કારણે વ્યવહાર શુદ્ધિની વાત જલ્દી ગળે ઉતરે તેમ નથી. એક પ્રસંગ બનેલો. એક સન્માન સમારંભમાં એક ગૃહસ્થને સન્માન પત્ર અપાયું. સોનાનું કાસ્કેટ ચાંદીની થાળીમાં મુકેલું. રાતનો સમય, અચાનક વીજળી ફેઈલ થતાં જરાવાર લાઈટ બંધ થઈ ને બેટરી વગેરે ચાલુ કરી દેવાયા ત્યાં તો સોનાનું કાસ્કેટ ગુમ થઈ ગયું.

આયોજકો કહે સજ્જનો અને સન્નારીઓ, કહેતાં દુઃખ થાય છે કે હકીકતે કાસ્કેટ ગુમ થયું છે. કોઈ બહાર ગયું નથી કે આવ્યું નથી માટે તમારામાંના જ કોઈ પાસે કાસ્કેટ છે. અમારે જડતી નથી લેવી.

પણ એક મિનિટ હોલમાં અંધકાર થશે ફરી પ્રકાશ થતાં પહેલા ફ્રાસ્કેટ મુકી દેશો તેવી આશા રાખીએ છીએ.

પ્રકાશ થયો ત્યારે ચાંદીની થાળી પણ ગુમ—આ છે વર્તમાન યુગની સ્થિતિ.

અહીં વ્યવહાર શુદ્ધિની વાત ગળે ઉતરે તે માટે વર્તમાન યુગનો બીજો દાખલો નોંધેલ છે.

મોડદર ગામનો પ્રસંગ છે. જામનગરના પ્રખ્યાત ગઢવી પિંગળશી ભાઈનો નોંધેલો.

તેજાણી ઝીણા ઠક્કરને લીરો અને જીવણ બે પુત્રો હતા. ઘેડ પંથકમાં તેમણે નામ કાઢેલું ગામડાનાં પ્રમાણમાં બહોળો વેપાર. આખા ઘેડ પંથકનું ઉન પરદેશ ચડાવે. કાલા કપાસનો વેપાર પણ ધમધોકાર ચાલે. ધીકતી કમાણી અને લીરા શેઠના બોલે આખું ગામ સુકાય.

લીરા શેઠને એક જ દીકરો. જીવણ શેઠને ત્રણ દીકરા પણ પ્રેમ એવો કે બધાં છોકરા લીરા શેઠના હોય તેમ લાગે.

એક વખત લીરો શેઠ સીમમાં આંટો દેવા નીકળ્યો છે. ખેડૂતને મન તો મા'રાજ પધાર્યા. કોઈ દુધની તાણ કરે. કોઈ પોંકની તાણ કરે. શેરડીની તાલ કરે લીરો શેઠ માલ જોઈને ખુશ થાય.

પ્રભાતે શેરડીના સાંઠાને ગોઠણે ચડાવી ભાંગીને બે કટકા થતાં થતાં બેય હાથ આંટીએ ચડી ગયા. એક કટકો જીવણના દીકરાને અને એક કટકો પોતાના છોકરાને આપ્યો પણ આંટી જોઈ ભે ખાઈ ગયા.

ભુંડી થઈ, આંટી પડી ગઈ. નક્કી મોત ઢુંકડું આવ્યું. લીરા તારી બુદ્ધિ બગડી કે શું ? નક્કી પાપનો પૈસો ક્યાંક આવી ગયો છે. સુનમુન થઈ ગયો. જીવણથી જીરવાતું નથી સૌ મુંઝાયા. બાપાને શું થઈ ગયું. લીરા શેઠ બોલતા નથી. જીવણને થયું મારી ક્યાંક ભૂલ થઈ ગઈ છે. જલ્દી મેઘાણંદ કાકાને બોલાવો. કાકા આવ્યા. પુછ્યું કે શું થયું ?

લીરા શેઠ કહે નોખા થવું છે. જીવણ માથે આભ તુટી પડ્યું. ભાઈ મારો કાંઈ વાંક ? ના જીવણ વાંક તારો નથી. પણ મારે હવે

ભાગ પાળવો છે. જીવણ મનમાં મુંઝાય છે. કોચવાતા કોચવાતા કહ્યું કે ભાઈ બધું તમે રાખો મારે કાંઈ ન જોઈએ.

જીવણ સો વાતની એક વાત મારે નોખાં થવું છે.

કાકા આવ્યા. કાકા સજ્જડ થઈ ગયા. લીરા શેઠની વાતનો ભરોસો બેસતો નથી. જીવણ કહે કાકા કાંઈ બન્યું નથી. કદાચ ભાવિની ચિંતા હોય કે જીવણને ત્રણ દિકરા ને મારે એક છે...... મેઘાણંદ કાકા કહે ફેરથી કોઈ દી' બોલીશમાં આ વાત.

લીરા શેઠ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. કાકા આજે હાથની આંટી પડી ગઈ. હવે મોત ઢુંકડું છે નહીં તો કોઈ દી' જીવણને મારા છોકરામાં ભેદ ન રાખું ને આ હાથ આંટીએ પડયો. મારો જીવ હાથમાં રેતો નથી. અરરર ! કોઇ દી' નહીંને મેં જીવણના છોકરાને મારા છોકરાના ભાગ પાળવામાં ભેદ રાખ્યો. હવે બુદ્ધિ બગડી એ જ ખટકો છે.

આગેવાનો કહે ઠીક. બન્ને અડધોઅડધો ભાગ કરો. લીરો શેઠ કહે નહીં. ચાર ભાગ કરો ત્રણ જીવણના દીકરાના અને ચોથો મારા દીકરાને

હા—ના હા—ના થઇ તો યે લીરા શેઠે તો ચાર ભાગ જ પાડયા. ઘેડ પંથકમાં બધાંયે તેના વ્યવહારથી મોંમાં આંગળી નાખી ગયા લીરો શેઠ છ મહિનામાં ગુજરી ગયો.

આ છે "વ્યવહાર શુદ્ધિ." તમે પણ સૌ **શુદ્ધ વ્યવહાર તે ધર્મનું મૂળ** સમજી શ્રાવકના ૨૩માં કર્તવ્યને પાલન કરનારા બનો.

□

# (૯૬) રથયાત્રા

—અંતરયાત્રા

अष्टाह्निकाभिधामेकां रथयात्रामथापरां
तृतीया तीर्थयात्रा चेत्याहु र्यात्रास्त्रिधा बुधाः

યાત્રાત્રિકનું વર્ણન કરતાં આ શ્લોકમાં જણાવે છે કે યાત્રા ત્રણ પ્રકારે. એક અઠ્ઠાઇ ઉત્સવ યાત્રા, બીજી રથયાત્રા, ત્રીજી તીર્થયાત્રા પંડિતજનોએ કહેલી છે.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકનાં કર્તવ્યોને વર્ણવતા ચોવીસ–પચીસમું કર્તવ્ય જણાવ્યું. રથયાત્રા અને તીર્થયાત્રા કરવી.

સૌ પ્રથમ ચોવીસમું કર્તવ્ય છે **રથયાત્રા.** રથયાત્રા શબ્દ સ્વયં સ્પષ્ટ જેવો છે. રથમાં પરમાત્મા સાથે નીકળતી યાત્રા અથવા રથની યાત્રા, જે યાત્રામાં રથ મુખ્ય છે તે યાત્રા. એ પ્રકારે વિભિન્ન અર્થ થઈ શકે. પણ જૈનોમાં પારિભાષિક શબ્દ જેવો બની ગયેલ. આ રથ-યાત્રા શબ્દ છે. સૌ તેનાથી એટલા પરિચિત છે કે તે વિશે વ્યાખ્યાની જરૂર જ ન રહે.

ઉપદેશ કલ્પવલ્લીમાં પણ જણાવે છે કે જિનેન્દ્રની પ્રતિમાજી રથમાં સ્થાપન કરીને વાજિંત્રાદિ પૂર્વક તે રથ શ્રાવકના ઘર ઘર પાસેથી ફેરવવો તે શ્રાવકનું કર્તવ્ય છે. કેમકે તેને જોઈને અનેક ભવ્ય પ્રાણીઓ તેની પ્રશંસા કરે છે. પુણ્યના ભાજક થાય છે. શ્રાવકોએ શ્રદ્ધાપૂર્વક રથયાત્રામાં વાપરેલું ધન તેના પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરે છે. ખરેખર જ્યાં શ્રાવકો વડે વારંવાર રથયાત્રા કરાય છે. તે દેશ–તે ગામ–તે નગર અને તે સમય દર્શન કરવા લાયક છે.

સારી રીતે શણગારેલા ઉત્તમ રથમાં શ્રી જિન પ્રતિમાજીને પધ-રાવીને મહોત્સવપૂર્વક સ્નાત્રપૂજાદિ ભક્તિ સત્કાર કરતાં સમસ્ત નગરમાં ફેરવીને તેની પૂજા કરવી કરાવવી વગેરે રથયાત્રા કહેવાય. બાકી ખરેખરી રથયાત્રા તો જે રથયાત્રા **અંતરયાત્રા** બને તે છે.

પરિશિષ્ટ પર્વ (સર્ગ-૧૧)માં આર્ય સુહસ્તિ સૂરિજીનો રથયાત્રા મહોત્સવ વર્ણવાયો છે.

આર્ય સુહસ્તિ સૂરિજી જ્યારે અવંતીમાં હતા, ત્યારે એક વખત સંઘે ચૈત્યયાત્રા મહોત્સવ કર્યો તે પ્રસંગે આર્ય સુહસ્તિ સૂરિજી પણ શ્રી સંઘ સાથે હંમેશાં મંડપમાં પધારીને મંડપને શોભાવતા. ચૈત્ય-યાત્રા નિમિત્તે શ્રી સંઘે રથયાત્રા કાઢી હતી. કારણ કે ચૈત્યયાત્રા મહોત્સવ રથયાત્રાએ કરીને જ પૂર્ણ થાય છે.

આ રથયાત્રામાં સુવર્ણ અને માણેક વગેરેની કાન્તિથી ઝળહળતો અને સર્વે દિશાઓમાં પ્રકાશ કરતો સૂર્યના રથ જેવો ઉત્તમ રથ રથ-શાળામાંથી બહાર નીકળ્યો.

વિધિના જાણકાર એવા શ્રાવકોએ તે રથમાં પધરાવાયેલી શ્રી જિન પ્રતિમાજીની સ્નાત્ર પૂજા વગેરે પૂજા પૂર્વક ભક્તિ શરૂ કરી.

તે સ્નાત્ર મહોત્સવ કર્યો તે એવી રીતે કે પ્રભુના જન્માભિષેક વખતે મેરૂપર્વત પરથી નીચે પડતું હોય તે રીતે સ્નાત્ર જળ નીચે પડયું [જળનો પ્રવાહ ચાલ્યો]. ત્યાર પછી મુખે વસ્ત્ર બાંધેલા શ્રાવકોએ પ્રતિમાજીને સુગંધી દ્રવ્યથી વિલેપન કર્યું. માલતી-શત પત્ર વગેરે વિવિધ પ્રકારના રંગ બેરંગી, સુગંધી પુષ્પો વડે, પુષ્પોની માળા વડે પ્રભુની પૂજા કરી.

પૂજન-અંગરચના કર્યા બાદ તે પ્રતીમાજી અત્યંત દીપવા લાગી. અગર-કુંદરૂ વગેરેથી ધૂપ કરાયેલી પ્રતિમાજી ધુમાડાઓથી ઢંકાઈ ગઈ ત્યારે જાણે નીલું વસ્ત્ર ધારણ કરેલું હોય તેવી શોભવા લાગી હતી.

શ્રી જિનપ્રતીમાની સામે દેદીપ્યમાન એવા દીપકની શીખા વડે જ્યારે આરતી ઉતારાઈ ત્યારે પ્રતિમાજી એવા દેખાયા કે તેની સામે દેદીપ્યમાન ઔષધોના સમૂહોથી શોભતું મેરુ પર્વતનું શીખર પણ ઝાંખુ પડે.

ત્યારબાદ તે શ્રાવકોએ અરિહંત પરમાત્માને વંદના કરી રથની આગળ જઈને વૃષભની માફક સ્વયમેવ રથ ખેંચ્યો.

આ રીતે જ્યારે પ્રતિદિન શરહેમાં રથ ફરતો હતો ત્યારે નગરની સ્ત્રીઓ રથની પ્રદક્ષિણા દેતી, રાસડા ગાતી ચારે પ્રકારના વાજિંત્રોના નાદ પૂર્વક નાચ-નાટક થતાં હતા. રથની ચારે તરફ શ્રાવિકાઓ

સુંદર ગીતો ગાતી. એ રીતે ઘેરઘેર સત્કાર પામતો, ઉત્તમ કેસર વગેરેના પાણીના છંટકાવવાળી ભૂમિ પર ચાલતો તે રથ સંપ્રતિ રાજાના મહેલના બારણે આવ્યો. ત્યારે તે રાજા પણ રથપૂજા કરવા તૈયાર થયો અને અપૂર્વ આનંદ રૂપી સરોવરમાં હંસની જેમ નહાતા તેણે રથમાં શોભતી પ્રતીમાજીની અષ્ટ પ્રકારી પૂજા કરી.

તેમાં આર્ય સુહસ્તિ સૂરિજીને જોઈને સંપ્રતિ રાજાને જાતિ સ્મરણ જ્ઞાન થયું, પોતાનો પૂર્વભવ જાણવામાં આવ્યો અરે આ તો મારા ઉપકારી ગુરુ મહારાજ. પૂછયું આપ મને ઓળખો છો ગુરુજી?

આચાર્ય મહારાજ કહે રાજન્ તમને કોણ ન ઓળખે? રાજાએ પૂનર્પ્રશ્ન કર્યો, હે શ્રુતજ્ઞાની મહાત્મા હું આપને આ ઓળખાણ નથી પૂછતો. પૂર્વની કોઈ ઓળખાણ આપને ખરી?

શ્રુતજ્ઞાન ના ઉપયોગવાળા આચાર્ય દેવે જણાવ્યું કે પૂર્વ ભવે તમે એક રાંક ભિક્ષુ હતા. પણ એકજ દિવસ ના સર્વવિરતિ સામાયિક ના બળે તમે આ રાજ્ય સંપત્તિને પામ્યા છો.

ગુરૂદેવ આપના પસાયે મળેલ રાજ્ય આપ જ ગ્રહણ કરો.

આચાર્ય શ્રી કહે રાજન્! રાજ્ય અસાર છે. તમે ખરેખર ઋણ મુક્ત થવા માગતા હો તો પુણ્ય કાર્ય કરી લક્ષ્મીનો સદ્વ્યય કરો.

ગુરુના ઉપદેશથી સંપ્રતિ રાજાને તે રથયાત્રા **અંતરયાત્રા**માં પરિણમી. તેણે સમગ્ર પૃથ્વી ને અનેક જિનબંબો વડે સુશોભિત કરી, નિયમ કર્યો કે રોજ એક ચૈત્ય પૂર્ણ થવાના ખબર મળશે પછી જ હું મોઢામાં જલ મુકીશ.

આ નિયમનું પાલન કરતાં કરતાં તેણે ૨૫૦૦૦ નવા ચૈત્યો કરાવ્યા, ૩૬૦૦૦ ચૈત્યોના જિર્ણોદ્ધાર કરાવ્યા અને સવા કરોડ પ્રતિમાજીઓ પધરાવી–ભરાવી.

પણ આવળી મોટી **અંતરયાત્રા** તેની થઈ તેના મૂળમાં શું હતું? "રથયાત્રા."

એક રથયાત્રાનું દર્શન થયું–તેમાં નીકળેલા આચાર્યદેવને જોતાં પૂર્વ જન્મનું સંસ્મરણ થયું તો આટલા મોટાં પુન્ય કાર્યના ભાગી બન્યા. તેથી શ્રાવકોએ પોતાનું કર્તવ્ય જાણી પ્રતિ વર્ષે એક વખત તો રથયાત્રા અવશ્ય કરવી.

અલબત્ત આ રથયાત્રા તો જૈનેત્તરમાં પણ અતિ પ્રસિદ્ધ જ છે. અને રથયાત્રા દર્શન પછી સંપ્રતિ રાજાની માફક અનન્ય અસર પામેલા ભક્ત બાલિગ્રામ દાસનો એક પ્રસંગ વિખ્યાત છે.

ભક્ત બાલીગ્રામ દાસનું મૂળ નામ દાસિયા હતું. એક વખત તેની પત્નીએ બુમ પાડી, અરે ઓ ચુનીયા, જો તો ખરી તેને શું થઇ ગયું ? દાસીયાની પત્ની તુલસીનો સાદ સાંભળી પડોશણ દોડતી આવી.

જો ને બહેન ! મારું નસીબ ફુટી ગયું. જ્યારથી જગન્નાથજીનો રથ નીકળ્યોને દર્શન કરીને તેઓ આવ્યા છે. ત્યારથી એ ગાંડાની જેમ બકબક કર્યા કરે છે. કોણ જાણે શું થઈ ગયું પણ તે ગાંડાની જેમ કયારેક નાચે છે. ઘડીકમાં કુદે છે સમજણ નથી પડતી શું થઈ ગયું તેમને ?

આ સ્ત્રીઓને કોણ સમજાવે કે દાસીયાની **અંતરયાત્રા** શરૂ થઈ ચુકી હતી.

રસોડામાં ચુનિયા અને તુલસી પેઠા ને જ્યાં નજર પડી તો દાસિયો પાગલની જેમ હસતો હતો સામે જ રાતા રંગની ભાતની હાંડલી પડી હતી. ભાતની હાંડલી પર ભાત ઉભરાઈને બહાર આવી ગયા હોવાથી અવનવું ચિતરામણ થઈ ગયું હતું. દાસિયો તેની સામે જોઈ હસી રહ્યો હતો.

બદિયા કાકા આવ્યા. તેણે જોયું એટલે બોલ્યા, દાસિયા જમતાં જમતાં આ શું ગાંડા કાઢે છે ?

બદીયા કાકા ! હું જમું શું ? જુઓને સામે જગન્નાથજી પ્રભુ બેઠા છે.

અરે આ તો હાંડલી છે હાંડલી. ગાંડા –

શું તમને બધાંને હાંડલી દેખાય છે. જુઓ તો ખરા કેવું સુંદર ગોળમટોળ મારા પ્રભુનું મસ્તક છે. જુઓ જુઓ, આ એમનાં નેત્ર આ એમનું નાક, વાહ ! વાહ ! પ્રભુ–દાસિયો તો રોમાંચિત થઈ ગયો. તેની વાણી ગદ્ગદ્ થઈ ગઈ. આંખમાંથી પ્રેમની અશ્રુધારા વહેવા લાગી.

દાસિયાના આ પાગલવેળા જોઈને તેની પત્ની તુલસી ચોધાર આંસુએ રડે છે. માથું કુટે છે આજે પહેલવહેલા જ જગન્નાથજીના રથના દર્શન કરવા ગયાને વળગાળ લઈને આવ્યા. ઘડીક હસે, ઘડીક રડે, ઘડીક વાતો કરે ન જાણે શું થઈ ગયું.

પણ દાસિયો તો એક જ વાત લઈને બેઠો છે જુઓ જુઓ સામે રથમાં જગન્નાથજી બેઠા છે. અહીં કેવું સુંદર મુખ છે. કેવા મનોહર રૂપ છે.

ત્યારે તમે બધાં રથયાત્રામાં કોના દર્શન કરી આવ્યા?

એટલામાં એક સંત આવ્યા. પરિસ્થિતિ સમજી ગયા કે ખરેખર આને પ્રભુજીનું દર્શન કરી લીધું છે. પ્રભુના મનને હરી લીધું છે. તેને રથયાત્રામાંથી **અંતરયાત્રા** પ્રતિ પ્રયાણ થઈ ગયું છે.

આજથી તારું નામ દાસિયો નહીં બાલિગ્રામદાસ રાખીશું. આ પ્રસંગ પછી દાસિયાનું જીવન બદલાઈ ગયું. હરતાં, ફરતાં, બેસતા ઉઠતાં બસ પ્રભુજીનું જ નામ સ્મરણ કરે છે.

કુટુમ્બની આજીવિકા માટે કપડું વણતો જાય અને વણતાં વણતાં તે પ્રભુના નામનું સ્મરણ કરે. ક્યારેક તો શાળ ચલાવતા પ્રભુના ધ્યાનમાં એવો મગ્ન બની જાય કે, તે શાળ પર જ માથુ ટેકવીને બેઠો રહેતો. જાણે કેમ તે પ્રભુના ચરણમાં માથુ મુકીને બેઠો હોય.

એક વખત દાસીયો ગમગીન થઈ ગયો. પ્રભુ રથયાત્રાના દિવસથી તમે આજ સુધી દર્શન નથી દીધાં. પ્રભુ હવે તે દિવસ જેવા દર્શન કદી નહીં આપો? તેનો વિલાપ જાણી જગન્નાથજી એની સમીપ આવીને ઉભા. તેના નેત્રોએ ધરાઈ ધરાઈને પ્રભુનું રૂપામૃત પાન કર્યું અને યુગયુગની પ્યાસ બુઝાવી.

કપડું વેચવા ગયો. પણ મનમાં એક જ રટણ છે, આજ તો પ્રભુએ દર્શન દીધા તો હું પણ જગન્નાથપુરી જઈશ. પ્રભુને ભોગ ધરીશ.

એક બ્રાહ્મણે રસ્તામાં કપડાનો તાકો વેચાતો માગ્યો. ભાવ ઠેરવ્યા. ત્યાં તો ભક્ત બાલીગ્રામદાસની નજર એક સુંદર શ્રીફળ પર પડી. વાહ નાળીયેરનું આ પહેલું ફળ. બસ પ્રભુને હવે આ જ ભોગ ધરાવવો છે.

બ્રાહ્મણને કહે આ શ્રીફળ આપી દે. બ્રાહ્મણ કહે તું ગમે તેટલા પૈસા આપ તો પણ આ શ્રીફળ ન મળે. આ તો પહેલવહેલું જ ફળ, તે કંઈ બીજા કોઈને અપાય ખરૂં? પછી હા–ના હા–ના કરતાં એક પણ પૈસો કાપડનો ન દેવાની શરતે બ્રાહ્મણે શ્રીફળ આપ્યું.

સ્નાન કરી, જગન્નાથપુરી જઈને શ્રીફળની ભેટ ધરી. સીધાં તો જવા ન દે, એટલે રસ્તામાં કોઈ બ્રાહ્મણને કહ્યું કે આ ભગવાનને આપજો. તે હાથોહાથ લઈ લેશે.

બ્રાહ્મણ ખડખડાટ હસતો બોલ્યો કે મૂર્તિ કંઈ હાથ લંબાવી શ્રીફળ લેતી હશે?

દાસિયો ભક્ત કહે તમારે મન પથ્થર હશે પણ મારે માટે તો સાક્ષાત્ પ્રભુ જ છે.

બ્રાહ્મણે ખરેખર અંદર શ્રીફળ ધર્યું. જગન્નાથજીએ હાથ લાંબો કરી સ્વીકારી લીધું. ઘેર આવીને જુએ તો કાપડના બદલાનાં પૈસા અને નવું સુતર તૈયાર પડયા હતા.

ભક્તિના આવા અનેક ચમત્કારો ભક્ત બાલીગ્રામદાસના જીવનમાં બન્યા.

એક માત્ર જગન્નાથજીનો રથ અને રથયાત્રાનું માત્ર એક વખતનું દર્શન દાસિયાને ભક્ત બાલીગ્રામદાસ બનાવી ગયું. તો શ્રાવકે તો પ્રતિ વર્ષ જઘન્યથી એક વખત રથયાત્રા કરવાની છે. જેથી પુન્યનો સંચય અને પાપનો નાશ થાય.

સંપ્રતિ રાજાએ પણ રથયાત્રાનું દર્શન કરતાં જાતિ સ્મરણજ્ઞાન પ્રાપ્ત કર્યું, અનેક જિનમંદિરો જિનપ્રતિમા કરાવ્યા–સ્થાપન કર્યા, એટલું જ નહીં અનાર્ય દેશોમાં પણ સાધુ અને શ્રાવકના આચારો શીખવવા માટે પોતાના સેવકોને સાધુ વેશે મોકલ્યા. તે રીતે ત્યાંના લોકોને પણ ધર્માભિમુખ કર્યા. પછી ખરેખર જૈન સાધુઓના તે દેશોમાં પરિભ્રમણ માટે વિનંતી કરીને ધર્મ પ્રચાર કરાવ્યો. સાતસો દાન શાળા ખોલાવી.

આવાં આ સંપ્રતિ રાજા વખતોવખત વિશ્વને આશ્ચર્ય પમાડનારી રથયાત્રા મોટા વિસ્તાર પૂર્વક કરાવતા. શ્રી સંઘ પણ રથયાત્રામાં તત્પર રહેતો.

યાત્રા ત્રણ પ્રકારે કહેવાઈ છે રથયાત્રા, તીર્થ યાત્રા અને અષ્ટાહ્નિકા ઉત્સવરૂપ યાત્રા.

પણ જગતમાં યાત્રા શબ્દ ઘણી રીતે પ્રસિદ્ધ થયેલો છે. ભવભ્રમણને પણ યાત્રા કહેવાય. શ્મશાને લઈ જતાં હોય તો પણ તેની શ્મશાન યાત્રા ભવ્ય નીકળી તેમ કહેવાય છે. સંઘ નીકળે તો પણ

સંઘયાત્રા કહેવાય. પ્રવાસે જતો હોય તો પણ યાત્રા પ્રવાસ લખાય છે. આમ યાત્રા શબ્દ અનેક રીતે રૂઢ થઇ ગયો છે.

આપણે માત્ર રથયાત્રા વિશેજ અત્યારે વિચારી રહ્યા છીએ. તે રથયાત્રા શું છે?

**પરિભ્રમણ મેં અનંતા રે કીધાં હજીયે ન આવ્યો છેડલો રે**
**વીર મને તારો મહાવીર મને તારો ભવજલ–પાર ઉતારો રે**

આપણે પ્રભુને ભવ જલ પાર ઉતારો એવી પ્રાર્થના કરીએ છીએ. શા માટે કહીએ છીએ?

ભવભ્રમણ રૂપ યાત્રા તો અનંતાકાળથી ચાલુ જ છે. તે યાત્રા રોકવા માટે આ પ્રાર્થના કરી.

રથયાત્રાની વિશેષતા એ છે કે તે યાત્રા **અંતરયાત્રા**માં પરિણમતાં ભવભ્રમણ ઘટે છે. યાત્રાની ભવ્યતાની વાત ચાલે ત્યારે કલકત્તા અને જામનગરની રથયાત્રા જરૂર યાદ આવવાની.

મને પ્રશ્ન થાય કે ભવ્યતા શબ્દનું મહત્ત્વ ક્યારે?

એક રાજા અવસાન પામ્યો [અત્યારે કદાચ આ વાત કરતાં પ્રધાન અવસાન પામ્યો તેમ કહીએ તેની ભવ્ય શ્મશાન યાત્રા નીકળી. પુષ્કળ માણસો, ખુલ્લું મોં રાખી અને ફૂલહારથી શણગારેલો રાજા, અબીલ ગુલાલ ઉડે છે. લોકો અહોભાવથી ભવ્ય ભવ્ય કરી ઉઠે છે. સ્મશાનમાં ચિતા સળગી. રાખ થઈ ગઈ.

ત્યાં થોડી વાર પછી એક ગરીબ ભીખારીના મૃતદેહને ઢસડીને લાવવામાં આવ્યો. શ્મશાનનાં માણસો સિવાય ત્યાં કોઈ નહીં, સળગાવી દીધો અને તેની પણ રાખ થઈ ગઇ.

એક યોગી બેઠો બેઠો જોયા કરે. રોજ ત્યાં આવે. રાજા અને ભિખારી બંનેની રાખ તપાસે ને ચાલ્યો જાય. શ્મશાનનો મુખ્ય સંચાલક માણસ બે ત્રણ દિવસ તો કંઈ ન બોલ્યો પછી કહે બાવાજી! તમે રોજ આ શું જુઓ છો?

ભાઈ બીજું તો કંઈ નહીં પણ રાજાની અને ભિખારીની રાંખમાં કોઈ ફરક છે કે નહીં તે તપાસ કરું છું.

અરે બાવાજી તમે તો ચક્રમ લાગો છો. રાખમાં તે કંઈ ફેર હોતા હશે. અમે તો હજારોને સળગાવી દીધા કોઈ દી'રાખમાં કંઈ ફેર નથી લાગ્યો આજ સુધી.

બાવાજી કહે રાજાને સ્મશાને લઈ ગયા ત્યારે ભવ્ય સ્મશાન યાત્રા કહેવાતી હતી. અને ભિખારીને કૂતરાને મોતે ઢસડી લાવ્યા. જો રાખમાં કાંઈ ફેર ન હોય તો ભવ્ય શું ?

આપણે રથયાત્રામાં ભવ્ય શબ્દ વાપરીએ છતાં ખ્યાલમાં રાખવાની વાત એ છે કે ભવ્ય શબ્દ ફરજનું ભાન કરાવે છે. શ્રાવકોએ આવો ભવ્ય રથ અને ભવ્ય યાત્રા કાઢવી જોઈએ.

–નહીં કે અમારા ગામની રથયાત્રા જોઈને બીજે ગામ ગયા એટલે બોલવું કે અરેરે તમારે તે કાંઈ ઠામ ઠેકાણું નથી! આવો કલકત્તા, રથયાત્રા કોને કહેવાય તે તમને ખબર પડે.

કલકત્તા કે જામનગરની યાત્રા ભવ્ય ખરી પણ બીજાની રથયાત્રાની અનુમોદના તો કરવી જ જોઈએ. કેમકે રથયાત્રા એ શ્રાવકની કરણી છે. તેમાં રથ કે યાત્રા સાથે ભાવની ભવ્યતા પણ સંકડાયેલી હોવી જોઈએ. નહીં તો રાજા કે ભિક્ષુકની રાખની જેમ પરિણામે કોઈ ફેરફાર નહીં રહે.

ભવ્યાતિભવ્ય યાત્રા નીકળી પણ હૃદયમાં ભાવ નામની કોઈ ચીજ ન મળે તો શું કામનું ? બીજા કરતાં અમે ચડીયાતા તેવો અહમ્ કે અભિમાન હોય અથવા મને નિમંત્રણ મળે તો જ હું રથયાત્રામાં જોડાવું, તેવા પ્રકારની માન્યતાવાળો રથયાત્રાને સમજ્યો જ નથી.

રથયાત્રા તો ત્યારે જ ભવ્ય બને જ્યારે તે **અંતરયાત્રામાં** પરિણમી ભવભ્રમણને ઘટાડનારી બને.

શ્રાદ્ધ દિનકૃત્યમાં રથયાત્રાને સમજાવતા લખ્યું કે પરમાત્માનાં રથને શ્વેત છત્ર, ચામર પતાકાઓ વડે સુશોભિત કરીને અનેક પ્રકારના વાજીંત્રો વડે આકાશને ભરી દઈને–ધવળ મંગળના શબ્દો વડે દિશાઓને બધીર કરી દેતાં– વિવિધ પ્રકારના નરનારીના લલિત એવા હાસ્ય અને સેંકડો માગધજનોના મંગળ શબ્દો વડે આકાશને વ્યાપ્ત કરતાં, સર્વત્ર અસ્ખલિત પણે શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચતુર્મુખ અને મહામાર્ગોમાં જૈન શાસનની પ્રભાવનાના હેતુથી ફેરવે તેને રથયાત્રા સમજવી.

કુમારપાળ રાજાએ કરેલ રથયાત્રા આ રીતે વર્ણવાય છે. ચૈત્ર માસની શુદ આઠમને દિને ચોથે પહોરે મહા સંપત્તિ યુક્ત તેમજ હર્ષ સહિત મળેલા લોકોએ કરેલા જયજય શબ્દ સાથે શ્રી જિનેશ્વર દેવનો સુવર્ણરથ તૈયાર કરવામાં આવ્યો. તે રથ ચાલતો ત્યારે મેરુ પર્વત જેવો શોભતો હતો. તેના ઉપર સોનાના મોટા દંડ વાળી ધજા હતી. અંદર છત્ર અને બાજુમાં રહેલ ચામરની શ્રેણીઓથી દીપતો હતો. તેમાં સ્નાત્ર, વિલેપન કરી પુષ્પો ચડાવી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા સ્થાપન કરેલી. તે રથ કુમારપાળના રાજદ્વાર પાસે મોટી ઋદ્ધિ સહિત લાવી મહાજનોએ સ્થાપન કર્યો.

રથ સ્થાપન કર્યો તે વખતે વાજિંત્રોના શબ્દો દશે દિશાઓને પુરી રહ્યાં હતાં. મનોહર તાનમાનથી સ્ત્રીઓ નૃત્ય કરી રહી હતી. ત્યાં કુમારપાળ રાજાએ પ્રતિમાજીની પટવસ્ત્ર તથા સુવર્ણાલંકાર વડે જાતે પૂજા કરી. વિવિધ પ્રકારના નૃત્ય કરાવ્યા. પ્રભાતે રાજા રથ સહિત નગર બહાર નીકળ્યા. ધ્વજ સહિત વસ્ત્રોના મનોહર મંડપમાં રથ રાખ્યો. રાજાએ રથમાં રહેલી જિનપ્રતીમા પૂજી. ચતુર્વિધ સંઘ સમક્ષ જાતે જ આરતી ઉતારી, રથને આખાનગરમાં ફેરવી સ્થળે સ્થળે મંડળમાં વિસ્તારવાળી રચના કરાવી તે ઉત્સવને દીપાવ્યો-

આવી રથયાત્રા વિશેષે કરીને પર્વ દિવસોમાં કે કલ્યાણક દિવસોમાં કરવી જોઈએ કેમકે

ता रहनिक्खमणाइ वि एते उ दिणे पडुच्च कायव्वं
जं एसो च्चिअ विसओ पहाणमो तीए किरियाए

યાત્રા પંચાશક–૪૨માં આ રીતે લખ્યું કે

તે માટે [એટલે કે કલ્યાણક દિવસોમાં શ્રી તીર્થંકર પરમાત્માનું બહુમાન વગેરે કરવાથી વિશેષ લાભ થતો હોવાથી] રથનિષ્ક્રમણ [રથયાત્રા] વગેરે પણ એ દિવસોને આશ્રીને કરવું. કારણકે યાત્રારૂપ તે કાર્ય માટે કલ્યાણકના દિવસો જ પ્રધાન વિષયરૂપ છે. વળી આ યાત્રાઓ દર્શન શુદ્ધિ માટે પણ ઉત્તમ કારણભૂત હોવાથી તેમાં ઉદ્યમ કરવો વિશેષે કલ્યાણકારી છે. વળી દર્શનાચારમાં આઠમો પ્રભાવના નામે આચાર છે. તે આચારના ભાગ રૂપે શાસન પ્રભાવનાના કાર્ય તરીકે પણ રથયાત્રા કરવી જોઇએ.

શ્રી નેમિસૂરિજી મહારાજાએ આજ રીતે પ્રભુના પાંચ કલ્યાણકોમાં રથયાત્રાનું આયોજન અમદાવાદમાં કરેલ છે. આજે પણ તે રથયાત્રા નીકળી રહી છે. [અલબત્ત ખેદની વાત એ છે કે કેવળ પક્ષીયતા નડતર રૂપ ગણીને અન્ય પક્ષવાળા તેમાં જોડાતાં નથી.]

શ્રાવકોએ તો પોતાનું કર્તવ્ય સમજીને દર્શનશુદ્ધિ માટે જ રથયાત્રામાં જોડાવાનું લક્ષ રાખવું જોઈએ.

રથયાત્રા કર્તવ્ય પર ચિન્તન કરો. રથયાત્રાએ વાસ્તવમાં अन्तरयात्रा છે.

ખૂબ ફર્યા સંસારમાં તમે, ઘણી યાત્રા કરી ચાર ગતિમાં, અનંતા જન્મોથી યાત્રા તો ચાલુ જ છે. છતાં શું કહેવાશે—

**પરિભ્રમણ મેં અનંતા રે કીધા. હજીયે ન આવ્યો છેડલો રે**

આ બધું માત્ર પરિભ્રમણ જ રહ્યું. હવે તેનો અંત ક્યારે આવશે? યાત્રાત્રિક વડે–રથયાત્રાથી.

સંસારના રાગના તાલે ઘણું નાચ્યા તમે. હવે રથયાત્રામાં વીત-રાગના તાલે નાચવાનું છે. પણ વીતરાગના રાગનું નૃત્ય પાછું સંસારનો રાગ વધારવા માટે ન કરતાં.

બ્હેનીબ્હેનીને આવવાનું જરૂર–સુંદર સજાવટ કરવાની જરૂર–આભુ-ષણોના ગંજ ખડકવાના જરૂર–નાચગાન કરવાનું જરૂર.

પણ શાને માટે?

રથયાત્રા થકી ભવભ્રમણ યાત્રા સમાપ્ત કરવા, દેખાડવા કે પ્રદર્શન માટે નહીં.

રથયાત્રા પરમાત્મા ભક્તિનું શ્રેષ્ઠ અંગ છે. શાસ્ત્ર ભાખ્યું કર્તવ્ય છે. જરૂરથી ભાવપૂર્વક વર્ષમાં એક વખત પણ તેનું પાલન કરી **અંતરયાત્રા** કરનારા બનો—

□

## (૯૭) તીર્થયાત્રા

—ભાવે તીરથ જુહારીએ

श्रीतीर्थपांथ रजसा विरजी भवंति
तीर्थेषु बंभ्रमणतो न भवेष्वटंति
द्रव्य व्ययादिहनराः स्थिर संपदः स्युः
पूज्या भवंति जगदीश मथार्चयंतः

શ્રી તીર્થયાત્રાએ જતાં સંઘના પગની રજ લાગવાથી પુરુષો કર્મરૂપી રજથી મુક્ત થાય છે. તીર્થમાં પરિભ્રમણ કરવાથી પ્રાણીને સંસારમાં ભ્રમણ કરવું પડતું નથી. તીર્થમાં દ્રવ્યનો વ્યય કરવાથી સંપત્તિ સ્થિર થાય છે અને જગત્‌ના ઇશ એવા જિન રાજને પૂજવાથી જગત્‌ પૂજ્ય બનાય છે.

તીર્થયાત્રાના ફળને વર્ણવતા એક વખત નાગપુરના પુનડ શ્રાવક સમક્ષ પૂજ્ય ગુરુ ભગવંતે દેશના ફરમાવી. વિશેષે કરીને તીર્થયાત્રાનું પુણ્ય મોટું છે. તીર્થયાત્રા થકી આરંભની નિવૃત્તિ. દ્રવ્યની સફળતા, ઉંચા પ્રકારનું સંઘનું વાત્સલ્ય, દર્શનની નિર્મળતા, સ્નેહીજનનું હિત, પ્રાચીન ચૈત્યના દર્શન, તીર્થની ઉન્નતિ. તીર્થપ્રભાવના, જિન વચનની માન્યતા, તીર્થંકર ગોત્ર કર્મનો બંધ, સિદ્ધિનું સામીપ્ય, દેવ અને મનુષ્ય પદવીનો લાભ વગેરે સર્વ પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે.

આવા પ્રકારે પૂજ્ય ગુરુ ભગવંત પાસે દેશના સાંભળવાથી પુનડ શ્રાવકે સંવત ૧૨૭૫માં નાગપુર [નાગોર]થી તીર્થયાત્રા કરવા માટે પ્રયાણ કર્યું જેમાં ૧૮૦૦ ગાડાં, ૧૦૦૦ સેજપાલ, ૪૦૦ વહેલ, ૫૦૦ વાજિંત્ર, ઘણા દેવાલયો સાથે રાખ્યા હતા.

તીર્થયાત્રા માટે નીકળેલા આ સંઘમાં સ્થાને સ્થાને મહોત્સવો કરાતા હતા. જ્યારે સંઘ ધોળકા આવ્યો ત્યારે તે સંઘ ચાલવાથી જે દિશામાં સંઘની રજ ઉડતી હતી તે દિશામાં વસ્તુપાલ ચાલવા લાગ્યા.

લોકોએ વસ્તુપાલને કહ્યું મંત્રીશ્વર આ તરફ આવો. પરંતુ મંત્રી એક વાત બરાબર સમજતા હતા श्री तीर्थपांथ रजसा विरजी भवन्ति

શ્રી તીર્થયાત્રાર્થે નીકળેલાં સંઘના પગની રજ લાગવાથી પુરુષો કર્મરૂપી રજમાંથી મુક્ત થાય છે માટે જ્યાં સંઘની ધુળ ઉડતી હોય તે દિશામાં જ ચાલવું જોઈએ.

વળી तीर्थेषु बंभ्रमणतो न भवेष्बटंति તીર્થમાં પરિભ્રમણ કરવાથી ભવભ્રમણ કરવું પડતું નથી. તીર્થયાત્રાનું આટલું મહત્ત્વ હોવાથી શ્રાવકોના છત્રીશ કર્તવ્યમાં પચીસમું કર્તવ્ય મુકયું "તીર્થયાત્રા." શ્રાવકે જઘન્યથી પણ વર્ષમાં એક વખત આ કર્તવ્ય કરવું જોઈએ. તે માટે યાદ રાખો. એક વાકય–

**ભાવે તીરથ જુહારીએ**

તીર્થ એટલે શું ? तीर्यते अनेन इति तीर्थः

० નિશ્ચય નય વડે તો જ્ઞાનાદિ ગુણયુક્ત આત્માને જ તીર્થ કહેવાય છે.

० તીર્થંકર પરમાત્માના જન્મ–દીક્ષા–જ્ઞાન–નિર્વાણ કલ્યાણકની ભૂમિ તેમજ તેમની વિહાર ભૂમિઓ પણ બહુ ભવ્ય જીવોને શુભ ભાવની ઉત્પન્ન કરનારી હોવાથી તીર્થ કહેવાય છે.

० સાધુ મહાત્મા એટલે કે આચાર્યાદિ મુનિવરો પણ જંગમ તીર્થ ગણાય છે. [સ્થાવર તીર્થનું મહત્ત્વ એટલું વધી ગયું છે કે જંગમ તીર્થ શબ્દ જ ભૂલાઇ ગયો છે.]

તીર્થનો અર્થ–"જેના વડે તરાય તે તીર્થ" છે. સ્થાવર તીર્થોની જેમ જંગમ તીર્થો પણ સંસાર સમુદ્રમાંથી તારનાર હોવાથી તેને તીર્થ કહેવાય.

આવાં તીર્થોને **ભાવ પૂર્વક જુહારવા** માટે સર્વ સ્વજન તથા સર્વ સાધર્મિકને સાથે લઈ પ્રતિગ્રામ, પ્રતિનગર, વિશિષ્ટ ચૈત્ય પરિપાટી કરતાં દર્શન શુદ્ધિને માટે શ્રી શત્રુંજયાદિ તીર્થમાં જવું તે તીર્થયાત્રા કહેવાય છે. પણ તેમાં પૂર્ણ ભાવના સાથે જવું.

**પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ**
**પ્રભુજી સંઘ ઘનેરા આવેકે એ ગિરિ ભેટવા રે લોલ**

આ પ્રમાણે મનમાં હરખ ન માતો હોય અને પ્રયાણ કરીએ તે સ્થળથી જ પગે પગે મનમાં પાલીતાણા પાલીતાાણાનું રટણ ચાલતું હોય તો પેલી પંક્તિ પણ સાર્થક બનશે.

**એકેકું ડગલું ભરે શેત્રુંજા સમુજેહ–**
**ૠષભ કહે ભવક્રોડનાકર્મ ખપાવે તેહ**

પૃથ્વી પર મોટા પુણ્યને ઉપાર્જન કરવાની ખાણ રૂપ જે તીર્થો છે તે તીર્થોની વિવેકી જનોએ પ્રતિ વર્ષ યાત્રા કરવી જોઈએ.

ઉપદેશ કલ્પવલ્લીમાં વિશેષ સમજ આપવા નામ પાડીને કહ્યું કે શ્રી શત્રુંજય, ગિરનાર, સમ્મેત શિખર, આબુ, તારંગાજી, દેલવાડા, રાણકપુર, રાજગૃહી, પાવાપુરી આદિ તીર્થોની યાત્રા કરવી. બાકી તો પહેલાં કહ્યું તેમ ચોવીશે તીર્થંકરોની કલ્યાણક ભૂમિ તીર્થ રૂપ જ ગણાય.

- વીસ કલ્યાણકભૂમિ–૧ સમેત શીખરજી ૨૦
- ઓગણીસ કલ્યાણકભૂમિ–૧ અયોધ્યા ૧૯
  (અયોધ્યા–કૌશલ્યા–વિનિતા સમાન જ છે.)
- બાર કલ્યાણક ભૂમિ–૧ હસ્તિનાપુર ૧૨
- આઠ ,, ,, ૨ વારણસી–મિથિલા ૮ × ૨ = ૧૬
- પાંચ ,, ,, ૧ ચંપાપુરી ૫
- ચાર ,, ,, ૯ — ૯ × ૪ = ૩૬
  સાવત્થી –કૌસામ્બી–ચંદ્રપુરી–કાકંદી–ભદ્દીલપુર–
  સિંહપુરી–કંપીલપુર–રત્નપુરી–રાજગૃહી
- ત્રણ કલ્યાણક ભૂમિ ૧ ગિરનાર ૩
- બે કલ્યાણક ભૂમિ ૨ બ્રાહ્મણકુંડ શૌરીપુરી ૨ × ૨ = ૪
- એક કલ્યાણક ભૂમિ–૫ ૧ × ૫ = ૫
  અષ્ટાપદ–પુરિમતાલ–ક્ષત્રિયકુંડ–ઋજુવાલિકા–પાવાપુરી

૨૦ + ૧૯ + ૧૨ + ૧૬ + ૫ + ૩૬ + ૩ + ૪ + ૫ = ૧૨૦

આ એકસોવીસે ભૂમિ ઉપરાંત ચોક્કસ વિહાર ભૂમિ તથા પ્રાચીન પાદુકા કે પ્રતીમાજી હોય તે સર્વે ભૂમિ તીર્થરૂપ ગણાય છે.

આ ઉપરાંત જંગમતીર્થ તો અનેક છે.

साधुनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः
तीर्थं फलति कालेन साधवस्तु पदे पदे

સાધુઓનું દર્શન પુણ્યરૂપ છે, કેમકે સાધુઓ જંગમ તીર્થરૂપ છે. સ્થાવર તીર્થ તો કાલે કરીને ફળદાયક છે. પણ જંગમ તીર્થરૂપ સાધુઓ પગલે પગલે ફળદાયી છે.

સમકિતના ભૂષણોને વર્ણવતાં શ્રી લક્ષ્મી સૂરિજી મહારાજા પાંચમાં ભૂષણમાં તીર્થસેવારૂપ ભૂષણને વર્ણવતા લખે કે નિરંતર તીર્થની સેવા કરવી તથા સંવિજ્ઞ ચિત્તવાળા સાધુઓની સેવા કરવી.

કારણકે તીર્થની સીધી વ્યાખ્યા એટલી જ કરી કે જેનાથી સંસારરૂપી સાગર તરી શકાય તે તીર્થ કહેવાય. એટલે સ્થાવર અને જંગમ બંને તીર્થની સેવના કરવી અને સમકિત નિર્મલ બનાવવું.

માટે–"**ભાવે તીરથ જુહારીએ**"ધ્રુવ પંક્તિ બનાવી દો.

સ્થાવર–જંગમતીર્થની યાત્રાના ફળને વર્ણવતી ખૂબ જ મોટી કથા શ્રાદ્ધવિધિમાં આપેલી છે. તેમાં એક પ્રસંગ આવે છે.

શુકરાજજીને તીર્થયાત્રા ગયા પછી પાછા ફરીને પ્રગટપણે શત્રુંજય તીર્થયાત્રાનું ફળ મળેલું છે. કેમકે પોતાનું રાજ્ય પુનઃપ્રાપ્ત થયું હતું.

આ શુકરાજા નવા બનાવેલા રથ–રસાલા સાથે વીણાવાદાદિકના આડંબર સહિત સર્વ સામંતપ્રધાન–વિદ્યાધર પરિવાર યુક્ત મહોત્સવ પૂર્વક સિદ્ધચલજીની તીર્થયાત્રા કરવા નીકળેલો છે.

આ સમયે ચંદ્રશેખર રાજા કે જેમણે દેવીની મદદથી પોતાનું રૂપ શુકરાજા જેવું કરીને તેનું રાજ્ય પડાવી લીધેલું, પોતાની જ સગી બહેન ચંદ્રાવતી સાથે પૂર્વ ભવના તીવ્ર સ્નેહને કારણે ભોગ ભોગવતો હતો. તે શુકરાજાની રાણી હોવા છતાં, અદૃશ્ય અંજનથી ચંદ્રાવતી સાથે દુરાચાર ચાલુ રાખેલો. તેને ચંદ્રાંક નામે પુત્ર પણ થયો હતો. એવો એ ચંદ્રશેખર રાજા પોતાનો દુરાચાર કોઈ જાણતું નથી, તેમ માની શુકરાજાના યાત્રા સંઘમાં જોડાયેલો હતો.

શુકરાજ રાજા એ સિદ્ધાચલના તીર્થનાયકની વંદના–પૂજા–સ્તવના કરી કહ્યું કે ખરેખર આ તીર્થના પ્રભાવે મને શત્રુનો જય થયો માટે તેનું શત્રુંજય નામ સાર્થક છે. આ પ્રકારે સ્તુતિ સાંભળતા ચંદ્રશેખર રાજાના પણ પરિણામો શીતળ થયા, તીર્થ નાયકને જોતાં તેને અત્યંત ઉલ્લાસ થયો. પોતે કરેલા કપટ અને પાપની અત્યંત નિંદા કરવા લાગ્યો.

આ સમયે તેઓને જંગમ તીર્થરૂપ એવા મૃગધ્વજ કેવળી મળ્યા. ત્યારે મોક્ષાથીં ચંદ્રશેખર રાજાએ પુછ્યું, "હે સ્વામી! કોઈપણ પ્રકારે મારો આ ભારે કર્મોમાંથી છુટકારો થશે કે કેમ?

ત્યારે કેવળી ભગવંતે તેને ફરમાવ્યુ કે આ તીર્થ પર મન–વચન–કાયાની શુદ્ધિથી આલોચના લઈ, પશ્ચાતાપ કરી, ઘણાં આકરા તપ કરીશ તો તારા પાપ પણ તીર્થ મહિમાથી ધોવાઈ જતાં રહેશે,

કેવલી પરમાત્માના વચનો સાંભળી, અંગીકાર કરી, સર્વ પાપોની આલોચના કરી માસક્ષમણાદિ આકરા તપ કરવાવડે તેજ તીર્થમાં ચંદ્રશેખર મોક્ષને પામવા વાળો થયો.

શુકરાજા પણ તીર્થયાત્રા–અનેક સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાની ભક્તિ પુર્વકની સંઘયાત્રા કરતાં કરતાં કાળક્રમે દીક્ષા લઈને શાશ્વત એવા સિદ્ધાચલજી તીર્થ પર આવ્યા અને શુકરાજમુનિ બનેલા તે રાજા જેમ જેમ તીર્થ પર આગળ વધતાં ગયા તેમ તેમ પદે પદે તેઓ શુકલ ધ્યાનની ધારાએ ચઢતા અંતે કેવળજ્ઞાનને પામ્યા.

આ રીતે શંત્રુજય તીર્થરૂપ સ્થાવર એવા ઉત્તમોત્તમ તીર્થની યાત્રા કરવા અને મૃગધ્વજ કેવળી ભગવંત રૂપ જંગમ તીર્થના સત્-સંગ થકી ચંદ્રશેખર રાજા તથા શુકરાજ રાજા કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. માટે હે શ્રાવકો તમારે સ્થાવર તથા જંગમ તીર્થની યાત્રા કરવા રૂપ શ્રાવકનું તીર્થયાત્રા કર્તવ્ય પ્રતિવર્ષ બજાવવું જોઈએ. માટે કોતરી રાખો એક વાક્ય માનસ પટ ઉપર

**"ભાવે તીરથ જુહારીએ"**

તીર્થયાત્રા એ શ્રાવકનું વાર્ષિક કર્તવ્ય બતાવ્યું. મન્નહ જિણાણં તો નિત્ય કર્તવ્ય રૂપે છત્રીશ કર્તવ્યોમાં પચીસમું કર્તવ્ય ગણાવે છે તે તીર્થયાત્રાનું મહત્ત્વ હ્રદયમાં અવધારીને "યાત્રા કેમ કરવી" તેની વિધિ જાણો તે પણ જરૂરી છે.

**ભૂમિ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરીહરીએ**
**વિમલ ગિરિ યાત્રા નવાણું કરીએ**
**સચિત પરિહારીને એકલ આહારી ગુરુ સાથે પદચરીએ**
**વિમલગિરિ યાત્રા નવાણું કરીએ**
**પડિક્કમણા દોય વિધિશું કરીએ પાપ પડલ વિખરીએ**
**વિમલગિરિ યાત્રા નવાણું કરીએ.**

આ વાતને સાક્ષીપાઠ રૂપે આ રીતે લખી–

सम्यक्त्वधारि पथि पादचारी सचित्त वारी वरशीलधारी
भूस्वापकारी सुकृति सदैका–हारी विशुद्धा विदधाति यात्रां

તીર્થયાત્રાની વિધિપૂર્વક પરિપાલન કરવા છ વસ્તુઓ બતાવી.

(૧) સમ્યકત્વધારી (૨) પાદચારી–માર્ગે ચાલનારા
(૩) સચિત પરિહારિ–સચિત્તનો ત્યાગ

(૪) વરશીલધારી–બ્રહ્મચર્ય પાલન
(૫) પૃથ્વીપરના સુનારા–સંથારે સુવુ તે
(૬) એકલ આહારી–એકાસણા કરનારા

સમ્યક્ત ધારીને બદલે આવશ્યકારી [બંને સમય પ્રતિક્રમણ]નો પણ પાઠ મળે છે.

આ રીતે છ પ્રકારની "રી"નું પાલન કરવા પૂર્વક તીર્થયાત્રા કરવી જોઇએ. અહીં "આવશ્યકારી" પાઠ ને તમારે ધ્યાનમાં લેવો ખૂબ-જ જરૂરી છે. નહીં તો ઉભયકાલ પ્રતિક્રમણને ગૌણ કરી દેતા, તીર્થ યાત્રા–સંઘને બદલે યાત્રા પ્રવાસ બની જાય છે.

ધર્મસંગ્રહમાં પણ તીર્થયાત્રા વિધિ જણાવતાં લખ્યું કે–સર્વ પ્રથમ રાજ્યની જરૂરી અનુમતિ મેળવવી, શક્તિ મુજબ યાત્રામાં સાથે રાખી શકાય તેવા જિનાલયો તૈયાર કરવા, અનેક જાતિના વસ્ત્ર મંડપ [તંબુ] લેવા, રસોઇના સાધનો રાખવા, ચાલતા કુવા [પાણીના ટાંકા] રાખવા. અનેક જાતના વાહનો રાખવા. પછી બહુમાન પૂર્વક ગુરુજનને, શ્રીસંઘને તથા સ્વજન વર્ગને નિમંત્રણ કરવું.

ત્યારબાદ અ–મારિ પ્રવર્તન કરાવવું શ્રી જિનમંદિરમાં પૂજા મહોત્સવ કરવો. દીનરાંકને દાન આપીને, જેઓને સગવડ ન હોય તેવા નિરાધારને સામગ્રી આપવાની ઉદ્‌ઘોષણા કરાવીને, સંઘરક્ષા માટે શસ્ત્રધારી સુભટો લઈને, ગીત વાજીંત્ર નૃત્ય તૈયાર કરાવી, શુભ દિવસે પ્રસ્થાન કરવું.

પ્રસ્થાન સમયે ત્યાંના સમગ્ર સમુદાયને વિશિષ્ટ ભોજન કરાવી–તાંબુલાદિ મુખવાસ કરાવી–ઉત્તમ વસ્ત્રોની પહેરામણી કરી, પ્રતિષ્ઠાવંત વડીલો પૂજ્ય એવા ભાગ્યવંત પાસે સંઘપતિનું તિલક કરાવવું. પછી ત્યાં શ્રી સંઘની પૂજાનો મહોત્સવ કરવો. તીર્થસ્થાનમાં અષ્ટ પ્રકારી મહાપૂજા ભણાવવી. વિધિપુર્વક સ્નાત્ર મહોત્સવ કરવો, તીર્થમાળ પહેરવી ઘીની ધારાવાળી કરવી, શ્રી જિન પૂજન કરવું, કિંમતી ધ્વજ ચઢાવવો, યથાશક્તિ તપ કરવો, સુંદર ફળ નૈવેદ્ય મુકવા, વિવિધ વસ્તુ ભેટ મુકવી, તીર્થ નિર્વાહમાં કંઈક રકમ લખાવવી, શ્રી ગુરુ મહારાજ તથા શ્રી સંઘની પહેરામણી કરવી, યાચકોને દાન દેવું. વગેરે વિધિ જાળવવી.

યાત્રામાંથી પાછાં ફરી નગર પ્રવેશ મહોત્સવ કરવો, સંઘને ભોજન સત્કારાદિ કરી વિસર્જન કરવો. તીર્થયાત્રા તિથિએ યથાશક્તિ તપ કરવો.

પણ આ બધાં સાથે છ'રી પાલન યાદ રાખવું'

(૧) સચિત્ત પરિહારી (૨) એકલ આહારી (૩) ભૂમિ શય્યાકારી (૪) બ્રહ્મચર્ય ધારી (૫) આવશ્યકારી (૬) પાદચારી.

સુતીર્થયાત્રા પર ત્રિવિક્રમ રાજાની કથા પ્રસિદ્ધ છે. શ્રાવસ્તી નગરીનો રાજા ત્રિવિક્રમ એક વખત અરણ્યમાં ગયેલો. કોઈ પક્ષીને માર્યા પછી તેને તરફડતું જોઈ રાજાને અનુકંપા ઉત્પન્ન થઇ. પશ્ચાતાપ કરતો આગળ ચાલ્યો. મહામુનિને જોઈ નમન કરી બેઠો. મુનિએ તેને અહિંસાનો ઉપદેશ આપ્યો તે સાંભળી થયું કે નક્કી આ મુનિ જ્ઞાની લાગે છે. નહીં તો મારું પાપ જાણે કેવી રીતે ?

તેણે દીક્ષા લીધી અનુક્રમે ઉગ્ર તપશ્ચર્યા કરતા, તેજોલેશ્યા લબ્ધિ ઉત્પન્ન થઇ. પેલું પક્ષી મરીને ભિલ્લ થયેલું. ભિલ્લે પૂર્વના વૈરના કારણે ક્રોધયુક્ત થઇ મુનિ પર લાકડી વડે પ્રહાર કર્યો. મુનિને પણ રોષ ચડતાં તેણે તેજોલેશ્યા છોડીને ભિલને બાળી નાખ્યો.

તે ભિલ મૃત્યુ પામી કોઈ વનમાં સિંહ થયો. રાજર્ષિને જોઈને પૂછડું હલાવતો ધસ્યો સામે. વળી મુનિએ તેજોલેશ્યા છોડીને તેને બાળી મુકયો. પછી તે પક્ષીનો જીવ હાથી થયો-સાંઢ થયો-સર્પ થયો-બ્રાહ્મણ થયો. દરેક વખતે તે જીવે કંઇકને કંઇક વિડંબના કરી અને દરેક વખતે ત્રિવિક્રમ રાજર્ષિએ તેને તેજોલેશ્યા છોડી બાળી નાખ્યો.

આ રીતે રાજર્ષિએ સાત [એક+છ] હત્યાઓ કરી પછી બ્રાહ્મણના ભવના શુભકર્મથી તે પક્ષી વારાણસી નગરીમાં મહાબાહુ રાજા થયો. તે વખતે કોઈ મુનિને જોઈને રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે તેના મનમાં શુભ સંકલ્પ પ્રગટયો, અરેરે મારે કારણે આ મુનિને સાત હત્યાનું પાપ થયું.

તેથી મુનિની શોધ કરવા તેણે શ્લોક લખ્યો અને જાહેરાત કરી કે જે આ શ્લોકની પૂર્તિ કરશે તેને એક લાખ સોનામહોર આપવામાં આવશે.

० શ્લોક :- त्रिहगः शबरः सिंहो द्वीपी संढः फणी द्विजः

સર્વજનો હાલતા ચાલતા આ શ્લોક બોલે છે. પણ કોઈ પુર્ણ કરી શકતું નથી. એક વખત પેલા રાજર્ષિએ કોઈ ગોવાળના મુખે સાંભળ્યું, તે રાજર્ષિએ અર્ધો શ્લોક સાંભળીને તેનો ઉત્તરાર્ધ કહ્યો.

ये नामी निहताः कोपात् स कथं भविता हहा

ગોવાળ ગયો રાજા પાસે. મેં આ સમશ્યાને પૂર્ણ કરી છે. લાવો મને ઈનામ. રાજા કહે સાચું બોલ કોણે સમસ્યા પૂર્ણ કરી નહીં તો તને કેદમાં નાખીશ. ગોવાળે તરત મુનિનું નામ આપ્યું એટલે તે રાજાએ મુનિ પાસે જઈને ખમત ખામણા કર્યા [ક્ષમાપના યાચી] મુનિએ પણ રાજા સાથે ક્ષમાપના કરી.

આ રીતે બંને એ પરસ્પર ક્ષમાપના કરી. બંનેએ પોતાના અપરાધની નિંદા–ગર્હા કરી એ સમયે તે નગરીએ કોઈ કેવલજ્ઞાની મુનિરાજ પધાર્યા. તેમની પાસે મહાબાહુ રાજા અને ત્રિવિક્રમ રાજર્ષિ બન્નેએ જઈને વંદના કરી પોત–પોતાના પાપની આલોચના માંગી.

કેવલજ્ઞાની મહાત્મા કહે બન્નેનું પાપ શ્રી શત્રુંજય તીર્થે ગયા વિના ઉગ્ર તપશ્ચર્યા કરવા વડે પણ નાશ પામનાર નથી. તે સાંભળી મહાબાહુ રાજાએ પણ દીક્ષા લીધી.

બંને રાજર્ષિએ શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરી ભાવ પૂર્વક સંયમ પાલન કરી અંતે શત્રુંજય તીર્થે સિદ્ધિપદને પામ્યા.

માટે શ્રાવકોએ તીર્થયાત્રા કર્તવ્યનું અવશ્ય પાલન કરવું. ફરી યાદ કરો તે ધ્રુવ પંક્તિ.

**ભાવે તીરથ જુહારીએ–**

સુતીર્થયાત્રા કરવી તેની વિધિ સમગ્ર તયા દર્શાવી. પણ તે વિધિ મહત્ત્વની ક્યારે બને?

જો પરિણામ સ્વરૂપે સદ્ગતિને અપાવનારી થાય તો. ચંદ્રશેખર કે ત્રિવિક્રમ રાજર્ષિની માફક પાપકર્મોની નિકંદના કરાવનારી બને તો જ તે તીર્થયાત્રા, વિધિપૂર્વકની સુતીર્થયાત્રા કહેવાય. માટે વિધિ અને બહુમાનપૂર્વક યાત્રા કરી તીર્થનું तीर्यते अनेन એ નામાર્થ સાર્થક કરવા પૂર્વક તીર્થયાત્રા કરવી.

એક વખત હેમચંદ્રાચાર્યજીએ પણ ઉપદેશ કર્યો કે યૌવન વય અથવા વૃદ્ધાવસ્થામાં કરેલ અજ્ઞાનપણે જે પાપ તે સર્વ સિદ્ધ ગિરિને સ્પર્શના કરતા વિલય પામે છે. વળી યાત્રાનો યોગ મળે તો પણ સંઘપતિપણું મળવું દુર્લભ છે. કહ્યું છે કે આ સંઘ અરિહંતને પણ માન્ય અને સર્વદા પૂજ્ય છે. આ પ્રમાણે ઉપદેશ સાંભળી કુમારપાળ રાજાને તીર્થયાત્રાનો વિચાર આવ્યો.

ગુરુ મહારાજે આચાર દિનકર ગ્રન્થમાં જણાવ્યા મુજબ વિધિપૂર્વક આઠ સ્તુતિ વડે દેવવંદન કર્યું. શાંતિક અને પૌષ્ટિક ક્રિયા

કરાવીને સંઘપતિ પદવીએ સ્થાપીત કર્યા. શુભ મુહુર્તે હસ્તીના કુંભ-સ્થળ ઉપર સોનાનું દેવાલય મુકાવી પ્રસ્થાન કર્યું તે પછી ૭૨ સામંતના દેવાલયો—૨૪મંત્રીના દેવાલયો, ૧૮૦૦ વ્યાપારી જિનચૈત્યો એમ અનુક્રમે સંઘની આગળ ચાલ્યા.

કુમારપાળ રાજાએ પાટણના સર્વ ચૈત્યોની પૂજા કરી, અમારિ ઘોષણા કરાવી, બંદીખાનામાંથી બંદીને વિમોચીત [મુક્ત] કર્યા અને સંઘભક્તિ કરી યાત્રા ભેરી વગાડી પ્રયાણ કર્યું.

છ'રીની વિધિ સાંભળી તેણે પણ વાહન અને પગરખાંનો ત્યાગ કર્યો. કેમકે લોકમાં પણ ઉક્તિ છે કે યાત્રા કરતાં વાહનમાં બેસવાથી અડધું ફળ નાશ પામે છે. જોડાં પહેરવાથી ચોથા ભાગનું ફળ નાશ પામે છે.

તે રાજાએ સ્થળે સ્થળે પ્રભાવના, પ્રભુની દરેકે દરેક પ્રતીમાજીને સોનાના છત્ર, દરેક પ્રાસાદો પર ધ્વજારોપણ, શહેરે શહેરે સાધર્મિક પૂજા, સંઘને ભોજન, અમારી ઘોષણા કરાવી.

રોજ રોજ સંઘમાં બે વખત પ્રતિક્રમણ, પર્વ દિવસે પૌષધ ઈત્યાદિ ધર્મક્રિયા કરતો ચાલ્યો.

જેવા તીર્થદર્શન થયાં કે સકલ સંઘ સહિત તેણે તીર્થને પંચાગી પ્રણામ કરવા પૂર્વક શત્રુંજયને વધાવી, તીર્થ સન્મુખ અષ્ટમંગલનું આલેખન કર્યું.

તીર્થોપવાસ કરી તે દિવસે રાત્રિ જાગરણ કર્યું અને પ્રાતઃકાલે દેવ—ગુરુની પૂજા—વંદના કરીને પારણું કર્યું.

ગિરિરાજ પર પહોંચી આશાતના ટાળવા પૂર્વક ઉપર ચડવાનું શરૂ કર્યું. ઉપર પહોંચતા મુખ્ય દ્વારને સવાશેર મોતી વડે વધાવીને પછી તીર્થમાં પ્રવેશ કર્યો.

પ્રદક્ષિણા દેવાયા બાદ પૂજ્ય ગુરુ મહારાજે જણાવ્યું કે ૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષે એક પૂર્વ થાય તેને ૯૯ ગુણા કરો એટલે ૯૯ પૂર્વ. આટલી વખત શ્રી આદિનાથ પ્રભુ આ રાયણ વૃક્ષ નીચે આવી સમોસર્યા હતા.

કુમાર પાળે તે સાંભળી સમ્યક્ પ્રકારે રાયણ વૃક્ષની તથા પ્રભુ પાદુકાની પુજા કરી. પછી ગર્ભગૃહમાં પ્રવેશ કરી નવલાખ મૂલ્યનાં નવ મહારત્નો વડે શ્રી આદિનાથ પરમાત્માની પૂજા કરી.

આ રીતે દરેક શ્રાવકોએ કુમાર પાળ રાજાની માફક ભક્તિ સહિત

અને વિધિ પૂર્વક પાપના સમુહને ટાળવાને માટે તીર્થયાત્રા કરવી જોઈએ. તીર્થયાત્રા કરતી વેળા ભાવનું મહત્ત્વ વધુ હોવાથી યાદ રાખવું એક વાક્ય **ભાવે તીરથ જુહારીએ.**

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી મહારાજાના પ્રતિબોધથી વિક્રમાદિત્ય રાજાએ પણ એક સંઘ કઢાવેલો હતો. આ સંઘની તીર્થયાત્રાનું વર્ણન અષ્ટાહ્નિકાના વ્યાખ્યાનમાં શ્રીમદ્‌વિજય લક્ષ્મીસૂરિજી મહારાજે કરેલું છે.

તે તીર્થયાત્રા સંઘમાં ૧૬૯ સોનાના જિનાલયો, ૫૦૦ દાંત–ચંદનાદિમય જિનમંદિરો હતા. તે સંઘમાં ૫૦૦૦ આચાર્ય મહારાજશ્રી હતા. ૧૪ મુકટબદ્ધ રાજાઓ હતા, ૭૦ લાખ શ્રાવકના કુટુમ્બો હતા, ૧ કરોડ, ૧૦ લાખ નવહજાર ગાડાં હતા, ૧૮ લાખ ઘોડાં હતા, ૭૬૦૦ હાથી હતા. એ જ રીતે ઉંટ–બળદો વગેરે ઘણો રસાલો હતો.

આ પ્રકારે વિવિધ ઠાઠામઠ પૂર્વક સંઘ સાથે તીર્થયાત્રા કરવી જોઈએ. છતાં આશ્ચર્યની વાત એ છે કે બધાંજ પોત–પોતાના સંઘને અભૂત પૂર્વ સંઘ માનીને જ જાહેરાતો કર્યા કરે છે.

શ્રાવકોએ તો તીર્થયાત્રા કર્તવ્ય છે તે વાત સમજી–સ્વીકારીને યથાશક્તિ તીર્થયાત્રા માટે ભાવના રાખી **ભાવે તીરથ જુહારીએ** પંક્તિ સાર્થક કરવા પ્રયત્ન શીલ રહેવું.

તીર્થયાત્રાનો ઉપસંહાર કરતા લખે છે કે તીર્થ–એટલે જ્યાંથી એક ધોરી માર્ગ મોક્ષ તરફ જઈ રહ્યો છે. છ'રી પાલીત સંઘમાં જ્યારે યાત્રિક યાત્રા કરવા માટે જાય છે ત્યારે દિવસે દિવસે તેનો ભાવોલ્લાસ વધતો જાય–યાત્રા આગળ ધપતી જાય અને પરમાત્મા વચ્ચેનું અંતર દિવસે દિવસે ટુંકું થતું જાય. યાત્રિકના મનમાં ભાવની ધારા વહે ભાવધારામાં સ્નાન કરતો યાત્રિક "હું પરમાત્મા સમીપ જઈ રહ્યો છુ" તેમ વિચારતો હોય અને ખરેખર છેલ્લે એક દિવસ એવો આવી જાય જ્યારે પરમાત્મા સન્મુખ આવી જાય.

**આવી ઉભો છું દ્વારે, દર્શન દેશો ક્યારે**
**અંતરની અભિલાષા, પ્રભુ પુરી કરશો ક્યારે**

આ પ્રમાણે તીર્થયાત્રા કૃત્યની જઘન્યથી પણ વર્ષે એક વખત પરિપાલના કરો. તીર્થના પાવન પરમાણુઓ સંસારના મોહના વિષાણુઓની અસરથી તમને મુક્ત કરાવશે.

**ભાવે તીરથ જુહારીએ–**

□

जो उवसमइ तस्स अत्थि आराहणा
जो न उवसमइ तस्स नत्थि आराहणा
तम्हा अप्पणा चेव उवसमियव्वं
से किमाहु भंते उवसमाइं खु सामण्णं

જે ઉપશમે છે તેને આરાધના છે. જે નથી ઉપશમતો તેને આરાધના નથી. તેથી આત્માને ઉપશમાવવો. કેમકે ઉપશમ પ્રધાન સાધુપણું કહ્યું છે.

ઉપશમને સરળ સાદી ભાષામાં સમજાવતા યશોવિજયજી મહારાજે એક પંક્તિ મુકી દીધી.

**લક્ષણ પાંચ કહ્યા સમક્તિ તણાં,**
**ધુર ઉપશમ અનુકૂળ સુગુણનર**
**અપરાધીશું પણ નવી ચિત થકી,**
**ચીંતવીએ પ્રતિકૂળ સુગુણનર**

"અપરાધી પ્રત્યે મનમાં પણ પ્રતિકૂળ ચિંતવના ન કરવી" તેને ઉપશમ પણું કહ્યું. જ્યારે ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીજીએ બારસા સૂત્રમાં ઉપરામથી જ આરાધક પણું બતાવ્યું. એટલે આપણે પણ પરિશીલનનું શીર્ષક રાખ્યું.

**"આરાધક બનવાની કળા"**

સ્કન્દક [ખંધક] મુનિનું શ્રેષ્ઠ ઉદાહરણ ઇતિહાસના પાને નોંધાયું છે ઉપશમના સંદર્ભમાં.

ખંધક ઋષિએ મુનિ સુવ્રત સ્વામીજીને પુછ્યું, હે પ્રભુ. હું મારી બહેનના દેશ જાઉં ? પ્રભુ કહે સર્વને મરણાન્ત ઉપસર્ગ થશે. ખંધક મુનિ કહે સ્વામી ઉપસર્ગમાં બધાં આરાધક થઇશું કે વિરાધક ?

સ્વામી કહે તમારા એક વિના બધાં આરાધક થશે. તે સાંભળી નિર્ભય અને પરોપકાર પરાયણ મુનિએ વિચાર્યું કે ભગવત્ વચન કદી મિથ્યા થતું નથી. પણ ૫૦૦ શિષ્યો પણ મારા નિમિત્તે જો આરાધક બનતાં હોય તો વિશેષ રૂડું શું ?

ખંધક મુનિ ૫૦૦ શિષ્યોની સાથે નીકળ્યા. આવ્યા કુંભકાર નગરે. ત્યાં પાલક નામના અભવ્યને ખબર પડી કે રાજાના શાળા જ મુનિ છે અને તે અહીં આવેલા છે. એટલે પૂર્વનું વેર સંભાળી તેણે કપટ કર્યું અને મુનિ પર ખોટું આળ ચડાવ્યું.

રાજાએ તો ગુસ્સામાં હુકમ કરી દીધો કે તમને ઠીક લાગે તેમ કરો. પાલકને તો સુંદર અવસર મળી ગયો.

ઘાણી તૈયાર કરાવી. એક એકને પીલવાનું શરૂ કર્યું. ખંધક મુનિ બધાંને નિર્યામણા કરાવે છે. जो उवसमइ तस्स अत्थि आराहणा આગમ વાક્યને સાર્થક કરતાં તેણે બધાંને **આરાધક બનવાની કળા** શીખવી. ઉપશમ ભાવે બધાં સાધુ ઉપસર્ગને સહન કરવા લાગ્યા. ઉપશમ ભાવમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

જેમ મેતારજ મુનિને ચામડું બાંધી તડકે રાખ્યા પણ ઉપશમ ભાવે કેવળી થયા. ગજસુકુમાલને માથે સળગતા અંગારા ભરી દીધાં તો પણ ઉપશમ ભાવે રહેલા તેમણે કેવળજ્ઞાન થયું. અરે અવંતી સુકુમાલ ઉપશમ ભાવમાં રહ્યાને નલીની ગુલ્મ વિમાનમાં ઉપન્યા તેમ ખંધક ઋષિના શિષ્યો પણ એક પછી એક કેવળજ્ઞાન પામતા ગયા.

છેલ્લા બાળ મુનિ રહેલા ત્યારે ખંધક ઋષિએ પાલકને વિનંતી કરી. આને પીલાતો હું જોઈ શકીશ નહીં. માટે પહેલાં મને ઘાણીમાં નાખ અને પછી આ બાળમુનિને પીલજે. પણ પાપી પાલકને તેથી તો વધુ આનંદ થયો એટલે તેણે બાળમુનિને પીલવા માંડયા.

ખંધક ઋષિએ બાળમુનિને સુંદર આરાધના કરાવી. ઉપશમ ભાવ ધારણ કરાવી તેને પણ મોક્ષ ફળ અપાવ્યું. પણ પોતે ઉપશમ ભાવ ગુમાવી બેઠા. તેને થયું કે મારા કહેવાથી એક ક્ષુલ્લક મુનિને પણ ન છોડયા. હવે જો મારા તપ તેજનું કોઈ બળ હોય તો હું આખા નગરને બાળી ને ભસ્મ કરનારો થાઉં.

ખંધક ઋષિ તો નિયાણું કરી બન્યા અગ્નિકુમાર દેવ, નગરને બાળીને ભસ્મ કરી દીધું અને ભગવદ્ વચન મુજબ તેઓ વિરાધક બન્યા કારણ —

जो न उवसमइ तस्स नत्थि आराहणा જે ઉપસમતા નથી તેઓને આરાધના પણ નથી. પણ પ્રશ્ન એ છે કે उवसम [ઉપશમ] એટલે શું ? **ઉપશમ એટલે કષાયની ઉપશાંતિ.** સ્પષ્ટ શબ્દોમાં કહીએ

તો ક્રોધ માન–માયા–લોભનું અત્યંત શાંત થઈ જવું તેનું નામ જ ઉપશમ.

શ્રાવકને માટે ઉપદેશ આપતા જણાવે કે ક્ષમા–નમ્રતા–સરલતા–સંતોષ ચાર ને ધારણ કરવાનો ગુણ કેળવશો તેમ તેમ ચારે કષાયોની ઉપશાંતિ થશે.

कषाय શબ્દ कष् ધાતુ પરથી બનેલો છે. कष् એટલે બગાડવું–ઘટાડવું–ઠાર મારવું.

જે અંતઃકરણને બગાડે–મનની વૃત્તિઓને મલિન કરે તે કષાય કહેવાય. कष् શબ્દથી "સંસાર" અર્થ લેતા તેનો आय લાભ જેનાથી થાય તે પણ कषाय.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ૧૩માં પદમાં કષાયનો અર્થ કરતા શાસ્ત્રકાર મહારાજા જણાવે કે—

सह दुक्ख बहु सहियं कम्म खेत्तं कसंति जम्हा
कलुसंति जं च जीवं तेण कसाइ त्ति वुच्चंति

ઘણાં પ્રકારના સુખ અને દુઃખના ફળને યોગ્ય એવા કર્મક્ષેત્રનું જે કર્ષણ કરે છે અથવા જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે છે તે કષાય કહેવાય છે.

કષાયો ભવરૂપી ચૌટામાં નટની જેમ પોતાનાં વિચિત્ર રૂપો દેખાડીને મનુષ્યોનું રંજન કરે છે તેમના ધર્મરૂપી ધનનો મિથ્યા વ્યવ કરાવે છે. આ ચારે કષાયો ક્રોધ માન–માયા–લોભ, તે મોક્ષ માર્ગનાં નાશક છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં પણ શય્યંભવ સૂરિજી મહારાજા ફરમાવે છે કે "નિગ્રહ નહીં કરેલ ક્રોધ અને માન તથા પ્રસાર પામતી માયા અને લોભ એ ચાર કષાયો પૂનર્જન્મનાં મૂળને સિંચે છે.

કષાયોમાં પ્રથમ સંજ્વલન કષાય છે, બીજો પ્રત્યાખ્યાની કષાય છે. ત્રીજો અપ્રત્યાખ્યાની કષાય અને ચોથો અનંતાનુબંધી કષાય છે.

સંજ્વલનની સ્થિતિ એક પખવાડીયાની, પ્રત્યાખ્યાની કષાયની સ્થિતિ ચાર માસની, અપ્રત્યાખ્યાની કષાયની સ્થિતિ એક વર્ષની અને અનંતાનુબંધીની સ્થિતિ જન્મ પર્યન્તની છે.

પહેલો કષાય યથાખ્યાત ચારિત્રનું આવરણ કરે છે. બીજો કષાય સર્વવિરતિ અટકાવે છે. ત્રીજો કષાય દેશવિરતિ રૂંધે છે. ચોથા અનંતાનુબંધી કષાયમાં વર્તતા જીવને સમ્યકત્વ પ્રાપ્ત થતું નથી.

પહેલા કષાયમાં વર્તતો જીવ દેવગતિ પામે છે, બીજા કષાયમાં વર્તતાં મનુષ્ય ભવ પામે છે, ત્રીજા કષાયે વર્તતો તિર્યંચ પણું પામે છે અને અનંતાનુબંધીમાં વર્તતો જીવ નારકી પણું પામે છે. જો આ કષાયો ઉત્કૃષ્ટ રીતે વર્તતા હોય તો ધર્મનું સર્વસ્વ બાળી નાખે છે. માટે કષાયોની ઉપશાંતિને "ઉપશમ" કહ્યું છે.

શ્રાવકોએ ઉપશમ ભાવમાં રહેવું તે તેના છત્રીશ કર્તવ્યોમાં ૨૬ મું કર્તવ્ય છે. કષાયની ઉપશાંતિને જ "ઉપશમ" ગણી **આરાધક બનવાની કળા** કેળવનારા બનો, નહીં તો કષાયનો વિપાક કેવો દારૂણ છે, તે જણાવતાં લખે કે—

> शत्रु भवन्ति सुहृदः कलुषी भवन्ति,
> धर्मा यशांसि निचिता यशसी भवन्ति
> स्निह्यन्ति नैव पितरोऽपि च बन्धवाश्च
> लोकद्वयेऽपि विपदो भविनां कषायैः

કષાયો વડે મિત્ર શત્રુ બને છે. ધર્મ કલુષિત થાય છે. યશનો અપયશ થાય છે. માબાપ ભાઈ (વગેરે) સ્નેહ રાખતા નથી. આ લોક પરલોકમાં વિપત્તિ થાય છે. માટે કષાયોનો ઉપશમ કરો.

(૧) ક્રોધ :– "बद्धं यद्येन क्रोधेनं वचसा पूर्वजन्मनि
> रुदद्भिश्च वेद्यते वश्यं तत्कर्मेह शरीरिभिः

પ્રાણીઓએ પૂર્વ જન્મમાં વચન વડે કરીને ક્રોધથી જે કર્મ બાંધ્યુ હોય તે આ જન્મમાં રોતાં રોતાં પણ અવશ્ય ભોગવવું પડે —માટે ક્રોધ ઉપર સંયમ રાખવો.

ઈટાલીની મહારાણી કેથેરીનનો સ્વભાવ ખૂબ ઉગ્ર અને ક્રોધી. કોઈ સૈનિકની નાની સરખી ભૂલ થાય કે અપરાધ થાય તો પણ કેથેરિન તેને સજા કર્યા વિના છોડતી નહીં. વાતે વાતે ક્રોધ કરે,

અધિકારીને સતત ભય રહેતો કે અપરાધીનો અપરાધ જો માફ કરીશું તો રાણી આપણા પર ક્રોધે ભરાશે. નાહકની સજા ભોગવવી પડશે.

એક વખત મહારાણી પોતાના કેટલાંક અધિકારીઓને સાથે લઈને લશ્કરી છાવણીની મુલાકાત લીધી પણ છાવણીમાં સૈનિકોને પૂર્વથી ખબર ન હોવાથી સ્વાભાવિક વાતો કરતા હતા. આ તે રાણી કહેવાય કે ઝેરીલી નાગણ? ત્યાં બીજો બોલ્યો આવી ક્રોધી રાણી બીજી કોઈ નહીં હોય.

મહારાણી તથા અધિકારીઓએ આ રીતે સૈનિકોના મુખે થતી રાણીની ભારે કડવાશ યુક્ત નીંદા સાંભળી. અધિકારીએ રાણીને પૂછ્યું, બોલો રાણી સાહેબ કહોતો આની જીભ ખેંચી કાઢીએ.

રાણી સાહેબે જીવનમાં પ્રથમ વખત આ સૂચન ન સ્વીકાર્યું, ના કોઈ સજા નથી કરવી. અધિકારીને આશ્ચર્ય થયું, આ ફેરફાર કેમ ?

રાણીએ શાંતિથી કહ્યું મેં ક્રોધ તો આખી જીંદગી કર્યો. તે લોકો જાણે છે. પણ એક વખત હવે લોકો એમ તો કહેશે કે કેથેરીને જીવનમાં એકવાર ક્રોધ પર સંયમ પણ રાખ્યો હતો.

जो उवसमइ तस्स अत्थि आराहणा, વાકયનો સાર પકડાઈ ગયો.

ક્રોધનું સ્વરૂપ દર્શાવતા શ્રાદ્ધ ગુણ વિવરણમાં કહ્યું છે. કે–જે ક્રોધ–સંતાપને વિસ્તારે છે. તે વિનયનો નાશ કરે છે, મિત્રતાનો દૂર કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, પાપવાળા વચનને પેદા કરે છે. કલેશને ધારણ કરે છે. કીર્તિને કાપી નાખે છે, દુર્મતિને સ્થાપે છે, પુણ્યના ઉદયને હણે છે.

તેથી આવા દોષયુક્ત ક્રોધનો સત્પુરુષોએ ત્યાગ કરવો જોઈએ.

પોતાના અભ્યુદયની ઈચ્છા રાખનારે પ્રથમ ક્રોધ રૂપ અંધકારને બુદ્ધિ દીપ વડે દૂર કરવો કેમકે અંધકારથી ઢંકાયેલા દરેક પદાર્થો પ્રકાશમાં આવી શકતા નથી. તેમ જે પુરુષ ક્રોધરૂપી અંધકારથી છવાયેલો છે. તે કોઈ વખત પણ પોતાના ગુણો પ્રકાશમાં લાવવા શક્તિમાન થતાં નથી.

ચંડ કૌશિક સર્પ ક્રોધના પરિપાકનું ઉત્તમ ઉદાહરણ છે. અતિ તપસ્વી મુનિરાજ હતા. બાળ સાધુને લઈને પારણા માટે ગોચરી લેવા નીકળ્યા. માર્ગમાં તપસ્વી મુનિના પગલે દેડકી દબાઇને મૃત્યુ પામી, પ્રતિક્રમણ વેળા તેની આલોચના કરી નહીં.

બાળ સાધુ કહે દેડકી ચંપાઈ ગયાની આલોચના કેમ કરતા નથી ? તે વખતે ક્રોધથી ધમધમતા તપસ્વી મુનિ મારવા દોડ્યા. પણ રસ્તામાં થાંભલો આડો આવ્યા ત્યાં જ અફળાઈને મૃત્યુ પામ્યા.

જ્યોતિષ દેવ થઈ, ત્યાંથી ચ્યવી કનકખલ નામે આશ્રમમાં ૫૦૦ તાપસના અધિપતિ કૌશિક તાપસ થયા. કેટલાંક રાજપુત્રોને આશ્રમમાં ફળ તોડતા જોઈને પરશુ હાથમાં લઈ મારવા દોડયા. રસ્તામાં કુવામાં પડી તે જ પરશુ લાગવાથી મૃત્યુ પામ્યા. ત્યા જ દૃષ્ટિવિષ સર્પ થયા.

ક્રોધનો ધમધમાટ અને દૃષ્ટિવિષ સર્પ, જ્યાં નજર પડી નથી ને સામા જીવો મૃત્યુ પામ્યા નથી. ધીરે ધીરે આખો માર્ગ ઉજ્જડ કરી દીધો.

શ્રી મહાવીર પ્રભુ તેને પ્રતિબોધવા ગયા, ત્યારે પણ તેણે સૂર્ય સામે જોઈને મુખમાંથી જવાળાઓ ફેંકવાનું શરૂ કર્યું, છતાં વીર પ્રભુને તેની કોઈ અસર થઈ નહીં.

ક્રોધે ભરાયેલા સર્પે ડંસ દીધો. પ્રભુના પગમાંથી દુધ [શ્વેત રુધિર] વહેતુ જોઈને આશ્ચર્ય ચકિત થયેલા સર્પને પ્રભુ કહે છે. બુઝ બુઝ ચંડ કૌશિક ! ઉહાપોહ કરી જાતિ સ્મરણ જ્ઞાનને પામેલ સર્પને પશ્ચાતાપ થયો. પ્રભુને પ્રદક્ષિણા દઈ સર્પે અનશન કર્યું. ક્રોધને ઉપશમાવી દીધો **આરાધક બનવાની કળા** પ્રાપ્ત થઈ ગઈ. પરિષહો ઉપસર્ગો સહન કરતાં તે સર્પ સહસ્રાર દેવલોકે દેવતા થયો. ત્યાંથી ચ્યવી થોડા ભવમાં મોક્ષે પામશે.

માટે કષાયની ઉપશાંતિ કરી ઉપશમ ભાવ કેળવો.

**(૨) માન :–** दृगम्यां विलोकते नोर्ध्वं सप्ताङ्गैश्च प्रतिष्ठितः

स्तब्ध देहः सदा सोष्मा मान एव महागजः

સાતે અંગોથી સ્થિર થયેલો, અક્કડ શરીરવાળો અને હંમેશાં ગરમીથી ભરેલો અહંકાર રૂપ મદોન્મત હાથી, નેત્રો વડે ઉંચું પણ જોઈ શકતો નથી.

અર્થાત્ જેમ હાથી પગ છાતી વગેરે સાત અંગોથી સ્થિર થયેલો હોવાથી, તેમજ અક્કડ શરીરને લીધે ઉંચુ જોઈ શકતો નથી. તેમ માની પુરુષ પણ જાતિ–કુળ–ઐશ્વર્ય–બળ–રૂપ–વિદ્યા વગેરેથી અક્કડ થઈ અભિમાનથી ઉંચુ જોતો નથી.

મોટા પરાક્રમી તત્વજ્ઞાની અને અતીદક્ષપણાને ધારણ કરનાર બાહુબલી મુનીશ્વરને પણ માનનો ત્યાગ કરવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

ઋષભદેવના પુત્ર એવા બાહુબલીને ભરત સાથે લાંબાકાળ સુધી યુદ્ધ કર્યા બાદ સમ્યક્ વિચારણાપૂર્વક સંયમ ગ્રહણ કર્યો પણ મનમાં ચિંતવે છે જો કે હું છદ્મસ્થાવસ્થામાં પિતા પાસે જઈશ તો પ્રથમથી દીક્ષિત થયેલા મારા લઘુ બંધુઓને મારે વંદના કરવી પડશે. તેથી કેવળજ્ઞાન પામ્યા પછી જ જઈશ.

આ રીતે "હું નાના ને વંદન કેમ કરું" તેવા અભિમાને ચડયા. મુનિશ્રીએ નિદ્રા તથા આહારનો ત્યાગ કર્યો હતો. કઠોર તપ કરતા હતા, પક્ષીએ તેના મસ્તકના કેસમાં તથા દાઢીમાં માળા બાંધ્યા હતા. વેલડીઓ વીંટાઈ ગઈ હતી. પશુઓ નિર્ભય પણે પોતાનું શરીર ઘસતા હતા. આ પ્રકારે એક વર્ષ સુધી કઠોર તપ કર્યું છે. મનમાંથી બધાં જ વિપરીત ભાવો નાશ પામ્યા. માત્ર બાકી રહ્યો માન કષાય – "હું મારા નાના ભાઈઓને કેમ વંદન કરું"?

ઋષભદેવ પરમાત્માએ યોગ્ય અવસર જાણી બ્રાહ્મી સુંદરી સાધ્વીને આજ્ઞાપૂર્વક પોતાના બંધુને પ્રતિબોધવા મોકલ્યા. તે સાધ્વીએ લતાના સમુહમાં રહેલા ભાઈને માંડ માંડ શોધ્યા અને કહ્યું

**વીરા મોરા ગજ થકી ઉતરો રે ગજ ચડે કેવળ ન હોય.**

બાહુબલીને થયું કે અહીં કોઈ હાથી તો છે નહીં પછી મને આમ કેમ કહે છે? વિચારતા માલૂમ પડયું કે અરે હું તો માનરૂપી હાથી પર બેઠો છું. આટલો બધો કાળ મેં ફોગટ ગુમાવ્યો. હવે જલ્દીથી જઈ મારા લઘુબંધુઓને જઈ ને નમસ્કાર કરું. બસ આટલું વિચારી પગ ઉપાડતાં કેવળજ્ઞાન થયું.

માટે હે ભાગ્યવાન્ શ્રાવકો **આરાધક બનવાની કળા** શીખીને માન કષાયનો ઉપશમ કરી ઉપશમ ધારણ કરનારા બનો.

**(૩) માયા :–** જેમ ક્રોધ–શરીર અને મનમાં સંતાપ પેદા કરે છે, તેનો પ્રતિકાર ક્ષમા ગુણ છે. માન એ વિનય–વિદ્યા–વિવેકનો ઘાતક છે. તેથી નમ્રતાગુણ વડે તેનો પ્રત્યુપાય કરવો.

તે રીતે માયા એ અસત્યની જનની છે. શીલવૃક્ષને છેદનારી કુહાડી છે. મિથ્યાત્વ અને અજ્ઞાનની જન્મભૂમિ છે. તથા પારકાનો તેમજ પોતાનો દ્રોહ કરનારી છે, માટે માયાનો સર્વથા ત્યાગ કરવો. માયાનો પ્રત્યુપાય સરળતા છે.

માનવી જેમ જેમ સરળતાના ગુણને વિકસાવે તેમ તેમ તેનામાં રહેલ કપટરૂપ માયા કષાય નીકળતો જશે.

શ્રી મલ્લિનાથ સ્વામી પૂર્વ ભવે મહાબલ રાજા હતા. તેમણે પોતાના છ મિત્રો સાથે દીક્ષા ગ્રહણ કરેલી. તે સાતે મિત્રોએ ભાવથી પ્રતીજ્ઞા કરી કે આપણમાંનો કોઈપણ એક તપ કરે તો બધાંએ તે તપ કરવો.

મોક્ષના માટે સમાન ઉત્કંઠાવાળા તેઓ સૌ તપશ્ચર્યા કરતા હતા.

તેમાં મહાબલ મુનિને થયું કે મને બધાંથી અધિક ફળ મળે તે રીતે તપશ્ચર્યા કરું. એટલે કપટપૂર્વક પારણાના દિને આહાર ન કરતાં તપ કરે છે. માયાના પરિણામથી છ મિત્રોને છેતરે છે. આવા પ્રકારના માયા મિશ્ર તપ ને પરિણામે તેણે સ્ત્રી વેદ ઉપાર્જન કર્યો.

**તપ કીધો માયા કરીજી, મિત્ર શું રાખ્યો ભેદ**
**મલ્લિ જિનેશ્વર જાણીયેજી તો પામ્યા સ્ત્રી વેદ રે પ્રાણી**
**મકરીશ માયા લગાર —**

અર્હંત ભક્તિના બળે, સ્થાનકોની આરાધના પૂર્વક તીર્થંકર નામ-કર્મ ઉપાર્જન કર્યું. છતાં માયા યુક્ત તપે તેને તીર્થંકર પણામાં સ્ત્રી વેદ આપ્યો તે અચ્છેરા સમાન ગણાયો. કેમકે અનંતી ચોવીસીએ આવો કવચિત પ્રસંગ બને કે સ્ત્રી તીર્થંકર થાય.

માટે હે શ્રાવકો માયારૂપી કષાયનો ત્યાગ કરી ઉપશમ ભાવને ધારણ કરવા રૂપ શ્રાવકનું છવીસમું કર્તવ્ય પાળો અને સઘળાં કષાયોની ઉપશાંતિમાં પ્રયત્ન શીલ બનો.

**(૪) લોભ** :– अतिलोभो न कर्तव्यो लोभो नैव च नैवच
अति लोभाभि भूतात्मा सागरः सागरंगतः

અતિ લોભ ન કરવો, ન જ કરવો, ન જ કરવો કારણ કે અતિ લોભથી પરાભવ થયેલો સાગર શેઠ સમુદ્રમાં ગયો.

લોભનું વર્ણન કરતાં શ્રાદ્ધ ગુણ વિવરણમાં લખ્યું કે દાન દેવા લાયક પુરુષોને વિશે પોતાના પૈસાનો વ્યય નહીં કરવો તેમજ કારણ વિના બીજામાં ધનને લઈ લેવું તે લોભ કહેવાય છે.

પાપનું મૂળ પણ લોભ જ ગણાય છે. કેમકે લોભમાં ડુબેલા સર્વકાળે ભય વાળા રહે છે. તેઓને કાર્યાકાર્યનો વિવેક રહેતો નથી. તેથી લોભ વશ થઈ બીજાનું અહિત કરે છે. માયા–અપલાપ–વસ્તુની અદલા બદલી વગેરે કરી કુડકપટ કરવામાં કારણ ભૂત લોભ જ છે. લોભને વશ થયેલો માનવી અઢાર પાપસ્થાનક સેવે છે. ધન કમાવામાં રત રહે છે.

**પાપ અઢાર સેવીને રે લાવે પૈસો એક**
**પાપના ભાગી કો નહી રે ખાવા વાળા અનેક**
**સોભાગી શ્રાવક સાંભળો ધર્મ સજઝાય.**

લોભી માનવી છેલ્લે મમ્મણ શેઠની પેઠે નર્કમાં જાય છે. તેથી

લોભનો ત્યાગ કરી સંતોષ ગુણ ધારણ કરવો. જેથી લોભ કષાયનો ઉપશમ થઈ જશે.

સુભૂમ ચક્રવર્તી છ ખંડનો ધણી છે. છ ખંડની વિશાળ ઋદ્ધિનો ભોગવટો કરવા છતાં તેને એટલી પૃથ્વી અપૂરતી લાગી. તેના મનમાં લોભનો દાવાનળ સળગી ઉઠયો, વધારે પૃથ્વી કબજે કરવાનો.

મનમાં એક ચિનગારી પેટાવાઈ ગઈ કે છ ખંડ પૃથ્વીનો ભોગવટો અનેક ચક્રવર્તીએ કર્યો. પણ જો હું ધાતકી ખંડના ભરત ક્ષેત્રને પણ સાધવાવાળો થાઉં તો ખરો ચક્રવર્તી.

લોભ કષાયનો તીવ્ર ઉદય સુભૂમ ચક્રવર્તીને વર્તે છે. ગમે તેમ કરી બીજી પૃથ્વી હાંસલ કરવા ફાંફાં મારતા ચક્રીને દેવ–દાનવ–વિદ્યાધરો વગેરે સમજાવે છે. હે રાજા પૂર્વે ભરત સગર વગેરે અનેક ચક્રવર્તીઓ થઈ ગયા. અનંતા ચક્રવર્તીઓ હજી ભાવિ ચોવીશી મધ્યે થનારા છે. તે સઘળાં ચક્રવર્તીઓની આ પ્રકારની જ સ્થિતિ તેમજ નીતિ રહેલી છે અને રહેવાની છે કે કદી તેમાંના કોઈએ આ છ ખંડ સિવાય બીજાં છ ખંડ સાધ્યા નથી કે સાધશે નહીં માટે તમે પણ આ અશક્ય કલ્પના ત્યાગ કરી, લોભ છોડી, પ્રાપ્ત થઈ છે તે છ ખંડ પૃથ્વી સુખેથી ભોગવો.

પણ સુભૂમ ચક્રવર્તી તે માનવા તૈયાર નથી. તે તો પોતાના સમગ્ર સૈન્ય–૮૪ લાખ ઘોડા–૮૪ લાખ હાથી વગેરે સંપૂર્ણ રસાલા સાથે લવણ સમુદ્રને કાંઠે આવ્યા. પોતાના ચર્મરત્નને હાથના સ્પર્શ વડે વિસ્તાર્યું. સમગ્ર સૈન્યને ચર્મરત્ન પર બેસાડી લવણ સમુદ્ર પાર કરાવવા માટેનો આરંભ કર્યો.

એક સાથે ૧૬૦૦૦ દેવો ચર્મરત્નને ઉપાડીને લવણ સમુદ્ર પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બધાં દેવોનાં મનમાં એક સાથે એક જ વિચાર સ્ફૂર્યો કે આ ચક્રવર્તીની સેવામાં અનેક દેવો રહેલા છે તેમાં મારો એકલાની શક્તિ કામની શું ? કદાચ હું એક ચાલ્યો જઈશ તો આટલા શક્તિ સંપન્ન રાજાનું શું અટકી પડશે ?

આવા એક સમાન વિચારથી ૧૬૦૦૦ દેવો એ એક સાથે ચર્મ-રત્ન છોડી દીધું. પરીણામ ?

તે ચક્રવર્તી પોતાની સમગ્ર સેના અને ભવ્ય રસાલા સાથે બે લાખ યોજન વિસ્તાર વાળા એવા લવણ સમુદ્રમાં ડુબી મુઓ અને સીધો સાતમી નરકે ગયો.

તમે જો નારકીના દ્વાર બંધ કરવા ઈચ્છતા હો તો માત્ર એક રસ્તો છે. **આરાધક બનવાની કળા** શીખો અને લોભ સહિત સર્વ કષાયોને ઉપશમાવનારા બનો.

કહેવાય છે કે અતિ લોભ રૂપી પિશાચે જેનું ચિત્ત ગ્રસ્ત કર્યું છે તેવા કૃપા પુરુષો વિપત્તિ પામતા નથી. કારણ કે જેમ ચક્રીનું પદ પામ્યા પછી પણ પણ સુભૂમ, રાજ્યના લોભથી સાતમી નરકે ગયો. માટે સંતોષ ગુણને વિકસાવો અને લોભ કષાયનો પરિહાર કરો.

આ રીતે ક્રોધ–માન–માયા–લોભ ચારે કષાયોની ઉપશાંતિ પૂર્વક ઉપશમન નામના ગુણને ધારણા કરવા રૂપ શ્રાવકના પચીસમાં કર્તવ્યનું પાલન કરો.

ક્રોધ–માન–માયા–લોભ ચારે કષાયો સમ્યક્ ચારિત્રના ઘાતકો અને સમભાવની પ્રાપ્તિમાં મહાન અંતરાયરૂપ છે. માટે માત્રક્રોધને કષાય માની ન લેતા ચારે કષાયોને કષાય રૂપે સ્વીકારી જલદી દૂર કરવા પ્રયત્ન શીલ બની શકીએ તો જ આપણે **આરાધક બનવાની કળા**માં પારંગતતા આવશે કેમ કે जो उवसमइ तस्स अत्थि आराहणा એ આગમ વાક્ય છે.

પ્રજ્વલિત અગ્નિ વિના જેમ સોનાની કઠોરતા દૂર થઈ શકતી નથી તેમ ઇન્દ્રિયો પર વિજય મેળવ્યા વિના કષાયો જીતી શકાતા નથી માટે જો **આરાધક બનવું** હોય તો આપણે ઇન્દ્રિયોનો જય કરીને

० ક્રોધને ક્ષમા ગુણ વડે ० માનને નમ્રતા ગુણ વડે

० માયાને સરળતા ગુણે ० લોભને સંતોષ ગુણે

ઉપશાંત કરી શ્રાવકોએ ઉપશમ ભાવમાં મગ્ન રહેવું જોઈએ.

કારણકે–પૂર્વે કહ્યા અનુસાર

જ્યાં સુધી સંજ્વલન આદિ ચાર પ્રકારે ક્રોધાદિ કષાયનો ઉદય હશે ત્યાં સુધી ક્રમશઃ યથાખ્યાત ચારિત્ર. સર્વવિરતિ, દેશવિરતિ અને સમ્યકત્વ પ્રાપ્ત થશે નહીં માટે અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ રૂપ માત્ર ચોથું ગુણ સ્થાનક પ્રાપ્ત કરવા પણ ઉપશમ ગુણની ધારણા જરૂરી બનવાની.

ઉપશમ બળે થયેલા અંતકૃત કેવળી ને નમસ્કાર કરી એટલો જ સંકલ્પ કરો કે जो उवसमइ तस्स अत्थि आराहणाનું વાક્ય જીવનમાં સાર્થક કરીશું.

□

## (૯૯) વિવેક

**—શું રાખો શું છોડો ?**

कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत
विभिन्न कुरुते योऽसौ मुनिहंसो विवेकवान्

સર્વદા દુધ અને જળ (પાણી)ની જેમ એકરૂપ થઈ ગયેલા કર્મ અને જીવને આ વિવેકી મુનિરૂપી હંસ પૃથક્ કરે છે.

કર્મ જ્ઞાનાવરણીય વગેરે છે અને જીવ સચ્ચિદાનંદ રૂપ છે. તે અનંતા કાલથી દુધ અને પાણીની માફક એકી ભુત થઈ ગયેલા છે. તેને લક્ષણાદિ ભેદે કરીને જે પૃથક્ કરે છે તે મુનિ હંસ વિવેકવાન્ કહેવાય છે.

વિવેકનો અર્થ જ હેય—ઉપાદેયનું જ્ઞાન. ત્યાગ કરવા લાયક અને ગ્રહણ કરવા લાયક પદાર્થોની પરીક્ષા તે વિવેક,

આપણે વિવેકનો બહુ સાદો અર્થ રાખ્યો કે વિવેક એટલે **"શું રાખો—શું છોડો"**નું જ્ઞાન.

વિવેક બે પ્રકારનો કહ્યો છે. દ્રવ્ય વિવેક અને ભાવ વિવેક. ધન ઉપાર્જન કરવું. રાજનીતિ કુળ નીતિ વગેરેમાં જ નિપુણતા તે લૌકિક અથવા દ્રવ્યવિવેક કહેવાય.

લોકોત્તર કે ભાવ વિવેક તે ધર્મનીતિને જાણનાર હોય છે. તેમાં પણ "સ્વજન, દ્રવ્ય અને પોતાના દેહાદિકમાં જે રાગ" તેની વહેંચણી કરવી અર્થાત્ કે તે રાગ કરવા યોગ્ય નથી તેમ વિચારવું તે બાહ્ય વિવેક કહેવાય છે.

અશુદ્ધ ચેતનાથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાવરણાદિક દ્રવ્ય કર્મ તથા વિભાવાદિક ભાવ કર્મ તેનું જે વિભાગીકરણ તે અભ્યંતર વિવેક.

"દેહ એ જ આત્મા છે." તે રૂપ અવિવેક તો સર્વદા સુલભ છે. પણ દેહ અને આત્માના ભેદ સંબંધિ વિચારણાનો વિવેક તે કોટિભવે પણ દુર્લભ છે.

વિવેક એટલે સત્ય—અસત્યની પરીક્ષા કે કર્તવ્ય—અકર્તવ્યની સમજણ. જેને સાદી ભાષામાં લોકો સદ્બુદ્ધિ કહે છે અને આપણે સામાન્ય વ્યવહારથી **"શું રાખો—શું છોડો"**ની સમજણ કહી. શ્રાવકોએ છત્રીશ

કર્તવ્યો નિત્ય આચરવા–આદરવાના છે તેમાં છવીશમું કર્તવ્ય તે **વિવેક** નો આ પ્રમાણે અર્થ સમજી, સ્વીકારી, અમલ કરવા માટે સદા પ્રયત્ન-શીલ રહેવું જોઈએ.

દેવાળીયા ગામના ઝાંપામાં સવારે ધુળેટી રમાઈ રહી હતી વચ્ચે દરબાર મંદોદરખાનનો આઠ વર્ષનો દીકરો અને કોરેમોરે ગામ આખાના જુવાનો હતા. હોળીનું પર્વ હતું એટલે લાલ–પીળા કેસરીયા રંગમાં સહુ ગરકાવ હતા. તમામને અંગે પંચરંગી છાંટણા દીપતા'તા પણ આજ તો પડવો એટલે ઘેરૈયા માઝા છોડી ગાંડાતુર બનીને ગારો માટી જેવી ગંદી વસ્તુઓ વડે એકબીજાને રોળવામાં મસગુલ હતા.

ત્યાં કોક ઉજળા કપડાંવાળો મે'માન ચાલ્યો આવતો નજરે ચડયો. ઘેરૈયા એ પાદરમાં નજરું કરી, ચસકો પડયો. મે'માન માથે મીટ મંડાણી.

ત્યાં કો'ક ડાહ્યો જણ બોલ્યો, એલા મે'માન ને કોઈ છાંટશો માં, ત્યાં બીજો વળી બોલ્યો અરે મે'માનને રોળ્યા વિના કંઈ રે'વાય. પર્વના દાળે આપણે આંગણે મે'માન કયાંથી?

"સાચું સાચું" કરતાં રીડયા ઉઠયા અને ઘેરૈયા એ મે'માન સામી દોટ મુકી.

હુતાશણીનો જરાપણ ઉલ્લાસ નથી તેવો મે'માન અને ઘેરૈયા જે ઘડીયે લગોલગ થઈ ગયા. તે ઘડીએ જ મે'માનને ચીસ પાડી કે મને રોળશો મા બાપ! ભલા થઈને મને રોળશો મા. તમને પગે પડું મારા બાપ, મને રંગ છાંટશો મા.

ના પાડી–ઘણું વિનવ્યા, પણ ઘેરૈયા તો ન માન્યા તે ન જ માન્યા ને ડબલ ચાનક ચડી.

ખબરદાર! મે'માન ઓળખાય નહીં તેવા વરવા ચીતરી મેલજો. જોતજોતામાં તો ધુળો માંડી ઉડવા. ધુળોની સાથે સાથે "જાળવી જાવ" જાળવીજાવ ની મે'માનની ચીસો પણ ભળી ગઈ.

મે'માન પાછો હઠવા લાગ્યો. જુવાનો છાંટુછાંટુ થઈ રહ્યા એટલે ગાંડા ટોળાને આઘુ રાખવા મે'માને પોતાની તલવાર કાખમાં દબાવી હતી તે એમને એમ મ્યાન સોતી આડી વીંઝવા માંડી. ઘેરૈયા ચસકા કરતા ઉપર પડવા જાય છે પણ પોતે બબ્બે કદમ પાછો હઠતો જાય છે ને રેવાદ્યો રેવાદ્યો કરતો જાય છે. ધુળની ડમરીમાં પોતે કંઈ જોઈ નથી શકતો ત્યાં અચાનક કોઈ ધબ દઈને પડયું.

અરે ગઝબ થઇ ગયો "કુંવર પડયા.– –કુંવરને વાગ્યું" એવી બૂમ પડી.

પકડજો–ઝાલજો મે'માને કુંવરને તલવાર મારી.–આ સાંભળતા મુસાફર ચોંકયો. એ ભાન ભૂલી ગયો ને ભાગ્યો ઉભી વાટે. સીમાડે હડી કાઢી. શું થયું એ જોવા કે પૂછવાની વેળા ન રહી.

ઝાપામાં તો કાળો કેર થઈ ગયો. કારણ કે મંદોદર ખાનના બાળ કુંવરને બરાબર ગળાની ભુંગળી પર તલવારનો ઘા પડયો હતો. તરત જ લોહીનું ખાબોચીયું ભરાઈ ગયું અને ઘડી બે ઘડીમાં તો કુંવરના પ્રાણ પંખેરુ ઉડી ગયા.

પણ અચાનક આ ગઝબ કેમ થઈ ગયો?

અરે ભાઈ! મે'માને ઘેરૈયાથી બચવા મ્યાન સોતી તલવાર વીંઝી. દૈવગતિએ મ્યાન પડી ગયું મે'માનને ખબર ન રહી. તલવારની પીંછી અકસ્માત કુંવરના ગળાની ભુંગળીને લસરકો કરી ગઈ.

માણસો દોડયા, ગામમાં. દરબાર મંદોદરખાન હતા તો મોલે સલામ પણ અસલ રાઠોડ રાજપુતની ઓલાદ. ગામના ખુબજ માનપાન પામેલા જણ.

દેવળીયાની ડેલીએ કવિ–ગાણા બજાણાવાળા સૌ મોટી આશાએ બેઠા છે. ત્યાં રંગમાં ભંગ પડયાં. તરત મંદોદરખાને ઘોડી લીધી. આંખના પલકારામાં તો ઘોડી પાદરે પુગી ગઈ. જયાં જુએ ત્યાં ભાગતો આદમીને હાથમાં ઉઘાડી તલવાર.

મે'માને પણ ઘોડીના ડાબા સાંભળ્યા. તે પણ સમજી ગયો કે હવે મરવાનું નક્કી છે ત્યાં ને ત્યાં જ ઉભો રહી ગયો. પોતાના ગળે તલવાર રાખી દીધી. અસવાર પણ સમજી ગયો કે આ કોઈ ત્રાગાળું વરણ લાગે છે. જો હું આગળ વધ્યો તો તલવાર ગળે પરોવી લોહી છાંટશે.

ઉભા રહી ગયા દરબાર, પુછયું કોણ છો? –ચારણ શા માટે આવ્યા હતાં?

કાળનો બોલાવ્યો આવ્યો 'તો. મારી ભેસ્યું મરી ખુટી સે. છોકરા છાશ રાબ વગરના રુવે સે નો' તો આવતો પણ ચારણે ધરાર ધકેલ્યો.

કુંવર ને તેં માર્યો?

"ઈશ્વર જાણે." ચારણ કહે 'મને ખબર નથી' હું તો ભુંડો લાગીશ

માનીને નવા લુંગડા પેર્યા, મેં બચવા માટે બીડેલી મ્યાનમાં તલવાર વીંઝી મ્યાન કયારે નીકળી ગયું તે પણ ખબર નથી.

આટલી વાત થઈ ત્યાં તો પાછળ ગોકીશ સંભળાયા. ગામ આખું હાલ્યું આવે છે, કોઈના હાથે તલવાર, કોઈના હાથે સાંબેલાને દેકારા થતા આવે છે.

મંદોદરખાન રોઝડી માથેથી ઉતર્યો, રાંગ છાંડી, તલવાર આઘેરી ફગાવી કીધું, ગઢવા જલ્દી અહીં આવ મારી ઘોડી લઈ માંડ ભાગવા. ગઢવા વાત કરવાની હવે વેળા રહી નથી ને માણસો તારા રાઈ રાઈ જેવા ટુકડા કરી નાખશે, ઝટ ભાગવા માંડ.

મે'માન તો દિગ્મૂઢ જેવો થઈ ઘોડીએ ચડી ગયો અને થઈ ગયો અલોપ. મંદોદરખાન અડવાણે પાયે ચાલ્યા આવે છે. ગામ લોકે પુછયું કાં બાપુ?

માળો ભારી લોઠકો નીકળ્યો. ભાગી ગયો.

વસ્તી ખીજાણી બાપુ પર. રાખો બાપુ રાખો ઠાલા અમને મુરખ ન બનાવો, એક તો દીકરો માર્યોને પાછો ભાગવા દીધો મે'માનને.

દરબાર કહે લ્યો હવે, જાતું કરો બીચારાએ જાણ કરીને થોડો માર્યો 'તો હાલું સીમાડે સામી હત્યા કરીને પર્વ કયાં બગાડવું,

આનું નામ વિવેક સદ્બુદ્ધિ.

વિવેકનો અર્થ જ તત્ત્વાતત્વનું કે શુભાશુભનુ જ્ઞાન. જે રીતે મસ્તકનો મુગટ સર્વ અલંકારોને શોભાવે છે. તેમ વિવેક ગુણ બધાં ગુણોને શોભાવે છે.

સ્વાભાવિક વિવેક હોવો એ નિર્મળ નેત્ર સમાન છે અને વિવેકીનો સંગ એ બીજાં નેત્ર સમાન છે. આ બે નેત્રો જેને પૃથ્વી પર ન હોય તે પુરુષને જ તત્વથી અંધ જાણવો. માટે જગતમાં શ્રેષ્ઠ એવા એક વિવેક ગુણને ધારણ કરો "શું રાખો–શું છોડો" ભેદ જ્ઞાનને અમલમાં મુકો.

શ્રાવકનું સતાવીસમું કર્તવ્ય જણાવેલું છે. "વિવેક" જેમ હંસ પાસે એક પાત્ર મુકો. જેમાં દુધ અને પાણી ભેગા હોય તો હંસ દુધ પી જશે અને પાણી પડી રહેશે. આ વાત સાંભળી ત્યારે બહુ મજાની લાગી. તેનો આ ગુણ સ્પર્શી જાય તેવો છે. આથી પૃથક્કરણ શક્તિ કેળવો ધર્મ અને અધર્મને માટે, ધર્મને સ્વીકારો અને અધર્મને છાંડો એટલે આપો આપ વિવેક ગુણ પ્રકાશીત થશે.

देहात्माद्य विवेकोऽयं सर्वदा सुलभो भवेत्
भव कोट्यापि तद् भेदे विवेकस्त्वति दुर्लभः

દેહ એજ આત્મા છે. ઈત્યાદિ જે અવિવેક તે તો સદા સર્વદા સુલભ જ છે. પણ તે બંનેના ભેદ સંબંધિ જે વિવેક તે કોટી ભવે પણ અતિ દુર્લભ છે. માટે શ્રાવકોએ જિનેશ્વરની આજ્ઞા મુજબ વર્તી અને ગુરુના ઉપદેશ થકી વિવેક કર્તવ્ય જાણી–તે આદરવા પ્રયત્ન શીલ થવું.

શ્રાવસ્તી નગરી છે. ત્યાં પ્રસેનજિત રાજા રાજ્ય કરે. રાજા ઘણો ન્યાયી–બુદ્ધિશાળી અને પરોપકારી. જાતે જ ન્યાય કરે.

જેવા રાજા સિંહાસન પર પધાર્યા કે પહેરેગીરે કપિલને હાજર કર્યો. પ્રસેનજિત રાજાએ કપિલ સામું જોઈને પૂછયું, સાચું બોલ તું કોણ છે? અને શા માટે ચોરી કરી?

કપિલ કહે રાજન્ હું ચોર નથી. મેં કોઈ ચોરી પણ કરી નથી. આ લોકો મને ચોર માનીને ખોટે ખોટો પકડી લીધો છે. હું એક બ્રાહ્મણ પુત્ર છું. ઈન્દ્રદત્ત પુરોહિતને ત્યાં ભણવા આવ્યો છું. શાલીભદ્રને ત્યાં જમતો હતો ત્યાં ભોજન પીરસતી દાસી સાથે પ્રીતની રમત ખેલી બેઠો. તેને કારણે બે માસા સુવર્ણ મેળવવા નીકળ્યો છું. મનમાં થયું કે બીજો કોઈ પહોંચી જાય સવારમાં તેના કરતાં રાત્રે જ નીકળીને સવારમાં સૌથી પહેલાં રાજા પાસે હાજર થઈ જાઉં જેથી મને સુવર્ણનું દાન મળે.

રાજા બ્રાહ્મણની સત્ય વાણી સાંભળી ઘણો જ ખુશ થયો. માગો બ્રહ્મદેવ માગો જે જોઈએ તે આપીશ. હું તમારી સત્યતા જાઈ ખુશ થયો છું.

કપિલના મુખમાંથી નીકળ્યું, રાજન્ શું માંગવું તે વિચાર કરીને કહીશ.

ભલે તેમ કરજો.

કપિલ રાજસભાની પાછળ અશોકવાટિકામાં ગયો. બેઠો બેઠો વિચાર કરે છે. મનોરમાએ તો માત્ર બે માસા સુવર્ણ માંગ્યુ છે. તેનો શો ભરોસો કાલે કદાચ સોનાના દાગીના પણ માંગે તો પછી લાવને સો માસા સુવર્ણ જ માંગી લઉં. ત્યાં વળી થયું કે અરે, મનોરમા તો શાલીભદ્રને ત્યાં નોકરી કરે છે. રખેને કાલે નોકરીમાંથી કાઢી મુકશે તો?

તેના કરતા રાજા પ્રસન્ન થયો છે. તો હજાર માસા જ સુવર્ણ માંગી લઉ. પછી ઘર તો વસાવી દેવાય.

પણ વિચારવા બેઠેલા માણસના કલ્પનાના ઘોડા દોડવા લાગ્યા આગળ. અરે! મનોરમાને તો ગર્ભ રહ્યો છે. કાલે છોકરા હૈયા થશે પછી હજાર માસામાં શું પુરું થવાનું. ચાલને લાખ માસા સુવર્ણ જ માંગી લેવા દેને. ના ના આ તો માત્ર મારો સ્વાર્થ થયો. પછી મારા કુટુમ્બીજનોનું ભલું પણ કરવું ને? એમ કરું કોડ માસા સુવર્ણ માંગી લઉં તો ઠીક એમ કરતાં કરતા કપિલ અડધું રાજ માંગવા સુધી પહોંચી ગયો. ત્યારે મન બોલ્યું કે રાજા તો તારો ઉપરી જ ગણાશે. તેના કરતાં આખું રાજ માંગી લઇશ તો કશી ચિંતા નહીં રહે.

**જીરે મારે નિરધનને શત ચાહ, શત લહે સહસ લોભીએજી**
**જીરે મારે સહસ લહે લખ લોભ, લખ લાભે મન કોડીએજી**
**જીરે મારે કોડીસર નૃપ રિદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું જીરેજી**

બસ ધારા પલટાણી કપીલની અચાનક. તેને "શું રાખું–શું છોડું" વિવેક જ્ઞાન થઈ ગયું. યોગ્યાયોગ્યનો વિવેક પ્રગટી ગયો. મનમાં ચીંતવે અરેરે કપીલ તારે તો બે માસા સુવર્ણની જરૂર હતી અને તું આખું રાજ્ય લેવા તૈયાર થઈ ગયો.

ખરેખર લોભને કોઇ થોભ નથી તે દાવાનળ જેવો છે. માટે સંતોષરૂપી જલથી તેને શાંત કરવો જોઈએ, તેની લાલસા ઠરી ગઈ.

મનમાં ગ્લાની અનુભવવા લાગ્યો. કયાં હું એક ગરીબ બ્રાહ્મણ. પીતાના મૃત્યુ બાદ માતાજીએ ભણવા મોકલ્યો. ઇન્દ્રદત્ત ગુરુએ જમવાની મને વ્યવસ્થા ગોઠવી આપી. મેં મુર્ખાએ ભણવાને બદલે દાસી સાથે પ્રેમલીલા આદરી દીધી.

આ રીતે મનમાં જ વિવેક પ્રગટયો. પોતાની ભૂલનો પસ્તાવો શરૂ થયો. મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. સ્વયં લોચ કર્યોને રાજાની પર્ષદામાં આવી કહ્યું, હે રાજન્ તને ધર્મનો લાભ હો.

કેમકે લાભ થતા લોભ વધે છે. મારે માત્ર બે માસા સુવર્ણ જોઈતું હતું અને મન રાજ્ય પડાવી લેવા સુધી પહોંચી ગયું. હવે લાભે લોભ વધારવા ધનને બદલે ધર્મનો લાભ થાઓ.

ભાવનાની શ્રેણીએ ચડેલા કપીલમુનિ માત્ર છ માસમાં કેવળ જ્ઞાનને પામ્યા. આ જ વિવેકજ્ઞાન.

ધન જેટલો ધર્મ માટે પુરુષાર્થ કરો, રાગ જેટલો વીતરાગ માટે સ્નેહ કરો. અકૃત્ય જેટલો કૃત્ય માટે આદર કરવા વાળા બનો.

विवेक वान्नरः कश्चित् स्वभावाद्धर्म तत्वताम्
शीघ्रं विज्ञाय गृह्णाति कपिलाद्य गुरोरिव

કોઈ વિવેકી પુરુષ સ્વભાવથીજ ધર્મ તત્વ જાણીને કપિલ નામક ગુરુની જેમ તત્કાલ તેને ગ્રહણ કરે છે—તેમ શાસ્ત્રકારે કહ્યું છે.

આત્માના ત્રણ ભેદ જણાવ્યા. બહિરાત્મા—અન્તરઆત્મા અને પરમાત્મા. જેને દેહ એજ આત્મા છે તેવી બુદ્ધિ છે. સર્વ પૌદ્‌ગલિક વસ્તુમાં જેનું પ્રવર્તન છે. કે આત્મ તત્વ બુદ્ધિ છે તે બહિરાત્મા કહેવાય છે.

કર્મ સહિત અવસ્થામાં પણ જ્ઞાનાદિ ઉપયોગ લક્ષણવાળા, નિર્વિકાર, અમર, અવ્યાબાધ અને સમગ્ર પરભાવથી મુક્ત એવા આત્માને વિશેજ જેની આત્મ બુદ્ધિ છે. તે અન્તર આત્મા કહેવાય.

જે કેવળજ્ઞાન તથા કેવળ દર્શનના ઉપયોગ વાળા છે તે પરમાત્મા કહેવાય છે.

આમાં બહિરાત્મા એ અવિવેકી છે અને અન્તર આત્મા એ વિવેકી છે.

संयमास्त्रं विवेकेन शाणेनोन्ते जितं मुनेः
धृति धारोल्बणं कर्म शत्रुच्छेद क्षमं भवेत्

વિવેક રૂપી શરાણે કરીને તેજસ્વી કરેલું અને ધૃતિ [સંતોષ] રૂપ તીક્ષ્ણ ધારવાળું પરભાવ નિવૃત્તિ રૂપ જે સંયમ રૂપી શસ્ત્ર તે જ્ઞાનાવરણાદિ કર્મશત્રુનો નાશ કરવાને સમર્થ થાઓ.

આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વ—અસંયમ અજ્ઞાનથી અધિષ્ઠિત થયેલો છે. માટે જ સંસારે પરિભ્રમણ કરે છે. તે જ જીવ ત્રિલોક વત્સલ એવા શ્રી જિનરાજે કહેલા શ્રેષ્ઠ આગમના તત્વામૃતનું પાન કરવા વડે કરીને સ્વ—પરના વિવેકને પ્રાપ્ત કરી પરભાવ અને વિભાવથી નિવૃત્ત થઈ પરમ સ્વરૂપનો સાધક બને છે.

એક વખત **શું રાખો—શું છોડો** નો વિવેક દીપ પ્રગટી ગયો એટલે દિવ્ય—દીપની સાધનાની કેડીઓ નક્કી કંડારાઈ જવાની.

ચંપાનગરીનાં જિતશત્રુ રાજાને શ્રમણ ભદ્ર નામે પુત્ર. તેણે એક દિવસ ધર્મઘોષ મુનિ પાસે ધર્મોપદેશ સાંભળ્યો. "જેમ સુભટોએ કરેલુ.

યુદ્ધ તેમાં જય કે પરાજય જે કંઈ મળે તે રાજાનો જ જય-પરાજય ગણાય છે. તે રીતે અવિવેક અને અસંયમે કરીને બંધાયેલા કર્મ સ્કંધોનો આરોપ એટલે કે કર્તા અને ભોક્તા શુદ્ધ આત્માજ ગણાય છે.”

કારણ કે વિવેક એટલે પૃથક્કરણ ધર્મ અને અધર્મ વચ્ચે—આશ્રવ અને સંવર વચ્ચે ભેદરેખા દોરવી તે. જો મનમાં ને મનમાં પણ

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानामि अधर्मं न च मे निवृत्तिः

એટલે કે હું ધર્મ જાણુ છું પણ આચરી શકતો નથી–અધર્મ જાણુ છું પણ છોડી શકતો નથી. એટલો વિચાર પણ પ્રગટી જાય તો વિષાદ જેટલો ઉંડો તેટલી વિવેક દૃષ્ટિ વધુ જાગૃત બની ગણાય. વિવેક હશે તો જ શ્રવણ સાચું બનશે. વિવેક હશે તો જ પરમાત્મ શક્તિ સાચી બનશે.

આવો ઉપદેશ સાંભળી વિવેક ઉત્પન્ન થયો છે જેને તેવા તે શ્રમણ ભદ્રે દીક્ષા લીધી. ગુરુકૃપા વડે શ્રુતસાગરનો પાર પામ્યા.

ગુરુ આજ્ઞા પૂર્વક એકલ-વિહાર પ્રતીમાને અંગીકાર કરી. એક વખત અરણ્યમાં રાત્રીને વિશે સોયના જેવા તીક્ષ્ણ મુખવાળા હજારો ડાંસો તે મુનિના કોમળ શરીર પર લોહી પીવા લાગ્યા. ડાંસના ડંખથી સુવર્ણ જેવા મનોહર દેહની કાંતિ લોહના વર્ણ જેવી થઈ ગઈ તો પણ ક્ષમાધારી મુનિ આશ્રવ અને સંવરના વિવેકને જાણતા હોવાથી પરિષહ સહેવારૂપ સંવર ગુણમાં મગ્ન બની ડાંસને દૂર કર્યા વિના સહન કર્યું.

શ્રમણ ભદ્ર મુનિ મનને સમજાવે છે કે આ જીવે નરકમાં અનન્તી વેદનાઓ સહન કરી, ત્યાં પરમાધામીનો માર, ક્ષેત્રકૃત વેદના અને પરસ્પર કલહ ત્રણે વ્યથાને જ્ઞાની પણ વર્ણવવાને સમર્થ નથી, તેવી વેદના સહન કરી–કરવી પડી.

વળી આ દેહ તો પુદ્ગલનો પીંડ છે, અનિત્ય છે, જ્યારે આત્મા અચળછે–અમૂર્ત છે. ઈત્યાદિ વિવેક કરીને શુભ ભાવમાં વર્તતા તે મુનિએ મહા વ્યથા સહેતા તે જ રાત્રિએ કાળ કર્યોને સ્વર્ગ ગમન કર્યું.

આ પ્રમાણે વિવેક ગુણને હૃદયમાં ધારણ કરવાથી શ્રમણભદ્ર મુનિ સ્વર્ગ સુખને પામ્યા તે જ મુજબ બીજા પણ નિપુણ મુનિવરોએ આ જિન વચન અંગીકૃત કર્યું છે. માટે હે શ્રાવકો તમે પણ મનનડ

જિણાણું સજ્ઝાયમાં દર્શાવ્યા મુજબના સતાવીસમાં કર્તવ્ય "વિવેક" નું પાલન કરવાવાળા થાઓ.

"વિવેક" પૂર્વે જણાવ્યું તેમ લૌકિક અને લોકોત્તર બે પ્રકારે છે.

લૌકિક વિવેક–જીવન વ્યવહાર પર આધાર રાખે છે. જેને બાહ્ય ભાષામાં શિસ્ત તરીકે ઓળખાવાય છે. પણ શાસ્ત્રીય પરિભાષા મુજબ લોકોત્તર વિવેકમાં સર્વ પ્રથમ તો શ્રી જિનેશ્વરની આજ્ઞાનું પાલન જ મહત્ત્વ પૂર્ણ ગણ્યું.

શ્રાવકે વાણીમાં વિવેકવાન્ રહેવું, સિદ્ધાંતમાં જે રીતે સૂત્ર પાઠ હોય તે જ રીતે તેના ઉચ્ચારણ આદિ કરવા કે સૂત્રાદિનું શ્રવણ કરવું તે ભવરૂપી સમુદ્રને તારનાર એવે જ્ઞાન સંબંધિ વિવેક કહેવાય છે. આવો વિવેક ગૌતમ–આદિ ગણધરોને સમ્યક્ અર્થવાળી દ્વાદશાંગીનો પ્રકાશ કરવાથી સંપૂર્ણપણે હતો. તેમ ઉપદેશ કલ્પવલ્લીકારે જણાવ્યું.

આ રીતે દર્શન કે ચારિત્ર સંબંધિ વિવેક પણ સમજાવેલ છે. પરંતુ આપણે જ્ઞાન–દર્શન કે ચારિત્ર સંબંધિ વિવેકના ભેદ ન વિચા-માત્ર એકજ વાક્ય કોતરી રાખવું કે હેય–ઉપાદેયનું જ્ઞાન તે વિવેક.

**શું રાખો–શું છોડો** તે ભેદ જ્ઞાન સમજીને અમલ કરો તે જ વિવેક.

એક ધનવાનનું ઘર મહેલ જેવું મોટું. અચાનક આગ લાગી. સમયસર ચેતવણી મળી નોકરો મારફતે રાચરચીલું બહાર કઢાવાયું. નોકરો એક પછી એક ચીજ બહાર લાવવા માંડયા. તિજોરી, હિસાબના ચોપડા, પૈસા લાવ્યા ખુરશી–ટેબલ કબાટ લાવ્યા. પણ ધનવાન બેબાકળો બની ગયો. આગ વધુને વધુ ફેલાઈ રહી હતી. પોતાનું મહેલ જેવું ઘર ભળકે બળતું જોઇને રડવા લાગ્યો આંખમાંથી આંસુની ધારા વહી રહી છે. બધી ચીજ વસ્તુઓ બહાર આવી ગઈ. ધનવાને રોતા રોતા સેવકોને પુછયું કે હવે કશું ઘરમાં રહેલું નથી ને?

સેવકો કહે, અમે ઘરમાંથી તમામ વસ્તુ બહાર કાઢી લાવ્યા છીએ કોઈ ચીજ રહી નથી. છતાં ફરી એક વખત નજર કરી લઇએ. કદાચ કંઈ રહી ગયું. હોય તો ખ્યાલ આવે.

સેવકો બળતાં ઘરમાં જેમ તેમ કરી પેઠાં. વચ્ચે વચ્ચે શકય હોય ત્યાં બળી ગયેલી ચીજ વસ્તુને દૂર હઠાવી જુએ છે. એક એક

ખંડને તપાસતાં નજર પડી કે એક ઓરડો આખો જ બળીને ભડથું થઈ ગયો હતો. અંદર પલંગમાં ધનવાનનો પુત્ર પણ ભડથું થઈ ગયો હતો, માત્ર ઓળખી શકાય તેવા અવશેષો જ રહ્યા હતા.

બહાર આવી સેવકો રડવા માંડયા. ધનવાને કહ્યું કેમ શું થયું? ... અરેરે અમે કેવા અભાગીયા કે સામાન બચાવ્યો પણ માલિકને ગુમાવી બેઠા.

આ થયો લૌકિક વિવેકનો અભાવ **શું રાખો શું છોડો**ના ભેદ જ્ઞાનનો અભાવ. કારણ ઘરમાં મહત્ત્વનું શું? લોકોમાં પણ કહેવત છે કે "સર સલામત તો પઘડીયા બહોત" માણસ જાતે જીવતો હોય તો ઘણું કરી શેકે. પણ પોતે જ જીવતો ન રહે તો બાકીનું બધું બચાવીને પણ શું કરવાનું?

આજ ઉદાહદણમાં લોકોત્તર વિવેક પણ સમાયેલો છે. આખું જીવન સમગ્ર પ્રવૃત્તિ પૌદ્ગલિક પદાર્થો પાછળ કાઢી, રાત દિવસ ઈર્ષ્યા દ્વેષના ભાવો લઈ ફર્યા, નકામી ચીજોના પટારા ભર્યા ફર્નીચર ફ્રીઝ-ફ્લેટ વગેરે માટે ફુટબોલની જેમ આમથી તેમ કુટાયા જ્યાં હાશ બધું મેળવ્યું ત્યાં ખબર પડી કે જીવન જ હારી ગયા છો.

માટે **શું રાખો શું છોડો** રૂપ હેય-ઉપાદેયનો વિવેક રાખી શ્રાવક જીવન અજવાળો તે જ અભ્યર્થના

□

# (૧૦૦) સંવર

—અંતર દ્રષ્ટિ દેખ

जो तिहि पएहिसम्मं समभिगओ संजमं समारुढो
उवसम विवेक संवर चिलाय पुत्तं णमंसामि

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના ૩૬ કર્તવ્યોનું વર્ણન કરતા અઠાવીસમું કર્તવ્ય જણાવ્યું **"સંવર"**

ઉવસમ વિવેક–સંવર ત્રણે કર્તવ્યો અલગ અલગ છતાં ત્રણેની સાથે વિચારણા શા માટે? એવો સ્વાભાવિક પ્રશ્ન શ્લોક વાંચતાં કે સાંભળતા થવાનો.

ચિલાતી પુત્રને ઉપશમ–વિવેક–સંવર ત્રણ પદ સાથે ચિંતવતા સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી. શ્રાવક ને માટે પણ ૨૬–૨૭–૨૮ [ઉપશમ વિવેક–સંવર] ત્રણે કર્તવ્યો સાથે જ ઉપદેશાયા હોવાથી ત્રણેને આવરી લેતો શ્લોક અત્રે મુકયો. કેમકે ઉપશમથી કષાયની ઉપશાંતિ થઈ, વિવેકથી હેય–ઉપાદેયનું જ્ઞાન થયું, હવે સંવર દ્વારા નવા કર્મોને અટકાવવા પ્રયત્ન કર.

संवर એટલે શું? संवृणोति कर्म अनेन इति संवरः અટકે છે કર્મ જેનાથી તે સંવર. ઉપદેશ કલ્પવલ્લીમાં પણ જણાવે કે બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહનો જે ત્યાગ તે સંવર કહેવાય છે. તેને વિશે મોક્ષપદને ઈચ્છનાર શ્રાવકોએ નિરંતર યત્ન કરવો એ સંવરનો અક્ષરાર્થ છે.

આપણે આ પરિશીલનનું નામ રાખ્યુ **અંતર દ્રષ્ટિ દેખ**–તે પણ સંવરના અર્થને સુંદર રીતે સ્પષ્ટ કરે છે. જ્યાં સુધી નજર, બહારના પદાર્થો જુએ છે ત્યાં સુધી ઈન્દ્રિયો પોતાના વિષયના વિષ છોડયા કરવાની. પણ જે દિવસે આપણે અંતર દ્રષ્ટિ વાળા થઈશું કે આપો આપ કર્મના આગમનનો સ્રોત બંધ થવા માંડશે. કર્મોનું આવતું અટકવાની ક્રિયા તે જ સંવર.

વાલો નામોરી ઠરીને ૧૮૯૯ની આસપાસમાં એક બહારવટીયો થઈ ગયો. વાલાની યુવાન ઓરત અચાનક મૃત્યુ પામી. તે ટાણે વાલાને જુવાનીના પુર ઉમટે. સહુ સાથી પોત–પોતાની પરણેતરને વારેવારે મળવા જાય. વાલાને ઘેર જઈ બેસવાનું ઠેકાણું નથી. છતાંયે વાલો કોઈ દી ઊંચી આંખે કોઈ ઓરત સામે જોતો નથી.

જોગી જેવો વાલો બે કામ કરતો કાં તો લડવું અને કાં તો (માળા) તસબી ફેરવવી. કેવો ગજબનો કાબુ મેળવ્યો હશે આંખ ઉપર–ચક્ષુરીન્દ્રિયના વિષયમાં કેટલો સંવર કર્યો હશે તેણે? એક વખત તેના સાથીઓએ વાત છેડી વાલા તારા નિકાહ કરીએ. વાલાએ પૂછ્યું. કોની સાથે?

કાજરડાના વીરમ મિયાણાની દીકરી વાછઇ સાથે. એ પણ ઘર ભંગ થઈ છે.

તમે ઈ બાઇ સાથે વાત કરી છે? –ના–

"મ બોલો મ બોલો તો પછી" કહી વાલાએ જીભ કચડી –કાં?– આવું બોલીને તમે પાપમાં પડો છો અને મનેય પાડો છો.– એમાં વળી પાપ શુ થયું વાલા?–

અરે ભા' ઈ બાઈના મનમાં કદાચ એમ હોય કે વાલો મારો ભાઈ જેવો છે તો? પછી હું તો ખુદાનો ગુનેગાર થાઉં કે નહીં?

બહારવટીયા પણ પોતાની નજરું સંકેલીને આટલા નેકી ટેકી-વાળા હોય તો વર્તમાન સ્થિતિના સજ્જનો કરતાં તેમની સુઝ–સમજ કેટલી હશે? માટે શ્રાવકોને પાપકર્મોથી અટકવાનો [સંવરનો] ઉપદેશ આપતા લખ્યું **અંતર દૃષ્ટિ દેખ.**

સર્વ મિથ્યા દર્શન એ પહેલું આશ્રવ દ્વાર છે અને કષાય વગેરે સર્વ બીજા આશ્રવ દ્વારો છે તે બધાં આશ્રવ દ્વારોનો નિરોધ કરવો તે સંવર. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં સંવરના સ્વરૂપને વર્ણવતા જણાવેલું છે કે–

"મન–વચન–કાયાની ક્રિયાને યોગ કહેવાય છે. તે યોગોથી પ્રાણીઓને શુભાશુભ કર્મ ચોતરફથી સ્રવે છે.–ઉત્પન્ન થાય છે. તેથી જ તેને આશ્રવ કહેવાય છે [તે આશ્રવને રોકવા એ જ સંવર]

મૈત્રી વગેરે ચાર ભાવનાથી વાસિત થયેલું ચિત્ત શુભ કર્મને

ઉત્પન્ન કરે છે તે જ ચિત્ત જો કષાય અને વિષય વડે વ્યાપ્ત થાય તો અશુભ કર્મને વિસ્તારે છે.

તે જ રીતે સમ્યક્ જ્ઞાનને આશ્રયે બોલેલું વચન શુભ કર્મ ઉપાર્જન કરે છે અને મિથ્યાજ્ઞાનના આશ્રયવાળું વચન અશુભ કર્મ ઉપાર્જન કરાવે છે. સારી રીતે ગોપવેલ કે ધર્મક્રિયા પ્રવૃત્ત કાયા શુભકર્મો ઉપાર્જન કરે છે, આરંભ પરિગ્રહમાં ડૂબેલી કાયા અશુભ કર્મો બાંધે છે.

કષાય–વિષય–યોગ–પ્રમાદ–અવિરતિ અને મિથ્યાત્વ એ સર્વે અશુભ કર્મો ઉપાર્જન કરવાના હેતુ છે અને આ બધાં આશ્રવ સ્થા–નોનો નિરોધ કરવો તે સંવર કહેવાય છે.

સંવરના બે ભેદ જણાવ્યા. દ્રવ્યસંવર અને ભાવ સંવર. કર્મના પુદ્ગલોની પ્રાપ્તિને અટકાવવી તે દ્રવ્ય સંવર અને સંસારના કારણરૂપ જે ક્રિયાઓનો ત્યાગ તે ભાવ સંવર;

જે જે ઉપાયો વડે જે જે આશ્રવનો રોધ થાય તે તે આશ્રવને રૂંધવા માટે શ્રાવકોએ યત્ન કરવો.

ક્ષમા વડે ક્રોધને, માર્દવતા વડે માનને, સરળતા વડે માયાને અને સંતોષ વડે લોભ ને રૂંધવો જોઈએ.

એ જ રીતે અસંયમથી વૃદ્ધિ પામેલા વિષ સમાન વિષયોને અખંડ સંયમ વડે, ત્રણ ગુપ્તિ વડે મન–વચન કાયાના ત્રણ યોગોને, અપ્રમાદ વડે પ્રમાદને અને સાવદ્ય વ્યાપારના ત્યાગ વડે અવિરતિને રોકવી.

એ રીતે શ્રાવકોએ **સંવર** ભાવમાં રહેવું.

ધના શ્રેષ્ઠીની ચિલાતી નામે દાસીનો પુત્ર હોવાથી સૌ તેને ચિલાતીપુત્ર કહી બોલાવતા હતા. ધના શ્રેષ્ઠીની પુત્રી સુષમાને રમા–ડવા સાચવવા માટે તેને રાખ્યો હતો. પરંતુ નાનપણથી જ સ્વેચ્છા–ચારે ચડેલા ચિલાતીપુત્રની સુષમા સાથેની કુચેષ્ટા અને અસભ્ય રમતો એક વખત શેઠાણીના જોવામાં આવી એટલે ઘરમાં વાત થતાં શેઠે તેને કાઢી મુકયો.

તે સિંહ ગુફા નામની ચોરની પલ્લીમાં જઈ રહ્યો. ત્યાં પલ્લિ–પતિએ પોતાના પુત્ર પણે રાખ્યો અને પોતાના અવસાન વખતે ચિલા-તિપુત્રને પલ્લિ પતિ પદે સ્થાપ્યો.

કામદેવના શસ્ત્રથી પીડાતા ચિલાતીપુત્રને વારંવાર સુષમાનું સ્મરણ થયા કરતું હતું. એક વખત તેણે બધાં ચોરોને કહ્યું કે આજે આપણે રાજગૃહી નગરીમાં ધનાશેઠને ત્યાં ચોરી કરવા જઈએ. ત્યાંથી જે કંઈ ધન પ્રાપ્ત થશે તે બધું તમારે વહેંચી લેવું અને સુષમાને હું લઈ જઈશ.

રાત્રે શેઠના ઘરમાં બધાં ચોરો ઘુસ્યા. શેઠ તથા કુટુંમ્બીજનોને અવસ્વાપીની નિંદ્રા આપી, બધાં ચોરો ધન લઈને નીકળી ગયા અને ચિલાતીપુત્ર પોતે સુષમાને લઈને ભાગ્યો.

થોડીવારે સૌ જાગ્યા ત્યાં તો કકળાટ મચી ગયો. પાંચ પુત્રો સહિત શેઠ નગરના કોટવાલ વગેરે લઈને ચોરની પાછળ પડયા.

ચોરો તો શ્રેષ્ઠી અને લાવ લશ્કર જોઈને ધનને રસ્તામાં વેરતા ચારે દિશામાં ભાગ્યા. તે ધન લઈ કોટવાળ આદિ સૈન્ય પાછું ફર્યું. પણ શેઠ અને તેના પુત્રો વિચાર કરે કે ધન તો ફરી કમાઈ લેશું પણ સુષમા ગઈ તો પાછી નહીં મળે.

ચિલાતીપુત્ર પાછળ પાંચે પડી ગયા. તેઓને અત્યંત નજીક આવેલા જોઈને, જેના પ્રત્યે ખૂબ જ મોહ–મમત્વ હતું. તેવી સુષમાનું માથું ધડથી અલગ કરી દીધું.

એક હાથમાં લોહી નીતરતું ખડ્ગ છે. બીજા હાથમાં સુષમાનું માથું તે લઈને ભાગ્યો જાય છે. ધનશ્રેષ્ઠી તથા તેના પુત્રો સુષમાને મરેલી જોઈ ક્ષણવાર વિલાપ કરી ચાલ્યા ગયા.

ચિલાતી પુત્ર તો દોડયો જ જાય છે. સુષમાના મસ્તકમાંથી નીકળતા લોહી વડે આખું શરીર તરબોળ થઈ ગયું હતું.

થોડે દૂર કાયોત્સર્ગમાં રહેલા મુનિ જોયા. જોતાં જ બોલ્યો, હે મુનિ મને જલ્દી ધર્મોપદેશ આપો, નહીં તો આ ખડ્ગ વડે તમારું પણ મસ્તક છેદી નાખીશ. મુનિએ યોગ્ય પાત્ર જાણી માત્ર ત્રણ શબ્દ કીધાં. उवशम विवेक संवर પછી મુનિ તો તુરંત આકાશમાર્ગે ઉડી ગયા.

आश्रव निरोधः संवर એ પ્રમાણે સંવરની વ્યાખ્યામાં आश्रवના નિરોધની મુખ્યતા જણાવી. પછી ચિલાતીપુત્રની કથામાં પ્રવેશ કર્યો. ત્યાં પણ મુનિએ ત્રિપદીમાં ઉપશમ–વિવેક–સંવર કહ્યું

પણ "સંવર" એટલે કરવાનું શું?

શ્રાવકના છત્રીશ કર્તવ્યો જણાવ્યા તેમાં આજે સંવર કર્તવ્ય જ સમજવું તે મુખ્ય હેતુ છે.

નવતત્વની ૨૧મી ગાથામાં સંવર તત્વને વર્ણવતા લખ્યું કે—

समिइ गुत्ती परिषह जइधम्मो भावणा चरित्ताणि
पण ति दु वीस दस बार, पंच भेएहिं सगवन्ना

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, દશ યતિ ધર્મ, ભાવના અને પાંચ પ્રકારે ચારિત્ર એમ સત્તાવન પ્રકારે સંવર વર્ણવાય છે.

આ ૫૭ ભેદે વર્ણવેલ સંવરમાં પણ કર્મબંધના હેતુઓ રૂપ આશ્રવને રોકવાં તે જ મુખ્ય છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ તો સંવરનો માત્ર એક જ અર્થ કર્યો. "કર્મનું સંવરવું તે સંવર" પણ વ્યવહાર નયની દૃષ્ટિએ તેના આ મુખ્ય છ ભેદપૂર્વક કુલ સત્તાવન ભેદો દર્શાવ્યા.

જેમકે સમિતિ–સમ્યક્ ઉપયોગ કે સાવધાનતા પૂર્વકની પ્રવૃત્તિ જેથી કર્મનું આવવું [આશ્રવ થવો.] અટકી જાય.

ચિલાતી પુત્રએ પોતાની જ પ્રેમિકારૂપ સુષમાનું મસ્તક છેદ્યુ કેમ? આ એક જ પ્રશ્નમાં આશ્રવના પરિણામો જોડાયેલા છે.

પૂર્વભવમાં ક્ષિત પ્રતિષ્ઠિત નગરે યજ્ઞદેવ નામનો એક બ્રાહ્મણ, હંમેશાં જૈન ધર્મની નિંદા કરે. તે પંડિતમાની બ્રાહ્મણને એક વખત વાદ કરવા માટે કોઈ ક્ષુલ્લક જૈન મુનિએ બોલાવ્યો. શરત હતી કે હારે તો શિષ્ય થઈ જવાનું.

વાદમાં તે બાળમુનિએ યજ્ઞદેવને જીતી લીધો. યજ્ઞદેવે દીક્ષા લીધી. સારી રીતે ચારિત્રને પાળે છે. છતાં તેના મનમાં બ્રાહ્મણ હોવાને કારણે મલિનતા પ્રત્યેની દુગંછા જતી નથી અને તેની સ્ત્રી તેના પરની પ્રીતિને છોડી શકતી નથી.

એક વખત તે સ્ત્રીએ પોતાના પતિ કે જે હવે મુનિ બની ગયા હતા, તેવા યજ્ઞદેવને વશ કરવા તેમના પર કામણ કર્યું. પણ તે કામણથી શરીરને પીડા વધી ગઈ અને તે બ્રાહ્મણ મુનિ શુદ્ધ ચારિત્રનું પાલન કરી દેવતા થયા.

સ્ત્રીને મુનિ બનેલા પતિના મૃત્યુની ખબર પડી. જે કામણ કરવા થકી પોતાના પતિને પ્રાપ્ત કરવા ઈચ્છતી હતી તે કામણ જ પતિના મૃત્યુનું કારણ બની ગયું. ત્યારે તેના મનમાં ખેદ કરે છે. અરેરે! મારા પતિ પર મને આટલો પ્રેમ. આટલો બધો મોહ હતો છતાંયે

મેં જ મારા હાથે તેને મારી નાખ્યા. અરેરે મારો પ્રેમ જ તેને મારનાર બન્યો.

મનમાં ને મનમાં પશ્ચાતાપ કરતી એવી તે સ્ત્રીને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેણીએ પણ અંતે ચારિત્ર ગ્રહણ કર્યું. પણ અંત સુધી તેણે મુનિ હત્યાના પાપની આલોચના કરી નહીં. મૃત્યુ પામી તે ચારિત્રના પ્રભાવથી સ્વર્ગે જરૂર ગઈ. પરંતુ તેના માથા પર ડોલતું મુનિ હત્યાનું પાપ એમને એમ રહ્યું.

બંને જીવોને કર્માશ્રવ કેવો થયો હશે તે વિચારો જોઈએ–શુભ આશ્રવને પરિણામે સ્વર્ગ જરૂર મળ્યો પણ સ્વર્ગમાંથી આવીને માનવ ભવ પામ્યા ત્યારે શરૂ થયો અશુભ આશ્રવનો ઉદય.

ચિલાતી પુત્ર રૂપે જન્મ્યો યજ્ઞદેવ બ્રાહ્મણનો જીવ. કારણ કે પૂર્વે મલિન વસ્ત્રાદિ પર સાધુપણામાં દુગંછા કરી છે, તેથી દાસીપુત્ર થયો.

સુષમા તરીકે જન્મ પામી પૂર્વ ભવની સ્ત્રી.

પૂર્વ ભવના પતિ–પત્ની છે. એક બીજા પર અતિ સ્નેહ રહેલો છે. ચિલાતી પુત્રને અતિ રાગ હોવાથી તે બાલ્ય વયમાં કુચેષ્ટા કરવા લાગ્યો. સુષમાને પણ રાગ હોવાથી તેને કુચેષ્ટામાં રતિ–પ્રિતિ ઉપજતી.

પણ અંતે સુષમાને અનાલોચિત કર્માશ્રવનો કેવો કરુણ વિપાક થયો કે જે રીતે પ્રેમવશ તેણી પતિના મૃત્યુનું કારણ બની તે જ રીતે ચિલાતીપુત્રને અતિ પ્રેમ હોવા છતાં તેના હાથે જ સુષમાનું માથું ધડથી અલગ થયું.

આ છે પૂર્વે આશ્રવ કરેલા કર્મોનો શુભાશુભ વિપાક.

સંવરના સત્તાવન ભેદમાં મુખ્ય છ બાબતો વર્ણવી તે સમિતિ આદિનો અર્થ વિચારો–

(૧) **સમિતિ** :–સમ્યક્ ઉપયોગ કે સાવધાનતાપૂર્વકની પ્રવૃત્તિ તે સમિતિ.

આવી સમિતિના પાંચ ભેદ કહ્યા. ઈર્યા–ભાષા–એષણા–આદાન–ઉચ્ચાર. જેમાં ગમન કરવું કે ચાલવું તે ઈર્યા સમિતિ, એજ રીતે બોલવામાં નિર્દોષ આહારાદિ ગ્રહણ કરવામાં–કોઈપણ વસ્તુ લેવા કે મુકવામાં–મળમૂત્રાદિકના ત્યાગમાં એમ ચારેમાં સમ્યક્ પ્રવૃત્તિ તે અનુક્રમે ભાષા–એષણા આદાન અને ઉચ્ચાર સમિતિ જાણવી.

આ રીતે ચાલવું–બોલવું વગેરેમાં સમ્યક્ ઉપયોગ થકી આશ્રવ દ્વાર બંધ કરવા.

**(૨) ગુપ્તી:**– સમ્યક્ પ્રકારે મન–વચન–કાયાના યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ. સમિતિ એ સમ્યક્ પ્રવૃત્તિ રૂપ છે. ગુપ્તિ એ પ્રવૃત્તિ–નિવૃત્તિ રૂપ બંને છે. આ રીતે મન–વચન–કાયા ગોપવી મનોયોગ–વચનયોગ–કાયયોગનો અંકુશ થતાં આપોઆપ આશ્રવ નિરોધ થઈ જશે.

**(૩) પરિષહ :**– સમ્યગ્ દર્શનાદિ મોક્ષ માર્ગમાં સ્થિર થવા માટે અને કર્મ નિર્જરા માટે સમ્યક્ પ્રકારે સહન કરવું તે પરિષહ.

આવા પરિષહોની સંખ્યા બાવીસની બતાવી છે. ક્ષુધા–પિપાસા [ તરસ ]–શીત–ઉષ્ણ–દંશ [ મચ્છર વગેરેના ]–અચેલકત્વ [વસ્ત્રનું જીર્ણપ્રાયઃપણું]–અરતિ–સ્ત્રી–ચર્યા [ચાલવું–વિહાર] નિષદ્યા [સ્થાન]–શય્યા–આક્રોશ–વધ–યાચના [ માંગવું–ભીક્ષા વગેરે]–અલાભ–રોગ–તૃણ–મલ–સત્કાર–પ્રજ્ઞા [બુદ્ધિ]–અજ્ઞાન–સમ્યકત્વ એ પ્રમાણે બાવીસ પરિષહો બતાવ્યા છે. તે પરિષહો સહન કરવાથી આશ્રવ દ્વાર બંધ થશે અને સંવર ધર્મની આરાધના થશે.

**(૪) યતિધર્મ :**– ક્રોધાદિ વિભાવ દશામાં પડતા જીવને સ્વભાવમાં ધારણ કરવારૂપ ક્ષમા વગેરે દશ પ્રકારનો યતિધર્મ કહ્યો. જેથી વિભાવ દશા ત્યાગી આત્મા સ્વભાવ દશામાં આવે અને નવા કર્મોનું આવવું અટકી શકે.

તે દશ યતિધર્મ ક્ષમા–માર્દવતા [નમ્રતા]–આર્જવ [સરળતા]–મુક્તિ [નિર્લોભતા]–તપ–સંયમ[ઇન્દ્રિય–કષાય જય રૂપ]–સત્ય–શૌચ [મમત્વ અભાવ–પવિત્રતા]–આકિંચન્ય [સર્વ પરિગ્રહ ત્યાગ]–બ્રહ્મચર્ય [વિષય વાસના ત્યાગ] એ પ્રમાણે કહ્યો.

**(૫) ભાવના :**– સંવેગ અને વૈરાગ્ય માટેની વિચારણાને ભાવના કહેવાય છે. આવી જુદી જુદી ૧૨ અનુપ્રેક્ષા–ભાવનાનું વર્ણન કર્યું. મનમાં આ ભાવનાઓના ચિંતવન દ્વારા આત્માને અનુશાસિત કરવો. અને એ રીતે મન વૈરાગ્યમય બનતા કર્મનું આપોઆપ સંવરણ થશે.

અનિત્ય – અશરણ – સંસાર – એકત્વ – અન્યત્વ – અશુચિ – આશ્રવ – સંવર–નિર્જરા–લોક–બોધિદુર્લભ–ધર્મસ્વાખ્યાત એવી બાર ભાવના ભાવવાનું શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલ છે.

**(૬) ચારિત્ર :**–હિંસા-મૃષા વગેરે સાવદ્ય યોગથી વિરમી અને શુદ્ધ આત્મ સ્વરૂપમાં સ્થિરતા કરવી તે ચારિત્ર.

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત એ પાંચ પ્રકારના ચારિત્ર વડે જીવ ક્રમશઃ નિર્ગ્રન્થતા પ્રાપ્ત કરી સર્વ કર્માશ્રવને ક્રમશઃ અટકાવનારા બની અન્તે મોક્ષ પ્રાપ્ત કરે છે.

આવા મુખ્ય છ ભેદથી વર્ણવાએલા સંવર ભાવના કર્તવ્યને વર્ણવતા મન્નહ જિણાણંમાં અઠ્ઠાવીસમું કર્તવ્ય મુકયું "સંવર" એટલે કે

**અંતર દૃષ્ટિ દેખ :–**

પણ આપણું મૂળ કથાનક છે ચિલાતી પુત્રનું. જેમાં મુનિ તો ઉવશમ-વિવેક-સંવર ત્રિપદી કહી આકાશમાં ઉડી ગયા. તે ત્રિપદીનો અર્થ શો ?

**ઉપશમ :**–કષાયનો અભાવ હોવો. ચિલાતી પુત્રને થયું અરે હું તો ક્રોધથી ધમધમી રહ્યો છું. કષાયની ઉપશાંતિ જ ઉપશમ છે તો મારે શું કરવું.

**કુરગડુ ચઉતપ કરી ચારિત્ર સુણી સમ આણોરે**
**ઉપશમ સાર છે પ્રવચન સુજસ, વચન એમ પ્રમાણોરે**

ચિંતન યાત્રામાં આગળ વધેલા ચિલાતીપુત્રે ક્રોધના પ્રતિકરૂપ એવી તલવારને ફગાવી દીધી અને ઉપશમ ભાવમાં પ્રવેશી ગયા.

**વિવેક :**– મુનિરાજે બીજો શબ્દ કહ્યો "વિવેક" ચિલાતી પુત્રને થયું હું તો નિર્લજ્જ છું, અવિવેકી છું જે શ્રેષ્ઠી એ મને આધાર આપ્યો, અન્ન આપ્યું અરે જેના પ્રત્યે મને મોહ-મમત્વ હતું તેવી સુષમાની મેં હત્યા કરી. અરેરે મેં વિવેક ન જાળવ્યો અને હજી પણ સુષમાનું મસ્તક હાથમાં લઈને રખડું છું શું કામ છે હવે આ મસ્તકનું. મસ્તક પણ ફગાવી દીધું. વિવેક ઉત્પન્ન થઈ ગયો હેય-ઉપાદેયને.

**સંવર :**–ત્રીજું પદ મુનિરાજે કહેલું "સવંર" ઘણું વિચાર્યું સંવર વડે સમિતિ ભાવના-ગુપ્તિ-યતિધર્મ-પરિષહ-ચારિત્ર પણ ખરેખર સંવરનો અર્થ શો ?

કષાય વડે કર્મો આવે છે-મન-વચન-કાયાના યોગે કર્મો આકર્ષાય છે, તેને રોકવા એ મુખ્ય વાત છે. તેમાં સમિતિ વગેરે બધાં

જ સાધન ભૂત છે. મારે તો સંવર કરવાનો છે. મારામાં રહેલી કર્મ પુદ્ગલોની ગ્રાહકતા ખતમ કરવાની છે. તો મારે શું કરવું ?

**પ્રશ્ન** :– ચિલાતી પુત્રને તો જન્મથી ધર્મનો સ્પર્શ જ ન હોતો આવા શુભ વિચાર આવ્યા ક્યાંથી ?

૦ પૂર્વે સમ્યક્ રીતે સાધુપણું પાળેલ છે. દાસીપુત્ર થયો તે કર્મનો વિપાક છે, આવરણો દૂર થતાં ફરી તેનો આત્મા સ્વ–ભાવમાં આવી ગયો. તેની **અંતર દૃષ્ટિ** ખુલી ગઈ.

ચિલાતી પુત્રને થયું હું પણ મુનિની માફક ઉભો રહી જઉં. ત્યાંજ ठाणेणं मोणेणं झाणेणं મુનિની જેમ તે જ સ્થાને, તેની જેમ મૌન પૂર્વક, તેવા જ ધ્યાનમાં ઉભા રહી ગયા. અભિગ્રહ કરી દીધો કે જ્યાં સુધી સ્ત્રી હત્યાનું પાપ મને સ્મરણમાં આવે ત્યાં સુધી अप्पाणं वोसिरामि આ દેહને વોસિરાવું છું અર્થાત્ કાયોત્સર્ગે સ્થિર થઇ ગયા.

સંવર ભાવમાં લીન થઈ ગયા ચિલાતી પુત્ર. ભાવ મુનિનું શરીર તો લોહીથી ખરડાયેલું છે. તે લોહીની ગંધે ગંધે અસંખ્ય કીડીઓ આવી. શરીરને ચાળણી જેવુ કરી દીધું. તે કીડીઓ પગમાં પેસીને ઠેઠ મસ્તક સુધી નીકળવા લાગી. અઢી દિવસ સુધી તીવ્ર વેદના ભોગવી. પણ તેના ઉપશમ વિવેક– સંવરમાં કોઈ ફેર ન પડયો. આવી તીવ્ર વેદનામાં પણ ધ્યાનમાં ચલાયમાન ન થયા. મૃત્યુ પામી આઠમાં સહસ્રાર દેવલોકે દેવતા થયા.

સંવરના ભેદોમાં આજ પ્રસંગ ઘટાવશો. તો જલ્દીથી સમજાઇ જશે.

**સમિતિ–ગુપ્તિ** :– ચિલાતીપુત્રે ગમનાગમનને છોડી દઈ કાયોત્સર્ગમાં એક સ્થાને સ્થિર રહ્યા તે રૂપ ઇર્યા સમિતિનું પાલન કર્યું અને અસહ્ય વેદનામાં પણ કાયાને ગોપવી રાખી તે રૂપ કાય ગુપ્તિને પાળી. મનને સતત ત્રિપદીના ચિંતને લીન રાખ્યું તે મનો-ગુપ્તિ રૂપ સંવર કર્યો.

**પરિગ્રહ** :– બાવીસ પ્રકારના પરિષહોમાં વિશેષે કરી અભિગ્રહ પૂર્વક ભોજનાદિનો ત્યાગ કર્યો તેથી તેને ક્ષુધા–પિપાસા પરિષહ સહેવા રૂપ સંવર કર્યો. કીડીઓ એ શરીર ચારણી જેવું કરી દીધું છતાં ચિત્ત ચલાયમાન ન થયું તે દંશ પરિષહ સહન કર્યો. શીત ઉષ્ણ વગેરે તો આપોઆપ સહન કર્યા જ હતા.

**યતિધર્મ** :– ક્રોધાદિ અકુશળ પ્રવૃત્તિ રોકી ક્ષમા ધર્મને ધારણ

કરી, અક્રોધાદિ પ્રવૃત્તિમાં લીન બન્યા. વળી ઇન્દ્રિય તથા કષાયોના નિગ્રહરૂપ સંયમ ધર્મને ધારણ કર્યો તે યતિધર્મ–સંવર.

૦ **ભાવના** :– અનુપ્રેક્ષા ભાવના બાર પ્રકારે વર્ણવાઇ છે તેમાં સંવર ભાવમાં લીન બન્યા તે તો સ્પષ્ટ જ છે. સંવર માટેની બુદ્ધિ જ આશ્રવને રોકવા માટેની ભાવનાની નીપજ છે.

૦ **ચારિત્ર** :– સમભાવમાં લીન થવા રૂપ સામાયિક ચારિત્ર પાલન કર્યું અને “સાવદ્ય યોગનો ત્યાગ કરી સંવર કર્યો કર્મોનો” એવા ચિલાતી પુત્રને નમસ્કાર હો.

આ રીતે ઉપશમ વિવેક સંવરની ત્રિપદી થકી સમ્યકત્વ પામેલા ચિલાતીપુત્રને નમસ્કાર.

શ્રાવકોએ પણ ચિલાતી પુત્રના કથાનકને યાદ રાખી સંવર ધર્મના આરાધન માટે એક સૂત્રને કોતરી રાખવું ચિત્ત તંત્રમાં

**અંતર દૃષ્ટિ દેખ.**

ઉપશમથી કષાયો પાતળા પડે છે. તેથી સમ્યગ્ દર્શનનો લાભ થાય છે. વળી શાસ્ત્રકારો ફરમાવે છે કે સ્વાભાવિક પાતળા કષાય થાય ત્યારે મનુષ્યત્વની પ્રાપ્તિ થાય છે.

વિવેક તત્ત્વ બુદ્ધિને ઉત્પન્ન કરે છે તેથી હેય–ઉપાદેયનું યોગ્ય જ્ઞાન થતા આત્માને સમ્યક્ જ્ઞાન ઉપજે છે. અને સમ્યક્ દર્શન તથા સમ્યક્ જ્ઞાનવાળો આત્મા નવા કર્મોનું આવવું રોકવા સતત પ્રયત્નશીલ બને છે. તેથી સંવર થાય છે.

સંવરના પરિણામ થતા આપોઆપ ચિલાતી પુત્રની માફક સમ્યક્ ચારિત્રનો લાભ થાય છે.

આ રીતે ઉપશમ વિવેક સંવર રૂપ ત્રિપદી થકી સમ્યક્ દર્શન જ્ઞાન–ચારિત્ર એ રત્નત્રયીનો લાભ થાય છે. તે રત્નત્રયીનું આરાધન મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવે છે.

શ્રાવકોએ પણ સંક્ષેપમાં એટલો ખ્યાલ રાખવો કે જેમ ઘરના બારી–બારણા ખુલા હોય તો કચરો આવવાનો જ છે. તમે ઘર સાફ કર્યા જ કરો–કચરો આવ્યા જ કરે તો શું થાય ?

તે રીતે કર્મને આવવાના દ્વાર બંધ, ન કરો ત્યાં સુધી કર્મ કચરો આવશે, માટે સંવર ધર્મને આદરનારા બનોને **અંતર દૃષ્ટિ દેખ** સૂત્રને ચરિતાર્થ કરી મોક્ષપથના પથિક બનો.

□

# (૧૦૧) ભાષા સમિતિ

—બોલતાં શીખો

हितं यत् सर्व जीवानां व्यक्त दोषं मितं वचः
तद्धर्म हेतो वक्तव्यं भाषा समितिरित्य सौ

જે સર્વ જીવોને હિતકારી અને દોષ રહિત તેમજ મિત [ અલ્પ ] વચન હોય તે [ તેવું વચન પણ ] ધર્મને માટે બોલવું તેનું નામ ભાષા સમિતિ કહેવાય.

શ્રાવકના છત્રીસ કર્તવ્યોમાં ૨૯મું કર્તવ્ય **ભાષા સમિતિ.**

પાંચે સમિતિનું વર્ણન જુદી જુદી રીતે સંવર વગેરે પરિશીલનમાં આવે જ છે છતાં ભાષા સમિતિ એવું અલગ કૃત્ય કેમ હશે? આવો સ્વાભાવિક પ્રશ્ન થાય. તેનો ઉત્તર એટલો જરૂર આપી શકાય કે જીભ એ શરીરનું સારામાં સારું અંગ છે તેમ શરીરનું સૌથી ખરાબ અંગ પણ જીભ જ છે. તેથી જ ગુજરાતીમાં બે કહેવત પ્રસિદ્ધ છે.

**ન બોલવામાં નવ ગુણ અને બોલે તેના બોલ વેચાય.**

જીભને કારણે જ મહાભારતનું સર્જન થયું અને જીભ જ પરમાત્માની વાણી પ્રગટ કરી અનેક લોકોને માર્ગે ચઢાવનાર છે. માટે ભાષા સમિતિ નામક કર્તવ્ય મુક્યું.

ભાષા સમિતિ એટલે શું? સાવ સાદો અર્થ **"બોલતાં શીખો"**

સમિતિ શબ્દનો અર્થ છે સમ્યક્ પ્રવૃત્તિ. ભાષાની પ્રવૃત્તિ સમ્યક્ હોવી જોઈએ. સમ્યક્નો અર્થ કર્યો સર્વ જીવોને હિતકારી એવી ભાષા બોલવી. વળી જરૂર લાગે તેટલું જ બોલવું અને જે બોલો તે પણ ધર્મના હેતુ માટે બોલવું તેનું નામ ભાષા સમિતિ.

વ્યવહારમાં આ જ વાત સંક્ષેપમાં સમજાવવા કહી શકાય કે હિત મિત પથ્યમ સત્યમ હિતકારી, અલ્પ પ્રમાણમાં, પથ્ય અને સત્ય ભાષા શ્રાવકે બોલવી.

બોલવામાં સાવધાની રાખવી તે ભાષા સમિતિ. શ્રાવક જે વચન બોલે તે પ્રિય હોય, પથ્ય હોય અને તથ્યવાળું પણ હોય. એટલે કે ભાષા સમિતિ જાળવતો શ્રાવક કઠોર ભાષા ન બોલે કે અપશબ્દોનો પ્રયોગ ન કરે. કાં તો હિતકારી ભાષા બોલે. અથવા મૌન રહે.

ઉપદેશ કલ્પવલ્લીમાં પણ ભાષા સમિતિનું સ્વરૂપ વર્ણવતા જણાવે કે તત્વજ્ઞ પુરુષો સાવદ્યનો ત્યાગ કરી જે નિર્દોષ વચન બોલે છે, તેને જિનાજ્ઞામાં વર્તનાર પુરુષોએ ભાષા સમિતિ જણાવી છે.

ઉપદેશ માળામાં પણ કહ્યું છે. કે "વિગ્રહ અને વિસુત્તિથી રહિત એવો યતિ કાર્ય વખતે નિરવદ્ય ભાષા બોલે અને કારણ વિના કાંઈ પણ ન બોલે તો તે યતિ ભાષા સમિતિ વાળો જાણવો.

તે રીતે શ્રાવકે પણ નિરવદ્ય–હિતકારી–પરિમિત પ્રિય ભાષા બોલવી.

આટલી લાંબી વાતનો ઉપસંહાર કરતા અમે ટુકું શીર્ષક રાખ્યું

## "બોલતાં શીખો"

ગ્રીસનો મહાન તત્ત્વ ચિંતક થઈ ગયો સોક્રેટીસ. તે સોક્રેટીસ પાસે એક યુવાન આવ્યો.

તે સમયે સોક્રેટીસ પોતે છટાદાર વકતા હતા. તેની વાણીની અજબ–ગજબની મોહિની હતી તેના જમાનાના કેટલાંયે યુવાનો, સોક્રેટીસ પાસે ભાષણ કળા શીખવા આવતા હતા.

આ મહત્વાકાંક્ષી યુવાન પણ સોક્રેટીસ પાસે આવ્યો અને કહ્યું કે આપ ગ્રીસના એક શ્રેષ્ઠ વિચારક જ નહીં પણ મહાન વકતા પણ છો. આપની પાસે હું પણ કંઈક શીખવા આવ્યો છું.

સોક્રેટીસે માત્ર તેના સામે પ્રશ્ન સૂચક નજર કરી.

યુવાન કહે મારે આપની પાસેથી વેધક અને સચોટ ભાષણ આપવાની કળા શીખવી છે.

સોક્રેટીસે તેની પ્રાર્થના સ્વીકારી એટલે યુવાન તો ખુશ–ખુશ થઇ ગયો, તેના આનંદની અવધિ ન રહી. તેણે તો પોતાની વાણીને વહેતી મુકી દીધી. કદાચ એમ કહીએ કે તેની જીભ ચાલવા નહીં પણ દોડવા લાગી તો પણ ખોટું ન ગણાય.

જરૂરી બિન જરૂરી એવી તમામ પ્રકારની વાતો તેણે કરવા માંડી કારણ કે તેને તો પોતાની વાણીની છટા બતાવવી હતી. પછી તે ચુપ કેવી રીતે રહે?

તેનું લાંબુ ઢંગધડા વગરનું બોલવું સાંભળીને સોક્રેટીસે કહ્યું. જો ભાઈ હું તને ભાષણ કરવાની કલા શીખવીશ ખરો, પરંતુ તેના શિક્ષણ માટે તારે બીજા કરતાં બમણી ફી આપવાની રહેશે.

યુવાન ચમકી ગયો સોક્રેટીસના આ વાકયથી. એકાએક આટલો

ફી વધારો. તેણે સોક્રેટીસને પૂછ્યું કે મારી પાસે બમણી ફી કેમ માંગી ?

સોક્રેટીસ કહે યુવાન, મારે તને શિક્ષણ પણ બમણું આપવાનું છે. પહેલા તો મારે તને મૌન કેમ રહેવું તે કલા શીખવવી પડશે પછી તને ભાષણ કેમ કરવું તે કલા આવડશે. કેમકે બિન જરૂરી બડબડાટ બંધ કરતા શીખીશ તો જ જરૂરી શું બોલવું તે આવડશે.

આ બમણા શિક્ષણની ફી પણ બમણી આપવી પડેને ?

માનવી બોલતા તો જન્મની સાથે જ શીખવા માંડે છે. તેમ કહીએ તો પણ ખોટું નથી, પણ ખામોશ રહેવાની કલા તો સમજણ પૂર્વક જ ગ્રહણ થાય. અને આ ખામોશ રહેવાની કલા તેજ ભાષા સમિતિ. માટે જ અમે કહ્યું રે ભાઈ! **બોલતા શીખ.**

સામાન્ય રીતે સતત બોલતાં માણસો હંમેશાં સપાટી પર જ જીવતા હોય છે. આજના યુગની આવશ્યક્તા એ છે કે શબ્દો બચાવી, મૌન જાળવી પરિમિત છતાં, પ્રિય અને સત્ય બોલવું.

અમે પણ ક્યારેક મજાકમાં કહીએ છીએ ભાઇ ! થોડું ઓછું બોલ ક્યાંક અંત સમયે તારી ભાષા વર્ગણાના પુદ્ગલો ખલાસ થઈ જશે.

શ્રાવકોએ પણ આ વાતને લક્ષમાં રાખી "ભાષા સમિતિ" કર્તવ્યની ઉચિત પરિપાલના કરવા તત્પર રહેવું. ભાષાનો સમ્યક્ ઉપયોગ કે સાવધાની રાખી બોલવામાં વિવેક કેળવવો,

कोहे माणे अ मायाइ लोभे अ उवउत्तया
हासे भये मोहरीए विगहासु तहेव य
एआइ अट्ठठाणाइं परिवज्जित्तु संजए
असावज्जंमि अ काले भासंभासिज्ज पन्नवं

દોષ રહિત વચન બોલવું તેમ ભાષા સમિતિ નામક ચારિત્રાચારમાં પણ જણાવ્યું, પણ તે દોષ કયા કયા ?

ક્રોધ–માન–માયા–લોભ–હાસ્ય–ભય–મુખરતા [વાચાળતા] અને વિકથા આ આઠ સ્થાનોને વર્જીને અસાવદ્ય એવા કાર્યમાં યથાયોગ્ય કાલે ભાષા બોલવાનું ફરમાવેલ છે.

**(૧) ક્રોધ :–** કોઈ પિતા પોતાના પુત્ર ઉપર અતિક્રોધ કરે અને કહે કે "તું મારો પુત્ર નથી" તો તે ક્રોધયુક્ત વચન કહેવાય,

**(૨) માન :–** કોઇ માણસ મરિચિની જેમ અહંકારથી બોલે કે જાતિ વગેરેમાં મારાથી કોઈ ઉત્તમ નથી તો તે માન દોષ જાણવો.

**અહો ઉત્તમ કુલ માહરું અહો અહો મુજ અવદાતજી**

આ થયું માન દોષ યુક્ત વચન.

**(૩) માયા :–** અભયકુમારને પકડી લાવવા માટે ચંડપ્રદ્યોત રાજાએ વેશ્યા મોકલી. તે વેશ્યાઓએ જેમ કપટથી શ્રાવિકાપણું દાખવવા જે વચનો વાપર્યો તે માયા દોષ યુક્ત વચન સમજવું.

**(૪) લોભ :–** અન્ય વ્યક્તિના ભાંડ વગેરે [વસ્તુ વગેરે] પોતાના કહેવા "આ તો મારું જ છે. તો તે લોભ દોષવાળું વચન ગણાય છે.

**(૫) હાસ્ય :–** માત્ર મશ્કરી ખાતર પણ બોલે કે "જો મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકરો વિચરી રહ્યા છે, તો તે ઉપકારને માટે આ ભરત ક્ષેત્રમાં કેમ નથી આવતા? અહીં થોડી વાર રહી લોકોના સંદેહોને દૂર કરીને ચાલ્યા જાય તો બહુ સારું ગણાય ને? કેવળ મજાક માટે માટે પણ બોલે તો ત્યાં હાસ્ય દોષ ગણવામાં આવ્યો.

**(૬) ભય :–** કોઈ અકાર્ય કર્યા પછી પૂછવાથી તે માણસ ભયને કારણે એમ બોલે કે મેં તો આ નથી કર્યું કોઈ બીજાએ કર્યું હશે તો તે ભય દોષ કહેવાય.

**(૭) મુખરી :–**

**સુંદર પાપસ્થાનક તજો સોલસું, પરનિંદા અસરાલ હો**
**સુંદર નિંદક જે મુખરી હુએ તે ચોથો ચંડાલ હો**

અતિ વાચળતાથી વિચાર્યા વિના બીજાનો અવર્ણવાદ બોલવો તે મુખરતા સોળમાં પાપસ્થાનકની સજ્ઝાયમાં તેને ચાંડાળ કહ્યો.

**(૮) વિકથા :–** સ્ત્રી વગેરેની (વિ)કથા કરે. અહો આ સ્ત્રીના મુખ–નેત્ર–લાવણ્ય–રૂપ વગેરે કેવા સુંદર છે અથવા તો આહાર–પાન સંબંધિ ચર્ચા કરવી તે ભત્ત કથા. આ રીતે સ્ત્રી સંબંધિ–ભોજન સંબંધિ–દેશ (સ્થળ) સંબંધિ કે રાજ્ય સંબધિ જે કથા [વાતો] કરવી તે વિકથા દોષ કહેવાય છે.

શ્રાવકોને ભાષા સમિતિ જાળવવા માટે આ પ્રમાણે આઠ દોષ વર્જીને બોલવાનું કહ્યું. જેથી ચારિત્રાચારમાં ભાષા સમિતિ આચારનું પાલન થઈ શકે.

માટે જ કહ્યું છે રે ભાઈ! તું બોલતા શીખ.

**કાણાને કાણો કહી કદી ન વદીએ વેણ**
**ધીમે રહીને પૂછીએ શાને ખોયા નેણ**

બીજાને પીડા થાય તેવું સત્ય વચન પણ ન બોલવું કેમકે લોકમાં કહેવાય છે કે કૌશિક નામનો તાપસ તે પ્રકારે બોલવાથી નરકે ગયો.

न सत्यमपि भाषेत पर पीडाकरं वचः
लोकेऽपि श्रूयते यस्मान् कौशिको नरके गतः

કૌશિક નામે એક તાપસ થઇ ગયો. તે લોકમાં સત્યવાદી તરીકે પ્રખ્યાત હતો. એક વખત એવું બન્યું કે કેટલાંક ચોરો કોઈ ગામને લુંટીને તાપસ હતો તે જગ્યાએથી પસાર થઈ વનમાં નાસી ગયા.

તે ચોરના પગલે પગલે નગર રક્ષકો પણ તેનો પીછો કરતાં આવ્યા. તેઓએ કૌશિક તાપસને ત્યાં રહેલો જોઈને પૂછયું તમે તો સત્યવાદી માણસ છો તો સત્ય કહો કે ચોર કયા માર્ગે ગયા?

૦ કૌશિક તાપસને થયું કે જો કોઈ સત્ય જાણવા માગતો હોય તેને અસત્ય કહું તો મોટું પાપ લાગે છે તેથી મારે સત્ય જ કહેવું.

તેણે ચોર જે સ્થળે ગયા હતા. તેના નામ નિશાન જણાવી દીધાં. એટલે નગર રક્ષકો એ ત્યાં પહોંચી જઇ ચોરને પકડી લીધાં અને ત્યાં ને ત્યાં જ મારી નાખ્યા.

આ ચોરોની હત્યા કરવાના નિમિત્તે તે કૌશિક તાપસ સત્ય વચની હોવા છતાં હિંસાના પાપને લઈને નરકમાં ગયો.

તેથી શ્લોકમાં લખ્યું "કે न सत्यमपि भाषेत" સત્ય પણ ન બોલવું કેવું સત્ય? તો કે જે બીજાને પીડાદાયી બને તેવું વચન ન બોલવું.

આપણા શાસ્ત્રકાર મહર્ષિએ આ વાતને કેટલી મહત્વ પૂર્ણ ગણી કે "સત્ય વ્રત" એવો શબ્દ ન રાખતા અસત્ય વિરમણ વ્રત એવું બીજા વ્રતનું નામ રાખ્યું. सव्वाओ मुसावायाओ वेरमणं

અસત્યથી વિરમવાનું [અટકવાનું] જરૂર પણ સત્ય બોલવું જ જોઈએ તે ફરજિયાત નથી. ત્યાં મૌન રહેવું એવો ઉપદેશ આપ્યો. તેને જ સમિતિ ગણી અર્થ કર્યો કે સાવધાનીપૂર્વક બોલવું.

શ્રી ભગવતી સૂત્રના તેરમાં શતકના સાતમાં ઉદ્દેશામાં જણાવ્યા મુજબ ભાષા ચાર પ્રકારની છે. (૧) સત્યભાષા (૨) મૃષા [અસત્ય] ભાષા (૩) સત્ય મૃષા [સત્યાસત્ય] ભાષા (૪) અસત્ય મૃષા [ન સત્ય ન અસત્ય] ભાષા

આ ચારમાં ચોથા પ્રકારની ભાષા વિશેષે કરીને સંબોધન કે આમંત્રણ માટે વપરાય છે.

ચાર પ્રકારે જે ભાષાના ભેદ દર્શાવ્યા તેમાં મૃષા ભાષા અને સત્ય–મૃષા ભાષા તો બોલવી જ નહીં. જ્યારે બાકીની બે ભાષા (૧) સત્ય ભાષા (૨) અસત્યામૃષા ભાષા પણ વિવેક પૂર્વક બોલવી તેને ભાષા સમિતિ કહી.

શ્રી દશવૈકાલિક સૂત્રના સાતમાં અધ્યયનની બીજી ગાથામાં જણાવે છે કે–

चउण्हं खलु भासाणं परिसंखाय पन्नवं
दुण्हं तु विणयं सिक्खे दो न भासिज्ज सव्वसो

પ્રાજ્ઞ મનુષ્યે ચાર પ્રકારની ભાષા જાણીને બે પ્રકારની ભાષા સર્વથા ન બોલવી જોઈએ. અને બે પ્રકારની ભાષાનો વિનય શીખવો.

મતલબ કે ભાષા સત્ય હોય પણ સાવદ્ય હોવાના કારણે બોલવા જેવી ન હોય અથવા ભાષા સત્ય કે અસત્ય ન હોય પણ શિષ્ટાચાર વિનાની તોછડી હોય તો તે પણ ન બોલવી.

ભાષા કર્કશ હોય, સંદિગ્ધ હોય, શાશ્વત પદાર્થની સિદ્ધિમાં પ્રતિકૂળ હોય તેવી ભાષા પણ ન બોલવી જોઈએ.

શાસ્ત્રકાર મહર્ષિ **સત્ય ભાષાના દશ પ્રકારો** જણાવે છે. તેની જાણકારીથી **"બોલતા શીખો"** પરિશીલન દ્વારા તમારે શું શીખવા-વાનું છે તે માહિતી મળશે.

**(૧) જનપદ સત્ય** :– જે દેશમાં જે ભાષા બોલાતી હોય તે દેશમાં તે પ્રમાણે બોલવું તે જનપદ સત્ય જેમકે–બિલ શબ્દ ગુજરાતીમાં દર કે ગુફા અર્થ વપરાય છે પણ બિલ Bill શબ્દ અંગ્રેજીમાં ભરતિયું કે કાયદાનો ખરડો ગણાય છે.

**(૨) સમ્મત સત્ય** :– વિદ્વાનોએ જે શબ્દનો જે અર્થ માન્ય કર્યો છે તે શબ્દને તે અર્થમાં જ માન્ય રાખવો તે સમ્મત સત્ય.

જેમકે–કમલ અને દેડકો બંને પંક [કાદવ]માં જ જન્મે છે છતાં પંકજ શબ્દ કમલ અર્થમાં જ માન્ય છે. માટે દેડકા અર્થમાં ન વપરાય.

**(૩) સ્થાપના સત્ય** :– કોઈપણ વસ્તુની સ્થાપના કરી તેને એ નામથી ઓળખવી તે સ્થાપના સત્ય છે. જેમકે અમુક આકૃતિ વાળા અક્ષરને જ क કહેવાય અથવા એકડા [૧] પછી શુન્ય [૦] મુકતા ૧૦ થાય.

**(૪) નામ સત્ય** :– ગુણ વિહિન હોવા છતાં કોઈ પણ

વ્યક્તિ કે વસ્તુ વિશેષનું અમુક નામ રાખવું તે નામ સત્ય છે. જેમકે કોઇ છોકરો ગરીબ હોય છતાં તેનું નામ લક્ષ્મીચંદ હોઈ શકે છે.

**(૫) રૂપ સત્ય :–** કોઈ ખાસ રૂપ ધારણ કરનારને તે જ નામથી બોલાવવા. જેમ કે સાધુનો વેશ પહેરેલો જોવા માત્રથી જ સાધુ કહેવા તે.

**(૬) પ્રતીત [અપેક્ષા] સત્ય :–** એક જ વસ્તુની અપેક્ષા એ બીજી વસ્તુને મોટી–નાની, હલકી–ભારે વગેરે કહેવી તે. જેમકે અનામિકા આંગળી મોટી છે. તે કથન કનિષ્ઠાની અપેક્ષાએ સત્ય ખરું પણ મધ્યમાની અપેક્ષાએ સત્ય ન ગણાય.

**(૭) વ્યવહાર સત્ય :–** જે વાત વ્યવહારમાં સ્વીકારેલી છે તે વ્યવહાર સત્ય કહેવાય. જેમકે સ્ટેશને ગાડી પહોંચે ત્યારે લોકો બોલે છે સ્ટેશન આવ્યું. ખરેખર તો સ્ટેશન સ્થિર છે. ગાડી જ ત્યાં પહોંચે છે તો પણ સ્ટેશન આવ્યું કહેવાય તે વ્યવહાર સત્ય છે.

**(૮) ભાવ સત્ય :–** જે વસ્તુમાં જે ભાવ પ્રધાન પણે હોય તેને આશ્રીને તે વસ્તુનું પ્રતિપાદન કરવું. જેમ પોપટમાં લીલા ઉપરાંત લાલ–કાળો વગેરે રંગ હોવા છતાં ખરેખર પોપટ લીલો જ કહેવાય છે તેને ભાવ સત્ય કહ્યું.

**(૯) યોગ સત્ય :–** કોઈ વ્યક્તિ કે વસ્તુને તે નામથી ઓળખવી તે યોગ સત્ય. જેમકે અધ્યાપન કાળ સિવાય પણ અધ્યાપકને અધ્યાપક જ કહેવાય છે.

**(૧૦) ઉપમા સત્ય :–** કોઈક એક સમાનતાને આધારે તે વસ્તુની બીજી વસ્તુ સાથે તુલના કરવી. જેમકે ચરણ–કમળ.

**(૨) મૃષા કે અસત્ય ભાષા –** પૂર્વે જણાવેલાં દોષની જેમ અહીં દશ ભેદ જણાવ્યા છે.

(૧) ક્રોધ મિશ્રિત :– તું મારો પુત્ર નથી તેમ કહેવું.
(૨) માન મિશ્રિત :– હું મહાત્મા કે મહા ત્યાગી છું કહેવું
(૩) માયા મિશ્રિત :– બીજાને ઠગવા માટે બોલાય તે.
(૪) લોભ મિશ્રિત :– લોભમાં પડીને ખોટું બોલતો હોય.
(૫) દ્વેષ મિશ્રિત :– ગુણીને પણ નિર્ગુણી કહેવો.
(૬) રાગ મિશ્રિત :– પ્રિયાને કહે હું તારા ચરણનો દાસ છું.
(૭) ભય મિશ્રિત :– ભયથી "મને કંઈ ખબર જ નથી" તેમ કહે

(૮) હાસ્ય મિશ્રિત :– મશ્કરી કે મજાકવાળું જુઠ બોલવું.
(૯) આખ્યાયિકા મિશ્રિત :– કથામાં અસંભવિત હોવા છતા રંગની જમાવટ કરવા બોલવું.
(૧૦) ઉપઘાત :– "તું ચોર છે" વગેરે કહેતા વધ બંધન થાય.

શ્રાવકોએ સત્ય ભાષા બોલવી અને અસત્ય ભાષા ન બોલવી તે રીતે ભાષા સમિતિ જાળવવા સત્ય અને મૃષા બંને ભાષાના ૧૦–૧૦ ભેદો જણાવ્યા તે આધારે **બોલતા શીખો.**

કોઈ એક નગરને શસ્ત્રધારી શત્રુઓએ આવી ચોતરફથી ઘેરી લીધું. તે નગરમાં સર્વ સંગથી રહિત એવા સંપત નામના મુનિ હતા. તેણે વિચાર કર્યો કે નગરના સર્વે માણસો અહીં જ રહેવાના. કારણ કે ધાન્ય–ધન–પશુ–સ્ત્રી–પુત્ર વગેરેના સ્નેહથી બંધાયેલા છે. પણ હું એકલો છું માટે ભવરૂપી કારાગૃહ જેવા આ નગરમાં વસવા કરતા તેમાંથી નીકળી જવું સારું.

શીઘ્ર પણે તે મુનિ બહાર નીકળી ગયા તે વખતે શત્રુ રાજાના સૈનિકે તે મુનિને ચોતરફથી ઘેરી લીધાં અને રાજા પાસે લઈ ગયા.

રાજાએ પૂછયું, આ નગરમાં સૈન્ય કેટલું ?

ભાષા સમિતિમાં નિપુણ તે મુનિએ વિચાર્યું કે આ કિલ્લામાં ઘણું સૈન્ય નથી એમ જો કહીશ તો આ લોકો સજ્જ થઈને મોટું યુદ્ધ કરશે અને ક્ષણવારમાં હજારો માનવીનો સંહાર થઈ જશે. જો ઘણું સૈન્ય આ કિલ્લામાં છે તેમ કહીશ તો આ લશ્કર અહીંથી ચાલ્યું જશે ને તેથી ફરીને જ્યાં જ્યાં જશે ત્યાં પૃથ્વીકાય–અપ્કાય આદિ ષટકાયના જીવોની વિરાધના કરશે. માટે એકે વચન બોલવું તે યુક્ત નથી એટલે તે ચતુર મુનિને વારંવાર પૂછવા છતાં એક જ જવાબ ચાલુ રાખ્યો.

સાધુ પોતાના કાન વડે બધું સાંભળે છે અને નેત્ર વડે ઘણું જુએ છે પણ તે સર્વ કંઈ કહેવા યોગ્ય હોતું નથી. વારંવાર આ જવાબ સાંભળી શત્રુ રાજાને થયું આ મુનિ પાઠ ગોખતા ગોખતા ઘેલા થઈને નગરમાંથી ચાલ્યા આવતા જણાય છે માટે તેને છોડી મુકયા.

આ રીતે ભાષા સમિતિવાળા મુનિએ ધર્મની આરાધના કરી. તે રીતે પૌષધ વ્રત ધારી; સામાયિક વ્રત કે વિરતિ યુક્ત શ્રાવકે પણ નિરંતર ભાષા સમિતિનું પાલન કરવું જોઈએ.

(૩) સત્ય-મૃષા અથવા મિશ્ર ભાષા – આ ભાષાના પણ દશ ભેદો જણાવેલા છે. શ્રાવકોએ ભાષા સમિતિ જાળવવા આ ભાષા ટાળવી જોઈએ.

(૧) ઉત્પન્ન મિશ્ર :– ઉત્પત્તિ બાબત ભળતી વાત કરવી જેમકે આ નગરમાં દશ બાળકો જ જન્મ્યા છે. હકીકતે કેટલાં જન્મ્યાં તેની માહિતી જ ન હોય.

(૨) વિગત મિશ્ર :– મરણ સંબંધિ જાણકારી ન હોય છતાં કહેવું કે પચીસ મરી ગયા.

(૩) ઉત્પન્ન-વિગત મિશ્ર :– જન્મ અને મરણ બંનેના સંબંધમાં કંઈ પણ જાણકારી હોય કે ન હોય છતાં ભળતી જ વાત કરવી તેને ઉત્પન્ન વિગત મિશ્ર ભાષા કહેવાય.

(૪) જીવ મિશ્ર :– જીવિત અને મૃતક બંને પ્રકારના જીવો સાથે પડેલા હોય. છતાં કોઈ એમ કહે કે આ જીવરાશિ આટલી સંખ્યામાં છે. ત્યાં મરેલાને જાણવા છતાં પણ અવગણીને જે મિશ્ર ભાષા બોલે તે જીવ મિશ્ર થયું.

(૫) અજીવ મિશ્ર :– કચરાનો ઢગલો પડયો હોય તે જોઈને કહેવું કે આ અજીવરાશિ પડેલો છે. હકીકતે તેમાં ઘણાં જીવડાં ખદબદતા હોય છતાં આ પ્રમાણે બોલવું.

(૬) જીવાજીવ મિશ્ર :– જીવો અને અજીવો બંને સાથે હોય તેમાં કોઈપણ એકને વધુ બતાવવા અને બીજાને ઓછા બતાવવા તે જીવાજીવ મિશ્ર કહેવાય.

(૭) અનન્ત મિશ્ર :– અનન્તકાય અને પ્રત્યેક વનસ્પતિકાય બંને સાથે હોવા છતાં કહેવું કે તે અનન્તકાય છે.

(૮) પ્રત્યેક મિશ્ર :– એ જ રીતે પ્રત્યેક વનસ્પતિકાયને અનન્તકાય બંને સાથે હોવા છતાં પ્રત્યેક વનસ્પતિકાય તરીકે જ ઓળખાવવું તે પ્રત્યેક મિશ્ર ગણાય.

(૯) અદ્ધા મિશ્ર :– દિવસ રાતના સંબંધમાં મિશ્ર વચન બોલવું. જેમકે દિવસ ઉગવાની તૈયારી હોવા છતાં સુતેલો માણસ કહે અરે ભાઈ સુવાદે હજી તો ઘણી રાત બાકી છે તે અદ્ધામિશ્ર

(૧૦) અદ્ધાદ્ધા મિશ્ર :– દિવસ અને રાત્રિના એક ભાગને અદ્ધદ્ધા કહેવાય છે. તે સંબંધમાં મિશ્ર વચન બોલવું જેમકે શેઠ સવાર પડતાં જ નોકરને કહે કે બપોર થઈ ગયો છતાં દિવા બળે છે?

ભાષાનો ચોથો ભેદ છે. અસત્યાસત્ય જેને "વ્યવહાર" ભાષા પણ કહેવાય છે. આ ભાષાના પણ દશ પેટા ભેદો જણાવેલા છે.

(૧) આમંત્રણી :- જેમ કે સંબોધન કરવું આવ ભાઈ! તો તેમાં કશું સત્ય નથી કે અસત્ય પણ નથી.

(૨) આજ્ઞાથકી :- જા આ કામ કર.

(૩) યાચની :- આ વસ્તુ મને આપો તો.

(૪) પૃચ્છની :- કોઈ વિષયમાં શંકા હોય તો પૂછવું જેમ કે જીવનું સ્વરૂપ શું ?

(૫) પ્રજ્ઞાપની :- પ્રરૂપણા કરવી. જેમ કે જીવ છે, અજીવ છે.

(૬) પ્રત્યાખ્યાની :- ત્યાગ માટે બોલવું અમુક વસ્તુ ત્યાગ છે.

(૭) ઇચ્છાનુંમોદન :- ઈચ્છાનુસાર અનુમોદન કરવું. કોઈ પૂછે હું જિનાલય જાઉ ? બહું સારું જવા જેવું છે.

(૮) અનભિગૃહિતા :- પોતાની સંમતિ ન દર્શાવે એટલે કે કોઈ પ્રશ્ન પૂછે તો કહે કે जहा सुक्खं

(૯) અભિગૃહિતા :- જેમ કે આ કામ તમારે કરવું જોઈએ.

(૧૦) સંશય કારિણી :- જે શબ્દના અનેક અર્થ હોય તેવો પ્રયોગ જેમાં સંશય થાય. આનો અર્થ આમ કરવો કે આમ ?

ટુકુંમાં हित मित पथ्यम् सत्यम् બોલો.

એક રવિવારે રામાયણને કારણે પ્રવચનમાં કોઈ સંખ્યા ન દેખાય. પાદરીને થયું કે આજે પ્રવચન બંધ રાખો. નવ વાગ્યા. એક સદગૃહસ્થ આવ્યા. પાદરી કહે આજે પ્રવચન ન રાખીએ તો ?

પેલા ખેડુત સદ્ ગૃહસ્થ કહે તમને ઠીક લાગે તેમ કરો. મારી બધી ગાયો હોય તો પણ હું ઘાસ નીરું છું. એક-બે હોય તો પણ હું ઘાસ તો નીરું જ છું.

પાદરીને થયું કે વાત ખરી છે "ડ્યુટી ઈઝ ડ્યુટી એન્ડ વી હેવ ટુ પરફોર્મ ઇટ" રોજના નિયમ મુજબ બે કલાક વ્યાસ પીઠ ગજાવી ઉતરતાં તેણે પેલા ખેડુતનો આભાર માન્યો.

ખેડુત કહે કે ગાય એક બે હોય તો હું કંઈ ઘાસની ગંજી નથી નીરતો, પાદરીને થયું કે અતિરેક થઈ ગયો. માટે તમને કહીએ છીએ.

**બોલતાં શીખો.**

આ ચાર પ્રકારની ભાષા સમજી હેય ઉપાદેયના જ્ઞાનપૂર્વક ભાષા સમિતિ પાલન કરો તે અભ્યર્થના.

□

# (૧૦૨) છ જીવ કરુણા

–ભીનાશ કેળવો અંતરની

धर्मो जीवदया तुल्यो न क्वापि जगति तले
तस्मात् सर्व प्रयत्नेन कार्या जीवदया नृभिः

આ પૃથ્વી પર જીવ દયા જેવો બીજો કોઈ ધર્મ નથી. મનુષ્યોએ સર્વ પ્રયત્નોપૂર્વક જીવદયા પાળવી.

શ્રાવકને માટે મન્નહ જિણાણં સજ્ઝાયમાં ૩૬ કર્તવ્યો જણાવ્યા. તેમાં ત્રીશમું કર્તવ્ય મુકયું "છ જીવ કરુણા" સામાન્ય અર્થમાં કહીએ તો જગતના સર્વ જીવો પ્રત્યે હૃદયમાં કરુણા–દયા ભાવ હોવો જોઇએ

જગતના તમામ જીવો છ કાયમાં વહેંચાયેલા છે. (૧) પૃથ્વીકાય (૨) અપૂકાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય (૬) ત્રસકાય.

ત્રસકાયોને વિશેષે સ્પષ્ટ કરતા ચાર ભેદ જણાવે. (૧) બેઇન્દ્રિય (૨) તેઇન્દ્રિય (૩) ચઉઇન્દ્રિય (૪) પંચેન્દ્રિય—પંચેન્દ્રિયમાં પણ મનુષ્ય દેવ–તિર્યંચ અને નારકી એવા ચાર મુખ્યભેદો રહેલા છે. આવા તમામ [છ કાયના] જીવો પરત્વે કરુણા ભાવ રાખવો તે "છ જીવ કરુણા"

અહીં છ જીવ એટલે છ કાયના જીવો તે વાત તો સ્પષ્ટ જ છે. પણ કરુણા શબ્દ જે સાથે મુકયો તેનું મહત્ત્વ વિશેષ છે. કેમકે 'કરુણા' એજ શ્રાવકને બજાવવાનું કર્તવ્ય છે.

ગૃહસ્થાશ્રમ ચલાવી રહેલો શ્રાવક સ્થુળ હિંસાથી તો સદંતર બચી શકતો નથી, પણ મનમાં શક્ય તેટલો કરુણા–દયાભાવ રાખીને અહિંસા ધર્મનું પાલન કરી શકે છે. તે માટે કરુણા શબ્દ મુકયો.

શ્રી જિનેશ્વરની આજ્ઞાના આરાધકોએ જીવદયા પાળવી જોઈએ. પણ ગૃહસ્થોને આરંભ પરિગ્રહાદિ પ્રવૃત્તિમાં સર્વથા જીવદયા પાલન તો શકય ન બને. વળી સ્થાવર જીવોના તો વિશેષે છેદન ભેદનાદિ થવાના જ છે. એટલે હૃદયમાં જેટલો કરુણા ભાવ કેળવાશે તેટલી

જીવને હિંસા–પ્રવૃત્તિ વખતે અરેરાટી થશે. તે માટે જ શીર્ષક રાખ્યું
**ભીનાશ કેળવો અંતરની.**

જીવોમાં સ્થાવર અને ત્રસ બે મુખ્ય ભેદ જણાવ્યા. સ્થાવર એટલે પૃથ્વી–અપ–તેઉ–વાયુ વનસ્પતિ આ પાંચે કાયના જીવો પણ સૂક્ષ્મ અને બાદર એવા બબ્બે ભેદો ધરાવે છે.

ત્રસકાયમાં બે–ત્રણ–ચાર ઈન્દ્રિયવાળા જીવો છે. જેના પર્યાપ્તા-અપર્યાપ્તા એવા બબ્બે ભેદો છે, અને દેવ–મનુષ્ય–તિર્યંચ નારકી એ ચારે પંચેન્દ્રિય જીવો છે. આ સઘળાં જીવો–એટલે કે ચારે ગતિમાં રહેલા એકપણ જીવો હણવા યોગ્ય નથી. શ્રાવકોએ સદા સર્વદા આ જીવો પ્રત્યે કરુણા ભાવ રાખવો જેથી સતત સ્મરણમાં રહે કે મારા વડે થતી આ જીવોની હિંસા ખરેખર અનુચિત્ત છે. છોડવા લાયક છે. મારે સર્વ પ્રયત્નોથી છ કાયના જીવોની રક્ષા કરવા તત્પર રહેવું જોઈએ. આવો આવો સતત કારુણ્ય ભાવ કેળવાયો હશે તો કયારેક પણ સવી જીવ કરૂં શાસન રસીનો ભાવ સ્પર્શી જશે.

સોરઠના હૈયા પર ભાદર નદી વહે છે. એવી નદીની ભેખડ ઉપર ઉભો રહીને જેતપુરનો માણસિયો વાળો સમળીઓની સાથે ક્રીડા કરી રહ્યો છે.

દયાધર્મના ધુરંધરો પારેવાને ચણ નાખે. રૂપના આશકો મોરલા પોપટને રમાડે, પણ માણસિયો વાળો પોતે જમીને પછી સમળાઓને રોટલા ખવડાવે. દરબાર ગઢની પછવાડે જ ભાદરની ઊંચી ભેખડો છે. ત્યાં ઉભીને માણસિયો રોટલાના બટકા ઉછાળેને આભમાં ઘટાટોપ થર વળીને ઉડતીએ પંખીણી અદ્ધરથી જ બટકા ઝીલી લે.

માણસિયો વાળો નિર્વંશ છે. પિત્રાઈઓની આંખો એના ગરાસ પર ચોંટી છે. એવા અદાવતીયા પિત્રાઈઓ ફાવી ગયા અને સગાં-વહાલાઓએ જ સિંહને પાંજરે નખાવ્યો. ગાંડો ગાંડો કરીને કાળા કોઠામાં માણસીયા વાળાને કેદ કરાવ્યો.

બંદીવાન બનેલો માણસીયા વાળો ખાતો નથી–પીતો નથી બસ આસમાનમાં આંખો માંડીને બેઠો છે. તેના મનમાં એકજ વાત ઘુમે છે. કે કદાચ મને તો રોટલા મળી રહેશે પણ આસમાનમાં ઉડતી આ બિચારી પંખીણીનું શું થશે?

ત્યાં તો કર... ર ... ર ... ર એવો પ્રીતિ ભર્યો સુર આભમાં સંભળાયો સમળીને જોતાવેંત " આવ ... આવ " એવા મીઠા આવકાર દીધા.

સમળી તો ઉતરીને કોઠા પર આંટા દેવા લાગી. માણસીયા વાળાને થયું કે બચારા જીવ મારા પાસે આશા કરે છે ને તેને હું કેમ ભુખ્યા રાખી શકું. મનમાં ને મનમાં અપાર કરુણા ઉપજી.

ભેટમાંથી કટાર ખેંચી. પોતાના પગની પીંડી ઉપર ચીરો કર્યો અને તરબુચની ડગળી જેવું ચોસલું પોતાના દેહમાંથી વાઢીને હાથમાં લીધું. આપાએ આભ સામે જોઈને પંખીણીની દિશામાં ચોસલું અધ્ધર ઉલાળ્યું. સમળીએ આનંદનો નાદ કરી અધ્ધરથી જ ઝીલી લીધું.

બીજી સમળી કર ... ર ... ર ... ર કરતી આવીને બીજું ચોસલું આભમાં ઉછાળ્યું. જાંઘમાંથી લાલ ચટક ચોસલા કાપીને ઉછાળ્યા. પછી તો ત્રીજી ચોથી પાંચમી સમળી ઉડી ઉડીને આવવા લાગી. સમળીઓના થર બંધાઈ ગયા ને આપાને જાણે આનંદના હિલોળા છુટયા.

હસતો હસતો અને પંખીણી ઉપરના કરુણા ભાવ સાથે પ્રેમ વરસાવતો પોતાની કાયા વાઢતો ગયો ને આભમાં પીરસતો ગયો. સાંજ પહેલા તો દેહ પાડી નાખ્યો.

તેની નનામી નીકળી ત્યારે પણ આભમાં સમળીઓના ટોળે ટોળા ઉડતાં'તા જ્યારે નનામી મુકી ત્યારે પોતાના સ્વામીને પંખો ઢાળતી હોય તેમ તે સમળીઓ પાંખો વીંઝવા લાગી. લોકોએ વાંસડા મારી મારીને પંખીડા દૂર કર્યા ત્યારે માંડ ચિતામાં આગ મેલાણી.

તમને મેઘરથ રાજાની વાત કદાચ વર્ષો પુરાણી લાગે. પણ આ માણસિયો વાળો તો હમણાંનો કાઠી થઈ ગયો. જેતપુર ગામનો જ. કેટલી કરુણા હશે તેને સમળી પ્રત્યે કે પોતાનું અંગે અંગ સમર્પણ કરીને પણ સમળીઓને ભુખી ન રહેવા દીધી. આવી છે જીવ કરુણાના પાલન માટે એક સૂત્ર ઉતારી દો હૃદયમાં **ભીનાશ કેળવો અંતરની.**

ઉપદેશ માળામાં સુંદર શ્લોક મુકયો છે ?

देहिन : सुखमीहन्ते विना धर्म कुत : सुखम् ?
दयां विना कुतो धर्मस्ततस्तस्यां रतो भव

પ્રાણીઓ સુખની ઈચ્છા કરે છે. પણ ધર્મ વિના સુખ કયાંથી હોઈ શકે ? તેમજ દયા વિના ધર્મ કયાંથી હોય ? માટે હે ભવિજનો ! જીવોના રક્ષણ માટે તત્પર થાઓ.

કેમકે દુઃખીત પ્રાણિઓના રક્ષણ માટેની સતત અભિલાષા રૂપ કરુણા ભાવથી યુક્ત હોય તેને જ સહૃદયી કહેવાય.

આ જગતમાં કુંથુઆથી માંડીને ઈન્દ્ર પર્યન્તના સર્વ જીવો સુખની જ ઈચ્છા રાખે છે. પણ કષાય–અવિરતિ પ્રમાદ અને રાગદ્વેષની પરિણતિ વગેરે પ્રબળ કારણોને લીધે સુખનું જે સાચું કારણ ધર્મ છે, તેનું પાલન થતું નથી. જ્યાં સુધી જિનોક્ત ધર્મનું યથાર્થ આરાધન ન થાય ત્યાં સુધી સુખની ઇચ્છા રાખનારને સ્વપ્નમાં પણ સુખ ક્યાંથી હોઈ શકે?

ધર્મનો પાયો છે અહિંસા. દરેક પ્રાણીને જીવવાની આશા છે. મરણની વાત માત્રથી જીવો ભય ભ્રાંત બની જાય છે. એટલે આ અનાથ–અશરણ પ્રાણીઓ પ્રત્યે પૂર્ણ કરુણા ભાવ રાખી તેઓને શક્ય તેટલું અભયદાન આપવાની પ્રવૃત્તિમાં રત થઈ સુખના અભિલાષી પ્રાણીઓએ જીવદયા પાળવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

આર્યાવર્તના તમામ દર્શનો પણ અહિંસાને પરમ [ શ્રેષ્ઠ ] દર્શન માને છે. તે માટે લખ્યું પણ છે.

ददातु दानं विदधातु मौनं वेदादिकं चापि विदांकरोतु
देवादिकं ध्यायतु सन्ततंवा न चेद्दया निष्फलमेवसर्वम्

દાન આપો – મૌન ધારણ કરો – વેદાદિક અથવા બીજા ગમે તે શાસ્રોને જાણો અને નિરંતર દેવાદિકનું ધ્યાન કરો. પણ જો એક દયા નથી તો આ બધું જ નિષ્ફળ છે એટલે કે દયા વગરનો આ બધો ધર્મ રાખમાં ઘીનો હોમ કરવા બરાબર છે.

અર્ણિકા પુત્ર આચાર્યએ શ્રુત જ્ઞાનના ઉપયોગ દ્વારા દુષ્કાળ પડવાનો છે તેમ જાણ્યું. પોતાના ગચ્છને બીજા દેશમાં મોકલ્યો. પોતે અતિવૃદ્ધ હોવાથી ત્યાં જ રહ્યા હતા.

તે વખતે તેમની નિરંતર સેવામાં રત એવા સાધ્વી પુષ્પ ચુલાને વૈયાવચ્ચના પ્રભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. અર્ણિકા પુત્ર આચાર્યને જેવી ખબર પડી કે આ તો મારા વડે કેવળીની આશાતના થઈ ગઈ કે તુરત મિચ્છામિ દુક્કડમ્ આપીને પૂછ્યું કે હે ભગવન્ મારો મોક્ષ થશે કે નહીં ?

કેવલી ભગવંતે જણાવ્યું કે આ જ ભવમાં તમને ગંગા નદી ઉતરતાં કેવળજ્ઞાન થશે.

તે આચાર્ય મહારાજને ખરેખર જ્યારે ગંગા નદી પાર કરવાનો પ્રસંગ ઉભો થયો. ત્યારે નદી ઉતરવા માટે નાવમાં બેઠા. પણ જે બાજુ

તેઓ બેસતા તે બાજુ નાવ નમવા લાગતી હતી. આ રીતે અર્ણિકા પુત્ર આચાર્ય નાવમાં દરેક બાજુ બેસી જોયું પણ તે નાવ જ્યાં અર્ણિકા પુત્ર આચાર્ય બેસે તે તરફ જ નમતી જતી હતી.

આચાર્ય મહારાજ નાવની મધ્યમાં બિરાજ્યા તો આખું નાવ ડૂબવા લાગ્યું, કારણ કે આચાર્ય મહારાજના પૂર્વ ભવની સ્ત્રી મરીને વ્યંતરી થઈ હતી અને તે આ રીતે ઉપદ્રવ કરતી હતી. લોકોને થયું આ મહારાજ ક્યાંક વહાણ ડુબાડી દેશે. એટલે બધાંયે ભેગાં થઈ આચાર્ય શ્રી ને ઉપાડીને જલમાં નાખી દીધાં.

તે વખતે પેલી વ્યન્તરીએ જલમાં શૂળ ઉભી કરી તે આચાર્ય મહારાજને શૂળમાં પરોવી દીધાં ત્યારે શૂળીએ પરોવાઈ ગયેલા એવા તે મહાત્માના શરીરમાંથી રૂધીરના બિંદુઓ જલમાં પડવા લાગ્યા.

આચાર્ય શ્રી શૂળીની વેદના ભૂલીને મનમાં ને મનમાં કરુણા ભાવથી ચિંતન કરતાં ધર્મધ્યાનમાં લીન થયા. અરેરે! મારા આ લોહીના સ્રાવ વડે આ અપ્કાયના જીવો મરણ પામી રહ્યા છે કેટલી વિરાધના થઈ રહી છે આ જીવોની, મારા વડે કેવી કિલામણા થઇ રહી છે. એ રીતે જીવો પ્રત્યે અપાર કરુણા ભાવ તેના મનમાં ને મનમાં ઉભરાવા લાગ્યો. તે જ ચિંતન ધારા ધર્મધ્યાનમાંથી શુક્લ ધ્યાનમાં પરિણમી આચાર્યશ્રી થઈ ગયા અંતકૃત કેવલી. સઘળા કર્મનો ક્ષય કરી મોક્ષ મહેલમાં કાયમી સ્થાનને પ્રાપ્ત કર્યું. દેવોએ તેના કેવળ જ્ઞાનનો મહોત્સવ કરી ત્યાં પ્રયાગ તીર્થ સ્થાપ્યું.

તમે પણ આવી **ભીનાશ કેળવો અંતરની** કે જે કરુણા ભાવ હ્રદયમાંથી આંખો વડે વહેવા લાગે. આચાર્ય મહારાજા આપણને કરુણા ભાવના માટે કેવો ઉચ્ચતમ આદર્શ પુરો પાડે છે. શ્રાવકને પણ જીવનમાં આરંભ સમારંભ વચ્ચે જીવોને મરતા અટકાવવા સર્વથા શક્ય નથી. જેમ લોહીનો પ્રવાહ વહેતા અપ્કાયના જીવોની વિરાધના થતી ખુદ આચાર્ય મહારાજ પણ રોકવા સમર્થ ન હતા પણ કરુણાર્દ્ર ભાવોએ તેને સઘળાં કર્મોમાંથી મુક્તિ અપાવી, તેમ શ્રાવકોને પણ સતત છ-જીવ કરુણાનું કર્તવ્ય પાલન કરવાનું જણાવ્યું તેના મૂળમાં ધ્યેય તો કર્મ નિર્જરા અને સંવર જ છે.

प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा
आत्मौपम्येन भूतानां दयां कुर्वीत धर्मवीत्

જેમ [તમને] પોતાના પ્રાણો અભિષ્ટ છે. તેમ પ્રાણી માત્રને પણ પોતાના પ્રાણો અભિષ્ટ જ છે. માટે ધર્મજ્ઞ પુરુષોએ પોતાની પેઠે બીજા પ્રાણીઓની દયા કરવી જોઈએ.

અર્થાત્ હે શ્રાવકો! જેમ તમને તમારો જીવ વહાલો છે તેમ બધાંને પોતાનો જીવ વહાલો જ હોય માટે સર્વ જીવોને પોતાના જેવા માની તેમના પર પરમ કરુણા ભાવ રાખવો.

कृपा नदी महातीरे सर्वे धर्मास्तृणाङ्कुराः
शोषमुपेतायां कियन्नदन्ति ते चिरम्

કૃપા નદીના કિનારા ઉપર સઘળા ધર્મો અંકુરા રૂપ છે. જ્યારે તે નદી સુકાઈ જાય ત્યારે તે અંકુરા પણ કેટલો કાળ ટકી શકવાના? અર્થાત્ જ્યાં બિલકુલ દયાનો-કરુણાનો છાંટો નથી તે દયા કે કરુણા ભાવ પર આધારિત ધર્મ પણ કેટલો ટકવાનો?

ખરેખર પોતાના પ્રાણોની આહુતિ આપીને પણ બીજાનાં પ્રાણોની રક્ષા કરે છે તેવા દુર્લભ અને જેની સ્તુતિ દેવતાઓ પણ કરે છે તેવા પવિત્ર પુરુષો બે-ત્રણ કે માંડ ગણ્યા-ગાંઠ્યા જ હોય.

વિક્રમાદિત્ય રાજા હતો. એક વખત તે અશ્વ પર ભાગતો ભાગતો તરસથી પીડાઈ રહ્યો હતો અને અરણ્યમાં તે પાણીની તપાસ કરતો ફાંફાં મારવો લાગ્યો.

તેટલામાં કોઈ એક ગુફામાં કાદવવાળા તળાવમાં ખૂંચી ગયેલી અને દુર્બળ એવી ગાય જોવામાં આવી. આંસુથી ખરડાયેલી આંખોવાળી ગાયે રાજાને જોઈને બરાડા પાડવા માંડ્યા. તે સાંભળી દુઃખી પ્રાણી પ્રત્યે પરમ કૃપા અને કરુણા ભાવવાળા એવા દયાળુ રાજા વિક્રમાદિત્યે તેને બહાર ખેંચી કાઢવા માટે અનેક ઉપાયો કર્યા પણ કોઈ રીતે ગાય બહાર નીકળી નહીં.

તેમ કરતાં રાત્રિ થઈ ગઈ. ત્યારે કોઈ ભુખ્યો સિંહ આવ્યો તે ગાયના ભક્ષણ માટે સિંહ નાદ કરી રહ્યો છે. તે જોતાં કરુણાર્દ્ર રાજાએ વિચાર્યું કે જો આ દુર્બલ ગાયને હું અહીં મુકીને ચાલ્યો જઈશ તો આ સિંહ જરૂર તેને મારી નાખશે.

મારા પ્રાણોનો નાશ થાય તો પણ મારે આ ગાયનું રક્ષણ કરવું જોઇએ. એમ વિચારી ખુલી તલવાર ઉગામી ગાયની પાસે ઉભો રહ્યો. રાત્રિમાં ટાઢ અને ભયથી ગાય થરથરવા લાગી એટલે રાજાએ પોતાના વસ્ત્રો ઉતારી ગાયને ઢાંકી દીધી.

આ તરફ સિંહ ગાયને મારી નાખવા ઉછાળા મારી રહ્યો છે પણ તલવારના ભયે આગળ વધી શકતો નથી. ત્યારે ઝાડ પર બેઠેલો પોપટ બોલ્યો હે માલવેશ્વર! સ્વભાવે જ આજ કે કાલ મરી જનારી ગાય માટે તારા પ્રાણોને શા માટે અર્પણ કરી રહ્યો છે? તેનાં કરતા આ વડ ઉપર ચઢીજા.

રાજા કહે હે શુકરાજ! તમારે આ પ્રમાણે બોલવું ન જોઈએ. કારણ કે બીજાનાં પ્રાણો વડે પોતાનું રક્ષણ તો બધાં જ કરે છે. પણ પોતાના પ્રાણો વડે બીજાનાં પ્રાણોનું રક્ષણ કરનાર કોઈક જ હોય છે. સઘળાં ધર્મોમાં પ્રધાન એવા કરુણા–દયા ધર્મ સિવાય બધાં ગુણો નકામા છે. દયા જ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે.

સવાર પડતાં જ્યાં વિક્રમાદિત્ય રાજા જુએ તો ગાય–સિંહ કે પોપટ કોઈ નજરે ન પડે. તેટલામાં બે દેવો પ્રગટ થયા. ખરેખર હે રાજન્! તારા દયા અને કરુણા ભાવનાના જે વખાણ સાંભળેલા હતા તેવો જ તું છે માટે જે જોઈએ તે માંગી લે.

રાજાએ કોઈ ઈચ્છા પ્રગટ ન કરી ત્યારે દેવો એ તેને કામધેનુ ગાય આપી સ્વસ્થાને પ્રયાણ કર્યું. રસ્તામાં કોઈ બ્રાહ્મણ મળ્યો, કહ્યું કે આ બાળકની માતા મૃત્યુ પામી છે હવે આ બાળક દુધ વગર રહી શકતો નથી તો શું કરું? કરુણા હૃદયવાળા રાજાએ તે બ્રાહ્મણને કામધેનુ ગાય આપી વિદાય કર્યો.

હે શ્રાવકો તમે પણ આ રીતે **ભીનાશ કેળવો અંતરની** અને છ જીવ કરુણા નામક કર્તવ્યની યોગ્ય પરિપાલના કરો.

**પ્રશ્ન :–** અહીં ક્યાંક દયા અને ક્યાંક કરુણા શબ્દ આવે છે તેમ કેમ?

**સમાધાન :–** મૂળ શબ્દ તો छ जीव करुणा જ લખ્યો છે. પણ કરુણા એ દયાની જનની છે. જેમ માટી હોય તો તેમાંથી ઘડો થઈ શકે પણ તેના મૂળમાં તો માટી જ રહેલી છે. તે રીતે કરુણા હોય તો દયા જન્મવાની છે. કેમકે દયાનું મૂળ કરુણા ભાવ છે. परहित निरता भवन्तु भूतगणा : એ કરુણા ભાવના છે. તેમાંથી દયાનો આવિર્ભાવ થતો હોવાથી અહીં બંને શબ્દો પર્યાયની જેમ આવ્યા કરે છે. ભાવને જ પકડવા માટે બંને શબ્દો ને પર્યાયવત્ સમજી લેશો તો પણ શ્રાવકનું મૂળ કર્તવ્ય શું છે તે સ્પષ્ટ થઈ જશે.

જેમ તમે રોજ શાક સમારો છો પણ મનમાં એમ થાય કે અરેરે જીવ! મેરુ પર્વત જેટલો આહાર કર્યો તો પણ તારી ક્ષુધા પૂર્ણ ન થઇ, અને આ વનસ્પતિ જીવોની વિરાધના ચાલુ છે. તો હવે તું ક્યાં સુધી હિંસા કરીશ? એમ ચિંતવતા મનમાં કરુણા ઉત્પન્ન થાય કે અરેરે કરવું પડે છે મારે, પણ કરવું ન જોઇએ. તો સમજવું કે કરુણા ભાવનાનો તમારામાં આવિર્ભાવ થયો.

આ વાતનો ઉપદેશ કુમારપાળ રાજાને આપતાં કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યજી મહારાજા જણાવે છે કે અન્ય દર્શનો પણ દયાપાલન માટે ઉપદેશ આપે છે.

पृथिव्यामप्यहं पार्थ वायावग्नौ जलेप्यहम्
वनस्पति गतश्चाहं सर्वभूत गतोप्यहम्
यो मां सर्वग तं ज्ञात्वा न च हिंसेत्कदाचन
तस्याहं न प्रणश्यामि यस्य मां न प्रणश्यति

હે અર્જુન હું પૃથ્વીમાં–વાયુમાં–અગ્નિમાં–જલમાં–વનસ્પતિમાં અને સર્વ ભૂતોમાં રહેલો છું. તેથી મને જે સર્વ વ્યાપક જાણી હિંસા કરશે નહીં તેનો વિનાશ હું પણ કરીશ નહીં અર્થાત્ જે મને હણશે નહીં તેને હું પણ હણીશ નહીં.

શ્રી વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે હે રાજન્ જે પુરુષ પરસ્ત્રી, પરધન અને જીવ હિંસામાં બુદ્ધિ કરશે નહીં તેના ઉપર વિષ્ણુ ભગવાન સંતુષ્ટ થશે.

આવા વિવિધ વાક્યોથી કુમારપાળને દયા અને અહિંસાનો ઉપદેશ આપી દયાપાલક બનાવ્યો.

શ્રાવકોએ પણ તેનો સમગ્ર જીવન વ્યવહાર શક્ય તેટલો નિષ્પાપ બનાવવો તે માટે ચૌદ નિયમ ધારણા સાથે છ કાયની ધારણા કરીને ભોગોપભોગનું પરિમાણ નક્કી કરવું. જેમકે અપકાયમાં હું ૧૦ કે ૨૦ ડોલ કરતાં વધારે પાણીનો ઉપભોગ કરીશ નહીં. ૧૫ કે ૨૦થી વધારે દીવાચુલા વગેરે અગ્નિકાયનો ઉપભોગ કરીશ નહીં, વાયુકાયમાં પાંચથી વધુ પંખા–હીંચકા કે એરકન્ડીશનરનો ઉપભોગ કરીશ નહીં, આવી ધારણાઓ વડે પ્રથમ તો હિંસા ઘટશે અને વાપરતી વેળા પણ મનમાં એક પ્રકારની કરુણા રહેશે કે હું કઇ રીતે વધુને વધુ જીવોની વિરાધનાથી બચી શકું?

**મર કહેતા પણ દુઃખ હોવે મારે કીમ નવી હોય**
**હિંસા ભગીની અતિ બુરી રે વૈશ્વાનરની જોય રે પ્રાણી**

કોઈને "તું મર" એટલું વાક્ય કહીએ તો પણ તેને દુઃખ થાય છે તો તે જીવને મારવાથી દુઃખ થાય કે નહીં ? માટે હે ભવ્ય જીવો શાંતિનાથ તથા મુનિ સુવ્રત સ્વામીજીને નમસ્કાર કરી તેમના જીવનનું સ્મરણ કરી કરુણા ભાવમાં પ્રવર્તનારા બનવાનું ધ્યેય કેળવો.

શાંતિનાથ પરમાત્મા પૂર્વે મહાવિદેહમાં રત્ન સંચયા નગરીમાં રાજા હતા તે વખતે ભયથી ફફડતું પારેવું તેના શરણમાં આવ્યું. તેની પાછળ તરત જ સિંચાણો–બાજપક્ષી આવ્યો. તેણે કહ્યું હે રાજન્ આ પારેવું મારો શિકાર છે. મને ખૂબ જ ક્ષુધા લાગી છે. માટે આ પક્ષી મને આપી દે.

રાજા કહે તેના બદલામાં તને ઉત્તમ અન્ન આપું. બાજપક્ષી બોલ્યો મારો ખોરાક માંસ છે માટે મને અન્ન નહીં માંસ જ આપ.

મારા શરીરમાંથી તને માંસ આપું.

રાજા, ખરેખર તને આ પારેવાની આટલી બધી કરુણા હોય તો તેના વજન જેટલું જ માંસ મને આપ.

રાજાએ ત્રાજવું મંગાવ્યું. એક તરફ પારેવું રાખી, બીજી તરફ પોતાની જાંઘમાંથી કાપીને માંસનો પીંડ મુક્યો. પણ ત્રાજવું નમતું નથી એમ કરતા રાજા પોતે જ આખો ત્રાજવા પર બેસી ગયો.

રાજાની આવી અનન્ય કરુણા–દયા ભાવના વડે પ્રસન્ન થઈ દેવ પ્રત્યક્ષ થયા. હે રાજન્ ! અમે દેવસભામાં તમારી પ્રશંસા સાંભળીને તમારી પરીક્ષા કરવા આવ્યા હતા. ખરેખર તમે તેવા જ કરુણાવંત છે.

શ્રાવકોને પણ આ કારુણ્ય મૂર્તિ રાજાનું કથાનક એકજ સંદેશો આપે છે. **ભીનાશ કેળવો અંતરની.**

મુનિ સુવ્રત સ્વામી પણ એક અશ્વ કે જે યજ્ઞમાં હોમાવાનો હતો તેના પરની કરુણાને લઈને એકજ રાત્રિમાં ૬૦ યોજનનો વિહાર કરી તેને પ્રતિબોધ કરવા આવ્યા અને ધર્મદેશના થકી તેને પ્રતિબોધ કર્યો. રાજા પણ પ્રતિબોધ પામ્યો, યજ્ઞ બંધ કર્યો અને અશ્વએ અનશન સ્વીકાર્યું તો સહસ્રાર દેવલોકે દેવતા થયો. ત્યાં તે દેવે એક જિન

પ્રાસાદ રચાવી મુનિ સુવ્રત સ્વામીજીની પ્રતિમા પધરાવીને અશ્વાવબોધ તીર્થની સ્થાપના કરી.

મેઘકુમારનો જીવ પૂર્વ ભવમાં હાથી હતો. તેણે જોજન પ્રમાણ માંડલુ વર્ષની આદિમાં કર્યું હતું. અંત સુધીમાં જે કંઈ આડ બીડ થયા તે બધાને ઉખેડી નાખતો. આ વનસ્પતિકાયની વિરાધના કેટલાંએ મહિના સુધી ચાલી ત્યાં સ્પષ્ટ વનસ્પતિ કાયની વિરાધના હોવા છતાં તેને આધારે અન્ય ત્રસ જીવોની વિરાધના બચી કે નહીં ?

આટલી સતત વિરાધના છતાં માત્ર એક જ સસલાની દયા કેટલી ઉપકારી બની. વિરાધના તો સંપૂર્ણતયા પોતાના જીવને બચાવવા માટે હતી પણ સસલાને બચાવવા અઢી દિવસ પગ ઉંચો રાખ્યો તે માન કોને ?

કરુણા બુદ્ધિને. આ કરુણા બુદ્ધિનું જોર કેટલું હશે કે મેઘકુમારે આંખ સિવાય સમગ્ર શરીરની શુશ્રુષા છોડી દીધી. છ જીવ કરુણાના કર્તવ્યની ચરમસિમા પહોંચવા માટેની તેને સીડી પકડી લીધી.

તમે પણ એક વખત **"ભીનાશ કેળવો અંતરની"** પછી જુઓ કરુણા સાગર અને કરુણા ભાવનાની ચરમસિમાએ બેઠેલા સવિ જીવ કરુ શાસન રસીની ભાવના ભર્યા પરમાત્માને પામવા માટેની કેડી કેવી સુંદર કંડારાઈ જાય છે.

□

# (૧૦૩) ધર્મીજન સંસર્ગ

## —મિત્ર કોને બનાવશો?

सुधि र्धमिष्ठ संसर्गं धर्मार्थी विदधी तपः
सम वेद्र धर्म लाभाय श्री मदार्द्रकुमारवत्

ધર્મનો અર્થી એવો બુદ્ધિશાળી આત્મા ધર્મીષ્ઠ માણસોનો સંસર્ગ કરે છે. તે આર્દ્રકુમારની માફક ધર્મનો અર્થી થાય છે. [ધર્મના લાભને સારી રીતે જાણે છે.]

ધમ્મિય जण संसग्गो મન્નહ જિણાણં'માં બતાવેલા શ્રાવકના ૩૬માં કર્તવ્યમાંનું ૩૧મું કર્તવ્ય છે. ધર્મને ઈચ્છનારા પુરુષોએ સદા **ધર્મીજનનો સંસર્ગ** રાખવો.

ધર્મીજન કોને કહેવો? ઉપદેશ કલ્પવલ્લીકાર જણાવે છે કે શ્રી જિનેશ્વર દેવોએ કહેલો ધર્મ જાણતા હોય—શુદ્ધ ધર્મનો ઉપદેશ કરતા હોય, પરોપકાર કરવામાં તત્પર હોય અને ધર્મક્રિયામાં રત હોય તેવા જન તે ધર્મીજન જાણવા.

શ્રાવકોએ આવા પ્રકારના ધર્મીજનનો નિરંતર સંગ કરવો જોઈએ. તેમની સંગતિને લીધે ધર્મરંગ પ્રાપ્ત થવો દુર્લભ નથી. કેમકે કહેવત છે "સંગ તેવો રંગ" જેમ મેઘનું જળ શેરડીના સંસર્ગ વડે કેવું મધુર બને પણ તે જ જળ સાગરમાં પડતા ખારાશ પામે છે ને? માટે હંમેશાં ધર્મીજનોનો સંસર્ગ કરવો.

આ પરિશીલનનું શીર્ષક સરળ ભાષામાં સમજવા માટે રાખ્યું **"મિત્ર કોને બનાવશો?"**—તેનો આ જ ઉત્તર છે કે જે નિજ આત્મગુણ પ્રગટ કરવામાં મદદરૂપ બને તેને—તેવા ધર્મીજનને.

ધર્મી કોણ?—શાસ્ત્રકાર મહારાજા ત્રણ ભેદ જણાવે. ૧ થી ૪ ગુણ ઠાણે હોય તે અધર્મી, પાંચમે ગુણઠાણે હોય તે ધર્માધર્મી, ૬-૭ ગુણઠાણું જે પ્રમત—અપ્રમત સંયમનું છે ત્યાં રહેલો ધર્મી કહેવાય.

સંસર્ગનો વ્યવહારુ અર્થ કરતા કહ્યું કે એક વણિક બાળકને ચાર વર્ષ વાઘરીને ત્યાં રાખો તો ગાળાગાળીની ટેવ શીખી જશે. જો

અન્ય જાતિનો નોકર પણ જૈનના ઘરોમાં હશે તો આ ન ખવાયને તે ન ખવાયની વાતો શીખવા લાગશે. અરે મુસ્લિમ છોકરી પણ જૈનને ત્યાં કામ કરતી હોય તો "આ કાચું પાણી કહેવાય" વગેરે શીખી જાય છે. એટલે જ અમે શીર્ષક રાખ્યો કે **મિત્ર કોને બનાવશો.**

જગતમાં લાખો નિશાળો ચાલે છે. કરોડો શિક્ષકો અને પુસ્તકો છે. કોઈ અનીતિ કે ગાળો બોલતા શીખવે છે ખરા? શિક્ષણમાં તો સંસ્કારનું સિંચન જ હોયને? છતાં ગાળ કે અનીતિ ક્યાંથી શીખ્યા? સંસર્ગમાંથી જ ને?

પહેલા પ્રતિક્રમણ ભણાવનારા શોધવા પડતા હતા. આજે પાઠ-શાળાઓ એટલી ખુલી ગઈ કે તાળી પાડતા સો જણા પ્રતિક્રમણ કરાવનારા હાજર થઈ જાય. પણ વર્તનમાં મીંડા કેમ?

જે શિક્ષક પાસે શિક્ષણ લીધું તેની પાસે વર્તન પણ શીખીને આવ્યા. પ્રતિક્રમણ શીખવતો માસ્તર જ પ્રતિક્રમણ ન હતો કરતો.

કુર્માપુત્ર કેવલી ગૃહવાસમાં રહેલા છે. તે માતા પિતાને પ્રતિબોધ કરવા માટે જ ગૃહસ્થાવાસમાં રહ્યા છે.—ચારણ મુનિએ જ્યારે પ્રભુને પૂછ્યું કે હે ભગવન્ અમને કેવળજ્ઞાન ક્યાં થશે? ત્યારે શ્રી જિનેશ્વર પરમાત્માએ ફરમાવ્યું કે તમને કુર્માપુત્રની સમીપે કેવળજ્ઞાન થશે.

એ સાંભળી ચારે વિદ્યાધર મુનિ કુર્માપુત્રની સમીપે આવી મૌન-પણે રહ્યા. ત્યારે કુર્માપુત્ર કેવળીએ કહ્યું, તમે ભગવાનના વચનથી અહીં આવેલા છો પણ પહેલાં તમે તમારા પૂર્વભવનું સ્વરૂપ સાંભળો.

ચારે મુનિરાજને પૂર્વભવનું સ્વરૂપ સાંભળતા જાતિ સ્મરણ જ્ઞાન થયું. તત્કાલ તેઓ ક્ષપક શ્રેણીએ આરૂઢ થયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી તેઓ પરમાત્મા પાસે આવ્યા ત્યારે કેવળી હોવાથી વંદન કર્યા વિના બેઠા. એટલે ઈન્દ્રએ પૂછ્યું ભગવન્! આ મુનિએ આપને વંદન કેમ ન કર્યું?

હે ઈન્દ્ર! તેઓ કુર્માપુત્રના મુખેથી પૂર્વભવનું સ્વાનુભૂત સ્વરૂપ સાંભળી કેવળી થયા છે.

હે ભગવન્! તે કુર્માપુત્ર ક્યારે દીક્ષા લેશે?

આજથી સાતમે દિવસે તેઓ દ્રવ્ય ચારિત્ર ગ્રહણ કરશે–બરાબર સાતમે દિવસે માતાપિતાને પ્રતિબોધ પમાડી સ્વયં લોચ કરી મુનિવેશ સ્વીકાર્યો. દેવતાએ રચેલ સુવર્ણ કમળ પર બેસી ધર્મદેશના આપી.

એ રીતે ધર્મીજન એવા કેવળી પરમાત્માનો સંસર્ગ કેવળજ્ઞાન તથા દર્શન–જ્ઞાન–ચારિત્ર બોધિનો લાભ અપાવનાર બન્યો. માટે શ્રાવકોને કહીએ છીએ **મિત્ર કોને બનાવશો?** ધર્મીજનને.

આ પ્રસંગ પછી જામનગરમાં એક શ્રાવકે પૂછ્યું. સાહેબ, ધર્મીજન અત્યારે કોને ગણવા?

ધર્મસિદ્ધ કોને કહેવા તેના પાંચ લક્ષણો શ્રીમદ્ હરિભદ્રસૂરિજી મહારાજાએ જણાવ્યા છે —

औदार्य दाक्षिण्य पाप जुगुप्साथ निर्मलो बोध
लिङ्गानि धर्म सिद्धे प्रायेण जनप्रियत्वंच

**(૧) ઔદાર્ય :**– દાનભાવના. જે મનુષ્યમાં સહજ સ્વભાવિકપણે દાનનો ભાવ રહેલો હોય તેને ઔદાર્યગુણ કહેવાય. દાન કોડીનું કરો કે ખાંડીનું, પરંતુ મહત્ત્વની વાત એ છે કે દાન દેવાની ભાવનાનો ગુણ સહજપણે વિકસેલો હોવો જોઈએ.

**(૨) દાક્ષિણ્યતા :**– કોઈપણ કાર્યમાં મદદરૂપ થવું તે દાક્ષિણ્યતાનો ગુણ કહેવાય. તે માનવમાં સ્વાભાવિક જ કંઈક કરી છુટવાની અને આગળ વધીને દઉં એતો કોઈને કોઈપણ કામમાં ના ન પાડી શકવાનો ગુણ હોવો જોઈએ. અલબત તેનો અર્થ એવો ન થાય કે તમે પરણી બેસો, પછી કોઈ પૂછે કે "કેમ ભાઈ લગ્ન કર્યા," તો કહે શું કરું આપણે પહેલેથી જ મોઢાના મોળા રહ્યા. તે ના ન પાડી શક્યોને લગ્ન થઈ ગયા.

**(૩) પાપ જુગુપ્સા :**– તેનામાં પાપ પ્રત્યે જુગુપ્સા રહેલી હોય. પાપ શબ્દથી પણ દૂર રહે. અરેરે મારાથી આવું કાર્ય થાય કદી? સતત હૃદયમાં ડંખ હોય, પાપ ભીરુતા હોય. કરે તો પણ હાથ કંપે, મનમાં ખચકાટ થાય તેવો મનુષ્ય પાપ જુગુપ્સાના લક્ષણ વાળો કહેવાય.

**(૪) નિર્મલ બોધ :**– પાપ પુન્યના ભેદ જાણે. હેય–ઉપાદેયને જાણે, અને તે રીતે સમ્યક્ કે અસમ્યક્ પ્રવૃત્તિને સમજે તથા જાણે. તેને નિર્મળ બોધરૂપ લક્ષણ કહ્યું.

ધર્મસિદ્ધના આ ચાર લક્ષણ જણાવી પાંચમું લક્ષણ કહ્યું प्रायेण जनप्रियत्वं, તે વ્યક્તિમાં ઉદારતા હોય, દાક્ષિણ્યતા હોય, પાપ જુગુપ્સા હોય અને નિર્મલ બોધ હોય, પણ जन प्रियत्वं–લોકપ્રિયતા પ્રાયઃ

હોય અથવા ન પણ હોય, કેમકે સામાન્ય રીતે આવો મનુષ્ય લોકપ્રિય હોય છે. છતાં વર્તમાનકાળે કોઈ તેને વેદીયો કે મુર્ખો પણ કહે તો લોકપ્રિયતાનું લક્ષણ તેનામાં ન પણ હોય.

ધર્મીજન માત્ર ક્રિયાકાંડી ન હોય. તેનામાં આ ચાર લક્ષણો રહેલા હોય. નિર્મલ બોધ હોવાથી સમ્યક્ જ્ઞાન અને પાપ જુગુપ્સાથી સમ્યક્ આચરણ કે ક્રિયા આવવાના છે. પણ ક્રિયાથી કંઇ સમ્યક્ બોધ કે પાપ ભિરૂતા હોય જ તેવું સિદ્ધ ન થાય.

ધર્મીજનનો અર્થ જાણ્યા પછી બીજો શબ્દ છે સંસર્ગ સંસર્ગ એટલે સહવાસ.

यदि सत्सङ्ग निरतो भविष्यसि भविष्यसि
अथाऽसज्जन गोष्ठीषु पतिष्यसि पतिष्यसि

જો તું સત્સંગમાં આસક્ત થઈશ તો સુખી થઈશ. સુખી થઈશ. અસજ્જનની સંગતિમાં પડીશ તો દુઃખી થઈશ દુઃખી થઈશ.

સંગ તો સર્વથા ત્યાજ્ય છે. છતાં તે સહજ શકય નથી. માટે સત્સંગ કરવો તેમ કહ્યું. કેમકે સંત પુરુષો સંગતિનું ઔષધ છે. જેમ પારસમણીનું માહાત્મ્ય જુઓ. તેનો સંગ કરવાથી લોઢું પણ સોનું બની જાય છે અને સોનાના સંગે રહેલો કાચ પણ મણીની ગણત્રીમાં આવે છે. અશોક વૃક્ષનો સંગ કરો તો શોક નાશ પામે છે. જ્ઞાનની સંગતિ સર્વ કર્મનો નાશ કરે છે. માટે સંસર્ગ—સારાનો સંગ કે સહવાસ કરવા કહ્યું.

શ્રાદ્ધ ગુણ વિવરણમાં પોપટનું ઉદાહરણ આપ્યું. એક જ પોપટ યુગલના બે સંતાન પોપટ હતા. એક પોપટને ભિલ્લપતિ લઈ ગયો. બીજાને મુનિનો સંગ મળ્યો. મુનિના સંગે રહેલો પોપટ નિરંતર ધર્મ શ્રવણ કરતો તેથી તેની વાણી અતિ કોમળ, પ્રિય, હિતકારી બની જ્યારે ભિલ્લ પતિના સંગે રહેલો પોપટ હિંસા—અપશબ્દોની ભાષા જ સાંભળતો હતો તેથી તેની વાણી ગંદી-કર્કસ કલેશયુકત બની.

આ બંનેમાં જન્મદાતાનો દોષ શો? દોષ હોય તો સંગતિનો કે જેણે પોપટને કલહકારી બનાવ્યો. ગુણ હોય તો પણ સંગતિનો જેણે પોપટને મિષ્ટભાષી બનાવ્યો.

માટે **મિત્ર કોને બનાવશો?** ધર્મીજનને

ધર્મી એટલે ધર્મપરાયણ—કે ધર્મ નિષ્ઠ. તેનો સંસર્ગ સહવાસ સંગ—સોબત કે પરિચય વિશેષ.

વ્યવહારમાં પણ કહેવાય છે, આહાર તેવો ઓડકાર. સોબત તેવી અસર. સંગ તેવો રંગ. કાળીયા ભેગો ધોળીયો વાન ન આવે પણ સાન તો આવે જ.

આ જીવનો રખડવા ભટકવાનો સ્વભાવ થઈ ગયો છે. રખડતા ભટકતાં અનંતી વખત તેને સમકિતી—દેશવિરતિ સર્વવિરતિવાળાનો સંસર્ગ થયો. ત્યારે કાં તો સંસર્ગ છોડયો ને કાં દેશવિરતિ સર્વ-વિરતિની કરણી છોડી. જીવને ધર્મની કરણી પ્રાપ્ત થવી મુશ્કેલ નથી. પણ ધર્મીજનના સંસર્ગ સાથે દુનિયાનો પણ સંસર્ગ પકડી રાખ્યો, પરિણામે મન વિષયો તરફ દોરાઈ ગયું. એટલે અહીં શ્રાવક માટે ભારપૂર્વક લખ્યું કે ધર્મીજનનો સંસર્ગના કરવો.

ધર્મીજનના સંસર્ગના અભાવે નંદ મણિકાર દેડકો થયો અને આર્દ્રકુમાર અનાર્ય ભૂમિમાં જન્મવા છતાં અભયકુમારની સંગતિથી ચારિત્ર પામીને આત્મ કલ્યાણ સાધવાવાળો થયો.

મગધના રાજા શ્રેણિકે પૂર્વજની પ્રીતિ વધારવા પોતાના મંત્રી સાથે આર્દ્રક રાજાને કેટલીક ભેટ મોકલી. તેથી આર્દ્રદેશના રાજાએ પણ પરસ્પર કુશળ વાર્તા પૂછી. રાજકુમાર એવા આર્દ્રકુમારે પૂછયું તમારા રાજાના કુમારનું નામ શું છે ?

મંત્રી કહે રાજકુમારનું નામ અભયકુમાર છે. તે મહા ધર્મજ્ઞ છે. મંત્રીના વચનથી આર્દ્રકુમારે અભયકુમારને મોતી વગેરે ભેટ મોકલ્યા મંત્રીએ રાજગૃહી આવીને તે ભેટ અભયકુમારને આપી કહ્યું, ' આર્દ્ર કુમાર તમારી મૈત્રીની ઈચ્છા ધરાવે છે. "

આ વાર્તા સાંભળી અભયકુમારના મનમાં વિચાર આવ્યો કે નક્કી કોઈ ભવ્ય જીવ વ્રતની વિરાધનાથી અનાર્ય દેશમાં જન્મ પામ્યો લાગે છે. કારણ કે કોઈ અભવી જીવ કે દુર્ભવી જીવ મારી મૈત્રીની અપેક્ષા કદી રાખે જ નહીં.

પ્રાયઃ સમાન ધર્મીજનોને જ પરસ્પર પ્રીતિ રહે છે. હું પણ તેને મારા સંસર્ગથી ધર્મ પામે તેવી કોઈ ભેટ મોકલું. એમ વિચારી અભયકુમારે તેને આર્હતબિંબ મોકલ્યું. જેથી પ્રતિમાજીનું દર્શના આર્દ્ર-કુમારને પ્રતિબોધ પમાડનારૂં બને.

એક સુંદર મજાની પેટી બનાવી તેમાં રત્નમય આર્હત પ્રતિ-માને વ્યવસ્થિત ગોઠવીને તે ભેટ મંત્રી સાથે આર્દ્રકુમારને મોકલી. તે પેટીને આર્દ્રકુમારે એકાંતમાં જઇ ઉઘાડી.

રત્નમયી આર્હત્ પ્રતિમાજી જોઇને તે વિચારે કે આ તે આભૂષણ હશે કે શું? કંઠે મસ્તકે હૃદયે ક્યાં પહેરાતું હશે? તે વિચાર્યા કરે છે. એક એક જગ્યાએ પ્રતિમાજી રાખી જોઈ પણ મેળ બેસતો નથી. છતાં આ ક્યાંક જોયું છે, જોયું છે એમ થયા કરે.

ઉહાપોહ કરતાં આર્દ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ત્યારે જાણ્યું કે અરે પૂર્વે ત્રીજા ભવે મેં પ્રિયા સહિત દીક્ષા લીધેલી. પરંતુ મારી સ્ત્રી અતિ સ્વરૂપવતી હતી. તેના અનુરાગથી તેનો અભિલાષી થયો. તેથી ચારિત્રની પરીણામી એવી તેણે અનશન લઈ મૃત્યુ સ્વીકાર્યું પણ વ્રત ભંગનો સ્વીકાર ન કર્યો. હું પણ દુઃખથી મૃત્યુ પામ્યો અને સ્વર્ગે ગયો વ્રત વિરાધના ભાવથી અનાર્યકુળમાં જન્મ્યો છું.

ધન્ય છે ધર્મીજન એવા અભયકુમારને કે જેની મૈત્રી મને પ્રતિબોધ પમાડનારી બની.

**મિત્ર કોને બનાવશો?** પ્રશ્નનો સચોટ જવાબ આ કથાનકમાંથી મળે છે. મિત્ર હોય તો અભયકુમાર જેવા કે જેણે અનાર્યને આર્ય બનાવ્યો.

અભયકુમારના દર્શનની અભિલાષા અને ઉત્સુકતાથી તે આર્યદેશમાં આવ્યો. આર્દ્રકુમારે આર્હત્બિંબ પણ અભયકુમારને મોકલી આપ્યું. દેવતાએ અટકાવવાં છતાં સાહસ કરી વ્રત ગ્રહણ કર્યું. દીક્ષા લીધી. પ્રત્યેક બુદ્ધ થયા.

કેટલાંક વર્ષો બાદ ચારિત્રમાં સ્થિર થયેલા આર્દ્રકુમારને તેના રાજ્યમાંથી પિતા રાજાએ મોકલેલા સુભટો શોધવા આવ્યા. ત્યારે તેમને પણ પ્રતિબોધ પમાડી દીક્ષા આપી.

વીરપ્રભુના વંદનાર્થે નીકળેલા તે મુનિ સાર્થને રસ્તામાં હસ્તિ તાપસનો આશ્રમ આવ્યો. તે તાપસો હાથીને મારીને ખાતા હતા. તેમને પણ પ્રતિબોધ પમાડી જૈન સિદ્ધાંત સમજાવી દીક્ષા આપી. ત્યાંથી સર્વ પરિવાર સહિત વીરપ્રભુ પાસે આવ્યા. પછી વચગાળાના ભોગાવલી કર્મના ઉદયાદિક સર્વ પાપની આલોચના પ્રતિક્રમણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

એક અભયકુમાર જેવા ધર્મીજનનો સંસર્ગ તેને મોક્ષ અપાવનાર બન્યો. અનેક આત્માને પ્રતિબોધ પમાડી ચારિત્ર માર્ગે વાળ્યા માટે ફરી સ્મરણ કરો. **મિત્ર કોને બનાવશો?** અભયકુમાર જેવા ધર્મીજનને, જે તમને મોક્ષપથના પથિક બનાવે.

વ્યસનોને સેવનારા—ધર્મનો લોપ કરવામાં તત્પર અને પ્રમાદી એવા અધર્મીજનોનો સંસર્ગ ત્યાગી દેવો. કેમકે તેમની સંગતિથી અંતઃકરણમાં રહેલા ધર્મનો નાશ થાય છે.

તેથી શ્રાવકોએ શ્રી જિનાજ્ઞારૂપી લતાને વિકસ્વર કરવામાં મદદરૂપ વર્ષાઋતુના મેઘ સમાન એવા મુનિરાજ કે ધર્મીજનોનો જ સંસર્ગ કરવો. કેમકે સુવર્ણ મિશ્રિત જળ વડે સ્નાન કરવાથી અપવિત્ર મનુષ્ય પણ પવિત્ર થાય છે તો ધાર્મિક ગુણની ઈચ્છા રાખનાર મનુષ્યોને ધર્મીજનનો સંસર્ગ પવિત્રતા આપનારો કેમ ન થાય ?

બુદ્ધિમાન શ્રાવકોએ આર્દ્રકુમારાદિની માફક હંમેશાં ધર્મીજનનો સંસર્ગ કરવો જેથી ધર્મ અને અનુક્રમે કેવળજ્ઞાન તથા મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય.

પ્રદેશી રાજા પણ અતિ નાસ્તિક હતો. ભોગ વિલાસમાં ડુબેલો હતો. પુણ્ય પાપમાં નિરપેક્ષ હતો. છતાં ચિત્રસારથી નામના મંત્રીની સત્સંગતિથી તેને ધર્મ મળ્યો. પરમ આસ્તિક બનેલો તે રાજા નર્કગામી ન થતા સ્વર્ગે સંચર્યો.

**રાય પ્રદેશી રાજ્યમાં ખુંચ્યો ગુરુ સંગત જુઓ સાર**
**પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ**
**ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી પામશે મોક્ષ દ્વાર**
**પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ**

સત્સંગનો મહિમા વર્ણવતી આ સજ્ઝાયમાં પણ જણાવે છે કે રાજ્યમાં ખુંચેલો એવો રાજા પ્રદેશી ગુરુ કેશી ગણધરના સત્સંગથી જુઓ કેવો સાર પામ્યો કે તે મોક્ષનું દ્વાર પામશે એટલું જ નહીં આવા રાજાના નામ—આગમને પાને અંકિત થયા તેનું મૂળ શું ? સત્સંગ

**સત્સંગનો રસ ચાખ પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ**
**પ્રથમ લાગે તને કડવોને તીખો પછી આંબા કેરી ડાળ**
**પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ**

પ્રદેશી રાજાને ચિત્ર સારથી, યુક્તિ પૂર્વક ગુરુ મહારાજ પાસે લઈ જાય છે. ચિત્રસારથી ના મનમાં એ જ ભાવ છે કે હું તેનો મંત્રી અને જો મારા સંગ છતાં રાજા નરકે જાય તો મને ધિક્કાર છે.

અશ્વક્રિડાના બહાને તે કેશી ગણધર પાસે લાવ્યો. શ્રમથી થાકેલો રાજા જુએ છે કે ઘણાં લોકો કેશી ગણધરની વાણી સાંભળવા જઈ

રહ્યા છે. ત્યારે મંત્રીને રાજા પૂછે છે કે આ મુંડો, જડ અને અજ્ઞાની લોકોને શું સમજાવે છે?

થાકેલા રાજાને આરામના બહાને મંત્રી ત્યાં લઈ ગયા અને કહ્યું તમે જ સાંભળો. હું તો કંઈ જાણતો નથી કે તેઓ શું સમજાવે છે.

રાજાએ કેશી ગણધરની વાણી સાંભળી પછી જીવનું સ્વરૂપ પૂછ્યું. આચાર્ય મહારાજે તેને જીવનું સ્વરૂપ સમજાવતા કહ્યું કે "ચેતના લક્ષણ તે જીવ." બંને વચ્ચે લાંબો વાદ ચાલ્યો. પ્રદેશી રાજા કહે કે એક ચોરને મેં લોઢાની કોઠીમાં પૂર્યો. કોઠી બંધ કરી. અમુક સમયે બારણું ઉઘાડ્યું તો ચોર મરી ગયેલો. કોઠીમાં કોઈ છિદ્ર પહેલાં ન હતું પછી પણ ન થયું. વળી ચોરના મૃતકમાં અનેક જીવડાં પડી ગયા હતાં. જો જીવ હોય તો કોઠીમાં છિદ્ર કેમ ન થયું અને નવા જીવડાં અંદર ક્યાંથી આવી ગયા. માટે જીવ છે કે કેમ?

કેશી મહારાજાએ તેને સમજાવ્યું. સાંભળ રાજન્! કોઈ પુરુષને તું ગર્ભાગારમાં રાખી સર્વ દ્વારો બંધ કરાવી દે પછી તે પુરુષ અંદર બેઠો બેઠો શંખ ફુંકે અથવા ભેરી વગાડે તો શંખનો અવાજ કે ભેરીના શબ્દો બહાર સંભળાય કે ન સંભળાય?

રાજા કહે બરાબર સંભળાય છે.

તો શું ગર્ભાગારમાં કોઈ છિદ્ર પડી જાય છે ખરું? ના નથી પડતું

જો રૂપી શબ્દો પણ છિદ્ર પાડવા માટે સમર્થ ન હોય તો અરૂપી જીવ બહાર નીકળે ત્યારે ક્યાંથી છિદ્રો પાડવાના હતાં.

પ્રદેશી રાજાએ બીજો પ્રશ્ન કર્યો કે તમારી વાત માની લઉં કે જીવ ખરેખર છે. પણ મારા બાપદાદા અત્યંત પાપી હતા. તમારા મતે તો તે નરકે જવા જોઈએ. ત્યાંથી મને કહેવા કેમ ન આવ્યા કે પાપ કરતો નહીં. અન્યથા નરકે જઈશ.

કેશી મુનિ કહે તારી વાત સત્ય છે. પણ તું પહેલા એ કહે કે તારી રાણી સાથે પરપુરુષ વિષય સેવન કરતો હોય તે તું નજરો-નજર જો તો તું શું કરે?

ટુકડા કરી નાખું મહારાજ! મારી રાણીના. એક ક્ષણ માટે તેને કુટુમ્બમાં પણ મળવા જવા ન દઉં.

બસ આજ વાત છે રાજન્! નારકીઓ ત્યાં કર્મથી બંધાયેલ છે. તું તારા બાપદાદાને પ્રિય હતો તે વાત સાચી પણ તેઓ નરકમાંથી અહીં આવી શકતા નથી.

રાજાએ પુનર્પ્રશ્ન કર્યો કે મારી માતા તો ઘણાં ધર્મીષ્ઠ હતા. તમારા મતે તો તે સ્વર્ગે જવા જોઈએ ને ? તેણે પણ આવીને ન કહ્યું કે બેટા પુણ્ય કરજે–ધર્મ કરજે તો તને સ્વર્ગ મળશે. સ્વર્ગમાં તો જીવ બંધાયેલા નથી તો પછી મારા માતાજી કેમ નથી આવતા ?

રાજન્ ! તેનો ઉત્તર પણ સાંભળ. તેં ભવ્ય વસ્ત્ર પહેર્યા હોય. અત્તરનું વિલેપન કર્યું હોય, ફૂલની શય્યામાં તમારી સ્ત્રી સાથે ક્રિડા કરવામાં મસ્ત હો તે વખતે કોઈ ચાંડાલ યાદ કરે તો તેમની અપવિત્ર ભૂમિમાં તમે મળવા જાઓ ખરા ?

ન જ જાઉં ને

બસ એ જ રીતે દેવો પણ ભોગોને છોડીને દુર્ગન્ધથી ભરેલા આ મૃત્યુ લોકમાં આવે નહીં.

આ રીતે ગુરુ કેશી ગણધર મહારાજાના ઉપદેશ અને સત્સંગ વડે પ્રદેશી રાજા સમક્તિ પામ્યો અને શ્રી રાયપસેણી સૂત્રમાં જણાવ્યા મુજબ સમક્તિ મૂલ બાર વ્રતો અંગીકાર કર્યા. તેમજ ભોગાસક્તિ નિવારી વિષયના રાગથી નિવૃત્ત થયો હતો.

સૂર્યકાન્તા રાણીને થયું ! મારે આ રાજા હવે શા કામનો ? તેથી તે પરપુરુષ સાથે ભોગોમાં લીન બની અને રાજાએ ઝેર આપ્યું.

રાજાને રાણીએ ઝેર આપ્યું છે તે વાત ખબર પડી ગઈ છતાં સત્સંગથી જિનધર્મના રંગે દૃઢ રીતે રંગાયેલા રાજા ક્ષમા ગુણને ધારણ કરી. ક્રોધનું નિવારણ કરી અવ્યાકુળ ચિત્તે પૌષધશાળામાં આવ્યો. પૌષધશાળામાં દર્ભનો સંથારો કર્યો. ઈશાનખૂણા સન્મુખ બેસી ધર્માચાર્ય કેશી મહારાજાને નમસ્કાર કર્યા. લીધેલા વ્રતમાં લાગેલા અતીચારની સમ્યક્ પ્રકારે આલોચના કરી. પ્રતિક્રમણ કરીને કાળ કર્યો. ત્યાંથી સૂર્યાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમવાળો દેવ થયો ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મોક્ષે જશે.

ધર્મીજન એવા મંત્રીનો સંસર્ગ, રાજાને ગુરુ મહારાજનો મેળાપ કરાવનારો બન્યો અને ધર્માત્મા ગુરુનો સંસર્ગ સ્વર્ગને મોક્ષ અપાવનાર થયો માટે ધર્મીજનનો સંગ કરવો.

બોલો **મિત્ર કોને બનાવશો ?** આવા ધર્મીજનને જેનો સંસર્ગ આમોક્ષ કરાવનારો બને.

માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં પણ ૧૪મો ગુણ સદાચારીનો સંગ કરવાનું જણાવ્યું છે. આ લોક પરલોકમાં હિતકારી, સુંદર આચાર સેવનારા એવા સદાચારી પુરુષની સંગતિ કરવી જેથી દુરાચારથી બચી સદાચારનો તમારામાં આવિર્ભાવ થાય. જો સત્ સંગતિમાં રહેશો તો સારા ગુણો તમારામાં આવિષ્કૃત થશે અને અસંગતિમાં રહેશો તો પતનની ખાઈ તરફ ગતિ કરનારા થશો.

આત્મા સ્વયં એકલો છે. તેને સંયોગ પછી વિયોગ થવાનો જ છે. એટલે વસ્તુતઃ સંગ છોડી અસંગ બનવામાં જ આત્મસુખ છે. છતાં જો તમે સંગ છોડી શકતા ન હો તો ધર્મીજનોનો જ સંગ કરવો. કારણ કે ધર્મીજનનો સંગ જ આત્માને અસંગ બનવાનું નિમિત્ત પુરું પાડશે.

છેલ્લે છેલ્લે ફરી એક વાત યાદ કરી લો કે ધર્મના અર્થી કે ધર્મીજન કેમ થવાય છે?

ચંડકૌશિક આઠમા સહસ્રાર દેવલોકે ગયો પણ ગયો કઈ રીતે? કદી વિચાર્યું છે રહસ્ય. પંદર પંદર દિવસ સુધી લોકો પથરા મારી લોહી લોહાણ કરે છતાં મોઢું બહાર નથી કાઢતો. ક્યાંક મારી દૃષ્ટિનું વિષ લોકોને મારી ન નાખે.

કાળો નાગ બિલમાં મોં રાખીને બેઠો છે કીડીઓ ચારણી જેવું શરીર કરી દે છે છતાં શરીરના અંગો પાંગ સંકોચી સંલીનતા તપને સેવતો કાયક્લેશ સહન કરતો બેઠો પણ રખેને લોકો મરી ન જાય તે માટે મોં બહાર ન કાઢ્યું. આ એક સુંદર ભાવના પંદર દિવસ સુધી ભાવી ત્યારે તે દેવલોકે ગયો. જો ક્ષમાને માપી શકતા હોતો માપો કે ધર્મનો અર્થીજન કેવો હોય.

આવી ભાવના વાળાનો સંગ કરો. દેવચંદ્રજી લખે છે
**ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે સધે આનંદ અનંતોજી**

યશોવિજયજી પણ લખી ગયા.

**પણ ગુણવંતા રે ગોઠે ગાજીયે મોટો તે વિશ્રામજી**
**સગુણ સનેહા રે કદીયે ન વિસરૂ** હે ભગવાન્ મિત્ર કોને **બનાવશો?** ધર્મીજનને-ધર્મીજનનો સંસર્ગ કરો.

□

# (૧૦૪) કરણદમો

– રોકો ઈન્દ્રિયોની દોટ

आपदां कथितः पन्था इन्द्रियाणाम संयमः
तज्जयः संपदा मार्गो येनेष्टं तेन गम्यताम्

"ઈન્દ્રિયોનું સ્વતંત્રપણું તે આપત્તિનો માર્ગ છે અને ઈન્દ્રિયનો જય કરવો તે સંપત્તિનો માર્ગ છે "એમ વિદ્વાનોનું કહેવું છે માટે જે રસ્તો ઈષ્ટ હોય તે રસ્તે ગમન કરવું.

શ્રાવકોના છત્રીશ કર્તવ્યોમાં બત્રીશમું કર્તવ્ય જણાવે करणदमो ઈન્દ્રિય દમન.

શ્રાદ્ધ ગુણ વિવરણ કર્તાએ ખૂબ સામાન્ય ભાષામાં બે વાત રજૂ કરી. જો ઈન્દ્રિય નિરકુંશ હશે તો આપત્તિ–દુઃખનો માર્ગ દેખાડશે. જો ઈન્દ્રિયો અંકુશીત હશે તો – દમન કર્યું હશે તો સંપત્તિ–સુખનો માર્ગ દેખાડશે. તમારે સુખ જોઈએ કે દુઃખ તે તમે નક્કી કરી લેજો.

સુખના અભિલાષા માટે જ करणदमो કર્તવ્ય જણાવેલું છે. करण પાંચે ઈન્દ્રિય અને दम એટલે દમવી અથવા તેનો જય કરવો તે.

પાંચ ઈન્દ્રિયો સ્પર્શ–રસ–ઘ્રાણ–ચક્ષુ–શ્રોત્ર નિરંતર અશ્વ જેવી ચપળ છે અને પંડિતોને પણ ઉત્સુકતા વધારનાર હોવાથી દમન કરવી મુશ્કેલ છે. માટે શ્રાવકોએ અપ્રશસ્ત સ્થાનમાં વર્તતી પોતાની પાંચે ઈન્દ્રિયોનો નિરોધ કરવો યોગ્ય છે. સામાન્ય ભાષામાં સમજવા માટે કહ્યું.

## રોકો ઈન્દ્રિયોની દોટ

શ્રાવક પોતાના આત્માને સમજાવે, હે જીવ જો તારે આત્મહિતની ઈચ્છા હોય તો રાગ ઉત્પન્ન કરતાં ગીતો સાંભળવામાં અને સ્વગુણના કીર્તનમાં તારા કાનને તું પ્રવર્તાવીશ નહીં.

હે આત્મન્! સ્ત્રી વગેરે રૂપો જોવામાં તારા નેત્રો પ્રવર્તાવીશ નહીં. કેમકે તેનો સંગ થવાથી તું નિર્મલ હોવા છતાં તારામાં મલિનતા ઉત્પન્ન થશે.

હે જીહ્વા–જો તું સરસ આહારના લંપટ પણાનો ત્યાગ કરવામાં કુશળ થઈશ તો સર્વ ઈન્દ્રિયનો વિજય થઈ શકે તેમ છે.

વળી જેની નાસિકા દુર્ગંધના ત્યાગ અને સુગંધના ગ્રહણથી તુષ્ટમાન ન થતી હોય તે પુરુષ પણ ઘણો ગુણવાન જ ગણાવાનો.

જેની સ્પર્શેન્દ્રિયને અતિ કોમળ વસ્તુના સ્પર્શની ઈચ્છાવાળી ન થતી હોય તે પુરુષ રત્ન પણ પ્રશંસાને પાત્ર બને છે.

આ પાંચે ઇન્દ્રિયો વિષયોથી નિવૃત્ત થઈ હોય તો તે મનુષ્યોને ઉત્તમ ફળ આપનારી થાય છે. તેથી करणदमो કર્તવ્ય એક જ સંદેશ શ્રાવકોને આપે છે **રોકો ઈન્દ્રિયોની દોટ**

નદી કિનારે નદીની છાલકથી ફેંકાઈ ગયેલો એક મૃતદેહ પડયો હતો. ત્યાં ફરતું ફરતું એક શિયાળ જઈ ચડયું. જેવું મડદું ખાવા માટેની શરૂઆત કરે કે ત્યાં એક યોગીજી આવી ગયા.

શિયાળને કહે અરે મુકમુક આને. આ માણસનું શરીર ખાવા લાયક નથી–શિયાળે પૂછયું કેમ ? —

हस्तौ दान विवर्जितौ श्रुतिपटौ सारस्वत द्रो हिणो
लंचा लुञ्चितवित्त पूर्ण मुदरं गर्वेण तुङ्गं शिरः
चक्षुः साधु विलोकनेन रहितं पादौ न तीर्थाध्वगौ
भ्रातः कुक्कर मुञ्च मुञ्च सहसा निन्द्यस्य निन्द्यंवपुः

० આ જે માણસનો મૃતદેહ છે તેના હાથોએ કદી દાન કર્યું નથી. તેને હાથનો ઉપયોગ બીજાનું આંચકી લેવા માટે જ કર્યો છે.

શિયાળ કહે ઠીક સ્વામીજી હાથ નહીં ખાઈએ પણ આ ટબુકડા કાન ખાઈએ. પેટ નહીં ભરાય તો યે નાસ્તો થશે.

० યોગીશ્વર કહે અરે શિયાળ તું જાણશ આના કાને શું કામ કર્યું છે ? એના કાને સંગીતની મિજલસ અને ગાનારીની ઠુમરી જ સાંભળી છે પણ ધર્મ શ્રવણમાં કાનનો ઉપયોગ નથી કર્યો.

० આની આંખોએ કદી મુનિરાજના દર્શન નથી કર્યા. પ્રભુ કે પરમાત્માને નિહાળ્યા નથી, કેવળ સુંદરીઓના અંગોપાંગ જ નિરખ્યા છે. આંખનો ઉપયોગ શો ?

**સુંદર મુરતિ મેં દીઠી તાહરી રે કેટલે દિવસે આજ**
**નયન પાવન થયા પ્રભુજી માહરા રે પાપ તિમિર ગયા ભાજ**

મારી ભુખને કેમ ઠારુ, યોગીજી ?

રે જંબૂક ! આની જીભે ષડ્રસ ભોજન કર્યા છે.

પણ પરમાત્માની સ્તવના નથી કરી, આના પગે કદી તીર્થ–યાત્રા નથી કરી પણ પૈસાની હાય હાય કરતાં ઉઘરાણી માટે ટાંટીયા

જ ધર્યા છે, આનું માથુ હંમેશા ગર્વથી ઊંચુ રહ્યું છે પણ પરમાત્માને કદી નમ્યું નથી.

આ વાત સાંભળી શિયાળ ભુખ્યો જ ચાલ્યો ગયો. તેથી તમને મળેલા અંગોપાંગનો ઉપયોગ શો કરવો તે વિચારી ઈન્દ્રિય જયના માર્ગે ચાલો.

ઇન્દ્રિયોની સંખ્યા દર્શાવતા પ્રજ્ઞાપના સૂત્રના ૧૫ માં પદમાં કહ્યું કે—कइणं भंते इंदिया पण्णत्ता ? गोयमा पंचिंदिया पण्णत्ता तं जहा सोइंदिए, चक्खिंदिए, घाणिंदिए, जिब्भिंदए फासिंदिए, હે ગૌતમ ઈન્દ્રિય પાંચ કહેલી છે તે આ પ્રમાણે—શ્રોત્રેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય.

આ પાંચે ઇન્દ્રિયનો જય કરવાનું કહ્યું. પણ જય શેનો કરવાનો ?

શ્રોત્રનો વિષય છે શબ્દ, ચક્ષુનો વિષય છે રૂપ, ઘ્રાણનો વિષય છે ગંધ, જિભનો વિષય છે રસ, સ્પર્શનો વિષય તો સ્પર્શ છે જ

આ પાંચે ઈન્દ્રિયના ૨૩ વિષયો છે. ઈન્દ્રિયોની આ વિષયો પ્રત્યેની આશક્તિ, રાગ—દ્વેષ, સુખ દુઃખની કલ્પના વગેરે નિવારવી કે તેના પર કાબુ મેળવવો તે करणदमो.

**રોકો ઇન્દ્રિયોની દોટ** નો અર્થ જ એ સમજવો કે ઈન્દ્રિયોની ૨૩ વિષયો પ્રત્યેની દોટને અંકુશમાં રાખવી.

શેત્રુંજીના કાંઠે બે નેસડાં. ભેંસો ધોઈને દશ—બાર વર્ષની વયના એક છોકરો ને છોકરી નીકળે. રમતા રમતા જાય અને આનંદ કરે. ક્યારેક આણલદે અને દેવરો બન્ને ભેખડ પર બેસીને પાણીમાં પગ બોળતાં.

જો જો દેવરા. મારા પગ ઉજળા.

એમાં શુ કોઢીયા ના પગ તારાથીયે ઉજળા હોય.

આવી આવી વાતો કરે. ક્યારેક આણલદે દેવરાના ઓળીયા ઉભાં કરે ક્યારેક દેવરાની પછેડી એ બાંધેલો લીલોછમ રોટલો માછલીને ખવડાવી દે... અને ભૂખ્યા છોકરાને પોતાના હાથે ઘડેલો રોટલો ખવડાવે ત્યારે દેવરો પૂછતો કે આણલદે તું કેટલા દિવસ રોટલા ખવડાવવવાની ?

સાંજે પણ દેવરો ઘેર જાય ત્યારે એકાદ પાડું હાંકીને આણલદે ઠેઠ ઘર સુધી ભેગી જાય. દેવરાની મા તેની સામે ટીકી ટીકીને જુએ

ને મહેનતાણા રૂપે ધોળા તલનું ગુંજુ ભરી દે. મનમાં બોલે વાહ કેવી જોડી છે. આવી છોડી ઘેર આવતાં ભવની ભૂખ ભાંગે.

આણલદે મોટી થઈ. ભેંસો ચારવા જવાનું બંધ થયું...સવાર સાંજ નદીએ પાણી ભરવા આવે ત્યારે ચાર આંખોનો મેળાપ થાય. ત્યાં તો કંજુસ પટારા જેવી આંખો નીચે ઢળી જાય. સવાગજનો ચોટલો ડોકાય તો તે પણ જોવું પાપ છે. માની દેવરો આયર આણલદે સામે જોયા વિના ઢળેલ પોપચે સુનમુન બેઠો રહે.

આણલદેના માબાપે તેની પ્રીત્યુપર તાળા મારી તેના લગન લીધાં. વરરાજાને જોઈ ગામ બબ્બે મોઢે વખાણ કરે છે, પણ આણલદે રાંદલમાના અખંડ દિવા પાસે આંસુડા પાળે છે. સહુ આયરો ફૂલ ફટાક થઈને ફરે છે ત્યારે માત્ર એક દેવરાને અંગે ઉજળા લુંગડા નથી કે આંખોમાં તેજ નથી.

દેવરાને નીચે ઢાળેલ માથે જતો જોઈને આણલદે બોલી કે દેવરા અહીં આસેય. આયરો રૂપાળા છે પણ મને રૂપનો મોહ નથી. તું મારા માંડવા નીચે કેમ મહાલતો નથી.

દેવરો બોલ્યો બાઈ, હવે ફરવાના દી' ગયા. બળતાને બાળો મા. અંજળ પાણી લખ્યાં છે તેની સાથે ફેરા, ફરો કંસાર જમોને સંસાર માંડો.

દેવરા તું મને શેનો ઠપકો દઈ રિયો છો: બોલ બોલી નાખ, છે તારામાં હિંમત તો અબઘડી મીંઢણ તોડીને હાલી નીકળું... દેવરાનો નકારો સાંભળી આણલદે કહે દેવરા, પારકે વાડેથી ચોરી થતું ઢોર જોયું છે, તેના બરાડા સાંભળ્યા છે તેં. આજ તું મુને પશુ જેવી ગણી પારકાને હવાલે કરીશ ? જેને રોટલા ઘડવાના વેણ દીધાતા તેને છોડીને બીજા સાથે કંસાર જમું ?

તો યે દેવરો છેલ્લી આશીષ દેવા આવ્યો.

આણલદે બોલી કોઈ દી' વૈદ્ય વેશે મારી તપાસ કરવા આવજે દેવરા. તું કહીશ તો હે સ્વજન સામી પાલખી મોકલીશ.

સાસરે પહોંચી. ત્યાં આહિરાણી વીરડા ઉલેચી પાણી કાઢે છે પણ પાણી ડોળું જ આવે છે. થાકીને નક્કી કરે છે. જેને વર વહાલો હશે તેને હાથે પાણી આછરશે. પણ કોઈનું અંતર વહાલપની સાક્ષી દેતું નથી. ત્યારે નવી વહુએ પોતાના પ્રિયતમ દેવરાને યાદ કરી વીરડો ઉલેચ્યો ને પીયરની વાટ તરફથી નિર્મળ ઝરણું વહેતું આવ્યું. બધી આહિરાણીને ઢોલરા આહિરની ઈર્ષા થઈ.

ઢોલરો રાતે આવ્યો ત્યારે આહિરાણી પોતાના શરીરને અડવા ન ન દેતા હરણીની જેમ ભાગી. આયર! આ ચોટલામાં બીજાનો દોરો ગુંથાઈ ગયો છે ને મરશે ત્યાં સુધી રે' શે. સંસાર સંબંધે તારી પરણે-તર ખરી, મરીશ ત્યાં સુધી તારા ગોલાપાં કરીશ. બાકી અડવાનાયે રામ રામ સમજજે.

ઢોલરો ગળે ઘુંટડો ઉતારી ગયો. થોડા દી ઠીક ચાલ્યુ પછી આણલદેનું ફટકી ગયા જેવું લાગ્યું તેને બધે દેવરો દેખાવા લાગ્યો.

દેવરો આ તરફ ભુખને મારીને જીવે છે. કાંઇ બોલતો નથી તી' ટાણે બાવોને બાવણને મોઢે ભજન સાંભળ્યું.

**પેલા પેલા જુગમાં રાણી તું હતી પોપટીને**
**અમે રે પોપટ રાજા રામના**

વજા જેવી છાતી વાળો દેવરો પોંકે પોંકે રડી પડયો. ગરઢા મા અને જુવાન બેનું બધાંને આંખે આંસુ પડવા લાગ્યા. ત્યાં ઘર પાસે ઘુઘરમાળ રણકી, ડેલીએ સાદ પડયો. દેવરા આયરનું ઘર આ કે

આવો ભા આવો કરતો આંખો લુંછી દેવરો ઉઠયો. ગાડાંખેડુ ઉતરીને બોલ્યો. આવો મારી બોનને પોંખીલો. યુવતીએ ડોસીને પગે માથું ઢાળી દીધું, બેનો મેમાનને ઘરમાં લઇ ગઈ. ઢોલરાએ દેવરાને કહ્યું લે ભાઈ તારી પરણેતર લઇ ગયો તો તે સંભાળ. મેં સગી બોનની જેમ રાખી છે.

न चेन्द्रियाणां विजयः सर्वथैवा प्रवर्तनम्
राग द्वेष विमुक्त्या तु प्रवृत्तिरपि तज्जयः

ખરેખર ઈન્દ્રિયોની પ્રવૃત્તિ સર્વથા ન હોવી તે ઈન્દ્રિય જય નથી. પણ રાગ દ્વેષનો ત્યાગ કરી ઈન્દ્રિયોની પ્રવૃત્તિ કરવી તે ઈન્દ્રિય જય છે.

આવો આહિર કુળનો જણ પણ करणदमो કરી શકયો. ખુદની પરણેતર સાથે પવિત્ર વ્યવહાર કરી તેના શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શની આસક્તિ ન રાખતાં તે સ્ત્રીના બાળપણના ગોઠીયા પાસે મુકી આવ્યો તે જ करणदमो.

આ કથાનકનો મહત્વનો સંદેશ એ જ છે કે

## રોકો ઇન્દ્રિયોના દોટ–

આજ પાંચ પાંચ મોટરનો માલિક હોય એમ્બેસેડર, ફિયાટ–મારુતી સેવરોલેટ–ટોયેટો, ઘર–દુકાનને ઓફિસ થઈ ડઝનેક ફોન હોય, પોતાને

નામે, પત્નીને નામે, પુત્રને નામે કંઈક ફ્લેટ હોય, કેવો વટમાં ફરે ? પાછો શું બોલે ? આપણે ખાવાનો ભારે શોખ સાહેબ ! રાતે બાર વાગે મન થાય તો ગાડી કાઢીને માણેક ચોકમાં પહોંચી જાય. પાઉભાજી–રગડો–પેટીસ ફાફડા ગમે તે ખાઈ જઈએ. બધા રેંકડીવાળા ઓળખે.

ત્યારે થાય કે ભાઈ તું આટલી બધી ચીજોનો માલિક થયો પણ અઢી–ત્રણ ઈંચ લાંબી જીભ તો તને ગુલામ જ માને છે. રાત્રે બાર વાગ્યે હુકમ કરે કે એલા જલ્દી માણેકચોકમાં ગાડી લઈ લે.

તમે જાણે ગુંડાના પંજામાં સપડાયેલાં હો અને માથે રીવોલ્વર ટીંગાતી હોય તેમ ગાડી લઈને દોડો માણેકચોકમાં...અરે ભાઈ ! જે પોતાની જીભનો–પાંચ ઈન્દ્રિયનો માલિક નથી તે ગામ–નગર–રાષ્ટ્ર કે વિશ્વનો માલિક હોય તો પણ શું ? માટે પ્રથમ ઈન્દ્રિય જય કરો.

ડાયોજનિક નામે એક સંત–ફિલસુફ થઈ ગયા. એલેકઝાન્ડરે તેના પર પ્રસન્ન થઈ સવારમાં મુલાકાત લીધી. ઘોડા પર બેઠા બેઠા જ બોલ્યા, માંગી લે ડાયોજનિક આજ હું તારા પર પ્રસન્ન છું.

ડાયોજનિક બોલ્યો, પેલા બાજુ ખસ. સવારના પહોરમાં સૂર્યનો ગુલાબી તડકો આવવા દે.

સારી ભાષામાં આ વાકયનો અર્થ શો ?–હવા આવવાદે—

આવા નિસ્પૃહી અને ઈન્દ્રિય વિજેતા માનવીને બાકીની વસ્તુની માલિકી ન હોય તો પણ શું ? કેમકે તેને ઈન્દ્રિયોની માલિકી જ એવી છે કે તે કયાંય ભટકવા જતો નથી માટે ઈન્દ્રિય વિજેતા બનો.

आत्मानं विषयैः पाशै र्भववास पराङ्मुख
इन्द्रियाणि निबध्नन्ति मोहराजस्य किंकराः

ભવવાસ એટલે કે સંસારમાં રહેવાથી પરાઙમુખ થયેલા એવા ઉદ્વિગ્ન વૈરાગી આત્માને પણ મોહરાજાના કિંકર રૂપ ઈન્દ્રિયો વિષય રૂપ પાશ વડે બાંધી લે છે. અને પાછા સંસારમાં ભમાવે છે.

જો વિશ્વામિત્ર જેવા ઋષિ–મુનિનો તપોભંગ પણ મેનકાના રૂપથી થઈ શકે તો સામાન્ય ગૃહસ્થને માટે ઈન્દ્રિયનો જય કેટલો દુષ્કર ?

વસંતપુરના રાજાના સસક ભસક નામે પુત્રોએ વૈરાગ્યથી દીક્ષા લીધી. ગીતાર્થ બન્યા પછી પોતાની બેન સુકુમારિકાને દીક્ષા આપી. તે સાધ્વી અત્યંત સ્વરૂપવાન હતા. તેથી અનેક પુરુષોના ચિત્તને તે સાધ્વીનું આકર્ષણ રહ્યા કરે. તે પુરુષો સાધ્વીની વસતિમાં પ્રવેશી સાધ્વીને જોયા કરે.

મહત્તરા સાધ્વીએ આ ઉપદ્રવનો વૃતાંત તેમના ભાઈઓને જણાવ્યો. સાધ્વીજીને જુદા મકાનમાં રાખ્યા અને તેના બંને ભાઈઓ તેની રક્ષા કરવા લાગ્યા. યુવકો તે બંને ભાઈ મા'રાજ સાથે યુદ્ધ કરવા લાગ્યા.

સુકુમારિકા સાધ્વીને થયું મારા નિમિત્તે ભાઈ મહારાજોને કલેશ થાય છે. મારા આ રૂપ અને શરીરને ધિક્કાર હો. તેમ વિચારી વૈરાગ્યથી અનશન ગ્રહણ કર્યું. તેને મૃત્યુ પામેલ માની સસક ભસક મુનિ તેના શરીરને જંગલમાં પરઠવી આવ્યા.

ત્યાં શીતળ વાયુના સ્પર્શથી શુદ્ધિ આવી, તેવામાં કોઇ સાર્થવાહની નજરે ચડી. સાર્થવાહને થયું આ કોઈ સ્ત્રી રત્ન લાગે છે. અભ્યંગ, ઉદ્વર્તન અને ઔષધાદિ પ્રયોગથી તેને પૂર્વવત્ બનાવી દીધી.

સુકુમારિકાને ભાઈ મુનિ મૃત માની પરઠવવા ગયા ત્યારે પુરુષના સ્પર્શથી ઉત્તેજના પામેલી તે સાધ્વીએ ઇન્દ્રિયોના વિષયના ઉછાળા શાંત કરવા સાર્થવાહનું પત્નીપણું સ્વીકાર્યું.

સમય જતાં એક વખત પોતાના બંને ભાઈ મુનિને જોઇને વંદના કરી સર્વ વૃતાન્ત જણાવ્યો. ત્યારે ભાઈ મુનિએ બોધ આપ્યો કે—

सरित्सहस्रदुःपुर समुद्रोदर सोदरः
तृप्तो नैवेन्द्रियग्रामो भवतृप्तोऽन्तरात्मनो

હજારો નદીઓના જળથી પણ જેનું ઉદર પૂર્ણ થતું નથી એવા સમુદ્રની જેવો ઇન્દ્રિય સમુહ કદાપિ તૃપ્ત થતો નથી. માટે અન્તરાત્મા વડે કરીને જ તૃપ્ત થા!

હે ભવ્ય! આ ઇન્દ્રિયો કદી તૃપ્ત થઈ નથી. કેમકે ભોગવેલા ભોગની ઇચ્છા રહે છે. ભોગવતી વખતે તેમાં આસક્તિ રહે છે અને ભોગવાયા પછી ભોગનું સ્મરણ રહે છે. એમ ત્રણે કાળમાં ઇન્દ્રિયોની અશુદ્ધ પ્રવૃત્તિ છે. માટે આત્મ સ્વરૂપને ભોગવીને જ તૃપ્તી પામ.

वारण मंत भूत्ता वंता चत्ताय धीरपुरिसेहिं
ते भोगा पुण इच्छइ भोत्तुं तिह्णाउलो जीवो

ધીર પુરુષોએ અનન્તીવાર ભોગવેલા, વમન કરેલા અને ત્યાગેલા ભોગોને તૃષ્ણાથીં અને આકુળ વ્યાકુળ થયેલો જીવ ફરી ફરીથી ભોગવવાને ઇચ્છે છે.

ચક્રવર્તી, વાસુદેવ, માંડલિક રાજા અને કંડરિક વગેરે પુરુષો વિષયોમાં મોહ પામી નરકમાં દીન અવસ્થાને પામ્યા છે. માટે આ વિષયોનો જરા પણ વિશ્વાસ કરવો નહીં.

જેનાથી છુટવા હે બહેન તેં અનશન કરી શરીર ત્યાગ કરવાને માટે પ્રયાસ કર્યો, તે જ વિષયો તને સંસારમાં ઘસડી જનારા બન્યા.

આ પ્રમાણે બંધુનો બોધ સાંભળીને સુકુમારિકા એ પુનઃ ચારિત્ર ગ્રહણ કર્યું. નિર્મળ અંતઃકરણપૂર્વક ચારિત્રની પરિપાલના કરી સ્વર્ગે સંચરી.

હે શ્રાવકો ઇન્દ્રિયના વિષયાનો કદી વિશ્વાસ કર્યા વિના करणदमो– ઇન્દ્રિયનો જય કરવા માટે પ્રયત્નશીલ બનો. મનને અંકુશમાં રાખી

## રોકો ઈન્દ્રિયોની દોટ.

રાજગૃહ નગરમાં સુભદ્ર નામે શ્રેષ્ઠી પુત્ર હતો. તે જન્મથી જ દરિદ્રીપણું પામેલો હોવાથી નિરંતર ભિક્ષાવૃત્તિથી ઉદર નિર્વાહ કરતો હતો.

એક વખત નગરમાં શ્રી વીરપ્રભુ ગુણશીલ વનમાં સમોસર્યા. પરમાત્માના વંદનાર્થે રાજા તથા સર્વ નગરજનોને જતા જોઈ સુભદ્ર પણ બધાંની સાથે દેવાધિદેવ પાસે પહોંચ્યો. તે પરમાત્માની અમીધારા સમવાણી સાંભળી સુભદ્રાએ કહ્યું. પ્રભુ ખરેખર આ જ મારો દિવસ સફળ થઈ ગયો.

**જીરે આજ સફળ દિન માહરો દીઠો પ્રભુનો દેદાર**

પ્રભુએ પણ સુભદ્રને ઉદ્દેશીને તેને પ્રતિબોધ પમાડવા ઉપદેશ આપવો શરૂ કર્યો.

जितान्यक्षाणि मोक्षाय संसारायाजितानिच
भवेत्तदन्तरं ज्ञात्वा यद्युक्तं तत्समाचर

જીતેલ ઈન્દ્રિયો મોક્ષને માટે થાય છે, નહી જીતેલ ઈન્દ્રિયો સંસારને માટે થાય છે. માટે તે બન્નેનો તફાવત જાણી જે યુક્ત લાગે તેનું આચરણ કર.

ઈન્દ્રિયો પાંચ છે. શ્રોત્ર–નેત્ર–નાસિકા–જિહ્વા સ્પર્શન [કાયા] તે પાંચે ઈન્દ્રિય પણ દ્રવ્યથી અને ભાવથી બે ભેદે છે.

દ્રવ્ય ઈન્દ્રિય પણ બે પ્રકારે છે (૧) નિર્વૃત્તિ ઈન્દ્રિય (૨) ઉપકરણ ઈન્દ્રિય.

નિર્વૃત્તિ એટલે ઈન્દ્રિયનો આકાર તે પણ બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદે છે. તેમાં બાહ્ય આકાર સ્ફૂટ છે. જેમકે કાનની પાપડી જેવો જે ભાગ બહાર દેખાય છે તે બાહ્ય આકાર.

બાહ્ય આકાર વિચિત્ર આકૃત્તિવાળો હોવાથી અશ્વ મનુષ્ય વગેરે જાતિમાં સમાનરૂપવાળો નથી પણ અભ્યંતર આકાર સર્વજાતિમાં સમાન છે તે આ પ્રમાણે—કાનનો અભ્યંતર આકાર કદંબના પુષ્પના આકારનો, માંસના ગોળારૂપ છે.

નેત્રોનો અભ્યંતર આકાર મસૂરના ધાન્ય જેવો છે, નાસિકાનો અભ્યંતર આકાર અગથીયાના ફૂલ જેવો છે. જીભનો આકાર અસ્ત્રા જેવો છે. સ્પર્શ ઈન્દ્રિયની આકૃતિ ભિન્ન ભિન્ન પ્રકારે છે પણ તે બાહ્ય અને અભ્યંતર એક જ સ્વરૂપે હોય છે.

આ પ્રકારે નિર્વૃત્તિ ઈન્દ્રિયનું સ્વરૂપ જાણવું.

ઉપકરણ ઈન્દ્રિયનું સ્વરૂપ એવું છે કે જે રીતે ખડ્ગ ધારમાં છેદન શક્તિ છે તે રીતે આ ઈન્દ્રિયમાં શબ્દાદિ વિષયને ગ્રહણ કરવાની શક્તિ વિશેષ રહેલી છે. તેથી કરીને અતિ કઠોર એવા મેઘ ગર્જનાદિક અવાજો વડે બહેરાપણું વગેરે પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે દ્રવ્ય ઈન્દ્રિયનું નિર્વૃત્તિ અને ઉપકરણ એવા બે ભેદે સ્વરૂપ જણાવ્યું.

ભાવ ઈન્દ્રિયના પણ બે પ્રકારો જણાવ્યા લબ્ધિ અને ઉપયોગ.

કાન વગેરે ઈન્દ્રિયોના વિષયવાળા સર્વ આત્મપ્રદેશને આવરણ કરનારા કર્મોનો જે ક્ષયોપશમ તે લબ્ધિ ઇન્દ્રિય જાણવી અને પોતપોતાના વિષયમાં લબ્ધિરૂપ ઈન્દ્રિયને અનુસારે આત્માનો જે વ્યાપાર—પ્રણિધાન તેને ઉપયોગ ઈન્દ્રિય જાણવી.

પાંચે ઇન્દ્રિયો અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણ જાડાઇમાં છે. તેમાં શ્રોત્ર—નાક—નેત્ર અંગુલના અસંખ્યાત ભાગે પૃથુ છે. જીભ બે થી નવ અંગુલ વિસ્તારવાળી છે. સ્પર્શેન્દ્રિય દેહ પ્રમાણ વિસ્તારવાળી છે.

એકેન્દ્રિય વગેરે વ્યવહાર દ્રવ્ય ઇન્દ્રિય થકી થાય છે. નહીં તો બકુલ વૃક્ષને પાંચે ઈન્દ્રિયોનો ઉપયોગ હોવાથી પંચેન્દ્રિય ગણાય.

જેમ કે શબ્દ કરતાં નુપુર પગમાં પહેરી શૃંગાર ધારણ કરેલી, સુંદર અને ચપળ નેત્રવાળી સ્ત્રીના મુખથી નીકળતા સુગંધી મદિરાના કોગળા વડે કરીને બકુલ વૃક્ષ પ્રફુલ્લિત થાય છે.

અહીં (૧) નુપૂરનાં અવાજ વાળો પગ સ્પર્શતા પ્રફૂલ્લિત થવું તે સ્પર્શ અને શ્રોત્રનો ઉપયોગ જાણવો (૨) સુંદર નેત્રવાળી સ્ત્રી હોવી તે ચક્ષુનો ઉપયોગ સમજવો (૩) સુગંધી મદિરાનો રસ તે ઘ્રાણ અને રસનાનો વિષય થઈ ગયો.

આ પ્રમાણે પાંચે ઈન્દ્રિયનો ઉપયોગ છે. છતાં બકુલ વૃક્ષનો વ્યવહાર એકેન્દ્રિય તરીકે જ થાય છે તે દ્રવ્ય ઈન્દ્રિય થકી સમજવો.

આ પ્રમાણે ઈન્દ્રિય ના સ્વરૂપને જાણીને શબ્દાદિ વિષયમાં ક્ષણવાર પણ પ્રવૃત્તિ કરવી નહીં

- શ્રવણ ઈન્દ્રિય થકી દેવગુરુના ગુણ ગ્રહણ અને ધર્મ દેશનાદિક શ્રવણ કરવા.
- ચક્ષુ ઈન્દ્રિય થકી દેવગુરુ સંઘ અને શાસ્ત્રોના દર્શન કરવા, પડિલેહણા – પ્રમાર્જના કરવી અને ઈર્યા સમિતિના પાલન માટે ઉપયોગ રાખવો.
- ઘ્રાણ [નાસિકા] ઈન્દ્રિય થકી ભગવંતની પુષ્પ પૂજા ને માટે ઉપયોગી પુષ્પો – કેસર - કપુર વગેરે ની પરીક્ષા કરવી. તેમજ ગુરુ મહારાજને ભક્ષ્ય પદાર્થો તથા પથ્ય ઔષધો વહોરાવવા.
- જીહ્વા [રસના] ઈન્દ્રિય થકી સ્વાધ્યાય, દેવગુરુ સ્તુતિ કરવી ઉપદેશ આપવો, મુનિને આહાર-પાણી આપવા માટેનું પરિક્ષણ કરવું આદિ.
- સ્પર્શ ઈન્દ્રિયના ઉપયોગ વડે પ્રતિમાજીનું પ્રક્ષાલન, વિલેપન, પૂજા, ગુરુ મહારાજની વૈયાવચ્ચ આદિ શુભ કાર્યો કરવા.

કારણ કે જો એકાદ ઈન્દ્રિય પણ હાથી-મત્સ્ય, ભ્રમર–પતંગ હરણને સ્પર્શાદિ વિષય થકી પછાડનાર બને છે તો તે પાંચેનો સમુહ તમને કઈ રીતે છોડશે.

## [ માટે રોકો ઈન્દ્રિયની દોટ ને ]

આવા પ્રકારનો ઉપદેશ સાંભળી સુભદ્ર શ્રેષ્ઠી પુત્રે ચારિત્ર અંગીકાર કર્યું, ઈન્દ્રિયોને વશ કરી, આત્મભાવને પ્રગટ કર્યો.

એ રીતે શ્રાવકો એ પણ કરણદમો-ઈન્દ્રિય નિયંત્રણ થકી મોક્ષપથના પથિક બનવા પ્રયત્ન કરવો.

રૂપના મોહમાં ફરતા માનવીને કદી લક્ષ્મણ યાદ આવે છે ? જેણે કહેલું કે હું ભાભીના ઝાંઝર ને ઓળખું છું કેમકે પાયલાગણ વેળા તે રોજ નજરે પડતા હતા પણ બીજા ઘરેણાંને જાણતો નથી.

ચોખામાં બળખાની જુગુપ્સા ન કરનાર કુરગડૂને જાણ્યા છે કદી, મૃતકુતરાની માથા ફાટ દુર્ગંધની અસરથી મુક્ત કૃષ્ણને પીછાન્યા છે

આ મહાપુરુષોને પ્રણામ કરી રોકો **ઈન્દ્રિયોની દોટને—**

□

# (૧૦૫) ચરણ પરિણામો

—સંયમ રંગ લાગ્યો

एगदिवसंपि जीवो पवज्ज मुवागओ अणण्णमणो
जइवि न पावइ मुक्खसवस्स वेमाणिओ होई

અનન્ય મનથી એક દિવસનો પણ સંયમ પાળનાર જીવ, જો મોક્ષને પ્રાપ્ત ન કરે તો (પણ) અવશ્ય વૈમાનિક થાય.

શ્રાવકના છત્રીશ કર્તવ્યોમાં ૩૩ મું કર્તવ્ય છે. ચરણ પરિણામ. ભલે કદાચ ઘર ન છૂટે, પણ સતત ભાવના ભાવે કે હે પ્રભો ! મને ચારિત્ર ક્યારે ઉદયમાં આવે ?

વરસીદાનનો વરઘોડો નીકળ્યો હોય. આઠ વર્ષનો નાનો બાળક મુઠી મુઠી ધન ઉડાડતો હોય. એ દૃશ્ય જોયું છે. આવા દૃશ્ય જોઇ તમારી આંખો કદી ભીંજાણી છે ? થયું હતું કે મને પણ આટલી નાની વયમાં દીક્ષા ઉદયમાં આવે ? ખરેખર આ બાળકે પૂર્વે રત્નત્રયીની કેવી સુંદર આરાધના કરીને આવ્યો હશે ?

સંસાર માટે તો ખૂબ રોયા. સ્વયંભૂરમણ સમુદ્રના જલબિંદુઓ પણ ખૂટી પડે તેટલું રોયા અનંતા જન્મોમાં. પણ વરસીદાનનો વરઘોડો જોઈ આંખો ભીંજાઈ જાય, નાના સાધુ-સાધ્વીજીને વંદન કરતાં આંખે ઝળઝળીયા આવી જાય. ચારિત્રના પરિણામની ધારા આંખો વડે વહેવા લાગે તો સમજવું કે **સંયમ રંગ લાગ્યો.**

શ્રાવકની પ્રાર્થના તો એકજ હોય समय दिसउ संजमे नंदि સંસાર કાજળ કોટડી જેવો લાગે તો સમજવું કે ચારિત્રના પરિણામ થયા છે.

પુંડરીકિણી નગરીના મહાપદ્મરાજાને બે પુત્રો હતા. પુંડરિક અને કંડરિક. વૈરાગ્ય પામી રાજાએ ચારિત્ર લીધું. પુંડરિક રાજા બન્યા અને કંડરિક બન્યા યુવરાજ.

કેટલાંક કાળે તે નગરીમાં આવી સાધુએ ધર્મોપદેશ આપ્યો. જે પ્રાણી આ સંસાર સમુદ્રમાં ભટકતા મહાકષ્ટે વહાણસમ માનવભવ પામી, ફોગટ ગુમાવે છે. તેના કરતાં વધુ મૂર્ખ બીજો કોણ હોય ?

कोऽन्योऽस्तितोजडः

આવી દેશનાના વૈરાગ્ય વારિથી સિંચિત બંને ભાઈ ઘેર આવ્યા. પુંડરિક કહે બંધુ! આ રાજ્ય ગ્રહણ કર, હવે હું દીક્ષા લઈશ. કંડરિક બોલ્યો ભાઈ! મને સંસારના દુઃખમાં કેમ પાડો છો? હું જ દીક્ષા લઈશ.

મોટાભાઈ બોલ્યા યુવાવસ્થામાં ઈન્દ્રિય સમૂહ જીતવો મુશ્કેલ છે. પરિષહ સહેવાશે નહીં. ત્યારે કંડરિકે જણાવ્યું, નરકાદિના દુઃખ પાસે આ પરિષહોનું દુઃખ શી વિશાતમાં? મને જ ચારિત્ર લેવા દો. એમ બંને વચ્ચે ચારિત્રના પરિણામોની ધારા ઉછળી ઉછળીને વિવાદ કરાવે છે. પણ કંડરિકના આગ્રહથી મહોત્સવપૂર્વક તેને દીક્ષા આપી, મંત્રીના આગ્રહથી પુંડરિક રાજધુરા સંભાળી. પરંતુ મનમાં તો તે પણ સંસારને કાજળ કોટડી સમ માની. સતત ભાવ ચારિત્રમાં બેઠા છે.

કંડરિક મુનિ ૧૧ અંગો ભણ્યા લુખા સુકા ભોજનથી શરીરમાં રોગો ઉત્પન્ન થયા. ગુરુ સાથે પોતાની નગરીમાં આવ્યા ત્યારે પુંડરિકાદિ વંદન કરીને ક્ષેમ કુશળ પૂછે છે. રોગગ્રસ્ત શરીરવાળા ભાઈ મુનિને ગુરુની આજ્ઞાપૂર્વક નગરીમાં લઈ ગયા. પોતાની વાહન શાળામાં રાખી ઔષધાદિ વડે રોગ રહિત કર્યા. પણ કંડરિક મુનિને સ્વાદિષ્ટ ભોજનથી રસ લોલુપતા જન્મી અને વિહારની ઈચ્છા રહી નહીં.

રાજાને ખબર પડતાં ભાઈ મુનિ પાસે ગયા. કહ્યું, જો તમને અપ્રશસ્ત ધ્યાન થતું હોય તો આપના ભાવ રાજ્યના ચિહ્ન રૂપ પાત્રાદિક મને આપો અને પરિણામે મહા વિપાકને દેનાર આ રાજ્યના ચિહ્નરૂપ પટ્ટહસ્તિ વગેરે તમે ગ્રહણ કરો.

આનંદિત થયેલા કંડરિકે રાજ્ય ગ્રહણ કર્યું. **સંયમ રંગ લાગ્યો** છે જેને તેવા પુંડરિક રાજાએ જાણે દુનિયાના તમામ સુખ પ્રાપ્ત થયા હોય તેમ યતિ વેશને ધારણ કર્યો. સાપ કાચળી ઉતારી ચાલ્યો જાય તેમ રાણી અને રાજ્ય છોડી દીધાં. અભિગ્રહ કર્યો કે ગુરુ મહારાજ પાસે જઈ વ્રત અંગીકાર કર્યા પછી જ આહાર લઈશ.

માર્ગમાં ક્ષુધા–તૃષા વગેરે પરિષહો સહન કરવા પડ્યા, આવો કોમળ દેહ હતો છતાં ખેદ ન પામ્યા કારણ તેને સમજાઈ ગયેલું કે સંસાર ભુંડો છે, સંસાર ખારો ઝેર છે, સંસાર કાજળ કોટડી જેવો છે. છઠ્ઠ તપ થયો. ચારિત્ર લીધું, પારણે લુખો સુકો આહાર મળ્યો. તીવ્ર વેદના શરૂ થઈ શરીરને, પણ શુભ ભાવ વાસિત આત્મા સીધો સર્વાર્થ સિદ્ધ વિમાને પહોંચી ગયો.

अप्पेण वि कालेण केइ जहागहिय सील सामन्ना
साहंति नियय कज्जं पुंडरिय महाऋषिव्वजहा

થોડો કાળ પણ ચારિત્ર ગ્રહણ કરીને જે યથાર્થ પાળે છે તે પુંડરિક મહર્ષિની જેમ કાર્ય સિદ્ધ કરે છે.

પણ ક્યારે? चरण परिणाम ચારિત્રના પરિણામમાં વર્તતો હોય તો—

બુદ્ધિમાન માણસોએ चरण એટલે ચારિત્ર અને તેને વિશે परिणाम એટલે મનનો શુભ અધ્યવસાય રાખવો જોઈએ. મનમાં સદા ચારિત્રના જ મનોરથો હોવા જોઈએ. પણ તમને આ વાત નહીં સમજાય. **સંયમ રંગ લાગ્યો** હોય, સંસાર ભુંડો લાગ્યો હોય તો સંયમ કબહી મિલે અંતર્નાદ ઉઠે.

છ ખંડની રિદ્ધિ સિદ્ધિ મળતી હોય, ચક્રવર્તીના સ્ત્રી રત્નનું પદ મળતું હોય, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ હાથી, ૯૬ કરોડનું પાયદળ સેવામાં રહેવાનું હોય, તો ય તેને લાત મારી દે, મારે તો ચારિત્ર જ લેવું છે. દીક્ષા સિવાયની કોઈ વાત આ કાન સાંભળવા માંગતા નથી. ઓઘા પાત્રાદિ સિવાય કોઈ ઉપકરણ અડવા નથી. સાધુવેશ સિવાયના વસ્ત્રો હવે પહેરવા નથી. મનમાં ઉગી નીકળે કે "ઓઘા વગરના બધાંય બોધા" તે કહેવાય चरण परिणाम તેને કહેવાય **સંયમ રંગ લાગ્યો.**

ભરત મહારાજા સુંદરીના રૂપ લાવણ્યમાં મોહાયા છે. દીક્ષા લેવા રજા ન આપે. સુંદરી સતત ચારિત્રના પરિણામમાં છે. ભરત રાજા ચક્ર રત્નને સાધવા નીકળે છે. વૈરાગ્ય વાસિત સુંદરી વિચારે કે આ વિષયભોગો નશ્વર છે. સ્ત્રી રત્ન અવશ્ય છઠ્ઠી નરકે જાય માટે ચારિત્ર અંગીકાર કરવું એ જ શ્રેયસ્કર છે.

निराश्रवं संयममात्म बुद्धया, प्रपाल्य चारित्र गुणान्वितःसन्
क्षिप्त्वाष्ट कर्माण्यखिलानि, साधुरुपैति निर्वाणमनन्त सौख्यम्

ચારિત્ર ગુણોથી યુક્ત એવો સાધુ આત્મ બુદ્ધિથી આશ્રવ રહિત સંયમનું પ્રતિપાલન કરીને સમગ્ર આઠે કર્મનો ક્ષય કરી અનંત સુખવાળા નિર્વાણ પદને પામે છે.

ચારિત્રના પરિણામી સુંદરીને થયું કે જ્યાં સુધી આ શરીરની સુંદરતા ખતમ નહીં કરું ત્યાં સુધી ભરત રાજા મને દીક્ષાની અનુમતી નહીં આપે. તેણીએ સાઠ હજાર વર્ષ સુધી સતત આયંબિલ તપ કરી કાયાને સુકવી નાખી. કારણ ચારિત્ર લેવું જ છે.

તમારી જેમ વાતો નથી કરવી કે અંતરાય નડે છે. [જો કે

નડતું હોય મોહનીય] કોઈ દી' પુરુષાર્થ કર્યો છે ખરો ચારિત્ર માટે, પછી ન મળ્યું હોય તો બોલો.

વિનીતામાં આવી, સુંદરીને જુએ તો ભરત તેને ઓળખી ન શક્યા. સુંદરી કહે છે મને ભોગોમાં વૃત્તિ નથી. પ્રવૃત્તિ નથી. કેમકે વિરક્તોને ભોગનો સ્વાદ સ્પર્શતો નથી. મેં રસ ત્યાગરૂપ આયંબિલ તપ કર્યો છે.

ભરતના સ્ત્રી રત્ન થનાર સુનંદાને ખૂબ ઝંખનાં હતી કે આ સુંદરી છે કોણ જેથી ભરતને મારા જેવી ચાર્વાંગીનો મોહ થતો નથી, પણ કૃશકાય સુંદરી સામે આવી ત્યારે પુષ્ટ દેહવાળી સુભદ્રા તેની સમક્ષ "ભંગાર" જેવી લાગતી હતી. ગર્વ ઓગળી ગયો સુભદ્રાનો.

આવી સુંદરતમ સુંદરી ચારિત્રના પરિણામને લીધે આયંબિલ છોડતી નથી. ભરતે સંમતિ આપી દીધી.

**જાઓ તમે બેનડી દીક્ષા પાળો રે, ઋષભદેવનું કુળ અજવાળો રે.**

સુંદરીએ દીક્ષા લીધી, અપૂર્વ વિર્યોલ્લાસપૂર્વક ચારિત્રપાળી મોક્ષે ગઈ. જો સ્ત્રી રત્ન થાત તો? અવશ્ય છઠ્ઠી નારકી—તમે શું ઈચ્છો છો નર્ક કે મોક્ષ?

ભરતે રજા આપી કેમ?–કારણ તેણે પણ પૂર્વે ચારિત્ર પાળ્યું છે, અને તદ્‌ભવ મોક્ષ ગામી જીવ છે.

**પ્રશ્ન :–** ભરત ચક્રીને તો અરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયેલું. સુંદરીને દીક્ષાની અનુમતી આપી તે સમજાયું પણ ભરતે પોતે દીક્ષા લેવાની શી જરૂર પડી?

**સમાધાન :–** પ્રશ્ન બરાબર છે. જો ઘર–કુટુંબ છોડયા વિના કેવળજ્ઞાન થતું હોય તો ચારિત્રની શી જરૂર? ઘેર બેઠા ગંગા મળે તો હરદ્વાર કોણ જાય?

પણ પહેલાં સમજો આ ઓઘો [રજોહરણ] કેમ જરૂરી છે. ઘેર બેઠા કેવળજ્ઞાન થઈ ગયું. પણ બાયડી, છોકરા, ધન, માલ, વેપારની ભાવનાએ કેવળજ્ઞાન કદી થયું નથી–થતું નથી–થશે પણ નહીં. માત્ર ત્યાગની ભાવનાએ જ કેવળજ્ઞાન થાય. ત્યાગ બુદ્ધિ એટલે વિરતિ પરિણામ, વિરતિ પરિણામ તે જ ચારિત્ર ભાવના. ઘેર બેઠા કેવળજ્ઞાન થાય તે સાચું. પણ ઘર કુટુમ્બ–સ્ત્રીને હળાહળ ઝેર ગણ્યું હોય તેને, છાતીએ વળગાળ્યા હોય તેને નહીં,

પણ સાહેબ મારો પ્રશ્ન છે આ ઓઘાની જરૂર શું?

તમારો પ્રશ્ન જ અસ્થાને છે. આ ઓઘો માત્ર ઉનનો ગુચ્છો નથી પણ સંયમનું-ત્યાગનું પ્રતિક છે. કેવળજ્ઞાન પછી પણ દેવે વેશ આપી વંદન કર્યું તે ચારિત્રના પરિણામને દર્શાવતું શ્રેષ્ઠ સાધન ગણીને. શાસ્ત્રીય નિયમ છે કે અંતર્મુહૂર્ત કરતા વધારે આયુ બાકી હોય તો તે કેવળી એ દ્રવ્ય ચારિત્રને લેવાનું-લેવાનું ને લેવાનું જ.

સુંદરીને રજા આપી તે પણ ચારિત્ર અને ચરિત્રી પરના બહુ-માન કે રાગથી. આજકાલ તમારે ચારિત્ર લેવું નથી ને લે ત્યાં છાપ મારવી છે કે દીક્ષાઓ આડેધડ દેવાય છે. સમજવા વગરની દેવાય છે.

સગર ચક્રવર્તીએ ૬૦ હજાર પુત્રો મર્યા તો દીક્ષા લીધી.–સનત્ ચક્રીને રોગ થયો ને દીક્ષા લીધી. બાહુબલીને મુઠી ઉગાડયા પછી મોટા ભાઈનો ખ્યાલ આવતા દીક્ષા લીધી. વાસુદેવના મોતથી જ બળ-દેવ દીક્ષા લે–કે દેવાનંદાને ઋષભદત્તે દીક્ષા લીધી. આ બધાં તમારે મન તો દુઃખ ગર્ભીતને મોહ ગર્ભીત દીક્ષાવાળા ને?

એક તો દીક્ષા લેવી નહીં ને ટાઈટલ મારવા કે આડેધડ દીક્ષા થાય છે, પણ ભાઈ! એટલું યાદ રાખ કે ચરણ પરિણામ વગરના સમ્યગ્ જ્ઞાનને પણ જ્યાં જ્ઞાન નથી ગણ્યું અને કેવળી એવા ભરત કે કુર્માપુત્રને પણ ચારિત્રની મર્યાદામાં રહેવું પડે તે દ્રવ્ય અને ભાવ ચારિત્રની મહત્તા કેટલી હશે? માટે ભરતે સુંદરીને દીક્ષાની રજા આપી.

તમને પણ મુનિ વેશ જોતાં મસ્તક ઝુકે, મુનિનું દર્શન અપૂર્વ વિર્યોલ્લાસ જગાવી દે. સહેજે मत्थएण वंदामि બોલાઈ જાય તો સમજવું કે **સંયમ રંગ લાગ્યો.** બાકી જેના હૃદયમાં ચારિત્ર કે ચારિત્રિયાનો રાગ નથી, વેશ જોઈ મસ્તક ઝુકતું નથી તેને ચારિત્ર પરિણામ હોય જ નહીં,

શ્રાવક સુતી વખતે મનોરથ કરે કે—

सावय घरंमि वरहुज्ज चेडओ नाणदंसण समेओ
मिच्छत मोहिअ मई, मा राया चक्कवट्टीवि
कइया संविग्गाणं गीअत्थाणं गुरुण पय मूले
सयणाइ संग रहिओ पवज्जं संपवज्जिस्स'

શ્રાવકના ઘેર જ્ઞાનદર્શન ધરતો દાસ ભલે થાઉં પણ મિથ્યાત્વથી મોહિત બુદ્ધિવાળો ચક્રવર્તી કે રાજા (કદી) ન થાઉં, [તેમજ] સ્વજ-નાદિકનો સંગ મૂકીને હું ગીતાર્થ ગુરુના ચરણ કમળમાં ક્યારે પ્રવજ્યા ગ્રહણ કરું

वहवोऽविरता जीवा स्तेभ्योऽल्पास्तु सुदृष्टयः
स्वल्पतरास्ततः श्राद्धाः साधवोऽल्पतमास्तथा

જગતમાં ઘણા જીવો અવિરત છે, તેનાથી અલ્પ જીવો સમકિતી છે, તેમનાથી અતિ અલ્પ દેશવિરતિ (જીવો) છે, સાધુ [સર્વ વિરતિ ધારી] અતિશય અલ્પ છે.

માટે સર્વ વિરતિ–ચારિત્રના પરિણામ હોવા જોઈએ.

૦ અવિરતિ એટલે–જીવ જે બાર પ્રકારની વિરતિ રહિત હોય તે. મન અને પાંચ ઈન્દ્રિયોનું અનિયમન તે છ તથા છ કાય જીવનો વધ એમ કુલ બાર પ્રકારે અવિરતિ કહી,

એકેન્દ્રિય–વિકલેન્દ્રિય–સંમૂચ્છિંમ જીવો તો સ્પષ્ટ રૂપે અવિરતિ છે. કેમકે તેઓ આશ્રવથી વિરત થતાં નથી.

વૃક્ષાદિ, જલ–વાયુના આહારથી હિંસા કરે છે. કેટલીક વનસ્પતિ સ્પષ્ટ પણે મનુષ્ય કે પશુને મારી નાખે છે,–તેને સત્ય અધ્યવસાયનો અભાવ હોય છે મોહવલ્લી વગેરે મોહ ઉત્પન્ન કરે છે. લોકોને વિપરિત માર્ગે લઈ જઈ અસત્ય આચરણ કરાવે છે.–વૃક્ષોને સચિત્ત આહારથી જીવ અદત્ત લાગે.–ઔષધના અંજનથી કોઈ પરદ્રવ્ય હરણ કરે તે સ્પષ્ટ ચોરી જ છે–વિરતિ અભાવે તો મૈથુન છે જ છતાં વૃક્ષ-પુષ્પ આદિ કામરાગના હેતુ ભૂત પણ છે. સ્ત્રીના ઘાત વડે આસોપાલવ ખીલે છે અને આલીંગનથી કુરુબક વૃક્ષ ખીલે છે–વળી કેટલાંક વૃક્ષો મૂર્છા વડે દ્રવ્ય નિધિને મૂળીયા વીંટી દે છે. તે પરિગ્રહનું પાપ સ્પષ્ટ છે.

ચારે સંજ્ઞાનું ઉદાહરણ લો તો જલાદિના આહાર વડે આહાર સંજ્ઞા, લજામણું વેલ ભયથી સંકોચાય છે. તે ભય સંજ્ઞા, તંતુ વડે વેલા વીંટાય તે પરિગ્રહ સંજ્ઞા. સ્ત્રીના આલીંગનથી કુરુબક વૃક્ષનું ખીલવું તે મૈથુન સંજ્ઞાના દૃષ્ટાંતો છે.

આ તો માત્ર વનસ્પતિકાયનું અવિરતિ પણું જણાવ્યું. આ રીતે પૃથ્વીકાયાદિ તથા બેઈન્દ્રિયાદિ જીવોનું અવિરતિ પણું જાણી લેવું.

અવિરતિ કરતાં ઓછા જીવો સમ્યગ્ દૃષ્ટિની પંક્તિમાં આવે છે. જેમકે શ્રેણિક મહારાજા સમકિતિ ખરા પણ વિરતિવંત ન હતા.

જગતમાં દેવતા અને નારકીના અસંખ્યાતમાં ભાગે અને તિર્યંચના અનંતમાં ભાગે જીવો અવિરતિ સમ્યક્ દૃષ્ટિ છે અને સમકિતીના અસંખ્યાતમાં ભાગે દેશવિરતિ જીવો છે. દેશવિરતિના અસંખ્યાતમાં ભાગે સર્વવિરતી જીવો છે.

૧૫ કર્મભૂમિમાં ઉત્કૃષ્ટા ૨૦૦૦ થી ૯૦૦૦ કરોડ સુધીજ મુનિવરો હોય. પાછી આ સર્વવિરતિ માત્ર માનવભવમાં જ પ્રાપ્ત થઈ શકે.

૮૪ લાખ યોનિમાં માંડ માનવભવ મળે. ત્યાં પણ દેવ-નારકીના અસંખ્યાત ભાગે સમકિતિ, સમકિતીના અસંખ્યાતમે ભાગે દેશવિરતિ અને તેના અસંખ્યાતમાં ભાગે સર્વવિરતિ— આ પંક્તિમાં મારું સ્થાન ક્યારે આવે તે મનોરથ થાય તો સમજજો કે **સંયમ રંગ લાગ્યો.**

આવા ચરણ પરિણામ વાળો જીવ કેવો હોય તે માટે એક શ્રેષ્ઠ કથાનક છે વજ્ર સ્વામીજીનું

અષ્ટાપદ પર ગૌતમ સ્વામીના પ્રતિબોધથી તીર્યંકજંભક દેવના અંતરમાં એક જ્યોતિ જલી ગઈ—ચરણ પરિણામોની. ક્યારે માનવભવ પામુંને ક્યારે ચારિત્ર ગ્રહણ કરું ?

ચારિત્રના મનોરથી ધનગિરિ લગ્ન કરવા તૈયાર નથી. કન્યાને જઈને ના પાડી દે છે છતાં સુનંદા સાથે લગ્ન થયા. ધનગિરિએ દીક્ષા લીધા પૂર્વેની એક માત્ર સંસારી ભેટરૂપ તીર્યંકજંભક દેવનો જીવ સુનંદાની કુક્ષીએ અવતર્યો. ચારિત્રના મનોરથી પિતાનો ચારિત્ર મનોરથી પુત્ર છે. જન્મતાં જ કાનમાં શબ્દપડ્યો જો આના પિતાએ દીક્ષા ન લીધો હોત તો...

બાળકે દીક્ષા શબ્દ પકડી લીધો, થઈ ગયું જાતિ સ્મરણ જ્ઞાન પડોસણ તો પચીસ શબ્દ બોલી પણ બાળકે દીક્ષા શબ્દ જ કેમ પકડ્યો ?

પરીક્ષા માં ૫૦ છોકરા ફર્સ્ટકલાસ આવે તો પણ તમારા છોકરાનો નંબર જોઈ કેવો આનંદ થાય તેમ અહીં દીક્ષા શબ્દ વીર્યોલ્લાસ માટે મહત્ત્વનો બન્યો. કારણ કે પૂર્વના ભવમાંથી ચારિત્રના પરિણામ લઈને બાળક આવ્યો છે. બસ કરી દીધું રડવાનું કામ શરું. માંડ માંડ માનવ જન્મ મળ્યો. દીક્ષા સિવાય બીજી વાત ન થાય. છ મહિના રડ્યા કર્યું–તમે એક દી' પણ દીક્ષા માટે રોયા છો ? છોકરાને છાનો રાખવા સુનંદાએ શું નહીં કર્યું હોય ? મોઢામાં સાકર-પતાસા કંઈક મીઠાશ મુકી હશે ને ? છતાં ન ખાવું-ન પીવું બસ રોવું છે. કારણ દીક્ષા લેવી છે.

ધનગિરિ આવ્યા વિહાર કરતાં, ગુરુએ કહેલું જે મળે તે લઈ આવજો. ઘેર સુનંદાએ કહી દીધું લઈ જાઓ તમારા લાડકાને. ધનગિરિ મુનિ કહે લઈ જાઉં પણ વાણીયાના ભરોસા ન થાય. પડોસી સાક્ષીમાં રાખો, પછી ન કે'તા બાવા છોકરો ઉપાડી ગયા.

આવ્યા ઉપાશ્રયે. વજ્ર જેવો ભાર હતો માટે વજ્ર નામ રાખ્યું. સાધ્વીની વસતિમાં ઉછરતાં ત્રણ વર્ષના થયા ત્યાં ૧૧ અંગ શીખી લીધાં વજ્ર એ.

સારો બાળક જોઈ સુનંદાનું મન લલચાણું. બાળક પાછો માગ્યો. મામલો કોર્ટે [રાજદરબારે] ગયો. સાક્ષી પણ ફરી ગયા. વાણીયા વાણીયાના પક્ષે બેસી ગયા. હવે શું થાય ? સુનંદા કહે છોકરો ધોળા લુગડાં વાળાનો હેવાયો છે. પેલા મને ન્યાય આપો. રમકડાં –ખાવાની વસ્તુ. કંઈક આકર્ષણો મુકયા. છોકરો સમજે છે. આ બધાં ફસા કંપનીના મેમ્બર છે. સુામું જોયું તો ફસાણા.

ગુરુ મહારાજ કહે લે, ઓઘો જોઈતો હોયતો. બાળક દોડ્યો. ઓઘો લઈ માંડ્યો નાચવા પછીતો સુનંદાએ પણ દીક્ષા લીધી અને બાળકને પણ આપી. તે દેવનું દીક્ષા માટે કેવું અભૂતપૂર્વ પ્લાનીંગ હશે. કારણ **चरण परिणाम–સંયમ રંગ લાગ્યો.**

ચરણપરિણામ કોને કહે તેનું બીજું ઉદાહરણ છે અભયકુમાર, વીરપ્રભુની દેશના સાંભળીને પૂછયું. હે સ્વામિન્ ! અંતિમ રાજર્ષિ કોણ ?

ઉદાયન રાજર્ષિ અંતીમ થઈ ગયા હવે કોઈ રાજા સંયમ ગ્રહણ કરશે નહીં. અભયકુમાર જાણે છે રાજેશ્વરી તે નરકેશ્વરી. ચક્રી દીક્ષા ન લે તો નરકે જ જાય. ત્રણ ખંડનો ધણી વાસુદેવ નરકે જ જાય. હવે કોઈ રાજા દીક્ષા ન લેવાનો હોય તો નરકને દેનારા આ રાજનું કામ શું ? ચારિત્રમાં આડે આવનાર રાજને ઠોકર મારી દો.

બોલો છે આવું ઝનુન, છે ચારિત્રની આવી લગની. રાજને ઠોકરે મારી અભયકુમારે દીક્ષા લીધી. ૧૧ અંગ ભણી સર્વાર્થસિદ્ધ વિમાને દેવતા થયા.

અભયકુમારની દીક્ષા થઈ તેમાં શ્રેણિક રાજાનો પણ ચારિત્ર રાગ વિચારો. રાજ ગયું–કેદી બન્યા ૧૦૦–૧૦૦ કરોડનો માર રોજ ખાવાનો છેલ્લે આપઘાત કરીને મર્યો. આ બધું બન્યું કેમ ? અભયકુમારે દીક્ષા લીધી તો ને ? છતાં ચારિત્રનો રાગ શ્રેણિકના રૂંવાડામાં ઓછો થયો ખરો?

અરે ભગવાન પણ શું જાણતા નહીં હોય કે અભયકુમારની દીક્ષાનું આ પરિણામ આવશે ? કદાચ એકદીક્ષા ન થાત તો ૧૪૦૦ શિષ્યોમાં શું ઘટી જાત ? ભાવિ તીર્થંકર અને પોતાની ત્રિકાળ પૂજા કરનાર, છતાં વીર પ્રભુએ દીક્ષા દેતા વિચાર કેમ ન કર્યો ? આવા કંઈક પ્રશ્નો તમને થતાં હશે.

કારણ તમને હજી **સંયમ રંગ લાગ્યો** નથી. ચારિત્રના પરિણામોના ઝરણા ફુટયા નથી. નહીં તો ધન્નાજીને એક વખત મેણું માર્યું "બોલવું સહેલું છે–છોડવું અઘરૂં છે." બસ છોડી દીધી આઠે

પત્ની, સુભદ્રા રડતી રહીને ધન્નાજી ચાલી નીકળ્યા દીક્ષા માર્ગે. તેજ ભવે અનશન ને સીધાં મોક્ષમાં.

**પરિભ્રમણ મેં અનંતા રે કીધા હજુયે ન આવ્યો છેડલો રે**

પણ છેડો ક્યાંથી આવે. સંસારથી વિરક્ત થાઓ તો ને? શ્મશાને મુકીને આવ્યા પછી તમારે જાણે કેમ બળવાનું જ ન હોય, તેમ પાછા સંસારના માચડે વળગી જાઓ છો ને? સંસાર તરફ પુરા ઉદ્વિગ્ન થાઓ, ચારિત્રના પરિણામ સેવો તો જરૂર ચારિત્ર પ્રાપ્ત થશે.

જંબુકુમારે સુધર્મા સ્વામીની વાણી સાંભળી કહ્યું મને પણ સંસારનો નિસ્તાર કરનારી દીક્ષા આપો. સુધર્મા સ્વામી કહે પ્રમાદ ન કરતો. બસ ગુરુવચન સ્વીકારી, શીલવ્રત અંગીકાર કરી માતા–પિતાની આજ્ઞા લેવા આવ્યા પણ માબાપે તો તેને આઠ કન્યા સાથે પરણાવવા વિચારેલું. એટલે જંબુકુમારને કહ્યું પહેલા વિવાહ કરો પછી ઠીક લાગે તે કરજો. આઠે કન્યા પણ વિચારે છે કે જો અમે તેમને સમજાવી શકીશું તો સંસાર માણશું અને નહીં તો તેમની સાથે ચારિત્ર ગ્રહણ કરશું.

લગ્નની પ્રથમ રાત છે દરેક કન્યા નવ–નવ ક્રોડ સોનૈયા કરિયાવર લાવી છે. દરેક કન્યા સ્વરૂપવતી છે. એક એક ક્રોડ સોનૈયા નવેના મોસાળપક્ષે આવ્યા છે. કુલ ૮૧ કરોડ સોનૈયાનો ઢગલો પડ્યો છે. શયનગૃહ–પૂર્ણ એકાંત–પહેલી રાત. દરેક સ્ત્રી પ્રેમમય વચનોથી ચલીત કરવા પ્રયત્ન કરે છે. પણ છેલ્લે સંવાદનો અંત આવે છે ત્યારે જંબુકુમાર સાથે આઠે કન્યા ચારિત્રના માર્ગે. કારણ–

**સંયમ રંગ લાગ્યો–**

કલ્પના તો કરો. સજાવેલો શયન ખંડ, સુમધુર સંગીત, યુવાન–સુંદર–શ્રીમંત કન્યા તે પણ સ્વ ઈચ્છાથી સમર્પીત થયેલી. તેમની સતત વિનંતી છતાં ભોગોને લાત મારી પોતે તો સંસાર છોડવો પણ કન્યાઓને પણ ચારિત્ર માર્ગે વાળવી.

એટલું જ નહીં, ચોરી કરવા આવનાર પ્રભવ ચોર ૫૦૦ ચોરો સાથે વાર્તાલાપ સાંભળે છે તે પણ દ્રવ્ય ધનને બદલે ભાવ ધન ચોરી જાય. મતલબ ૫૦૦ ચોરોને પણ ચારિત્રના પરિણામ થઈ ગયા. તે જંબુકુમારની ચારિત્ર ભાવનાનો રંગ કેવો. સુહાગ રાતના રંગરાગને બદલે વીતરાગતાના રાગમાં ડૂબ્યા અને ડૂબાડ્યા. સાથે આઠ પત્ની તથા પોતાના માતા–પિતા. કુલ ૫૨૭ની દીક્ષા વિચારો કેવો **સંયમ રંગ લાગ્યો** હશે. શીવરમણી પણ તેને વર્યા પછી જાણે બીજાને પરણવા

ન માંગતી હોય તેમ ચરમ કેવલી થયા પછી ભરત ક્ષેત્રનો મોક્ષમાર્ગ પણ બંધ થયો.

દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણ પૂર્વભવે હરિણેગમેષી દેવ છે. સિમંધર સ્વામીને પૂછે છે કે આવતે ભવે મને સાધુપણું સુલભ કે દુર્લભ! તે દેવના ભવે પણ ચારિત્રની કિંમત કેટલી ગણતાં હશે? સીમંધર સ્વામીએ કહી દીધું તને સાધુપણું મુશ્કેલ છે. વજ્રઘાત થઈ ગયો તે દેવને.

હવે શું? દુર્લભ તો દુર્લભ પણ મળે શી રીતે? તમે શું કરો એક તો ચારિત્ર લેવું ન હોય ને પાછા ભગવાનને માથે ઢોળી દો–જુઓને ભગવાન જ "મને દુર્લભ છે" તેમ કહે છે. તમારે કામ હોય તો નસીબને અભેરાઈએ ચડાવી દો. દીક્ષાની વાત આવે તો ભાગ્યને આડું ધરો.

પણ હરિણેગમેષીને તો દીક્ષા લેવી છે. ગયો ઈન્દ્ર પાસે, મહારાજ! અસંખ્યાત વર્ષ તમારી સેવા કરી, હુકમ પાળ્યા. દુર્લભ એવા ચારિત્ર માટે આવડી નોકરી કુરબાન છે પણ એક પ્રાર્થના સ્વીકારો. મને સાધુ-પણું મેળવી દેવાની જવાબદારી તમારે માથે.

બત્રીશ લાખ વિમાનના ધણી ઇન્દ્રને વચને બાંધ્યો. અવિરતિ છતાં ચારિત્રના પરિણામ કેટલાં? અસંખ્યાતા દેવતાના ઢોલમાં આ દેવ તતુડી જેવો ગણાય. છતાં ઈન્દ્ર પણ ના ન પાડી શક્યો તેને.

છતાં દેવને સંતોષ નથી ગયો વિમાનમાં લખ્યું કે છ મહિને અહીં જે દેવ ઉત્પન્ન થાય તેણે મને ચારિત્ર પમાડવા આવવું. તેવો મારો હુકમ છે. દેવના ભવે પણ કેવી સંયમ પ્રીતિ.

ક્ષત્રીયકુંડે અવતર્યો. દેવ વિમાને નવો દેવ આવ્યો. હુકમ વાંચી ગયો ઇન્દ્ર પાસે. ઈન્દ્રે પણ કહ્યું હું વચને બંધાયો છું. માટે તું જા ને પ્રતિબોધ કર. દેવે તેને મહા મુશ્કેલીએ પ્રતિબોધ કર્યો. દુર્લભપણે પણ સાધુ પણું મેળવી થયા દેવર્દ્ધિગણી ક્ષમા શ્રમણ.

જે કોઈ જીવ વિરતિવંત થાય કે વિરતિ પરિણામી થાય તેને રોકવો–અટકાવવો–પાછો વાળવો કે બળાત્કાર કરે તે આત્મા ગણધર હત્યાનું પાતક બાંધે માટે ચારિત્રના પરિણામ તો રાખો જ પણ તેના પરિણામવાળા જીવોની પણ અનુમોદના કરો.

જિન શાસનમાં ચરણ પરિણામના અનેક ઉદાહરણો મળે છે તમે પણ સતત ચરણ પરિણામી બનો ને ચારિત્ર ન લેવાય ત્યાં સુધી એક વસ્તુનો ત્યાગ કરો તો મને પણ થાય કે **સંયમ રંગ લાગ્યો.**

□

# (૧૦૬) સંઘોવરિબહુમાણો

## –કરે શ્રી સંઘ બહુમાન

सत्तीइ संघपूजा विसेस पूजाउ बहुगुणा एसा
जं एस सुए भणिओ तिथ्थयराणंतरो संघो

પ્રતિષ્ઠા પંચાશકની ગાથા–૩૮માં જણાવે છે કે શક્તિ મુજબ સંઘપૂજા [સંઘ બહુમાન] કરવું. ચતુર્વિધ શ્રી સંઘની પૂજા સંઘના અવયવ રૂપ સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાની ભિન્ન ભિન્ન પૂજા કરતાં ઘણાં ગુણને કરનારી છે કારણ કે ચતુર્વિધ શ્રી સંઘને તીર્થંકર સમાન કે તીર્થંકરે પછી બીજે નંબરે પૂજનીય ગણ્યો છે.

૦ અથવા તો સંઘ તીર્થંકર પરમાત્માને પણ પૂજ્ય હોવાથી શ્રેષ્ઠ ગણ્યો છે. માટે સંઘ પર બહુમાન રાખવું.

શ્રાવકના છત્રીશ કર્તવ્યોને જણાવતી मन्नह जिणाणं સજ્ઝાયમાં ચોત્રીશમું કર્તવ્ય સુક્યું संघोवरि बहुमाणो એટલે

### કરો શ્રી સંઘ બહુમાન

સંઘ એટલે સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એ ચાર [પાંચ નહીં કે ત્રણ નહીં] પક્ષના બનેલા ચતુર્વિધ ધર્મ સંઘને સામાન્યથી શ્રી સંઘ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનો શ્રી સંઘ તીર્થરૂપ ગણાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મરૂપી મહેલના ચાર આધાર સ્તંભો ગણ્યા. સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકા–આવા શ્રી સંઘ પરત્વે બહુમાન રાખવું.

આ બહુમાનના પ્રતિક રૂપે જ સંઘપૂજા નામનું કર્તવ્ય પ્રતિ વર્ષે અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં વાર્ષિક ૧૧ કર્તવ્યોમાં વર્ણવાય છે.

શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને શીરોધાર્ય કરનાર શ્રી સંઘને જ સંઘ તરીકે ઓળખાવાય છે. પછી પાંચ વાણીયા ગમે ત્યાં ભેગા થઇ ચાર દિવાલ ઉભી કરી ઉપાશ્રયનું નામ આપી દે [જ્યાં લગ્નાદિક માટે વાડી તરીકે ભાડે આપવાનું કામ પણ પાછા કરી લે તે વાત તો હજી અત્રે ચર્ચવી નથી] ને પોતાની જાતને સંઘ તરીકે ઓળખાવવા લાગે તે સંઘ માત્ર સમૂહ કહેવાય પણ તીર્થરૂપ ન ગણાય.

કારણ કે શ્રી સંઘના અસ્તિત્વના પાયામાં જિનાજ્ઞા પાલનને

મુકયું છે. જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પાલન એ પ્રાથમિક અને મહત્વ પૂર્ણ વસ્તુ ગણી તેનો સ્પષ્ટ અર્થ એ થયો કે આજ્ઞાનું પાલન કર્તા- એવા સાધુ, એવા જ સાધ્વી, એવા જ શ્રાવક અને એવી જ શ્રાવિકાનો સમુહ તે સંઘ. પરંતુ માત્ર લાડવા સંઘને કયાંય સંઘ ગણ્યો નથી.

**કરો શ્રી સંઘ બહુમાનનો** અર્થ જ આવા પ્રકારના ચતુર્વિધ શ્રી સંઘનું બહુમાન કરવું તેમ સમજવો-જાણવો-આદરવો.

શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ પરત્વેના બહુમાનનો દાખલો એક વખત વડીલોના મુખે વ્યાખ્યાનમાં સાંભળેલો હતો. કોઇ આચાર્ય મહારાજશ્રીને તેમના શિષ્ય પરિવાર સહિત પકડી લીધા. મુસ્લિમો તેને વહાણમાં બેસાડી વિદેશ ઉપાડી જવાની તૈયારીમાં હતા. એક જૈન શ્રાવકને ફરજિયાત મુસલમાન બનવું પડેલું હતું. તેણે આ દૃશ્ય જોયું એટલે સાધુઓ પાસે આવીને જણાવ્યું કે હું તમારામાંથી કોઈપણ એકને છોડાવી શકીશ પણ બીજા બધાંનું મોત નક્કી સમજજો.

સાધુઓએ નિવેદન કર્યું કે અમારા આચાર્ય મહારાજને એકને છોડાવી દો તો સારું. પેલા મુસ્લિમ બનેલા જૈન શ્રાવકે હોડકા દ્વારા આચાર્યશ્રીને ગુપ્ત રીતે રવાના કરી દરિયા માર્ગે મહુવા પહોંચાડયા.

આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સકળ સંઘ એકઠો થયો. શ્રાવક શ્રાવિકાએ નિર્ણય કર્યો કે આવી પડેલા સંકટને દૂર કરવું આપણા હાથમાં નથી. તો સૌ પોતપોતાના ઘરના છોકરાને સંઘ માટે સમર્પિત કરે. એ રીતે એકવીસ છોકરા આચાર્ય મહારાજને સોંપ્યા અને સંઘે દીક્ષા આપી. શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ પ્રત્યેનું બહુમાન પ્રગટ કર્યું.

આ વાત કદાચ લોકોક્તિ લાગે. કોઇ એમ પણ કહે કે કર્ણોપકર્ણ આ પ્રસંગમાં ઘણાં ફેરફાર થઈ ગયા હશે. ચાલોને તમે આ પ્રસંગ માનવા જ તૈયાર નથી તો પણ વર્તમાન કાલે આપણી આંખ સામે જ આવો પ્રસંગ બન્યો છે. શ્રી અંચલ ગચ્છમાં. તેના શ્રાવકોએ પણ સ્વગચ્છમાં સાધુની સંખ્યાનો ઘટાડો થતો જાણી, પોતાના બાળકો સંઘને સમર્પીને ગચ્છ ટકાવ્યો. આને કહેવાય શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રી સંઘ પરત્વેનું બહુમાન.

આવા શ્રી સંઘના ચાર પાયા-

(૧) **સાધુ** :-શ્રી સંઘનો પ્રથમ પાયો છે સાધુ. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનુસાર જેઓ ઉત્તમ ચારિત્રનું પાલન કરે છે. મળેલા

દુર્લભ મનુષ્ય જન્મને સફળ કરે છે. પોતે તો સંસાર સમુદ્રથી તરે છે. ભવ્ય જીવોને પણ તારવા પ્રયત્ન કરે છે એવા શ્રી ગણધર ભગવંતો—આચાર્ય મહાશજોથી માંડીને આજના દીક્ષીત થયેલા માત્ર સામાયિક ચારિત્રવાળા સુધીના સર્વે સાધુ ભગવંતોની સેવામાં યથાયોગ્ય ધન ખર્ચવું.

જેમકે સાધુ મહારાજોને સંયમ ઉપયોગી એવા અશન—પાનાદિ આહાર, વસ્ત્ર, ઔષધ, પાત્ર, વસતી વગેરે આપવા—તે પણ આધા કર્માદિક દોષ રહિત પુરા પાડવા.

જે કાળે, જે ક્ષેત્રમાં જે વસ્તુઓ જે સંયોગોમાં સાધુમહાત્માના સંયમમાં ઉપકારી બને તે કાળે, તે સ્થળે તે વસ્તુ તે પ્રસંગે તેમને આપવી જોઈએ. તેથી બધાં સાધુ ભગવંતો પોતાની સંયમ આરાધના નિર્વિઘ્ન પણે કરી શકે.

તદુપરાંત સાધુ ભગવંતોની નિંદા કરતા નિંદકોને અટકાવવા એ રીતે સાધુ મહાત્મા રૂપ શ્રી સંઘ પરત્વે પોતાનું બહુમાન પ્રગટ કરવું.

ગુરુ મહારાજને જોતાં જ જેનું મસ્તક ઝુકી જાય, બહુમાન ભાવથી ગદ્ ગદ્ થઈ ઉઠે વાણી, મારે આંગણે સાધુ મહારાજ ક્યાંથી? આવો ભાવ ઉઠે તેને બહુમાન કહેવાય. જેટલું બહુમાન વધુ તેટલી સર્વવિરતિની પ્રાપ્તિ જલ્દી, સમ્યકત્વનો સ્પર્શ વહેલો. માટે શ્રી સંઘના પ્રથમ પાયા રૂપ સાધુ ભગવંતો પર પૂર્ણ બહુમાન રાખો.

**(૨) સાધ્વી :–** સાધુ મહારાજા પછી શ્રી સંઘનો બીજો પાયો કે બીજું અંગ છે સાધ્વીજી.

દર્શન—જ્ઞાન—ચારિત્રના ધારણ કર્તા સાધ્વીજી મહારાજ પ્રત્યે પણ સાધુ ભગવંતોની જેમજ પૂર્ણ બહુમાન હોવું જોઈએ. અલબત વર્તમાનકાલે એક દુઃખદ સ્થિતિ સર્જાઈ છે. ઉપાશ્રયના મુખ્ય બહેન જે શામળ તરીકે ગણાતા હોય તે સાધ્વીજીના ગુરુની જેમ વર્તતા જોવા મળે છે. તે કહે તે જ સ્તવન કે સજઝાય બોલવાના. આદેશ પણ વડીલ સાધ્વીજીને બદલે શામળ જ આપે. આ બધો ઘોર અવિનય છે.

સાધ્વીજીઓ પણ શાસનના રત્ન છે. મોક્ષના અધિકારી છે. તેમના પરત્વે પણ પૂર્ણ બહુમાન ભાવ હોવો જોઈએ. મનમાં થઈ ઉઠે કે અહો યૌવનના આંગણે વસંતને આવકારવાને બદલે ત્યાગ

નાં માર્ગે જઈ કેવા કેવા કઠોર પરિષહોને સહન કરી રહ્યા છે. ખરેખર વંદનીય છે આ ગુરુણીઓને.

સવારે ભરહેસરની સજ્ઝાયમાં વંદના કરો છો ને? કોને કરો છો? ચંદનબાલા વગેરે મહાસતી–સાધ્વીજીઓને

**પ્રશ્ન** :– મિથ્યાત્વના ઉદયે કરીને સ્ત્રી વેદ બંધાય છે.

સમકિત દૃષ્ટિ જીવ સ્ત્રી વેદ બાંધતો નથી પછી સાધ્વીજીનું બહુમાન શામાટે કરવાનું?

**સમાધાન** : સ્ત્રી વેદ પહેલા–બીજા ગુણઠાણે બંધાય છે તે વાત કબુલ છતાં (સ્ત્રી)–સાધ્વીને મોક્ષધિકાર આપેલો જ છે તે શ્રીજિન-વચનને જાણે છે. તેની શ્રદ્ધા કરે છે. શાસ્ત્રાનુસારી શુદ્ધ આચરણ પણ કરે છે માટે સાધ્વીજીનું બહુમાન યોગ્ય જ છે.

સાધુ ભગવંતો કરતાં પણ સાધ્વીજીના બહુમાનમાં વિશેષ ખ્યાલ રાખવો. દુરાચારી અને નાસ્તિક લોકો વડે થતો તેનો પરાભવ રોકવો અને રક્ષણ આપવું જરૂરી છે. તેમને સુરક્ષીત વસતિ દાન કરવું, સ્ત્રી–પુત્રીઓ દ્વારા સેવા કરાવવી, દીક્ષાઓ અપાવવી અને એ રીતે દ્રવ્ય ભાવપૂર્વક બહુમાન કરવું.

—શ્રી સંઘ ઉપર બહુમાન ભાવ પ્રગટ કરતો સુંદર પ્રસંગ જૈન ઇતિહાસના પાને નોંધાયો છે. સાધુ ભગવંતે સંઘનું બહુમાન સ્વીકારી કઈ રીતે શાસન પ્રભાવના કરી તેની નોંધ આલેખાઇ છે.

ઉજ્જૈની નગરીમાં સુવ્રતાચાર્ય પધાર્યા. ધર્મરાજા પરિવાર સહિત વાંદવા ગયો. શરમે ભરમે નમુચિપ્રધાને પણ જવું પડ્યું. તેણે આચાર્ય મહારાજ સાથે વિવાદ માંડયો કે બ્રાહ્મણો પવિત્ર છે અને જૈનો અપવિત્ર છે. આચાર્ય મહારાજે સમજાવ્યું કે બ્રહ્મચર્ય હોય તે પવિત્ર અને ન હોય તો અપવિત્ર. એ જ પવિત્રતાની પારાશીશી છે. આવી અનેક ચર્ચામાં તે પાછો પડયો.

તે સ્વભાવનો ક્રોધી અને ડંખીલો હતો. તેથી પરાભવ સહન ન થતાં મધ્યરાત્રિએ મુનિને મારવા દોડયો. પણ શાસન દેવીએ થંભાવી દેતા ગામ આખામાં નિંદા પાત્ર બન્યો કે આ કેવો નિર્દય અને ધર્મ દ્વેષી પ્રધાન છે. તેથી તે ઉજ્જૈની છોડી હસ્તિનાપુર આવ્યો.

ત્યાં પદ્મોતર રાજા રાજ્ય કરે. તેને વિષ્ણુકુમાર અને મહાપદ્મ નામે બે પુત્રો હતા. નમુચીએ ત્યાં જઈ સિંહબળ નામના ભયંકર

શત્રુનો પરાજય કર્યો. પરિણામે મહાપદ્મનો પ્રીતિપાત્ર બન્યો. મહાપદ્મ નમુચીને વરદાન માગવા કહ્યું. નમુચી કહે અવસરે માંગીશ પછી તો તે હસ્તિનાપુરનો પ્રધાન પણ બની ગયો.

સમય જતાં સુવ્રતાચાર્યજી હસ્તિનાપુર પધાર્યા, વિષ્ણુકુમાર મહામુનિ થઈ ગયા હતા અને મહાપદ્મ રાજા ચક્રવર્તી બની ગયો હતો.

સુવ્રતાચાર્યને જોતાં જ પૂર્વનું વેર સાંભર્યું. મહાપદ્મ રાજાને કહ્યું આપે મને વરદાન આપેલું તો આજ હું માંગુ છું કે મને અલ્પકાળ માટે ચક્રવર્તી પદ ભોગવવા આપો. એક વચની રાજાએ તેની માંગણી મંજુર કરી. પોતે અંતઃપુરમાં ચાલ્યો ગયો.

રાજ્ય હાથમાં આવતા નમુચીએ સંપૂર્ણ હિંસામય યજ્ઞનો આરંભ કર્યો. બધાં ધર્મગુરુ આવ્યા પણ સુવ્રતાચાર્ય ન આવ્યા. નમુચીએ તેને બોલાવીને કહ્યું કે હાલ હું રાજા છું માટે તમે મારા યજ્ઞને વખાણો.

અમે હિંસાથી ભરેલા કાર્યની અનુમોદીએ નહીં.

નમુચી કહે આ રાજ મારું છે. જો મારી આજ્ઞાનું પાલન કરવું ન હોય તો સાત દિવસમાં મારી હદ છોડી ચાલ્યા જાઓ. નહીં તો કોઈને જીવતા નહીં છોડું.

સુવ્રતાચાર્ય અને શિષ્ય પરિવાર વિચારે છે કે છ ખંડ પૃથ્વીને સાત દિવસમાં છોડીને બીજે ક્યાં જવું? સંઘ ભેગો કર્યો. શું કરવું તેની ચર્ચા ચાલી, નક્કી થયું એક લબ્ધિવંત સાધુને વિષ્ણુકુમાર મુનિ પાસે મોકલવા.

સાધુ પરના બહુમાન—સંઘના બહુમાન ખાતર વિષ્ણુ મુનિ તુરંત ત્યાં આવ્યા. તેમની પાસે આકાશગામીની લબ્ધિ હતી એટલે બીજો પ્રશ્ન ન હતો.

નમુચી પાસે જઈ પૂછયું આ મુનિ ચોમાસામાં ક્યાં જાય?— હું કંઈ ન જાણું સાત દિવસમાં મારા રાજ્યની હદ છોડી ચાલ્યા જવું તે મારો હુકમ છે. વિષ્ણુ મુનિ કહે 'તું મને તો ઓળખશ ને? મારે માટે તો ત્રણ ડગલાં જેટલી જમીન આપ. નમુચી કહે સારું હું તમને ત્રણ ડગલાં જમીન આપુ છું. પણ તેની બહાર તમારો કોઈ સાધુ જોયો તો જીવતો નહીં જવા દઉં.

વિષ્ણુકુમાર મુનિને સંઘ બહુમાન જાળવવાનું હતું. સાધુ પ્રત્યેના

આદરને પ્રગટ કરવાનો હતો. તેણે પોતાની કાયાને વૈક્રિય લબ્ધિ વડે લાખ જોજનની કરી દીધી. એક પગ જંબુદ્વિપના આ છેડે મુકયો અને બીજો પગ જંબુદ્વિપના બીજે છેડે મુકયો. પછી પૂછયું બોલ નમુચી ત્રીજો પગ [ત્રીજું ડગલું] કયાં મુકું હવે?

ત્રીજો પગ નમુચીના ગળા પર મુકીને વિષ્ણુકુમાર મુનિએ ત્યાંને ત્યાં તેને મારી નાખ્યો.

સકલ શ્રી સંઘ, ઈન્દ્ર, દેવો, દાનવો સૌ વિષ્ણુકુમાર મુનિના ક્રોધને શાંત કરવા સમજાવે છે. સંઘની વિનંતીને માન આપી પોતાનું રૂપ સંહરી લઈ ક્ષમાપના માગી, પ્રાયશ્ચિત કર્યું, નમુચિ મરીને નરકે ગયો. તે દિવસે કારતક સુદ એકમ હતી–ત્યારથી સામ સામે જુહારવાની પ્રવૃત્તિનો આરંભ થયો.

આવા એ વિષ્ણુકુમાર મુનિને સાધુ પર અને સંઘ પર કેવું બહુમાન હશે?

શ્રાવકોને પણ સંઘોવરિ બહુમાણો કર્તવ્યની યાદ અપાવતા કહ્યું કે **કરો શ્રી સંઘ બહુમાન.** તમે પણ અવસરે આટલું બહુમાન પ્રગટ કરનારા બનો.

**(૩) શ્રાવક :–** ચતુર્વિધ શ્રી સંઘનો ત્રીજો પાયો છે. શ્રાવક શ્રાવક–મારો સાધર્મિક ભાઈ, કયાંથી મળે મને સાધર્મિક. એવી ઉર્મીપૂર્વક શ્રાવકને જોઈને હૃદયમાં આનંદ અને બહુમાનની લાગણી થવી જોઈએ. કેમકે સાધર્મિકનો સમાગમ પણ મહાન પુણ્યને ઉત્પન્ન કરાવે છે. તો તેના પરત્વેનું દ્રવ્ય કે ભાવપૂર્વકનું બહુમાન કેટલો લાભ અપાવે.

તેમના બહુમાન ભક્તિ રૂપે પોતાના પુત્ર–પુત્રીના લગ્ન કે જન્મ પ્રસંગે–ઘેર નિમંત્રવા, ઉત્તમ જાતિના ભોજન–પાન આપવા. સંકટ સમયે તેમના સંકટને ટાળવા મદદગાર બનવું. નિર્ધન બનેલાને ફરી ધન આપી પુનઃ ધનવાન્ બનાવવા. તેમજ શ્રદ્ધા મંદ બનેલાને ધર્મમાં સ્થિર કરવા. ધર્મકાર્યો કરવા માટે પ્રેરણા આપવી વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જોડવા એ રીતે બહુમાન પ્રગટ કરવું.

આજ કાલ સ્વાર્થની દુનિયા છે. સ્વાર્થ ના સૌ સંબંધોમાં શ્રાવકનું દર્શન પણ આનંદકારી બને. ચક્રવર્તીઓ પણ સાધુને પડિલાભી શકતા ન હોવાથી શ્રાવકોની ભક્તિ કરીને જ અતિથિ સંવિભાગનો લાભ મેળવતા.

અરે કોર્ટ કચેરીમાં પણ પીળા ચાંદલાવાળો નજરે પડે તો કેસ પાછો ખેંચી લઈએ કારણ ગમે તેમ તો ય મારો શ્રાવક ભાઈ. આવું બહુમાન હોય ત્યારે શ્રી સંઘના ત્રીજા અંગ પ્રત્યેનું બહુમાન સમજવું.

**(૪) શ્રાવિકા :–** શ્રાવકની જેમ શ્રાવિકા બહેનો પ્રત્યે પણ બહુમાન હોવું જોઈએ, શીલવતી, સંતોષધારી, જ્ઞાન–દર્શન–ચારિત્ર વ્રતી તથા શ્રી જિનશાસનમાં અનુરાગ વાળી સધવા કે વિધવા સર્વ શ્રાવિકા પ્રતિ શ્રાવકની જેમ બહુમાન તથા પ્રીતિ રાખવા જોઈએ.

**પ્રશ્ન :–** સ્ત્રીઓને તો બહુ દોષ વાળી–ઝેરની મૂળી સમાન વગેરે વિશેષણો આપ્યા છે. પછી તેનુ બહુમાન શા માટે ?

**સમાધાન :–** આપણે ત્યાં ક્રુર અને દુષ્ટ પુરુષો પણ થયા જ છે. છતાં તેનું બહુમાન કેમ સ્વીકાર્યું ?

વળી સ્ત્રીઓમાં પણ સુલસા–રેવતી જેવી શ્રાવિકાનો વિચાર કરો. તીર્થંકર પરમાત્માની માતા સમાન શ્રાવિકાઓને યાદ કરો. તેને આશ્રીને બહુમાન ભાવ પ્રગટ કરવાનો છે. શ્રાવિકાઓ પણ એકાવતારી કે તીર્થંકરનો જીવ હોય છે.

તેથી પોતાની જ બહેન–માતા–પુત્રીની જેમ શ્રાવિકાઓનું પણ બહુમાન કરવું જોઈએ.

ઝાલાવાડની ધરતી માથે દુષ્કાળ ખાબક્યો તે ટાણે રતન નામનો ચારણ અને તેની પદમણી જેવી પચાશેક ભેંસુ રહે. દુકાળમાં ખડ–પાણી ખુટયા. માલ–ધારીઓ મુંઝાણા. ભેંસુ–ગાયુને લઈને ઉતર્યા ગોહીલ વાડની ધરતી પર. કુંભારીયા ગામને પાદર રહ્યા. બારમાસી નદીના કાંઠે પડાવ નાખ્યો.

કુંભારીયા ગામનાને રતન ચારણના ઢોર એક જ સાથે પાણી પીએ, ખડ ચરે, ઈ ટાણે કુંભારીયા ગામના દરબાર અને પડખે ભંડારીયાના કામળીયા નુખના લાખા આયરને વેર.

લાખો એટલે આગનો કટકો. એક દી' લાખાએ કુંભારીયાના માલ માથે છાપો માર્યો. ૫૦. ભેરુબંધ હારે પુગ્યો. નદી કાંઠે ચરતા ઢોરને એકજ હાંકલેવાળીને હાલતો થયો.

ગામ જોતુ રહ્યુંને કોઈને લાખાને પડકારવાની હિંમત ન હાલી. કુંભારીયાના ઢોર સાથે ચારણની ભેંસુ પણ ગઈ. ભારો રતન ચારણ તો. દેવી પુતર. દેહમાંથી જાણે જ્યોત્યું પ્રગટી. ઘોડે પલાણ કર્યાંને ચારણ પુગ્યો ભંડારીએ.

લાખો તો હેતુ મિત્રોથી વીંટળાયેલો ડેલીએ બેઠો છે. હોકો પીએ છે ને ડાયરો રંગે ચડ્યો છે.

બરાબર આવા ટાણે ભારા રતન ચારણે પેંગડામાંથી પગ છાંડીને ડાયરાને રામરામ કર્યા. ડાયરાએ ચારણને રૂડા આદર માન દીધા. ચારણ બોલ્યો, લાખા! કુંભારીયાનો ઢોર લેવા આયો છું.

ચારણ! તમારા હોય તેટલા નોખા તારવી લ્યો.

લાખા! હું આખા ગામના ઢોર માંગુ છું.

ચારણ દેવ ગામના ઢોર તો ડાયરો લેવા આવે તે દી' મળે.

લાખા! હું એકલો મારા ઢોર લઈને જાઉં તો ભુંડો અને સવારથી ગણાઉં. જીદ કર્યા વન્યા મને ઢોર આપી દે લાખા!

ઈ' લાખ વાતેય નો બને ચારણ દેવ! તમે તો તમારા ઢોર લઈ જાઓ.

ઠીક કહું છું, લાખા! માનીજા. ડાયરો ખડખડ હસવા માંડયો. ભારો ચારણ સમજી ગયો કે આ તલમાં કંઈ તેલ નથી. છોગાળું ત્રાગું માંડયું.

કપાસીયાનું ગાડું ભરી ભંડારીયાના પાદરમાં ઠાલવ્યું ને માથે ઘી રેડયું. ઢગલાને આગ ચાંપી પોતે ઢગલાના ભારા ઉપર ઉભો રહ્યો. ગળામાં કટાર ખોસી ત્રાડ નાખી. જોઈ લે લાખા, ચારણનું ત્રાગું. ચારણ કોઈ દી' સવારથી ન હોય તે સંઘાયનું સુખ જુએ પંડયનું એકલાનું નહીં.

લાખાએ કુંભારીયાના ઢોર છોડી મુકયા અને ભારો રતન ચારણ ભડથું થઈને ભંડારીયાને ગોઝારું કરતું ગયો.

આ પ્રસંગ એક ઐતિહાસિક સત્ય છે. તેનો ભાવાર્થ પકડો તો સંઘ બહુમાન કર્તવ્ય તમને આપોઆપ સમજાઈ જશે.

તીર્થરક્ષાની કે સંઘ બહુમાનની મોટીમોટી વાતો ચગાવનારાને પૂછો, છે આ ચારણ જેવું બહુમાન? પંડયના દેહને સળગાવીને પણ આખા સમુહના ઢોર પાછા વાળ્યા આનું નામ તે संघोवरि बहुमाणो.

શ્રાવકોએ પણ આ કર્તવ્ય આવી ઉચ્ચતમ ભાવનાથી બજાવવું જોઈએ. તેથી જ અમે એક સંદેશ આપીએ છીએ.

**કરો શ્રી સંઘ બહુમાન.**

શ્રાદ્ધવિધિમાં પણ સંઘ બહુમાન માટે લખ્યું કે પોતાના વૈભવ–

સંપત્તિને અનુસાર અતિ આદર અને બહુમાન પૂર્વક સાધુ–સાધ્વીને યોગ્ય નિર્દોષ અને તે પણ સંયમમાં ઉપકારક વસ્ત્ર, કામળ, રજોહરણ, સુતર, ઉન, પાત્રા, દાંડા, દાંડી સોય, કાંટો કાઢવાનો ચીપીઓ, કાગળ, કલમ, પુસ્તક વગેરે વહોરાવવા.

શ્રાદ્ધદિન કૃત્ય ગાથા ૧૭૮માં જણાવે છે–

वत्थं पत्तं च पुत्थं च कंबलं पायपुंछणं
दंडं संथारयं सिज्जं अन्नं जंकिंचि सुज्झइ

વસ્ત્ર–પાત્ર તથા પુસ્તક, કમળ, પાદપ્રોંછક, દાંડો, સંથારીયું, શય્યા તથા બીજું પણ સંયમને ઉપકારક જે કોઈ સાધુને યોગ્ય શુદ્ધ કે કલ્પ્યવસ્તુ હોય તે વહોરાવવી [આપવી] જોઈએ.

અને એ રીતે સાધુ–સાધ્વી રૂપ શ્રમણ સંઘની પૂજા–ભક્તિ કરવી જોઈએ.

શ્રાવક–શ્રાવિકારૂપ સંઘની ભક્તિ બહુમાન પ્રગટ કરતાં જણાવે કે તેમનો પણ સત્કાર કરવો. શક્તિ મુજબ પહેરામણી કરવી અને ભાવ બહુમાન માટે ધર્મમાર્ગમાં સ્થિર કરવા જોઈએ.

શ્રી સંઘ–બહુમાન જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદે જણાવેલું છે.

સર્વ શક્તિ વડે સકલ શ્રી સંઘને સર્વ પ્રકારે વિશિષ્ટ પહેરામણી વગેરે આપીને સત્કાર કરવો તે ઉત્કૃષ્ટ સંઘ બહુમાન.

શક્તિના અભાવે માત્ર સુતર જેવી અલ્પ કિંમતની વસ્તુ વડે સત્કાર કરવો. અથવા માત્ર એક બે જ સાધુ–સાધ્વી કે શ્રાવક–શ્રાવિકાની ભક્તિ કરવી તે જઘન્ય સંઘ બહુમાન.

આ ઉત્કૃષ્ટ સંઘ બહુમાન તથા જઘન્ય સંઘ બહુમાનના વચ્ચગાળાની સત્કાર અને પ્રીતિપૂર્વકની જે ભક્તિ તે સઘળું મધ્યમ સંઘ બહુમાન કે સંઘ પૂજા સમજવા.

માત્ર તમે તો એક સંદેશો પકડી લો પહેલાં કે

**કરો શ્રી સંઘ બહુમાન.**

બહુમાન હોવું તે મહત્ત્વનું છે. પછી માત્ર એક મુહપત્તિ કે સોપારી પણ આપી શકો. તેમાં કેટલું આપ્યું તે દ્રવ્ય પરિમાણથી બહુમાનનું માપ નથી નીકળતું. તે માટે હૃદયમાં કેટલો આદર કે બહુમાન ભરેલું છે તે વસ્તુની કિંમત છે.

એક ખ્યાતનામ ડૉકટર હતા. પોતે સમાજ માન્ય અને લબ્ધ પ્રતિષ્ઠિત હાર્ટ સ્પેશિઆલિસ્ટ. મેડિકલ કોન્ફરન્સમાં પણ ઘણીવાર જવું પડે પણ તેઓ કદી કંદમૂળની સામે પણ ન જુએ. પછી હાથ અડાળવાનો કે ખાવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

"પોટેટો ચીપ્સ" સર! મારે નહીં ચાલે.

મિત્ર ડૉકટર કહે આ બધું ન ખાવાનું કોઈ કારણ? ડૉકટર કહે મને મારી મધર પ્રત્યે પૂર્ણ બહુમાન છે. મારા મધર એક ધર્મનિષ્ઠ ધર્મ પરાયણ સ્ત્રી છે. હું ઘેર જતાં વેંત રોજ તેમને પગે પડું છું અને માતાજી વાત્સલ્ય પૂર્વક પૂછે છે. કેમ બેટા! આજે રાત્રે મોડું કેમ થયું?

હું નમ્ર ભાષામાં ઉત્તર આપું છું કે કોન્ફરન્સમાં ગયો હતો.

તરત જ મધર પૂછે છે કે બેટા કંઈ અભક્ષ્ય તો ખાઈને નથી આવ્યોને? ભાઈ, રાત્રિ ભોજન તો કર્યું નથી ને?

અરે શરૂઆતમાં એક-બે વખત બટાકાનું શાક ખવાઈ ગયું તો તેમણે ઉપવાસ કરી દીધો. ઉપવાસ [ફાસ્ટ ફાસ્ટ] સમજ્યા?

અને ડોકટર હવે તો મેં મારા ગુરુદેવો પાસે પણ જવાનું શરૂ કરી દીધું છે. તેઓની પાસે પણ અભક્ષ્યાદિ ઘણું શીખ્યો છું અને શાસ્ત્રીય તથા વૈજ્ઞાનિક પરિશીલન પણ આ બાબતમાં મેળવી રહ્યો છું.

વિચારો કે એક માતા પરનું બહુમાન પણ પુત્રને કેવો ધર્મ પરાયણ કે ધર્મનિષ્ઠ બનાવી શકે છે?

**કરો શ્રી સંઘ બહુમાન** પરિશીલનથી સકલ શ્રી સંઘ પરત્વેનું બહુમાન પ્રગટ કરવાનું છે. તે બહુમાન જીવનમાં પ્રગટી જાય તો કેવું અમૂલ પરિવર્તન આવે.

સંઘોવરિ बहुमाणो કર્તવ્યના પાલન થકી નિજ ગુણને પ્રગટાવનારા બનો.

સંઘ બહુમાન એટલે સાધુ ભગવંતોનું બહુમાન
સંઘ બહુમાન એટલે સાધ્વીજીઓનું બહુમાન
સંઘ બહુમાન એટલે શ્રાવકભાઈનું બહુમાન
સંઘ બહુમાન એટલે શ્રાવિકાબેનોનું બહુમાન

**કરો શ્રી સંઘ બહુમાન**

□

# (૧૦૭) પુસ્તક લેખન

—લખે લખાવે સૂત્રને

न ते नरा दुर्गतिमाप्नुवन्ति
न मूकतां नैव जड स्वभावम्
नैवांधतां बुद्धि विहीनतां च
ये लेखयन्त्यागम पुस्तकानि

જે મનુષ્યો સિદ્ધાંતના પુસ્તકો લખાવે છે તેઓ દુર્ગતિને મૂક-પણાને, જડતાને, અંધત્વને અને બુદ્ધિ રહિતતાને પામતા નથી.

આ જ શ્લોકના ચોથાચરણમાં ધર્મસંગ્રહમાં आगम पुस्तकानि ને બદલે जिनस्य वाक्यम मुक्यु પણ બંનેનો અર્થ તો આગમ પુસ્તકો કે શાસ્ત્રો એવો જ કરાયો છે.

મન્નહ જિણાણં સજ્ઝાયની અંતિમ [પાંચમી] ગાથામાં પણ શ્રાવકનું ૩૫મું કર્તવ્ય મુક્યું पुत्थय लीहणं એટલે શ્રાવકે પુસ્તકો લખવા [લખાવવા] જોઈએ. પણ પુસ્તક એટલે શું ?

પુસ્તક દ્વારા શું કહેવા માંગે છે તેની જાણકારી અતિ મહત્ત્વની છે. કેમકે આજકાલ પોતપોતાના પુસ્તકો લખવા–લખાવવા [છાપવા–છપાવવા]નું એટલું બધું વધતું જાય છે કે પ્રાચીન શ્રુત સાહિત્ય પરત્વે જાણે દુર્લક્ષ સેવાતું હોય તેમ લાગે.

[અમારા પૂજ્ય આચાર્ય દોલતસાગર સૂરિજી છેલ્લા લગભગ ૨૦ વર્ષથી આગમનું એકધારું કામ કરે છે. છતાં ૪૫ આગમ મૂળની ૧૦૦૦ રૂપીયાની ૧૦૦૦ પેટીના ગ્રાહક મહામુશ્કેલીએ એકઠા થયેલા.

તે જ મુંબઈ મહાનગરીમાં વ્યાખ્યાનાદિ સામાન્ય સાહિત્ય માટે ઢગલાબંધ રકમો પણ પોત–પોતાના માનીતા સાધુને અપાય છે.]

તેથી અહીં પુસ્તકોનો અર્થ સ્પષ્ટ કરતાં ધર્મ સંગ્રહ તથા ઉપદેશ પ્રાસાદમાં આગમો કે શાસ્ત્રો એવો અર્થ જ રૂઢ કર્યો છે.

આવા શાસ્ત્રોનું લખાવવું અથવાતો પૂજ્ય ગુરુમહારાજના ઉપદેશ પૂર્વક લખાતા [છપાતા] હોય તેમાં યોગ્ય પ્રમાણમાં દ્રવ્યનો વ્યય કરી તે શ્રુતભક્તિનો લાભ લેવો તેને શ્રાવકનું पुत्थय लिहणं– પુસ્તક લેખન કર્તવ્ય ગણ્યું.

સંક્ષેપમાં પુસ્તક લેખન એટલે **લખે લખાવે સૂત્રને.** જો કે પ્રબોધ ટીકામાં તો પુત્થય લિહણં નો અર્થ સીધો જ પુસ્તકો લખાવવા એવો કરી દીધો છે.

શ્રાવકે ન્યાયોપાર્જિત દ્રવ્ય વડે ધર્મ સંબંધિ પુસ્તકો લખાવવા. ઉપલક્ષણથી સંઘરવા અને સુરક્ષિત રાખવા–તેમ કરવાથી દુર્ગતિ થતી નથી અને જન્માંતરમાં મૂંગાપણું–જડપણું–અંધત્વ કે બુદ્ધિ હિનતાને પામતા નથી.

સુશ્રાવકોએ આજ સુધીમાં લાખો રૂપિયાનો ખર્ચ કરીને ધાર્મિક ગ્રન્થો લખાવ્યા છે. તેનો યોગ્ય સંગ્રહ કરીને સુરક્ષિત રાખવા ખાસ ભંડારો પણ બનાવ્યા છે.

આવા પ્રકારની લેખન–સંરક્ષણ પ્રવૃત્તિ વડે કરીને જ પ્રાચીન સાહિત્ય આ જ સુધી આપણી પાસે પહોંચ્યું છે. જો આવી જ પરંપરા ચાલુ રહે તો ભાવિમાં અનેક પેઢીઓ પણ તેનો લાભ લઈ શકશે માટે શ્રાવકોએ પુત્થય લિહણં ના કર્તવ્ય તરીકે **"લખે લખાવે સૂત્રને રે"** પંક્તિ સ્મરણસ્થ કરી દઇ પુસ્તકો લખાવવાની અને સુરક્ષિત રાખવાની પ્રવૃત્તિને જ્ઞાન પૂજા કે શ્રુત ભક્તિના અતિ મહત્ત્વના અંગ માનીને આદરવી.

પેથડ નામનો એક મંત્રી થઈ ગયો. તે માલવ દેશમાં ધન ઉપાર્જન કરવા ગયેલો હતો ત્યાં જઇને કોટી સુવર્ણનો માલિક બન્યો હતો.

એક વખત ગુરુ મહારાજ પધારતાં તેણે ગુરુ પ્રવેશ મહોત્સવમાં ૭૨૦૦૦ દ્રવ્યનો ખર્ચ કર્યો.

ગુરુ મહારાજ મધુર રીતે ભગવતી સૂત્રનો એક વખત પાઠ કરી રહ્યા હતા તે સાંભળતા પેથડ મંત્રી બોલ્યા કે મારે પણ ભગવતીજી સૂત્ર સાંભળવાની ઇચ્છા છે.

શ્રી ધર્મઘોષ સૂરિજીએ પ્રથમથી આરંભીને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એટલે કે ભગવતીજી સૂત્ર નામના પાંચમાં અંગને વાંચવાનો પ્રારંભ કર્યો. ત્યારે આ સૂત્રમાં જ્યાં જ્યાં ગોયમા [ગુરુ ગૌતમનું નામ] શબ્દ આવતો હતો ત્યાં ત્યાં પેથડ સંઘવી એ સોનામહોર મુકી મુકીને ભગવતીજીની પૂજા કરી હતી. એ રીતે ૩૬૦૦૦ વખત ગોયમા શબ્દ એટલે કે ગૌતમ સ્વામીજીનું નામ આવ્યું અને તેણે ૩૬૦૦૦ સોના-મહોર વડે જ્ઞાન પૂજન કર્યું.

આ રીતે એકઠી થયેલ ૩૬૦૦૦ સોનામહોરનું જેટલું દ્રવ્ય થાય તેટલું સઘળું દ્રવ્ય એકઠું કરી તે તમામ દ્રવ્ય ખરચીને આગમનાં પુસ્તકો લખાવ્યા. તે બધાંજ પુસ્તકોની બબ્બે પ્રતો કરાવી એક પ્રત સોનેરી શાહી વડે અને બીજી પ્રત મેષની શાહી વડે લખાવી. આ રીતે લખાવેલા આગમ–શાસ્ત્રોને રેશમી વસ્ત્રોમાં બાંધ્યા. તે પ્રતો ભરુચ–સુરગિરિ–માંડવગઢ–અર્બુદાચલ આદિ સાત સ્થાનોમાં મુકી એ રીતે સાત જ્ઞાન ભંડારો કરાવી પુણ્ય કમાયા.

આ પ્રકારે તમારે પણ યથાશક્તિ દ્રવ્યનો વ્યય કરીને આગમના પુસ્તકો લખાવવા જોઈએ. કેમકે ધર્મશાસ્ત્રોએ આપણો ઉત્તમ વારસો છે તે વારસો જેટલો વધારે સચવાય, પ્રસારાય તેટલો આપણને જ્ઞાન-આરાધન, જ્ઞાનભક્તિ અને જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા કરવાનો મહાન્ લાભ પ્રાપ્ત થાય છે. માટે पुत्थय लिहणं કર્તવ્ય રૂપે **લખે લખાવે સૂત્રને** પંક્તિને ચિત્તસ્થ કરી ધર્મશાસ્ત્ર લખાવવા કંઈક અંશે પણ પ્રવૃત્તિ કરવી.

પાંચમાં આરામાં દિવસે દિવસે કાળના પ્રભાવથી બુદ્ધિની મંદતા આવવાની જ છે. અને જિનવચન ઉચ્છેદ સરખું થતું જશે છેલ્લે પાંચમાં આરાના અંતે બધું વિનાશ પામશે. એમ સમજી ને ભગવાન શ્રી નાગાર્જુન, શ્રી સ્કંદિલાચાર્ય વગેરે પૂર્વ પુરુષોએ પણ આગમોને પુસ્તકારૂઢ કર્યા છે. માટે શ્રી જિનાગમ પરત્વે બહુમાનવાળા જીવોએ તેનાં પુસ્તકો લખાવવા અને વસ્ત્રો રત્નો સુવર્ણ–મોતી વડે કરીને, પુસ્તકો રૂઢ થયેલા શ્રુત જ્ઞાનની પૂજા ભક્તિ કરવી.

શાસ્ત્રકાર મહર્ષિ પણ ફરમાવે છે કે —

पठति पाठयते पठता मसौ, वसन भोजन पुस्तक वस्तुभिः
प्रतिदिनं कुरुते य उपग्रह, स इह सर्वविदेव भवेन्नरः

જે સ્વયં આને [જૈન આગમને] ભણે છે, બીજાને ભણાવે છે, કે ભણનારાઓને વસ્ત્ર આહાર પુસ્તક વડે હંમેશાં સહાય કરે છે તે [सर्वविद्] સર્વજ્ઞ જ થાય છે.

વળી લખેલા પુસ્તકોનું સંવેગી એવા ગીતાર્થ ગુરુ પાસે વ્યા–ખ્યાન પણ કરાવવું જોઈએ.

**પ્રશ્ન** :– ગીતાર્થ ગુરૂ પાસે કેમ કહ્યું ?

જેઓને સાચેસાચ સંસારના સુખો ખોટા લાગ્યા છે, જેને મોક્ષ

સુખની ઈચ્છા જાગી છે, તેવા કૃપાળુ શ્રદ્ધાવંત સંવેગી અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ વગેરેને ઓળખવામાં જેમની બુદ્ધિ છે તેવા ગીતાર્થો જ લાભાલાભનો વિવેક કરી ઉપદેશ દ્વારા અન્ય જીવોને ઉપકાર કરી શકે છે.

શ્રી જૈન શાસનમાં દરેક વિષયમાં યોગ્યતાને પ્રથમ સ્વીકારવામાં આવી છે ત્યાં ઘણું નહીં પણ સાચું કરવાની નેમ છે માટે ગીતાર્થ-તાને મહત્ત્વ આપ્યું.

આવી ગીતાર્થતાએ જ માસતુષ શબ્દ ગોખવા આપીને સાધુને કેવળજ્ઞાન સુધી પહોંચાડેલા.

ગીતાર્થ ગુરુને વ્યાખ્યાન માટે પુસ્તકો આપવા જોઈએ. વંચાતા એવા તે આગમોને સોના–રૂપા વગેરેથી પૂજવા જોઈએ અને તે રીતે ભક્તિ પ્રગટ કરી શાસ્ત્ર વચનો સાંભળવા જોઈએ.

ધર્મ સંગ્રહમાં આ જ કર્તવ્યને વિશેષ સ્પષ્ટતા કરી લખ્યું કે – શ્રાવકના વાર્ષિક કૃત્યોમાં અગીયાર કર્તવ્યોમાં પણ છઠ્ઠું કર્તવ્ય પુસ્તકો લખાવવા તે છે.

શ્રાવકોએ કલ્પસૂત્ર વગેરે આગમો તથા શ્રી જિનેશ્વર દેવોના ચરિત્રોને ન્યાયોપાર્જિત ધનથી મેળવેલા સુંદર ઉત્તમ જાતિના પત્ર [તાડ પત્ર–કાગળ] વગેરે પર અતિ શુદ્ધ, સ્પષ્ટ અક્ષરોથી [પ્રેસમાં છપાય તો અશુદ્ધિ વગેરે ન રહે તેમ યોગ્ય કાળજીપૂર્વક] લખાવવા જોઈએ. મોટા આડંબર પૂર્વક સંવેગી ગીતાર્થો પાસે પૂજા બહુમાન કરીને વંચાવવા જોઈએ. જેથી પોતે શ્રવણ કરી શકે અને બીજા ભવ્યાત્માઓ પણ તેનો લાભ મેળવી શકે.

તેમજ તે તે આગમ વાંચનારા, ભણનારા, જ્ઞાનાગ્રહી આત્માઓને વસ્ત્ર, આહાર વગેરે આવશ્યક ચીજ વસ્તુ આપીને સહાયક થવું જોઈએ.

શાસ્ત્રકાર મહર્ષિ પણ જણાવે છે કે —

ये लेखयन्ति जिन शासन पुस्तकानि
व्याख्यानयन्ति च पठति च पाठयन्ति
शृण्वन्ति रक्षणविधौ च समाद्रियन्ते
ते मर्त्यदेव शिव शर्म नरा लभन्ते

જેઓ જૈન શાસનમાં પુસ્તકો લખાવે છે, ગુરુ પાસે વ્યાખ્યાન દ્વારા વંચાવે છે, પોતે ભણે છે બીજાને ભણાવે છે, સાંભળે છે, તેનું

રક્ષણ કરવામાં પૂર્ણ આદર ધરાવે છે. તેઓ મનુષ્યના દેવ ભવના અને મોક્ષના પણ ઉત્તમ સુખોને પામે છે માટે શ્રાવકોએ ૩૫મું કર્તવ્ય પુત્થય લિહણંની યોગ્ય પરિપાલના કરવી.

કુમારપાળ રાજાનું ઉત્તમ દૃષ્ટાન્ત આ કર્તવ્ય માટે જોવા મળે છે. તેઓ પાટણના રાજવી હતા. જિનેન્દ્રોએ પ્રરૂપેલા આગમની આરાધનામાં તે તત્પર રહેતાં હતાં. તેથી તેણે એકવીસ જ્ઞાન ભંડારો કરાવ્યા હતાં.

એક વખત તેમને ત્રેસઠ [૬૩] શલાકા પુરુષોનું ચરિત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા થઈ. એટલે કુમારપાળ રાજાએ કલિકાલસર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી મહારાજાને પ્રાર્થના કરી અને આચાર્ય મહારાજે ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ એવા શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રની રચના કરી.

તે ચરિત્રને સોના તથા રૂપાના અક્ષરોમાં લખાવી પોતાના મહેલમાં લઈ જઈ ત્યાં રાત્રિ જાગરણ કરીને પ્રાતઃકાલે પટ્ટ હસ્તી ઉપર તે ચારિત્રની પ્રતો પધરાવી તેના ઉપર અનેક છત્રો ધારણ કરાવી, સોનાના દંડવાળા ૭૨ ચામરથી વીંઝાતા, મોટા ઉત્સવ અને આડંબરપૂર્વક ઉપાશ્રયે લઈ ગયા. ઉપાશ્રયે જઈને પણ તે ચરિત્રની પ્રતો [પુસ્તકો] ની કુમારપાળ રાજાએ જાતે પોતે સોના, રત્ન, પટ્ટકુલ વગેરેથી પૂજા કરીને ૭૨ સામંત રાજાઓ સહિત વિધિપૂર્વક ગુરુવંદન કરીને ગુરુ મહારાજ પાસેથી ત્રેશઠ શલાકા પુરુષ ચરિત્રનું વ્યાખ્યાન શ્રવણ આરંભ્યું.

આજ પ્રમાણે અગીયાર અંગ, બાર ઉપાંગ વગેરે આગમ શાસ્ત્રોની એક એક પ્રત સુવર્ણ વગેરેના અક્ષરોથી લખાવી અને તે આગમ શાસ્ત્રો પણ પૂજ્ય ગુરુદેવશ્રીના મુખેથી વ્યાખ્યાન શ્રવણ કર્યું.

તથા યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તવના મળીને કુલ ૩૨ પ્રકાશ સુવર્ણના અક્ષરથી કુમારપાળે પ્રતાકારે લખાવ્યા. તેમજ હંમેશા મૌન પણે તે રાજા એક વખત યોગશાસ્ત્ર તથા વીતરાગ સ્તવનો [સ્તોત્રનો] પાઠ કરતો હતો.

આ ઉપરાંત ગુરુ મહારાજ શ્રી હેમચંદ્રાચાર્યજીએ રચેલા સર્વ ગ્રન્થ મારે અવશ્ય લખાવવા એવો અભિગ્રહ લઈને ૭૦૦ લહીયાઓને તેણે લખવા બેસાડયા.

અલબત અહીં એક સ્પષ્ટતા કહી દઉં કે આ કથાનો વિપરિત ઉપયોગ ન કરતા. કેટલાંક શ્રાવકો આ પાઠના આધારે પોતે માની લીધેલા ગુરુના જ પુસ્તકો માટે રકમ ખર્ચે છે અને બીજા મૂળ આગમના કાર્યમાં પણ સ્વ દ્રવ્યનો વ્યય કરતાં નથી. કારણ પૂછીએ તો એક જ જવાબ આપી દે છે કે કુમારપાળ રાજાએ પણ પોતાના ગુરુદેવ હેમચંદ્રાચાર્યજી મહારાજાના પુસ્તકો લખાવવાનો અભિગ્રહ કર્યો જ હતો ને?

તે ભાગ્યશાળીઓએ સમજવા જેવું છે કે તેઓ બધાં શ્રુત જ્ઞાનના પારગામી પુરુષો–મહાત્માઓ હતાં. તેઓના વચનો આજે પણ અતીવ સ્વીકાર્ય બને છે. માટે તેમના કૃત્યની નકલ ન કરાય. વ્યવહારમાં પણ કહેવાય છે ને કે "વડીલો કહે તેમ કરાય, કરે તેમ ન કરાય"

વળી તમે જો આવા પ્રકારનો દૃષ્ટિરાગ કેળવશો તો બોધિ દુર્લભ થવાના જ્યારે કુમારપાળ રાજા તો પરમ આર્હત્ ઉપાસક હતા અને આવતી ચોવિસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામીના ગણધર થવાના છે. કારણ કે તેમનામાં દૃષ્ટિરાગ નહોતો પ્રગટયો પણ આ પુત્થયલિહણં કર્તવ્યની પ્રવૃત્તિ પરત્વેનો રાગ–હાર્દિક બહુમાન હતા.

તમે પણ પુત્થય લિહણં કર્તવ્યના ભાગ રૂપે **લખે લખાવે સૂત્ર ને રે**... પંક્તિને માનસ પટ પર અંકિત કરી દો.

કુમારપાળ રાજાના ૭૦૦ લહીયા લખવા બેઠા છે. એક વખત પ્રાતઃ કાલે ગુરુ મહારાજ તથા દરેક સાધુને વિધિપૂર્વક વંદન કરીને રાજા લેખશાળા જોવા ગયા. ત્યાં લહીયાઓ બેઠા બેઠા કાગળના પાનામાં લખી રહ્યાં હતા.

આ દૃશ્ય જોઈ કુમારપાળ રાજાએ ગુરુદેવને પ્રશ્ન પૂછયો કે, લહીયા કાગળમાં કેમ લખી રહ્યા છે? ગુરુ મહારાજે ઉત્તર આપ્યો, રાજન્! હાલ જ્ઞાન ભંડારમાં તાડપત્રોની ઘણી ખોટ છે. માટે કાગળના પાનામાં ગ્રન્થો લખવા પડે છે.

તે સાંભળીને રાજા લજ્જિત થઈ ગયો. મનમાં જ વિચાર કર્યો કે અહો! નવા ગ્રન્થો રચવામાં ગુરુ મહારાજની અખંડ શક્તિ છે. પણ તે લખાવવા જેટલી પણ મારી શક્તિ નથી તો પછી મારું આ શ્રાવક પણું કામનું શું?

તમે જરા વિચારો કે તમને કદી એક પાનું પણ લખવા–લખાવવાનું સૂઝયું છે ખરું? દર વર્ષે પર્યુષણમાં વ્યાખ્યાન સાંભળો છોને?

અષ્ટાહ્નિકાના વ્યાખ્યાનમાં વાર્ષિક કર્તવ્યમાં છઠ્ઠું કર્તવ્ય પુસ્તક લેખન આવે છે તે સાંભળો છો કે પછી પોથીમાંના રીંગણા જેવું ?

સાંભળો બધું પણ વ્યાખ્યાન પુરું થયું કે જાજમ પર ખંખેરીને જવા માટે જે કંઈ લઈ પણ જવાનુ ?

**પ્રશ્ન** :– સાહેબ હવે તો કેટલાંય આવું લખાવ્યા કરે છે પછી કેટલાં શાસ્ત્રો લખાવશો ?

**સમાધાન** :– ભાઈ ! આ તમારું અજ્ઞાન બોલે છે. તમે કદી વિચ્છેદ પામેલા ચૌદ પૂર્વોનો વિચાર કર્યો છે ખરો ?

ઋષભદેવ પરમાત્માના કાળનો હાલમાં વિચારો તો મહાવિદેહ ક્ષેત્રના હિસાબનો એક હાથી લો.

અત્યારે જુઓ છો તેવો હાથી નહીં હોં ! હું જે હાથીની ઓળખ આપી રહ્યો છું તે ઋષભ દેવ પરમાત્માનો કાળનો છે. જ્યારે ભગવંતની પોતાની કાયા ૫૦૦ ધનુષની હતી તે કાળનો હાથી અહીં લેવાનો છે.

આવા એક હાથીના દેહ પ્રમાણ શાહીથી પહેલું પૂર્વ લખાય, બે હાથીના દેહ પ્રમાણ શાહીથી બીજું પૂર્વ લખાય, ચાર હાથી પ્રમાણ શાહીથી ત્રીજું પૂર્વ લખાય, આઠ હાથી પ્રમાણ શાહી વડે ચોથું પૂર્વ લખાય, સોળ હાથીના દેહ પ્રમાણ શાહી વડે પાંચમું પૂર્વ લખાય... એમ કરતાં ૮૧૯૨ હાથીના દેહ પ્રમાણ શાહી વડે ચૌદમું પૂર્વ લખાય.

કુલ સોળ હજાર ત્રણસો ત્યાંશી [૧૬૩૮૩] હાથીના દેહ પ્રમાણ શાહી વડે ચૌદ પૂર્વો લખાયા.

હવે તમારા પ્રશ્નનો ઉત્તર તમે જ વિચારી લો કે તમે આગમ સાહિત્ય સમુદ્રમાં એક બિંદુ જેટલું પણ લખી–લખાવી શકયા છો ખરું ?

કુમારપાળ રાજા તો પુત્થય લિહણં કર્તવ્યની પરિપાલના માટે કૃત નિશ્ચયી હતા. તેણે ગુરુ મહારાજ પાસે ઉપવાસનું પચ્ચક્ખાણ માંગ્યું.

ગુરુ મહારાજ કહે કેમ ?

રાજન્ કહે જ્યારે તાડપત્રો પ્રાપ્ત થાય ત્યારે જ મારે ભોજન કરવું.

રાજન્, તાડના વૃક્ષો તો ઘણાં જ દૂર છે, તો તે જલ્દી કઈ રીતે મેળવશો ?

છતાં કુમારપાળ રાજાએ ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું ત્યારે શ્રી સંઘે પણ કહ્યું કે ખરેખર કુમારપાળ રાજાની જિનાગમ વિશે કેવી ભક્તિ છે ?

કુમારપાળ રાજા તુરંત પોતાના મહેલના ઉપવનમાં ગયો. ત્યાં રહેલા ખરતાડ વૃક્ષોની ચંદન કપુર વગેરેથી પૂજા કરીને જાણે પોતે મંત્ર સિદ્ધિ પુરુષ હોય તેમ બોલ્યા. "હે ખરતાડના વૃક્ષો જો મારું મન પોતાના આત્માની જેમ જૈન મતમાં આદરવાળું હોય તો તમે બધાં શ્રી તાડના વૃક્ષો થઈ જાઓ."—આટલું બોલીને રાજાએ કોઈ એક ખરતાડના વૃક્ષ ઉપર પોતાનો સુવર્ણનો હાર મુકયો.

આ પ્રમાણે કર્યા બાદ રાજા ધર્મ ધ્યાનમાં તત્પર થઈને રહ્યો. ત્યારે શ્રી શાસન દેવે તે ખરતાડના વૃક્ષોને લખી શકાય તેવા શ્રી તાડના વૃક્ષો બનાવી દીધાં. પ્રાતઃ કાળે ઉપવન રક્ષકોએ નિવેદન કર્યું, એટલે રાજાએ તેમને ઈનામ આપી ખુશ કર્યા ને ગુરુ મહારાજ પાસે જઈને શ્રી તાડના પત્રો દેખાડી સર્વ હકિકતનું નિવેદન કર્યું.

ત્યારે હેમચંદ્રાચાર્યજી મહારાજે પણ કહ્યું કે, ખરેખર આ યુગમાં તમારા જેવા રાજવી ન હોય તો શ્રી જિનેન્દ્ર પરમાત્માના આગમનો વિસ્તાર શી રીતે થાય? ત્રિકરણ શુદ્ધિ યુક્ત શ્રુત ભક્તિ અને શ્રુત બહુમાનનું ફળ તમોને અહીં જ પ્રાપ્ત થઈ ગયું. ધન્ય છે તમને.

છતાં કુમારપાળે તે વાતનો ગર્વ ન કર્યો.

માટે તમે પણ "**લખે લખાવે સૂત્ર ને રે**" પરિશીલનનો મર્મ સમજી જ્ઞાનની અને જ્ઞાનની ભક્તિ કરવા પુત્થય લિહણં કર્તવ્યની ઉચિત પરિપાલના કરો. શ્રી જિનાગમ તથા શ્રી જિનેશ્વરાદિના ચરિત્રોવાળા પુસ્તકો વગેરે ન્યાયથી મેળવેલા દ્રવ્ય વડે સારા કાગળ ઉપર વિશુદ્ધ અક્ષરોથી લખાવો [છપાવો] તથા ગીતાર્થ મુનિરાજો પાસે વંચાવી, સાંભળો.

कालानुभावान्मति मांद्यतश्च
तच्चाधुना पुस्तक मंतरेण
न स्यादतः पुस्तक लेखनं हि
श्राद्धस्य युक्तं नितरां विधातुम्

હાલના સમયમાં કાળના અનુભાવથી તથા મતિની મંદતાથી પુસ્તક વિના જ્ઞાન રહી શકતું નથી.—માટે શ્રાવકોએ [કુમારપાળ રાજાની માફક] નિરંતર પુસ્તકો લખાવવા તે યોગ્ય છે.

શ્રી જિન પ્રતીમાજી કરાવવા કરતાં પણ સિદ્ધાંતોને લખાવવામાં તથા તેનું શ્રવણ કરવામાં મોટું પુણ્ય રહેલું છે. કેમકે જ્ઞાન વિના સ્થાપના નિક્ષેપ [પ્રતિમાજીનું] મહત્ત્વ શી રીતે જાણી શકાય?

વળી જ્ઞાનના ભંડારો ધર્મની દાન શાળા જેવાં શોભે છે. ગુરુ વિના શિષ્યમાં જેમ વિદ્વતા આવતી નથી તેમ પુસ્તક વિના પણ વિદ્વતાની પ્રાપ્તિ વર્તમાનકાલે અશક્ય બનતી જાય છે,

આવા પ્રકારનો ઉપદેશ સાંભળીને વસ્તુપાલ મંત્રીએ પણ ૧૮ કરોડ દ્રવ્ય ખર્ચીને ત્રણ જ્ઞાન ભંડાર બનાવ્યા હતા.

થરાદના સંઘવી આભુ નામના શ્રેષ્ઠીએ ત્રણ કરોડ દ્રવ્ય ખર્ચીને સર્વ સૂત્રની એક–એક પ્રત સોનેરી અક્ષરથી અને બીજા ગ્રન્થોની એક એક પ્રત શાહી વડે લખાવી હતી.

માટે શ્રાવકોના કર્તવ્યને વર્ણવતા पुत्थय लिहणं કર્તવ્યમાં ટુંકો પણ ઉંડો સંદેશ આપી દીધો કે ઈતિહાસના પાને કુમારપાળ, વસ્તુપાળ, પેથડમંત્રી, આભુ સંઘવી વગેરે નામો અમર થઈ ગયા તેમ તમે પણ આ કર્તવ્યના ભાગરૂપે પુસ્તક લેખનમાં દ્રવ્યનો સદ્વ્યય કરી જ્ઞાનની આરાધના કરો.

કેવો સુંદર હશે એ ભાવ, એ વાતાવરણ, કલીકાલ સર્વજ્ઞ શ્રી લખાવતા હોય, ૭૦૦ લહીયા લખવા બેઠા હોય, ગુરૂ મહારાજ નીત નવી રચના કરતા જાય પણ લહીયા લખવામાં પહોંચી ન શકે.

આ દૃશ્ય ઝીલી લેતાં કુમારપાળ રાજાએ પૂછ્યું કે ગુરુદેવ હું કંઈ વિશેષ સેવા–ભક્તિ કરી શકું, ગુરુ મહારાજ તો કંઈ ન બોલ્યા પણ કુમારપાળા રાજાએ જોયું કે સૂર્યાસ્ત થઈ જાય છે અને લહીયા લખવામાં પહોંચી શકતા નથી, તરત તેને ઉપાશ્રયમાં રત્નો જડાવી દીધાં કે જેથી રાત્રિના સમયે પણ સૂર્ય જેવો ઝળહળતો પ્રકાશ ઉપાશ્રયમાં રહે અને લહીયાઓ લખવાનું કામ બરાબર કરી શકે.

પુસ્તક લખાવવા માટેની કેવી તીવ્રતમ ભાવના હશે તે પરમાર્હત્ કુમાર પાળ રાજાની? સરખાવો જરા તમારી જાતને. તમને જ્ઞાન લખાવવાનો પ્રેમ તો ઠીક પણ બહુમાન કેટલું?

લગ્નમાં પહેલા બે રૂપીયા વધાવું દેતા હતા. પછી પાંચ રૂપીયાનો રીવાજ થયો, પછી અગીયાર રૂપીયા થયા. હાલમાં કદાચ એકવીસ

થઈ ગયા હોય તો મને ખબર નથી. પણ વીસ વર્ષ પહેલાં અમે ગુરુ મહારાજ પાસે રૂપીયો મુકી જ્ઞાનપૂજન કરતાં હતા અને આજે પણ શ્રાવકો રૂપીયો જ મુકી જ્ઞાન પૂજન કરે છે.

વીસ વર્ષમાં થયેલાં ભાવ વધારાને નહીં પણ આવક વધારાને લક્ષમાં રાખીને તો જ્ઞાન પૂજન કરતા જાઓ. પૂજન કરીને પણ રૂપીયા તો તમારી તિજોરીમાં જ મુકવાના છે. કંઈ મહારાજને બંગલા બાંધવાના નથી.

પણ આ ક્યારે બને? જો હૃદયમાં જ્ઞાન પરત્વે બહુમાન હોય તો! ૩૬૦૦૦ સોનામહોરો મુકી ભગવતીજી સાંભળનારનો પણ એક યુગ હતો, આજે રોકડા રૂપીયા મુકીને પણ સાંભળવાની ઇચ્છા બાજુએ રહી, શ્રી બારસા સૂત્ર જે ભગવાનની મૂળ વાણી રૂપ છે તેના વાંચનમાં પણ માંડ રૂપીયો મુકી પૂજન કરાય છે.

જ્ઞાન પંચમીના સ્તવનમાં બોલો—સાંભળો છોને?

**લખે લખાવે સૂત્રને રે ભણે ભણાવે જેહ રે**
**તસ અવતાર વખાણીએ રે વિજય લક્ષ્મી ગુણ ગેહ રે**
**શ્રુત શું દિલ માન્યો......**

પેથડમંત્રી પાલખીમાં બેસી રાજમંદિર જતાં ત્યારે જેટલો સમય પાલખીમાં હોય તેટલો સમય ઉપદેશ માળા ગ્રન્થનું પરિશીલન કરતાં.

સરપ્રાઈઝ વિઝીટ લઈ તમારું બુક સેલ્ફ કે શયનકક્ષ તપાસીએ તો ધાર્મિક પુસ્તક જ નીકળશે ને? કે પછી—"નમો અરિહંતાણં"—

આ રીતે શ્રુતજ્ઞાન પરત્વે હાર્દિક બહુમાન કેળવી અને આ पुत्थय लिहणं કર્તવ્યનું ઉચિત પરિપાલન કરી જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા કરો.

□

# (૧૦૮) તીર્થ પ્રભાવના

–શાસનને અજવાળો

तीर्थोन्नतिकृते नित्यं यतन्ते साधवोऽपिहि
तेनेह भवता स्वामिन् कार्या तीर्थ प्रभावना

તીર્થની ઉન્નતિ કરવામાં સાધુઓ પણ ઉદ્યમ કરે છે. તેથી હે સ્વામી, આપે પણ તીર્થ પ્રભાવના કરવી જોઈએ.

શ્રાવકના ૩૬ કર્તવ્યોમાં આ છેલ્લું કર્તવ્ય છે તીર્થ પ્રભાવના. વજ્રસ્વામીજીને વિનંતી કરતો આ શ્લોક અત્રે ટાંકયો તેની વિચારણા પછી કરીશું પણ पभावणा तित्थे–(તીર્થ પ્રભાવના) એટલે શું તે બાબત પહેલાં વિચારીએ.

સામાન્ય અર્થ કરતાં તીર્થ પ્રભાવના એટલે "ધર્મની જાહોજલાલી વધે તેવું કાર્ય કરવું" એમ કહેવાય લોકોના હૃદય પર તીર્થ [શાસન] નો પ્રભાવ પડે, તેઓ તેના આચરણની પ્રવૃત્તિ વાળા થાય તેવા જે જે કંઈ કાર્યો કરવા તે સર્વેને પ્રભાવના કહેવાય.

આ કર્તવ્યમાં બે શબ્દો મુકયા છે. એક तीर्थ બીજું प्रभावना [पभावणा]

० तीर्थ એટલે तीर्यते अनेन इति तीर्थ. "જેના વડે તરાય તે તીર્થ." પરંતુ અહીં "તીર્થ" શબ્દ દ્વારા શ્રી શત્રુંજય પ્રમુખ તીર્થ અર્થ ન લેતાં તીર્થ એટલે "શાસન" એવો અર્થ સમજવાનો છે.

० प्रभावना માં प्र એટલે ઉત્કૃષ્ટ અથવા શ્રેષ્ઠ કે ઉત્તમ અર્થ લીધો. જેમાં "ભાવના" શ્રેષ્ઠતમ કે પ્રકૃષ્ટ તમ બને તે રીતે શાસનના કાર્યો કરવા.

શ્રી ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં પણ તીર્થ પ્રભાવનાનો આવો જ અર્થ સ્વીકારીને શ્રાવકના વાર્ષિક કર્તવ્યો વિશે સમજ આપવામાં આવી છે.

આપણે પણ पभावणा तित्थे નો ભાવ પ્રસ્ફૂટ થતો દેખાડવા **શાસનને અજવાળો** એવું પરિશીલન–શીર્ષક મુક્યું.

अष्टौ प्रोक्ता निशीथादौ शासनस्य प्रभावका:
मार्गानुसारिण्या शक्त्या त एवोद्भासयंति तत्

શ્રી નિશીથાદિ સૂત્રમાં શાસનના આઠ પ્રભાવકો કહેલા છે. તેઓ જ માર્ગાનુસારી શક્તિએ કરીને શાસનને શોભાવે છે.

આ આઠ પ્રભાવકો કયા કયા ?

अइसेसीढ्ढि धम्मकहि वाइ आयरिअ खवग नेमित्ती
विज्जा रायगण सम्मउ अ तित्थपभाविन्ति

(૧) અતિશય ઋદ્ધિવાન્ (૨) ધર્મકથી (૩) વાદી (૪) આચાર્ય (૫) તપસ્વી (૬) નૈમિતિક (૭) વિદ્યાવાન્ (૮) રાજ સમૂહ સંમત

**(૧) ઋદ્ધિવાન્ :–** જેને અતિશય એટલે બીજાઓથી પરમ ઉત્કૃષ્ટ ઋદ્ધિ જેમ કે તેજો લેશ્યા વગેરે લબ્ધિઓ છે તેને अतिशयित ऋद्धि કહેવાય છે. આવા ઋદ્ધિવાન્ મુનિઓ શાસનની વિશિષ્ટ પ્રભાવના કરી શકે છે.

જેમ વજ્રસ્વામીજી મહારાજાએ આકાશગામિની વગેરે લબ્ધિપૂર્વક પુષ્પો લાવીને બૌદ્ધ રાજાને પ્રભાવીત કર્યો અથવા શ્રી માનતુંગ સૂરિજી મહારાજાએ ભક્તામર સ્તોત્રની રચના પૂર્વક ૪૪ બેડી અને ૪૪ તાળા તોડી નાખ્યા હતા.

**(૨) ધર્મકથી :–** વ્યાખ્યાનની જેમની લબ્ધિ છે તેઓ એટલે કે પોતાની શક્તિ વડે કરીને હેતુ, યુક્તિ, દૃષ્ટાન્તો વડે જે બીજાને પ્રતિબોધ કરે છે અને તે રીતે શાસનની પ્રભાવના કરી શકે છે તે ધર્મકથી.

શ્રી નંદિષેણ મુનિ વેશ્યાને ઘેર રહ્યા. છતાં ત્યાં રંગ રાગ માટે આવતા એવા દશ–દશ જીવોને નિત્ય પ્રતિબોધ પમાડતા હતા, અને આ ક્રમ એક–બે દિવસ નહીં પણ સતત બાર વર્ષ સુધી ચાલ્યો. જેની સામાન્ય ગણતરી કરો તો ૪૩૨૦૦ની સંખ્યા થાય. આટલા બધાં પુરુષો કામાતુર થઈને આવેલા, તેઓને ધર્મકથા વડે પ્રતિબોધ પમાડી શ્રી વીર પ્રભુ પાસે મોકલ્યા અને તે બધાંએ દીક્ષા લીધી તે રીતે શાસન પ્રભાવના કરી.

**(૩) વાદી :–** પર–વાદીનો વિજય કરી જૈન શાસનની પ્રભાવના કરનારા–જે આચાર્યો, પ્રમાણ ગ્રન્થના બળથી કે સિદ્ધાન્તના બળથી પરમતનો ઉચ્છેદ કરવામાં સમર્થ છે તેને વાદી પ્રભાવક કહ્યા.

વૃદ્ધવાદિ સૂરિ, મલ્લવાદી, દેવસૂરિ સિદ્ધિસેન દિવાકર સૂરિ, શાંતિ સૂરિ વગેરેના દૃષ્ટાન્તો જૈન સિદ્ધાન્તમાં સુપ્રસિદ્ધ છે.

**(૪) આચાર્ય :–** ગચ્છના સ્તંભરૂપ અને શાસ્ત્રમાં વર્ણવ્યા

મુજબના (૧૨૯૬) એક હજાર બસો છનું ગુણોથી અલંકૃત હોય તેવા આચાર્યને શાસન પ્રભાવક જાણવા.

[છત્રીશ પ્રકારે ૩૬ ગુણ ૩૬ x ૩૬=૧૨૯૬]

શય્યંભવ સૂરિજી મહારાજા મૂળ બ્રાહ્મણ હતા ને સીધી દીક્ષા લઇ લીધી ત્યારે ઘેર સ્ત્રી ગર્ભવતી હતી. તેને મનક નામે પુત્ર થયો. આ મનકે દીક્ષા લીધી ત્યારે અલ્પ આયુવાન્ એવા મનક મુનિને આશ્રીને શ્રી દશવૈકાલિક સૂત્ર નામક આગમની રચના કરી. જે શાસનના અંત સુધી એટલે કે પાંચમા આરાના છેડા સુધી રહેશે અને બાલજીવોને બોધદાયક બનશે.

**(૫) તપસ્વી :–** વિવિધ પ્રકારની તપસ્યા કરીને જૈનધર્મની શાસનની પ્રભાવના કરે તે તપસ્વીઓને પાંચમાં પ્રકારના શાસન પ્રભાવક કહ્યાં.

૬૦૦૦ વર્ષ સુધી છઠ્ઠ તપ કરનારા વિષ્ણુ મુનિ, છ માસી તપ કરનાર ઢંઢણ કુમાર, ૬૦ હજાર વર્ષ સુધી આયંબિલ કરનાર સુંદરી, ધન્ના કાકંદી જેવા વિષમ અભિગ્રહ કરનારા મુનિવરો, છ માસી ઉપવાસ કરનાર ચંપા શ્રાવિકા, વર્તમાનકાળે ૧૦૮ ઉપવાસ કરનાર પૂજ્ય બલભદ્ર સાગરજી તથા પૂજ્ય રત્નાકર વિજયજી મહારાજ વગેરે સર્વે તીર્થરૂપ શાસનની પ્રભાવના કરી છે.

**(૬) નિમિત્ત :–** જે મુનિરાજો અષ્ટાંગ નિમિત્તોનો શાસનની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે. તેઓને નિમિત્ત પ્રભાવકો જાણવા.

રાજાને ત્યાં પુત્ર જન્મ થયો ત્યારે વરાહ મિહિરે તેનું ૧૦૦ વર્ષનું આયુષ્ય જણાવેલું પણ ભદ્રબાહુ સ્વામી જાણતા હતા કે આ પુત્ર સાતમે દિવસે બિલાડીના મુખેથી મરણ પામશે.

રાજાએ બધી જ બિલાડી દેશ નિકાલ કરી દીધી. છતાં સાતમા દિવસે ધાવ માતા બાળકને લઈ બેઠા હતા ત્યારે અકસ્માત બારણાનો આગળીયો પડયો. જેનું મુખ બિલાડી જેવું હતું તે અથવા તો જેને બિલાડી કહેવાય છે તેનાથી બાળક મરણ પામ્યો અને રાજા જૈન શાસનથી પ્રભાવીત થયો.

**(૭) વિદ્યા :–** સિદ્ધ કરેલ વિદ્યા, મંત્ર, યંત્ર, બુદ્ધિ, સિદ્ધિ, ચૂર્ણ, અંજન. યોગ ઔષધ અને પાદ લેપ વગેરે પ્રયોગવાળા પ્રભાવકોને વિદ્યા પ્રભાવક જાણવા. તેઓ માત્ર સંઘ અથવા શાસનના કાર્યમાં જ પોતાની વિદ્યાનો પ્રયોગ કરીને શાસન પ્રભાવના કરે છે.

જેમ પાડાના વધમાં પ્રીતિવાળી એવી કંટકેશ્વરી દેવીને બોધ પાઠ આપવા માટે કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યજીએ તેને બાંધી દીધી અને તે કાર્ય દ્વારા કુમારપાળને પ્રતિબોધ કર્યો તેને મંત્રવિદ્યાવાળા શાસન પ્રભાવક જાણવા.

**(૮) રાજસમૂહ સંમત :–** રાજા વગેરે સર્વે લોકે માન્ય કરેલા તે રાજસમૂહ સંમત શાસન પ્રભાવક કહેવાય છે.

આ રીતે શાસનની પ્રભાવના કરનારા આઠ પ્રભાવકોને વર્ણવ્યા તે બધાંનો સંદેશો શું ઝીલશો તમે ? એકજ **શાસનને અજવાળો.**

આપણે મુખ્યતયા તીર્થ પ્રભાવના શબ્દ દ્વારા શાસન પ્રભાવનાનું વર્ણન જોવાનું છે. ધર્મસંગ્રહમાં પણ શ્રાવકના ૧૧ વાર્ષિક કર્તવ્યોમાં ૧૦મું કર્તવ્ય વર્ણાવેલ છે —"તીર્થ પ્રભાવના—"

શ્રી જૈન શાસનની શોભા માટે પ્રતિવર્ષે ઓછામાં ઓછી એક એક વખત પણ ગુરુનો પ્રવેશ મહોત્સવ, શ્રી સંઘને પહેરામણી અને પ્રભાવના વગેરે કરવા જોઈએ.

તેમાં ગુરુ પ્રવેશ મહોત્સવ સર્વ પ્રકારના વાજિંત્રો વગેરે મોટા આડંબર પૂર્વક ચતુર્વિધ શ્રી સંઘે મળીને કરવો. ગુરુ મહારાજની સાથે જવું, સકલ શ્રી સંઘનો સત્કાર કરવો વગેરે યથાશક્તિ આડંબર વડે ગુરુદેવનો નગર પ્રવેશ કરાવવો જોઈએ.

अभिगमण वंदण नमंसणेणं पडिपुच्छणेण साहूणं
चिर संचिअंपि कम्मं खणेण विरलत्तण मुवेइ

ઉપદેશ માળાની ૧૬૯મી ગાથામાં જણાવે છે કે ગુરુની સામે જવાથી, વંદન કરવાથી, નમસ્કાર કરવાથી તથા સુખશાતા વગેરે પૂછવાથી ચિરકાળનાં પણ સંચિત કરેલા કર્મો ક્ષણમાં વિલિન થાય છે.

શ્રમણ સંઘની માફક શ્રાવક સંઘને પણ શ્રીફળ વગેરે ઉત્તમ વસ્તુઓની લહાણી આદિ કરવા રૂપ પ્રભાવના કરવી. કારણકે શાસન પ્રભાવના કરનારને તીર્થંકર પણું પ્રાપ્ત થાય છે.

अपुव्वनाण गहणे सुअभित्ति पवयणे पमावणया
एएहिं कारणेहिं तित्थयरत्तं लहइ जीवो

ઉપદેશ પદ ૫૦૨માં લખ્યું કે અપૂર્વજ્ઞાન મેળવવાથી [નવું ભણવાથી] શ્રુતજ્ઞાનની ભક્તિ કરવાથી અને શાસન પ્રભાવના કરવાથી એ ત્રણ કારણોથી જીવ તીર્થંકરપણાને પામે છે.

શાસન શબ્દ અહીં તીર્થના પર્યાયરૂપે સમજવો.

તીર્થ પ્રભાવનાનો અર્થ જ શાસન પ્રભાવના કરે છે. પ્રભાવના એટલે પ્ર + भावना – ભાવના પોતાને જ મોક્ષ આપનારી છે. જ્યારે પ્રભાવના પોતાને અને બીજાને બંનેને મોક્ષ આપનારી છે. શ્રાદ્ધ વિધિમાં स्वान्ययोस्तु प्रभावना એ પ્રમાણે વચન મુક્યું છે. તેથી ભાવના કરતા પ્રભાવનાનું મહત્વ સમજીને તીર્થ પ્રભાવના કાર્યમાં શ્રાવકે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ.

ગુરુ પ્રવેશ મહોત્સવ થકી તીર્થ પ્રભાવનાના કર્તવ્યને જણાવ્યું પણ ગુરુ પ્રવેશ મહોત્સવ કરવો કેમ ?

જે કર્તવ્ય વર્ષમાં જઘન્યથી પણ એક વખત કરવાનું છે તેની વિધિનું દર્શન ન થાય ત્યાં સુધી તે કર્તવ્ય બજાવશો કઈ રીતે ? તે માટે દશાર્ણભદ્ર રાજાનું સુંદર કથાનક જૈન ઈતિહાસના પાને નોંધાયું છે. તેનું શ્રવણ [વાંચન] લાભદાયી નીવડશે.

દશાર્ણ ભદ્ર, દશાર્ણ દેશનો રાજા હતો. તે ૫૦૦ રાણી સાથે અંતઃપુરમાં સુખ અને વિલાસ ભોગવતો હતો. ત્યાં એક વખત સંધ્યા કાલે આવીને સેવકે જણાવ્યું, હે સ્વામી ! પ્રાતઃ કાલે શ્રી વીર પરમાત્મા પધારશે.

તે સાંભળી રોમાંચિત થયેલો દશાર્ણભદ્રરાજા બોલ્યો કે પૂર્વે પ્રભુનો પ્રવેશ મહોત્સવ–વંદન કોઈએ ન કર્યું હોય તેવું હું કરીશ.

પોતાની સર્વ ઋદ્ધિ સહિત, સર્વ પુરુષોને યથાયોગ્ય શૃંગાર પહેરાવીને, દરેક હાથીના દંતશૂળ ઉપર સોના રૂપાના શૃંગાર પહેરાવીને, ચતુરંગીણી સેના સહિત પોતાના અંતે ઉરીઓને સોના રૂપાની પાલખીમાં કે અંબાડીએ બેસાડીને ઘણાંજ ઠાઠથી નીકળ્યો.

૧૮૦૦૦ હાથી, ૨૪ લાખ ઘોડાં, ૨૧ હજાર રથ, ૯૧ કરોડ પાયદળ, ૧૦૦૦ સુખપાલ, ૧૬૦૦૦ ધ્વજા આવા મોટા આડંબર પૂર્વક દશાર્ણભદ્રરાજા શ્રી વીરપ્રભુના પ્રવેશ મહોત્સવ વખતે આવ્યો. હાથી ઉપરથી ઉતરી પાંચ અભિગમ સાચવવા પૂર્વક વીર પ્રભુને વાંદ્યા.

આ અવસરે સૌધર્મેન્દ્ર જુએ છે. વીર પ્રભુના પ્રવેશ વખતે રાજાએ વંદનાદિક તો સરસ કર્યા પણ તેનું અભિમાન ખોટું છે. તેથી ઈન્દ્રે દિવ્ય ઋદ્ધિ વિકુર્વી. ઐરાવણ સુર બોલાવ્યો.

૬૪૦૦૦ ઐરાવણ હાથી વિકુર્વ્યા. દરેક હાથીને ૫૧૨ મસ્તકો, દરેક મસ્તકમાં આઠ આઠ દંતુશૂળ, પ્રત્યેક દંતશૂળમાં આઠ–આઠ વાવડી, વાવડી વાવડીએ આઠ–આઠ કમળ અને પ્રત્યેક કમળની લાખ લાખ પાંખડી. દરેક પાંખડીએ ૩૨ બદ્ધ નાટક વિકુર્વ્યા.

પ્રત્યેક કમલના ડોડામાં ઈન્દ્ર પ્રાસાદ, ત્યાં ઇન્દ્ર તેની આઠ પટરાણી સાથે બેઠો બેઠો નાટક જુએ છે. એ રીતે પ્રભુના પ્રવેશ વખતે આવ્યો.

પૂર્વાચાર્યોએ આ સંખ્યાને દર્શાવતા લખ્યું– દરેક હાથીને ૫૧૨ માથા × ૮ = ૪૦૯૬ દંતુશળ × ૮ = ૩૨૭૬૮ વાવડી × ૮ = ૨,૬૨,૧૪૪ કમળ–તેટલાં જ ઇન્દ્રના પ્રાસાદો ×૮ = ૨૦,૯૭,૧૫૨ ઇંદ્રાણીઓ તથા [૨૬,૨૧,૪૪,૦૦,૦૦૦] ૨૬ અબજ, ૨૧ કરોડ, ૪૪ લાખ કમળ–પાંદડીઓ એ રીતે એક હાથી પ્રમાણ હતું.

આવા હાથી કેટલા? ૬૪૦૦૦ હાથી.

કલ્પના કરો જોઈએ. ગુરુ મહારાજ પધાર્યા હોય ત્યારે માત્ર એક જ હાથીની ઉપર ગણાવેલી સંખ્યા મુજબ ૨૬ અબજ ૨૧ કરોડ ૪૪ લાખ જગ્યાએ બત્રીશ બદ્ધ નાટકો ચાલતા હોય તેવા–૬૪૦૦૦ હાથી એક સાથે ઝુલતા હોય તે પ્રવેશ મહોત્સવ કેવો હશે?

નિ:શંક છે કે ૯૧ કરોડ પેદલ, ૨૪ લાખ ઘોડા, ૨૧૦૦૦ રથ, ૧૮૦૦૦ હાથી, ૧૬૦૦૦ ધ્વજા અને ૧૦૦૦ સુખપાલમાં અંતેઉરી સાથે દશાર્ણભદ્ર રાજા દ્વારા કરાયેલું સામૈયું સુંદરતમજ હતું. પણ સામે ઇન્દ્ર છે અને ઇન્દ્રે વિકુર્વેલ ઋદ્ધિમાં કંઈ કહેવા પણું હોય?

તમને કદાચ ૬૪૦૦૦ હાથી ઉપર પ્રત્યેક હાથીએ ૨૬ અબજ, ૨૧ કરોડ, ૪૪ લાખ સ્થળે બત્રીશબદ્ધ નાટક ચાલતા હોવાની વાત અતિશયોક્તિ ભરી લાગે, પણ આ ગપ્પા નથી. આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં લખેલી છે તે તમારી સમક્ષ દર્શાવેલી છે.

બત્રીશબદ્ધ નાટક એટલે શું? તે પણ સમજવા જેવું છે. પહેલા તો એ કે દરેક નાટકમાં સર્વ સરખા શૃંગારવાળા ૧૦૮ દેવકુમાર અને ૧૦૮ દેવકુમારી હોય તેટલાં જ પ્રમાણમાં વાજીંત્રો હોય.

રાયપસેણીય સૂત્રમાં ૩૨ બદ્ધ નાટકોના નામ જણાવેલા છે. તેમાંના માત્ર એક નાટકનું નામ છે अष्ट मंगलिक प्रविभक्ति.

સ્વસ્તિક આકારે નાચવું [નૃત્ય કરવું] તે જ રીતે શ્રી વત્સ આકારે, નંદા વર્ત આકારે, કળશ આકારે, મત્સ્ય આકારે, એમ આઠે આઠ માંગલિકના આકારે નાચવું [નૃત્ય કરવું] તે એક નાટક થયું.

આવા બત્રીશ બદ્ધ નાટકોનું વર્ણન આવે છે.

દશાર્ણભદ્ર તો ઇન્દ્રની આવી સમૃદ્ધિ જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગયો. અહો ઇન્દ્રની સમૃદ્ધિનો વિસ્તાર કેવો છે? તેની પાસે મારી સમૃદ્ધિ તો કોઈ વિશાતમાં નથી. અરે ઇન્દ્રના એક હાથી જેટલી પણ

મારી સમૃદ્ધિ નથી. તેણે મને મારા માન [ગર્વ] ઉપર લપડાક લગાવવા જ આ ઋદ્ધિ વિકુર્વી લાગે છે.

જો હવે હું અંતરની સમૃદ્ધિ પ્રગટ કરું તો જ સાચો.

દશાર્ણભદ્ર રાજાએ બધું જ છોડી દઈ પ્રભુ પાસે ત્યાં જ દીક્ષા ગ્રહણ કરી. ત્યારે ઇન્દ્ર બોલી ઊઠયા કે—

**મેં જે હોડ કરી તુમ સાથે તે ખમજો ઋષિરાય**
**મુજમાં શક્તિ ઘણી છે બીજી પણ મુજથી એ નવિ થાય.**
**ઈન્દ્ર વાંદીને બોલે ધન માનવ અવતાર**

આ રીતે ઇન્દ્ર પણ માનવ અવતારને વખાણીને ઉઠયો. આવા ઠાઠથી ગુરુ પ્રવેશ મહોત્સવ કરવો તેને પભાવણા તિત્થે કહ્યું.

અલબત તેનો અર્થ એવો ન સમજતાં કે તમારે ત્યાં પ્રવેશ મહોત્સવ થાય ત્યારે તમારા પ્રમુખ કે મુખ્ય ટ્રસ્ટીએ દીક્ષા લઈ લેવી.

—હા, વળી તમે કહેશો કે મહારાજ સાહેબે ફરમાવ્યું છે કે દશાર્ણભદ્ર જેવો ગુરુ પ્રવેશ મહોત્સવ જઘન્યથી પણ વર્ષે એક વખત કરી તીર્થ પ્રભાવનાનું કર્તવ્ય બજાવવું એટલે દર વર્ષે [રાજા તો નથી રહ્યા માટે] પ્રમુખ કે મેનેજિંગ ટ્રસ્ટીએ દીક્ષા લેવી તો જ શાસન પ્રભાવના કહેવાય [લઈ લેતો અમને વાંધો નથી].

તમે તો કથાનકનો મુખ્ય સંદેશ ઝીલીલો કે **શાસનને અજવાળો** તો આ પરિશીલન પરિશ્રમ સાર્થક.

શ્રી ધર્મઘોષ સૂરિજી મહારાજાના પ્રવેશ મહોત્સવ વખતે પેથડ શેઠે ૭૨૦૦૦ ટંકનો વ્યય કર્યો હતો.

પ્રવેશ વખતે સત્કાર કરવાથી જૈન શાસન ઘણું જ શોભે છે. બીજા સાધુઓને પણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તેથી તીર્થની પણ ઉન્નતિ થાય છે. સાધુપણા પરત્વેનો સદ્‌ભાવ અને ચારિત્ર લેવાથી આટલું બધુ બહુમાન મળે તેવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેમજ શ્રાવકશ્રાવિકાઓની તથા અન્ય જનોની જિન શાસન પર બહુમાન મતિ વધે છે.

આ ઉપરાંત પ્રતિમાદિક વહન કરીને આવેલા સાધુ મહાત્માના પ્રવેશ મહોત્સવની વિધિથી લોકોને પણ હૃદયમાં બહુમાન ભાવ ઉત્પન્ન થાય છે કે અહો જે શાસનમાં આવા મોટા તપસ્વીઓ છે. તે જિનશાસન કેટલું મહાપ્રભાવી હશે! સાથે સાથે કુતિર્થીઓની હિલના પણ થઈ જાય છે.

—"પ્રતિમા વાહક સાધુના સત્કારથી તીર્થની વૃદ્ધિ થાય છે. પ્રવચનનો અતિશય જોઈ ઘણાં ભવ્ય જીવો સંસારમાં વૈરાગ્ય પામે છે,"— એ પ્રમાણે વ્યવહાર ભાષ્યમાં પણ વર્ણવેલું છે.

માટે શ્રાવકોએ વાર્ષિક કૃત્યમાં જણાવ્યા મુજબ તેમજ મન્નહ જિણાણંમાં ના છેલ્લા-૩૬માં કર્તવ્ય રૂપે વર્ણવ્યાનુસાર પભાવણા તિત્થે-તીર્થ પ્રભાવના કરવી.

શાસન પ્રભાવના ના ઉત્કૃષ્ટ ફળને દર્શાવતા શ્રાદ્ધ દિન કૃત્યમાં જણાવે છે કે-આ સંસાર સમુદ્રમાં પૂર્વે નહીં પામેલા એવા તીર્થંકર પણાની પ્રાપ્તિ રૂપફળ શાસનની પ્રભાવના વડે જીવ પામે છે. એટલે કે તીર્થ-શાસન પ્રભાવના તીર્થંકર નામકર્મ બંધાવનાર છે.

શ્રાદ્ધદિન કૃત્ય ગાથા-૪૧ માં લખ્યું કે જે રીતે યદુવંશતિલક સમુદ્રવિજય આદિ દશ બાંધવોના કુળમાં સિંહ સમાન શૌર્યવાળા એવા શ્રીકૃષ્ણ મહારાજાએ થાવચ્ચા પુત્રનો દીક્ષા મહોત્સવ કરવા વડે કરીને ભવ્ય શાસન પ્રભાવના કરી તો તેના પ્રભાવે તીર્થંકરપણાને પામશે.

એ જ રીતે શ્રીવીરપરમાત્માની અપૂર્વ ભક્તિ વડે કરેલી શાસન પ્રભાવનાથી શ્રેણિકરાજા તીર્થંકરપણાને પામવાવાળા થશે.

મતલબ કે પ્રવેશ મહોત્સવ ઉપરાંત દીક્ષા મહોત્સવ તથા અપૂર્વ ભક્તિ વડે પણ શાસનની પ્રભાવના થઇ શકે. પણ તે ક્યારે બને? **"શાસનને અજવાળો"** એ સંદેશ ઝીલી લઇને હું, શાસનનો અને શાસન માહરું એવી ભાવના હૃદયમાં ઉગી નીકળી હોય તો—"મારું એટલું શાસન" હોય તો નહીં.

આપણી નિશ્રામાં દીક્ષા મહોત્સવ થવાનો હોય તો હાથી લાવો ને, બગી લાવોને, કમાન બંધાવોને, શણગાર સજાવોને, રાત્રિના રોજ સાંજી રખાવોને, ભાવના ગવડાવોને એવું કંઇક કંઇક કરીશું.

"ગલીએ ગલીએ ગુંજેનાદ-દીક્ષાર્થીનો જયજયકાર" એવા કંઇ કેટલાયે પાટીયા ચીતરાવવા ને કંઇ કંઇ ધમાધમ કરી મુકવી. ત્યાં શાસન પ્રભાવના ના લેબલ લગાડી દેવા.

કદાચ એ જ દીક્ષા મહોત્સવ બીજાની નિશ્રામાં કરવાનો નિર્ણય થઈ જાય તો?—અરેરે આવા કારમા દુષ્કાળમાં આવા ખોટા ખર્ચા કરવાની શી જરૂર? આવા ડોળ અને આડંબરોથી શો ફાયદો? આવા

ફંદ ફતુર કરી ભોળા લોકોને ઠગવા શું કામ જોઈએ ?—દીક્ષા તો ત્યાગનો માર્ગ ગણાય. ત્યાગપંથે જનારા માનવીનો ત્યાગ ભાવ લોકોને નજરે પડે તેવું કરવું જોઈએને ? અરેરે મને તો આ બધું જોઈને રડવું આવી જાય છે. આ બિચારા અજ્ઞાની જીવો આવું કરીને કયા ભવે છુટશે...

આવી આવી વાતો કરી લોકોને નિરુત્સાહી કરવાનો પ્રયત્ન કરવા માંડે તો તે વ્યક્તિ શાસનને સમજયો જ નથી–સમજયો જ નથી સમજયો જ નથી તે વાત ગોખી રાખજો–જેણે શાસન પીછાન્યું જ નથી તે શાસન પ્રભાવના શું કરવાનો કે **શાસનને અજવાળો** નો સંદેશ શું ઝીલવાનો હતો?

લોકોત્તર શાસન પ્રાપ્ત થયાનો એક અનોખો આનંદ હોય છે. એ આનંદમાં પ્રત્યેકને સહભાગી બનાવ્યા સિવાય શાસન રસિક ભક્ત રહી શકે નહીં.

કારણ કે શાસન રસિકની એકજ સ્તુતિ હોય

कुवासना पाश विनाशाय नमोस्तु तस्मै तव शासनाय

કુ–વાસનાઓની જાળને ભેદનાર એવા તારા શાસનને [હે પ્રભુ!] મારા નમસ્કાર હો !

"અનંત અનંત જન્મોથી ચાલી આવતી રાગદ્વેષની ધારાઓને સુકવી નાખવાની તાકાત એક માત્ર જિનેશ્વર પરમાત્માના તીર્થમાં–વીતરાગ દેવના શાસનમાં જ છે."—

એવી દૃઢતાપૂર્વક શાસનથી પ્રભાવીત થયેલા જ શાસનની પ્રભાવના કરી શકે છે. તેમના થકી જ ઉજમણા–ઉદ્યાપન–મહોત્સવો વગેરે કરવા પૂર્વક શાસનની પ્રભાવના થઈ શકે છે.

કારણ કે તેમના મનમાં સતત રમતું હોય કે આજ માત્ર એક જિન-શાસન છે જેણે મારી કાયા પલટ કરી નાખી. કયાં શાસન પ્રાપ્તિ પૂર્વનો રખડતો ભટકતો મારો આત્મા અને કયાં મારી આજની પરિણતી – તેથી હરહંમેશ તીર્થ પ્રભાવના કે શાસન પ્રભાવનામાં મારું મન રત રહો.

તીર્થ પ્રભાવનામાં માત્ર તીર્થને આશ્રીને જ વિચાર કરો તો પણ કહી શકાય કે સંઘયાત્રા કે તીર્થયાત્રા દ્વારા વિમલ મંત્રીની જેમ આબુજી પર ચૈત્ય કરાવવા દ્વારા પ્રભાવના કરવી, તીર્થ પ્રભાવનાથી અગણિત પુણ્ય ઉપાર્જન થાય છે.

સંપ્રતિ રાજાએ પણ જિનચૈત્યો અને જિર્ણોદ્ધારો કરાવી શાસનની અભૂતપૂર્વ પ્રભાવના કરી હતી.

ઠાકોરોએ શ્રી શંખેશ્વરજી તીર્થને કબજામાં લીધું ત્યારે શ્રી સંઘની વિનંતીપૂર્વક પૂજ્ય ઉદયરત્નજી મહારાજે ત્યાં સંઘ સહિત પધારી, પ્રભુને હાર્દિક પ્રાર્થના કરી ને"પાસ શંખેસરા સારકર સેવકા"ની રચના કરી ત્યારે તેના અંતઃકરણમાંથી ઠલવાતા ભક્તિભાવ પૂર્ણ દર્દથી આપોઆપ મંદિરજીના દરવાજાઓ ઉઘડી ગયા હતા અને એ રીતે શાસનની અનેરી પ્રભાવના કરી હતી. ત્યારથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માના દર્શન પુનઃ ચાલુ થઈ ગયેલા

શ્રીમદ્ યશોવિજયજી મહારાજા જેવા પણ લખે કે

**શાસન તાહરું અતિ ભલું રે**
**જગમાં ન કોઈ તસ સરીખું રે**

ક્યારે કહ્યા હશે આ શબ્દો ? હૃદયમાં શાસન પરત્વેનો અભૂતપૂર્વ રાગ–પૂર્ણ બહુમાન અને શ્રદ્ધા હશે તો ને ? ત્યારે જ ન્યાયવિશારદ મહોપાધ્યાયના મુખેથી શબ્દો ટપકયા હશેને ?

**દેશોતો તુમહી ભલું બીજાતો નાવ યાચું રે**
**વાચક યશ કહે સાંઇશું ફળશે એ મુજ સાચું રે**

આવી શ્રદ્ધા કેળવી શાસન પ્રભાવનાપૂર્વક તીર્થ પ્રભાવના કરીને **શાસનને અજવાળો** જેથી શ્રાવકોનું છત્રીશમું કર્તવ્ય પભાવણા તિત્થેનું યોગ્ય પરિપાલન થઈ શકે.

વજ્ર સ્વામીજીને પણ જ્યારે [પ્રારંભના શ્લોકમાં દર્શાવ્યાનુસાર] સંઘે વિનંતી કરી ત્યારે વિમાનમાં બેસીને સચિત્ત પુષ્પો લાવવાપૂર્વક સંઘને પુષ્પપૂજાની વંચિતતાથી બચાવ્યો હતો

આ પ્રમાણે શ્રાવકના છત્રીશ કર્તવ્યો मन्नह जिणाण माणं સજ્ઝાયમાં દર્શાવ્યા. તેમાં જિનેશ્વરની આજ્ઞાપૂર્વક એ પ્રથમ વાક્યને સ્મરણમાં રાખી निच्चं सुगुरुवएसेणं–ગુરુ મહારાજના ઉપદેશ-પૂર્વક જાણવા–આચરવા અને પરિપાલન કરવા દ્વારા તમે સૌ શ્રાવકજીવન સફળ બનાવો તેજ અભિલાષા......

□

## દ્રવ્ય સહાયક

| | |
|---|---|
| **શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂર્તિ સંઘ** | **નીમચ** |
| શ્રી શાંતિનગર શ્વે. મૂર્તિ. જૈન સંઘ | અમદાવાદ |
| શ્રી ખુશાલ ભુવન જૈન સંઘ | ,, |
| શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ | ,, |
| શ્રી વર્ધમાન જૈન સંઘ, ઉસ્માનપુરા | ,, |
| શ્રી પરમાનંદ જૈન સંઘ, વિતરાગ સોસાયટી | ,, |
| શ્રી સંસ્કૃતિ ભવન, શાંતિનગર | ,, |
| શ્રી ગુલાબ શાંતિ સ્વાધ્યાય મંદિર, શાંતિનગર | ,, |
| શ્રી ડભોડા જૈન સંઘ | ડભોડા |
| શ્રી પાટડી મહાજન જૈન સંઘ<br>સાધ્વીશ્રી લાવણ્યશ્રીજીના સદુપદેશથી | પાટડી |

□ શ્રી રૈવતાચલ તિર્થોદ્ધારક પૂ. આ. દેવશ્રી નિતિસૂરિજી મ.સા.ના સમુદાયના પ. પૂ. મહા તપસ્વી સા. ચંદ્રકળાશ્રીજી મ.સા.ના ઉપદેશથી ફોફલીયાવાડો-પાટણ વાસુપૂજ્યની ખડકીમાં. ચોમાસા નિમિત્તે-પ્રતિક્રમણની બોલીના. હસ્તે જયંતીલાલ શાહ-ઊંબરીવાળા □

### શ્રી નીમચના દ્રવ્ય સહાયકો

**પટવા મનાલાલજી સંપતલાલજી**
**ગંભીરમલજી મનોહરસિંહજી કોઠારી**
**કેશરીમલજી શેરસિંહજી પામેચા**
**ગણેશીલાલજી પૂનમચંદજી ચોરડીયા**
**ચંદ્રકાન્તાબહેન ધ. પ. પ્રકાશચંદ્ર માનવજી**
**હંસરાજ હરપાર લાલકા (મામાજી)**
**સોભાગમલજી ભામાવત**
**નાગોરી સૂરજમલજી [પારસ સ્ટોન]**
**સાગરમલજી પામેચા [જૈન પુસ્તક ભંડાર]**
રાજમલજી ડુંગરવાલ
પ્રમોદકુમારજી જૈન
કજોડીમલજી બસંતીલાલજી લસોડ
ઉત્તમચંદજી પારસમલજી ડોસી

ચોથમલજી યશવંતસિંહજી લોઢા
માંગીલાલજી હસ્તીમલજી ચૌધરી
જ્ઞાનચંદજી કનૈયાલાલજી લોઢા
માંગીલાલજી મોગરા
ચાંદમલજી પ્રદીપકુમારજી લોઢા
રામચંદ્રજી જૈન
જ્ઞાનચંદજી ડુંગરવાલ
રાજમલજી પોરવાળ
ધરમચંદજી ભામાવત
નેમિચંદજી આંચલીયા [ઠેકેદાર]
રોશનલાલજી બોથરા [દલાલ]
રાજમલજી સંતોષકુમારજી રાંકા
કૃષ્ણાબાઈ ધ. પ. પુનમચંદજી પગારીયા. હ. પ્રેમપ્રકાશજી
ચીરંજીવલાલજી શંકરલાલજી પોરવાડ
પૂ. પિતાશ્રી કસ્તુરચંદજીની સ્મૃતિમાં ખ્યાલીલાલજી ગોપાવત
નિર્મળાબેન ધ. પ. કુંદનમલજી ભામાવત
માણેકલાલજી કટારીયા (ધમોતરવાળા)
કાન્તાબાઈ ધ. પ. શાંતિલાલજી લોઢા
મનોહરસિંહજી લોઢા [સાડી સેન્ટરવાળા]
હમીરમલજી સંતોષસિંહજી કોઠારી
હમીરમલજી અખેસિંહજી કોઠારી
કમલાબાઈ ધ. પ. મદનલાલજી વિરાણી
અનીતા ધ. પ. વિનોદકુમાર ખાબીયા
કનૈયાલાલજી યશવંતસિંહજી લોઢા
શાંતાબેન ધ. પ. માનમલજી ભામાવત (જીરનવાળા)
મોતીલાલજી માણેકચંદજી શેખાવત
શાંતીલાલજી સગરાવત
સરદારમલજી ઉમરાવસિંહજી જૈન
ૐકારલાલજી બંસીલાલજી ચોરડીયા
શીવદયાલ પારસમલજી ભંડારી
શ્રી પાર્શ્વમહિલા મંડળ–નીમચ

□

શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ–જામનગર

## -: અમદાવાદના દ્રવ્ય સહાયકો :-

**અનુભાઈ ચીમનલાલ શાહ**
**અમૃતલાલ દલસુખભાઈ હાજી**
**ભગવાનદાસ માણેકચંદ સાંડેસરા**
**મફતલાલજી પંડિત**

| | |
|---|---|
| લાલભાઈ હિંમતલાલ દવાવાળા | ચંદ્રકાન્ત આશાલાલ |
| કેતનકુમાર નીતિનકુમાર | સોમચંદ ભીખાભાઈ |
| હરગોવનદાસ વિઠ્ઠલદાસ | બાબુલાલ ચીમનલાલ |
| કુમુદચંદ્ર ડાહ્યાલાલ | કાન્તિલાલ હીરાલાલ |
| શકરચંદ ભીખાભાઈ | જયંતિલાલ ગાંડાલાલ |
| બાબુલાલ લક્ષ્મીચંદજી | અમૃતલાલ પોપટલાલ |
| નગીનદાસ વાડીલાલ | જયંતિલાલ ન્યાલચંદ |
| પોપટલાલ ગાંડાલાલ | સેવંતીલાલ પોપટલાલ |
| હંસરાજ ધનરાજ ગાંધી | હિંમતલાલ સૌભાગ્યચંદ |
| કીર્તિકુમાર અંબાલાલ | રસિકલાલ એન. શાહ |

શાંતિનગર સંઘના ઉપાશ્રયની બહેનો
સાધ્વીશ્રી મલયાશ્રીજીના સદુપદેશથી બહેનોનાં જ્ઞાન ખાતામાંથી.

(૧) ભાભરવાળા પૂ. શાંતિચંદ્ર સૂરિજી મ. સા. ના સમુદાયના સાધ્વી શ્રી શશીપ્રભાશ્રીજીની પ્રેરણાથી.

(૨) સરલ સ્વભાવી પૂ. પં. જીતેન્દ્ર સાગરજી ગણિવર્યના શિષ્ય પ્રિય વકતા, મધુર પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી પુન્યપાલ સાગરજીની પ્રેરણાથી

(૩) સરલ સ્વભાવી પૂ. સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજીના શિષ્યા–પ્રશિષ્યા તરફથી પૂ. સાધ્વી શ્રી નિરૂજા શ્રીજીના દ્વિતીય વર્ષીતપ નિમિત્તે.

(૪) શીલ્પ સ્થાપત્ય કળા નિષ્ણાત – પૂ. આ. દેવશ્રી કંચનસાગર સૂરીશ્વરજીની સ્મૃતિમાં જ્યોતિષજ્ઞ–વ્યાકરણ વિશારદ પૂ. પં. પ્રમોદસાગરજી ગણિવર્યની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક જ્ઞાનશાળા– શ્રી આનંદ ચંદ્રોદય–જિનેન્દ્ર જ્ઞાનમંદિર, સાબરમતી.

## પૂજ્ય મુનિશ્રી દીપરત્ન સાગરજી (M. Com. M.Ed)
## દ્વારા સંપાદિત–સર્જિત પ્રકાશનો

(૧) શ્રી નવકાર મહામંત્ર નવલાખ જાપની નોંધપોથી–૧૪ આવૃત્તિ [ સર્વ પ્રથમવાર પ્રત્યેક માળા માટે અલગ નોંધની સુવિધા ]
(૨) શ્રી ચારિત્ર પદના ૧ કરોડ જાપની નોંધપોથી–૩ આવૃત્તિ [ ક્ષાયિક ચારિત્ર પ્રાપ્તિ માટે ]
(૩) શ્રી બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો–૩ આવૃત્તિ [ સર્વ પ્રથમ ડબલ કલર, વિશિષ્ટ વિભાગીકરણ તથા નિયમો લેવાની અત્યંત સુવિધા યુક્ત ]
(૪) અભિનવ જૈન પંચાંગ–૨૦૪૨ [ સૂર્યોદયથી પુરીમડ્ઢ, કામળી કાળ, સાંજે બે ઘડી, ભણાવવાની પોરસિના સમય સાથેનું સર્વ પ્રથમ પ્રકાશન ]
(૫) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા–૧ સપ્તાંગ વિવરણ
(૬) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા–૨ સપ્તાંગ વિવરણ
(૭) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા–૩ સપ્તાંગ વિવરણ
(૮) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા–૪ સપ્તાંગ વિવરણ
(૯) કૃદન્તમાલા [ ૧૨૫ ધાતુના ૨૩ પ્રકારે કૃદન્ત ]
(૧૦) શત્રુંજય ભક્તિ (ગુજરાતીમાં) ૨ આવૃત્તિ
(૧૧) શ્રી જ્ઞાનપદ પૂજા
(૧૨) शत्रुंजय भक्ति બે આવૃત્તિ ( हिन्दी में )
(૧૩) ચૈત્યવંદન પર્વમાલા
(૧૪) ચૈત્યવંદન સંગ્રહ–તીર્થજિન વિશેષ
(૧૫) ચૈત્યવંદન ચોવિસી
(૧૬) अभिनव जैन पचांग–२०४६ [ સર્વ પ્રથમ–વિશાળ માહિતી સાથે ભીતીયું પંચાંગ–હિન્દીમાં ]
(૧૭) અભિનવ ઉપદેશ પ્રાસાદ–ભા. ૧
(૧૮) અભિનવ ઉપદેશ પ્રાસાદ–ભા. ૨
(૧૯) અભિનવ ઉપદેશ પ્રાસાદ–ભા. ૩
(૨૦) ☐ ચૈત્યવંદનમાળા

[ ૨૦ હવે પછી પ્રકાશિત થનાર છે. ]

**—: અભિનવ–શ્રુત પ્રકાશન :—**

C/o પ્ર. જે. મહેતા, હેડ પોસ્ટ ઓફિસ પાછળ, જામનગર

## વ્યાખ્યાન પૂર્વે બોલવાના માંગલિક શ્લોકો

સચ્ચિદાનંદ સંપૂર્ણં વિશ્વજ્ઞં વિશ્વપાવનમ્
શંખેશ્વર પુરોત્તંસં પાર્શ્વનાથં નમામ્યહમ્ ૧

□———□———□

સત્યાનંદ નિધાન મહેશં, શ્યામ શરીરમનંતં
ક્લેશ કલંક નિવારક દેવં વંદે નેમિ જિનેશં ૨

□———□———□

સંસાર વારાંનિધિ યાનપાત્રં,
નિજાત્મભાવા લયલીન ચિત્તં
સુદર્શન ક્ષાયક ભાવ યુક્તં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનં ૩

□———□———□

યેન ક્રમેણ કૃપયા શ્રુત ધર્મ એષ
આનીય માદ્દંશજનેઽપિ હિ સંપ્રણીત:
શ્રીમત્સુધર્મ ગણભૃત્ પ્રમુખં નતોઽસ્મિ
તં સૂરિ સંઘમનઘં સ્વગુરુંશ્ચ ભક્ત્યા ૪

□———□———□

ભગવદ્ વદનામ્ભોજ વાસિની પાપ નાશિની
વાણીં સર્વ વિદાં વંદે વિશ્વે વિશ્રુતમોઽપહાં ૫